Trouth is Life.
સત્ય તેજ
જીવન છે.

तत्

ॐ

सत्

Knowledge
is Power.
જ્ઞાન તેજ પવિત્ર
બળ છે.

श्री परम कृपालु सद्गुरवे नमः

गुरुर्ब्रह्मा गुरुर्विष्णुः गुरुर्देवो महेश्वरः
गुरुः साक्षात् परिब्रह्म तस्मै श्रीगुरवे नमः

કચ્છ માંડવી નીવાસી કાનજીભાઈ જસરાજ-
ના સ્મરણાર્થે

શ્રી સદ્‌બોધ સંગ્રહ.

ભાગ ૧-૨-૩

લેખક.

મુનિ જયવિજયજી.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શા. જસરાજભાઈ રાજપાળ ભંડારી.

સને ૧૯૧૯	શુભ સ્થળ કચ્છ માંડવી	સં. ૧૯૭૬ કાર્તિક પૂર્ણિમા

કીંમત ૧-૪-૦

યુવકરત્ન સ્વર્ગસ્થ કાનજીભાઇ જસરાજ ભંડારી.



જન્મ સં૦ ૧૯૫૨
શ્રાવણ વદ ૧૨

દેહોત્સર્ગ સં૦ ૧૯૭૪
ભાદરવા વદ ૧૨
કચ્છ–માંડવી.



અર્પણ–પત્રિકા.

વ્હાલા સ્વર્ગીય પુત્ર કાનજી !

સત્ય જ્ઞાનનો ફેલાવો કરવા માટે ગ્રંથ લખવાનું શુભ
કાર્ય તેં આદરેલ, પણ કમભાગ્યે તારી જીવન–
દોરી તૂટતાં અપૂર્ણ રહેલ ભાવનાને મહાત્મા શ્રી
જયવિજયજી મહારાજે પરમ ઉપકાર કરી પૂર્ણ
કરવામાં શ્રમ લઈ જે કાર્ય બનાવ્યું છે,
તેથી તથા મારા તરફથી જે કાંઈ દ્રવ્ય
વ્યય થયો છે તેના બદલામાં વાંચક
વર્ગની જાગ્રતી તથા શ્રેય થાય અને
તેથી ઉત્પન્ન થતા પરમાર્થ
પુન્યની પવિત્ર પ્રભા તારા
આત્માને શાંતિરૂપ હો–
એમ ઇચ્છું છું.

લી૦ પ્રેમાળ પિતા.

પ્રસ્તાવના.

આ લઘુ પુસ્તક વાચક વર્ગના કરકમળ તથા દૃષ્ટિ ગોચર થતાં બે બોલ બોલવાની આવશ્યકતા ધારું છું. વિદ્યા-જ્ઞાનનાં સાધનો પ્રતિદિન આ પૃથ્વી તટપર વૃદ્ધિંગત થવાથી અનેક વિદ્વાનો અને જ્ઞાની મહાત્માઓના પ્રયાસથી અનેક શાસ્ત્રો પ્રગટ થયાં છે, જેથી આ લઘુ પુસ્તક અનેક શાસ્ત્રોની સાથે એકનો વધારો કરવાની ગણનાએ બહાર પાડવાનો હેતુ નથી, પરંતુ મહાત્મા ગાંધી વિગેરે સમર્થ દેશનાયકોના આત્મભોગથી દેશમાં જાગ્રતી તથા ઉન્નતિનું વાતાવરણ ફેલાઇ રહ્યું છે, છતાં મતાગ્રહી ગુરૂઓ પોતાના સંપ્રદાયના ખોટા દુરાગ્રહ તથા વિચાર શુન્ય એવી બાહ્ય શુષ્ક ક્રિયાઓમાં ધર્મત્વ મનાવી જનસમાજને અવળે માર્ગે દોરવે છે, તેને અટકાવવા અને જનસમાજમાં નૂતન જીવન તથા સત્યભાવનાની જાગ્રતી કરવા માટે ધર્મ શું ? કર્માવરણિત જીવાત્મા કર્મ બંધનોથી મુકત કેમ થાય ? આત્મસ્વરૂપનો અનુભવ કેમ થાય ? મનુષ્યનું કર્તવ્ય શું ? સમાજ તથા દેશની અવનતિ કે ઉન્નતિ થવાનું કારણ શું ? એ વિગેરે જુદા જુદા વિષયો ઉપર નિબંધો લખી સદ્બોધની સૂચનારૂપ આ લઘુ પુસ્તકને બહાર પાડવાનો પ્રયાસ થયો છે. જેમાં પ્રથમ ભાગમાં ઉપરોકત જુદા જુદા વિષયો ઉપર આ લેખક તરફથી લખાયેલ લેખોનો સંગ્રહ છે, જેનું નામ **સદ્બોધ સંગ્રહ** રાખ્યું છે અને બીજા ભાગમાં આ લેખકના એક સન્મિત્ર કાનજીભાઇના વિચારો ઉપર આ લેખક તરફથી વિવેચન કરી '**એક નવ યુવકના વિચારો**' એ નામ રાખ્યું છે તથા ત્રીજા ભાગમાં આ લેખકના પરમ ઉપકારી, સન્માર્ગ દર્શક, હૃદયોદ્ધારક, તત્ત્વ સિંચક, પરમ કૃપાળુ મહાત્મા **શ્રી શુભમુનિજી** કે જેમની કૃપાદૃષ્ટિથી આ ક્ષુદ્ર લેખક મતાગ્રહ-આવરણોના પાશથી મુક્ત થઇ સન્માર્ગની ઉપાસના કરવાને ભાગ્યશાળી થયો છે, તે મહાત્માના તથા અન્ય તત્ત્વજ્ઞાની પવિત્રાત્માઓના લેખોનો સંગ્રહ છે અને તેનું નામ **સદ્જ્ઞાન સંગ્રહ** રાખ્યું છે. પૂર્વ સંસ્કાર બળ શું કાર્ય કરે છે ? તેનો યથાર્થ ચિતાર વાચક વર્ગને જાણવા માટે એક નવ યુવકના વિચારોનું ચુંથન કરવામાં આવ્યું છે. જે યુવાવસ્થામાં ખાવા, પીવા, વિષયાધીન થવા, મોજશોખ ઉડાવવાના તેમજ તન, મન અને ધનના સાનુકુળ સાધનોથી વિષયજન્ય પૌદ્ગલિક સુખોમાંજ તલ્લીન સક્ત થવાના તથા અનેક મોહ, તૃષ્ણા અને રાગના વિચારોમાં જીવાત્મા ગ્રસ્ત હોય છે. ગાડી, વાડી અને લાડીની મોજમજાહ ઉડાવવામાંજ યુવાવન વ્યતીત થાય છે, તેજ અવસ્થાની પૂર્ણ સ્થિતિમાં વર્તતા, મોજશોખનાં સંપૂર્ણ સાધનો વિદ્યમાન છતાં શારીરિક, માનસિક અને આત્મિક સાધનો અનેક વિઘ્નો વડેજ

આકર્ષી જાય તેવા સંપૂર્ણ સંયોગો છતાં પવિત્રાત્મા કાનજીભાઇના કેવા સત્યમય નીતિમય વિચારો, ઉદ્ગારો અને જ્ઞાનમય સંસ્કારો હતા, એ તેમના પ્રગટ કરેલ વિચારોથી વાચક ગણને સુગમતાથી સમજાય તેમ છે.

કાનજીભાઇ જ્યારે જ્યારે કોઇ વિદ્વાન મહાત્માના પ્રસંગમાં વ્યાખ્યાન સમયે વા અન્ય સમયે સમાગમાર્થે જતા અને સદ્બોધ શ્રવણ કરતા ત્યારે ત્યારે તે સદ્બોધને અંતરમાં દીર્ઘ વિચાર અને મનન પૂર્વક સ્થાપિત કરી સ્મૃતિમાં રાખી તે બોધને ઘેર આવ્યા પછી ધવલપત્ર (કાગળ) ઉપર ઉતારી લઇ તે પ્રમાણે વર્ત્તવા સતત પ્રયાસ કરતા અને દૃઢ મનોબળથી તેજ પ્રમાણે ઘણી વખત વર્ત્તતા. તેથીજ નાની વયમાં પણ તેમના જીવનમાં શાંતિ, ગંભીરતા, દયા, પરોપકાર, સહિષ્ણુતા, સદ્વર્ત્તન, શીયળ, નીતિ, ઉત્સાહ માત પિતાની ભક્તિ, હૃદય વિશાળતા, અને વિવેકાદિ સદ્ગુણો પ્રકાશી રહ્યા હતા. આવી લાયકાતને લીધે તે માંડવી જૈન કોમમાં એક પવિત્ર યુવક ગણાતા હતા. આ બધું પૂર્વના સંસ્કારથીજ ખીલે છે, એમ તેમના જીવનમાંથી યથાર્થપણે સમજાય છે. તેથી પૂર્વજન્મના સુંસ્કાર જ્ઞાનનું અપૂર્વપણું દર્શાવવા અને નવયુવાન કાનજીભાઇએ સદ્બોધથી પોતાના હૃદયને કેવું પવિત્ર અને સુવાસિત બનાવ્યું હતું, તેના પવિત્ર ચિતારથી યુવાનવર્ગનાં અંતઃકરણોને આદર્શ બનાવવા આ ગ્રંથ મર્હુમ કાનજીભાઇની વિચારશ્રેણી તરીકે બહાર પાડવાને પ્રવૃત્તિ કરી છે.

પુસ્તક સંશોધન કરવાનો આ લેખકનો પ્રથમજ પ્રયાસ હોવાથી ગ્રંથ પ્રગટ કરવાની પદ્ધતિમાં વા અન્ય પ્રકારોમાં કયાંય પણ શબ્દદોષ કે આશયદોષ રહેવા સંભવ છે; પરંતુ શબ્દદોષ વા આશયદોષ રહી જશે તો ? એવી પામર ભીતિ લેખકના હૃદયમાં ઉદ્ભવે તો તે પોતાની શક્તિનો કદાપિ વિકાસ કરી શકતો નથી, એ કારણથી અને કલ્પસૂત્રની સુબોધિકા નામની ટીકાના કર્ત્તા ઉપાધ્યાય મહારાજશ્રી વિનય વિજયજી જણાવે છે કેઃ—

" हास्यो नस्यां सद्भिः कुर्वन्नेतामतीक्ष्णबुद्धिः ।
यदुपदिशंति त एव हि शुभे यथाशक्ति प्रयतनीयं " ॥ १ ॥

પોતાની શક્તિ પ્રમાણે સત્પ્રવૃત્તિનો પ્રયાસ કરવાથી આત્મ શક્તિનો વિકાસ વૃદ્ધિંગત થાય છે. એ મહાન્ જ્ઞાનીના પવિત્ર વચનની પ્રેરણાથી એ ગ્રંથ શોધનનો બોજો લેખકે પોતાના શિરે લીધો છે, જેથી શબ્દ દોષ વા આશય દોષ વિગેરેની ભૂલને માટે વાચક વર્ગે હંસચંચુનો ન્યાય અંતઃકરણમાં રાખી લેખકની ભૂલને ક્ષમા આપશો એવી આશા છે. ઓં શાંતિઃ શાંતિઃ શાંતિઃ !!!

સંવત–૧૯૭૫ કાર્તિક પૂર્ણિમા.

સંત ચરણોપાસક **મુનિજય**
શુભ સ્થળ કચ્છ–માંડવી.

મર્હુમ કાનજીભાઇ જસરાજ ભંડારીનું

ટુંક જીવન ચરિત્ર.

કચ્છ દેશમાં માંડવી શહેર સર્વ કરતાં વિશાળ અને ધન સંપન્ન છે. જેમાં સંવત ૧૯૫૬ની સાલ પહેલાં ૩૫ હજાર માણસોની વસ્તી હતી, પણ કાલ દોષ પ્રમાણે પ્લેગ, કોલેરા વિગેરે કુદરતી રોગના ભયંકર ઉપદ્રવથી ૧૫–૨૦ વર્ષમાં લગભગ માંડવીમાં ૧૫ હજાર માણસોની ખરાબી થઇ ગઇ છે, તથાપિ એ શહેર સમુદ્ર કિનારે મોટું બંદર હોવાથી આખા દેશમાં વેપારનું તે મુખ્ય મથક છે. વણિક, બ્રાહ્મણ, ક્ષત્રિય વિગેરે હિંદુ તથા મુસલમાનની ત્યાં ઘણીજ સારી વસ્તી છે, જેમાં જૈન વણિકોની વસ્તી ૧૦૦૦ ઘરની છે, તેમાં **વીશાઓસવાળ** અને **વીશાશ્રીમાળી—એ** બે જ્ઞાતિઓ મોટા જત્થામાં છે, તેમજ **દશાશ્રીમાળી**ની પણ વસ્તી છે.

આપણા ચરિત્ર નાયક **કાનજી**ભાઇનો જન્મ આજ શહેરમાં વીશાશ્રીમાળી જ્ઞાતિના ભંડારી કુળમાં થયો હતો. કાનજીભાઇના પિતામહ (દાદા)નું નામ રાજપાળભાઇ હતું. તેમના બે પુત્રોમાંના એક જસરાજભાઇ પુત્ર હતા, જે ઇમારતી લાકડાંના વ્યાપારમાં ઘણીજ સારી કમાણી કમાયા છે. આજે માંડવીના સદ્‌ગૃહસ્થોમાં તે પણ એક સારા લક્ષાધિપતિ ગૃહસ્થ છે. ભંડારી જસરાજ ભાઇનો જન્મ સંવત ૧૯૨૨ના શ્રાવણ માસની શુકલ ચતુર્થીએ થયો હતો. જુના જમાનાનુસારે સામાન્ય કેળવણી પામી પોતે વેપારમાંજ જોડાએલ હતા. તેઓ સંવત ૧૯૩૫ ની સાલમાં શા. સાકળચંદ રૂપશીના પુત્રી લક્ષ્મીબાઈ સાથે લગ્નની ગાંઠથી જોડાઇ સંસાર સંસર્ગથી પોતાનું જીવન વ્યતીત કરતાં તે દંપતીને ૩ પુત્ર અને ૪ પુત્રીઓની પ્રાપ્તિ થઈ. **ઉત્તમચંદ, મોતીલાલ** અને **કાનજી** એ ત્રણ પુત્રો તથા **માણેકબાઈ, રતનબાઇ, પાર્વતીબાઇ** અને **કુંવરબાઇ** એ ચાર પુત્રીઓમાંથી રતનબાઈ અને પાર્વતીબાઇ તથા ઉત્તમચંદ અને મોતીલાલ–એમ જસરાજભાઇના બે પુત્ર તથા બે પુત્રી કાલગત થયા. એટલે માત્ર એક કાનજીભાઇ ઉપર જસરાજભાઇના વંશ (કુટુંબ)નો આધાર હતો. જસરાજ ભાઇને બે પુત્રીઓ હયાત છે, જેમાંના એક મોટા પુત્રી માણેકબાઇને માંડવીમાંજ પરણાવ્યાં હતાં, જે અત્યારે વિધવા છે અને નાનાં પુત્રી ભુજપુરમાં ફોફડીયા કુટુંબમાં શા. ભગવાનજીભાઇ સાથે

પરણાવ્યાં છે, જેઓ સૌ૦ વિદ્યમાન છે. ભગવાનજીભાઇ એક સારા કેળવાએલ અને વ્યાપાર કુશળ યુવક છે. મુંબઇ તથા મદ્રાસમાં જેમની પેઢીઓ ચાલે છે. તેમણે કાનજીભાઇના પ્રત્યે ગુરૂપણાનું કાર્ય બજાવ્યું છે, અર્થાત્ તેમના સંસર્ગથી અને ઉત્તમ બોધથી કાનજી ભાઇના હૃદયને ઉત્તમ શિક્ષણ મળ્યું હતું. કાનજીભાઇ પોતાના ભગિનીપતિ (બનેવી) સાથે ઘણાજ પૂજ્ય ભાવથી વર્ત્તતા અને તેમના ઉત્તમ શિક્ષણથી પોતાના જીવનને સુઘટિત ઘડવા પ્રયત્નશીલ રહેતા હતા. કાનજીભાઇના માતુશ્રી લક્ષ્મીબાઇ ઘણાજ સુશીલ અને પ્રેમાળ હોવાથી કાનજીભાઇના હૃદયમાં પ્રીતિ અને વત્સલતાના સસ્કારો ઉચ્ચતમ હતા. કાનજીભાઇનો જન્મ સંવત ૧૬૫૫ના શ્રાવણ વદ ૧૨ ના થયો હતો. માત પિતાના પ્રેમ શિક્ષણથી વૃદ્ધિ પામતા તે આઠકે સાત વર્ષની વયે પ્રથમ માંડવીમાં પવિત્ર માસ્તર **માણેકચંદ** ભાઇ પાસે ગુજરાતી સાત ધોરણનું શિક્ષણ લીધું હતું. પવિત્રાત્મા માણેકચંદ ભાઇ કચ્છના સ્કુલ માસ્તરોમાં એક આદર્શ પુરૂષ છે. ઘણાજ નીતિ સંપન્ન તથા પવિત્ર વિચારક હોવાથી તેમના પવિત્ર સંસ્કારોથી કાનજીભાઇના હૃદય ઉપર કેળવણીની પવિત્રતાનો ચિતાર ચિત્રાઇ રહ્યો હતો. ગુજરાતી સ્કુલમાંથી શિક્ષણ મેળવી માંડવીમાં વિદ્યમાન ગોકળદાસ ભાઇ તેજપાળની હાઇસ્કુલમાં તેમણે ઇંગ્લીશ ૫ ધોરણનું શિક્ષણ મેળવ્યું. ત્યારબાદ થોડો વખત તે મુંબઇમાં અભ્યાસને માટે રહ્યા હતા; પરંતુ હાલની અભ્યાસ પદ્ધતિ શબ્દ કીટવત્ હોવાથી તથા માનસિક જીવન ઉપર હદ ઉપરાંત બોજો પડતો હોવાથી અભ્યાસકની શારીરિક તથા માનસિક શક્તિ ક્ષીણ થતી જાણી ભગવાનજી ભાઇએ તેને અભ્યાસથી મુક્ત થવા તથા વ્યાપાર પ્રવૃત્તિમાં જોડાવા સલાહ આપી અને તેમના પિતાશ્રી જસરાજ ભાઇની ઇચ્છા પણ માંડવી ખાતે રોકવાની હોવાથી ભગવાનજી ભાઇની સલાહને માન્ય કરી તથા પિતાશ્રીની આજ્ઞાને આધીન થઇ તે માંડવી આવ્યા. અહીં તેમના પિતાશ્રી ઇમારતી લાકડાંના મોટા વેપારી છે અને તેઓ બીજા ભાગીદાર શા. ધરમશીભાઇ જસરાજભાઇની સાથે વેપાર કરતા હતા. તે દુકાનમાં કાનજીભાઇ પ્રથમ વર્ષે કોરી ૧૨૦૦ના પગારથી નોકરીમાં જોડાયા. સામાન્ય પ્રવૃત્તિમાંથી ઉંચા લાઇન પર ચડવાથી ઘણા અનુભવ મળે છે વા નોકરીની લાઇનથી ઉંચી લાઇન ઉપર આવતા અનુભવથી વ્યાપાર શિક્ષણ સારી રીતે મળે છે, એમ જાણી પોતાનો પિતા એક સદ્ગૃહસ્થ છતાં તેમજ પોતે પિતાના એકના એક પુત્ર છતાં બુદ્ધિ વિશેષ ખીલવવા તે નોકરીની લાઇનમાં રહ્યા. પરંતુ "કર્મ છુપે નહિ ભભુત લગાયા" એ કહેવત પ્રમાણે તેમની બુદ્ધિ સહજ

તીક્ષ્ણ હોવાથી એકજ વર્ષમાં પોતાની વ્યાપારી લાઇનમાં તેમણે એટલી બધી કુશળતા મેળવી કે તેમના પિતાશ્રીને પણ કાનજીભાઇની સલાહ લેવાનો વખત આવ્યો. એક વર્ષમાં પુત્રની અસાધારણ કુશળતા જાણી શેઠ તરીકેની કમાણી કરનાર બાહોશ પુત્રને નોકરનો પગાર આપવાથી પુત્રની શક્તિ પ્રત્યે અન્યાય થાય છે, એમ જાણી પિતાએ પુત્રને સ્વતંત્ર વેપારમાં જોડી દીધો. પુત્રની બાહોશી તથા સૂચના ઉચિત લાગવાથી જસરાજભાઇએ પોતાના ભાગીદાર સાથેનો વહીવટ બહુજ સલાહ શાંતિથી જુદો પાડી પોતાના નામની જુદી દુકાન કાનજીભાઇના સુકાની પણા નીચે ચલાવી. બે વર્ષમાં તો પોતાના વેપારનો વિશાળતામાં બહોળો ફેલાવો કરી અને ઘણીજ સારી કમાણી કરી. ત્યારબાદ પોતાના પિતાની વૃદ્ધાવસ્થાનો સમય નજદીક આવતો જાણી ઉત્તર અવસ્થામાં પિતાને વ્યાપારાદિ પ્રવૃત્તિથી નિવૃત કરી મનુષ્ય જન્મની સફળતા સાધવા માતપિતાને ધર્મ પ્રત્યે જોડવા હંમેશાં વિનમ્ર પૂર્વક સમજાવતા હતા. જેપિતાને કુલાચાર ધર્મ શિવાય વાસ્તવિક ધર્મ એટલે શું ? અને મનુષ્ય જીંદગીનું યથાર્થ કર્ત્તવ્ય શું ? તેની ભાગ્યેજ ખબર હતી; તેજ માતપિતાને આ પવિત્ર પુત્રે વ્યાપારની તથા સંસારિક માયિક મોહનીમાંથી હળવે હળવે મુક્ત કરી ધર્મ પ્રત્યેની સાચી લાગણી ઉત્પન્ન કરાવી હતી. સંસારના માયિક ભ્રમ ચોને હૃદયમાંથી ઘટાડ્યા હતા. વારંવાર નિતિ ન્યાયના તથા દયા પરોપકારનાં પવિત્ર વાક્યોથી માતપિતાના હૃદયમાં સદ્‌ભાવ ઉત્પન્ન કર્યો હતો. કાનજીભાઇ, ભંડારીને ત્યાં પુત્ર ભાવે જન્મ પામ્યા હતા, પણ માતપિતાને સદ્‌બોધ આપી ગુરૂ તરીકેનું કાર્ય બજાવ્યું હતું. નાની વયમાં ઉત્તમ પ્રકારે જીવન ઘડવાથી એક ઉત્તમ સંસ્કારી યુવાન બની અલ્પ વયમાં આ ફાની દુનિયાનો ત્યાગ કરી ચાલી નીકળવાથી તેમના માતપિતા, ધર્મપત્નો, કુટુંબી તથા સ્નેહીવર્ગને અતિ આઘાતનું કારણ થાય, તે બનવા જોગ છે.

કાનજીભાઇના લગ્ન સંવત ૧૯૬૫ના માગશર વદ ૧૦ મે માંડવીનાજ રહેવાસી શા. કાનજીભાઇ કચરાના પુત્રી અમૃતબાઇ સાથે થયાં હતાં. કાનજી ભાઇ જેમ પોતે સંસ્કારી હતા, તેમ તેમના પ્રારબ્ધ પુન્યોદયે તેમને પત્ની પણ તેવાંજ સુશીલ મળ્યાં હતાં, જેથી દંપતીનું જીવન ઉત્તમ પ્રકારેજ વ્યતીત થતું હતું. પવિત્ર પ્રેમ શિક્ષણ વડે પતિ-પત્નીનું જીવન જોડાવાથી પોતાના સત્કર્ત્તવ્યમાં તેમણે કોઇ પણ પ્રકારની સ્ખલના આવવા દીધીજ નથી અને પતિ-પત્ની અન્યોન્ય પોતાનું પવિત્ર કર્ત્તવ્ય સમજી અંતર જીવનની પારમાર્થિક

ઉન્નતિ થાય તેજ રીતે તેઓ વર્તતાં હતાં. તેમનામાં દયા અને પરોપકારના સ્વાભાવિક ગુણો વસી રહ્યા હતા. મનુષ્યો પ્રત્યે તેમની ઘણીજ ઉત્તમ લાગણી હતી. દુઃખી-દીન મનુષ્યોને આશ્રય આપવામાં તથા ગરીબ વિદ્યાર્થીઓને સ્કોલર શીપ આપવામાં પોતે ગુપ્તપણે પૈસાનો સદ્વ્યય કરતા હતા.

આ લેખકનું સંવત ૧૯૭૪ની સાલે અત્રે ચાતુર્માસ થયું, તે સમયે શ્રાવણ વદ ૫ ના દિવસે અત્રેની ગોકલદાસ તેજપાળ હાઇસ્કુલનો વાર્ષિક મેલાવડો હતો, જે રિદ્ધગરજી ભાવાજીના પ્રમુખ પણા નીચે ભરવામાં આવ્યો હતો. તે પ્રસંગે હાઇસ્કુલના પ્રિન્સીપાલ, ઘોડા માસ્તર તથા સંસ્કૃત માસ્તર વિશ્વનાથભાઇ ઓઝાનું અત્યાગ્રહ પૂર્વક નિમંત્રણ હોવાથી ત્યાં આ લેખકનું જાહેર મેલાવડામાં જવાનું થયું અને સભાસદોના અત્યાગ્રહથી થોડો વખત **'વિદ્યાની આવશ્યકતા'** એ વિષય ઉપર ભાષણ આપવાનું થયું. તે પ્રસંગે મર્હુમ કાનજીભાઇ પોતે કોઇ કાર્ય વશાત્ હાજર ન હતા, પરંતુ તેમના પિતાશ્રી જસરાજભાઇ હાજર હતા. આ લેખકની સાથે કાનજીભાઇનો પરિચય થવાનો પ્રથમ સમય તેજ પ્રસંગે બન્યો. અર્થાત્ જસરાજભાઇએ ઘેર આવી સદ્ગુણાનેચ્છુ પુત્રને 'આ લેખકના સમાગમથી આંતરિક ઉન્નતિ થશે' એમ જણાવી સમાગમ માટે સૂચના કરી, તે સમયથી એટલે શ્રાવણ વદ ૬ થી ભાદરવા વદ ૫ સુધી એક માસ પર્યંત આ લેખકનો કાનજીભાઇએ સતત્ સમાગમ કર્યો. સવારે વ્યાખ્યાનમાં આવતા અને વ્યાખ્યાનમાં વિવિધ વિષયપર જે જે વર્ણન થતું તે પ્રીતિપૂર્વક શ્રવણ કરી, વ્યાખ્યાનમાં શ્રવણ કરેલ વિષયને ઘેર ગયા પછી ૧-૨ કલાકની હમેશાં નિવૃત્તિ લઇ અત્યંત વિચાર પૂર્વક તેનું મનન કરતા. તેમાં પણ જે જે આશંકાઓ ઉદ્ભવતી તેનું નિરાકરણ કરવા અપોરે આ લેખક પાસે આવી સમાધાન કરતા. દરેક દિવસનું વ્યાખ્યાન સાંભળ્યા બાદ એક બે કલાકની નિવૃત્તિ મેળવી તેનું મનન કરતા હતા. દરેક વ્યાખ્યાનને સ્મૃતિમાં રાખી અપોરે તે દિવસના વ્યાખ્યાનને ધવલ પત્ર ઉપર ઉતારી લઇ તે સદ્બોધ પ્રમાણે વર્ત્તવા દૃઢ સંકલ્પ પૂર્વક પ્રબળ પ્રયાસ કરતા હતા. જેથી એક માસના અલ્પ સમાગમથી પણ કાનજીભાઇએ પોતાના આંતરિક જીવનને ઘણુંજ પવિત્ર બનાવ્યું હતું. એક માસના વ્યાખ્યાનો તથા બે ત્રણ જાહેર ભાષણો શ્રવણ કરી પોતે તે વિષયનો ભાવાર્થ પોતાના હૃદયને પવિત્ર બનાવવા શ્રવણ કરેલ સદ્બોધ તથા વિચારોને તેમણે ધવલ પત્ર ઉપર આલેખ્યા છે, તે વિચારો ઉપર આ લેખકે વિવેચન તથા સંશોધન કરી મર્હુમ કાનજીભાઇના પિતાશ્રી જસરાજભાઈ તથા માતુશ્રી લક્ષ્મીબાઇ, ધર્મપત્ની અમૃતબાઇ,

વડીલ બ્હેન માણેકબાઇ તથા ભગિનીમતિ ભગવાનજીભાઇ વિગેરે તેમના સ્નેહાલ કુટુંબના અત્યાગ્રહથી પુસ્તક રૂપે તે બહાર પાડવાનો પ્રયાસ કર્યો છે. તે ચાતુર્માસ દરમ્યાન આ લેખકનું છેલ્લું ભાષણ ભાદરવા વદ ૩ ના દિવસે ભાટીયાની યજ્ઞશાળામાં ' મનુષ્ય કર્ત્તવ્ય ' એ વિષય પર હતું, તે ભાષણમાં કાનજીભાઇએ ઘણોજ ઉત્સાહ ભર્યો ભાગ લીધો હતો. અને આખા ભાષણનો સાર સ્મૃતિમાં રાખી પોતાની ડાયરીમાં લખી લીધો, જે તેમના વિચારો સાથે આ પુસ્તકમાં બહાર પાડેલ છે. બસ, આ લેખકના પરિચયનો અને મહુંમની સંસારિક મુસાફરીનો આ છેલ્લો સંબંધ હતો, અર્થાત્ ભાદરવા વદ ૩ ના ભાષણ પછી આવતા રવિવારે બીજા ભાષણ માટે પ્રોગ્રામ ગોઠવાઇ ગયો હતો. પરંતુ ' આદર્યાં અધવચ રહે, હરિ કરે સોહાય. ' એ કથની મુજબ પ્રારબ્ધ પ્રકૃતિના કુદરતી પ્રકોપની જવાલા રૂપ ઇન્ફ્લુએન્ઝાની ભયંકર બીમારી સમસ્ત દેશમાં વ્યાપી રહેવાથી તે બીમારીમાં આ લેખક તથા મહુંમ કાનજી ભાઇ તેમજ અન્ય શ્રોતા વર્ગ સપડાઇ જવાથી બીજું ભાષણ આપવાની વાત તો દૂરજ રહી, પણ જીંદગીની સલામતી માટેજ જન સમાજને ભારે ચિંતા થઇ પડી. તે ભયંકર માંદગીમાં આ લેખક તથા કાનજીભાઇ સપડાઇ જતાં અમારી બંનેની જીવનાશા ઘણીજ અલ્પાંશે હતી. તેમાં આ લેખકની આયુષ્ય પ્રારબ્ધ વૃત્તિનો ઉદય શેષ હોવાથી ૨૭ દિવસની ભયંકર માંદગી ભોગવી બચવાનો સમય આવ્યો અને આ લેખકના પરમ સ્નેહી મિત્ર કાનજીભાઇ ૧૦ દિવસની માંદગી ભોગવી ભાદરવા વદ ૧૨ ને મંગલવારના દિવસે પોતાના સ્નેહી કુટંબને રડતા મૂકી આ ફાની દુનીયાનો ત્યાગ કરી ચાલ્યા ગયા. પરમ કૃપાળુ પરમાત્મા તેમના પવિત્ર આત્માને સદ્ગતિ તથા શાંતિ આપે, એવો પ્રભુ પ્રત્યે યાચના કરી આ જીવનલેખ સમાપ્ત કરૂં છું. ઓં શાંતિઃ શાંતિઃ શાંતિઃ !!!

સંવત ૧૯૭૫
કાર્ત્તિક પૂર્ણિમા
સોમવાર


સંત ચરણોં પાસક
મુનિ જય.

વિષયાનુક્રમણિકા.

નંબર.	વિષય.	પૃષ્ઠ.
	ભાગ-૧	
૧	દાન પ્રકરણ	૨—૪૨
૨	શીલ પ્રકરણ	૪૨—૭૩
૩	તપ પ્રકરણ	૭૩—૮૧
૪	ભાવ પ્રકરણ	૮૧—૮૮
૫	દ્રવ્યાનુયોગ પ્રકરણ...	૮૯—૧૨૯
૬	ગણધરવાદ પ્રકરણ....	૧૨૯—૧૫૭
૭	કર્ત્તવ્ય પ્રકરણ	૧૫૭—૧૯૫
૮	પ્રસ્તાવિક પ્રકરણ	૧૯૫—૨૧૦
	ભાગ-૨	
૧	સામાજીક પ્રકરણ	૨૧૨—૨૪૮
૨	ધાર્મિક પ્રકરણ	૨૪૮—૨૮૫
	ભાગ-૩	
૧	આધ્યાત્મિક પ્રકરણ..	૨૮૬—૩૩૩
૨	રાજ્યેંદ્ર જયંતિ પ્રસંગે થયેલું ભાષણ....	૩૩૩—૩૪૬
૩	ઉપસંહાર.	૩૪૬—૩૫૩


સંતચરણોપાસક

મુનિ મહારાજશ્રી જયવિજયજી



જન્મ સં૦ ૧૯૪૫
મૌન એકાદશી.
(કચ્છ–વાગડ–ભીમાસર.)

ગૃહત્યાગ સં૦ ૧૯૬૧
કાર્તિક વદ ૬ પાટણ.



સહજાત્મસ્વરૂપાય, અર્હન્નસ્વરૂપાય નમો નમઃ

શ્રી સદ્‌બોધ સંગ્રહ

ભાગ ૧ લો.

મંગલાચરણ.

પાર્શ્વનાથ ! નમસ્તુભ્યં વિઘ્નવિધ્વંસતાયિને ।
નિર્મલં સુપ્રભાતં તે પરમાનંદદાયિનઃ ॥ ૧ ॥
અશ્વસેનાવનીપાલ–કુક્ષિચૂડામણે પ્રભો ! ।
વામાસૂનો ! નમસ્તુભ્યં શ્રીમત્પાર્શ્વજિનેશ્વર ! ॥ ૨ ॥
કમઠે ધરણેંદ્રે ચ સ્વોચિતં કર્મ કુર્વતિ ।
પ્રભુસ્તુલ્યમનોવૃત્તિઃ પાર્શ્વનાથઃ શ્રિયેઽસ્તુ વઃ ॥ ૩ ॥

મહોપકારી મહામણિ, મહાઋદ્ધિ–નિધાન;
વંદું સંત કૃપાલને, પ્રગટાવ્યું નિજ ભાન. ૧
પરમ પુરૂષ પ્રભુ સદ્‌ગુરૂ, પરમજ્ઞાન સુખધામ;
જેણે ભાખ્યું ભાન નિજ, તેહને સદા પ્રણામ. ૨
દેહ છતાં જેહની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણીત. ૩

ધર્મના ચાર ભેદ.

(દાન, શીલ, તપ અને ભાવના).

શ્રી મહાવીરદેવે ચાર પ્રકારે ધર્મ કહ્યો છે. તે ચાર પ્રકારનું સૂક્ષ્મ દૃષ્ટિથી નિરીક્ષણ કરતાં એકેક ભેદમાં ચારે ભેદનો સમાવેશ થઇ જાય છે. જેમકે **દાન**–કોઇ પણ દુઃખી જીવને તન, ધન તથા મનનો ભોગ આપી તેને દુઃખમુક્ત કરવો તે **અભયદાન.** અને સત્પુરૂષને સુદૃષ્ટિ (જ્ઞાનદૃષ્ટિ વા અંતરદૃષ્ટિ) થી ઓળખી મન, વચન અને કાયાના ત્રિધાયોગની ઉત્કૃષ્ટ ભક્તિથી તેમને આહાર, પાણી, વસતિ વિગેરે આપવું–તે **સુપાત્રદાન.** આ બંને રથાને સત્ય –નીતિની કમાણીથી મેળવેલ ધનનો નિષ્કામપણે (કોઇ પણ જાતના ઇહલૌકિક કે પરલૌકિક સુખની ઇચ્છા રહિત) વ્યય કરવો તેનું નામ **દાન.** આવા દાન માટે પૈસા મેળવવામાં નીતિ તથા સત્યતા વિગેરે ઉત્તમ ગુણો પૂર્વક ધન પ્રાપ્ત થાય છે, તેથી શીલ (આચાર) આવી જાય છે. તેવા સદ્‌ગુણોથી અસદ્‌વૃત્તિનો જય થાય છે, તેથી તપ (ઇચ્છાને રોકવી) તે પણ આવી જાય છે. અને અસદ્‌વૃત્તિને રોકવાથી **તથા** સદ્‌ગુણો મેળવવા સદ્‌વિચારો ઉત્પન્ન થવાથી ભાવની નિર્મળતા થાય–તેથી ભાવ પણ આવી જાય છે. જેવી રીતે એક **દાન**માં ચારે પ્રકારનો સમાવેશ થાય છે, તેવી રીતે શીલ, તપ વિગેરેમાં પણ ચારે પ્રકારનો સમાવેશ થઈ શકે છે.

દાન પ્રકરણ—

(૧)દાનઃ—' **દીયતે તદ્દાનં** ' દાન શબ્દની સામાન્ય વ્યુત્પત્તિ એવી થાય છે કે—દેવું તેનું નામ દાન. ત્યારે કોઇ તર્ક કરશે કે—' જે દેવું તેનું નામ **દાન** કહેવાતું હોય, તો કોઇને બે ચાર ગાળીનું પ્રદાન વા બે ચાર મુષ્ટિકાનું પ્રદાન આપતાં **દાન** કહી શકાય ? ' નહિજ. વિષય સમજવામાં માત્ર શબ્દાર્થને ગ્રહણ કરવાથી કોઇ સમયે અર્થનો અનર્થ થાય છે. માટે કોઇ પણ વિષયના શબ્દાર્થની સાથે હેતુ, અપેક્ષા અને દૃષ્ટાંત–એ પ્રક્રિયાઓ વડે તેનો ભાવાર્થ જાણવાથી જ ખરો અર્થ સમજાય છે. દેવું તે દાન–એ વાત ખરી, પણ શું દેવું ? તેના વિશેષાર્થમાં જ્ઞાનીઓ જણાવે છે કે—' સ્વ–પરનું શ્રેય થાય–એવું જે આપવું, તેનું નામ **દાન** કહેવાય છે. ' શાસ્ત્રમાં દાનના દશ પ્રકાર કહ્યા છે. જેમાંના **પ્રશમના** પાંચ પ્રકાર સામાન્ય હોવાથી તેનો ઉલ્લેખ અત્રે કર્યો નથી. પાછળના

પાંચ પ્રકાર (કીર્ત્તિદાન, ઉચિતદાન, અનુકંપાદાન, અભયદાન અને સુપાત્રદાન) માંનો પ્રથમ ભેદ જે કીર્ત્તિદાન છે, તે બાકીના ચાર ભેદમાં આવી શકે છે. અર્થાત્ અનીતિ અને અસત્યના માર્ગે મેળવેલ દ્રવ્ય હોય, અને ઇહલોક (માન, પૂજા પ્રભાવનાર્થે સારૂં દેખાડવા), પરલોક (રાજ્યઋદ્ધિ દેવસુખ વિગેરે) ને અર્થે સકામપણે ચારમાંના કોઇપણ દાનની પ્રવૃત્તિ થાય, તેમાં કીર્ત્તિદાનનીજ મુખ્યતા રહે છે. અને કીર્ત્તિદાનની મુખ્યતા રહેવાથી તેનું ફળ પારમાર્થિક નહિ, પણ સંસારની જ વૃદ્ધિ થાય છે.

ઉચિતદાન અને અનુકંપાદાન પરમાર્થ માર્ગના સાધનભૂત થાય છે. અર્થાત્ પુન્ય ઉત્પન્ન કરનાર થાય છે. **અભયદાન** તથા **સુપાત્રદાન** પરમાર્થ માર્ગની વૃદ્ધિ કરનાર થાય છે.

જેમ અંધકારમાંથી પ્રકાશની ઉત્પત્તિ નથી, અગ્નિમાંથી શીતલતાની ઉત્પત્તિ નથી, ઝેરમાંથી અમૃતની ઉત્પત્તિ નથી તથા સત્યમાંથી અસત્યની ઉત્પત્તિ નથી, તેમ છળ પ્રપંચોના પાશથી ભીન્ન જીવોને છેતરી, કુડ–કપટથી ભીન્ન આત્માઓને દુઃખ આપી અસત્ય કે અનીતિથી મેળવેલ ધન અને તે પાછું ઇહલોક તથા પરલોકના સુખની વાંછનાએ (સકામભાવે) તેવા ધનનો ચાહે તો છોકરાના લગ્ન કરવામાં ખરચ કરે વા તીર્થંકરના મહોત્સવ નિમિત્તે ખરચે, નાત જમાડવામાં ખરચ કરે વા નોકારશી કે સ્વામિવાત્સલ નિમિત્તે ખરચે, ઘર ચણાવવામાં ખરચ કરે વા દેરાસર કે ધર્મશાળા નિમિત્તે ખરચે, એક ભીખારીને દાન આપે વા ખુદ તીર્થંકર ભગવાનને દાન આપે, નાટક જોવામાં ખરચ કરે વા કોઇ તીર્થનો સંઘ કઢાડવા નિમિત્તે ખરચે, એક જીવને છોડાવે વા લાખો જીવોને છોડાવે: પણ ઉપરોક્ત કહ્યા પ્રમાણે પાપના કૃત્યોથી મેળવેલ દ્રવ્યનો સકામપણે વ્યય કરે, તો તેનું નામ **અભયદાન** કે **સુપાત્રદાન** તો નથી; પરંતુ **અનુકંપા** કે **ઉચિતદાન** પણ ન કહેવાય. માત્ર **કીર્ત્તિદાન જ** કહી શકાય. અને તે દાનનું ફળ લોકો વાહ વાહ કરે, તેટલું જ માત્ર મળે તો ભલે, બાકી તેવા દાનથી પરમાર્થમાર્ગની પ્રાપ્તિ થતી નથી, માત્ર સંસારપરિભ્રમણની વૃદ્ધિ થાય છે.

કીર્ત્તિદાન—અનીતિ કે અસત્યના માર્ગે મેળવેલ દ્રવ્યનો ગમે ત્યાં સારા વા ખોટા કાર્યોમાં વ્યય કરવો તથા ઇહલોક કે પરલોકના સુખની ઇચ્છાએ ખરચ કરવો.

ઉચિતદાન—સત્ય કે નીતિના માર્ગે ઉપાર્જન કરેલ દ્રવ્યને ઉચિત માર્ગે ખરચવું. અર્થાત્ પોતાની મૂડીનો અમુક ભાગ કુટુંબના સુખને માટે

ખરચવો. કુટુંબ સુખી થતાં ધન વધે, તો પછી જ્ઞાતિના અર્થે ખરચવું, જ્ઞાતિનો ઉદ્ધાર થતાં ધન વધે, તો પોતાના ગામના અર્થે, ગામ સુખી થતાં દેશના અર્થે, દેશ સુખી થતાં મનુષ્યના અર્થે અને મનુષ્ય સુખી થતાં પશુ–પક્ષી વિગેરે મનુષ્યથી ઉતરતી કોટીના જીવાત્માઓ નિમિત્તે ધન ખરચવું–તેને **ઉચિતદાન** કહે છે. પોતાના કુટુંબી કે નાતજાતના મનુષ્ય પ્રત્યે જે દયાની લાગણી ઉત્પન્ન ન થાય અને પાંજરાપોળોમાં હજારો રૂપીયા ભરવામાં આવે, તો તે પ્રવૃત્તિ ઉચિતદાનની નહિ પણ કીર્ત્તિદાનની છે.

અનુકંપાદાન–કોઇ પણ દુઃખી આત્માને જોઇ તેને દુઃખથી મુક્ત કરવા માટે પોતાની શક્તિનો ભોગ આપવો તે. શરીરની પીડાથી દુઃખી થતા કોઇ પણ જીવાત્માને જોઇને અરેરાટ આવે, દયાની લાગણી જણાય છતાં પોતાના શરીરનો ભોગ આપી તેને દુઃખમુક્ત કરવાની પ્રવૃત્તિ ન થાય, તો તેનું નામ અનુકંપા નહિ, પણ કુલાચારના સંસ્કારો જ છે. જેમકે એક કુતરો વા ઢોર શરીરની પીડાથી દુઃખી થતો હોય, રૂધિર વા પરૂ નીકળતું હોય, તડકે પડ્યો હોય, તેને જોઇ પોતાથી ઉપડે તો છાંયે મુકવો, પાણી વા દવા લાવી તેના રૂધિર વિગેરેને સાફ કરી પાટો વિગેરે બાંધવો–એ વિગેરે ક્રિયા કરવામાં પોતાની મોટાઇનું માન છોડી દેવું. "હું આવો શેઠીઓ વા ધનાઢ્ય થઇ આ કામ કેમ કરૂં?" એમ બે રૂા. નો ખરચ કરી નોકરને ભળાવી દે. શરીરથી પીડાતા જીવને દુઃખમુક્ત કરવા પોતાના શરીરની શક્તિ છતાં માન મોટાઇને લઇ વા 'મારા શરીરને મહેનત પડશે, દુઃખ લાગશે કે મારા લુગડાં બગડશે' એવી દેહાધ્યાસની બુદ્ધિને લઈ પોતાના શરીરથી સેવા ન બજાવતાં બીજા કોઇને ભળાવી પોતે દયાનો ડોળ કરતો ચાલ્યો જાય, તો તે અનુકંપા કહી શકાય નહિ. ધન્ય છે મહાત્મા **ગાંધીજી**ને કે જેણે મનુષ્યના સુખને માટે પાયખાનામાં જઇ પાયખાના સાફ કર્યા છે તથા પોતે એક વખત ગાડી ઉપર બેસી ચાલ્યા જતા હતા, રસ્તામાં અતિસારના વ્યાધિથી પીડાતા કોઇ દુઃખી મનુષ્યને જોઇ પોતે ગાડીમાંથી નીચે ઉતરી પાણી લાવી તેના શરીરને પ્રથમ સાફ કરી, પછી તેનાં લુગડાને પણ સાફ કરી પોતાની પાસેથી એક લુગડું તેને પહેરવા આપ્યું, અને ઔષધોપચાર પણ કર્યા. આનું નામ તે અનુકંપા! અહીં કોઇને પ્રશ્ન થશે કે– 'અનુકંપાદાનના વિવેચનમાં અનુકંપા (દયા)નું વિવેચન કરી વિષયની મિશ્રતા કેમ કરી દીધી?' તો જણાવીશ કે અનુકંપા–દયા એ અનુકંપાદાનનો જ ભેદ છે. અનુકંપાદાન ત્રણ પ્રકારે છે. શારીરિક, માનસિક તથા આર્થિક. શરીરથી અનુકંપા કરવી–તે શારીરિક અનુકંપાદાન કહેવાય, મનથી સામાના અંતરનું

દુઃખ દૂર કરવું–તે માનસિક અનુકંપાદાન કહેવાય અને પૈસાથી સામાના દુઃખને દૂર કરવું તે–આર્થિક અનુકંપાદાન કહેવાય. માટે ગાંધીજીનો દાખલો જે આપ્યો છે, તે શારીરિક અનુકંપાદાનનું પ્રતિદાન કરવા અર્થે આપ્યો છે. બીજો દાખલો—**શાંતિનાથ** ભગવંતમાં વિશ્વના જીવો પ્રત્યે કેટલી અનુકંપા છે, તે જાણવાને એક દેવતા સિંચાણા નામના પક્ષીનું રૂપ કરી પોતાની દૈવિક શક્તિથી બીજું પારેવા (કબુતર)નું રૂપ કરી પારેવાને મારી નાખવા અત્યુગ્ર ગતિથી તેની પાછળ પડ્યો. મરણના ભયથી ભયભીત થયેલ પારેવું શાંતિનાથ ભગવાન્ કે જેઓ મેઘરથરાજાના ભવે ગૃહસ્થાશ્રમમાં હતા તેમના ખોળામાં આવીને પડ્યું. પાછળથી સિંચાણે આવી પોતાના ભક્ષ્યની માંગણી કરી, અને વિશેષમાં જણાવ્યું કે—" હે રાજન્! પારેવાનું રક્ષણ કરતાં મારું મરણ થઇ જશે, તેનો કાંઇ વિચાર કર્યો? આજે ત્રણ દિવસ થયાં મને ખોરાક મળ્યો નથી. ચોથે દિવસે મહાકષ્ટે આ પારેવું મળ્યુ. માટે મારું ભક્ષ્ય મને સુપ્રત કર. એકનું રક્ષણ કરી બીજાના જીવન પ્રત્યે ઉપેક્ષા કરવી એ કોના ઘરનો ન્યાય?" આ વખતે શાંતિનાથપ્રભુ (મેઘરથરાજા)એ વિચાર્યું કે—" સિંચાણની વાત સાચી છે. કારણ કે તે ત્રણ દિવસનો ભૂખ્યો છે, માટે તેની પણ દયા કરવી આવશ્યક છે." જેથી પ્રભુએ કહ્યું કે—' હે પક્ષી! તું ભૂખ્યો હોય, તો તારા જીવનનો ઘાત કરી આ પારેવાનો અચાવ કરવો, એ પણ ઉચિત નથી. તેમજ ત્રાસથી ભયભીત થયેલ અને શરણે આવેલ પ્રાણીનો નાશ થવા દેવો–એ પણ મારા ક્ષાત્રધર્મને કલંકિત કરવા જેવું છે. માટે પારેવાનો પણ અચાવ થાય અને તારે પણ ક્ષુધાની શાંતિ થાય, તેને માટે એકજ રસ્તો છે–તે એ કે– આ પારેવા જેટલું માંસ મારા શરીરમાંથી હું તને કાપી આપું, કે જેથી તું શાંત થઇશ." સિંચાણે તે વાત માન્ય રાખી. એટલે મેઘરથ (શાંતિનાથ) શસ્ત્રથી પોતાની સાથળ (જંઘા)નું માંસ કાપી સિંચાણને આપવા તૈયાર થયા. તે વખતે પક્ષીએ કહ્યું કે—' એ માંસ પારેવા બરાબર તોળીને આપો.' જેથી કાંટાના એક બાજુના ત્રાજવામાં પારેવાને મૂકી બીજી બાજુના ત્રાજવામાં પોતાના શરીરનું માંસ મૂકીને તોળ્યું. પણ દૈવિક શક્તિના પ્રભાવથી પારેવાનું વજન વધારે જણાયું. જેથી મેઘરથરાજા (શાંતિનાથ પ્રભુ) એ થોડે થોડે પોતાના શરીરના અંગોપાંગ કાપતાં આખું શરીર સિંચાણના ભક્ષણને માટે ત્રાજવામાં મૂકી દીધું. તે જોઇ પેલા દેવતાએ પારેવા તથા સિંચાણાના રૂપને સંહરી લઇ પોતાનું દિવ્યરૂપ પ્રગટાવી પ્રભુ ઉપર પંચવર્ણી પુષ્પોની વૃષ્ટિ કરી જય જયારવના માંગલિક દીવ્ય ધ્વનિથી રાજાની સ્તુતિ કરતો રાજાના

ચરણ–કમળમાં પોતાના શરીરને નમાવી સપ્રેમ વંદન કરતો સ્વર્ગધામમાં ચાલ્યો ગયો. બીજાના સુખને માટે પોતાના દેહનો ભોગ આપવા પણ રાજા તૈયાર થયા. આનું નામજ સાચી અનુકંપા. આવા દયાસિંધુ ભગવાનને ત્રિધા-યોગે નમસ્કાર હો, નમસ્કાર હો, નમસ્કાર હો.

આ વિષયમાં એક ત્રીજું દૃષ્ટાંત એવું છે કે––અમેરિકાના માજી પ્રેસી-ડેન્ટ બે ચાર નોકરોની સાથે ગાડીમાં બેસી ચાલ્યા જતા હતા. રસ્તાની બાજુએ પાણીના કીચડવાળા ખાબોચીઆમાં એક ભુંડ (ડુક્કર) કીચડમાં ખુંચી ગયો હતો. તે નીકળવાને ઘણીજ મહેનત કરતો હતો, પણ નીકળી ન શકવાથી અત્યંત દુઃખી થતો હતો, તેને જોઇ કોઇ પણ નોકરને હુકમ ન કરતાં તેમ ગાડી ઉભી રખા-વવાનો પણ અવકાશ ન લેતાં ચાલતી ગાડી ઉપરથી એકદમ કુદી પડી પોતાના કીંમતી વસ્ત્રો બગડવાની પણ દરકાર ન કરતાં કાદવમાં પડી પેલા ભુંડને ખેંચી-ને બહાર કઢાડયો. તેને બહાર લાવ્યા પછી એક નોકરે કહ્યું કે–' મહેરબાન સાહેબ ! આપે જાતે શા માટે આટલી બધી મહેનત ઉઠાવી ? અમને હુકમ કર્યો હોત, તો તે કામ અમો પણ બજાવી શકત. ' તેના ઉત્તરમાં માજી પ્રેસી-ડેન્ટ બોલ્યા કે–' તમે કહો છો તે ઠીક છે. પણ આ દુઃખને જોઇને મારા હૃદયમાં જે દુઃખ થતું હતું, તેજ દુઃખ તમારા હૃદયમાં થયું હોત, તો તમને મારી આજ્ઞાનો પણ અવકાશ રહેત નહિ. મારી આજ્ઞા પહેલાંજ તમો મારી માફક કુદી પડ્યા હોત, પણ તમારા હૃદયમાં મારા જેવું દુઃખ થયું હોય, તેવું મને જણાતું નથી. મારા હૃદયમાં થતા દુઃખને માટે મારેજ મહેનત કરવી–એ મને વધારે ઉચિત લાગ્યું. તેથી મારે જાતે આ ખાડામાં પડી આ ભુંડને બહાર કઢાડવાની જરૂર જણાઇ. જો આ ભુંડને કાદવ બહાર કઢાડ્યો ન હોત, તો તેને દુઃખી જોઇ મારા હૃદયમાં જે પીડાનો ખટકો થયા કરતો હતો, તે પીડા દૂર થાત નહિ. અને ભુંડને બહાર કઢાડવાથી મારા હૃદયની પીડા શાંત થઇ છે. જેથી મેં ભુંડની દયા કરી નથી, પણ મારા અંતરની દયા કરી છે. ધન્ય છે આવી દયાની લાગણીને ! આનું નામજ અનુકંપા !

આ ઉપરનાં દૃષ્ટાંતો શારીરિક અનુકંપાદાનના ભેદનાં કહ્યાં, પણ સાથે માનસિક અનુકંપાનો પણ સમાવેશ થાય છે. કેમકે શરીરથી પીડા પામતા જીવોનું અંતર પણ પીડાય છે, અને શરીરની પીડા દૂર થતાં માનસિક પીડાનો પણ લય થાય છે. છતાં માનસિક અનુકંપાનો બીજો એક દાખલો એ વિષયને વિશેષ સ્પષ્ટ કરશે, અને તે આ પ્રમાણે છે:—

અગીયારમા સૈકામાં થયેલ કલિકાલ–સર્વજ્ઞ ભગવાન શ્રીમાન્ હેમચંદ્રા-

આચાર્યજીએ કુમારપાલ રાજાને પ્રતિબોધ આપી આત્મજ્ઞાન સંપન્ન બનાવ્યા હતા. તે સમયના શંકરાચાર્યજીએ બૌદ્ધ અને જૈનોને ભારતભૂમિમાંથી બહિષ્કાર કરવાનો ધર્મવિવાદરૂપ ઝઘડો ઉઠાવ્યો હતો. શંકરાચાર્યજી બાળબુદ્ધિ મનુષ્યોમાં 'જૈનો નાસ્તિક છે, કેમકે તેઓ પરમેશ્વરને માનતા નથી.' આવી ભાવનાના સંસ્કારો ઠસાવી જૈનધર્મ અને જૈનધર્મના શાસ્ત્રો પ્રત્યે લોકોને આશંકા દોષ વા અરૂચિ ભાવ ઉત્પન્ન કરાવવા તનતોડ મહેનત કરતા હતા. શંકરાચાર્યજીની દલીલ એ હતી કે–'જૈનો નાસ્તિક છે. કેમકે તેઓ પરમેશ્વરને માનતા નથી.' જૈનો પરમેશ્વરને માનતા નથી, તો પછી ઋષભદેવથી મહાવીર પર્યંત ચોવીશ તીર્થંકરો (પરમેશ્વરો) ને જૈનો કયાંથી લાવ્યા હતા? શંકરાચાર્યજી મહારાજ! તમે તો એક પરમેશ્વરને માનો છો, પણ જૈનો તો ચોવીશ પરમાત્માઓને માને છે, જેથી આપશ્રીજીના કરતાં જૈનોમાં ચોવીશગણી આસ્તિકતા સિદ્ધ થાય છે. જૈનશાસ્ત્રની માન્યતા પ્રમાણે ઉત્સર્પિણી અને અવસર્પિણી–એ બે યુગો મળીને એક કાલચક્ર થાય છે. તે દરેક ઉત્સર્પિણી તથા અવસર્પિણીમાં ચોવીશ તીર્થંકરો થાય છે. જેઓ જન્મ પામી પ્રારબ્ધ–કર્મ હોય, તો રાજ્ય વા ગૃહસ્થાશ્રમ ભોગવી વા વિના ભોગવે ત્યાગ લઇ સર્વ કર્મનો નાશ કરી કેવલજ્ઞાન પામી સર્વજ્ઞ થઇ મોક્ષમાં જાય છે. એવા અનંત કાલચક્રમાં અનંતા તીર્થંકરો તથા બીજા પણ અનંત કેવળી ભગવાનો મોક્ષદશાને પામ્યા છે. જેઓ અનંતજ્ઞાની સર્વજ્ઞ ભગવાન્ પરિપૂર્ણ દશાની પરાકાષ્ટાએ પહોંચેલા પરમાત્માઓ જ છે, તેવા અનંત પરમાત્માઓને માનનાર જૈનોને નાસ્તિક કહેવા એ આત્મસ્વરૂપને પ્રાપ્ત થયેલ પરમ જ્ઞાનીઓનું કર્ત્તવ્ય નથી. જે ધર્મ, પુન્ય, પાપ, ધર્મ, અધર્મ, જીવ, અજીવ, સત્ય, અસત્ય, સંસાર તથા મોક્ષાદિક ભાવને માને નહિ, તેનેજ નાસ્તિક કહી શકાય છે. જૈન, વેદાંત કરતાં કયા વિષયમાં ન્યૂનતા ધરાવે છે, કે જેથી તે નાસ્તિક કહેવાય? 'પરમેશ્વર જગતનો કર્ત્તા છે.' એમ માની જૈનો પરમેશ્વર–કર્ત્તાને માનતા નથી, તેથી નાસ્તિકતા છે? જો વિશ્વઘટના પરમેશ્વરની ઇચ્છા વા શક્તિથી થાય છે, તો પછી પોતાનાં કર્ત્તાપણાની માન્યતાને નહિ માનનાર જૈનોને ઉત્પન્ન કરી પોતાના પગ ઉપર કુહાડો મારવાનું ડહાપણ કરવાની ઇશ્વરને શી જરૂર હતી? કે તેણે જૈનોને ઉત્પન્ન કર્યા. જૈનો પરમેશ્વરને માને છે, પણ 'વિશ્વની રચનાનો કર્ત્તા પરમેશ્વર છે' એમ જૈનો માનતા નથી. કોઇ પણ કાર્ય ઉત્પન્ન થવામાં ઉપાદાન કારણ તથા નિમિત્ત કારણ એમ બે કારણની જરૂર પડે છે. જેમ કે ઘટ ઉત્પન્ન થવામાં ઉપાદાન કારણ માટી છે તથા નિ-

મિત્ત કારણ કુંભાર, દંડ, ચક્રાદિ છે. તેમ ઇશ્વરે જગત્ને ઉત્પન્ન કર્યું, તો જગત્રૂપી કાર્ય ઉત્પન્ન થવામાં ઇશ્વર ઉપાદાન કારણ છે કે નિમિત્ત કારણ? જો ઇશ્વરને જગત્નો ઉપાદાન માનીએ, તો ઉપાદાન કારણનો નિયમ છે કે કારણમાંથી કાર્ય થાય, એટલે કારણ પોતે કાર્ય થાય. જેમ મૃત્તિકા પોતે જ ઘટ બને, તેમ જગત્નું ઉપાદાન કારણ ઇશ્વર પોતે હોય તો ઇશ્વરનો જગત્માં સમાવેશ થઇ ઇશ્વર જગત્થી જુદો રહેતો નથી. તેમજ જગત્રૂપ કાર્ય થવામાં ઇશ્વર નિમિત્ત કારણરૂપે હોય, તો કુંભારે માટીમાંથી જેમ ઘટ ઉત્પન્ન કર્યો, તેમ ઇશ્વરે કઇ વસ્તુમાંથી જગત્ ઉત્પન્ન કર્યું? જે વસ્તુમાંથી જગત્ ઉત્પન્ન થયું, તે વસ્તુ ક્યાંથી ઉત્પન્ન થઇ? એમ એક પછી એક ભૂતત્ત્વ કારણોની પરંપરાનું અનુસંધાન કરતાં પરમેશ્વર તથા જગત્—બંને અનાદિ ઠરે છે. જૈનો પરમાત્માને વિશ્વનો કર્ત્તા નહિ, પણ જ્ઞાતાજ માને છે. મન, વચન તથા શરીર એ ત્રણ યોગ અને રાગદ્વેષાદિ દોષોથી સર્વથા મુક્ત થાય—તેને ઇશ્વર કહે છે. તેવા અશરીરિ, અસંગી પરમાત્માને જગત્ ઉત્પન્ન કરવાનું સાધન કે આવશ્યકતા નહિ હોવાથી તે વિશ્વનો જ્ઞાતા બની શકે છે. દીપકની પાસે તેના પ્રકાશના નિમિત્તથી કોઇ જુગાર, વ્યભિચાર વિગેરે અસત્ક્રિયા કરે, તેમજ સંધ્યાપૂજન, વાંચન, શ્રવણ વિગેરે કોઇ સત્ક્રિયા કરે, એ સત્ અસત ક્રિયા કરવામાં જેમ દીપકની પ્રેરણા નથી, પણ બંને પ્રવૃત્તિઓમાં પોતાનો પ્રકાશ રહ્યો છે, પોતાના પ્રકાશના નિમિત્તે બંને પ્રવૃત્તિઓ થાય છે, તથાપિ જેમ દીપકને સાધ્યા નથી, તેમ તેનામાં કરવાપણું નથી, માત્ર પ્રકાશવાપણું જ છે, તેમ આ વિશ્વમાં હિંસા, ચોરી, વ્યભિચાર વિગેરે અસત્ક્રિયાઓ તથા દયા, ક્ષમા, બ્રહ્મચર્ય વિગેરે સત્ક્રિયાઓ જે જે કર્મ આવરણોથી વીંટાયલા દેહધારી જીવાત્માઓ કરે છે, તે સર્વ આત્માઓની શુભાશુભ ક્રિયાઓને દેહરહિત પરમાત્મા દીપકની માફક જાણે છે: પણ તે કરવા કે કરાવવામાં પરમાત્માની ઇચ્છા વા અનિચ્છા કે પ્રેરણા જેવું કાંઇ છેજ નહિ, તેથી પરમાત્માને કરવાપણું કે બંધાવાપણું યા જન્મ—મરણ ઉપાર્જવાપણું કાંઇ છેજ નહિ. માટે જૈનો પરમાત્માને જ્ઞાતા માને છે, પણ કર્તા માનતા નથી. કુંભાર ઘટ વિગેરે ઉત્પન્ન કરવાની તથા વિનાશ કરવાની ક્રિયા કરે, કડીઓ ઘર બાંધવાની તથા ભાંગવાની ક્રિયા કરે, એક રાજા રાજ્ય—ખટપટની ક્રિયા કરે, કર્મોવરણોથી મલીન થયેલ દેહધારી આત્મા સુખ—દુઃખ ઉત્પન્ન કરવાની, મેળવવાની, ભોગવવાની તથા આપવાની ક્રિયા કરે, હિંસા, દયા, ક્ષમા, ક્રોધ વિગેરેની પ્રવૃત્તિઓ કરે અને સર્વ કર્મબંધનથી તથા દેહથી મુક્ત થયેલ સચ્ચિદાનંદરૂપ પરમેશ્વર પણ તેવી ક્રિયા કરે, ત્યારે કુંભાર, કડીઓ,

રાજા, કર્મ સહિત દેહધારી જીવાત્મા અને પરમાત્મામાં ફેર શો ? પરમાત્મ-દશા પ્રાપ્ત થયા પછી પણ એની એજ માથાફોડ રહી. પરમાત્મદશામાં પણ જો આવી કડાકુટ હોય, તો તે પરમાત્મા કરતાં કુંભાર, કડીઓ વિગેરેના જન્મ શું ખરાબ છે? અને તેવા જન્મો છોડી પરમાત્મદશા મેળવવાથી શું વિશેષ છે! ઉલટી કુંભાર કડીઆની ખટપટ કરતાં અનંતગણી ખટપટ કરવી પડે. કેમકે કુંભાર, કડીઆને તો બે ચાર પદાર્થો ઉત્પન્ન કરવાની કે ભાંગવાની માથાકુટ હોય, જ્યારે પરમાત્માને તો આખા વિશ્વના અનંત પદાર્થો ઉત્પન્ન કરવાની અને ભાંગવાની માથાકુટ હોય છે. આવા અનેક કારણોથી ઈશ્વરનું કર્ત્તાપણું સિદ્ધ થતું નથી, જેથી જૈનોએ ઈશ્વરનું કર્ત્તાપણું માન્યું નથી. દશમાથી બારમા સૈકામાં જૈનોમાં **અભયદેવસૂરિ, જિનવલ્લભસૂરિ, જિનદત્તસૂરિ** તથા **હેમચંદ્રસૂરિજી** વિગેરે સમર્થ આચાર્યો હતા, તેમને 'ઈશ્વર કર્ત્તા છે' એમ સિદ્ધ કરવા તે સમયના શંકરાચાર્યજીએ કોઈ પણ સભા સમક્ષ મહેનત લીધી હોય, તેવો ઐતિહાસિક પુરાવો નથી. હા, શંકરાચાર્યજીએ પોતાના કરેલ પુસ્તકોમાં કદાચ તેવા પુરાવા આપ્યા હશે કે-' અમે જૈનોને આમ હઠાવ્યા, અમુક જૈનાચાર્યને અહીં હઠાવ્યા ને અમુકને ત્યાં હરાવ્યા, પણ એ તો એક શંકરાચાર્યજી ઉપર કયાં છે ? જૈન, બૌદ્ધ, સાંખ્ય, રામાનુજ વિગેરે દરેક મતાગ્રહી આચાર્યોએ પોતાની મહત્તા બતાવવા શાસ્ત્રો રચ્યાં છે, તેથી સત્ય શોધી શકવાનું મુશ્કેલ છે. પણ તે વખતમાં શંકરાચાર્યજીએ જૈનના કોઇ મહાન્ મહાત્મા સમક્ષ ઈશ્વરકર્તાની સિદ્ધતા કરવાનો પ્રયાસ કર્યો હોય તેમ જણાતું નથી. કદાચ કોઈ સામાન્ય બુદ્ધિશાળી જૈન સાધુ સાથે વાદ કરી તેને હઠાવી પોતાની બહાદુરી બતાવી હોય તો બનવા યોગ્ય છે, પણ મહાન્ આચાર્ય સમક્ષ ઈશ્વરકર્ત્તાની માન્યતા સિદ્ધ કરી નથી. તો પછી તેમ કર્યા વિના પાછળથી પોતાના પુસ્તકોમાં ' જૈનો ઈશ્વરને માનતા નથી, એ તો નાસ્તિક છે ' એમ બે ચાર ગાળો ચોપડાવી બહાદુરી બતાવવી વા રાજી થવું-એ તો નિર્બળતા બતાવવા જેવું થાય છે. ઈશ્વર કર્ત્તા હો વા ન હો, તેનું નિરાકરણ કરવાની અત્યારે જરૂર નથી, પણ અનાદિ કાલ કર્મ-આવરણોથી બંધાયેલ જીવ કર્મ-બંધનથી મુક્ત કેમ થાય ? તેની દેહાધ્યાસબુદ્ધિ કેમ ટળે ? કામ, ક્રોધ, મદ, મોહ, મત્સર વિગેરે દોષોનો નાશ કેમ થાય ? પરમાત્મપદની પ્રાપ્તિ કેમ થાય ? તે પ્રથમ જાણવાની જરૂર છે. વેદાંત ઈશ્વરને કર્ત્તા માને છે અને જૈન કર્મને કર્તા માને છે. બંનેનો આશય ઉંચો છે. અર્થાત્ ' **अहं ममेति बंधः** '

'હું અને મારૂં' એજ જીવાત્માને બંધન છે. તો ઈશ્વરને કર્ત્તા માનીને વા કર્મને કર્ત્તા માનીને હું પણું (અહંકાર) દોષ કહાડવાની જરૂર છે. અનંત કાલના અજ્ઞાનપણાને લઇ દેહાધ્યાસ બુદ્ધિથી દરેક પ્રક્રિયામાં 'હું આમ કરી શકું, આને મારી શકું ને આને જીવાડી શકું, આમ કરૂં ને તેમ કરૂં' એ અહંકાર દોષનો નાશ કરવા માટેજ ઇશ્વર વા કર્મને કર્ત્તા તરીકે માનનારાઓનો ઉદ્દેશ છે. તે ઉદ્દેશ તરફ ધ્યાન ન પહોંચાડતાં અર્થાત્ અહંકારાદિ દોષોનો નાશ કરતાં 'ઇશ્વર કર્ત્તા છે' તેજ વાત સાચી છે, વા 'કર્મ કર્ત્તા છે' તેજ વાત સાચી છે—એમ કદાગ્રહપણે માની વાદવિવાદ કરવામાં ઈર્ષ્યા તથા કલેશની વૃદ્ધિ કરવાનું થાય છે, અને અમૂલ્ય સમય નિરર્થક પ્રવૃત્તિઓમાં ફીફાં (ફોતરા) ખાંડવામાં વ્યર્થ ગુમાવવાનું થાય છે. આ કારણથી શ્રીમાન્ હેમચંદ્રાચાર્યજીએ વિચાર્યું કે—'જૈન જેવા પવિત્ર દર્શન પ્રત્યે શંકરાચાર્યજીની ખોટી ઉશ્કેરણીથી લોકોના હૃદયમાં આશંકા વા અરૂચિભાવ થાય, એ અન્યાય આપવા જેવું થાય છે.' જેથી પોતાના જ્ઞાન-ધ્યાનની પ્રવૃત્તિને ઘડીભર મંદ કરી સમાજની સેવા કરવી, એ પણ એક મહાન્ ધર્મ છે—એમ સમજી 'જૈનદર્શન સત્ય છે, તેને નાસ્તિક કહેનાર ભૂલ કરે છે' એમ દર્શાવવા, સત્યનો પ્રકાશ ફેલાવવા પોતાની જીંદગીનો ભોગ આપી જૈન-સમાજને ટકાવી રાખ્યો છે. જો તે સમયમાં હેમચંદ્રાચાર્યજી ન હોત, તો આજે **જૈનસમાજ** એવું નામ પણ ભાગ્યેજ હયાતી ધરાવત. તેમણે સમાજ-સેવાના મહત્કાર્યથી ઉત્કૃષ્ટ પુન્ય ઉપાર્જન કર્યું.

એક સમયે તપના બળથી દેવીનું આરાધન કરી દેવીની પ્રસન્નતા મેળવી પોતા કરતાં અધિક જ્ઞાની પાસે પૂછાવ્યું કે—'મારા તથા **કુમારપાલ**ના હજી કેટલા ભવ બાકી છે?' દેવીએ પરમજ્ઞાનીને પુછી ઉત્તરમાં શ્રીહેમચંદ્રાચાર્યજીને બતાવ્યું કે—" કુમારપાલના ત્રણ ભવ બાકી છે અને આપના પાંચ ભવ બાકી છે. કારણ કે કુમારપાલ કરતાં આપે જનસમાજની ઉન્નતિનાં ઘણાંજ મહત્કાર્યો કર્યાં છે. તેમજ હજુ પણ આપના હાથે સેવાનાં મહાન્ પુનિત કાર્યો થવાનાં છે. જેથી કુમારપાલ કરતાં આપના વધારે બે ભવની જનસમાજને આવશ્યકતા છે." આ સાંભળી શ્રીમાન્ હેમચંદ્રાચાર્યજી ઉલ્લાસમાં આવી દેવીને કહેવા લાગ્યા કે—'મારા નિમિત્તથી સત્ય તત્ત્વનો પ્રકાશ ફેલાતો હોય, કોઈ પણ જીવાત્મા સંસારના બંધનથી મુક્ત થઈ પરમાર્થ તત્ત્વને પામી શકતો હોય, સન્માર્ગ પ્રત્યે અન્યાય કરનારનો પરાસ્ત થતો હોય, જનસમાજના હૃદયની આંતરિક લાગણીઓ માયિક બંધનોથી છુટી પરમાત્મ-તત્ત્વ ભણી વળતી

હોય, કોઇનું પણ શ્રેય થતું હોય, સમાજ વા દેશની ઉન્નતિ થતી હોય, તો મારૂં ગમે તેમ થાઓ, ભલે મારા બે ચાર પાંચ ભવ વધે, પણ તેમ કરવા (જન-સમાજનું શ્રેય કરવા) હું પરમ પ્રસન્ન ચિત્તથી રાજી છું.' વાંચકવર્ગ! જુઓ, માનસિક કરૂણાનો અદ્‌ભૂત ચિતાર! ધન્ય છે આવા ભારતભૂમિના પુનિત સંતાનને! નમસ્કાર હો આવા આર્યદેશના કોહીનૂર હીરાને! કે જેના પવિત્ર ચરણન્યાસથી જ આ ભારતભૂમિ આર્યત્વના પુનિત નામને પામી છે.

માનસિક અનુકંપાનું બીજું ચિત્ર:—

દશમા સૈકામાં **શ્રીજિનવલ્લભસૂરિ** નામના સમર્થ તત્ત્વજ્ઞાની આચાર્ય મહાત્મા વિદ્યમાન હતા. તે સમયે ધર્મતત્ત્વની ઘણીજ ક્ષીણતા યાને મંદતા હતી. તેમાં પણ બીજા સમાજો કરતાં જૈનસમાજમાં વિશેષતાએ અવ્યવસ્થા હતી. તે સમયે જૈનમાં રોમપોપ ગુરૂઓની માફક યતિ (ગોરજી) પોપ ગુરૂઓની પ્રબળ સત્તા હતી. જૈન સમાજમાં પોપનુંજ સામ્રાજ્ય હતું. સાધુ આચારથી ભ્રષ્ટ થઇ ભોજશોખ માણતા વિષયોના ગુલામો બન્યા હતા. કંચન તથા કામિનીની મોહજાળમાં લુબ્ધ થયા હતા. પોતાના દોષ બતાવનાર તથા સામું કહેનારને અનેક કષ્ટો આપવા તૈયાર થતા. અર્થાત્ મારી નાંખવામાં પણ પાછા હઠતા ન હતા. ઉપધાન કરનારને પંદર રૂપીયા નાણુ (કર) ના ભરવા જોઇએ. ૨૮ લબ્ધિનો તપ કરે તો ગુરૂપૂજનના અમુક રૂા. આપવા. ક્ષીરસમુદ્રના સાત ઉપવાસ કરે તો પાંચ સાત રૂા. પોથીપૂજનમાં આપવા. માળા પહેરવવાના અમુક રૂા. દેરાસરખાતે તથા ગુરૂપૂજનમાં આપવા, અને વાસક્ષેપ (સુખડના ભુકાની ચપટી નખાવવો. અહીં કોઇ પ્રશ્ન કરશે કે—'**મહાવીર** ભગવાને **ગૌતમાદિ** અગીયાર ગણધરોને વાસક્ષેપ નાંખ્યાનો શાસ્ત્રમાં અધિકાર છે.' તો તેના ઉત્તરમાં જણાવવાનું કે—આજના પૈસાના પૂજારી ગુરૂઓની માફક મહાવીરે, વાસક્ષેપ નખાવનાર કોઇપણ ગૃહસ્થ પાસેથી પોથીપૂજન તથા ગુરૂ-પૂજનના ઓટાં બાના બતાવી પૈસા લીધાનો શાસ્ત્રમાં પાઠ છેજ નહિ. મહાવીર દેવે ત્યાગી સાધુઓને વાસક્ષેપ નાખ્યો હશે, પણ ગૃહસ્થને નાખ્યાનો પાઠ મારા જોવામાં આવ્યો નથી. છતાં કદાચ ગૃહસ્થને વાસક્ષેપ નાખ્યાનો અધિકાર હશે, તો પણ પૈસા મૂકાવી નાખ્યાનો અધિકારતો છેજ નહિ. ઉજમણું કરવામાં આટલા રૂા. ખરચવા, આરતિ તથા દીવો કરવાના, તેમજ પ્રભુની પૂજા કરવાના, સ્વપ્ના ઉતારવાના તથા પાલણ ઝુલાવવાના એ વિગેરે કાર્યોના લીલામી (ચડાવા) ધંધાઓમાં વધી બોલાવી તેના પૈસા દેરાસર ખાતે તથા જ્ઞાનખાને રૂા. આપવા, તથા ગોસાઇજીની માફક પોતાને ઘેર શ્રીપૂજ્યની

પધરામણી કરાવી ગુરૂપૂજનમાં અમુક રૂા. ધરવા, એક દેરાસરમાંથી ભગવાનની મૂર્ત્તિ બીજા દેરાસરમાં લઇ જવી હોય તો નકરો (ન કરો–એ શબ્દ પોતેજ સૂચવે છે કે જે પોતાના ઇષ્ટદેવ ભગવાનની મૂર્ત્તિ છે, તેને વેચવાનો અધમ ધંધો ન કરો, છતાં મતાગ્રહથી મોહાંધ થયેલા બિચારા જીવો સત્ય વાતને સમજી શકતા નથી) મૂકવાનું બાનું કહાડી પ્રભુની : પ્રતિમાઓના વેચાણ કરવાના ધંધાઓ કરવા, આઠ કે સોળ ઉપવાસ કરે તો સ્વામિવાત્સલ કરવું, તથા અમુક રૂા. (જેમ રેવન્યુ ખાતામાં નિયમિત ટેક્સ લેવાય છે તેમ) આપે તો અષ્ટપ્રકારી અને અમુક રૂા, આપે તો અગીયાર યા સત્તરપ્રકારી પૂજા ભણાવવાના, બારસો સૂત્ર (કલ્પસૂત્ર) ના ચડાવા કરવાના, કંચન–કામિનીથી રહિત નિર્ગ્રંથ ગુરૂ કહેવાય છતાં તેની પાસે રૂા. મૂકી વાસક્ષેપ નખાવવાના એ વિગેરેની શાસ્ત્રવિરૂદ્ધ અસત્ય પ્રવૃત્તિઓ ચલાવી જૈન માર્ગની છિન્ન ભિન્નતા કરી નાખી હતી. જે પ્રવૃત્તિઓ માટે ઉપાધ્યાય મહારાજશ્રી **યશોવિજયજી** પણ કહી ગયા છે કે:—

" કામકુંભાદિક અધિકનું, ધર્મનું કો નવિ મૂલ્ય રે;
દોકડે કુગુરૂ તે દાખવે, શું થયું એ જગશૂળ રે."

કામ, ક્રોધ, મોહ, મદ, દ્વેષ, રાગ, મિથ્યાત્વ, અજ્ઞાન, કષાય, વિષય, મમતા, માયા તથા આશા–તૃષ્ણાદિક દોષોનો નાશ કરવાથી અને દયા, શાંતિ, સમતા, ક્ષમા, સત્ય, ભક્તિ, વૈરાગ્ય, પરોપકાર, વિશુદ્ધિ, દૃઢતા, ગંભીરતા, ઐક્યતા, અભિન્નતા, ધૈર્ય, સહિષ્ણુતા, ત્યાગ, નિર્મોહતા, નિઃસંગતા, નિર્ભયતા વિગેરે ઉત્તમ આત્મિક ગુણોને પ્રગટ કરવાથી જ જે અમૂલ્ય ધર્મની પ્રાપ્તિ થાય, તેવા કામકુંભ તથા રત્નચિંતામણિ કરતાં પણ અનંત દરજ્જે અધિક પવિત્ર ધર્મને કુગુરૂઓએ દોકડે વેચી દીધો. અર્થાત્ ભાવના વિશુદ્ધ ધર્મ તે પૈસાથી ધર્મ થાય, એવી માન્યતા કરાવી લોકોના હૃદયમાં ઉંધો માર્ગ ઠસાવી દીધો, તેથી આ જગત્માં કેવું શૂળ ઉત્પન્ન કર્યું ? અર્થાત્ સત્ય માર્ગ ન બતાવતાં પૈસાથી જ ધર્મ બતાવ્યો. જો લોકોને ઉપરોક્ત કહેલ દોષોનો નાશ કરવામાં તથા સદ્ગુણોની વૃદ્ધિ કરવામાં જ ધર્મ છે–એમ બતાવ્યું હોત, તો જૈન વા અન્ય સમાજમાં જે કલેશ કુસંપ વધી પડ્યો છે, અનીતિ કે અસત્યથી પૈસા કમાવવાના પ્રપંચો વધી પડ્યા છે, તે અધમ દોષો જનસમાજમાં વધવા પામત નહિ પણ–' તમો અમુક તપ વા અમુક ક્રિયા કરી આટલા પૈસા દેવ–ગુરૂના નામે ખરચો, એટલે તમારૂં કલ્યાણ થશે.' આવા અણસમજભર્યા બોધથી લોકો અનીતિના માર્ગે ચડી ગયા. અર્થાત્ કુડકપટ, છળપ્રપંચ કરી, અનીતિ કે અ-

સત્યથી પૈસા કમાઇ વરઘોડા તથા ઉજમણું કરવામાં વા **શત્રુંજય, ગિરનાર** કે કાશી–મથુરાની યાત્રા કરવા તથા સંઘો કહાડવામાં તેમજ જૈન કે રામ–કૃષ્ણના મંદિરો બંધાવવા વિગેરેના કોઇ પણ ધર્મના નામે થતા કાર્યોમાં સેંકડો કે હજારો રૂપીયા ખરચવામાં 'ધર્મ થયો વા કલ્યાણ થયું' એમ માની બેઠા છે. જેઓ બિચારા ધર્મ થયાનું વા કલ્યાણ થયાનું માની અનંત સંસારની વૃદ્ધિ કરે તેવી સ્થિતિમાં જ અમૂલ્ય મનુષ્યજીવનનો વૃથા વ્યય કરતા ગયા છે. હમણાં પણ ઉપધાન, વરઘોડા વિગેરેના ચડાવા તથા બીજી ઘણીખરી પ્રવૃત્તિઓ તેવા સન્માર્ગભ્રષ્ટ કુગુરૂઓએ પ્રવર્તાવેલી. પૈસાના વેચાણથી જ ધર્મક્રિયાઓના નામે પ્રવૃત્તિઓ થતી જણાય છે. એક દિવસે ઉપવાસ કરવો અને એક દિવસે ઉંચામાં ઉંચો સ્વાદિષ્ટ ખોરાક ખાઇ ઉપધાન કરવાનું મહાન્ સૂત્રોમાં છે નહિ. ધર્માચાર્યોના નામે યતિઓના રચેલા ગ્રંથોમાં તે વાત હશે. અથવા તો જે સૂત્ર (મહાનિશીથ વિગેરે) ને જુદા જુદા ગચ્છના આચાર્યોએ પોતે છિન્નભિન્ન કરી તેમાં પોતાનું ઉમેરી દીધું હશે, તેવા સૂત્રોના દાખલા હશે. સૂત્રોમાં કદાચ ઉપધાન શબ્દ હશે, પણ પૈસા ઉત્પન્ન થવાના ધંધા ચલાવવા જેવી પ્રવૃત્તિ તો છેજ નહિ. દાન આપવામાં તો કદાચ પૈસાની જરૂર પડે, પણ તપ, શીલ કે ભાવનામાં પણ પૈસાથી જ ધર્મ સમજાવી દીધો છે. તેમાં પણ જેની જેટલી ભાવના થાય, તેટલા પૈસા ખરચવાનું ભાગ્યેજ બને, એ તો પોપગુરૂઓએ તથા તેના ધર્માંધ ભક્તોએ 'અમુક તપમાં આટલા રૂા. અને અમુક પૂજામાં આટલા રૂા. આપવા' એવો જે જે કાયદો બાંધ્યો હોય, તેજ પ્રમાણે આપે ત્યારે ચાલે, નહિં તો તેને નાતજાતના કોઇ પ્રસંગને લઇ તે બિચારાને અટકાવી હેરાન કરે. આ સંબંધમાં હજારો દાખલા તથા પુરાવા મારી પાસે મોજુદ છે. અમુક પન્યાસે ઉપધાનમાં અટકાવેલ છે, અમુક ગામના નામધારી સંઘે નવકારશી તથા પૂજા અટકાવી છે, અમુક પન્યાસ તથા સાધુએ પોતાની ઇચ્છા મુજબ ન થવાથી તથા ઇચ્છા મુજબ કર ન ભરવાથી તેની ધર્મક્રિયા અટકાવી છે. એવા અનેક દાખલાઓ તથા પુરાવા મોજુદ છે. ધર્મક્રિયા તો વેચાણથી પૈસાના ગુલામીપણાને પામી. પરંતુ આચાર્ય, ઉપાધ્યાય કે પન્યાસની પદવીઓ પણ ગુલામીપણાને પામ્યાના દાખલા મોજુદ છે. પૈસાથી જ જ્યારે પદવીઓ અપાય, ત્યારે તે પૈસાના ગુલામ બનેલા પદવીધરો સમાજનું સત્યાનાશ વાળે તેમાં શું નવાઇ ? અમુક સાધુએ બીજાને પન્યાસપદવી આપવા માટે રૂા. દશહજારની માગણી (જ્ઞાનભંડારમાં લેવા માટે) કરી હતી. પન્યાસપદવી લેનારે રૂા. સાતહજાર આપવા કહ્યું. જ્યારે સાટું બેસતું ન

આવ્યું, ત્યારે પન્યાસપદવી અટકી પડી. કહો! બે લાખ કે પાંચ પચીશ લાખ રૂા. આપી જે. પી. વા સરનાઇટ થનારામાં ને પૈસાથી પદવી વેચાતી લેનાર પન્યાસમાં શું ફેર? અરે! જે. પી. ને સરનાઇટ કરતાં પણ હલકા! કેમકે જે. પી. ને સરનાઇટની પદવી લાખો રૂા. ના ખરચથી મળે છે, જ્યારે પન્યાસપદવી વા આચાર્યપદવી પાંચ–સાતહજાર રૂા. આપવાથી, ૧૦૦–૨૦૦ પ્રતો લખાવી આપવાથી તથા એક બે ચેલા કરી આપવાથી જ મળે છે. આવા અનેક દાખલા બન્યા છે અને બને છે. જેથી જ ઉપાધ્યાય મહારાજે જણાવ્યું છે કે—"દેકડે કુગુરૂ તે દાખવે, શું થયું એ જનશળ રે." આવા પોપ–સામ્રાજ્યના સમયમાં જૈનશાસનની, સમાજ અને દેશની અધોગતિ થાય છે. એમ જાણી શાસન તથા સમાજની ઉન્નતિને માટે શ્રીમાન્ **જિનવલ્લભસૂરિએ** સન્માર્ગનું સ્વરૂપ શું? ત્યાગી મહાત્માઓનું જીવન કેવું હોવું જોઇએ? સાધુ મહાત્માઓનું કર્ત્તવ્ય શું? શ્રાવકની દશા કેવી અને તેનું કર્ત્તવ્ય શું? જીવનું કલ્યાણ કેમ થાય? એ વિગેરે સત્ય તત્ત્વો દર્શાવવા **સંઘપટ્ટક** નામના ગ્રંથને રચ્યો છે. પણ શું કરે? પોપગુરૂઓની પ્રબળ રાજસત્તામાં કોની પાસે કહે? જે કહેવા જાય, તો પોપગુરૂઓ તથા તેમના ધર્માંધ ભક્તો તેમને નાતબહાર કે સંઘબહારનો ભય બતાવી તેમને હેરાન કરે અને છેવટે મારી પણ નાંખે. પણ જેના અંતરમાં સમાજના શ્રેયની સાચી દાઝ ઉદ્‌ભવી છે, તેને કોઇ પણ જાતનો ભય હોયજ શાનો? તે મહાત્મા તો જગતના બધા ભયો તથા સંકટોની દરકાર કરેજ નહિ. અરે! સમાજસેવા પાસે પોતાના દેહને પણ તૃણવત્ માની પોતાનું ખરૂં કર્ત્તવ્ય બજાવવામાં પાછા હઠતાજ નથી. શ્રીમાન્ જિનવલ્લભસૂરિજીએ કોઇ મહોત્સવનો મોટો પ્રસંગ મેળવી જે પ્રસંગે ઘણા સાધુ (પોપ ગુરૂ) ઓને તથા મોટા મોટા કહેવાતા શ્રાવકોને ભેગા કરી સંઘપટ્ટક નામનો ગ્રંથ વાંચવાનો પ્રયત્ન કર્યો. તેની સાથે એક એવો પણ સંકલ્પ કર્યો કે—'આ ગ્રંથ વાંચી સંભળાવવાથી ઘણા પોપ ગુરૂઓ ચીડાઇ મને ધર્માંધ ભકતો પાસે ઝેર અપાવી વા બીજે રસ્તેથી પણ મરાવી નાખશે'—એમ દૃઢ પ્રતીતિ હતી. 'પાપીઓના હાથે મરવા કરતાં પોતાનાજ હાથે મરવું—એ ઉત્તમ છે.' એમ જાણી પોતાના પેટમાં કટારી મારી આંતરડા અંતરમાં દાબી પેટે મજબુત વસ્ત્રનો બંધ બાંધી ભર સભા સમક્ષ પોતે ગ્રંથ વાંચી સંભળાવ્યો, વાંચી સંભળાવ્યા બાદ તરતજ વસ્ત્રનો બંધ છોડી નાખી કટારી પેટમાંથી બહાર ખેંચતાં તરત મરણ પામ્યા. અહા! ધન્ય છે ધન્ય છે એ મહાત્માના આત્મબળને! ધન્ય છે તેમના આત્મભોગને! ધન્ય છે તેમની જાહેર હિંમતને!

નમસ્કાર છે તેમની સાથી સેવાને ! હાલમાં કેટલાક દેશનાયકો કહે છે કે—' એક નરરત્નનો ભોગ આપ્યા વિના સમાજ વા દેશનો ઉદ્ધાર થતોજ નથી. ' એ વાત સર્વાંશે સત્ય ઠરે છે. સત્ય તત્ત્વના પ્રકાશરૂપ સંઘપટ્ટક ગ્રંથ સાંભળવાથી તથા આ મહાન્ નરરત્ન યોગી મહાત્માના આવા અસહ્ય દુઃખદાયક મરણથી તે સભામાંના ઘણા ખરાને પોપગુરૂઓની પાપી પ્રવૃત્તિઓ સમજાઇ ગઇ. અને સન્માર્ગ સન્મુખ થવામાં હજારો મનુષ્યાત્માઓ તૈયાર થયા. પોપગુરૂઓના પાપથી કચરાતો સમાજ બચ્યો. પોપગુરૂઓનો લીલા પ્રગટ થઇ, સાચું શું છે ? તે જોતાં લોકો શીખ્યા, આનું નામ તે માનસિક અનુકંપાદાન ! તેવીજ રીતે પોતાની શક્તિ પ્રમાણે પૈસાનો ભોગ આપીને પણ દુઃખી આત્માને દુઃખમુક્ત કરવો—જેને આર્થિક અનુકંપા કહે છે.

એક રાજા ઘોડા ઉપર બેસી વનમાં ફરવા ગયો હતો. ફરવાના પરિશ્રમથી થાકેલો રાજા વિશ્રાંતિ લેવા માટે એક ઝાડના થડમાં ઘોડાને બાંધી પોતે શીતળ છાયામાં બેઠો બેઠો કુદરતી રચનાનું નિરીક્ષણ કરતો હતો. તેવામાં એક હરણ કે જેની પાછળ શિકારી ધનુષ્યપર બાણ ચડાવી શિકાર કરવા ત્વરાથી દોડતો આવતો હતો. અને તે બાણથી હરણને મારી નાખવાની તૈયારીમાં હતો. તેવામાં રાજાની કરૂણામય સૌમ્ય દૃષ્ટિ જોઇ પોતાના જીવનનો બચાવ કરવા માટે વેગથી દોડી પારધીના ત્રાસથી ભયભીત થયેલું, કંપતું, ધ્રુજતું અને ત્રાસ પામતું તે હરણ શરણ લેવા રાજાના ચરણમાં પડયું. પોતાની અવ્યક્ત લાગણીથી પોતાનો બચાવ કરવા રાજાને દીનતા જણાવી. એટલે રાજા હરણને સાંત્વન આપી નિર્ભય થવા સૂચવતો હતો, તેવામાં પારધી ત્યાં આવી પહોંચ્યો. રાજાના ચરણમાં પોતાના શિકારને જોઇ શિકારીએ રાજાને કહ્યું કે—' મહારાજન્! તે હરણ તમારી માલેકીનું નથી, પણ વનમાં ફરતું વિના માલેકીનું છે. બે દિવસ થયાં હું તથા મારૂં કુટુંબ ક્ષુધાથી પીડાય છે, જેથી ક્ષુધાનું દુઃખ ટાળવા ધનુષ્યબાણ લઇને હું શિકાર અર્થે નીકળ્યો. આ હરણ મારી દૃષ્ટિએ પડવાથી હું તેની પાછળ પડ્યો. અત્યારે સાત આઠ કલાક થયા રખડી રખડી ક્ષુધા તથા રખડપટીના દુઃખથી હું મરણતુલ્ય થઈ ગયો છું. માટે કૃપા કરી એ હરણ મને સોંપી દો, કે જેના ભક્ષણથી મારી તથા મારા કુટુંબની બે દિવસની જઠર (ક્ષુધા) શાંત કરૂં. અને સાત આઠ કલાક રખડવાની મહેનતને પણ સફલ કરૂં.'

આ પ્રમાણે શિકારીનું બોલવું સાંભળીને રાજા બોલ્યો કે—' હે પારધિ! મારે શરણે આવેલ પ્રાણીનું પ્રાણાંતે પણ રક્ષણ કરવું એ મારો ધર્મ છે.

માટે મારા ધર્મને કલંકિત કરી હું તને એ હરણ આપી શકું તેમ નથી.' રાજાની દયાની લાગણી જોઇ પારધી વિચારમાં પડ્યો અને છેવટે રાજાને કહ્યું કે—'રાજન્! એક હરણના રક્ષણની ખાતર એક મનુષ્ય તથા તેના આખા કુટુંબને ભૂખે મરવા દેવું—એ કેવી દયા? હું આખો દિવસ રખડી મહેનત લઈ થાકી ગયો છું, જેથી એ હરણ ઉપર તમારો બિલકુલ હક્ક નથી, પણ મારો હક્ક છે. માટે હરણ મને સોંપી દે, નહિં તો તારા દેખતાં આ ધનુષ્ય ઉપર ચડાવેલ બાણથી જ એ હરણને હું વીંધી નાખીશ.' એ રીતે પારધીનું કથન સાંભળી રાજા ગંભીર વિચારમાં પડી ગયો. હવે શું કરવું? તે ન સૂઝવાથી ઘડીભર તે મુંઝાઇ ગયો. જો કે રાજાની પાસે શસ્ત્રો તૈયાર હતાં, અને તેથી હરિણનો બચાવ કરવા ધારે તો શસ્ત્રના પ્રહારથી શિકારીને મારી હરિણને બચાવી શકે તેમ હતું; પણ રાજાના હૃદયમાં કુલાચારની કે કલ્પનાજન્ય દયાભાવના ન હતી, પરંતુ સાચી દયાભાવના હતી. જેથી રાજાને વિચાર થયો કે—'મારનારને મારી મરનારનો બચાવ કરવો—એ ખરી દયા નથી. મારનારની પણ દયા લાવી મરનારને બચાવવું—એજ સાચી દયા છે.' એમ ધારી હરિણને ન મારવા પારધીને વિવિધ પ્રકારે બોધ આપીને રાજાએ સમજાવ્યો. 'આ બિચારા પામર જીવને મારવાથી—નિરપરાધીનો વધ કરવાથી પરમાત્મા નારાજ થશે અને તને મહા પાપ લાગશે. અન્ય જીવને મારી પોતાના જીવનનું પોષણ કરવા કરતાં અન્નાહાર વા વનસ્પતિના ખોરાકથી જીવનનું પોષણ કરવું—તે સર્વોત્તમ છે.' એ રીતે બહુ પ્રકારે સમજાવ્યા છતાં ક્ષુધાથી વ્યાકુળ થયેલ અને જીંદગીભર હિંસાના કૃત્યોથી નિષ્ઠુર બનેલ પારધીને રાજાના સદ્‌બોધની અસર થાયજ ક્યાંથી? છેવટે રાજાએ પારધીને કહ્યું કે—'જો તું આજીવિકાના અર્થે જ આ બિચારા નિરપરાધી જીવનો ઘાત કરતો હોય, તો આજથી તેવું અધમ કૃત્ય તજી દે અને મારી સાથે મારા નગરમાં ચાલ. હું જીંદગીભર તારા કુટુંબનું પોષણ થાય તેટલું અનાજ અને દ્રવ્ય તને આપીશ.' છતાં તે પાપાત્માને રાજાના વચન ઉપર વિશ્વાસ જ કેમ આવે? અવિશ્વાસી તે પારધીનું મન પાપી હતું. જેથી તેણે રાજાને કહ્યું કે—'તું મને તારા નગરમાં લઇ જઇ કદાચ મારી નાખે, વા કેદ કરે અથવા ત્યાંથી ધક્કા મારી કહાડી મુકે તો મારો ત્યાં શું ઉપાય ચાલે? એવી મારા મનમાં શંકા રહ્યા કરે છે, જેથી હું તારી સાથે ત્યાં આવી શકું તેમ નથી.' પારધીની શંકાજન્ય વાત સાંભળી રાજાએ કહ્યું કે—'મારી સાથે આવતાં તને શંકા આવતી હોય, તો આ મારા શરીર ઉપર હીરા, માણેક મોતી જડિત લાખો રૂા. ના હાર, કુંડલ,

મુગટ તથા બાજુબંધ વિગેરે આભૂષણો છે, તે લઈને પણ આ હરણને છોડી દે.' 'રાજાની પાસેથી લાખો રૂા. ના દાગીના મળે છે' એમ ધારી પેલા પારધીનું મન લલચાયું; પણ ક્ષુધાથી તે એટલો બધો પીડિત થઈ ગયો હતો કે, તે દાગીના ઉપાડીને એક ડગલું ભરી શકે, તેટલી પણ તેનામાં શક્તિ ન હતી. જેથી તેણે રાજાને કહ્યું કે–' હે રાજન્! આપ લાખો રૂા. ના દાગીના આપી મને તથા મારા કુટુંબને જીંદગીભરના દારિદ્રદુઃખથી મુક્ત કરવા તૈયાર થયા છો, તથા હિંસાના પાપકૃત્યથી પણ મુક્ત કરો છો, તેથી હું આપનો પરમ ઉપકાર અને આભાર માનું છું. પરંતુ બે દિવસની ક્ષુધા તથા આખા દિવસના પરિભ્રમણથી હું એટલો બધો થાકી ગયો છું કે ભાર વિના પણ ખાલી એક ડગલું ભરવાની મારામાં તાકાત રહી નથી. તો પછી આ લાખો રૂા. ના દાગીનાના ભારને ઉપાડીને હું શી રીતે ચાલી શકું? તો એક હરણના રક્ષણ માટે જેમ લાખોના દાગીના આપવાને આપ તૈયાર થયા, તેવી રીતે મારા રક્ષણની ખાતર આપનો ઘોડો આપવાની મહેરબાની કરો. એટલે આપનો અનંતગણો ઉપકાર માની અશ્વારૂઢ થઈ સુખેથી હું મારે ધામ પહોંચી શકું. અને આ જન્મપર્યંત કોઈ પણ પ્રાણિવધ કરવાની પાપી પ્રવૃત્તિનો ત્યાગ કરી દઉં.' એ પ્રમાણે પારધીની દીન વાણી સાંભળતાં રાજાએ હર્ષપૂર્વક પોતાનો કીંમતી અશ્વ તે પારધીને આપી દીધો. એક હરણ જેવા પશુના રક્ષણની ખાતર જે રાજાએ લાખોના દાગીનાની દરકાર ન કરી, તો પેલા પારધીના બચાવ માટે કીંમતી અશ્વ આપવામાં તેને શું કઠિન હતું? કંઈજ નહિ. મારનારની દયા લાવી મરનારને બચાવવો–એજ સાચી દયા છે. અને તેનું નામ અરૂ અનુકંપાદાન છે. પૈસાની ખાતર પ્રાણી પ્રત્યે દયાની લાગણી મંદ રહે, તો તેનું નામ સાચી દયા વા અનુકંપા નથી. પ્રાણી પ્રત્યેની દયાની લાગણીની ખાતર લાખો કે કરોડો રૂા. ને તૃણવત્ માને છે, પૈસાની ખાતર પ્રાણીને જતો કરતો નથી, પણ પ્રાણીની ખાતર લાખો રૂા. વા સમૃદ્ધિને પણ જતી કરે છે, તેજ સાચી દયા છે, અને તેનું નામજ આર્થિક અનુકંપાદાન છે. લેખ બહુ વિસ્તારને પામ્યો છે, પણ વાંચકવર્ગને સુગમતાથી તથા સ્પષ્ટતાથી સમજાય, એવા હેતુથી અનુકંપાના ત્રણે ભેદ ઉપર દૃષ્ટાંતો આપી લેખને વિસ્તારથી લખવાની આવશ્યકતા જણાઈ છે.

શારીરિક અનુકંપાદાન, માનસિક તથા આર્થિક અનુકંપાદાન–આ ત્રણે પ્રકારો મહાન્ યોગી પવિત્ર જ્ઞાની અને જૈન તથા વેદાંતના સાધુ મહર્ષિના

નમુનારૂપ મહાત્મા ગાંધીજીના અંતઃકરણમાં પરિપૂર્ણતાએ પ્રાપ્ત થયા છે. એમ મારા પોતાના જાતિઅનુભવથી અને પ્રત્યક્ષ પરિચયથી કહી શકું છું. આગળ જણાવ્યા પ્રમાણે અતિસાર (ઝાડા) ના દર્દીને પોતાના હાથે સાફ કરી શારીરિક અનુકંપા સિદ્ધ કરી છે. માત્ર દુઃખીને જોઇ ' અરેરે ! આ બિચારો દુઃખી થાય છે ' એમ અરેરાટનાં રોદણાં રોઈ ચાલ્યા ગયા ન હતા. પણ તેનાં શરીર તથા ખરાબ વસ્ત્રોને સાફ કરી શારીરિક અનુકંપાદાનની સિદ્ધતા કરી બતાવી છે. લાખો અને કરોડો મનુષ્યો, તથા ગાય, ભેંસ, બકરાં વિગેરે પશુઓ અને સમસ્ત દેશનું હિત કેમ થાય–એ વિચારમાં તથા દેશનું શ્રેય થાય તેમ વર્તવામાં પૂર્વાશ્રમના ૨૦–૨૫ વર્ષો બાદ કરતાં આખું જીવન વ્યતીત કર્યું છે. જનસમાજનું શ્રેય–એજ જેમનું જીવન છે. એ ઉપરથી માનસિક અનુકંપાદાનની પણ સિદ્ધતા થાય છે. જેને લાખો રૂા. ની વાર્ષિક ઉપજ હતી, અને ધારાશાસ્ત્રીઓની માન્યતા પ્રમાણે મહાત્મા ગાંધીજી હિંદુસ્તાનમાં આવ્યા ત્યારે જો આફ્રિકામાં પોતાનો બૅરીસ્ટરનો ધંધો ચલાવ્યો હોત, તો વીશ પચીશ લાખ રૂા. ની મુડી લઇને જ હિંદુસ્તાનના બંદરે ઉતરત, છતાં તેટલી કમાણી અને મુડીને તૃણવત્ ગણી પોતાની જીંદગી દીન–દુઃખી તથા દેશની સેવા માટે વ્યતીત કરી છે. જે વયમાં અનેક વાસનાઓની જાગ્રતી થાય, તેજ વય દેશસેવા માટે વ્યતીત કરી છે. તન, મન, ધન અને જીવનનો સર્વ ભોગ જનસમાજના હિતને અર્થે આપ્યો છે. જેથી આર્થિક અનુકંપાદાન પણ પૂર્ણ રીતે સિદ્ધ થાય છે એમ નિઃશંકપણે હું કહી શકું છું.

(૪) અભયદાનઃ—

" जीवानां रक्षणं श्रेष्ठं, जीवा जीवितकांक्षिणः ।
तस्मात्सर्वदानेभ्यो–ऽभयदानं प्रशस्यते " ॥

દરેક જીવાત્મા પોતાના જીવનની અને સુખની ઇચ્છા કરે છે. જેથી જીવોનું રક્ષણ કરવું. ભય અને દુઃખથી જીવોને મુક્ત કરવા–તે શ્રેષ્ઠ છે. ભય એટલે ત્રાસ અને દુઃખ, અશાંતિ, ક્લામણા વિગેરેથી મુક્ત કરવા–તેને **અભયદાન** કહે છે. મહાત્મા તુલસીદાસજી કહી ગયા છે કે—

" दया धर्मको मूल है, पाप मूल अभिमान. "

ધર્મનું મૂળ દયા છે. ત્રાસથી દુઃખી થતા જીવાત્માને ભયમુક્ત કરવાથી દીર્ઘાયુ, સૌંદર્ય, આરોગ્યતા, ગંભીરતા વિગેરે ઉત્તમ ગુણોની પ્રાપ્તિ થાય છે. નીતિશાસ્ત્રકાર પણ કહે છે કે—

" त्यजेद्धर्मं दयाहीनं क्रियाहीनं गुरूं त्यजेत् "

ક્રિયા એટલે સદાચાર–સચ્ચારિત્ર–તે વિનાનો ગુરૂ ત્યાગવા યોગ્ય છે, તેમ દયાવિહીન ધર્મ પણ ત્યાગવા યોગ્ય છે. જે ધર્મમાં વા ધર્મના નામે કષાય કે કલેશની વૃદ્ધિ થતી હોય, બીજા જીવોને ત્રાસ થતો હોય, જીવાત્માઓના સુખ તથા શાંતિનો લય થતો હોય, જીવોને રીબાવવાનું કે દુઃખી થવાનું થતું હોય– તે ધર્મ નથી, પણ અધર્મ છે, માટે તે ત્યાગવા યોગ્ય છે.

કોઇ પણ જીવને દુઃખ આપનાર, પોતાના સ્વાર્થને માટે બીજાનું અશ્રેય કરનાર, બીજાને ત્રાસ આપનાર, તેનો ઘાત કરનાર–એવા મનુષ્યાત્માનું હૃદય નિષ્ઠુર–કઠોર હોય છે. તેવા પાપી હૃદયોને સદ્‌બોધ કે સદ્‌જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. તે પરમાત્મપદને પામી શકતો નથી. પરંતુ જે આત્મા બીજાને દુઃખ-મુક્ત કરવા પોતાના તન, મન, ધન સર્વસ્વનો ભોગ આપી તેને સુખી કરે છે, તે આત્માનું હૃદય કોમળ હોય છે, જેથી તે સદ્‌બોધ કે સદ્‌જ્ઞાનને પામી શકે છે. એક મહાત્માએ પણ કહ્યું છે કે—

" परप्राणैर्निजप्राणान् सर्वे रक्षंति जंतवः ।
निजप्राणैः परप्राणान् यो रक्षति स उत्तमः " ॥

પારકા જીવોને દુઃખ આપી, કષ્ટ તથા સંકટમાં નાંખી, તેને મારી કુટી ઘાત કરી, બીજાના પ્રાણોનો સંહાર કરી પોતાનું રક્ષણ કરનારા તો અનંત જીવો આ વિશ્વમાં ભર્યા છે, પણ પોતાના પ્રાણવડે પારકાનું રક્ષણ કરનાર જગતમાં કોઇ વિરલાજ છે, અને તેજ ઉત્તમ નર કહેવાય છે. દયા વિના દાન, ભિક્ષા, સંધ્યા, પૂજન, સામાયિક, વ્રત, ધ્યાન, તપ, જપ, એ બધાં જલતરંગ-વત્ (નિષ્ફળ) કહ્યાં છે. વેદાંત શાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

" यो दध्यात्कांचनं मेरुं कृत्स्नां चैव वसुंधराम् ।
एकस्य जीवितं दध्यात् न च तुल्यं युधिष्ठिर ! " ॥

"હે યુધિષ્ઠિર! એક જીવાત્મા સુવર્ણનો મેરૂ વા સમસ્ત પૃથ્વીનું દાન આપે અને અન્ય જીવાત્મા એક જીવને અભય (જીવિત) દાન આપે, તો તે સુ-વર્ણ તથા પૃથ્વીના દાન કરતાં અધિક છે. અભયદ્વાન–એ ધર્મનું મૂળ વા બીજ છે. બીજ વિના ફળની પ્રાપ્તિ અને મૂળ વિના વૃક્ષની પ્રાપ્તિ હોતી નથી, તેમ અભય (દયા) વિના ધર્મની પ્રાપ્તિ પણ થતી નથી. ધર્મ કરનાર મનુષ્ય જો

દયાહીન બને, તો તેના હૃદયમાંથી ધર્મભાવનાનો લોપ થાય છે. એક ગ્રંથમાં કહ્યું છે કે—

"कृपानदीमहातीरे सर्वे धर्मास्तृणांकुराः ।
तस्यां शोषमुपेतायां कियन्नंदंति ते चिरम्" ॥

જ્યાંસુધી નદીમાં જળનો પ્રવાહ વહેતો હોય છે, ત્યાંસુધી નદીના તટ (કાંઠા) ઉપર વિવિધ જાતના તૃણાંકુરો લીલા નવપલ્લવિત હોય છે, નદીમાં વહેતા જળનો અભાવ થવાથી તટ ઉપરના નવપલ્લવિત તૃણાંકુરો શુષ્કતાને પામી બળી જાય છે, તેમ મનુષ્યાત્માની હૃદયરૂપ નદીમાં કૃપા (દયા) રૂપ જળનો પ્રવાહ વહન થતો હોય, ત્યાંસુધી જ તેના અંતઃકરણરૂપ તટપર વિવિધ જાતની સદ્‌ભાવના તથા સદ્‌ગુણોરૂપ ધર્માંકુરો પ્રફુલ્લિત હોય છે, અર્થાત્ ટકી શકે છે. પણ જ્યારે તેના હૃદયમાંથી દયારૂપ નીર નાશ પામે છે, ત્યારે તેવા નિર્દય હૃદયમાં ધર્મભાવનાનો નાશ થઇ કલેશ કષાયરૂપ અધર્મ–ભાવના ઉત્પન્ન થાય છે. આ પ્રકારે ધર્મશાસ્ત્રોમાં પૂર્વાચાર્યોએ અનેક પ્રકારના દાખલા દલીલો આપી શાસ્ત્રોમાં અભયદાનની વ્યાખ્યા કરી બતાવી છે. પણ શાસ્ત્રની વ્યાખ્યાને શબ્દાર્થથી વા મંદબુદ્ધિથી ઉકેલતાં અર્થનો અનર્થ થઇ જાય છે. અને શાસ્ત્રના આશયને સમજ્યા વિના પ્રતિપાદન કરેલ વિષયની અપૂર્વતા વા મહત્તા સમજાતી નથી. દુનિયાદારીના સામાન્ય વ્યવહારોની પ્રવૃત્તિઓમાં પણ કોઇ વાતના ભાવાર્થને તથા તેમાં રહેલા રહસ્યને સમજ્યા વિના માત્ર શબ્દાર્થથી તેને સમજવા જતાં અર્થનો અનર્થ થવા પામે છે.

એક શેઠને ત્યાં બુદ્ધિહીન જડ નોકર રહ્યો હતો. એક વખતે સાંજના શેઠજીએ જમી પોતાના મૂર્ખ નોકરને કહ્યું કે—'રાત પડવા આવી છે, અને તે અંધારી છે, તેમ મારે ફરવા જવાનું છે, માટે ફાનસ સાફ કરી તેને સળગાવી લાવ.' અક્કલહીન નોકરે રૂપેરી કમાનવાળા બે ચાર રૂા. ની કીંમતના ફાનસને રાખથી ઉટકી (માંજી) સાફ કરી ચુલામાં ભડકો બળતો હતો, તેમાં લઇને મૂકી દીધું. અને 'સળગી (બળી) રહે એટલે શેઠ પાસે લઈ જાઉં,' એમ મનમાં વિચાર કરી પા કલાક બેસી રહ્યો. ફાનસ આવ્યું નહિ, એટલે શેઠે મૂર્ખ નોકરને હાંક મારી કહ્યું—'અલ્યા! મારે મોડું થાય છે, માટે જલદી ફાનસને સળગાવી લાવ. આટલી બધી વાર કેમ થઈ? તને સળગાવતાં આવડે છે કે નહિ?' નોકરે કહ્યું—'સાહેબ! ફાનસ સળગાવતાં કેમ ન આવડે? હમણા સળગાવી લાવું છું. ફાનસ સળગાવવામાં શું મોટી વાત કે કળા હતી?

કમાનો સળગી ગઈ છે, અને હવે કાચ સળગવો બાકી રહ્યો છે, તે સળગી જાય એટલે તરત લાવી આપની પાસે હાજર કરું. ' પોતાના નોકરની આવી અનર્થકારક પ્રવૃત્તિ જોઇ શેઠ મનમાં વિચાર કરી બોલ્યા કે—

" ભાવાર્થ સમજે નહિ, કરે કાંઇનું કાંઇ;
ફાનસ સળગાવા કહ્યું, તો નાખ્યું ભડકા માંહિ. "

સામાન્ય વિષયમાં આશય સમજ્યા વિના ઉલટું થઈ જાય છે, તો પછી મહાન્ જ્ઞાની પુરૂષોના તત્ત્વગંભીર શાસ્ત્રોનું આંતરિક જ્ઞાન પામ્યા વિના, આત્મસ્વરૂપ પ્રગટ કર્યા વિના, દેહાધ્યાસબુદ્ધિ તથા જગદાકાર વૃત્તિનો લય કર્યા વિના માત્ર શબ્દાર્થથી જ અર્થ કરવા જતાં અનર્થની વૃદ્ધિ થાય, તો તેમાં કાંઇ આશ્ચર્ય નથી. અભયદાન માટે પણ અમુક વિરલા પુરૂષોને બાદ કરીને વિચાર કરવા બેસીએ તો શાસ્ત્રના હેતુથી હજારો કોશ દૂર પ્રવૃત્તિ થતી જણાય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે—' એક જીવને અભય આપનાર **મહાપદને** પામે છે, મહાપુન્ય ઉપાર્જન કરે છે અને **તીર્થંકરગોત્ર** બાંધે છે '–તે વાત સત્ય છે. પણ અભયદાન આપવું તે શું ? અને તે કેવી રીતે ? ચંડાલ તથા મચ્છીમારોને પાંચ પચીશ રૂા. આપી બે ચાર બકરાં કે માછલાં બચાવવાં ? તે અભયદાન કહેવાતું હોય તો તેવી કરણી કરનાર લાખો મનુષ્યો છે, અને તે બધા તીર્થંકર (પરમાત્મ) પદને પામે તો તે પદની મહત્તા જ નથી. પાંચ પચીશ રૂા. આપી બે ચાર બકરાંને છોડાવવાથી અભયદાન કહેવાતું હોય તો તેવા બોધથી જનસમાજમાં આત્મિકધર્મની ઉન્નતિ નથી, પણ હાનિ છે. જનસમાજમાં અનર્થ ઉત્પન્ન થવાનો સંભવ છે. લોકો એમ જાણશે કે—' ગમે તેવા મહાપાપ કરીને અનીતિ, અસત્ય તથા ક્લિષ્ટ કર્મોથી કમાણી કરી બે ચાર બકરાં, માછલાં કે કુકડાને બચાવશું એટલે મહત્પુન્યની પ્રાપ્તિ થઇ જશે, ' એમ ઉન્માર્ગે જવાનો સંભવ રહે છે. મહાપુરૂષોના વાક્યોનો અંતર્ગત આશય જાણ્યા વિના શબ્દાર્થથી તેનો અર્થ સમજવા જતાં ઘણી વાર અનર્થ થતા જોવામાં આવે છે. દાખલા તરીકે વેદાંતમાં **સમાહ** નામનું પુસ્તક છે. જેમાં ગમે તેવા અપૂર્વ ભાવ હશે, પણ તેને વાંચનાર શબ્દજ્ઞાનીઓ એમ જણાવે છે કે—' ગમે તેવાં પાપકૃત્ય કરનાર એક વખત બ્રાહ્મણ પાસે સમાહનું શ્રવણ કરે, તો તેને મુક્તિ મળે. ' સંપ્રદાયમોહના અજ્ઞાન–આવરણને લઇ સત્ય સમજવામાં લોકોનું વિચારબળ કેટલું ક્ષીણ થવા પામ્યું છે–તે આ વાત પરથી સ્પષ્ટ સમજાય છે. **પરીક્ષિત** રાજાને **શુકદેવજી**એ સદ્બોધ આપી સાત દિવસમાં મોક્ષ કર્યો છે. તે

વાતની નકલ કરી કોઇ વિદ્વાન્ મહર્ષિએ શુકદેવજીના બોધના નામથી સપ્તાહ વાંચવાને બતાવ્યું. અસ્તુ.

મહાપુરૂષના વચનથી સંસ્કારી આત્માનું શ્રેય થાય—એ વાત સંભવિત છે, પણ તે વાંચનાર બ્રાહ્મણ શુકદેવજીની દશાને કે તેની દશાના શતાંશપણાને પામ્યો છે કે માત્ર આજીવિકાના પોષણ અર્થે પોતાનું પેટ ભરવાનો ધંધો લઇ બેઠો છે? તેમજ શ્રવણ કરનાર પરીક્ષિત રાજા જેવી જિજ્ઞાસા તથા પાત્રતા ધરાવે છે કે માત્ર કુલાચારની પ્રવૃત્તિથી ધર્મ માની મતાગ્રહનું પોષણ કરે છે? આ બાબતનો વિચાર ન હોવાથી ગમે તેવા કૃત્યો કર્યાં હોય વા કરતા હોઇએ; પરંતુ 'સપ્તાહના શ્રવણમાત્રથી અમારો મોક્ષ થશે' એમ માની સત્યશોધન અને સત્ય પામવાથી વિમુખ રહે છે. તેવી રીતે જૈનમાં **શત્રુંજયમાહાત્મ્ય**ના વાંચન માત્રથી જ મોક્ષ લેવા ધારી બેઠા છે.

શત્રુંજયમાહાત્મ્યના કર્ત્તા મહાસમર્થ પૂર્વાચાર્યશ્રી **ધનેશ્વરસૂરિ** મહારાજે રચેલ ગ્રંથ શત્રુંજય માહાત્મ્ય—કે જેમાં શત્રુ કયા કયા છે? તેનો જય કેવી રીતે થાય? એવો અપૂર્વ બોધ છે. તે દશા પ્રાપ્ત કરવાને પર્વતનું સ્થાન એક ઉત્તમ નિમિત્તરૂપ છે. પહાડના એકાંત સ્થળમાં નિવૃત્તિથી કર્મ—શત્રુ કેમ જીતાય, તેનો વિચાર સુગમતાથી થઇ શકે—જેથી તે મહાત્માએ પર્વતને તીર્થ (તરવાનું સાધન) માની તેવા સ્થળનું વર્ણન કર્યું છે. પરંતુ કર્મ—શત્રુને કેમ જીતવો, તેનું લક્ષ્ય ભૂલાઇ જઈ માત્ર શત્રુંજય (પાલીતાણા) જઇ પાંચ પચીશ કે નવાણ યાત્રા કરવાથી મોક્ષ થાય છે—એમ ઘણાની માન્યતા થઈ ગઇ છે. ભાષાંતરકર્ત્તાએ શત્રુંજયમાહાત્મ્યમાં લખ્યું છે કે—'તીર્થમાં પરમાત્માની પ્રતિમા સ્થાપન કરવાથી તીર્થંકરગોત્ર બંધાય છે.' આ વાકયને શબ્દાર્થથી ઉકલી પાલીતાણાના ડુંગર ઉપર આરીઆ, ગોખલા અને છેવટે ભીંતો કોતરી તેમાં હજારો પ્રતિમાઓ ભરાવવામાં આવી છે. તે ભરાવનાર જો બધા તીર્થંકરો થાય, તો દુનિયામાં તીર્થંકરો સમાવા પણ મુશ્કેલ થઇ પડે. કેમકે જૈનશાસ્ત્રની માન્યતા પ્રમાણે એક ક્ષેત્રમાં ચોવીશ તીર્થંકર થાય. તેમાં (૫) ભરત, (૫) ઐરવત અને (૫) મહાવિદેહ—એમ પાંચ પચાશ ક્ષેત્રોમાં થોડા ઘણા તીર્થંકરોનો સમાવેશ થાય, પણ લાખો મૂર્ત્તિઓ ભરાવનાર લાખો તીર્થંકરો થાય—એ વાત તો બુદ્ધિને બહેર કરે તેવી છે. પાષાણ, ધાતુ કે સોના—રૂપાની મૂર્ત્તિ ભરાવવાથીજ તીર્થંકરપદની પ્રાપ્તિ થતી હોય, તો તે તીર્થંકરપદ આત્મશક્તિથી મળતું નથી, પણ મૂર્ત્તિને ભરાવવાથી મળે છે. શાસ્ત્રમાં તે વાત લખી હોય, તો તેનો આશય કોઇ અદ્‌ભુત હોવો જોઇએ. કોઈ જીવાત્મા

ધ્યાનની એકાગ્રતા તથા વિશુદ્ધિને અર્થે પરમાત્માની પ્રતિમા ભરાવી તેની સન્મુખ આત્મજાગ્રતી થવા માટે ધ્યાનસ્થ રહી પોતે તથા પરમાત્માનું સ્વરુપ વિચારતાં યોગની સ્થિરતાથી આત્મિક બળની જાગ્રતી કરી પરમાત્મ–દશાને પામે-તો તે વાત બનવાજોગ છે. પણ સ્થળે સ્થળે મૂર્ત્તિઓ ભરાવી તીર્થંકરગોત્રની પ્રાપ્તિ કરી શકે, એ વાત તો અસંભવિત છે. સ્થળે સ્થળે મૂર્ત્તિઓ ભરાવવાથી તીર્થંકરદશાની પ્રાપ્તિ થવી તો અશક્ય છે, પણ ચોખા, બદામ તથા નાળીયેરનો વધારો થવાથી ધનવૃદ્ધિ થતી તો પ્રત્યક્ષ દેખાય છે. શત્રુંજય માહાત્મ્ય ઘણો અપૂર્વ ગ્રંથ છે. તેમાં અદ્‌ભુત તત્ત્વાર્થ સમાયેલો છે. તે ગ્રંથનું ભાષાંતર કોઇ પરમજ્ઞાનીના સંગે આધ્યાત્મિક દૃષ્ટિએ કરવા લાયક હતું, પણ અત્યારે તો જ્ઞાન–ભક્તિનો દાવો કરનારા તથા જ્ઞાનનો ફેલાવો કરવાનો દાવો કરનારા શબ્દજ્ઞાનીઓ ભાડુતી પંડિતો પાસે આધ્યાત્મિક દૃષ્ટિએ વાંચન કરવા લાયક ગ્રંથનો માત્ર વિદ્વાનો શબ્દાર્થદૃષ્ટિએ અર્થ કરી પોતાની આજીવિકા માટે ધન કમાવવાનો ધંધો લઈ બેઠેલા ભાષાંતરકારો વા મતાગ્રહ–દૃષ્ટિથી અંધ બનેલા શબ્દજ્ઞાની ગુરૂઓથી ભાષાંતરો થઈ હાલના વિચારબળના વાતાવરણમાં વૃદ્ધિ પામેલા વિદ્વાન્ વર્ગને તે અદ્‌ભુત ગ્રંથ ઉપહાસ્યને પાત્ર બન્યો છે. શત્રુંજય માહાત્મ્યમાં લખ્યું છે કે:—

' ગમે તેવા પાપકૃત્ય કરનાર, શત્રુંજયના દર્શન કરી ચંદનતલાવડી તથા શત્રુંજય નદીમાં સ્નાન કરે, તો તેના પાપનો નાશ થઈ જાય. છઠ્ઠ (બે ઉપવાસ) નો તપ કરી સાત યાત્રા કરે, તો ત્રીજે ભવે મોક્ષે જાય. રાયણના ઝાડ નીચે પ્રદક્ષિણા કરતાં રાયણનું પાંદડું માથા ઉપર પડે, તો ત્રીજે ભવે મોક્ષે જાય. પાપી તથા અભવી શત્રુંજય તીર્થને નજરે જોઈ શકે નહિ. '

"ચંદ્રશેખર નિજ ભગિની ભોગી,
તે પણ એ ગિરિ મોક્ષે જાવે."

પોતાની બ્હેન સાથે અનાચાર કરનાર **ચંદ્રશેખર** નામનો રાજા શત્રુંજયના દર્શનથી મોક્ષે ગયો. ચાર હત્યા કરનાર **દૃઢપ્રહારી** નામે પાપી ચોર તે ગિરિના દર્શનથી મોક્ષે ગયો. પશુ પક્ષી પણ એ ગિરિરાજના દર્શન કરે તો ત્રીજે ભવે મોક્ષે જાય. ગ્રંથકર્ત્તાનો 'કર્મ–શત્રુને જીતી આત્મબળ પ્રગટ કરવું' એવો કોઇ પણ આશય હોવો જોઇએ. એ આત્મદશાને માટે તીર્થનું સ્થળ ઉત્તમ નિમિત્તરૂપ છે. પણ તેવા નિમિત્તમાં રહી, કર્મશત્રુને ઓળખી તેનો જય કરી આત્મિક જ્ઞાન મેળવવાની વાતને ભૂલી જઈ માત્ર પહાડની ભૂમિમાં મહત્તા

માનનારા અંધભક્તો તથા આજીવિકાના પોષણ માટે વ્યાપાર ધંધો કરનારા શબ્દજ્ઞાની ભાષાંતરકારોને એટલી બુદ્ધિ સુજી નથી કે—આવા ભાષાંતરો કરી પરમાત્માના સત્ય સિદ્ધાંતનો ઘાત કરવાનું થાય છે. મહાવીર દેવે કહ્યું છે કે—' કામ, ક્રોધ, મોહ, મિથ્યાત્વ, અજ્ઞાન તથા રાગદ્વેષાદિક આત્મઘાતી દોષોનો નાશ કર્યા વિના તથા આત્મિક શક્તિનો વિકાશ કર્યા વિના અનંત તીર્થંકરો તથા સર્વજ્ઞ ભગવંત કેવળજ્ઞાનીઓ મળી ગયા, તો પણ શ્રેય ન થયું. અંતરના દોષોને દૂર કર્યા વિના તથા આત્મજ્ઞાન મેળવ્યા વિના અનંતજ્ઞાનીઓ મળ્યા છતાં કલ્યાણ ન થયું, અને ગમે તેવાં પાપ કૃત્યો કરનાર તથા ગમે તેવા દોષો આચરનાર, શત્રુંજ્ય પહાડના માત્ર દર્શન કરવાથી મોક્ષે જતો હોય, તો પ્રત્યક્ષ સર્વજ્ઞ ભગવાન્ ચૈતન્યમૂર્ત્તિ કરતાં જડ પહાડની મહત્તા વિશેષ થાય છે, અને પ્રત્યક્ષ સજીવન મૂર્ત્તિના સાધન પાસે, મૂર્ત્તિ, તીર્થ તથા શાસ્ત્ર વિગેરે સર્વ સાધનો ગૌણ છે. અરે! પ્રત્યક્ષજ્ઞાનીની ઉપાસનાએજ સર્વ સાધનો સાર્થક છે, પણ સજીવન મૂર્ત્તિની ઉપાસના વિના સર્વ સાધન બાધક યાને નિષ્ફળ છે. એક મહાન્ તત્ત્વજ્ઞાનીએ કહ્યું છે કેઃ—

" તપ જપ ઔર વ્રતાદિ સબ, તહાં લગ હય ભ્રમરૂપ;
જહાં લગી નાંહિ સંતકી, પાઇ કૃપા અનૂપ."

વિદ્યમાન સત્પુરૂષને ઓળખી, તેની આજ્ઞાએ વર્તી તેની કૃપા મેળવ્યા વિના તપ જપાદિ સાધનો ભવભ્રમણરૂપ છે, પણ કલ્યાણકર્ત્તા નથી. સાત ગુજરાતી ચોપડીઓ ભણાવનાર માસ્તર કરતાં રચનાર વધારે વિદ્વાન્ હોય, છતાં કૃત પુસ્તકો સામાન્ય માસ્તરથી ભણવાનું બને છે. અર્થાત્ પરોક્ષ વિદ્વાનના શબ્દ જ્ઞાનને પ્રત્યક્ષ માસ્તરના સંસર્ગથી બુદ્ધિગમ્ય કરી શકાય છે. એમ પરોક્ષ જ્ઞાનીના રચેલાં શાસ્ત્રો તથા તેમની આજ્ઞાઓ પ્રત્યક્ષજ્ઞાની મહાત્માની ઓળખાણ તથા સેવા—ભક્તિ કરી તેમની કૃપા મેળવ્યાથીજ આત્મહિત થાય છે. પણ જો કુલાચારભાવે, સંપ્રદાયમોહે વા શબ્દજ્ઞાનીઓ દ્વારાએ તેવી આજ્ઞાઓ તથા કૃતિઓને ઉકેલતાં અનેક જીવોનું અહિત થતું જણાય છે. દરેક દર્શનવાળા આત્મદર્શન—ભાવને ભૂલી જઇ સાંપ્રદાયિક શુષ્ક પ્રવૃત્તિઓમાં ધર્મ માની પોતાની નિર્માલ્ય પ્રવૃત્તિઓને પણ મહદ્રૂપ આપી તેના દુરાગ્રહમાં કલ્યાણ માની બેઠા છે. અને પોતાના જેવી બીજા દર્શનની પ્રવૃત્તિને ઢોંગ કે ધતીંગ માનીને હસી કહાડે છે. દાખલા તરીકે જૈનો, ગંગાનદીમાં સ્નાન કરી પાપમુક્ત થવાનું વા કલ્યાણ થવાનું માનનાર વૈષ્ણવોની હાંસી કરે છે કે—' ન્હાવાથી કલ્યાણ ન થાય. પાણી ઢોળતાં ઘણા જીવોની હિંસા કરવાનું થાય છે. ગંગા,

યમુના વિગેરે નદીઓમાં ન્હાવાથી જો કલ્યાણ થતું હોય, તો ગંગામાં ન્હાનાર માછલાંઓનું પણ કલ્યાણ થવું જોઇએ. આવી સુંદર દલીલો જૈનો જ્યારે—

'શેત્રુંજી નદી ન્હાઇને, મુખ બાંધી મુખકોશ;
દેવ યુગાદિ પૂજીએ, આણી મન સંતોષ."

શત્રુંજય નદીમાં ન્હાવાથી કલ્યાણ થાય—એમ માની તેને માટે કપોળકલ્પિત કાવ્યોને શાસ્ત્રો સમજી તે પ્રમાણે વર્ત્તતાં ગંગા નદીમાં સ્નાન કરનારને ઉપદેશ આપવાનું ડહાપણ કયાંય ચાલ્યું જાય છે? વા કોઇને ત્યાં ગિરવી મૂકાય છે કે કેમ? તે સમજી શકાતું નથી. વૈષ્ણવો કુવા, તલાવ કે વાવો વિગેરે ખોદાવે તો પાપ વા જૈનો જૈન સમાજ માટે કુવા, તળાવ ખોદાવે તો પાપ એટલે તેને અતિચાર (દોષ) કહે છે અને તેજ જૈનો દેરાસરોમાં કુવા ખોદાવી એકને એક સ્થળે પાંચપચીશ ન્હાય છે, કે જ્યાં નીલફુલ વિગેરે અનંતકાય જીવોની ઉત્પત્તિ થાય છે. ઘણા શહેરોમાં દેરાસરોમાં ન્હાવા આવનાર ધર્માંધ ભકતો એક સ્થળે ન્હાઇ કુંડીમાં પાણી એકઠું કરે છે, કે જ્યાં નીલફૂલ બંધાઇ ગટરના જેવી દુર્ગંધ થવાથી હવાનું વાતાવરણ ખરાબ થઇ જનસમાજની આબાદીને ખલેલ કરે છે. તેમજ જૈનશાસ્ત્રની માન્યતા પ્રમાણે ચૌદ સ્થળે અસંખ્ય સમૂર્ચ્છિમ મનુષ્ય—જીવો ઉત્પન્ન થાય છે, તેમાં શરીરનો મેલ બે ઘડી વાર રહે તો તેમાં અસંખ્ય મનુષ્ય પંચેંદ્રિય સંમૂર્ચ્છિમ જીવો ઉત્પન્ન થાય છે, ત્યારે એકજ કુંડીમાં ન્હાતાં પાંચપચીશના શરીરનો મેલ ભેગો થઈ પાંચ સાત કલાક પાણી પડી રહે, તેમાં અસંખ્ય જીવોની ઉત્પત્તિ તથા વિનાશ થવાનું બને, તો ગંગાનદીનું પાણી ઢોળનારને બોધ આપનારા ઉપદેશકો કેમ વિચારતા નહિ હોય? પરંતુ હમેશાં એવો નિયમ છે કે—'મારા છોકરા સોનાના ને પાડોશીના પીતળના.' પોતાનું સાચું લાગે છે. જૈનો પ્રતિક્રમણમાં અતિચાર બોલતી વખતે પીપળે પાણી રેડતાં મિથ્યાત્વ વર્ધક પ્રવૃત્તિ કહી છે, અર્થાત્ અતિચાર માનવામાં આવે છે, જ્યારે તેજ જૈનો શત્રુંજય પહાડ ઉપર રાયણનું ઝાડ છે. તેને હજારો અને લાખો જૈનોએ પૂજીને સુખડના ચાંદલા કરી ચાર છ આંગળીનો લેપ કરી દીધો છે, ત્યાં ધર્મ કયાંથી પેસી ગયો? અહીં કેટલાક મંદબુદ્ધિ તર્ક ઉઠાવશે કે—'રાયણની નીચે શ્રીમાન્ ઋષભદેવ પ્રભુ પૂર્વ નવાણુવાર બિરાજ્યા છે, તેથી રાયણના ઝાડને પૂજીએ છીએ.' એમ કહેનાર જીવાત્માને જૈન સિદ્ધાંતની ખબર જ નથી. કેમકે જૈનશા-

ઞમાં કહ્યું છે કે—' આ લોકના અસંખ્યાત આકાશપ્રદેશમાં એકેક પ્રદેશે અનંતા જીવો મોક્ષે ગયા છે અને જશે. આ વિશ્વમાં કોઈ એક સ્થળ કે પ્રદેશ એવો નથી કે જ્યાં અનંત જીવો થોડા કર્મથી વા સંપૂર્ણ કર્મથી મુક્ત થઇ અશે વા સંપૂર્ણ મુક્તદશાને પામ્યા ન હોય. તો પછી માત્ર એક રાયણનેજ પૂજવાની શી જરૂર ? માત્ર ધર્મઘેલછા અને અજ્ઞાનતા શિવાય બીજું કાંઈ નથી. રાયણના ઝાડનું પાંદડું મસ્તક ઉપર પડવાથી મોક્ષે જવાતું હોય, વા એક વખત શત્રુંજય ડુંગર ઉપર જવાથી મોક્ષે જવાતું હોય, તો મોક્ષ જડતાનેજ આધીન થશે. પાંદડું અને ડુંગરના પત્થરા જેટલીજ મોક્ષની કીંમત ઠરશે. એક થોયમાં પણ કહ્યું છે કેઃ—

" પશુ પંખી જે એ ગિરિ આવે,
ભવ ત્રીજે તે સિદ્ધજ થાવે;
અજરામર–પદવી પાવે. "

કેટલું અસંભવિતપણું ? આવાં કપોલકલ્પિત કાવ્યો તથા ગ્રંથોને જૈન શાસ્ત્ર માનવાથી કેટલી અધોગતિ થઇ છે અને થતી જાય છે, તે સુજ્ઞ આત્મા સુગમતાથી સમજી શકે તેમ છે. શત્રુંજય પહાડ ઉપર પશુ પંખી એક વખત આવવાથી ત્રીજે ભવે મોક્ષે જાય, તો પછી પુનમે પુનમે વર્ષમાં બાર વખત અને પાંચપચીશ વર્ષમાં સેંકડો વખત વા નવાણુયાત્રા કરનારા હજારો મનુષ્યોનો તત્કાળ મોક્ષ થવો જોઇએ. એક મનુષ્યે જીંદગીભર શત્રુંજયની યાત્રા કરી નથી અને એક ધર્માંધ ભકતે બે ચાર વખત નવાણું યાત્રાઓ કરી તથા પુનમે પુનમે જઇ સેંકડો યાત્રાઓ કરી હોય છતાં જેવા કામ, ક્રોધ, મોહ, અજ્ઞાન, રાગ, દ્વેષાદિ દોષો યાત્રા નહિ કરનારમાં હોય, તેવાજ અનેક દોષો સેંકડો યાત્રા કરનારમાં હોય તથા નહિ કરનારના કરતાં સેંકડો યાત્રાઓ કરનાર સાધુ, સાધ્વી વા ગૃહસ્થોમાં આવરણ–કર્મની ન્યુનાધિકતા જણાતી ન હોય, પરોપકાર, ક્ષમા, અભિન્નતા, નિરાવરણ, આત્મભોગ, નિષ્કામ જીવન, આત્મિકજ્ઞાન વિગેરે આત્મિક ગુણો જણાતા ન હોય તો શું સમજવું ? એજ સમજવાનું છે કે આ બધી પોપગુરૂઓની પ્રપંચકળાઓજ છે. મતિહીન ધર્માંધ ભકતોને રંજન કરી પોતાની મહાન્ પ્રતિષ્ઠા મેળવવાની કપટકળાજ છે. હજારો જીવોને શાસ્ત્ર (સત્ય માર્ગ) થી વિમુખ કરી, અજ્ઞાનરૂપ અંધકારથી આંધળા બનાવી અનંત સંસાર વધારવાની માયાજ રચાય છે. જ્યાં સુધી વિષય, કષાય, રાગાદિ આત્મઘાતી દોષો ગયા નથી, જ્યાં સુધી અનાદિકાલના આવરણો શું છે અને તેનો નાશ કેમ થાય, તે યથાર્થ રીતે જણાયું નથી, જ્યાં સુધી

દેહાધ્યાસ–દૃષ્ટિ, વિષય, મોહ અને પૌદ્ગલિક સુખેચ્છાનો લય થયો નથી, જ્યાં સુધી આત્મબળની જાગ્રતી થતાં સદ્‌ભાવના, સદ્વિચાર, વૈરાગ્ય, અંતર્ભક્તિ, વૃત્તિત્યાગ વિગેરે આત્મિક ગુણો પ્રગટ થયા નથી, ત્યાંસુધી **કાશી, મથુરા, ગિરનાર કે શત્રુંજય** વિગેરે હજારો તીર્થોમાં રખડવાથી કલ્યાણ નથી. એમ દરેક ધર્મશાસ્ત્રો પોકારી પોકારીને ખુલ્લું કહે છે. ઉપાધ્યાય મહારાજશ્રી યશોવિજયજીએ કહ્યું છે કેઃ—

" કષ્ટ કરો સંયમ ધરો, ગાળો નિજ દેહ;
જ્ઞાનદશા વિણ જીવને, નહિ દુઃખનો છેહ. "

ગમે તેટલાં કષ્ટ કરનાર અને ઘરબાર છોડી બાહ્ય ત્યાગ ધારણ કરનારને જ્યાંસુધી અંતર્જ્ઞાન થયું નથી, ત્યાંસુધી આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ ત્રિવિધ તાપ તથા જન્મ, જરા અને મરણના ત્રિવિધ કષ્ટોરૂપ દુઃખનો નાશ થતો નથી. મહાત્મા કબીરદાસ પણ કહી ગયા છે કે—

" આત્મજ્ઞાન વિના નર ભટકે, ક્યાં મથુરા ક્યાં કાશી;
પાણીમાં મીન પ્યાસી. "

એક કવિ લખે છે કે—

" પાપી અભવી નજરે ન દેખે, હિંસક પણ ઉદ્ધરિએ. "

આ વાત પણ અસંભવિત છે. કારણ કે જૈનશાસ્ત્રમાં કહ્યું છે કે—

"न सा जाइ न सा जोणि, न तं ठाणं न तं कुलं ।
न मुआ न जीया जत्थ, सव्वे जीवा अणंतसो ।। "

અનાદિ કાળથી આ વિશ્વમાં પરિભ્રમણ કરતાં એવી કોઇ ગતિ, જાતિ, સ્થળ કે પ્રદેશ બાકી નથી કે જ્યાં જીવાત્માએ અનંતીવાર જન્મ મરણની ઉપાધિઓ વેઠી ન હોય. શત્રુંજય પહાડની અંદર વા આસપાસમાં ભવી કે અભવી જીવોએ અનંત વખત મનુષ્ય જન્મ લીધા છે, ત્યારે શું તે જીવો મનુષ્ય–જન્મ પામ્યા તે સમયે દરેક ભવમાં આંધળા જન્મ્યા હશે ? કે જેથી શત્રુંજયને જોઇજ ન શકે. શાસ્ત્રકારનો તેવો નિર્માલ્ય આશય નથી, પણ અંતર્ગર્ભિત ગૂઢ આશય છે, કે પાપી નિષ્ઠુર જીવાત્મા તથા અભવી (અયોગ્ય આત્મા) કર્મશત્રુને જીતવાની દશા મેળવી શકે નહિ. અર્થાત્ તેની હૃદય–દૃષ્ટિ મહાપાપથી મલિન થયેલ હોવાથી કર્મશત્રુનો જય કરવારૂપ આત્મજ્ઞાનને અંતર્દૃષ્ટિ (મલિન હોવાથી) એ જોઇ શકે નહિ. પોતાની જ્હેનનો ભોગી થ-

દ્રશેખર તથા ચાર હત્યા કરનાર દૃઢપ્રહારી વિગેરે અધમ આત્માઓ શત્રુંજય પહાડ ઉપર જવાથી વા જોવાથી મોક્ષે ગયા નથી, પણ પોતાના દુષ્કૃત્યોથી મુક્ત થવા કોઇ મહાજ્ઞાનીની આજ્ઞાથી શત્રુંજય, ગિરનાર વિગેરે નિવૃત્તિના સ્થળોમાં જઇ, એકાંતમાં ધ્યાન લગાવી, મન, વચન અને કાયાના યોગોની સ્થિરતા તથા વિશુદ્ધિ કરી, વિષય કષાયને જીતી, આત્મજ્ઞાનને પામીને જ મોક્ષે ગયા છે. તેવી દશા પામવાને એ પર્વત ઉત્તમ સ્થળ વા સાધન છે, તેથી એમ નથી સમજાવવાનું કે–શત્રુંજયાદિ પહાડના દર્શનથીજ તેઓ મોક્ષે ગયા અને બીજે સ્થળે મોક્ષે ન જવાય. બીજે સ્થળે પણ ઉપરોક્ત દોષોનો નાશ કરી, આત્મિક જ્ઞાનને મેળવી સન્માર્ગનું સેવન કરે, તો ગમે તે સ્થળે મોક્ષમાં જઈ શકે છે. જેમ શત્રુ તે કોણ ? તેનો જય કેમ થાય ? તેના દર્શન શું ? એ અંતર્ગત ભાવ સમજ્યા વિના માત્ર શબ્દાર્થથી શત્રુંજયના દર્શન એટલે પાલીતાણાના પહાડ ઉપરના દેરાસરના દર્શન કરવાથી વા તેની મૂર્ત્તિ ભરાવવાથી એ ત્રણ ભવમાં મોક્ષ મળી શકે–એ ઉંધી સમજણ છે. તેમ અભયદાનના સંબંધમાં પણ લગભગ તેવુંજ બન્યું છે.

બકરાં, ગાય, ભેંસ તથા પાડા વિગેરે મારનાર ચંડાલોને મ્હોંમાગ્યા પૈસા એકના દશગણા આપી તથા બકરીઇદના વખતમાં મ્હોંમાગ્યા રૂા. આપી એ ચાર કે પાંચ દશ ઘેટાં બકરાં છોડાવવાથી અભયદાન થતું નથી, પણ હિંસાદાન જેવું થાય છે. અર્થાત્ હિંસાની વૃદ્ધિને ઉત્તેજન આપવા જેવું બને છે. કારણ કે પાંચ રૂા. ની કીમતના બકરાને દયાની લાગણીથી ઉશ્કેરાઇ જવાનો ભાવ કરનારા દશ પંદર રૂા. આપી તેને છોડાવે, તે ચંડાલના ધંધાને ઉત્તેજન આપવા જેવું થાય છે. તે કારણથી તથા દયાના વેગમાં ઉશ્કેરાઇ એ ચાર બકરાંને છોડાવી પાંજરાપોળમાં દાખલ કરી દેવાથી ' જીવ બચાવ્યાનો ધર્મ થયો '–એમ માનનાર પોતાની મોટી ભૂલ કરે છે. નિર્દય મનુષ્યની શસ્ત્રધારાથી મરણાંત કષ્ટમાં પડેલ પ્રાણીનું રક્ષણ કરવું; તેને મરણ–ભયમાંથી મુક્ત કરવો–તે જીવ પોતાનો થયો ગણાય. કોઇ પણ દયાળુને શરણે જનાર તે શરણાગત પ્રાણીને મરતાં સુધી સાચવી રાખે, તેને દુઃખ કે કષ્ટ આવવા ન દે, તેજ શરણે આવવાની સાર્થકતા છે. તેમ ભયમાંથી મુક્ત કરેલ જીવને આપણે પોતાના કુટુંબી જનની માફક તેને સાચવવો જોઇએ. ભવિષ્યમાં તેને જરા પણ આપત્તિ કે દુઃખ ન આવે, તેમ તેનું રક્ષણ કરવું જોઇએ. છતાં તેમ ન થતાં ચાંડાલ પાસેથી છોડાવી પાંજરાપોળની અધમ સ્થિતિમાં કે જ્યાં ડાંસ મચ્છર વિગેરે જંતુઓ કરડી ખાતા હોય, જ્યાં કાગડા, ગીધ વિગેરે ચાંચો મારી ફાડી

નાંખતા હોય, જ્યાં નોકરો નીચ જાતિના અને નિર્દયી રાખવામાં આવ્યા હોય, કે જેમના હૃદયમાં દયાની લાગણી પણ ભાગ્યેજ હોય. વેઠ ઉતારવાની માફક જીવોનું સુખાકારી રક્ષણ ન થતું હોય, ત્યાં રીબાવી મારવાથી ઓલા (આગમણ) માંથી કહાડીને ચુલામાં નાંખવા જેવું થાય છે. અભયદાનની ખરી મહત્તા ત્યાંજ છે કે મરનારની દયા થાતાં મરનારને બચાવતાં મારનાર ઉપર પણ અણુ માત્ર અરૂચિ, તિરસ્કાર કે કષાય ઉત્પન્ન ન થાય તોજ અભયદાન કહી શકાય. કેટલેક સ્થળે જ્યાં મહાજન કે ન્યાતનું જોર હોય છે, ત્યાં ચંડાલોને મારી કુટી તેની પાસેથી બકરાં કે ઢોર પડાવી દયા કરવાનું માનનારા જૈન સિદ્ધાંતથી વિરૂદ્ધ કરે છે. એ અભયદાન નથી, પણ કુલાચાર કે સંસ્કારજન્ય મોહદાન છે. જૈનશાસ્ત્રમાં નિરૂપણ કર્યા પ્રમાણે અભયદાનનું યથાર્થ સ્વરૂપ કોઇ કોઇ સાધુ મહાત્મા વા શ્રાવક સમજ્યા હશે. બધા નહિં સમજ્યા હોય–એમ કહેવાનો મારો હેતુ નથી, પણ મારા પરિચય અને અનુભવ પ્રમાણે મહાત્મા ગાંધીજીમાં તો અભયદાનનું સ્વરૂપ યથાર્થ અને પરિપૂર્ણ રીતે પરિણમ્યું છે–એમ નિઃશંકતાથી હું કહી શકું છું.

મહાત્મા ગાંધીજી કહે છે કે–'હિંદુસ્થાનમાં બકરાં, ગાયો વિગેરે લાખો અને કરોડો પ્રાણીઓનો જે વધ થાય છે, તે હિંદુઓની ઉશ્કેરણીનેજ આભારી છે.' મોહમેદન ભાઇઓ જ્યારે જ્યારે પ્રાણિવધની પ્રવૃત્તિ કરે છે, ત્યારે હિંદુ ભાઇઓ દયાના ખોટા જુસ્સાથી ઉશ્કેરાઇ મુસલમાનો ઉપર ધિક્કાર, ધર્ષા અને મારપીટ કરે છે. તેથી મુસલમાનો ચીડાઇ વધારે ઉશ્કેરાઇ જઇ વિશેષ ક્રૂરતાથી વધારે હિંસા કરે છે. કોઇ પણ મોહમેદન ભાઇ ગાય ઉપર શસ્ત્ર ચલાવવાની તૈયારી કરતો હોય ત્યારે તેના તરફ ધિક્કાર કે વૈરની દૃષ્ટિએ ન જોતાં તેની પાસે વધ ન કરવા નમ્રતાપૂર્વક સમજાવવું, છતાં જો ન માને તો પોતાનું શિર નીચે ધરી તેને કહી દેવું કે–'મારી દૃષ્ટિ આગળ નિરપરાધી જીવનો વધ હું જોઇ શકું તેમ નથી, માટે મહેરબાની કરી કાં તો ગાયને છોડી દે અથવા તો મારા શિરપર શસ્ત્રનો પ્રહાર કરી પ્રથમ મારો વધ કરી પછી ગાય માટે તારી મરજીમાં આવે તેમ કરજે.' જો આવી સાચી દયાની લાગણીથી નિડરપણે પોતાનું શિર શસ્ત્રની તીક્ષ્ણ ધારા નીચે ઝુકાવી દે, તો તેની પવિત્ર લાગણીના પ્રભાવથી મારનારનું હૃદય દ્રવિત થયા વિના રહેજ નહિ. જૈનશાસ્ત્ર પણ શસ્ત્રબળની સામે શસ્ત્રબળ ન ધરતાં આત્મબળ ધરવાનું જ કહે છે—

"અપરાધી શું પણ નવિ ચિત્ત થકી,
ચિંતવીએ પ્રતિકૂલ–સુગુણ નર."

એ વાક્યથી સિદ્ધ થાય છે કે અપરાધીના પ્રત્યે કષાય કે વૈરભાવ ન લાવતાં દયા લાવવી એજ દયાળુનું કર્ત્તવ્ય છે. જૈનસમાજમાં પણ ઘણે ભાગે આવા પ્રકારની વિવેકશૂન્ય પ્રવૃત્તિને જ દયાની ભાવના મનાઇ ગઇ છે. કેટલેક સ્થળે સાધ્વીઓ તથા આર્યાઓ વિધવા સ્ત્રીઓને બીજી સ્ત્રીઓની સુવાવડ નહિ કરવાની બાધા આપે છે. કેમકે સુવાવડ કરવાથી અશુચિ પરમાણુઓના સંસર્ગને લઇ સુતક લાગવાથી સામાયિક, પ્રતિક્રમણ, દેવદર્શન કે પૂજા વિગેરે ધર્મક્રિયા અમુક દિવસો સુધી ન થઇ શકે, તેથી સુવાવડમાં પાપ માની તે ન કરવાની બાધાઓ આપવા જતાં શાસ્ત્રવિરૂદ્ધ અધમ નિર્દય કૃત્ય ચાલે છે. અને તેવા દુષ્ટ કૃત્યને ધર્મગુરૂઓ તથા સાધ્વીઓ ધર્મ મનાવે છે. બાધા લીધેલ વિધવાની દેરાણી, જેઠાણી વા નણંદ વિગેરેને સુવાવડ આવતાં કોઇ કામ કરનાર ન હોય તો સુવાવડી સ્ત્રી તથા બાળક ભલે દુઃખી થાય વા મરી જાય. યા તો કોઇ બાઇને નોકર રાખી તેની પાસે સુવાવડ કરાવે, કે જે બાઇ સ્નેહની લાગણીથી કામ કરનાર ન હોય. સુવાવડી સ્ત્રી કે બાળક મરી જાય, પણ બાધા લેનાર ભક્તાણીથી સુવાવડ ન થાય. સામાયિક, પ્રતિક્રમણ કે દર્શન-પૂજાની ધર્મક્રિયાના બાલી બોબાના મોહમાં સુવાવડી સ્ત્રી કે તેનું બચ્ચું દુઃખી થાય કે મરી જાય, છતાં મનુષ્યની દયા વા સેવા કરવાની લાગણીથી ભ્રષ્ટ ધર્માંધ ભક્તો મનુષ્યનો બચાવ ન કરે, તો પછી સામાયિકાદિકથી શું કાર્ય કરવાનું હતું ? કાંઇજ નહિ. માત્ર ધર્માંધતા, ધર્મઘેલછા અને અજ્ઞાનના ચાળા જ છે. બુટો ભક્ત કહે છે-તે પણ બરાબર છે—

"અજ્ઞાનીના આચાર ઘણા, અને બુદ્ધિ એની બાયડી;
થોડાકમાં અટકી રહે, એમ કહે બુટો કાપડી."

આ પ્રમાણે જીવોને મારનાર ઉપર એક રોમમાં અણુમાત્ર પણ તિરસ્કાર કે કષાય-ભાવના ન થાય અને મરનારને બચાવી તેને પાંજરાપોળની અંદર રીબાવી મારી નાંખવા ન મોકલતાં બચાવેલ જીવ ભય કે દુઃખને ન પામે તેવી સાવચેતીથી કરૂણાપૂર્વક તેનું રક્ષણ કરવું-તેનેજ જ્ઞાનીઓ અભયદાન કહે છે. જેમ દાનના અધિકારમાં જણાવી ગયો છું કે—'ઓરણની ચોરી કરી સોયનું દાન કરનાર ધર્મી નથી, પણ ધતીંગ કરનાર છે, તેમ બે ચાર બકરાં, ઘેટાં, ગાયો, બળદ કે માછલાંને બચાવનાર પોતાના સ્વાર્થને માટે ધનના ગુલામો બની કુડ-કપટ, અનીતિ કે અસત્યથી હજારો ભોળા લોકોને છેતરી, પ્રપંચના પાશમાં ફસાવી, હજારોનાં ગળાં રેંસી, ખોટાં ખતો લખનાર, પોતાના સ્વાર્થને માટે મનુષ્યોને છેતરનાર, પારકી થાપણ ઓળવ-

નાર, બે ચાર બકરાંને છોડાવનાર છતાં મનુષ્યો સાથે વૈર–વિરોધ કરી કલેશ વધારનાર, બીજાને દુઃખ તથા ત્રાસ આપનાર, કન્યાવિક્રય કરનાર, હજારો મનુષ્યોના લોહીનું પાણી કરી તેઓની કમાણી ઉપર તાગડધિન્ના કરનાર, ધર્મના નામે કલેશ, કુસંપ વધારી ઝગડા કરી કોર્ટે લાખો રૂા. નું પાણી કરનાર, સર્વ જીવોની સાથે મૈત્રી ભાવનાની પ્રતિક્રમણમાં પ્રતિજ્ઞા લઈ મનુષ્યો સાથેજ કુડ–કપટ રચનાર. વૈર–વિરોધ કરનાર, બીજાનું ભુંડું ઇચ્છનાર, વા કરનાર, વ્યાપારાદિકમાં ભાઇઓ તથા ભાગીદારો પ્રત્યે વિશ્વાસઘાત કરી હજારો અને લાખો રૂા. ની ઉચાપત કરનાર, પરસ્ત્રી તથા પરપુરૂષ સાથે અનાચાર કરનાર, પૈસાના થોડાક સ્વાર્થની ખાતર અબોલા પ્રાણીઓ (ઉંટ, અશ્વ, બળદ વિગેરે) ઉપર હદ ઉપરાંત ભાર ભરી તેમના પ્રત્યે નિર્દયતા કરનાર, બે ચાર બકરાંને છોડાવ્યાથી ઉપરોક્ત દોષોમાંના એક પણ મહાદોષ હોય, ત્યાં સુધી તે અભયદાનના સ્વરૂપને સમજ્યોજ નથી. તે માત્ર પોતાના કુલાચારનેજ ધર્મ માની બેઠો છે. વસ્તુતઃ તો તેવા અધમ કૃત્ય કરનારથી ધર્મ લાખો કોશ દૂર છે. જૈન શાસ્ત્રોમાં એવો એક પણ દાખલો કોઇ બતાવશે કે—' ઉપરોક્ત કહેલા દોષોવાળો જીવાત્મા બે ચાર બકરાં કે ઘેટાંને બચાવી પૈસાના સ્વાર્થને માટે હજારો જીવોને દુઃખ આપી તેણે અભયદાન આપ્યું હોય, વા ધર્મ કર્યો હોય–એમ કહેવાશે ? કદાપિ નહિ. એરણની ચોરી કરનાર સોયનું દાન આપવાથી ધર્મ પામવાનું કહી શકાય નહિ. તેમજ હજારો જીવો તથા મનુષ્યોને પણ ત્રાસ આપનાર, છેતરનાર, પોતાના સ્વાર્થની ખાતર તેમનું ખરાબ કરનાર માણસ બે ચાર બકરાં કે માછલાં બચાવે, તેથી તે ધર્મિષ્ઠ છે વા ધર્મ કર્યો છે–એમ કહી શકાય નહિ. કેટલાક એવા પણ જીવો જણાય છે કે–જમાનાનું અનુકરણ કરી બે ચાર માણસ વા બે ચાર કુટુંબને પોષણ આપવાનો દેખાવ કરી–' અમે મનુષ્યોની દયા કરનાર છીએ ' એમ બતાવે છે. અને તેજ ડોળધાલુ દયાળુઓ હજારો મનુષ્યોને છેતરી, દુઃખ આપી પ્રપંચમાં ફસાવી લાખો રૂા. ની કમાણી કરે છે, ત્યારે તેવા જીવો બિચારા ' અમો દયા કરીએ છીએ ' એમ બતાવી વા માની પોતાના આત્માને છેતરે છે, અને સન્માર્ગના વિરાધક બને છે, પરમાત્મ–તત્ત્વથી વિમુખ રહી અનંત કૃપાળુ પરમાત્માના ગુન્હેગાર બને છે.

(૫) સુપાત્રદાનઃ—

" सुष्ठु पात्रं सुपात्रं, सुपात्रे दीयते तत्सुपात्रदानं "

ઉત્તમ પાત્રમાં દાન આપવાને **સુપાત્રદાન** કહે છે. આ દાન પ્રથમ નિરૂપણ કરેલ ચારે દાન કરતાં શ્રેષ્ઠ દાન છે. સુપાત્રમાં જે પાત્ર શબ્દ છે, તે વાસણ કે બીજા પદાર્થ આશ્રયી નથી, પણ લાયકાતપણાને આશ્રયી છે. જેનામાં ઉત્તમ લાયકાત હોય, તે **સુપાત્ર** કહેવાય છે. સુપાત્રદાનથી પરાભક્તિ, પરમજ્ઞાન અને પરમાત્મ-દશાની પ્રાપ્તિ થાય છે. ચિત્ત, વિત્ત અને પાત્ર—એ ત્રણે સંયોગો સમપણે પરિણમે તો સુપાત્રદાન કહી શકાય છે.

ચિત્ત—ગ્યાસતેલની દુર્ગંધયુક્ત વાસણમાં તેની ખરાબ ગંધ દૂર કર્યા વિના તેમાં દુધ, દહીં કે ઘૃત વિગેરે નાંખવાથી તે ગંધાઇને ખરાબ થઇ જાય છે, પણ આપણા ઉપભોગને અર્થે કામ આવતા નથી, તેમ અંતઃકરણ—એ પરમાર્થ-તત્ત્વને રહેવાનું પાત્ર (વાસણ) છે, તેમાં મોહ, માયા, મૂર્ચ્છા, કષાય, વિષયાદિ અધમ દોષોની ખરાબ ગંધ અંતઃકરણમાં ભરાઇ રહી છે, ત્યાંસુધી સંતસમાગમ, સેવા-ભક્તિ તથા સદ્‌બોધરૂપ ઘૃત વા અમૃત નાંખવાથી તે ખરાબ થઇ જાય છે, વા ગંધાઇ જાય છે, અર્થાત્ નિષ્ફલતાને પામે છે. માટે ચિત્તમાં વિશુદ્ધતા, પવિત્રતા, ક્ષમા, ભક્તિ, જિજ્ઞાસા, નિર્મોહતા, વિષય વિરક્તતાદિ સદ્‌ગુણો હોય, તો તેવા ચિત્તમાં નિર્મળ પ્રેમ (ભક્તિ) ભાવના પ્રબળપણે પ્રગટ થાય છે. "**भावनासदृशी सिद्धिः**" ભાવના પ્રમાણે સિદ્ધિ થાય છે. ભાવના મલિન હોય, વા શિથિલ હોય, તો ફળસિદ્ધિની નિરર્થકતા થઇ જાય છે. ચિત્ત દોષમુક્ત વિશુદ્ધ હોય, ત્યારે તેવા ચિત્તમાં પ્રસન્નતા અને નિષ્કામતા—એ બે ઉત્તમ ગુણો ઉત્પન્ન થાય છે. એ બંને ગુણસંયુક્ત ચિત્તમાં ઉલ્લાસભાવ હોય, તેથી દાનની સિદ્ધિ થાય છે.

વિત્ત—દાન આપવામાં પૈસાની જરૂર પડે, તે પૈસો સત્ય અને નીતિથી કમાયેલ હોવો જોઇએ. મહારંભ, મહા પરિગ્રહના પાપ-ધંધાથી મેળવેલ પૈસાના અન્ન-પોષણથી અંતઃકરણની મલિનતા થાય છે. 'આહાર તેવા ઓડકાર' માટે જે ધંધામાં કુડ-કપટ થતા હોય, અનેક જીવોને ત્રાસ થતો હોય, એવા પાપ-વ્યાપારથી નિવૃત્ત થઈ સત્ય તથા ન્યાયને માર્ગે કમાણી કરનારના અંતરમાં તથા તે દ્રવ્યના ખોરાકમાં સાત્વિકતા હોય છે. જેથી બુદ્ધિ નિર્મળ રહે છે, હૃદય જાગ્રત હોય છે, અનીતિ કે અસત્યથી મહાપાપનો ધંધો કરનાર તથા ક્રૂરતાથી કમાણી કરનારનું હૃદય પાપી હોય છે અને તેવા પાપી પૈસાના ખોરાકમાં તામસી તથા રાજસી વૃત્તિઓ ઉત્પન્ન થવાથી હૃદય ક્લિષ્ટ બને છે, જેથી સદ્‌ભાવના વા ધર્મપ્રીતિ ઉત્પન્ન થતી નથી. માટે વિત્ત સત્ય તથા ન્યાયોપાર્જિત હોય—તોજ દાનની સિદ્ધિ થાય છે.

પાત્ર—મધુર દુધ તથા સ્વચ્છ જળ હોય, પણ જો તેને કાદવ, કીચડ કે દુર્ગંધવાળા ખરાબ પાત્રમાં નાખ્યું હોય, તો તે ગંધાઈ જાય છે, તેમ નિર્મળ ભાવપૂર્વક ન્યાયવિત્ત–સંપન્ન પદાર્થોનું દાન અધમ પાત્રને આપવાથી આત્મિક લાભની પ્રાપ્તિ થતી નથી. માટે પાત્ર પણું ઉત્તમ જોઇએ. આ વિશ્વમાં વિવિધ જાતના અનંત જીવોની કોટિમાં સર્વોત્કૃષ્ટ પાત્ર સત્પુરૂષ જ છે. સચ્ચિદાનંદ (સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રમય) રૂપ અવિનાશી એવું આત્મ તત્ત્વ જેના હૃદયમાં નિરાવરણપણે અપૂર્વ ભાવ (પ્રગટપણા) ને પામ્યું છે, તેને જ જ્ઞાનીઓ સત્પુરૂષ કહે છે. માસક્ષમણને પારણે માસક્ષમણના ઉપવાસો કરોડો વરસો સુધી કરતો હોય, બાહ્ય ત્યાગના હઠબળથી ઉત્કૃષ્ટપણે બાહ્ય ચારિત્ર(બાહ્યાચાર)પાળતો હોય; પણ જો અંતરમાં આત્મજ્ઞાન પ્રગટ ન થયુ હોય, તો તેને શાસ્ત્રકારો અજ્ઞાની કહે છે. સત્પુરૂષ તેજ છે કે જેને નિશદિન આત્માનો ઉપયોગ છે. અમ રો ગચ્છ, મત, વા સંપ્રદાય, અમારા શિષ્યો, આ અમારો ધર્મ અને આ તમારો એવી મમત્વ ભાવના તથા ભિન્નતા જેના હૃદયમાંથી નષ્ટ થયાં છે; ગમે તે દર્શન, ધર્મ–મત વા વેષ પ્રવૃત્તિ તરફ સત્ય–એજ જેને સ્વપણું સમજાયું છે, જગતના સર્વ ગચ્છ, મત અને દર્શનો પ્રત્યે જેની સમભાવ વૃત્તિ છે, દેહમૂર્ચ્છા અને જગદાકારવૃત્તિથી જે વિરક્ત થયેલ છે, શત્રુ–મિત્ર પ્રત્યે પણ જેને સમવૃત્તિ છે–એવી ઉત્કૃષ્ટ દશાધારક પુરૂષ જ સત્પુરૂષ કહેવાય છે. તેવા સત્પુરૂષને પ્રસન્નતા તથા નિષ્કામના સહિત ચિત્તની નિર્મળ ભાવના પૂર્વક સત્ય તથા ન્યાય સંપન્ન દ્રવ્યનું જે દાન કરવું–તેને જ્ઞાની ભગવાન્ સુપાત્રદાન કહે છે

પરમજ્ઞાની **બળભદ્ર** મુનિ જંગલમાં એકાંત રથળે રહેતાં અહોનિશ પ્રભુધ્યાનમાં જ નિમગ્ન હતા. શરીરના પોષણ માટે જંગલમાં ભિક્ષા મળે તો તે ગ્રહણ કરતા, નહિ તો અનાહારપણે આત્મધ્યાનમાં લીન રહેતા હતા. તેમના પવિત્ર ચારિત્ર અને આત્મિક શાંતિના પ્રભાવથી તે વનમાંના સિંહ, વ્યાઘ્ર, સર્પ, નોળીયા, બિલાડાં, ઉંદર, હરણ, ગાય–વિગેરે પશુઓ પોતાના વૈર–વિરોધને ભૂલી જઇ મહાત્માના અદ્‌ભૂત પ્રભાવથી સ્નેહમાં સાથે રમતાં રમતાં મુનિરાજ પાસે આવતાં હતાં. મહામુનિ તેમને અંતર્વિશુદ્ધિ થવા અર્થે ધર્મનો સદ્‌બોધ આપતા, જેથી પશુઓ અતિ પ્રસન્નતાને પામી આનંદ કલ્લોલ કરતાં હતાં. તેમાં એક સરળ સ્વભાવી હરણ, મહાત્મા પ્રત્યે બહુજ પ્રીતિ અને પૂજ્યભાવથી વર્ત્તતો હતો. મહાત્માના દર્શન તથા સમાગમથી પ્રસન્નચિત્તવાળો થઇ પરમ આનંદ પામતો હતો. સંતની સેવા માટે જંગલમાં મનુષ્યોને જવા આવવાના

રસ્તાઓ તરફ નજર રાખી વટેમાર્ગુને જોતો અને જો કોઇ વટેમાર્ગુ પાસે ખાવાનું ભાતું દેખે, તો તેનું વસ્ત્ર પકડી મુનિ પાસે લઇ જતો, વા મુનિના વસ્ત્રને પકડી સંજ્ઞા કરી વટેમાર્ગુ પાસે મહાત્માને લઇ આવતો હતો. મહાત્માને જોઈ વટેમાર્ગુઓ પોતાની પાસે ખાવાનું હોય, તે તેમને આપતા હતા. ગુરૂ-મહારાજને આહાર મળવાથી પોતાની સેવા સફળ થઇ જાણી હરણ અત્યંત આનંદ પામતો હતો.

એક સમયે એક સુતાર પોતાના પેટ પૂરતું ખાવાનું ભાતું લઇ તે વનમાં લાકડાં કાપવાને આવ્યો. ત્યાં ઝાડની એક મોટી ડાળને કાપતાં કાપતાં તે ઝાડથી છુટી પાડવાની તૈયારીમાં હતો. એવામાં 'આ સુતાર પાસે આહાર છે' એમ જાણી હરણ મહાત્માને સંજ્ઞા કરી ઝાડ પાસે લાવ્યો. થોડે છેટેથી શાંતમૂર્ત્તિ મહાત્મા મુનિને જોઇ પૂર્વના સંસ્કારથી સુતારના હૃદયમાં મુનિ પ્રત્યે પ્રેમ, ભક્તિ તથા પૂજ્યતા ઉત્પન્ન થયાં આવા મનુષ્યહીન ભયંકર જંગલમાં જંગમ તીર્થ (સાધુ) ને જોઇ અતિ પ્રસન્ન ચિત્તવાળો સુતાર હર્ષના આવેશમાં એકદમ ઝાડ ઉપરથી નીચે ઉતર્યો અને મુનિના ચરણકમળમાં નમસ્કાર કરી તેમના દર્શનથી પોતાનું શ્રેય માનનાર સુતારે આહાર માટે તેમને આગ્રહ કર્યો. સુતારના હૃદયની પ્રસન્નતા તથા નિર્મળ ભક્તિ જોઇ મુનિએ તેની પાસેથી આહાર લીધો. એવામાં કાપતાં કાપતાં થોડી લટકી રહેલ ડાળને પવનનો ઝપાટો લાગવાથી એકદમ તે તુટી પડી અને નીચે ત્યાં મુનિ, હરણ તથા સુતાર ત્રણે ઉભા હતા, ત્યાં તેમની ઉપર પડી. ઘણી જ વજનદાર ડાળના પડવાથી ત્રણે જણ સમાધિમય કાળ કરી એકાવતારીપણે ત્રણે સાથે પાંચમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા અને ત્યાંથી ત્રણે જણ મનુષ્ય-જન્મને ધારણ કરી પરમ પદ-મોક્ષસ્થાનને પામશે. અનર્ગલ રાજ્યઋદ્ધિ, સુંદર સ્વરૂપ, પતિવ્રતા સ્ત્રીઓ, હાથી, ઘોડા, રથ, નોકરોની સાહ્યબી, સ્વર્ગના વિમાન સમાન સુશોભિત મહાલયો, અનેક પ્રકારના સુખોની સામગ્રી વિગેરે છતાં ઋદ્ધિ, સિદ્ધિ અને સંપદાને ત્યાગી જંગલમાં જીંદગી વ્યતીત કરનાર, બાહ્ય તથા અભ્યંતર સંસારની ઉપાધિથી વિરક્ત થઇ નિઃસ્પૃહીપણે જીવન ગાળનાર, અહર્નિશ આત્મચિંતવન, પ્રભુભજન અને આત્મોપયોગમાં રમણ કરનાર, ક્ષુધા, તૃષા, શીત, તાપ વિગેરેના ભયંકર ઉપસર્ગો (દુઃખો) સહન કરનાર, સિંહ, વ્યાઘ્રાદિ ક્રૂર અને વિકરાળ પ્રાણીઓના અંતરમાં પણ શાંતિનું સામ્રાજ્ય ચલાવનાર અને જીંદગીભર ઉત્કૃષ્ટ ચારિત્ર પાળનાર સાધુ, જંગલમાં રહેનાર અન્ન પ્રાણી હરણ અને જીંદગીભરમાં જેણે સાધુદર્શનકે સત્સમાગમ કર્યો નથી, માત્ર

અત્યારે એક જ વખત મુનિને આહાર આપનાર સુતાર–એ ત્રણેની એક સરખી દશા ? ત્રણેનો એકજ સમયે કાળ ? ત્રણેનીં દેવલોકમાં તથા મોક્ષમાં પણ સાથેજ ગતિ ? કયાં ઉત્કૃષ્ટ ચારિત્ર પાળનાર મુનિ ? કયાં જંગલમાં જડપણે જીવન ગાળનાર હરણ ? અને કયાં જડમતિ સુતાર ? છતાં જે દશા મુનિએ અનેક કષ્ટો વેઠી જીંદગીભર ચારિત્ર પાળીને મેળવી, તે દશા હરણ અને સુતારે એક ક્ષણવારમાં મેળવી. આનું કારણ ? ત્રણેમાં એવો તે કયો સરખો ગુણ ઉત્પન્ન થયો કે ત્રણેની સરખી ગતિ અને સમાન દશા ? મુનિ, સુતાર તથા હરણમાં એક ગુણ ઉત્કૃષ્ટપણે એકસરખો એ હતો કે–દાન આપવા તથા લેવાના સમયે ત્રણેની આત્મિક વૃત્તિ અંતરપણાને પામી દેહાધ્યાસ બુદ્ધિ અને જગદાકાર–વૃત્તિનો અત્યંત નાશ થયો હતો. ઘણા વખતના તપસ્વી મહાત્માને આહાર શોધી આપવાની ભક્તિમાં ઉત્કૃષ્ટપણે હરણનું ચિત્ત પ્રસન્ન થવાથી આહાર આપનાર સુતારની ભક્તિનું અનુમોદન કરતાં મુનિ પ્રત્યેની ગુરૂભક્તિમાં એકાગ્રપણે–સ્થિરપણાને પામતાં 'આ વૃક્ષ ઉપરથી ડાળ પડશે અને અમે કચરાઇ જશું' એવો દેહભાવ જ ન હોવાથી મુનિભક્તિમાં પોતાનું દેહલક્ષ્ય ભૂલાઇ ગયું. પોતાના પેટપોષણ જેટલું લાવેલ અન્ન, તે મુનિને જોઈ આપવાને તૈયાર થયો. 'વનમાં રખડવાની તથા લાકડા કાપવાની મહેનત કરતાં મધ્યાન્હ સમય થતાં મને ખાવાનું જડશે' એવું લક્ષ્ય ભૂલી જઈ 'મુનિને આહાર આપી દઇશ, તો પછી હું શું ખાઇશ ? મહેનતથી પરિશ્રમિત અને ક્ષુધાતુર થયેલ હું આહાર વિના ઘેર કેમ પહોંચી શકીશ ?' એવો વિકલ્પ ન કરતાં સંસ્કાર–બળથી મુનિને દેખતાં જ તેના અંતરમાં પ્રીતિ અને પ્રસન્નતા પ્રગટ થતાં, ત્વરાથી ઝાડ ઉપરથી નીચે ઉતરી મુનિના ચરણમાં નમસ્કાર કરી પોતાની પાસે ખાવાનું હતું તે બધું આપી દીધું. ભિક્ષા આપતી વખતે ભક્તિ તથા ચિત્તની પ્રસન્નતા ઉત્કૃષ્ટપણે પ્રગટ થયેલ હોવાથી આ ઝાડની ડાળ પડશે, તો મારૂં મરણ થશે' એવી દેહમૂર્ચ્છા તથા બાહ્યદૃષ્ટિનો વિકલ્પ પણ ન થતાં એકાગ્રભાવમાં લીન થતાં દેહાધ્યાસ–બુદ્ધિ તથા જગદાકાર–વૃત્તિનો નાશ થવાથી આત્મસિદ્ધિ મેળવી શકયો.

જંગલમાં રહેનાર પશુની પણ આવી ગુરૂભક્તિ જોઈ તેનું શ્રેય કરવાની ભાવનામાં તથા 'આ સુતાર કે જે ગામમાંથી કેટલે દૂર વનમાં રખડી લાકડાં કાપતાં મહેનતથી થાકી ગયો છે, ક્ષુધાથી અશક્ત થઇ ગયો છે, છતાં ગુરૂભક્તિમાં પોતાનું શું થશે–તેનો અણુમાત્ર પણ વિચાર ન કરતાં પોતાનો આહાર મને આપે છે. આવા સરલસ્વભાવી અને ગુરૂપ્રેમી આત્માનું કલ્યાણ કેમ

કરૂં ?' એવી કરૂણામાં નિષ્કામ ભક્તિ કરનારા પવિત્ર ભક્તો તરફ કરૂણામાં એકાગ્ર થતાં આત્મભાવમાં સ્થિર થવાથી 'આ ઝાડની ડાળ નીચે તુટી પડતાં મારૂં મરણ થશે.' એ લક્ષ્ય લય પામી જતાં દેહાધ્યાસ–બુદ્ધિનો નાશ થઈ ગયો. એમ ત્રણેની એકાગ્રતા અને અંતરસ્થિરતા એક સરખી થઇ જવાથી સમાન દશા અને સમાન ગતિને પામ્યા.

ગમે તે સાધનથી ગમે તે કારણે કરીને કરવાનું એક જ એ છે કે–અનાદિ કાળથી દેહભાવ થઇ ગયો છે. દેહ–તે જ હું મનાયું છે, પાંચ ઇંદ્રિયોના વિષયોમાં ચિત્તવૃત્તિઓ રમી રહી છે, બાહ્યભાવ અને બાહ્યદૃષ્ટિમાં જ તલ્લીનતા થઈ ગઇ છે. અંતરજીવન શું ? આત્મજાગ્રતી કેમ થાય ? તેનું ભાન ભૂલી જઇ જગતના વિવિધ પદાર્થો, સ્ત્રી, ધન, કુટુંબાદિક પ્રત્યે મમત્વભાવના, તીવ્ર આસકિત અને તદાકારવૃત્તિ રમી રહી છે, તેવા પદાર્થોને મેળવવા તથા ભોગવવામાં જીવન વ્યતીત થયા કરે છે. તેના સંયોગે હર્ષ અને વિયોગે ખેદ થયા કરે છે. એ બધી પ્રવૃત્તિને દેહાધ્યાસ તથા જગદાકાર વૃત્તિ કહે છે, તેનો નાશ થાય. એજ આત્માનું પરમ કલ્યાણ છે. અર્થાત્ દેહાધ્યાસ–બુદ્ધિ તથા જગદાકાર–વૃત્તિ ભૂલી જઈ અંતરભાવમાં આત્મજાગ્રતિ તથા તત્ત્વરમણતા થાય એ જ કલ્યાણ છે. સત્પુરૂષની સેવા–ભક્તિથી આત્મજાગ્રતી ત્વરાથી થાય છે, જેથી સુપાત્રદાનની મહત્તા જણાયી છે. એ ભક્તાત્મા સુતારના દૃષ્ટાંતથી સમજી શકાશે કે તેના ચિત્તની ઉત્કૃષ્ટતા અને પ્રસન્નતા કેવી હતી. સામાન્ય રીતે પણ મુનિ મહાત્માને જોઇ ચિત્ત રાજી થાય છે પણ તેને પ્રસન્નતા કહેતા નથી. પરંતુ ગુરૂ સમાગમથી તેની ભક્તિમાં સર્વભાવ વિલીનતાને પામી એવી એકાગ્રતા થાય કે–તે સમયે પોતે કયાં છે ? જગત શું છે ? દેહ શું છે ? તેનું લક્ષ્ય જ ન રહે. પરમાત્માની પૂજામાં તિલક કરતી વખતે પોતે રાજી તો હોય, પણ તે સમયે કોઇ તેની વીંટી કે કેડ ઉપર રહેલ કંદોરામાં હાથ નાખે અથવા તો મચ્છર કે કીડી ચટકો મારે ત્યાં જ પૂજનનું લક્ષ્ય ભૂલાઈ જઇ ચમકી જાય; અર્થાત્ દેહ તરફ લક્ષ્ય જાય ત્યાં પ્રસન્નતા કહી શકાય નહીં, પરંતુ ગુરૂભક્તિમાં સમસ્ત વિશ્વભાવ તથા વિશ્વાકાર વૃત્તિનો નાશ થઇ એકાગ્રપણે રહે–તેને ચિત્ત પ્રસન્નતા કહે છે. તેવી પ્રસન્નતા ઉત્કૃષ્ટપણે હતી, તેમજ વિત્ત પણ પોતે મજુરી કરી ઉપાર્જેલ સાચી કમાણીનું હતું, કુડ–કપટ તથા અનીતિ રહિત હતું અને પાત્ર પણ ઉપર જણાવ્યા પ્રમાણે સત્ (આત્મ–સ્વરૂપ)ની પ્રાપ્તિ થયેલ, પરમજ્ઞાની, સર્વોત્તમ, સત્પુરૂષ હતા. દાન આપવામાં કોઈ જાતની સાંસારિક સુખેચ્છા રાખવામાં આવી ન હતી, પણ

નિષ્કામ ભાવનાજ હતી. તેથી એક જ વખતના અલ્પ દાનથી પણ અનંત ભવ-ભ્રમણથી મુકત થઇ એક ભવે જ પરમપદ (મોક્ષ) ની દશાને પામી શકયા. દાનાદિક સાધનોથી સત્પુરૂષની ભકિત કરવી એ આત્મિક દશાનું ઉત્તમ કારણ છે. **તનની, મનની, વિત્તની** અને **પ્રણિપત્તિ** એમ ચાર પ્રકારે સત્પુરૂષની સેવા થાય છે. ચાર પ્રકારમાં પણ સર્વોતમ સેવા ધર્મ ચતુર્થ પ્રણિપત્તિમાં જ રહેલ છે. પ્રણિપત્તિને લઇ ત્રણેની સાર્થકતા છે. પ્રણિપત્તિ વિના ત્રણે સેવાઓ નિષ્ફલપણાને પામે છે. **તનની**–શારીરિક ભકિત, શરીર સાધનથી સત્પુરૂષની વિનયાદિ ભકિત કરવી તે, **મનની**–માનસિક ભકિત, તન, ધન, કુટુંબાદિ માયિક પદાર્થો કરતાં સત્પુરૂષ પ્રત્યે તથા તેમના સદ્બોધ પ્રત્યે અધિકતર પ્રીતિ–પ્રસન્નતા–ઉલ્લાસવૃત્તિ રહે તે, **વિત્તની**–આર્થિક ભકિત, સત્ય તથા નીતિની કમાણીથી નિષ્કામ પણે ગુરૂની સેવામાં વસ્ત્ર, પાત્ર, આહાર, વસતિ વિગેરે તથા પ્રભુની સેવા–ભકિતમાં પોતાનો વ્યય તે, **પ્રણિપતિ**–આજ્ઞા, સત્પુરૂષની જેવી આજ્ઞા હોય તેજ પ્રમાણે વર્ત્તન કરે. પોતાની વૃત્તિને અનુસરતી આજ્ઞા ઉઠાવે તેનું નામ આજ્ઞા–ધર્મ નથી, પણ વૃતિપોષણ રૂપ સ્વચ્છંદતા છે. સત્પુરૂષની જેવી આજ્ઞા હોય તે પ્રમાણે આજ્ઞાકારે વૃત્તિને રાખે તેજ આત્મશ્રેયનું કારણ છે. હેય, જ્ઞેય અને ઉપાદેય એ ત્રણ તત્ત્વો છે. ત્યાગવા લાયક પદાર્થો તથા પ્રવૃત્તિઓ શું છે ? જાણવા લાયક શું છે ? તેમજ આદરવા લાયક શું છે ? તે માત્ર શબ્દાર્થ પણે જાણવાથી વા બોલવાથી તત્ત્વની પ્રાપ્તિ થતી નથી. આદરવા લાયક તત્ત્વો પ્રત્યે ઉદાસીનતા (ઉપેક્ષા) હોય અને ત્યાગવા લાયક જે દોષો કહ્યા હોય, તે દોષોમાં જ જીવન વ્યતીત થતું હોય, છતાં પામર આત્માઓ કહે છે કે ' અમોને તત્ત્વનું જ્ઞાન છે ' એ કેટલી બધી અજ્ઞાનતા છે ? અગ્નિને અડવાથી બળીએ છીએ એવી દ્રઢ પ્રતીતિ છે તો સ્વપ્નાંતરે પણ વિકલ્પ થતો નથી કે અગ્નિને અડવાથી બળશું એ વાત સાચી હશે. કે કેમ ? માટે અગ્નિને અડી જોઉં–એવી અણુમાત્ર પણ કલ્પના થતી નથી. તેમ વિષય, કષાય તથા રાગદ્વેષાદિક શત્રુઓ આત્માનો ઘાત કરનાર છે, એમ જો યથાર્થ રીતે જાણ્યું હોય, તો તેવા દોષ તરફ સ્વપ્નાંતરે પણ વૃત્તિ દોરાય નહિ, તેને તત્ત્વજ્ઞાન કહે છે. તેનું નામ સાચી શ્રદ્ધા છે. મહાસતી સીતાજીએ અગ્નિમાં પ્રવેશ કરતી વખતે એવો વિકલ્પ કર્યો હોત કે–' આ જાજ્વલ્યમાન અગ્નિમાં પડતાં વખતસર બળી જઇશ તો ?' એવો વિકલ્પ થયો હોત તો અવશ્ય બળીને ભસ્મીભૂત થઇ જાત. તેમ કેટલાક સંપ્રદાય મોહથી મતિહીન થયેલ, સત્ય તત્ત્વને ન જાણનાર અજ્ઞાની જીવો કહે છે કે–" શાસ્ત્રની

વાતમાં આપણને ખબર ન પડે, કેવળી ભગવંત જાણે, આપણે શું જાણીએ? ભગવાને કહ્યું તે સાચું." જુઓ, મુગ્ધ લોકોની કેવી પામર દલીલ? કેવળી જાણે. કેવળી શું જાણશે? હવે તેમને જાણવાનું બાકી કંઈ રહ્યું છે? નહિ જ. તે તો સર્વજ્ઞ ભગવાન્ સર્વ જાણી ચુકયા છે, શાસ્ત્ર કેવલીને જાણવાને માટે નથી, પણ આપણને જાણવાને માટે છે. માટે 'કેવળી જાણે' એવું કહેનારા મૂર્ખ લોકો પોતાના દોષનો બચાવ કરી છટકવા પામે છે. અલબત્ત, જે વાત સર્વજ્ઞ ભગવાન વિના બીજાથી જાણી શકાતી જ ન હોય, તેવી વાત જાણવાનું જે કેવળીને ભળાવતા હોય, તો તે ઉચિત છે, પણ જે પોતે જરાક બળ કરે, સામો પુરૂષાર્થ કરે, તો પોતે જાણી શકે અને બુદ્ધિગમ્ય થઇ શકે, તેવી વાતમાં પણ કેવળી જાણે? તારૂં આત્મકલ્યાણ કેવળીના જાણવાથી થશે કે તારા જાણવાથી? કેવળીના જાણવાથી બીજા જીવોનું કલ્યાણ થતું હોય, તો બીજાઓને ધર્મધ્યાન કરવાની માથાકુટ શા માટે કરવી પડે? માટે પોતે જાણવાને શક્તિમાન્ થશે, સત્ય જાણવાને પુરૂષાર્થ ફોરવશે અને આત્મબળને જાગ્રત કરશે, ત્યારે જ પોતાનું શ્રેય થશે. આપણને જાણવા માટે જ જ્ઞાનીઓએ શાસ્ત્રો લખ્યાં છે. સતી સ્ત્રી પોતાના પતિના નામે અગ્નિને શીતળ, ઝેરને અમૃત કરી પી જાય અને સર્પને ફુલોની માળા બનાવે, ત્યારે પરમાત્માનું ભજન, સ્મરણ કે પૂજન કરનાર સર્પને દશ હાથ છેટે દેખતાં જ ભયભીત થઇ 'હાય મને કરડશે તો?' એવી શંકાથી ભાગતો ફરે, તેમાં પ્રભુના વચન ઉપર શ્રદ્ધા ક્યાં રહી? પ્રભુએ કહ્યું તે પ્રમાણે વર્તનારને પ્રભુના વચન ઉપર શ્રદ્ધા છે, પણ 'પ્રભુએ કહ્યું તે સાચું' એમ ફોનોગ્રાફની માફક બોલનારનું કલ્યાણ થતું હોય, તો તેટલા શબ્દો ફોનોગ્રાફમાં ઉતારીએ, એટલે તે પણ બોલ્યા કરે છે, માટે તેનો પણ મોક્ષ થવો જોઇએ. અર્થાત્ બોલનારને શ્રદ્ધા છે—એમ કહી શકાય નહિ. 'પ્રભુએ કહ્યું તે સાચું' એમ તો બધા બોલે છે. દિગંબરો, શ્વેતાંબરો, સ્થાનકવાસી, ગચ્છ, મત કે દર્શનવાળા બધા કહે છે કે—'પ્રભુ કહે તે સાચું.' પણ પ્રભુ શું? તેણે શું કહ્યું છે? તેને યથાર્થ સમજી ત્યાગવા યોગ્ય કષાયાદિ દોષોનો ત્યાગ કરવો, આદરવા યોગ્ય સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રમાં જ રમણ કરે અને જાણવા યોગ્ય સમસ્ત વિશ્વના ભાવને સમપરિણામે નિર્લેપપણે ઉપયોગપૂર્વક જાણે તે તત્ત્વ ઓળખાણ તથા સાચી શ્રદ્ધા કહેવાય છે. તેવી સાચી શ્રદ્ધાપૂર્વક સત્પુરૂષે જે પ્રમાણે આત્મશ્રેય થવાની અને કર્માવરણો છોડવાની આજ્ઞા કરી હોય, તેજ પ્રમાણે વર્તે—તેને પ્રણિપત્તિ—આજ્ઞા વા સેવા કહી છે. સત્પુરૂષ તથા સેવાના સ્વરૂપને યથાર્થ ઓળખવાથી સેવા

કરનારનું શ્રેય થાય છે. પણ ગાડરીયા ટોળાની માફક **'गतानुगतिको लोकः'** એ રીતે દેખાદેખીથી સેવા કરનાર વા દાનાદિક આપનાર પરમાર્થ–માર્ગને સમજી કે પામી શકતો નથી. નીતિશાસ્ત્રમાં પણ કહ્યું છે કે—

" विचारेण कृतं कार्यं फलसिद्धिर्भविष्यति. "

વિચારપૂર્વક કાર્ય કરવાથી જ ફલસિદ્ધિ થાય. દાન શું ? કેવું દાન ? તે કેવી રીતે અને કેવા પાત્રને આપવું ? તેનો વિચાર કર્યા વિના 'અમુક મહાત્માને અમુક માણસે દાન આપ્યું, તેથી તેનો મોક્ષ થયો, તેમ હું પણ દાન આપીશ, તો મારો પણ મોક્ષ થશે.' એમ કલ્પના ઉત્પન્ન કરી દાનાદિક આપનારને પરમાર્થ–માર્ગની પ્રાપ્તિ થઇ શકતી નથી. તેના ઉપર એક દૃષ્ટાંત આપી દાન–અધિકારને સમાપ્ત કરવામાં આવશે.

સૂર્યપુર નામના નગરમાં વિશુદ્ધ ચારિત્ર પાળનાર, પરમયોગી, શાંતમૂર્ત્તિ, પરમજ્ઞાની **યોગેંદ્ર** નામે એક સાધુ મહાત્મા મધ્યાન્હ સમયે ભિક્ષા લેવાને માટે ફરતા ફરતા એક ગૃહસ્થના ઘરમાં ગયા. જે ઘરમાં પરમપવિત્ર, ધર્મરાગી, સદાચારી, પતિવ્રતા, સુશીલા–એવી એક સતી શ્રાવિકા હતી. યોગમૂર્ત્તિ યોગેંદ્ર મહાત્માને જોઇને તે પરમ હર્ષિત અને પ્રસન્ન ચિત્તવાળી થઇ, સાત આઠ ડગલાં મહાત્માની સામે જઇ, પ્રદક્ષિણા આપી, વિધિપૂર્વક વંદન કરી મહાત્માના આગમન ને દર્શનથી **'अद्य मे सफलं जन्म अद्य मे सफलं दिनं'** એ રીતે પોતાના જન્મ તથા દિવસને સફળ થયો જાણી પોતાના આત્માને સાર્થક માનતી, અમીની મેઘવૃષ્ટિ, મોતીના મેહુલા તથા સુવર્ણનો સૂર્યોદય થતાં જે હર્ષ થાય, તે કરતાં પણ અગણિત હર્ષના અપાર આનંદથી ઉછળતી સતી સાધ્વી, મુનિરાજને ભિક્ષા આપવા માટે ઘરમાં ગઈ. ત્યાં તે વખતે બીજું તો કાંઇ ન હતું, પણ માત્ર એક મોદક (લાડુ) હતો, તે લેવાને માટે ગુરૂદેવને તેણે વિનયથી વિનંતી કરી. મહાત્માને મોદક લેવાની લેશ પણ ભાવના ન હતી, છતાં પવિત્ર સતીના અત્યાગ્રહથી તેના ભક્તિમય હૃદયને શાંત કરવા માટે મુનિએ અર્ધ મોદક લીધો અને આત્મકલ્યાણરૂપ તેને ધર્માશિષ આપી. પવિત્ર સતીની અત્યુગ્ર નિષ્કામ ભક્તિના પ્રભાવથી અને યોગી મહાત્માનાં પુનિત પગલાંથી દેવતાએ સાડી બાર કરોડ સુવર્ણ (સોનામહોર) ની વૃષ્ટિ કરી, અહા ! ધન્ય છે એ મહાત્માના પવિત્ર ચારિત્રને ! અને ધન્ય છે મહાસતીની નિષ્કામ ભક્તિને ! આ વખતે એક નિરાશ્રિત ગરીબ ભિખારી રોટલાના ટુકડા માટે આજીજીથી પોતાના પામર જીવનને ધારણ કરતો અને ધરોધર રખડતો તેજ

મહાસતીના બારણે આવીને ઉભો હતો. તે મહાત્માને મોદક માટે આગ્રહ કરનાર સતીને જોઇ વિચારમાં પડ્યો કે–'આ શું? આવા મોટા શહેરમાં સવારથી સાંજ સુધી હું ઘેર ઘેર રોટલાનાં ટુકડા માટે રખડું છું, લોકોના ધક્કા અને તિરસ્કાર ખમું છું અને રખડવાના પરિશ્રમથી પગ થાકીને સુજી જાય છે, છતાં પેટ-પૂરવા જેટલા સુકા રોટલાના ટુકડા પણ મળતા નથી. જ્યારે આ મહાત્મા પણ ભિક્ષા અર્થે નીકળ્યા છે, તેને લોકો દુધ, દધિ, ઘૃત તથા મિષ્ટાન્ન વિગેરે પરાણે તેના પાત્રમાં નાંખી દે છે, તથા લેવા માટે આગ્રહ કરે છે. હું પણ જો આના જેવો વેષ ધારણ કરી સાધુ બનું, તો ભુખની પીડા મટી જાય અને સારો સારો સ્વાદિષ્ટ ખોરાક ખાવાની મજાહ પડે.'

સતીના મહાલયની સામે એક વેશ્યાનું મકાન હતું. સાધુમહાત્માને અર્ધ મોદકનું દાન આપતાં સાડી બાર કરોડ ચળકતી સોનામ્હોરની વૃષ્ટિ, તેણે પોતાના ઝરૂખામાં બેસીને જોઇ લીધી અને આશ્ચર્ય પામતાં વિચારમુગ્ધ બની ગઇ. 'અહા! આ શો ચમત્કાર? પૈસા મેળવવાને નીચ કૃત્યો કરી આખી જીંદગી બરબાદ કરતાં પણ મનમાનતું ધન ન મળ્યું અને લોકોમાં તિરસ્કારને પાત્ર બની. જ્યારે આ સહેલો અને સરલ ઉપાય અદ્યાપિ પર્યંત મારા જાણવામાં આવ્યો જ નથી. સાધુને મોદક આપવાથી સાડી બાર કરોડ સોનામ્હોરની વૃષ્ટિ? અધધધ! અહાહા! સાત પેઢી સુધી બેઠે બેઠે ખાતાં પણ ખુટે નહિ. એટલું પુષ્કળ દ્રવ્ય માત્ર મોદક આપવાથી પ્રાપ્ત થયું. આટલા દિવસ આ કમાણીના સરલ અને સુંદર માર્ગની ખબર પણ ન પડી. અસ્તુ! 'ભૂલ્યા ત્યાંથી ફરીને ગણો' એ કહેવત પ્રમાણે હવે આ ઉપાય તુરતમાં સાધવાની જરૂર છે.' એમ વિચારી બદામ, પસ્તા, દ્રાક્ષ, જાયફળ તથા જાવંત્રી વિગેરે ઉંચામાં ઉંચો મસાલો નાખી પાંચ સાત મોદક બનાવીને તૈયાર કર્યા મધ્યાન્હ સમયે ભિક્ષા વખતે પોતાના મકાનના ઝરૂખામાં બેસીને ચારે તરફ જોવા લાગી કે–'જો કોઇ સાધુ મહાત્મા ભિક્ષા અર્થે ફરતા દેખાય તો આગ્રહ કરીને ઘરે તેડી લાવું.'

એક દિવસે પેલા ભાઇશ્રી (ભિખારી) કે જે બે ચાર દિવસ સાધુ મહાત્મા સાથે તેના આચાર, વિચાર તથા વેષ પહેરવાની ઉપર ઉપરથી રીત-ભાત જાણી, માથું મુંડાવી, વેષ પહેરી સાધુના જોઇતાં કેટલાંક ઉપકરણો મેળવી સાધુ બન્યા હતા, તેઃ—

> "દાઢી મૂછ મુંડાવીને, વરવું કીધું મુખ;
> *સંસારની શોભા સઘળી ગઇ, પણ સીરાવ્યાનું તો સુખ.*"

એ રીતે સાધુવેષ સજી ભાઇસાહેબ ભિક્ષા અર્થે ફરતા પ્રથમ પેલી વેશ્યાની દૃષ્ટિએ પડ્યા. વેશ્યાના અત્યાગ્રહથી ભિક્ષા લેવા ત્વરિત થઇ અત્યાનંદ પૂર્વક તેના મકાનમાં દાખલ થયા. સાધુને જોઇ પ્રસન્ન થયેલી વેશ્યા તેને વંદન અને પ્રદક્ષિણા કરી ઘરમાંથી સુગંધી અને સ્વાદિષ્ટ લાડુ લાવી. મનમોહક મોદકને જોઇ પેલા વેષધારી સાધુ તો રાજી રાજી થઇ ગયા. દાઢમાં પાણી છુટયું અને લાડુ ખાવા માટે તેનું મન તલપાપડ થઇ રહ્યું.

"ધરાયેા જાણે ખાઇશ નહિ, અને ભૂખ્યેા જાણે ધરાઇશ નહિ" એ કહેવત પ્રમાણે પેાતાની ઝેાળીમાંથી એક મેાટું રામપાત્ર કહાડી લાડુ લેવા નીચે ધર્યું. પણ "વૈદ્ય વેશ્યા વકીલ ને યતિ, જેનેા સંગ ન કીજે રતિ" એ રીતે પેલી વેશ્યા પણ પહેાંચેલ ખુટ્ટી હતી. 'એકદમ લાડવેા નાખતાં સુવર્ણ–વૃષ્ટિ ન થાય, તેા મકૃતનેા લાડવેા ગુમાવી બેસવાનું થાય.' એમ જાણી સાધુના પાત્રા ઉપર એક બે હાથ છેટે લાડવેા પેાતાના હાથમાં ધરી રાખીને આકાશ તરફ જોવા લાગી કે–'જો કેાઇ દેવતા સેાનારૂપાની વૃષ્ટિ કરવા આવતેા દેખાય, તેા લાડવેા પાત્રમાં તરત નાખી દઉં, નહિ તેા મકૃતનેા મેાદક કાં ગુમાવું?' દશ પંદર મિનીટ થવા આવી પણ ઘરમાં સુવર્ણની વૃષ્ટિ ન પડે અને પાત્રમાં લાડુની વૃષ્ટિ ન પડે. છેવટે ભિખારી ઉભેા ઉભેા થાકી જવાથી વિચાર કરવા લાગ્યેા કે–'આ વેશ્યાએ સાધુની ભક્તિ માટે ભિક્ષા તૈયાર કરી નથી, પણ ચળકાટથી ઝગમગતી સુવર્ણવૃષ્ટિને જોઇ 'દેખ્યું પીળું અને મન થયું છે શીળું' તેથી આને સુવર્ણવૃષ્ટિનેા મેાહ છે, તેમ મેં પણ આત્મશ્રેય કરવા સાધુવેષ લીધેલ નથી, પરંતુ પેટ ભરવા લીધેા છે, તેથી બંનેનેા સ્વાર્થ છે. ક્યાં મહાસતીની નિષ્કામ ઉત્કૃષ્ટ ભક્તિ? અને ક્યાં આ કુલટાની સ્વાર્થિક વૃત્તિ? તેમજ કયાં એ મહાત્માનું નિર્મળ ચરિત્ર? અને ક્યાં આ પેટ ભરવાના પ્રપંચ? 'જસલેા જોગી અને માલી મકવાણી' એ કહેવતની માફક મારૂં અને આ દુષ્ટાનું જોડું તેા સરખું બન્યું છે, આમાં કેાઇનું કાંય થાય તેમ લાગતું નથી. નસીબ જ્યાં જાય, ત્યાં બે ડગલા આગળને આગળજ છે. આખા શહેરમાં રખડી રખડીને ભુખે મરી જતેા, તથાપિ પેટપુરતુ મળતું ન હતું, ત્યારે મસ્તક મુંડાવી મહારાજ બન્યેા, તેા પણ દુઃખની દશા તેા તેવી ને તેવીજ રહી. ઉભા ઉભા પગ દુખવા આવ્યા, લાડવાને જોઇ ઉલટા ગલગલીયાં થાય છે, અને દાઢમાં પાણી છુટે છે, છતાં લાડવેા મળવેા મુશ્કેલ છે. વેશ્યાને દેખવું ને દાઝવું થયું છે. છેવટે તેણે કંટાળીને વેશ્યાને કહ્યું કે—

" ઓ સાધુ ઓ શ્રાવિકા, તું વેશ્યા મેં ભાંડ;
તેરે મેરે ભાગ્યસેં, પત્થર પડશે રાંડ. "

અલી વેશ્યા! એ નિર્મળ ચારિત્રવાન્ સાધુ મહાત્મા અને નિષ્કામ ભક્તિ કરનાર મહાસતી જુદી, આ તો તું વેશ્યા અને હું ભાંડ (ભીખારી) અને સરખા મળ્યા છીએ. માટે સુવર્ણની વૃષ્ટિ તો બાજુ પર રહી, પણ વખતસર પત્થરની વૃષ્ટિ પડશે, તો માથું ફુટી જશે. માટે ભલી થઇ લાડવો આપવો હોય તો આપ, નહિ તો ચાલ્યો જાઉં. હવે તો ઉભા રહીને પગ પણ થાકયા અને દુખવા આવ્યા છે. તે સાંભળી વેશ્યા બોલી કે—' મહારાજ! સુવર્ણની વૃષ્ટિ માટેજ મહેનત અને ખરચ કરી મોદક બનાવ્યા છે, જો સુવર્ણની વૃષ્ટિ પડે તો ત્રણના તેર આપું, નહિ તો ખાઇને મારૂં પેટ ઠારીશ. એવો મફતનો માલ કયાં રસ્તામાં પડ્યો છે કે તરત લઇને તું ચાલતો થાય? તારાં પગલાંથી સુવર્ણની વૃષ્ટિ ન થાય તો પકડ રસ્તો. આ સ્વાદિષ્ટ માલ મફત મળે તેમ નથી. ' આ સાંભળીને બિચારો ભિખારી ઘોએ મ્હોડે ચાલ્યો ગયો.

જેમ દેખાદેખીથી દાન શું? તે કેમ આપવું? અને કેવા પુરૂષને આપવું? તે ન જાણવાથી વેશ્યા તથા ભીખારીની જેવી દશા થઇ, તેવીજ દશા, ખરૂં સ્વરૂપ ન સમજનારા હજારો અને લાખો રૂા. નું દાન કરતાં છતાં થતી જણાય છે. માટે દાનના યથાર્થ સ્વરૂપને સમજી, સત્પુરૂષને અંતર્દૃષ્ટિથી ઓળખી, ચિત્ત, વિત્ત તથા પાત્ર–એ ત્રણે સ્થિતિના સ્વરૂપને જાણી ત્રણ પ્રકારનું સ્વરૂપ જણાવ્યું તે પ્રમાણે દાન આપનારની આત્મસિદ્ધિ થાય છે.

શીલ પ્રકરણ—

(૨) ભેદ શીલ (સદાચાર).

' आचारः प्रथमो धर्मः ' આચાર–એ મનુષ્યનું પ્રથમ જીવન યાને ખરો ધર્મ છે. કહ્યું છે કે—

" शीलं प्राणभृतां कुलोदयकरं शीलं वपुर्भूषणं,
शीलं शौचकरं विपद्भयहरं दौर्गत्यदुःखापहम् ।
शीलं दुर्भगतादिकंददहनं चिंतामणिः प्रार्थितो,
व्याघ्रव्यालजलानलादिशमनं स्वर्गापवर्गप्रदम् " ॥

શીલ—એ મનુષ્યને બળવાન્ શસ્ત્ર છે. લોહશસ્ત્રના બળને પણ શીલ–શસ્ત્ર હરાવી શકે છે. જેના અંતરમાં શીલ–શસ્ત્ર રમી રહ્યું છે, તેની પાસે

હજારો બંદુકો તથા તરવારોનું બળ પણ તૃણવત્ બને છે. જેથી શીલ, પ્રાણને ધારણ કરવામાં બળવાન્ સાધન છે. કુળને દીપાવવામાં શીલ દીપક સમાન છે. શરીરનું તે એક દિવ્ય આભૂષણ છે, જળથી જેમ શરીરની શુદ્ધિ થાય છે, તેમ શીલના પ્રભાવથી અંતઃકરણ વિશુદ્ધ બને છે. મહા આપત્તિ તથા ભયાનક સમયમાં શીલ–એ બાંધવ સમાન સહાયક છે. તે દુર્ગતિના દુઃખનો નાશ કરનાર છે. અગ્નિ જેમ મૂળને બાળી નાંખે છે, તેમ શીલરૂપ અગ્નિના પ્રતાપથી અસદ્ભાવ, અસત્પ્રવૃત્તિ તથા અશુભ ઉદયરૂપ દુર્ભાગ્યતાના મૂળનો નાશ થાય છે. તપસ્યાના યોગથી ચિંતામણિ રત્નને સાધ્ય કરવાથી તે રત્નનો અધિષ્ઠિત દેવતા મનોવાંછિત પદાર્થોને આપે છે, અર્થાત્ ચિંતામણિરત્ન પૌદ્ગલિક સુખ અને જડ પદાર્થોની સમૃદ્ધિને મેળવી આપે છે, જ્યારે શીલરૂપ ચિંતામણિરત્નના દિવ્ય પ્રતાપથી વ્યાઘ્ર, સિંહ, સર્પ, અગ્નિ, જળ વિગેરેના ઐહિક વિઘ્નો તથા કર્માવરણરૂપ આપત્તિનો નાશ થવાથી સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. કેટલાક લોકો શીલ–શબ્દથી **શીયળ** (બ્રહ્મચર્ય) સમજે છે, પણ શીલનો અર્થ **આચાર** થાય છે, તેમાં બ્રહ્મચર્યનો પણ સમાવેશ થાય છે, તેની સાથે બીજા પણ આચારો રહ્યા છે. અર્થાત્ અનેક આચારોનું ગુંથન–તેને શીલ કહે છે.

આચાર એટલે શું ? જનસમાજમાં ઘણે ભાગે એવી માન્યતા ચાલે છે કે–સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, પૂજા, દાન, તપ, બાહ્ય શીયળ, સંધ્યાપૂજન તથા યજ્ઞ વિગેરે કુલાચારપણે ચાલી આવતી બાહ્ય ક્રિયાને સદાચાર કહે છે. પણ એમ માનનારની ભૂલ થાય છે. બાહ્ય ક્રિયા–તે સદાચાર નથી, પણ સદાચાર ઉત્પન્ન થવાનું સાધન છે. સાધ્ય હોય તો સાધનનો સમાવેશ થઇ જાય છે, પણ સાધન હોય, ત્યાં સાધ્ય હોય જ–એમ બનતું નથી. હોવાનો સંભવ છે, હોય પણ ખરૂં વા ન પણ હોય. ધારેલ ગામના માર્ગે જતાં અશ્વ કે હાથીના સાધનનું અવલંબન લઇ માર્ગ સન્મુખ ગામ જવાનું લક્ષ્ય રાખી ગતિ કરે, તો તે ગામ પહોંચવામાં અશ્વ કે હસ્તી વિગેરે નિમિત્ત સાધનભૂત થાય છે; પરંતુ ગામ જવાના લક્ષ્યને ભૂલી જઇ હાથી કે ઘોડાના સાધનમાં જ મહત્તા વા સાધ્યતા માની તેમાંજ મોહિત થઇ જાય તો જેમ ગામ પહોંચવાના સાધ્ય (કાર્ય)થી ભ્રષ્ટ રહે છે, તેમ સામાયિકાદિ સત્ક્રિયાઓ–તે સાધન છે. તેનાથી સમભાવ–દશા, પાપનિવૃત્તિ, આત્મપોષણ, અંતરશુદ્ધિ, આત્મિક જાગ્રતિ, ઇચ્છા નિરોધ, સમ્યગ્ધ્યાન વિગેરે જે આત્મગુણો છે, તેની પ્રાપ્તિ માટે ઉપરોક્ત સામાયિકાદિ નિમિત્તો–તે સાધન છે. સાધ્યને લક્ષ્યમાં રાખી સાધ્યની સિદ્ધિ થાય તેવી સ્થિતિ પૂર્વક સાધનનું સેવન થાય તો સાધન સાર્થક છે અને તેમાં

સદ્‌વ્યવહાર કારણ વિગેરે રહે છે. પણ હાથી, ઘોડામાં મોહિત થવાની જેમ સામાયિકાદિ સાધનો–તેજ સદાચાર છે, તેજ ધર્મ છે–એમ માની તેમાંજ કલ્યાણની માન્યતા કરી અટકી પડે, તો સદ્‌ગુણ તથા સન્માર્ગથી ભ્રષ્ટ રહે છે. જેમ એક માણસને ઘેર પહોંચવાનું છે, ઘેર જવું એ નિશ્ચય (કાર્ય) છે, ગમનક્રિયા (ચાલવું) કરવી તે કારણ, સાધન કે વ્યવહાર છે, પણ જે દિશામાં ઘર છે, તે દિશાને લક્ષ્યમાં રાખી ઘર ભણી ચાલે તોજ તે કહી શકાય, પરંતુ પૂર્વ દિશામાં ઘર હોય અને પશ્ચિમ દિશામાં ચાલે તો તે ચલનક્રિયા થઈ. ચાલવાનું કારણ સેવવામાં આવ્યું પણ કાર્ય વિમુખ કારણ–સેવનથી જ્ઞાનીઓ તેને વ્યવહાર નહિ પણ વ્યવહારાભાસ (મિથ્યા પ્રવૃત્તિ) કહે છે. તેમ સાધ્યના લક્ષ્યપૂર્વક સાધન ન સેવતાં સાધનમાંજ ધર્મ મનાઇ જવાથી તે વ્યવહાર–આભાસ રૂપે પરિણમી નિષ્ફલતાને પામે છે.

આજકાલ જૈનમાં સામાયિકાદિની સ્થિતિ પણ લક્ષ્ય વિનાના બાણના જેવી થઇ પડી છે. બારાક્ષરી તથા ૧–૧૦૦ સુધીના આંક ભણ્યા વિના પુસ્તકનો અભ્યાસ થઇ શકતો નથી, તેમ પ્રથમની દશા મેળવ્યા વિના ઉપરની દશા પણ દેખાવરૂપ મિથ્યા હોય છે. સામાયિક, પ્રતિક્રમણાદિ પાંચમા ગુણસ્થાનકની ક્રિયા છે, તેવી ક્રિયા કરનારની જીંદગી વ્યતીત થાય છે, છતાં પ્રથમ ગુણસ્થાનક કે ચોથા ગુણસ્થાનકની દશા શું ? તે કેમ પ્રાપ્ત થાય ? તેનું પણ જેને ભાન નથી. ચોથા ગુણસ્થાનકને સમ્યગ્દશા (આત્મજ્ઞાન) કહે છે, આત્મજ્ઞાન થવામાં પ્રથમ ગુણસ્થાનક સાધન છે, જેમાં ન્યાયસંપન્ન વિભવ, શિષ્ટાચાર પ્રશંસા, પાપભીરૂતા, વ્યવહારકુશળતા, સમયજ્ઞતા, (સમયના જાણનાર) વિગેરે ઉત્તમ પાંત્રીશ ગુણો, અંતરત્યાગ, સ્વરૂપભક્તિ, જ્ઞાનગર્ભિતવૈરાગ્ય તથા મુમુક્ષુદશા આવે ત્યારે માર્ગાનુસારી, જિજ્ઞાસુ કે સાધનસંપન્ન કહી શકાય છે. આવી દશા મેળવી, સત્પુરૂષને અંતરદૃષ્ટિથી ઓળખી, દેહાધ્યાસબુદ્ધિનો લય કરી, દેહથી ભિન્ન આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરી સમ્યક્ત્વને પામે છે. સમ્યક્ત્વ પામ્યા પછી જેમ જેમ આત્મસ્વરૂપમાં રમણતા અને સ્થિરતા થાય છે, તેમ તેમ વૃત્તિઓ વિરામ પામવાથી સામાયિકાદિ સત્ક્રિયાઓ તથા બાર વ્રતાદિ દશાઓને પામે છે. ઉપરોક્ત કહેલ ન્યાયસંપન્ન વિભવ વિગેરે પાંત્રીશ ગુણો તથા ત્યાગ વૈરાગ્યાદિ સાધનો પામ્યા વિના, સમ્યક્ત્વ થયા વિના, તેમજ પ્રાણાતિપાત વિરમણ વ્રતથી અનર્થદંડ વિરમણવ્રત–એ આઠ વ્રતોની દશા ઉત્પન્ન કર્યા વિના સામાયિક વ્રત (જે નવમું વ્રત છે) કરનારા ધર્મ કરે છે કે બાહ્યાચારમાંજ મોહિત થઇ ધર્મ

માની અધર્મમાંજ જીવન વ્યતીત કર્યા છતાં ધર્મનો ડોળ કરી ઢોંગ કરે છે, એ સુજ્ઞ જીવાત્મા સુગમતાથી સમજી શકે તેમ છે. પ્રથમ ચોપડી ભણ્યા વિના તથા તેમાં પાસ થયા વિના બીજી ચોપડી ભણવાનું બને નહિ, તો પછી સાતમી ચોપડી ભણવાનું તો બનેજ કયાંથી ? છતાં પહેલી ચોપડી ભણ્યા વિના સાતમી ચોપડી ભણનારને આપણે મૂર્ખ કહીશું. તો પ્રથમ ગુણસ્થાનકના ગુણો મેળવ્યા વિના, ચોથા ગુણસ્થાનકની આત્મજ્ઞાન-દશા પ્રાપ્ત કર્યા વિના તેમજ પ્રથમના આઠ વ્રતોની દશા પામ્યા વિના પાંચમા ગુણસ્થાનકના નવમા સામાયિક-વ્રતની ક્રિયા કરનાર મહાવીરપ્રભુના માર્ગને સમજ્યાજ નથી-એમ નિઃશંકતાથી કહી શકું છું. સામાયિકાદિ ક્રિયાઓ-તે સદાચાર નથી, પણ તેનાથી જે સમભાવ વિગેરે આત્મગુણો પ્રગટ થાય અને તે ગુણો સહિત સક્રિયા કરે-તેને સદાચાર કહે છે. આવા મહાન્ સદાચારો આજે છોકરાની ઢીંગલા ઢીંગલી રમવાની રમતો જેવા થઇ પડ્યા છે. અને "પુરી એક અંધેરીને ગંડુ રાજા, ટકે શેર ભાજી ટકે શેર ખાજા" ના રાજ્ય જેવી એકજ પ્રવાહે બધાને ચલાવવાની દશા થઇ પડી છે. અર્થાત્ આઠ કે દશ વરસનો છોકરો વા છોકરી, તેને સામાયિક, પ્રતિક્રમણાદિ, વીશ વરસના કે કુંવારાને તે અને પરણેલાને પણ તે, ત્રીશ કે ચાલીશ વરસના યુવાનને પણ તે અને ૫૦-૬૦ કે ૭૦ વરસની વૃદ્ધાવસ્થાએ પહોંચેલાને પણ સામાયિકાદિ બે-ચાર ક્રિયાઓ ગણી કહાડી છે, તેજ કરવામાં ધર્મ અને કલ્યાણની પૂર્ણાહુતિ વા સમાવેશ થઇ જતો હોય તેવું જણાય છે. નિશાળમાં પણ છોકરાઓની શક્તિ, બુદ્ધિ તથા અભ્યાસ પ્રમાણે જુદા જુદા કલાસો અને જુદું જુદું શિક્ષણ અપાય છે, જ્યારે ધર્મ શિક્ષણની સ્થિતિનો વિચાર કરતાં પણ હાસ્ય સાથે ખેદ થાય છે. દશ વરસના છોકરાને જે ધર્મકરણી કરવાનું બતાવે છે, તેજ કરણી પચીશ, પચાશ અને સીત્તેર વરસના સ્ત્રી કે પુરૂષને પણ એકજ સરખી બતાવાય છે. કદાચ કોઇ પ્રશ્ન કરશે કે-' ભલે બધાને એકસરખી બતાવાય, પણ ધર્મક્રિયાઓ કરે છે, તેટલો વખત શુભ પ્રવૃત્તિમાં તો ગાળે છે, તો તેને વ્યવહાર કેમ ન કહેવાય ? અને તે પ્રવૃત્તિને કરતાં કરતાં કલ્યાણને પણ કેમ ન મેળવી શકે ? ' આનો ઉત્તર તો સુગમતાથી સમજાય તેમ છે કે-પરણ્યા પછી પતિના સંયોગે પ્રજ્ઞની ઉત્પત્તિ થાય, તો તે ઉચિત છે, પણ ઉમ્મર લાયક કુંવારી કન્યા મનમાં એવો વિચાર કરે કે—' જ્યારે ત્યારે પણ પ્રજ્ઞ ઉત્પન્ન કરવાથી વંશવૃદ્ધિ તથા સંખ્યા વૃદ્ધિ તો થશે ' એમ જાણી પરણ્યા વિના કૌમારાવસ્થામાં પ્રજ્ઞ ઉત્પન્ન કરવાની પ્રવૃત્તિ કરનારને જનસમાજ ઉચિત ગણશે નહિજ. તેમ સમકિત

ચોથે ગુણ સ્થાનકે છે, તે સમ્યક્ત્વરૂપ લક્ષ થયા વિના પાંચમાં ગુણસ્થાનક ના વ્રતાદિક રૂપ છોકરાં ઉત્પન્ન કરનાર પણ શુષ્ક ધર્મ શિવાય બીજું કરતા નથી, એમ કેમ ન કહેવાય? કહેવાય જ. વળી ક્યાં જવું છે? અને શા માટે જવું છે? તેના લક્ષ્ય વિના બેફામપણે જેમ ફાવે તેમ ચાલનારને મૂર્ખજ કહીશું. તેમ શું કરવું છે? શા માટે કરવું છે? તેના લક્ષ્ય વિના પ્રવૃત્તિ કરનાર પણ અજ્ઞાની જ છે. અહીં કેઇ આ શંકા કરશે કે—'અમને લક્ષ્ય કેમ નથી? કલ્યાણ વા મોક્ષ માટે કરીએ છીએ.' તો તેને સમજવાનું કે–કલ્યાણ તે શું અને તે કેમ થાય? તેનો અનુક્રમ જાણ્યા વિના જે થાય છે, તેથીજ આત્મા તથા સમાજની અધોગતિ થાય છે. કારણ કાર્યનો ભાવ અનુક્રમે હોય, ત્યારેજ કાર્યને પામી શકે છે. સાતમી ચોપડી ભણવાનું કારણ પાછળની છએ ચોપડીઓ નથી, પણ એકજ છઠ્ઠી છે. ઉપરની પાંચ તો પરંપરા કારણ છે. પહેલી ચોપડી બીજીનું કારણ, બીજી ત્રીજીનું કારણ–એમ અનુક્રમે કારણ કાર્યનો ક્રમ ચાલે છે, તેમ સામાયિકાદિ બધા સાધનોનું કાર્ય મોક્ષ નથી, પણ સામાયિકનું કાર્ય સમભાવદશા, પ્રતિક્રમણનું કાર્ય પાપ તથા દોષની નિવૃત્તિ, પ્રથમ ગુણસ્થાનકનું કાર્ય બીજા ત્રીજા અને ચોથાનું કાર્ય પાંચમું–એમ અનુક્રમે મોક્ષદશા કાર્યપણાને પામે છે.

એક માણસ હાથમાં ઉઘાડી તરવાર લઇ ક્રોધના પૂર્ણ આવેશમાં કોઇને મારવા જતો હતો. રસ્તામાં તેનો મિત્ર મળ્યો. તેણે પૂછ્યું કે–'ભાઇ! આટલા બધા ગુસ્સાથી ઉઘાડી તરવાર લઇ ક્યાં જાઓ છો? કોને મારવા વિચાર રાખ્યો છે?' ઉત્તરમાં તેણે કહ્યું કે–'મારો એક કટ્ટો શત્રુ છે, તે અમુક સ્થળે છે, તેને મારવા જાઉં છું.' ત્યારે તેના મિત્રે કહ્યું કે–'ઠીક છે– **"दुष्टस्यदंडः सुजनस्यपूजा"** એ વાક્યાનુસાર દુષ્ટને શિક્ષા આપવી તે ઉચિત છે. પણ જેને જનથી મારી નાખવા તૈયાર થયા તેવો શત્રુ કોણ છે? તેણે તમારૂં શું બગાડ્યું છે?' મારવા જનારે કહ્યું–'તેણે મારૂં ઘણું જ બગાડ્યું છે.' 'તેનું નામ શું?' 'ખબર નથી.' 'અસ્તુ, હરકત નહિ ભાઇ! નામની ખબર નથી તો ફિકર નહિ, પણ જે શત્રુને મારવા જાઓ છો, તે કેવો છે તે તમે જાણો છો? તે જાડો છે કે પાતળો? કાળો છે કે રૂપાળો? ઉંચો છે કે નીચો? તેની કાંઇ પણ ખબર છે?' મારનારે કહ્યું–'ના, તે ઉંચો કે નીચો, વા જાડો કે પાતળો તેની કાંઇ ખબર નથી, પણ મારવા જાઉં છું' આ સાંભળતાં તેના મિત્રે કહ્યું–'મૂર્ખ! શત્રુ કોણ? કેવો છે? તેની ખબર નથી, છતાં મારવા જાય છે, તો શત્રુને સ્થાને ક્યાંક મિત્ર મરાઇ ન જાય. શત્રુને જાણ્યા

વિના મારવા દોડે છે, એ ઉપરથી તારી મૂર્ખાઈ જોઈ મને હસવું આવે છે. તેમ સંધ્યા–પૂજન કરનાર વેદાંતીઓ તથા સામાયિકાદિ કરનાર જૈનો, સંધ્યા–પૂજન અને સામાયિકના પાઠ બોલી પાંચ પચાશ વર્ષો વ્યતીત કર્યા હોય, છતાં તે પાઠમાં ત્યાગવા યોગ્ય કહેલ દોષોનો નાશ, તથા ઉત્પન્ન કરવા લાયક આત્મગુણોને મેળવ્યા ન હોય, તોપછી તે ક્રિયા કરનારને શું સમજવું ? માત્ર છોકરાના ચાળા, રમત, વા બોટા ડોળ શિવાય બીજું કાંઇજ નહિ. આવી બાળક ચેષ્ટાઓની પ્રવૃત્તિઓ–વિચારશૂન્ય શુષ્ક પ્રવૃત્તિઓ કરનારા માને છે કે–' અમે શું ધર્મ નથી કરતા ? અમે કરીએ છીએ તે શું બોટું ? ' અરે ! પામર આત્માઓ ! ધર્મ તો તમારાથી લાખો અને કરોડો ગાઉ દૂર છે. તમે કરો છો તે બોટું નહિ તો સાચું કોણ કહે છે ? તમારા મનથી તમે ધર્મ વા સાચું માનો છો, પણ તમારા અંતરને જરા પૂછો તો તેજ તમને કહેશે કે–એક વખત નહિ પણ હજાર વખત બોટું જણાશે. સામાયિક શું ? તેનું સ્વરૂપ શું ? તે કઇ દશાએ થાય ? સામાયિક દશા પહેલાંની કેટલી દશા મેળવવી જોઇએ ? તેનું યથાર્થ જ્ઞાન સમજ્યા વિના સામયિકનો માત્ર પાઠ ગોખી બે ઘડી જેમ ફાવે તેમ બેસી સામાયિકની પૂર્ણતામાં ઊઠતી વખતે (સામાયિક પારતી વખતે) હાથ નીચે સ્થાપી પાંજરામાંના પોપટના ભાઇઓ જેવા ભક્તો બોલે છે કે–' દશ મનના, દશ વચનના અને બાર કાયાના–એ બત્રીશ દોષમાં જે કોઇ દોષ લાગ્યો હોય તો મિચ્છામિદુક્કડં (મિથ્યા દૂર થાઓ) ' બસ, આમ બોલી ઉઠી નીકળ્યા એટલે સામાયિક કર્યું એમ માની લીધું. હમેશાં આમ બોલી બોલીને રોજનું એકેક સામાયિક કરી પચીશ પચાસ વરસમાં મુહપત્તી તથા કટાસણાના તાકાઓ ફાડી હજારો સામાયિક કરનારને બત્રીશ દોષ કયા ? તેની ખબર લાખોમાં (નામની ખબર પણ) કોઇકને જ હશે. સામાયિક કરવાની શરૂઆતમાં તો કદાચ સામાયિકના સ્વરૂપની તથા બત્રીશ દોષની ખબર ન પડી, શબ્દશુદ્ધિ, અર્થશુદ્ધિ તથા તત્ત્વશુદ્ધિ–એ ત્રણ શુદ્ધિઓ ન જાણી, પણ પચીશ પચાસ વરસોમાં હજારો સામાયિકો કરતાં લાખો વખત ઘડીઓ ઉથલાવ્યા છતાં મનના દશ દોષ, વચનના દશ દોષ અને કાયાના બાર દોષ કયા ? તેનો નાશ કેમ થાય ? તેની પણ ખબર નથી. મન, વચન અને કાયાના ત્રણે યોગની સામાયિકમાં બે ઘડી વાર પણ અખંડ સ્થિરતા નથી. અર્થશુદ્ધિ તથા તત્ત્વશુદ્ધિની વાત તો બાજુ પર રહી, પણ પુરૂં શબ્દશુદ્ધિનું પણ ઠેકાણું નથી. સાઠ સાઠ વરસના સામાયિક કરનાર પણ જ્યારે પાઠ બોલતા હોય, ત્યારે જાણે અડદ, મગ ને ગુવાર ભેગા કરી

ભરડી નાખ્યા જેવો કંટાળો ઉપજે એવા અશુદ્ધ શબ્દો બોલતા હોય, દશ વરસની છોકરી વા છોકરો સામાયિકનો પાઠ ભણી જઇ બે ઘડી બેસી રહે, તેવાજ પ્રકારનું સામાયિક સાઠ વરસના પણ તેવુંજ કરતા દેખાય, પ્રથમના સામાયિકમાં કે સાઠ વરસ પછીના સામાયિકમાં પણ બત્રીશ દોષને જાણવાની તથા નાશ કરવાની શક્તિ ન મેળવી હોય, ઉપર જણાવ્યા પ્રમાણે યોગની સ્થિરતા ન થઇ હોય, સમભાવ-દશા ન આવી હોય તથા ત્રણ પ્રકારની શુદ્ધિ પ્રગટી ન હોય, તો તે ધર્મ નહિ પણ ધતિંગ છે. છોકરાના ચાળા તો તમારા કરતાં સારા; પણ તમારી પ્રવૃત્તિ તો ત્રિદોષ (સન્નિપાત) થયેલાના ચાળા જેવી છે. કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ **હેમચંદ્રાચાર્યજી**એ યોગશાસ્ત્રમાં કહ્યું છે કે—

" समता सर्वभूतेषु त्रसेषु स्थावरेषु च ।
आर्त्तरौद्रपरित्याग-स्तद्धि सामायिकं व्रतम् " ॥

સામાયિક શબ્દનો શબ્દાર્થ સમભાવની પ્રાપ્તિ કરવાનું સૂચવે છે. સર્વ-ભૂત-પ્રાણી માત્ર ત્રસ તથા સ્થાવર (સ્થૂલ સૂક્ષ્મ) જીવો પ્રત્યે અકષાય પરિ-ણામ, શત્રુ કે મિત્રપણાનો અભાવ, રાગદ્વેષની ક્ષીણતા થવા રૂપ જે સમતા ઉત્પન્ન થાય, ઇષ્ટના સંયોગમાં, અનિષ્ટના વિયોગમાં હર્ષ તથા ઇષ્ટવિયોગ અને અનિષ્ટસંયોગમાં ખેદ, ભવિષ્યની ચિંતા, રોગની ચિંતા, ઇંદ્રિયજન્ય વિષયો, તથા પૌદ્ગલિક પદાર્થો પ્રત્યે જે રાગ દ્વેષના વિચારો થાય-તેને આર્ત્તધ્યાન કહે છે. અને તેવા અશુભ ધ્યાન તીવ્ર આસક્તિ તદાકાર વૃત્તિને રૌદ્રધ્યાન કહે છે. કોઇને મારવાની, ચોરી કરવાની, અનાચાર (પરસ્ત્રી વા પરપુરૂષ) સેવવાની વૃત્તિ, તથા અશુભ કૃત્ય કરવા વિગેરેના પાપમય વિચારોને આર્ત્તધ્યાન કહે છે. અને ચોરી, હિંસા કરી, અનાચાર કરી, પાપકૃત્ય કરી તેમાં રાજી થવું, તે કૃત્યોમાંજ તદાકારવૃત્તિ થવી તેને રૌદ્રધ્યાન કહે છે. આ બંને અશુભ ધ્યાનનો ત્યાગ, તેનેજ સામાયિક કહે છે. આવા સામા-યિકને જ્ઞાનીઓ સદાચાર કહે છે. પણ માત્ર બાહ્ય પ્રવૃત્તિઓ કરવી-તેનું નામ સદાચાર કહેવાય નહિ. સામાયિક કરનાર સામાયિકનો પાઠ લેતી વખતે જ પ્રતિજ્ઞા લે છે કે—

" करेमि भंते सामाइयं सावज्जजोगं पच्चक्खामि "

' હે ભગવન્! હું સાવદ્ય (દોષજનક પ્રવૃત્તિ) નો ત્યાગ કરૂં છું ' એમ યોગ સ્થિર કરવાની પ્રતિજ્ઞા લઇ એક મચ્છર કે જૂ કરડતાં

આકુળ–વ્યાકુળ થઇ જાય તથા વાદવિવાદ, નિંદા, વિકથા અને નિરર્થક વાતોમાં સામાયિકનો સમય પૂરો કરી પરમાત્મ સમક્ષ સામાયિકના પાઠમાં કરવા લાયક કહેલી પ્રતિજ્ઞા લઇ તેથી વિરૂદ્ધ ચાલે તો તેવી અવિધિ અને શાસ્ત્રવિરૂદ્ધ શુષ્ક ક્રિયાઓ કરી અસત્પ્રવૃત્તિને ધર્મ માનવાથી પરમાત્માના માર્ગના વિરાધક બને છે. કેટલાક કહે છે કે–'ન કરે તેના કરતાં તે. જેવું તેવું કરનાર પણ સારા છે.' તેને એટલુંજ જણાવવાનું કે–પરમાત્મા, ગુરૂ અને આત્માની સાક્ષે સામાયિકમાં કહેલી પ્રતિજ્ઞા લઇ તે પ્રમાણે ન વર્ત્તતાં તેમાં કહ્યા પ્રમાણે દોષ જાણવા, તેનો નાશ કરવો તથા શ્રીમાન્ હેમચંદ્રાચાર્યજીએ કહેલ શ્લોક પ્રમાણે સમભાવ–દશા મેળવ્યા વિના પ્રતિજ્ઞા લઇ તેનો ભંગ કરનારા–પ્રતિજ્ઞાથી વિરૂદ્ધ ચાલનારા સારા ? કે પ્રતિજ્ઞા લેતા નથી તે સારા ? તેનો વિચાર કરવાનું બુદ્ધિમંતોને જ સોંપું છું. સમજી હશે તે સત્ય શું છે ? તેને સમજી શકશે. શાસ્ત્રમાં એવા અનેક દાખલાઓ છે કે–એ ઘડીમાં જીવાત્મા અનંત કર્મ–સંસારનો લય કરી, પરમજ્ઞાન પામી મોક્ષપદને મેળવી ગયા છે, જ્યારે આપણે હજારો સામાયિક કરતાં કેવળજ્ઞાનની વાત તો દૂર રહી, પણ આત્મજ્ઞાનનો એ અનુભવ ન દેખાય ત્યારે શું સમજવું ? એક જીવાત્મા સામાયિક કરતો જ નથી અને બીજો જીવાત્મા પચાશ વર્ષ થયાં હમેશાં એકેક સામાયિક કરે છે, નહિ કરનાર કરતાં કરનારમાં વિષય કષાયની ક્ષીણતા, આશા, તૃષ્ણા તથા રાગ દ્વેષની મંદતા, દેહ, કુટુંબ, ધન તથા સ્ત્રી વિગેરે માયિક પદાર્થો પ્રત્યેના મોહની ક્ષીણતા થતી જણાય તેજ પરમાત્માની આજ્ઞા મુજબ સામાયિક કરે છે, પણ જ્યે પચાશ વર્ષ થયા સામાયિક કરતાં સામાયિક તથા આયુષ્ય વધવાની સાથે વિષય, કષાયાદિ દોષ, આશા, તૃષ્ણા તથા મોહ વિગેરેની અંતરમાં ક્ષીણતા ન થતાં વૃદ્ધિ દેખાતી હોય, તો નિઃશંકતાથી સમજવું કે પરમાત્માની આજ્ઞા પ્રમાણે તે સામાયિક કરતો નથી, પણ અજ્ઞાનીના ચાળાનેજ સામાયિક માની બેઠો છે. પ્રભુની આજ્ઞાથી વિરૂદ્ધ ચાલી આત્માના અકલ્યાણ શિવાય બીજું કાંઈ તે કરતો નથી. કોઇ આશંકા કરશે કે—' આ તો સામાયિકાદિ ક્રિયા નિષેધવા જેવું થાય છે. સામાયિકમાં બે ઘડીવાર સ્થિરતા ન રહે, તો જેટલીવાર સ્થિરતા રહે, તેટલો તો લાભ ખરો કે નહિ ? ' એના ઉત્તરમાં સમજવાનું કે–' એક વ્યાપારમાં એક લાખ રૂા. નો નફો રહેવાનો હોય, એક લાખ રૂા. નો નફો રહેશે, એવી ખાત્રી હોય, છતાં કર્મસંયોગે તે વેપારમાં માત્ર એકજ પાઇ વટાવમાં રહે, તો તેમાં કોઇનો દોષ નથી, પણ તે પાઇથીજ સંતોષ માનનારને

કેવો કહેવો ? ' હશે, પાઇ તો પાઇ ! દાતણ લેવા તો થશે ' એવી કલ્પનાથી રાજી થનારને કેવો કહેવો ? મૂર્ખ. તેમ જે સામાયિકથી અનંત કર્મ–આવરણો, અનંત દોષો અને ભવભ્રમણનો નાશ થઇ અનંત આત્મગુણો પ્રગટ થાય તેવા મહાન્ અમૂલ્ય સામાયિકથી તેના ખરા સ્વરૂપને સમજ્યા વિના આવો અપૂર્વ લાભ ખોઇ બેસી, બે ઘડીમાં બે ચાર મિનીટ કદાચ શાંતિની ગઇ, પણ પાછો આખો દિવસ કલેશ અને અધર્મની પ્રવૃત્તિરૂપ અશાંતિમાં જાય તો લોહના તપ્ત ગોળા ઉપર જળના બે ચાર છાંટા અગ્નિને શાંત કરી શકતા નથી, પણ પોતેજ અગ્નિના તાપમાં લય પામી જાય છે, તેમ બે ચાર મિનીટની શાંતિનો નાશ થઇ જાય છે. એટલે પાઇના લાભથી રાજી થનારા જેવુંજ થાય છે. વળી એક વિદ્યાર્થી સ્કુલમાં ભણતો હોય, તો સ્કુલમાં મેળવેલ અભ્યાસનો ઉપયોગ સ્કૂલમાં થવા માટે છે કે સર્વ સ્થળે ? તે વિદ્યાર્થીને પૂછવામાં આવે કે—' બારે આડકેટલા થાય ? ' તેના ઉત્તરમાં તે જણાવે કે–' ચાલો, નિશાળમાં બતાવું.' એક છોકરાને કોઇએ પૂછ્યું કે—' પૂર્વ દિશા કઇ ? ' ત્યારે તેણે કહ્યું કે— ' ચાલો, નિશાળમાં બતાવું. ' કહો, નિશાળમાં મળેલ શિક્ષણ માટે કોઇ પૂછે તો નિશાળમાં બતાવવાનું કહેનારને આપણે અજ્ઞાની કહીશું. તેમ ઉપાશ્રય વિગેરે ધર્મસ્થાનકોમાં સામાયિકાદિ કરવા–એ તો ધર્મશિક્ષણ થયું. સામાયિકમાં જ્યારે કોઇ કલેશ કે કષાયને નિમિત્ત ન મળે ત્યારે શાંતિથી બેસી રહે તેનું નામ સામાયિક કહેવાય ? એવું સામાયિક તો જગતમાં લાખો મનુષ્યો કરતા હશે. ' ન મળી નારી એટલે બાવો થયો બ્રહ્મચારી ' આનું નામ બ્રહ્મચારી કહેવાય ? નહિજ, તેમ નિમિત્તના અભાવે કષાય ન થાય, તેમાં સામાયિકની મહત્તા શું ? એવું તો સામાયિક ન કરતો હોય, વા ન જાણતો હોય તેને પણ બને છે, તો પછી તેને કેમ સામાયિક ન કહેવું ? સામાયિક કરીને શાંતિ–સમભાવનું શિક્ષણ લેવાનું થાય છે. હમેશાં એક બે સામાયિક કરતાં એક બે માસમાં વા એક બે વરસમાં એવી શાંતિ આવે કે–કષાયના હજારો નિમિત્તો સંસારમાં મળે, તથાપિ તેના અંતરમાં કષાય–પરિણામ કે અશાંતિ થાયજ નહિ, ત્યારે સામાયિક કહેવાય. સંસારની વાત તો બાજુ પર રહી, પણ સામાયિક કરતાં સામાયિકમાં બેઠા છતાંજ જો કષાયનું નિમિત્ત મળે, તો ત્યાંજ (ઉપાશ્રયમાંજ) કષાય કરી બેસી લડી ઉઠે. છતાં આવા જીવો માને છે કે– ' અમે સામાયિક કર્યું, ધર્મ કર્યો.' જ્ઞાનીઓ તો તેવા પામર આત્માઓની પ્રવૃત્તિઓને પરમાત્માના માર્ગનો દ્રોહ કરનારી પ્રવૃત્તિઓ કહે છે. જેમ કેટલેક સ્થળે સામાયિક પ્રતિક્રમણાદિના પાઠો ભણવાના તથા જીવવિચાર, નવ તત્ત્વ અને કર્મગ્રંથ વિગેરેનો અભ્યાસ કરવાના સ્થાનને પાઠશાળા કહે છે અને

તેમાં ધર્મશિક્ષણનો અભ્યાસ કરીએ છીએ, એમ માને છે. પાંચ પ્રતિક્રમણ, જીવવિચારાદિ પ્રકરણો વિગેરે અપૂર્વ ધર્મશાસ્ત્રનો અભ્યાસ કરનાર છોકરો વા છોકરી જુઠું બોલતા હોય, ચોરી (ઘરમાં) કરતા હોય, તોફાન કે કલેશ–કજીઆ કરતા હોય, મા–બાપનો તથા વડીલોનો વિનય ન કરતા હોય, સભ્યતા–વિવેક ન હોય, ગાળાગાળી બોલતા હોય, પર્યુષણાદિ પર્વના પવિત્ર દિવસોમાં જુગાર રમતા હોય, (સંધ્યા પૂજનનો પાઠ ભણનારા કૃષ્ણાષ્ટમી જેવા પવિત્ર દિવસોમાં જુગાર રમતા હોય) અનીતિ–અનાચાર કરતા હોય, બીજાને ત્રાસ આપતા હોય, પોતાના સ્વાર્થ માટે બીજાનું ખરાબ કરતા હોય; છતાં પ્રતિક્રમણ તથા પ્રકરણનો પાઠ ગોખી જનારા કોનોગ્રાફો કહે છે કે–'અમે ધર્મશિક્ષણ લઇએ છીએ.' અધર્મ સંસ્કાર, અધર્મ પ્રવૃત્તિઓ અને ખરાબ દોષોનો જે શિક્ષણથી નાશ થાય, તેનેજ જ્ઞાનીઓ ધર્મશિક્ષણ કહે છે. નાની વયના છોકરા છોકરીઓને પ્રથમ નૈતિક અને વ્યાવહારિક શિક્ષણ આપી તેવા ગુણો પ્રગટ કર્યા વિના પ્રથમથી જ સામાયિક તથા પ્રતિક્રમણના પાઠો ગોખી જનારાઓના અંતરજીવનની તથા સમાજની કેટલી અધોગતિ થઇ છે, તે પ્રતિક્રમણના વર્ણનથી સમજવામાં આવશે; અર્થાત્ તેનું વર્ણન પ્રતિક્રમણ–પ્રકરણમાં કરવામાં આવશે. દોષ અને કુટેવો નાશ ન થાય, તથા વિનય વિવેકાદિ સદ્‌ગુણો પ્રગટ ન થાય, ત્યાં સુધી પ્રતિક્રમણાદિ તથા પ્રકરણાદિ શિક્ષણને ધર્મશિક્ષણ કહેવાય નહિ, પણ શબ્દશિક્ષણ કહેવાય. રામના સ્વરૂપને સમજ્યા વિના રામ શબ્દનો માત્ર મુખે ઉચ્ચાર કરનાર પોપટનું શ્રેય થતું નથી, તેમ છ કર્મગ્રંથ જેવા મહાન્ દ્રવ્યાનુયોગ (ફીલૉસૉફી) તત્ત્વજ્ઞાનમય ગ્રંથો ભણી જનાર આખી જીંદગીભર આઠ કર્મની ૧૫૮ પ્રકૃતિઓના વર્ણનો તથા ભેદો ગણી આંગળીઓના વેઢામાં જેટલા ખાડા છે, તેના કરતાં ડબલ ખાડા પડી ગયા હોય, છતાં ૧૫૮ પ્રકૃતિઓમાંથી કેટલી પ્રકૃતિ ક્ષય થઇ ? તથા કેટલી ઉપશમ કે ક્ષયોપશમ થઇ ? આઠ કર્મ તથા ૧૫૮ પ્રકૃતિઓના મૂળરૂપ જે મિથ્યાત્વ તથા કષાયાદિ દોષો છે, તે પ્રકૃતિઓ (દોષો) નો નાશ કેટલો થયો ? કેમ થાય ? તેનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ કેમ થાય તેનું જ્યાં ભાન ન હોય, માત્ર ભેદની સંખ્યા ગણવામાંજ જીવન પૂર્ણ થતું હોય, ત્યાં ધર્મશિક્ષણ નહિ પણ શબ્દશિક્ષણ કહેવાય છે. કર્મગ્રંથ જેવા અપૂર્વ ગ્રંથો ભણ્યા છતાં કર્મ–દોષનો નાશ થઇ આત્મસ્વરૂપનો આવિર્ભાવ ન થાય, તો તેને સન્માર્ગનું અલ્પ પણ ભાન જ નથી એમ કહી શકાય. કર્મગ્રંથ, પ્રકૃતિઓ ગણવા તથા આંગળીઓના વેઢાઓ ઉપર પ્રકૃતિઓના ભેદો ફેરવવા ન હતા, પણ કર્મશત્રુઓનો નાશ

કરવા માટે કર્મગ્રંથના અભ્યાસની આવશ્યકતા હતી. કર્મગ્રંથ ભણતાં છતાં કર્મબંધનનો નાશ ન થયો તો તે આત્મા શબ્દશિક્ષણનો જ અભ્યાસ કરે છે. તેવા શબ્દશિક્ષણનો અભ્યાસ નવ પૂર્વ સુધી ભણ્યા છતાં આત્મશ્રેય ન થયું, તોપછી બે ચાર પ્રતિક્રમણ, પ્રકરણ કે કર્મગ્રંથ વા સૂત્રના પુસ્તકો ભણી જવાથી કલ્યાણ કયાંથી થાય? નજ થાય. શબ્દશિક્ષણને જેમ ધર્મશિક્ષણ મનાયું છે, તેમ બાહ્ય શુષ્ક ક્રિયાઓને ધર્મક્રિયાઓ માની બેઠા છે, તેથી આના કરતાં આગળ હજી અધિક કરવાનું છે એમ તેમને ભાન થતું જ નથી અને સાધનમાં સાધ્યતા, કારણમાં કાર્ય માની સન્માર્ગના સ્વરૂપને સમજી કે પામી શકતા નથી.

પ્રતિક્રમણ:—

'પ્રતિક્રમતીતિ પ્રતિક્રમણં' જે સમયે પ્રતિક્રમણ કરવા બેસીએ, તે સમયે પહેલાંથી આપ્યા દિવસ, માસ, વરસ, જન્મ કે જન્માંતરના પાપને સ્મૃતિમાં લાવી તેનાથી મુક્ત થવું અર્થાત્ પાપથી નિવૃત્ત થવું–તેને પ્રતિક્રમણ કહે છે. પ્રતિક્રમણ એક સવાર તથા સાંજની જૈનોની સંધ્યાક્રિયા છે. તેને આવશ્યક (અવશ્ય કરવા લાયક) ક્રિયા કહે છે. તેના છ પાર્ટસ્ (ભાગો) છે. **સામાયિક, ચોવીસત્થો, વાંદણા, પ્રતિક્રમણ, કાઉસગ્ગ** અને **પચ્ચખ્ખાણ.** સામાયિક સંબંધી વર્ણન આગલા સામાયિક પ્રકરણમાં આવી ગયું છે, જેથી અહીં પુનઃ લખવાની આવશ્યકતા નથી. ચોવીસત્થો–ચોવીશ તીર્થંકરોની સ્તવના, વાંદણા–ગુરૂભક્તિ વા ગુરૂસ્તવના, પ્રતિક્રમણ–પાપની યાદી અને તેનાથી નિવૃત્ત થવું, કાઉસગ્ગ–કાયોત્સર્ગ કાયા પ્રત્યેનો મોહ ઓછો કરી, દેહમૂર્ચ્છાથી નિવૃત્ત થઇ યોગસંયમ કરવો, પચ્ચખ્ખાણ–પ્રત્યાખ્યાન પ્રતિજ્ઞા કરવી, ભૂત સમયના થયેલ પાપોને સ્મૃતિમાં લાવી તે તે પાપનું પ્રાયશ્ચિત (દંડ) થઇ, ભવિષ્યમાં પાપ ન કરવાની પ્રતિજ્ઞા કરવી–તેને પ્રત્યાખ્યાન કહે છે. સામાયિકમાં આત્મચિંતનની મુખ્યતા રહે છે અને પ્રતિક્રમણમાં દોષચિંતન તથા તેની નિવૃત્તિની મુખ્યતા રહે છે. જૈનોના પ્રતિક્રમણમાં વૃત્તિનું જ્ઞાન, દેહાધ્યાસ બુદ્ધિનો નાશ, પરમાત્મા તથા સદ્ગુરૂની ભક્તિ, પોતાના દોષો જોઇ તેનાથી નિવૃત્ત થવાના ઉપાયો, પ્રભુસ્મરણ, સ્વરૂપચિંતન અને દોષ ન કરવાની પ્રતિજ્ઞા વિગેરે કેવા અપૂર્વ ગુણો તથા અદ્ભૂત સ્વરૂપ રહ્યું છે. સમભાવ દશા મેળવ્યા વિના હજારો સામાયિક કરી જવાથી જેમ સામાયિક નિષ્ફળતાને પામે છે, તેમ પાપથી નિવૃત્ત થયા વિના અને ભવિ-

બ્યમાં નૂતન પાપ ન કરવાની પ્રતિજ્ઞા પ્રમાણે વર્ત્યા વિના દિવસના બે વખત પ્રતિક્રમણ કરનાર, પચાશ વરસ સુધી કર્યા કરે તો પણ આત્મહિત કરી શકતો નથી. એ કેટલી બેદરકારની વાત છે? સાંજની સંધ્યાએ પ્રતિક્રમણ કરે–તેને **દેવસીય** પ્રતિક્રમણ કહે છે, સવારે કરે તેને **રાઇય**, પંદર દિવસે કરે તેને **પક્ખીઅ**, ચાર માસે કરે તેને **ચઉમાસીઅ**, અને બાર માસે કરે તેને **સંવચ્છરીઅ** પ્રતિક્રમણ કહે છે. હમેશાં ન થઇ શકે તો પંદર દિવસે, વા ચાર માસે અથવા તો છેવટે બાર માસે તો પ્રતિક્રમણ અવશ્ય કરવું જોઇએ. પ્રતિક્રમણ કરનાર આત્મબળની જાગ્રતી કરે તો એકજ વખતના પ્રતિક્રમણથી પણ અનંત ભવના પાપનો નાશ કરી શકે છે. પ્રતિક્રમણના પાઠ બોલી જવા તેનું નામ પ્રતિક્રમણ નહિ; પણ પાઠક્રમણ છે. ભૂતકાળના પાપથી નિવૃત્ત થઇ ભવિષ્યમાં પાપ ન કરવાની પ્રતિજ્ઞાનેજ જ્ઞાનીઓ પ્રતિક્રમણ કહે છે. પ્રતિક્રમણ પંચ–તે મહાપુરૂષોની સાખે થાય છે. **અરિહંતસખિયં, સિદ્ધસખિયં, સાહુસખિયં, ગુરૂસખિયં** અને **અપ્પસખિયં**. સારા અને પ્રતિષ્ઠિત ગૃહસ્થની સાખે ખત લખાવી નામંજુર (ફરી જવાથી) થવાથી દુનીયામાં હાંસીપાત્ર થવાય છે અને રાજ્યમાં દંડાય છે, તથા એક વખત ચોરી કરી હોય અને પકડાતાં ન્યાયાધીશ પાસે માફી માગે તથા ફરી ન કરવાની કબૂલાત આપે, તો ન્યાયાધીશ તેની ઉપર દયા લાવી તેને છોડી મૂકે છે, પણ તેજ માણસ પાછો ફરીને ચોરી કરી પકડાય, તો પ્રથમ વખતની સજા પણ બીજા વખતની સજાની સાથે મળે છે, અર્થાત્ ડબલ સજા મળે છે. ત્યારે અરિહંતાદિ પરમજ્ઞાનીઓની સાખે પ્રતિક્રમણમાં અઢાર પાપસ્થાનક થયાં હોય, તે સંભારી તેનું પ્રાયશ્ચિત લેવામાં આવે છે. પ્રાણાતિપાત–(જીવહિંસા) મૃષાવાદ (જુઠું બોલવું) ચોરી કરવી, પરસ્ત્રી વા પરપુરૂષનું સેવન કરવું (તેના પ્રત્યે મન વચન અને કાયાના કોઇ પણ યોગથી વિકારભાવે જોવું વા વર્ત્તવુ), પરિગ્રહ–પૌદ્ગલિક પદાર્થોમાં મૂર્ચ્છા વા આસક્તિ રાખવી, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલેશ, અભ્યાખ્યાન (કોઇના અવર્ણવાદ બોલવા) ચાડી ખાવી, પ્રીતિ કે અપ્રીતિ કરવી, પારકાની નિંદા વિકથા કરવી, માયા–મૃષાવાદ–ગુ-હો કરીને ગોપવવો, મિથ્યાત્વશલ્ય–આત્મસ્વરૂપથી અન્ય એવા જગતના જડ પદાર્થોમાં મારાપણું તેમાં આસક્તિ અને જગદાકારવૃત્તિ–આ અઢાર પાપસ્થાનકો આત્માને આવરણનું કારણ, સંસાર ભ્રમણ કરાવનાર તથા દુર્ગતિમાં રખડાવનાર છે. તે અઢાર પાપો ક્યારે ક્યારે અને કેવી રીતે થયાં છે? અઢારમાંથી કયા કયા પાપો થયાં છે, તેનો એક પછી એકનો વિચાર કરી, જે જે

પાપો તથા દુષ્કૃત્યો થયાં હોય, તેને લક્ષ્યપૂર્વક સંભારી, સ્મૃતિમાં લાવી ગુરૂ-ભગવાન્ પાસે તેની આલોયણા (પ્રાયશ્ચિત્ત) લઇ, ભૂતકાળના પાપોની શુદ્ધિ કરી, ભવિષ્યમાં તે અઢારમાંનું કોઇ પણ પાપ ન કરવાની પ્રતિજ્ઞા દિવસના બબ્બે વખત વા પંદર દિવસે, ચાર કે બાર માસે કરનારને તેમજ હમેશાં પ્રતિક્રમણ કરનારને પ્રથમ તો પાપ શું ? શાથી પાપ ઉત્પન્ન થાય છે ? તેની નિવૃત્તિ કેમ થાય ? તેનું પણ પ્રતિક્રમણ કરનારાઓમાં કેટલાકને તો ભાનજ નથી. કદાચ કોઇને પાપના નામની સંખ્યા આવડતી હશે, તો તેની નિવૃત્તિ કેમ થાય, અને ભવિષ્યમાં પાપ કેમ ન બંધાય ? તેનું ભાન નથી, અને ઘણુંખરા તો અરિહંતાદિ અનંત જ્ઞાનીઓની સાખને અંતઃકરણમાં સ્થાપિત કરી બબ્બે વખત પ્રતિક્રમણ કરતાં કરતાં પાંચ પચ્ચીશ વરસ વ્યતીત થયા હશે, છતાં ઉલટા વિષય, કષાય, રાગ, દ્વેષ, કુડ, કપટ, અનીતિ, અનાચાર વિગેરે દોષો વધારે કરતા દેખાય છે. આવા જીવો પરમાત્માની સાખે ભવિષ્યમાં પાપ ન કરવાની પ્રતિજ્ઞા લઇ, હમેશાં તે પ્રતિજ્ઞાનો ભંગ કરી પાપની પ્રવૃત્તિમાં વર્ત્તે છે. જેથી તેઓ પરમાત્માના દ્રોહી, મહાપાપી, દુર્લભબોધી અને અનંતસંસારી બને છે. એક વખત ભૂલ થાય તેની માફી તો મળે, પણ હમેશાં પ્રતિક્રમણ પણ કરે અને હમેશાં પાપને પણ સેવતો કે વધારતો જાય, તો તે પરમાત્માની આજ્ઞાનો ઘાતક છે–એમ નિઃશંકતાથી શાસ્ત્રસિદ્ધ કરવા શક્તિમાન્ છું.

જૈનોમાં વાર્ષિક પર્યુષણમાં ભાદરવા શુદ ૪ વા ૫ ના દિવસે સંવત્સરી પ્રતિક્રમણ લાખો જૈનો કરે છે. પાપ ન કરવાની પ્રતિજ્ઞા લે છે. તે પણ પરમાત્મા, ગુરૂ તથા આત્મા વિગેરેની સાખે પ્રતિજ્ઞા લે છે. ' કુડે તોલે, કુડે માપે ન આપવું ' એવાં તો વાક્યો બોલે છે. ગ્રંથ વધી જવાના કારણથી વિસ્તાર કરવાની ઇચ્છા છતાં સંકોચતા કરવી પડે છે. પણ પ્રતિક્રમણના વંદિત્તાસૂત્ર કે જેમાં શ્રાવકના અપૂર્વ ગુણોનું અદ્‌ભૂત વર્ણન કર્યું છે, તેની પૂર્ણાહુતિમાં લખે છે કે—

" खामेमि सव्वजीवे सव्वे जीवा खमंतुमे ।
मित्तिमे सव्वभूएसु वेरं मज्झं न केणइ " ॥

આ વિશ્વમાં પર્યટન કરતા સૂક્ષ્મ અને સ્થૂલ વિગેરે અનંત જીવાત્માઓ ! હું તમોને વૈર-વિરોધનો ત્યાગ કરી ખમાવું છું, તમે પણ મને ક્ષમા આપો. આજથી સર્વ જીવો પ્રત્યેના વૈરભાવનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા લઇ આપ સર્વની સાથે મિત્રભાવથી વર્તીશ. અહા ! કેવી

અદ્‌ભૂત દશા ? કેવી અભિન્ન દશા ? સંવત્સરી પર્વના પવિત્ર દિવસો કલ્યાણના માટે હતા, તેમાં પણ કેટલાક દુર્ભવી, બહુલકર્મી આત્માઓ તો જે તિથિ કલ્યાણને માટે હતી, તેને કદાગ્રહ તથા કલેશને માટે કરી બેઠા છે. તે પવિત્ર દિવસે વૈર વિરોધ, કષાયનો ક્ષય કરવાને પરમાત્માની આજ્ઞા હતી, તે દિવસે એક કહે–' ભાદરવા શુદ ૪ ની સંવત્સરી કરવી અને બીજો કહે ૫ ની કરવી. એક કહે–અધિક માસ હોય તો પ્રથમ માસમાં કરવી અને બીજો કહે કે–બીજા માસમાં કરવી. અહા ! કેવી અધમ પ્રવૃત્તિ ? જો દૂધ મોળુદ હશે તો તપેલાથી પણ દુધપાક થશે અને માટીના વાસણથી પણ દુધપાક થશે, પણ દુધ નહિ હોય તો તપેલાનો તથા માટલાનો કદાગ્રહ રાખવાથી દુધપાક કદાપિ થશે નહિ. તેમ વૈર–વિરોધનો ત્યાગ કરી સર્વ જીવાત્મા પ્રત્યે આત્મભાવ–દશા જાગી તો ગમે તે માસમાં અને ગમે તે તિથિએ પ્રતિક્રમણ કરતાં પાપનિવૃત્તિ અને આત્મકલ્યાણ થશે. પણ તેવી દશા ન જાગી તો ચોથ પાંચમ કે સાતમના કટાસણા તથા મુહપત્તીઓ ફેરવી ફેરવી સેંકડો ફાડી નાંખવાથી પણ કલ્યાણ તો થશે નહિ, પરંતુ વૈર–વિરોધ વધારી સંસારની વૃદ્ધિ થશે. ચોથ પાંચમના ઝઘડા કરી બિચારા પોતે (ધર્મગુરૂઓ) તો ભારેકર્મી બને છે, પણ સંપ્રદાય-મોહથી અંધ બનેલા અનેક જીવાત્માઓને કલેશ કજીઆ કરાવી અને છાપા-ઓમાં એક બીજાની નિંદા કરી અનંતસંસારી બનાવે છે. કેટલાક મૂર્ખ આત્માઓ એવો પ્રશ્ન કરે છે કે–' શાસ્ત્રમાં શું સાચું છે ? ચોથ સાચી કે પાંચમ સાચી ? ' કહો, આવી વાતનો કયાંય પણ નિર્ણય થાય ખરો ? આવા પ્રશ્ન કરનારને પૂછો કે–તપેલું સાચું કે માટલું સાચું ? વા કડાયું સાચું ? શું કહેશે, જો દુધ હશે તો તપેલું કે માટલું બધાં સાચાં, નહિ તો બધાં ખોટાં છે. તેમ દિગંબર હો કે શ્વેતાંબર હો, જૈન હો કે અન્ય હો, સાંખ્ય, બૌદ્ધ વિગેરે ગમે તે હો, ચોથની સંવત્સરી કરનાર હો કે પાંચમની કરનાર હો, પ્રથમ માસમાં કરો કે બીજા માસમાં કરો, પણ **"समभावभाविअप्पा लहइ मोक्खं न संदेहो"** જેનો આત્મા સમભાવદશાને પામે તેજ મોક્ષે જશે. આવી દશા પ્રાપ્ત કરનાર ગમે તે સાધનથી, ગમે તે તિથિએ પ્રતિક્રમણ કરે તો સાચો છે, પણ સમભાવદશાના લક્ષ્યને ભૂલી જઈને કલેશ, કજીઆ તથા વૈર–વિરોધ વધારનાર ચોથની કે પાંચમની ગમે ત્યારે સંવત્સરી કરે, તોપણ તે ખોટા છે, મિથ્યાત્વી છે, પરમાત્માની આજ્ઞા વિરૂદ્ધ છે. પરમાર્થસ્વરૂપ તથા પ્રભુની આજ્ઞા–તે તિથિમાં કે કટાસણા ફેરવવામાં કે તિથિના નિમિત્તે ઝગડા કરવામાં નથી, પણ અંતરની વિશુદ્ધિમાં છે. અંતરની વિશુદ્ધિ થઇ તોપછી બધી તિથિઓ સાચી છે, નહિ તો બધી ખોટી છે.

જેમ એક **'करेमिभंते'** થી સામાયિક કરવું કે ત્રણ કરેમિભંતેના પાઠ બોલી સામાયિક કરવું–એ મિથ્યા આગ્રહ છે. જ્ઞાનીઓ તો કહે છે કે–સમભાવ દશા થાય તેમ સામયિક કરવું. પછી એકથી કરે કે ચારે તો ચારથી કરે, પણ સમભાવદશા થશે ત્યારે સામાયિક સાચું કહેવાશે. તેમ અંતર વિશુદ્ધ થાય તોજ પ્રતિક્રમણ કર્યું કહેવાશે. અહા ! અજ્ઞાનતા તો જુઓ ! પર્યુષણમાં સંવત્સરી પ્રતિક્રમણ કરી જૈન સાધુ તથા શ્રાવકો પોતાના સગાં, સ્નેહી કે સંબંધી, પરિચયી વા કુટુંબી વિગેરેને અન્યોન્ય ક્ષમાપનાના પત્રો લખી હજારો રૂા. નું પાણી કરે છે, આનું નામ તે અજ્ઞાન ! અનીતિની કમાણીનો અધર્મના માર્ગે વ્યય થાય–તે આ ઉપરથી સિદ્ધ થાય છે. ક્ષમાપના કોની ? જેની સાથે વૈર થયું હોય તેની ? કે જેની સાથે સ્નેહ હોય તેની ? જેની સાથે વૈર હશે તે કદાચ પ્રતિક્રમણ કરતી વખતે પાસ પાસે બેઠા હશે, તો પણ ખમાવશે નહિ. કદાચ ખમાવશે તો ઘણે ભાગે શબ્દથી, અંતરમાં તો ઇર્ષ્યા ભરીજ હશે, અથવા તો ઘડીભર પછી થશે. અને જેની સાથે સ્નેહ, પરિચય, પ્રીતિ અને રાગ છે, તેની સાથે ક્ષમાપનાના પત્રો લખી હજારો રૂા. નું નુકશાન કરે છે, અને તે પણ દર વરસે. કહો ! બાળકોની રમત અને હાલના કહેવાતા નામધારી જૈનોની કહેવાતી પ્રતિક્રમણાદિક ક્રિયાઓમાં કાંઇ ફેર છે ? નહિજ, પ્રતિક્રમણ કરતાં તો બાળકોની રમત કેટલેક દરજ્જે સારી છે. કારણ કે રમતમાં તેઓ વૈર–વિરોધ કરતા નથી. કદાચ થાય તો ભૂલી જઇ ઘડીભરમાં સાથે રમે છે, પ્રતિજ્ઞા લઇ ભંગ કરતા નથી. અને આ તો પરમાત્માની સાખે પ્રતિજ્ઞા લઈ ભંગ કરનાર અધર્મ કે અનીતિના માર્ગે ચાલતાં છતાં ' અમે કરીએ છીએ ' એવો ખોટો અભિમાન રાખનાર, પાઠ, તિથિ તથા વિધિની ભિન્નતામાં ધર્મની ભિન્નતા માની પર્વના દિવસે ધર્મના સ્થાનકોમાં ધર્મના નામે કલેશ કષાય વધારનારા, એક બીજાની નિંદા કરનારા મહાપાપી અને સન્માર્ગના ઘાતક છે. પ્રભુની સાખે પ્રતિજ્ઞા લઈ પાપમાં પ્રવૃત્તિ કરનારા ચોખ્ખા દીવાળીઆના ધંધાને ધર્મ માની બેઠા છે, હમેશાં પાપ કરવું અને હમેશાં માફી માગવી–એ કેવળ મૂર્ખતા શિવાય બીજું કાંઇ છેજ નહિ, કોઈ માણસ તમારો મારતો જાય અને માફી માગતો જાય, ઘડી ઘડી તેમ કરે, તો તેની ઉપર તે માણસ પ્રસન્ન થતો નથી, તેમ પરમાત્માની સાખે રોજ પાપની માફી લેતો જાય, પાપ ન કરવાની પ્રતિજ્ઞા કરતો જાય અને રોજ પ્રતિજ્ઞાનો ભંગ કરી પાપ કરતો જાય, તો પરમાત્મા પણ પ્રસન્ન થાયજ ક્યાંથી ? નજ થાય. અહીં કોઈ પ્રશ્ન કરશે કે— ' ત્યારે શું પ્રતિક્રમણ બોટું વા ન કરવું ? પ્રતિક્રમણ કરતાં પાપનો નાશ શું

ન થાય ? ' તેના ઉત્તરમાં મહાન્ સમર્થ વિદ્વાન્ ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કૃત ૩૫૦ ગાથાના સ્તવનની બીજી ઢાળની સાખ આપી આ વિષયનું સમાધાન કરીશ—

" કોઇ કહે જે કાધાં પાતિક, પડીકમતાં છુટીજે;
તો મિથ્યાફળ પડિકમણાનું, અપૂર્ણ કરણથી લીજે રે. "

શિષ્ય પૂછે છે કે—' અમો જે જે પાપ કરીએ, તે સાંજ સવારે પડિક્કમણું કરતાં પાપથી છુટી જઇએ કે નહિ ? ' ગુરૂ ઉત્તર આપે છે—' ના, ન છુટાય. ' હું ગમે તેટલાં પાપકૃત્યો કરૂં અને તે પડિક્કમણું કરતાં છુટી જઈશ—એવી ઈચ્છાજનક ભાવનાએ પાપકૃત્ય કરનાર હજારો વખત પડિક્કમણું કરતાં છતાં પણ છુટતો નથી. પડિક્કમણું—એ અનિચ્છાએ (અજાણપણે) થઇ ગયેલ પાપની આલોયણા વા અતિચાર છે. અજ્ઞાનપણે પાપકૃત્ય થઇ ગયું હોય તો તેને માટે પડિક્કમણું—તે પાપની નિવૃત્તિ કરવા સાધનભૂત છે, પણ જાણી જોઇ પાપકૃત્ય કરનારને અનાચાર કહ્યો છે, તેને માટે આલોયણાનો પણ અભાવ થાય છે. માટે ઉપાધ્યાય મહારાજ કહે છે કે—' પડિક્કમણું કરવાથી પાપ છુટી જશે, એવી ભાવનાથી જાણી જોઇ પાપ કરનારને પ્રતિક્રમણનું ફળ મિથ્યા (નિરર્થક) થાય છે. કોઇ પણ પાપ વા પુન્યની પ્રવૃત્તિ કરવાથી શુભાશુભ બંધ પડતો નથી, પણ પરિણામથી જ શુભાશુભ બંધ પડે છે. કહ્યું છે કે—

" मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः "

મનુષ્યોને બંધ તથા મોક્ષનું કારણ મન છે. ' પરિણામે બંધ '—એ વાક્યથી પણ સિદ્ધ થાય છે કે કોઇ પણ કૃતિથી પાપબંધ વા પુન્યબંધ પડતો નથી, પણ મનના જેવા અધ્યવસાય (પરિણામ) હોય તેવો બંધ પડે છે, તેથી જેમ પાપકૃત્ય કરતાં પણ મનના જો મલીન ભાવ હોય તોજ પાપબંધ પડે છે. અર્થાત્ કાયાથી વા વચનથી પાપકૃત્ય કરતી વખતે મનની પણ દુષ્ટ ભાવના હોય તોજ ત્રણે યોગની સ્થિરતાથી દૃઢપણે પાપબંધ પડે છે. તેમ પાપની નિવૃત્તિ કરવા માટે પ્રતિક્રમણ કરતી વખતે પણ જો મન, વચન અને કાયાના ત્રણે યોગની સ્થિરતા હોય તોજ પાપની નિવૃત્તિ થઇ મનની નિર્મળતા થવા રૂપ ખરૂં પ્રતિક્રમણ થાય છે. પ્રતિક્રમણ કરવાથી પાપની નિવૃત્તિ થાય છે. પણ પ્રતિક્રમણના પાઠો બોલવાથી પાપની નિવૃત્તિ કદાપિ થતીજ નથી. પ્રતિક્રમણ કરતી વખતે કાયાની પણ સ્થિરતા ન હોય તેમજ મનની પણ સ્થિરતા

ન હોય તો મન, વચન અને કાયાના ત્રણે યોગની સ્થિરતા અપૂર્ણ હોવાથી પ્રતિક્રમણનું ફળ મિથ્યા થાય છે. તેજ ઢાળની ગાથામાં કહે છે કે—

"મિથ્યા દુષ્કડ દેઇ પાતિક, તે ભાવે જે સેવે;
આવશ્યક સાખે તે પરગટ, માયા મોષને સેવે."

ઉપાધ્યાય મહારાજ શ્રી આવશ્યક સૂત્રની સાખ આપી જણાવે છે કે– 'પ્રતિક્રમણ કરતી વખતે જે જે પાપની આલોયણા (પ્રાયશ્ચિત) લઇ ભૂતકાળના પાપ નાશ થાઓ' એવી ક્ષમા માગી ભવિષ્યમાં તે પાપ ન કરવાની પ્રતિજ્ઞા લઇ તે તે પાપકૃત્ય જો ફરીને કરે તો તે માયા અને મૃષા–એમ બેવડા પાપને ઉપાર્જન કરે છે, અર્થાત્ ડબલ પાપ બાંધે છે; ત્યારે પ્રતિક્રમણ એટલે શું ? એવા શિષ્યના પ્રશ્નનું સમાધાન ત્રીજી ગાથાથી કરે છે—

"મૂળ પદે પડિક્કમણું ભાખ્યું, પાપતણું અણ કરવું,
શકિત ભાવતણે અભ્યાસે, તેજસ અર્થે વરવું રે."

વસ્તુત્વે તો સર્વ પાપની સર્વથા નિવૃત્તિ કરવી તેનું નામજ પ્રતિક્રમણ છે. પણ કદાચ પૂર્વ પ્રારબ્ધ કર્મના ઉદયથી સર્વથા પાપની નિવૃત્તિ ન થઈ શકે તો દિન પ્રતિદિન પાપને ઓછું કરતાં કરતાં સર્વથા પાપકૃત્યથી મુકતથઈ, મિથ્યાત્વ, મોહ, કષાય તથા વિષયાદિ દોષોનો નાશ કરી, નિરાવરણ બની આત્માની વિશુદ્ધિ કરી પરમપદને પામે તેને જ્ઞાનીઓ પ્રતિક્રમણ કહે છે. આવું પ્રતિક્રમણ ખોટું છે, એમ તો કોઈ દુર્લભ બોધી અધમાત્માજ કહે. જેના હૃદયમાં જરા પણ વિચાર શકિત ઉદ્ભવી હોય તે આવા પવિત્ર ધર્મને અસત્ય કહેજ નહિ. માટે પ્રતિક્રમણ ખોટું છે ? ન કરવું ? એવા પ્રશ્નો પૂછવા એજ અજ્ઞાનતા છે.

દુધપાક જેને પ્રિય હોય, શરીરને પુષ્ટિકર્ત્તા હોય તો તેને દિવસમાં દશ વખત ખાય તો પણ કોણ ના કહે છે ? પણ તેજ દુધપાકમાં જો ઝેર પડી ગયું હોય તો તે દુધપાક ખાવાથી મરણ થાય છે, તે ન ખાવા માટે કોઇ હિતેચ્છુ જણાવે તો સમજવું કે તે દુધપાકને ખરાબ કહેતો નથી પણ વિષમિશ્રિત દુધપાકને ખરાબ કહે છે. તેથી તેવો ઝેરી દુધપાક ખાવાથી મરણ થાય છે. તેમાંથી વિષ કહાડી નાંખી નિર્વિષ દુધપાક ખાવાથીજ શરીરની પુષ્ટિ થાય છે તેમજ જેનામાં તે માદક ખોરાક પચાવવાની શકિત ન હોય તેવા બાલકને તેવો સ્વાદિષ્ટ દુધપાક ખવરાવવાથી તેને અજીર્ણ થઇ તેના શરીરનો ઘાત કરે છે માટે જેને પચે તેને નિર્વિષ દુધપાક ખવરાવવાથી જ શરીરની પુષ્ટિ

થાય છે. તેમ પ્રતિક્રમણરૂપ દુધપાકથી અંતરાત્માની પુષ્ટિ વધે છે. યોગની સ્થિરતા, તથા વિશુદ્ધિપૂર્વક અને મહાવીરદેવે કહેલ વિધિ, ઉપયોગ, વિવેક, વિચાર, વિજ્ઞાન, આજ્ઞા તથા શ્રદ્ધાપૂર્વક પ્રતિક્રમણ કરવાથી આત્માની શુદ્ધિ થાય છે, અને મોક્ષ દશાને મેળવી શકાય છે. પણ તે પ્રતિક્રમણરૂપ દુધપાકમાં વિષય, કષાય, નિંદા, વિકથા, અસત્ય, અનીતિ, છળ, પ્રપંચ, ઇર્ષ્યા, મોહ, મમતા, વિગેરે દોષોરૂપ ઝેર પડી જવાથી અજ્ઞાન તથા દોષપૂર્વક બે ઘડી પ્રતિક્રમણનો પાઠ બોલી તેને ધર્મ માની અવિધિ અને અજ્ઞાનપૂર્વક પ્રતિક્રમણ કરવાથી આત્માનો ઘાત અને સંસારની વૃદ્ધિ થાય છે. અહીં કોઇ પ્રશ્ન કરશે કે—' વિધિ ને વિચારપૂર્વક આવી રીતે કરવું, ને આમ ન કરવું, શુદ્ધ કરવું–એ પ્રકારનું બહુ ડહાપણ ડોળતાં અને પ્રતિક્રમણના પાઠો સ્પષ્ટ તથા શુદ્ધ શીખતાં, તેમજ વિધિ, જતના, શ્રદ્ધા વિગેરેનું જ્ઞાન મેળવતાં તો પાંચ દશ વરસ ચાલ્યા જાય વા એવા મોટા ડોળને વધારવાથી લોકો કંટાળીને ઉપાશ્રય વા દેરાસરમાં પણ ન આવે તો પછી કરવું કેમ ? જેમ ચાલતું હોય તેમ ચાલવા દેવાથી અવિધિ, અશુદ્ધ તથા અજ્ઞાનપણે કરવાથી કાંઇ પણ લાભ થાય કે નહિ ?

" વિધિ જોતાં કલિયુગમાં હોવે, તીરથનો ઉચ્છેદ;
જેમ ચાલે તેમ ચલવે જઇએ, એહ ધરે મતિ ભેદ રે. "

વિધિ વિગેરે પ્રમાણે કરવાનું કલિયુગમાં કઠિન છે. માટે જેમ ચાલતું હોય, તેમ ચાલવા દેવાથી લાભ ન થાય ? તેના ઉત્તરમાં તેજ ગાથા પછીની ગાથામાં લખે છે કે—

" એમ ભાખી જે મારગ લોપે, સૂત્ર ક્રિયા સવિ પીસી;
આચરણ શુદ્ધિ આચરીએ, જોઇએ જોગની વીસી. "

ખોટા રૂપીઆ હજારો હોય, તો પણ તેની કીંમત નથી, તેમજ પકડાતાં રાજ્યથી દંડાય છે, તેમ અશુદ્ધ, અજ્ઞાન તથા અવિવેકપૂર્વક હજારો સામાયિક પ્રતિક્રમણ વિગેરે ખોટી ક્રિયાઓ કરનાર પરમાત્માની સન્મને પામે છે. અને આત્મહિત કરી શકતો નથી. જેના કરતાં એક સત્યક્રિયા કરનાર પરમાત્માના સ્વરૂપને મેળવી શકે છે. તેથી ઉપાધ્યાય મહારાજે કહ્યું છે કે—' વિધિ, વિવેક, શ્રદ્ધા વિગેરે જોતાં વખત ઘણો જાય, લોકો થોડા આવે વા આવતા બંધ થાય, માટે અજ્ઞાનપણે જેમ ચાલતું હોય તેમ ચાલવા દો '–એવું કહેનારા મહાવીરદેવે કહેલાં સૂત્રો તથા તેમાં જણાવેલી ક્રિયાને પીસી નાખે છે. સૂત્રમાં કહેલી ક્રિયા

ન થઇ શકતી હોય તો પછી સૂત્રમાં પ્રરૂપવાની જરૂર શી હતી? માટે કાલે જે સંઘયણનું ખોટું બ્હાનું બતાવી અવિધિ, અજ્ઞાન તથા અવિવેકપૂર્વક સામાયિક પ્રતિક્રમણાદિ ક્રિયા કરનાર તથા ચારિત્ર પાળનાર પોતાના દોષો તથા શિથિલતાને ગોપવવા મંદબુદ્ધિવાળા ભોળા લોકોને ખોટી પ્રવૃત્તિઓમાં ધર્મ મનાવી અવળે માર્ગે ચલાવી તેમને પરમાર્થ માર્ગથી વિમુખ રાખે છે અને પોતે પણ વિમુખ રહી, સદ્ધર્મથી ભ્રષ્ટ થઇ સંસારમાં રખડે છે. આવી અમૂલ્ય તત્ત્વજ્ઞાનમય સત્ક્રિયાઓ કરતાં છતાં જીવાત્માઓની અંતરશુદ્ધિ તથા આત્મિક ઉન્નતિ થતી જણાતી નથી, તેનું કારણ ઉપર જણાવી ગયો છું કે, બાલકને દુધપાક ખવરાવવાથી અપચો થઇ અજીર્ણ થવાથી મરણદશાને પામે છે. તેમ પ્રથમ ગુણસ્થાનકની દશા પામ્યા વિના પ્રતિક્રમણ શું ? તેનું યથાર્થ સ્વરૂપ સમજ્યા વિના પાંચમા ગુણસ્થાનકની મહા ક્રિયાઓ નાના બાળકોને કરાવવાથી માનસિક અજીર્ણ થઇ આંતરિક જીવનની અધોગતિ થાય છે. અર્થાત્ આગળ જણાવ્યા પ્રમાણે કક્કાવલી તથા આંક શીખ્યા પછીજ ચોપડીઓનું શિક્ષણ સફળ થાય છે. તેમ નાના બાળકોને પ્રથમ નૈતિક તથા વ્યાવહારિક શિક્ષણ મળવું જોઇએ. સ્ટીમર અને કેપ્ટન બન્ને ઉત્તમ અને મજબુત હોય તો સાનુકુલ પવનના યોગે પેસીંજરોને સુખેથી સમુદ્ર પાર પહોંચાડી શકે છે. તેમ સંસાર–યાત્રા માટે કન્યાઓ તે સ્ટીમર છે અને પુરૂષ એ કેપ્ટન છે, તે બંને પોતપોતાના ધર્મથી ઉત્તમ બન્યા હશે, તો સદ્જ્ઞાન અને સત્સંસ્કારથી પોતાના શરીરજન્ય પુત્ર–પુત્રીરૂપ પેસીંજરોને સંસાર–સાગરથી પાર ઉતારશે અને પોતે પણ તરી જશે. માટે પ્રથમ છોકરાને નીતિ, સત્ય, પરોપકાર, દયા, સ્નેહ, ઐક્યતા, મા–બાપનો વિનય, કુટુંબ પ્રેમ, દેશસેવા, સમાજભક્તિ, ઉત્સાહ, બ્રહ્મચર્ય, વિશુદ્ધ પ્રેમ, દંપતીધર્મ, ગૃહવ્યવહાર, પુરૂષકર્ત્તવ્ય, દેવ, ગુરૂ તથા ધર્મની સાચી ભક્તિ, વિનય, વિવેક, ધૈર્ય, ઉદારતા વિગેરે ઉત્તમ ગુણોનું જ શિક્ષણ મળવું જોઇએ. આવા આત્મિક ગુણોથી જેનું હૃદય પવિત્ર બન્યું છે, તે જીવાત્માઓને કદાચ ભોગ–કર્મનો ઉદય હશે, તો પણ આત્મજાગ્રતીના ઉપયોગ બળથી અર્થ તથા કામનું સેવન નિર્લેપપણે કરવાથી અંતે મોક્ષદશાને પામી શકશે. અનીતિ, અસત્ય, કષાય, વિષયાદિ દોષોનો નાશ થયા વિના માર્ગાનુસારી તથા સમ્યક્ત્વી પણ કહેવાય નહિ, તો પછી શ્રાવક તો કહી શકાય જ ક્યાંથી ? શ્રદ્ધા અને વિવેકપૂર્વક સત્ક્રિયા તથા સદાચાર સેવે તેનેજ શ્રાવક કહી શકાય તે વિના નામધારી શ્રાવક નહીં પણ સાવજ જેવી પ્રવૃત્તિઓ કરી અમૂલ્ય માનવદેહ નિરર્થક ગુમાવે છે. જેવી રીતે નાના છોકરાને પ્રથમ

આ ઉત્તમ શિક્ષણ આપી તેના જીવનને ઘડવું જોઇએ, તેવીજ રીતે નાની બાલિકાઓને પણ વિનય, માબાપની ભક્તિ, ગૃહિણીના ધર્મો, સાસુ સસરા વિગેરે વડીલોની સેવા, કુટુંબપ્રેમ, પતિધર્મ, શીયળ, પ્રજાપોષણ તથા પ્રજા શિક્ષણના ધર્મો, આરોગ્યજીવન, વિશુદ્ધપ્રેમ, દંપતીજીવન, માનસિક, શારીરિક તથા આત્મિક શક્તિનો વિકાસ–વિગેરે ઉત્તમ ગુણોનું શિક્ષણ પ્રથમ મળવું જોઇએ. આજકાલ ઘણે ભાગે એ શિક્ષણનો લોપ જ થતો જોવામાં આવે છે. પાંચ વરસના બાળક ઉપર દશ મણ ઘીનો ડબો ભરી મૂકવાથી તે ચગદાઇ જશે અને ઘી ઢોળાઇ જશે, તેમ નાના બાળકોને નૈતિક તથા વ્યાવહારિક શિક્ષણ આપ્યા વિના ઉપાશ્રયમાં બેસારી, પ્રતિક્રમણના પાઠ ભણાવી મહાન્ ભાર મૂકી દેવાથી બાળકોની અધોગતિ થાય છે અને પ્રતિક્રમણાદિક ક્રિયાઓ શુષ્કતાને પામી નિરર્થક થઇ જાય છે. નાની બાળાઓને નૈતિક શિક્ષણ આપ્યા વિના, પ્રથમ કર્ત્તવ્યજ્ઞાન બતાવ્યા વિના ઉપલા કર્ત્તવ્યના પ્રતિક્રમણાદિકના માત્ર શબ્દપાઠ ભણાવી ઘણી ખરી સાધ્વીઓ તથા આર્યાઓએ પતિવ્રતાધર્મની પાળ કહાડી નાખી છે. નૈતિક જીવન તથા સતીધર્મને લુંટી લઇ તેમના ગૃહસ્થાશ્રમને સ્મશાનવત્ બનાવી દીધું છે. એમ નિઃશંકતાથી પ્રતિપાદન કરી શકું છું. ઘરમાં કોઇ માંદું હોય, કુટુંબીઓને ખવરાવનાર કોઇ ન હોય તો ભલે દુઃખે વા ભુખે મરી જાય, પણ મારે તો પ્રતિક્રમણ કરવા જવું જોઇએ. પોતાના પતિએ ખાધું હોય વા ન ખાધું હોય, પણ પોતે પેટ ભરી પતિને માટે જેમ ભીખારીને માટે અલગ કહાડી રાખે તેમ વાસણમાં અલગ કહાડી, પતિ વ્યાપાર–પ્રવૃત્તિના પરિશ્રમથી થાકી ઘેર આવશે, માટે મારે પ્રથમ તેમની સેવા કરવી જોઇએ–એવી ભાવના તરફ તદ્દન લક્ષ્ય કે દરકાર રાખ્યા વિના, પતિ ખાય કે ચાહે તો ખાડમાં પડે, પણ મારે પ્રતિક્રમણ કરવાને મોડું થઇ જાય–એવા લક્ષ્યથી ઉપાશ્રયમાં ધર્મ માનનારી અજ્ઞાન સ્ત્રીઓએ જ ધર્મને કલંકિત કરી નાખ્યો છે. દરેક ધર્મશાસ્ત્રમાં કહ્યું છે કે–સ્ત્રીઓએ પોતાના પતિને દેવ વા પ્રભુ સમાન માનવો જોઇએ, તેની સેવા તથા તેની આજ્ઞાએ વર્ત્તવું–એ પ્રથમ ફરજ છે. સ્ત્રી યાને પુરૂષ ગમે તે હો, પણ જેનામાં યોગની સ્થિરતા, વૃત્તિસંયમ, વિષય–કષાયની ક્ષીણતા, હાર્દિક નિર્મળતા, સંતભક્તિ અને બીજા જીવાત્માઓ પ્રત્યે પ્રીતિ તથા કરૂણાની લાગણી નથી, તે મનુષ્ય બાહ્ય ક્રિયાઓ કરે છે, તે પોતાને ધર્મી કહેવરાવવા વા પોતાના અનાચારાદિ દોષોને ગોપવવા જ કરે છે. આત્માર્થી જીવ હોય, તેને તેવી શુષ્ક ક્રિયાઓમાં ધર્મમાન્યતા કે મહત્તા જણાય જ નહિ. બોટા ગુલાબના પુષ્પો બહારથી સુંદર

રંગવાળા તથા મનોહર દેખાતા હશે, પણ હૃદયને આનંદ આપે તેવી તેનામાં સુગંધ હોતી નથી. તેમ અજ્ઞાન, અશ્રદ્ધા, તથા અવિવેકપૂર્વક સામાયિક, પ્રતિક્રમણ તથા વ્રતાદિક બાહ્ય ક્રિયાઓ ઉપરથી સુંદર દેખાતી હશે, અર્થાત્ ધર્મરૂપે મનાતી હશે, પણ અંતરથી–તેવી શુષ્ક ક્રિયાઓથી આત્માની વિશુદ્ધિ થતીજ નથી. લોકોને સાચામાં મોહ નથી, પણ વધારે કેમ થાય તેવી ગણત્રીમાંજ મોહ હોય છે. ત્યાં કલ્યાણનો વિચાર મણ કયાંથી સુજે ? ઘર ચણતા વાર થાય તેનો હરકત નહિ, પણ મજબુત ચણતરકામથી ભવિષ્યમાં ઉપાધિ તથા વિશેષ ખરચ મટી જશે. તેમ અવિવેક તથા અજ્ઞાનપૂર્વક ઘણા સામાયિક તથા પ્રતિક્રમણાદિક કરવાથી કલ્યાણ નથી, પણ અંતરદૃષ્ટિથી સત્પુરૂષને ઓળખી તેની આજ્ઞાએ વિચાર, વિજ્ઞાન, વિધિ, વિવેક તથા શ્રદ્ધાપૂર્વક દોષ નાશ કેમ થાય તેમજ આત્મિક ગુણોની પ્રાપ્તિ કેમ થાય ? તેવા વિચાર વા લક્ષ્યપૂર્વક એક સામાયિક કે એક પ્રતિક્રમણ થાય તો પણ આત્માનું અવશ્ય કલ્યાણ થશે. માટે આ લેખ કોઇ પણ જાતની શુભ ક્રિયા નિષેધાર્થે નથી, પણ ઉન્માર્ગથી મુક્ત થઇ સત્ય શું છે તે વિચારવા અર્થે અને સન્માર્ગ સન્મુખ થવાને માટેજ આ લેખ લખવાનો લેખકનો ઉદ્દેશ છે અને તે વિચારવાથી સમજાઇ શકે તેમ છે.

પૌષધ—

સામાયિકમાં આત્મચિંતન, પ્રતિક્રમણમાં ભૂત દોષોની નિવૃત્તિ અને ભવિષ્યમાં તે ન કરવાની પ્રતિજ્ઞા, તેમ પૌષધમાં આત્મધ્યાનની મુખ્યતા છે. મન, વચન, કાયાની તથા વૃત્તિઓની સ્થિરતા કરી, આત્માને સદ્ધ્યાન, સદાચાર, સદ્જ્ઞાન તથા સદ્ગુણોથી પુષ્ટ બનાવે–તેને પૌષધ કહે છે, સામાયિક પ્રતિક્રમણની ક્રિયા બે ઘડી (૪૮ મિનીટ) ની છે. પૂર્વ સંસ્કારની મંદતા હોવાથી, માનસિક તથા બુદ્ધિબળ મંદ હોવાથી, સત્સંગ તથા સત્પુરૂષનો સતત સમાગમ ન હોવાથી, જીવાત્મા બે ઘડીવારમાં આત્મસ્વરૂપની જાગ્રતી ન કરી શકે તો જ્ઞાનીઓ તેને પૌષધ કરવાની પ્રવૃત્તિ તરફ દોરે છે. પૌષધ દિવસ તથા રાત્રિના મળી આઠ પહોરનો થાય છે. ચોવીશ કલાક સુધી સત્પુરૂષ તથા સત્સંગના સમાગમમાં રહી આત્મસાધનનો વિચાર કરે તો અવશ્ય સન્માર્ગ પામી શકે. એમ જાણી શાસ્ત્રકારોએ પૌષધક્રિયાની મહત્તા દર્શાવી છે.

જેવી રીતે પ્રતિક્રમણમાં પ્રતિજ્ઞા લેવાય છે, તેમ પૌષધમાં ચાર પ્રકારની પ્રતિજ્ઞા લેવામાં આવે છે. "**આહાર** પૌષધ, **શરીરસત્કાર** પૌષધ, **સર્વ બ્રહ્મચર્ય** પૌષધ, અને **અવ્યાપાર** પૌષધ."

આહારનો ત્યાગ કરી, શરીરની મૂર્ચ્છાનો ત્યાગ કરી, મન, વચન અને કાયાના ત્રણે યોગથી બ્રહ્મચર્ય પાળી, સાંસારિક સર્વ વૃત્તિઓનો ત્રણે યોગથી ત્યાગ કરી, આત્મભાવના ભાવતાં આત્મજ્ઞાનને પોષણ આપે અર્થાત્ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ કરે તેને પૌષધ કહે છે. પૌષધ કરનાર ચાર વા આઠ પહોર સુધી સાધુતુલ્ય ગણાય છે. પૌષધમાં નિંદા, વિકથા, નિદ્રા વિગેરે દોષોની પ્રતિજ્ઞા લઇ તેવી પ્રવૃત્તિ કરે તો મહા પાતક લાગે છે. આજના કેટલાક અજ્ઞાની આત્માઓ એક શેર સાકર માટે વા જમવા માટે આખો દિવસ કામ કરી, સાંજના પૌષધ લેવાનો પાઠ ઉચ્ચારી સમી સાંજના જ સુઇ રહે છે. ઘેર હોય ત્યારે વ્યાપારાદિકની પ્રવૃત્તિમાં રખડતાં રાતના બાર વાગ્યા સુધી બિચારાઓને સુવાનો વખત ન આવે, જ્યારે પૌષધમાં સમીસાંજે સુઇ રહે છે. નાના છોકરાં જેમને દુનીયાનું પણ ભાન ન હોય, તેવાઓ દિવસના બાઇ માત્ર રાતના ચાર પહોર ઉપાશ્રયમાં સુઇ રહે છતાં માને કે અમે પૌષધ કરેલ છે. વળી કેટલાક ધર્મગુરૂઓ પણ શાસ્ત્રવિરૂદ્ધ અધમ પ્રવૃત્તિને અનુમોદન આપે છે. ભોળા લોકોને સમજાવે છે કે–હશે ભાઇ! એટલો વખત તો સંવરમાં રહે છે. સંવરની વખાર જાણે ઉપાશ્રય જ હોય નહિ? સંવરના કંત્રાટી આવા ધર્મગુરૂઓ જ હોય નહિ કે જેમની પાસે રાતે પડી રહે તો સંવર થાય! ખરેખર! આનું નામ જ અજ્ઞાનતા છે. સમ્યક્ પ્રકારે વૃત્તિનો જય કરવાથી અંતરમાં સંવર પ્રગટ થાય છે. ઉપાશ્રયમાં સંવરની વખાર હોતી નથી. તૃષાતુર માણસ સ્વચ્છ જળ ન મળે તો ઝેરમિશ્રિત વા ગટરના જળનું પાન કરવાથી કદાપિ સંતોષિત નહિ થાય. તેવા મલીન જળ પીવા કરતાં મરણને વધારે ઇચ્છશે, તેમ આત્માર્થી જીવો પોતાના શ્રેયને માટે અવિધિ, અજ્ઞાન તથા અસત્ક્રિયાઓથી પોતાનું શ્રેય કદાપિ માનશે નહિ અને એમ માનશે તો તેવી ક્રિયાઓથી શ્રેય થાય પણ નહિ. જૈનોમાં આઠમ પાખીના દિવસે પૌષધ કરવામાં આવે છે. પૌષધ જેવી પવિત્ર ધર્મક્રિયા કરનારને કોઇ કરોડો રૂપીઆ, છ ખંડનું અરે! ત્રણ ભુવનનું રાજ્ય આપવા તૈયાર થાય; તોપણ તેને લાત મારી, પૌદ્ગલિક સુખની ઇચ્છાનો ત્યાગ કરી નિષ્કામપણે કરવાથી જ આત્મશ્રેય થાય છે એમ માનશે. આવી ઉત્તમ ક્રિયાઓ શેર સાકરના લોભની ખાતર વા એક ટંકના મિષ્ટાન્નના લોભની ખાતર કરે તો ક્રિયાને વેચનાર સકામ ભાવનાએ સ્વાર્થી જીવાત્માઓથી ધર્મની ખરાબી થાય છે, અને પોતાના જીવનની અધોગતિ થાય છે. લાડવાના મોહમાં મુગ્ધ થયેલ બ્રાહ્મણોથી બ્રહ્મતેજ (તત્ત્વજ્ઞાન) દેશમાંથી લય પામ્યું છે, તેમ ખાવાના લોભની ખાતર ધર્મક્રિયાઓ

કરી તેમાં કલ્યાણ માનનારા જૈનોથી જૈનત્વ (વીતરાગ ભાવ) નાશ પામવા જેવું થયું છે. સાકર કે લાડુના મોહ માટે આઠમ પાખીના હજારો પૌષધો થશે, જ્યારે તે ન હોય તો સેંકડે પાંચ પણ નહિ થાય. આવા જીવાત્માઓ ધર્મના નામે ધતીંગ ચલાવી ધર્મને લજવનારા, સમાજને નિર્માલ્ય બનાવે છે.

હરિકથા કે વ્યાખ્યાનોમાં જો ચપટી સાકર કે બે ચાર પતાસાની પ્રભાવના હોય તો ઉપાશ્રયમાં હજારો લોકો વ્યાખ્યાન સાંભળવા આવશે, નહિ તો ૫૦–૧૦૦ માંડ હશે. જ્ઞાનીઓના એક વચનમાં અનંત તત્ત્વ સમાયેલું છે. તેવી દિવ્ય વાણીનું અપૂર્વ રહસ્ય આવા ધર્મ વિક્રય કરનારા લાલચુઓથી સમજાયજ ક્યાંથી ? કેટલાક અજ્ઞાનીઓ એવો તર્ક કરે છે કે—'પ્રભાવનાના લોભના બહાને પણ લોકો સાંભળવા તો આવશે ? ' પ્રભાવના ન હોય તો ગમે તેવા મહાત્માની અપૂર્વ વાણી પ્રત્યે જેને પ્રીતિ તથા આકર્ષણ નથી તેવા મોહલુબ્ધ પામર આત્માઓ બે પતાસાની લાલચે ગમે તેવા સામાન્ય ગુરૂઓ પાસે પણ આવશે, તો સદ્‌બોધ કરતાં બે પતાસામાં મીઠાશ માનનારા મોહાંધ આત્માઓ સાંભળીને શું કલ્યાણ કરવાના હતા ? શ્રીમાન્ હેમચંદ્રાચાર્યજી લખે છે કે:—

" अज्ञानतिमिरव्याप्ति–मपाकृत्य यथायथम् ;
जिनशासनमाहात्म्यस्य प्रकाशे स्यात्प्रभावना " ॥

અજ્ઞાન–તિમિરનો નાશ કરી, મિથ્યા મોહનો લય કરી, ઉત્કૃષ્ટ ભાવની સિદ્ધિ મેળવે તેનું નામ પ્રભાવના, પ્રભાવનામાં આવો દિવ્ય ભાવાર્થ રહ્યો છે, પણ લાલચુ જીવોને પુદ્‌ગલમોહમાં તેવું રહસ્ય સમજાયજ ક્યાંથી ? સાધુઓ ચોમાસું રહ્યા હોય તથા મોટા સાધુ ગામમાં આવ્યા હોય તેના મોહની ખાતર, કીર્ત્તિની ખાતર વા ' ન કરીએ તો ખોટું લાગશે ' એવા લોકભયની ખાતર બબ્બે ચાર ચાર આના કે રૂપીઆ ઉઘરાવી ફંડ રાખી, આઠમ પાખીની પર્વતિથિએ પ્રભાવના કરે. કહો, નિરાશ્રિત ફંડમાં અને આ પતાસાં ખાઉઓના ફંડમાં કાંઈ ફેર છે ? નહિજ, લોકોની પાસે ઉઘરાણું કરી, ભીખ માગી તે આપવાથી વા કોઇ ગૃહસ્થને ઘેર તેનું સગું સંબંધી મરવા પડયું હોય તેને માટે ધર્માદો કરવા બસેં પાંચસેં રૂપીઆ કહાડ્યા હોય તેમાંથી પ્રભાવના કરવાથી લોકો વીર્યહીન અને નિર્માલ્ય બની જાય છે. એ બુદ્ધિશૂન્ય આત્માઓ ક્યાંથી જાણે ? ખરેખર ! તેના નામ પ્રમાણેજ ગુણ દેખાય છે. મૂળ નામ તો **પ્રભાવના** એટલે ' **પ્રકર્ષેણ ભાવના** ' ઉત્કૃષ્ટ સદ્‌ભાવના–તે પ્રભાવના કહેવાય છે, અને હાલ તો તેનો અપભ્રંશ થઇ **પરભાવના** બોલાય છે,

આત્માથી ભિન્ન એવા જડ પદાર્થોની ભાવનમાં જીવોનું કલ્યાણ થાયજ ક્યાંથી ? આવી નિર્માલ્ય પ્રવૃત્તિઓનો પ્રચાર થવાનું મુખ્ય કારણ આત્મમાર્ગ હીન ધર્મગુરૂઓજ છે. પોતાના વિશુદ્ધ ચારિત્ર, નિર્મળજ્ઞાન તથા આત્મમાર્ગી જનસમાજને આકર્ષી શકે નહિ વા પ્રીતિ મેળવી શકે નહિ, અને પોતે ઉપાશ્રયમાં એકલા બેઠા હોય ત્યારે કીડીઓ ચડે વા બીજા સમર્થ જ્ઞાનીના વ્યાખ્યાન કરતાં પોતાના શક્તિહીન વ્યાખ્યાનમાં શ્રોતાઓ થોડા આવતા હોય તો શીતજ્વર આવે કે ઈર્ષ્યા આવે, તેથી પોતાનો વાડો વધારવા તથા પોતાની પાસે ઘણા લોકો આવે છે–એવું માન મેળવવા–આવા ઉંધા રસ્તાઓ લઇ પ્રભાવનાના પ્રપંચો ઉત્પન્ન કર્યા છે, કદાચ કોઇ કહેશે કે—' શાસ્ત્રોમાં પ્રભાવના કરવાના અને કર્યાના અધિકારો છે. ' તો જણાવીશ કે–ભગવાન્ મહાવીર પાસે કયા દેવતાએ, કે દ્રે કે શ્રેણિકાદિ રાજાએ પ્રભાવના કરી ? એવું કયા સૂત્રમાં છે ? (પોપગુરૂઓના રચેલા ગ્રંથોનો પુરાવો નિરર્થક છે.) પ્રભુના રાજ્યમાં પ્રભાવના (પરભાવના) હોયજ નહિ, સ્વ–ભાવનાજ (પોતાના આત્મસ્વરૂપમાં રમણ કરવું) હોય, અજ્ઞાનીના રાજ્યમાંજ પરભાવના (જડરમણતા) હોય, કદાચ કોઇ પૂર્વાચાર્યના ગ્રંથમાં પ્રભાવનાનો અધિકાર હશે તો તેમાં ભાવનાની ઉત્કૃષ્ટતા હશે, પણ બક્ષે ચાર ચાર રૂા. ના ઉધરાણા કરી નિરાશ્રિત કુંડની માફક લોકો પાસેથી ભીખ માગી અને પછી લોકોને બક્ષે પતાસા આપવાની ઉદારતા કરી હોય, તેવો અધિકાર છેજ નહિ પરમજ્ઞાની મહાત્માઓનો ધર્મબોધ આત્માનું શ્રેય થવા માટે હોય, પતાસાના સ્વાદને માટે મહાત્માઓનો બોધ હોયજ નહિ. તેમ પૌષધ આત્માની પુષ્ટિ કરવા માટે તેમજ સ્વધર્મથી આત્મજીવનને પોષણ કરવા માટે હોય તોજ તેને પૌષધ કહી શકાય; પણ જો શેર સાકર કે ખાવાની લાલચ માટે હોય, તો તેનું નામ પૌષધ નહિ પણ શેર સાકર વા એક ટંકના ખોરાકની મજુરી છે. એમ સુગમતાથી સમજાય તેવું છે.

પૂજા—

' **પૂજ્યતે ઇતિ પૂજા** ' જેનાથી પવિત્ર થવાય તેને પૂજા કહે છે. સામાયિક, પ્રતિક્રમણાદિક શુભ ક્રિયાઓથી વૃત્તિઓ સ્થિર ન થતી હોય, તેને જ્ઞાનીઓ પૂજાની પ્રવૃત્તિ તરફ દોરે છે. સામાન્ય કોઇ પદાર્થ ઉપર ત્રાટક કરી યોગની સ્થિરતાપૂર્વક ધ્યાન કરવાથી વૃત્તિઓ સ્થિર થાય છે, પણ ભાવના જાગ્રત થતી નથી, તેથી ઇષ્ટદેવની પ્રતિમાનો આકાર દૃષ્ટિ સન્મુખ રાખી

ધ્યાન કરવા માટે પ્રભુપૂજા એ સાધન છે. પ્રભુ પ્રતિમા પાસે નમસ્કાર તથા સ્તવના અને પ્રભુની પૂજા કરી આસનસ્થિરતા, દૃષ્ટિસ્થિરતા તથા માનસિક સ્થિરતા કરી પ્રભુના આત્મિક ગુણોને અંતરમાં પ્રગટ કરવાથી હૃદય પવિત્ર થાય-તેને પૂજા કહે છે. સ્થિરતા વિનાનું પૂજન અંતર પવિત્ર કરનાર થઇ શકતું નથી. મંદિરોમાં જઇ ધમાધમ કરતાં પ્રતિમાને પાંચ પચીશ તિલક કરવાનું નામ પૂજા નથી પણ પ્રવૃત્તિ છે. ગોસાંઇજીના મંદિરોમાં દર્શન વખતે સ્ત્રી-પુરૂષોની ગિરદી તથા પરસ્પર સંઘર્ષણ જોઇ જૈનો હસે છે-તેને અનુચિત માને છે, તેજ જૈનો મધ્યસ્થપણે ઘડીભર વિચાર કરે તો શત્રુંજય (પાલીતાણાના પહાડ) ના મુખ્ય મંદિરમાં પૂજા વખતે પચીશ પચાશ માણસો એકજ પ્રતિમા પાસે દોડાદોડ કરવાથી એક બીજાના શરીર ઘસાય, સ્ત્રી-પુરૂષની એક બીજામાં અથડામણ થાય, વખતસર પ્રભુના ઉપર પણ પડી જાય તે વખતે તથા દેરાસરોમાં દર્શન વખતે હજારોની ભીડ થાય, ત્યારે ગોસાંઇજીના મંદિરનો તાદશ ચિતાર સિદ્ધ થાય છે. પૂજનક્રિયા-એ માનસિક સ્થિરતા તથા પવિત્રતા માટે હતી, તેને મોજશોખ તથા શૃંગાર વૃદ્ધિના કારણોથી ઇંદ્રિય પોષણમાં પૂજનક્રિયાનો સમાવેશ થઇ ગયો છે, દેરાસરો તથા પ્રભુ પ્રતિમાઓ માત્ર ભક્તિ અને આત્મિક બળ ઉત્પન્ન કરવા માટે હતાં, તે આરંભ, સમારંભ તથા ઉપાધિ માટે થઇ પડયાં છે. થોડા વખત ઉપર પંડિતજી બેચરદાસજીએ શાસ્ત્રીય તથા ઐતિહાસિક પૂરાવાથી સિદ્ધ કર્યું છે કે-અગાઉના વખતમાં દેરાસરો જંગલમાં ઉઘાડા કમાડના અને જોખમ વિનાનાં હતાં, જેથી ગમે ત્યારે ગમે તે જીવાત્મા પ્રભુપ્રતિમા સામે ધ્યાન કરી, પૂજન કરી આત્મિક શક્તિને વિકસિત કરી શકતો. આજે તો દેરાસરો તે મોટી વખારો તથા બેંકોના જેવાં થઇ પડયાં છે. લાખો રૂા. દેરાસરોમાં એકઠા કરી તેનો વેપાર ચલાવે છે. મીલના કારખાના ચાલે ત્યાં દેવદ્રવ્યથી પાપ લાગી જતું નથી, પણ તે પૈસાથી યુનીવર્સિટી સ્થાપવા, કોલેજ, હાઇસ્કૂલ કે હોસ્પીટલ ઉત્પન્ન કરવા વા હુન્નરશાળામાં ખરચવા કોશીષ થાય તો અરરર ! ગજબ થાય ! દેવદ્રવ્યના પૈસાથી આવાં કાર્યો કરવામાં પાપ નડે, એવો ભય રાખનારા પાપમાં જ પોતાની જીંદગીનો વ્યય કરે છે. રાજ્ય ચલાવનાર રાજા, પ્રજા ઉપર રેવન્યુટેક્ષ, ઇન્કમટેક્ષ વિગેરે કરો નાખી લાખો રૂા. એકઠા કરી પોતાના તથા કુટુંબના મોજશોખમાં ઉડાવે છે, તેમ હાલ કંચન કામિનીના મોહમાં લપટાયેલા ગોસાંઇજી વિગેરે ધર્મગુરૂઓ કદાચ દેવના નામે લાખો રૂા. મેળવી તેની ઉપર તાગડધિન્ના કરે તે તો ઠીક છે. કે તે સંસારી છે,

એટલે પોતાનો બચાવ કરી શકે. પરંતુ કંચન–કામિનીના સંગથી પણ પાપ માનનાર જૈનસાધુઓ વીતરાગ દેવના નામે લાખો રૂા. એકઠા કરવામાં, એક આંગી ભાંગી નાખીને બીજી ઘડાવવામાં, કુંડલ, મુગટ, હાર વિગેરે દાગીના ઘડાવવામાં જૈન પ્રજા નિર્ધન બનતી જાય છે; છતાં ગામોગામ ભીખ માગી એક બીજાની દેખાદેખીએ ખાસ પૈસા ઉધરાવી દેરાસરો ચણાવવામાં, દારૂ, માંસ ખાનાર કારીગરોને રંગીન કામમાં લાખો રૂા. આપવામાં, હજારો દીવા-બત્તી ઉઘાડી સળગતી રાખી મુંબઇની દીવાળીનો ચિતાર કરવામાં, કોમળ ફુલોને કાતરી, સીવીને નિર્દયતા કરવામાં, ગ્યાસતેલ તથા વિજળીના દીવા બાળવામાં, ચરબીવાળી મીણબત્તીઓ સળગાવવામાં, વેશ્યાના તથા ત્રગાળાના છોકરાઓને પૈસા આપી ભાડુતી ભક્તિ કરાવી નાચ કરાવવામાં, કુવા ખોદા-વવામાં, તથા બાગબગીચા કરાવવામાં ઉપદેશ આપે વા ધર્મ બતાવે–એ ખરેખર દીલગીરીની વાત છે. રાવણ રાજાએ પોતાની ભક્તિથી તીર્થંકરગોત્ર બાંધ્યું હતું; પણ ભાડુતી ભક્તિથી તીર્થંકર પદ બાંધ્યું નથી. જ્યારે મુંબઈ જેવા શહેરમાં જૈનોની જ્યાં ઘણી વસ્તી છે તથા અમદાવાદ વિગેરે ઘણા શહેરોમાં નાટક કરનારા વિષય ભરપૂર ત્રગાળાના છોકરાઓને નચાવી, જ્યાં કેવળ શૃંગાર અને વિષયનીજ વૃદ્ધિ થતી હોય, ત્યાં ભક્તિ માનનારા અ-ધમ્ર આત્માઓ તીર્થંકરગોત્ર તો બાંધતાં બાંધશે; પણ તેતર (એક જાતનું પક્ષી) ગોત્ર બાંધી વા તેનાથી પણ અધમ ગતિ ઉપાર્જન કરી સંસાર–ચક્રમાં ભમતા રહેશે. દેરાસરના લાખો રૂા. સમેતશીખર વિગેરે તીર્થોના ઝગડા ઉ-ઠાવી દારૂ માંસના ભક્ષક પરદેશીઓને આપવા, વકીલ, બેરીસ્ટરોના ખીસ્સા ભરવા, ટ્રેન, ઘોડાગાડીઓની મુસાફરી કરવા, કડીઆ, કારીગર કે સોનીને આપવા, બાગ–બગીચા કરાવવા, અમલદારોમાં ઉડાવવા, મીલો વિગેરે હિંસા-જનક કારખાના ચલાવવા, સ્થળે સ્થળે પત્થરા ખડકાવવા, દીવાબત્તીની રોશની સળગાવવા તથા ત્રસ્ટી કે શેઠીઆઓના વેપાર ચલાવવામાં ખરચાય ત્યાં પાપ ન લાગે, પણ સામાજિક ઉન્નતિના કાર્યોમાં, જન સમાજના શ્રેયમાં, વિદ્યા, વેપાર તથા હુન્નરના કાર્યો ખીલવવામાં, ચૈતન્ય પ્રજાના પોષણમાં ખરચવાથી પાપ લાગે. ખરી વાત છે કે–કુડ, કપટ, છળ, પ્રપંચ અસત્ય, અની-તિના અધમ અનુયાયીઓના ધર્માદાના ફંડો પાપનેજ માર્ગે પ્રલય થાય તેવા પાપમય પૈસાનો સદુપયોગ થાયજ કયાંથી ? જે મંદિરો આત્મ સિદ્ધિ માટે હતાં, તે મંદિરો માલ મીલકત વધવાથી કલેશ, કજીયા, બહારની ખોટી શોભા તથા શૃંગારને માટે થઇ ગયાં છે. આવી અધમ પ્રવૃત્તિઓ ૧૪–૧૫ માં સૈકામાં

ભ્રષ્ટ ગુરૂઓનું બળ વધારે હોવાથી તે વખતે ચાલતી હતી, તેથીજ સ્થાનકવાસી (જૈન આર્ય સમાજી યાને મૂર્તિ પૂજક નહિ) સમાજ અલગ થવાનો વખત આવ્યો. મૂર્તિ માટે બંનેની ભૂલ થઇ છે, તે સ્પષ્ટતાથી સમજવા માટે એક દૃષ્ટાંત આપી આ વિષયને સમાપ્ત કરીશ.

હીરાલાલ અને **મોતીલાલ** નામે બે શેઠ હતા. તેઓ સરળ અને ભદ્રિક હૃદયના હતા. એક વખતે મોતીલાલે હીરાલાલ પાસેથી ૧૦૦૦ રૂા. ઉધારે લીધા લેનારે કે દેનારે ચોપડાને પાને રૂા. એક હજાર લખ્યા પણ અંકે લખ્યા નહિ. તેમજ ખત, પત્ર કે સહી વિગેરે કાંઇ પણ કર્યું નહિ; કારણ કે બંનેના હૃદય નિષ્પાપી અને સરલ હતા. થોડા વખત પછી બંને શેઠ મરણ પામ્યા એટલે પાછળથી હીરાલાલના પુત્ર **મોહનલાલે** પોતાના ચોપડામાં મોતીલાલના નામે રૂા એક હજાર જોઇ, એક હજારની સંખ્યા ઉપર એક મીંડું વધારે ચડાવી રૂા દશ હજાર મોતીલાલના પુત્ર **માણેકલાલ** પાસે માગ્યા. માણેકલાલે તેને કહ્યું કે–' ચોપડા તપાસી રકમ નીકળશે તો અવશ્ય આપીશ ' તપાસ કરતાં પોતાના ચોપડામાં રૂા એક હજારની રકમ જોઇ માણેકલાલ વિચારમાં પડ્યો કે—'આમાં સાચું શું ? મોહનના ચોપડામાં રૂા ૧૦ હજારની રકમ લેણી નીકળે છે અને મારા ચોપડામાં રૂા. એક હજારની રકમ દેણી નીકળે છે. આમાં ભૂલ કોની ? મારા કે તેના બાપની ભૂલ ? વા હીરાલાલે જાણી જોઇને એક મીંડું વધાર્યું હશે ? વા ભૂલ થઇ હશે ? મારો પિતા એક મીંડું લખતાં ભૂલી ગયા હશે ? કે જાણી જોઇ ઓછું લખ્યું હશે ? અથવા અમારા બંનેના પિતા મરણ પામ્યા પછી હીરાલાલના પુત્ર મોહને એક મીંડું વધાર્યું હશે ? બાપ બંનેના મરણ પામ્યા છે. હવે મસાણે પૂછીને ખુલાસો મળે તેમ છે નહિ, ત્યારે સાચું કોણ ? કોણ સાચું છે તેનો નિર્ણય થવો મુશ્કેલ છે. માટે એક હજાર રૂા ની હા કહીશ, તો કદાચ દશ હજાર પણ આપવા પડશે. માટે સમૂલગી નાજ કહું. કેમકે ખત પત્ર કે સહી જેવું કાંઇ છે નહિ. જેથી ફરીયાદ ચાલે તેમ નથી. માટે સાવ ના કહેવામાંજ સાર છે. ' તેમ મૂર્ત્તિની સ્થિતિ પણ તેવી થઇ પડી છે. સાતમા સૈકામાં ચૈત્યવાસી (ભ્રષ્ટ ગુરૂઓ)ની શરૂઆત થઇ. દશમામાં વધારે વૃદ્ધિ થઇ અને તેરમાથી પંદરમા સુધીમાં તો હદ ઉપરાંત પોપ ગુરૂઓનું રાજ્ય વધવાથી જનસમાજને પોતાના પક્ષમાં રાખવા તથા દેરાસર અને ધર્માદાના નામે લાખો રૂા. મેળવી પોતાના મોજશોખમાં ઉડાવવા તથા અગ્રેસર શેઠીઆઓના વેપાર ચલાવવા માટે આવા રસ્તાઓ કહાડી **વરઘોડા,** પૂજા તથા સ્વપ્ના વિગેરના ચડાવામાં, પ્રતિષ્ઠા વખતે પ્રભુ બેસારવા,

ધ્વજા, દંડ વિગેરેના ચડાવા, ઉપધાન તથા માળ પહેરવાના ચડાવા, એવા અનેક ધંધાઓ વધારી, પૈસા એકત્રિત કરવાના અનેક પ્રપંચો ઉત્પન્ન કરી જે પ્રતિમા ધ્યાન તથા સ્થિરતા માટે હતી. તે મૂળ લક્ષ્ય ભૂલી જઈ શાસ્ત્રથી વિરૂદ્ધ પ્રવૃત્તિ વધારવાથી મૂર્ત્તિપૂજકોએ હજારના દશહજાર કરવાનું કર્યું, ત્યારે સ્થાનકવાસી (હાલના આર્યસમાજી) વિગેરે લેકોએ જોયું કે–' આ તો જુલમ થાય છે, ધર્મ તથા દેવના નામે લોકો માયામાં લપટાઈ, ધન કમાઇ માટે અનેક પ્રપંચો ઉભા કરી જનસમાજને ઉન્માર્ગે દોરવે છે. જો મૂર્ત્તિને માનીશું તો તે નિમિત્તથી થતી શાસ્ત્રવિરૂદ્ધ એવી કેટલીક પ્રવૃત્તિઓ માનવી પડશે. માટે હાલ તો આવા માર્ગભ્રષ્ટ ધર્મગુરૂઓ તથા શાસ્ત્રવિરૂદ્ધ થતી કેટલીક પ્રવૃત્તિઓથી સમાજને બચાવવા મૂર્ત્તિ માનવાની જરૂર નથી. ' એમ જાણી હજારની ના મંજુરી કરી. અર્થાત્ 'મૂર્ત્તિ જ શાસ્ત્રમાં નથી.' એવી ભાવના જનસમાજમાં ફેલાવી " દુનીયા તો ઝુકતી હય. ઝુકાનેવાલા ચાહિએ " જનસમાજ જેમ દોરો તેમ દોરવાય છે. આ ગોટાળાની રકમને ૫૦૦ વરસ થયા હજી તેનું સમાધાન થયું નથી. મૂર્ત્તિપૂજક દેરાવાસી તથા સ્થાનકવાસી બંને મહાવીરના સૂત્રોથી જ એક બીજાનું ખંડન મંડન કરી, મહાવીરના નામની મૂર્તને માટે જ કલેશ કજીયા કરી, એકજ ધર્મને માનનારા છતાં વૈર –વિરોધ વધારી મહાવીરના માર્ગથી લાખો અને કરોડો ગાઉ દૂર પડી ગયા છે. જૈનદેવ–નિર્ગ્રંથ (ધન ધાન્યાદિ બાહ્ય તથા રાગ–દ્વેષાદિ આભ્યંતર ગ્રંથિ–એ બને ગ્રંથિ એટલે દોષ–બંધનરહિત) છે. તેના નિમિત્તથી આત્માને શાંતિ થવી જોઇએ, પણ કલેશ, કજીયા કે સોનારૂપાના વધારા કરી ભૂખે મરતી ભારતની આર્યપ્રજાની ભૂખમાં વધારો કરવાનું હોય જ નહિ. પૂજા–એ આત્માની ભાવના છે. આભ્યંતર અવલોકન પૂર્વક બાહ્ય સાધનોથી પૂજા કરતાં આંતરક નિર્મળતા, નમ્રતી તથા સ્થિરતા પ્રાપ્ત થાય, તેનેજ પૂજા કહી શકાય છે. સ્ત્રી, ધન તથા છોકરાં સાચવવા પોતે તૈયાર રહે છે અને જેને ઇષ્ટદેવ માને છે, તે પ્રભુની પ્રતિમા સાચવવા પાંચ દશ રૂા. ના પગારદાર નોકર (પૂજારી) ને રાખી, તેને પ્રભુ ભળાવી દે. પોતે કદાચ નવરો થાય તો બે ચાર તિલક કરતો ભાગે. ત્યાં પ્રભુપૂજા કયાં રહી ? પ્રભુપૂજન વખતે પરમાત્મ ભાવના જાગ્રત થવાથી, મન, વચન, કાયાની સ્થિરતા થવાથી, પ્રભુગુણની સ્તવના કરતાં અપૂર્વ ભક્તિ–ઉલ્લાસ ઉદ્ભવવાથી તેને પોતાના શરીરનું કે જગતનું ભાનજ ન રહે. પ્રભુમય એક તાન જામવાથી તેની પાસે સર્પ કે સિંહ આવીને ઉભો રહે, વા તેના શરીર ઉપર અગ્નિ પડે તો પણ જેને દેહલક્ષ્ય

કે દેહભાવના જાગે નહિ, ત્યારે જ પૂજા થઇ કહેવાય. તેવી પૂજા કરનાર જ પ્રભુની દશા પામી શકે છે. પણ સુગંધી કેસરનું લલાટે તિલક કર્યું હોય અને અંતર, વિષય–કષાયાદિ દોષો રૂપ મેસથી મલીન થતું હોય, તો તે પૂજા નહિ, પણ ધર્મપણું બતાવવાનો કુલાચાર છે.

શીયળ વા બ્રહ્મચર્ય—

મન, વચન તથા કાયાના ત્રણે યોગની પૂર્ણ શુદ્ધિ તથા સ્થિરતાથી સ્વ તથા પરસ્ત્રી વા પુરૂષના વિકાર ભાવનો ત્યાગ થાય–તેને બ્રહ્મચર્ય કહે છે. અને ત્રણે યોગથી આ વિશ્વની સમસ્ત પરસ્ત્રીઓ વા પરપુરૂષો સાથે વિકારભાવનો સર્વથા ત્યાગ કરી, પોતાની પરિણીત સ્ત્રીમાંજ સંતોષ માની, તેની સાથે પૂર્વ પ્રારબ્ધ ભોગકર્મ ભોગવતો મનની વૃત્તિને પોતાની સ્ત્રી પ્રત્યેથી પણ ભોગ–કર્મનો ત્યાગ કરવાની ભાવના કરતો રહે તથા મંદ કરતો રહે તેને **શીયળ** કહે છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે—' માંસ અને મદિરાનું ભક્ષણ કરનાર કરતાં પરસ્ત્રી વા પરપુરૂષ સાથે અનાચાર કરનાર વધારે પાપી છે. છતાં હિંદુ જનસમાજમાં વણિક, બ્રાહ્મણ વિગેરે ધાર્મિક જ્ઞાતિઓમાં દારૂ કે માંસ ભક્ષણ કરનારને નાત બહાર મૂકશે, વા તેના પ્રત્યે જેટલો ધિક્કાર બતાવવામાં આવે છે તેટલો તિરસ્કાર વ્યભિચાર કરનારા પ્રત્યે આવતો નથી. વા તેને નાત બહાર કે સંબંધ બહાર મૂકવા પ્રયત્ન થતો નથી. એ ઉપરથી એમ સમજાય છે કે—દારૂ, માંસ કરતાં વ્યભિચારમાં મહાપાપ છતાં દારૂ, માંસ ખાનાર થોડા નીકળે છે. જેથી લોકો તેમના પ્રત્યે ધિક્કારની લાગણી દર્શાવે છે અને સ્ત્રી–પુરૂષોમાં અનાચારનો પ્રચાર વિશેષ હોય એમ જણાય છે. જેથી ચોરનાભાઇ ધંટીચોરની માફક ચુપકીદી થતી જોવામાં આવે છે. મનુષ્યના જીવનમાં સત્ય, બ્રહ્મચર્ય વા શીયળ–એ બે મુખ્ય ગુણો હોય તોજ તે સત્યોન્નતિ કરી શકે છે. પચીશ પચાશ વરસ સુધી સ્વાદિષ્ટ ખોરાક ખાઇ શરીરને બલિષ્ટ બનાવનારને જો એકજ વખત જરા પણ ઝેર ખવરાવવામાં આવે તો તે સર્વ ખોરાકની શક્તિનો નાશ થઇ દેહનું પતન થાય છે, તેમ સેંકડો વરસ સુધી હજારો ધર્મક્રિયા કરી મનને મજબુત બનાવનાર વા ધર્મિષ્ઠ માનનાર એકજ વખત જો અસત્ય વા અનાચાર સેવે, તો તેના આત્માનું પણ અધઃપતન થાય છે. જૈનોમાં હમણા ચોથાવ્રત (બ્રહ્મચર્ય) ની બાધા આપવાનો રિવાજ ચાલે છે. પ્રતિજ્ઞા લેવી એ પોતાની દૃઢતા ઉપર છે. સદ્‌ગુરૂના સદ્‌બોધથી વા પૂર્વ

સંસ્કારથી વિકારવૃત્તિનો ક્ષય વા ઉપશમ થવાથી, તે વૃત્તિથી વિરામ પામવાનો દૃઢ સંકલ્પ પોતાની ઇચ્છાએ થાય વા સદ્‌ગુરૂ પાસેથી તે સંકલ્પ ટકાવવાનું વ્રત લે–તેને પ્રતિજ્ઞા કહે છે. છતાં આજે તો ઉપાશ્રયોમાં પ્રભુપ્રતિમા સ્થાપી સેંકડો કે હજારોના ટોળાની સમક્ષ ગુરૂમહારાજ પાસે ચોથાવ્રતની બાધા લઈ, પ્રભાવના કરી લોકોને બતાવે છે કે—'અમે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી.' ઉપાધ્યાય મહારાજ શ્રી યશોવિજયજી લખે છે કે—

" આતમ સાખે ધર્મનું, ત્યાં જનનું શું કામ ?
જન મન રંજન ધર્મનું, મૂલ ન એક બદામ. "

પોતાની વા ગુરૂની સાખે જે ધર્મની પ્રવૃત્તિ થાય છે, તેજ કલ્યાણકારી બને છે. પણ લોકોને રંજન કરવા તથા માન કે મહત્તા મેળવવા કે ધર્મીપણું બતાવવા જે ધર્મક્રિયાઓ થાય છે, તેની કીંમત ફુટી બદામના ફોતરાં જેટલીજ છે. આ પ્રકારે મહાપુરૂષો સ્પષ્ટતાથી સમજાવે છે, છતાં લોકો પોપસત્તાથી પ્રવર્તેલી પ્રવૃત્તિને ધર્મ માની સન્માર્ગથી ભ્રષ્ટ બને છે. લોકોને બતાવવા ધર્મ-ક્રિયા થાય છે, તેથી આત્માનું શ્રેય થતું નથી. બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા પણ કોઇ વિરલ આત્મા વૃત્તિન્યૂનભાવે કરતો હશે, બાકી ઘણા ખરા તો ફારસ કરવા જેવું વા ધર્મને લજ્જિત કરવા જેવું કરે છે. સાઠ કે સીત્તેર વરસના થાય, ત્યારે બ્રહ્મચર્યની બાધા લેનાર, તે પણ મન કે વચનથી નહિ પણ માત્ર કાયાથી લેનાર ફારસના પાઠ ભજવવા શિવાય બીજું શું કરે છે ? અર્થાત્ જેને સ્ત્રી ન મળતી હોય વા મરી ગઇ હોય, મળતી હોય તો બે ચાર સ્ત્રીઓ સાથે સંસાર સેવી પચાશ, સાઠ કે સીત્તેર વરસ સુધી વિષયના ગુલામ બની પોતાની વા પા-રકી સ્ત્રી સાથે વિષયમય વૃત્તિથી જીવન વ્યતીત કરી, શરીર તથા ઇંદ્રિય શક્તિ લય પામવા જેવું થવાથી વગર બાધાએ પણ સહેજે બ્રહ્મચારી થવા જેવું બને છે, છતાં લોકોમાં માન કે કીર્ત્તિ મેળવવા પાંચ પચીશ રૂા. નો ખરચ કરી લોકોની સભા સમક્ષ બુઢ્ઢાબાવા બ્રહ્મચર્યની બાધા તે પણ માત્ર કાયાથી લે છે, મ-નથી ગમે તેટલી સ્ત્રીઓ તરફ ગમે તેટલી વિકારમય ભાવના થયા કરે, વચનથી સીત્તેર વરસનો બુઢ્ઢો બન્યો હોય છતાં બિભત્સ ગાળો આપે વા વચનો બોલે, છતાં તેને છુટ અપાય છે. કાયાની બાધા તેજ બ્રહ્મચર્ય કહી શકાય છે. જ્યારે મહાશાસ્ત્રો તો બતાવે છે કે—

" **मन एव मनुष्याणां कारणं बंध मोक्षयोः** "

બંધ તથા મોક્ષનું કારણ મન છે. પરિણામે જ બંધ થાય છે. છતાં કા-

યાની પ્રતિજ્ઞાને બ્રહ્મચર્ય માનનારને શાસ્ત્રનું જરા પણ જ્ઞાન કે વિચાર જ ન આવે એ કેટલી ખેદની વાત છે? વળી કેટલાક પોપસત્તાધીશ ધર્મગુરૂઓ પણ કાયાથી પ્રતિજ્ઞા લેવરાવવા પ્રેરણા કરી તેને ધર્મ માને છે. મન અને વચનના સંયમ વિના કાયાની અશક્તિ–એવા સાધનના અભાવે કે ગમે તે કારણે માત્ર કાયાથી જ પ્રતિજ્ઞા લેનાર બ્રહ્મચારી થતા હોય અને તેવા બ્રહ્મચારીઓનું કલ્યાણ થતું હોય તો તો ખાંસી કરેલા બળદો તથા ઘોડાઓનું કલ્યાણ આવા બ્રહ્મચારીઓ કરતાં જલદી થવું જોઇએ. કારણ કે ઘોડા બળદને નાની વયમાં જ ખાંસી કરે છે, તેથી તે જન્મથી જ બ્રહ્મચારી હોય છે. તો આવા બાળ બ્રહ્મચારીઓનો મોક્ષ, વૃદ્ધ બ્રહ્મચારીઓ કરતાં પહેલાં થાય તેમાં આશ્ચર્ય નથી. અહા! આવા બ્રહ્મચારીઓથી જ સમાજ તથા દેશનું અધઃપતન થાય છે.

સંધ્યા તથા યજ્ઞ—

સમ્યક્ પ્રકારે આત્મા તથા પરમાત્માનું ધ્યાન કરવાની સત્પ્રવૃત્તિને સંધ્યા કહે છે. તથા **યજ** પૂજવાં એટલે પૂજ્ય વા પવિત્ર જીવન ધારણ કરવાની પ્રવૃત્તિને યજ્ઞ કહે છે. જૈનો પ્રતિક્રમણમાં જેમ પ્રતિજ્ઞા લઇ તેનાથી વિરૂદ્ધ ભાવમાં વર્તે છે, તેમ વેદાંતીઓ પણ ઘણા ખરા તો હમેશાં સંધ્યાની પ્રતિજ્ઞા લઇ તેથી વિરૂદ્ધ પ્રવૃત્તિનું આચરણ કરતા જણાય છે. પ્રથમ તો સંધ્યાના મહાન્ સૂત્રો વા યંત્રોનો શબ્દાર્થ પણ લાખોમાં સેંકડોને આવડતો હશે અને અર્થ સમજનારા સેંકડોમાં તે પ્રમાણે અને આચરણ કરનાર તો કોઇ વિરલાજ હશે. સંધ્યાના મંત્રો ઘણાં છે, તેનું વર્ણન કરતાં ગ્રંથ વધી જાય છે, જેથી દિશાસૂચક અર્થે એક મંત્રનું દિગ્દર્શન બતાવ્યું છે—

“ ૐ તચ્ચક્ષુર્દેવહિતં પુરસ્તાચ્છુક્રમુચ્ચરત્ પશ્યેમ શરદઃ શતં, જીવેમ શરદઃ શતં, શૃણુયામ શરદઃ શતં, પ્રબ્રવીમ શરદઃ શતં, મદીનાશ્યામ શરદઃ શતં, ભૂયશ્ચશરદઃ શતાત્ ઇતિ. ”

દેવસાંનિધ્યે અંતરચક્ષુના નિર્મળ જ્ઞાનથી પવિત્ર હૃદયમાં સંધ્યા કરતો ઉપાસક આત્મા, હૃદય વિશુદ્ધિ તથા કાર્ય લક્ષ્ય માટે અંતરમાં સંકલ્પ કરે છે કે—‘ હે દેવ! સો વરસ સુધીનું દીર્ઘ જીવન ધારણ કરી સદ્બોધ શ્રવણ કરવામાં, સદ્જ્ઞાનનું વર્ણન કરવામાં, આત્મદૃષ્ટિએ વિશ્વ જોવામાં અને તે પણ દીનપણે અણમાત્રની સ્પૃહા કે દીનતારહિત પવિત્ર જીવનની શત વર્ષ સુધી પ્રાપ્તિ રહો, કેવો અદ્ભુત મંત્ર સમાયેલો છે. સંધ્યા–એ એક અંતરશુદ્ધિ

થવાનો ઉત્કૃષ્ટ માર્ગ છે. માર્ગ સન્મુખ ચાલે તોજ કાર્ય સાધી શકે છે, પણ માર્ગથી વિમુખ ચાલનાર કાર્યને કદાપિ સાધી શકતો નથી. સંધ્યા–પૂજન તથા યજ્ઞાદિક જે સત્કર્મો પોતાનું તથા જનસમાજનું શ્રેય કરવા માટે હતા, તે સત્કર્મોને પૈસા કમાવી પેટ ભરવા તથા સ્વાર્થ સાધવા માટે કરાવવાથીજ સમાજ તથા દેશની ઉન્નતિનો લય થઇ અધોગતિ થવા પામી છે. આત્મશ્રેયને માટે કરવાની પ્રવૃત્તિઓ પૌદ્ગલિક સુખને માટે થવાથી સત્ય તત્ત્વની પ્રાપ્તિ દુર્લભ થઇ પડી છે. પ્રાચીન સમયમાં અદીનપણે સત્પ્રવૃત્તિઓ કરનારા, નિષ્કામપણે પરોપકાર ભાવનાએ જનસમાજનું શ્રેય કરવું, તેજ પોતાનું શ્રેય બ્રાહ્મણો માનતા હતા અને પોતાને સમાજસેવક ગણતા હતા, ત્યારે જનસમાજ તેમને ઇષ્ટ, પૂજ્ય, જગતહિતૈષી ગુરૂ તરીકે માનતા હતા. આજે નિષ્કામ જીવનથી ભ્રષ્ટ થઇ પૈસાના મોહમાં તથા સાંસારિક સુખોમાં આસક્ત થઇ પેટ ભરવા તથા સ્વાર્થ સાધવા બ્રાહ્મણો સંધ્યા યજ્ઞાદિક ક્રિયાઓ કરી જનસમાજના શ્રેયની ભાવનાને વિસારી મૂકી પોતાના સ્વાર્થની ભાવનાને મુખ્ય કરી દેહાભિમાનપણે 'અમે બ્રાહ્મણ છીએ **"वर्णानां ब्राह्मणो गुरुः"** જગતના ગુરૂ છીએ' એમ અહંકાર વૃત્તિને આધીન થઇ પરાણે ગુરૂપણું મનાવવા ગયા, ત્યારે લોકો તેમને ભીખારી અને ગરીબ માને છે. એટલું જ નહિ; પણ જે બ્રાહ્મણના ચરણની રજનું કપાળે તિલક કરી લોકો પોતાનું શ્રેય માનતા, તેજ બ્રાહ્મણના વંશને લોકોના તિરસ્કાર ખાઈ પગે અથડાતા ફરે છે. માટેજ મહાત્માઓ કહે છે કે—'સદ્ધર્મની પ્રવૃત્તિથી જ સમાજ તથા દેશની ઉન્નતિ છે. સ્વાર્થ પોષણથી ઉન્નતિ કદાપિ થવાની નથી.

તપ—

" तप्यते अनेन इति तपः " જેનાથી તપાય તેને તપ કહે છે. અર્થાત્ જે પ્રવૃત્તિથી કર્માવરણો તથા વાસનાઓ બળીને ભસ્મીભૂત થાય તેને તપ કહે છે. અત્યારે તો આહારના ત્યાગને જ તપ મનાઇ ગયો છે, જ્યારે શાસ્ત્રકાર તો જે સાધનથી વૃત્તિનો જય થતો હોય તેનેજ તપ કહે છે. દશ પૂર્વધારી આચાર્ય ભગવાન **ઉમાસ્વાતીજી** તત્ત્વાર્થ સૂત્રમાં જણાવે છે કે— **'इच्छा निरोधस्तपः'** ઇચ્છા નામ વૃત્તિઓ વા વાસનાઓનો જય કરવો, પાંચ ઇંદ્રિયોના વિષય લુબ્ધ રહેલી વૃત્તિઓને વશ કરવી, મનનો જય કરવો, પૌદ્ગલિક પદાર્થો પ્રત્યે થતી આસક્તિનો લય કરવો તેને જ તપ વા ઉપવાસ કહે છે. એક દિવસ વા બે ચાર દિવસ આહારનો ત્યાગ કરી, રસના ઇંદ્રિયને વશ કરી હોય, પણ સાંભળવાના, જોવાના, સુંઘવાના તથા વિષયભોગના પદા-

ચેામાં પ્રીતિ કે આસક્તિ હેાય તેા તેનું નામ તપ નહિ, પણ ભુખ મરેાજ કહી શકાય. ઉપાધ્યાય શ્રી યશેાવિજયજી મહારાજ જણાવે છે કે—

" ઇચ્છા રેાધે સંવરી પરિણતિ સમતાયેાગેરે;
તપ તે તેહિજ આતમા, વર્તે નિજ ગુણ ભેાગેરે. "

ધન, ધાન્ય, કુટંબ, પરિવાર વિગેરે પરિગ્રહેા તથા હિંસાદિક આરંભેા, અસત્પ્રવૃત્તિ, પાપમય ભાવના વિગેરે દેાષેાથી જેની વૃત્તિ વિરકત થઇ, જગતના જડ પદાર્થો પ્રત્યેથી પ્રીતિ, મમતા, માયા તથા આસક્તિનેા નાશ થઇ, પાંચ ઇંદ્રિયેાના વિષયેાથી વિરકત થઇ, જગન્મય તથા વૃત્તિઓને રેાકી, સાનુકૂળ, પ્રતિકૂળ, સંયેાગ, વિયેાગ, જન્મ, મરણ, સુખ, દુઃખ, તિરસ્કાર કે સત્કાર વિગેરે દ્વંદ્વભાવેામાં હર્ષ–શેાક ન કરતાં સમપરિણામી થઇ, જગદાકાર વૃત્તિનેા ક્ષય કરી, સમ્યગ્જ્ઞાન, દર્શન તથા ચારિત્રમય પેાતાના આત્મસ્વરૂપમાં રમણ કરે તેને તપ કહે છે. કેવી અદ્ભુત દશા? આવા અપૂર્વ રહસ્ય ગર્ભિત તપ–ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજ્યા વિના ખેારાકને ત્યાગ કરી બે ચાર દિવસ ન ખાવું તેને જ અત્યારે તેા તપસ્યા મનાઇ ગઇ છે. વૃત્તિનું યથાર્થ જ્ઞાન થયા વિના તથા વૃત્તિનેા ક્ષય કેમ થાય તે સમજ્યા વિના ઉપવાસાદિક વ્રતથી આત્મસાધન થતું નથી, દુધનેા ત્યાગ કર્યો હેાય ત્યારે દહીં ત્રણગણું ખાઇ વા ઘીનેા ત્યાગ કર્યો હેાય ત્યારે તેલ કે દુધ ત્રણગણું ખાઇ 'મેં ત્યાગ કર્યો છે' એમ માની બેસે છે, પણ વૃત્તિઓ તેને છેતરે છે, એ વાત અજ્ઞાનપણાને લઈ ખ્યાલમાં આવતી નથી આઠમ કે પાખીનેા ઉપવાસ કરવેા હેાય ત્યારે હમેશાં બે ટંક ખાતેા હેાય તેા 'આઠમનેા ઉપવાસ કરવેા છે' એમ જાણી સાતમ તથા નેામના ઘી, દુધ તથા મિષ્ટાન્ન વિગેરે માદક ખેારાક ખુબ ખાઇ, ગળાસુધી પેટ ભરી આઠમનેા ઉપવાસ કર્યો માને છે, પણ સાતમ તથા નેામના બે દિવસમાં ટંક, ખેારાક તથા ખરચ ચાર દિવસ જેટલેા કરી વૃત્તિઓને પેાષવામાં ધર્મ નથી, પણ અધર્મ છે. વૃત્તિને શેાષવામાં ધર્મ છે, પેાષવામાં નથી. જૈનેામાં જ્યારે ઉપવાસ કરવેા હેાય, ત્યારે આગલા તથા પાછલા બે દિવસે સ્વાદિષ્ટ ખેારાકથી વૃત્તિઓને પેાષે છે, ત્યારે વૈષ્ણવેામાં ઉપવાસના દિવસે 'મેં ઉપવાસ કર્યો છે' એમ અભિમાન ન આવે તેથી તુલસીપત્રના અગ્રભાગ ઉપર આવે તેટલેા અણુમાત્ર ખેારાક (ફરાળ) ખાવાની છુટ પૂર્વાચાર્યોએ આપી હેાય તેા તે બનવા યેાગ્ય છે. પરંતુ શાસ્ત્રકારેાના ઉદ્દેશને ભૂલી જઇ, અરે! ઉદ્દેશથી ઉલટા ચાલી ઉપવાસના દિવસે પેંડા, બરફી, રાજગરાનેા સીરેા, દૂધ તથા ફળાદિક ખાઇ, પેટ ભરી ત્રણ દિવસના ખેારાકનેા ખરચ એક દિવસમાં ઉડાવી વૃત્તિઓને પેા-

પવામાં જ ધર્મ માને છે, તે ખરેખર! અજ્ઞાનતાજ છે. કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રાચાર્યજી જણાવે છે કે—

" कषायविषयाहार- त्यागो यत्र विधीयते;
उपवासः स विज्ञेयः शेषं लंघनकं विदुः " ॥

ક્રોધ, માન, માયા, લોભ–એ ચાર કષાય તથા પાંચ ઇંદ્રિયોના વિષયો, એ નવ દોષપૂર્વક આહારનો ત્યાગ કરે, તોજ તેને ઉપવાસ કહે છે. પણ જો આહારનો ત્યાગ કર્યો હોય અને ચાર કષાય તથા પાંચ વિષય, એ નવ દોષમાંથી એક પણ દોષ અંતરમાં રહ્યો હોય, તો મહાપુરૂષો તેને ઉપવાસ નહિ પણ લાંઘણ કહે છે. વૃત્તિનો જય, કષાય તથા વિષયનો ઉપશમ વા ક્ષય, અણુમાત્રની ઇચ્છાનો ત્યાગ (નિષ્કામતા) અને અંતરની નિર્મળતા, એ ચાર ગુણ સહિત આહારનો ત્યાગ કરે; તો પણ ઉપવાસ તપ છે અને આહારને ગ્રહણ કરે; તો પણ તપ છે. માત્ર ખાવું નહિ–એ તપ નથી, પણ ન ખાવાની સાથે વૃત્તિ સંયમનેજ તપ કહે છે. અઠ્ઠમનો તપ કરનાર, દેવતા વા ઇંદ્રના આસનને પણ ચલિત કરી તેને વશ કરે છે, વા તેની પ્રસન્નતા મેળવે છે. જ્યારે આજે ૮–૧૦ –૧૫ કે માસ–બે માસના ઉપવાસ કરનાર પોતાના શરીરને, વૃત્તિઓને વા મનને પણ વશ કરી શકતા નથી, તેનું કારણ? માત્ર અજ્ઞાનતા જ. અઠ્ઠમની તપસ્યા કરનારનું હૃદય ઉપરોક્ત ચાર ગુણસંપન્ન તથા સ્થિર હતું, તેથીજ દેવતાની પ્રીતિને સંપાદન કરી શકતા હતા, જ્યારે આજે ઘણાખરા તો લોકોને દેખાડવા, વાહવાહ કહેવરાવવા, ' હું આઠ દશ ઉપવાસ કરીશ તો વરઘોડો ચઢશે, મહોત્સવ થશે, લોકો પ્રશંસા કરશે, સાંજી ગવાશે, પ્રભાવના થશે, મંડપ બંધાશે, એવી ક્ષુદ્ર મનોવાસના મેળવવા એકબીજાની દેખાદેખીથી અને અજ્ઞાનપણે કરે છે. જેથી આત્મશ્રેય થવાની કે દેવતા વશ કરવાની વાત તો દૂર રહી, પણ બિચારાઓને શરીર વશ કરવાની પણ શક્તિ હોતી નથી. શરીર વશ રાખવા બે ત્રણ નોકરોની જરૂર પડે છે અને ખાટલાવશ થઇ આળોટી આળોટી દિવસો કહાડવા પડે છે. ઉપવાસ કરનારને ખાવાના દિવસ કરતાં ઉપવાસના દિવસમાં નિવૃત્તિ તથા માનસિક બળ વિશેષ રહેવું જોઇએ, તેને સ્થાને આળોટીને દિવસો પૂરા કરવા પડે છે. ચોમાસામાં પર્યુષણના વખતે ઘણા શહેરોમાં તપસ્યા થાય છે. પાલીતાણામાં ૮–૧૦ ઉપવાસ કરવાથી મોક્ષ તરત થાય એવી ભાવનાથી ૧૦–૧૫ કે માસ બે માસના ઉપવાસ કરનારા ઘણા ભેગા થાય છે. તે વખતે જુનાગઢ તથા ભાવનગરની માંદાની હોસ્પી-

ટલનો દેખાવ દૃષ્ટિગોચર થાય છે. ઉપાશ્રયમાં વ્યાખ્યાન વખતે પાંચ પચીશ તપસ્વીઓ ગાદલાં પાથરી લાંબા થઇ પડ્યા હોય, કેટલાક હાંફતા હોય, કેટલાકને પંખાઓથી પવન નખાતા હોય, કેટલાકને પગ ચંપી થતી હોય, કેટલાકને સુખડ બરાસના શરીર વા કપાળે વિલેપનો થતાં હોય અને કેટલાક તો હોઇઆં હોઇઆં કરી ઉલટી કરતા હોય–આવી સ્થિતિની પ્રવૃત્તિ–એ સીક હોસ્પીટલનોજ ચિતાર આપે છે. તપસ્યાના પ્રભાવથી યોગની શુદ્ધિ તથા શક્તિ–બળ વિશેષ આવવું જોઇએ; તેને કેકાણે માનસિક અને શારીરિક શિથિલતાની વૃદ્ધિ થવાથી પથારીમાં સુઇ, પગ ઘસી, મહાકષ્ટે દિવસો પૂરા કરવામાં આવે છે. તેમાં પણ કેટલાક તો તપસ્યા પૂર્ણ થયા પહેલાંજ પરલોકે પહોંચી જાય છે. આવી તપસ્યા કરનારાઓને એક મકાનમાં રાખી કોઇપણ માણસને આવવા કે મળવા ન દે, એક નોકર પણ તેમની સેવામાં કામકાજ માટે ન રહે, લોકો તરફથી વાહવાહ કે ધન્ય છે, એવી પ્રશંસા સાંભળવાનું ન મળે તો હું નથી ધારતો કે તેઓ ત્રણ દિવસ ઉપર ચોથો દિવસ કહાડે! અર્થાત્ માનના પોષણથીજ શરીરને ટકાવી દીવસો પૂર્ણ કરે છે. જો માનનું પોષણ બંધ થાય તો ત્રીજેજ દિવસે મરણ થવાનો વખત આવે. આવી લાંઘણો કરનાર જૈનો, સંન્યાસી વિગેરેની તપસ્યા જોઇ હસે છે અને 'તે મિથ્યાત્વી, અજ્ઞાન તપસ્વી છે' એમ કહે છે, પણ તે કહેનાર બિચારાને ભાન કયાં છે કે વિષય, કષાયાદિ દોષો દૂર થયા વિના, વૃત્તિઓનો જય કર્યા વિના અને આત્મસ્વરૂપમાં રમણ કર્યા વિના તમારી તપસ્યા પણ મિથ્યાત્વરૂપ અજ્ઞાન જનિત જ છે. ઉપાધ્યાય મહારાજ જણાવે છે કે:—

" દુર્બલ નગ્ન માસ ઉપવાસી, જોઇ માયા રંગ;
તો તે ગર્ભ અનંતા લેશે, ઓલે બીજું અંગ. "

માસક્ષમણને પારણે માસક્ષમણના ઉપવાસો કરી, પારણાને દિવસે કદાચ સુકાં પાંદડાં વા અડદના મુઠીભર બાકુલા બાદને કરોડ વરસ સુધી તપસ્યા કરી, નગ્ન દિગંબરપણે જંગલમાં વિચરી, શરીરને હાડપિંજર બનાવી દે; પણ જો તેના હૃદયમાં માયાનો અંશ રહી જાય તો તે અનંત ભવની વૃદ્ધિ કરે છે. બીજા પણ એક મહાત્મા લખે છે કે—

" ક્રોધે ક્રોડ પૂરવતણું, સંયમ ફલ જાય;
ક્રોધ સહિત જે તપ કરે, તે તો લેખે ન થાય;
કડવાં ફલ છે ક્રોધનાં. "

લાખો મણ ઘાસની ગંજીમાં અગ્નિનો એક કણ પડવાથી બળી જાય

છે, તેમ ક્રોડપૂર્વ સુધીનું ચારિત્ર તથા તપ ક્રોધના નિમિત્તથી નિષ્ફલ થાય છે અને સંસારની વૃદ્ધિ કરે છે. માટેજ જ્ઞાનીઓ કહે છે કે વિષય કષાયાદિ દોષોનો નાશ કર્યા વિના તથા વૃત્તિઓનો જય કર્યા વિના જૈન નામધારી હો કે સંન્યાસી નામધારી હો, પણ તેનું તપ–સંયમ, સંસાર વૃદ્ધિનુંજ કારણ થાય છે, કલ્યાણનું કારણ થતું નથી. જે ગામ જવું છે તેનો રસ્તો જાણ્યા વિના માર્ગે ચાલતાં ભૂલો પડી રખડી મરે છે, તેમ તપસ્યાદિ સત્પ્રવૃત્તિઓનું યથાર્થ સ્વરૂપ સમજ્યા વિના સંસારમાં ભવભ્રમણ કરતાં રખડી મરે છે. જૈન શાસ્ત્રના ફરમાન મુજબ મોક્ષ માર્ગના ચાર પ્રકારમાં **તપ** એ છેલ્લો પ્રકાર છે. પહેલી, બીજી તથા ત્રીજી ચોપડી ભણ્યા વિના ચોથી ભણી શકાતી નથી. ૧–૨–૩ ના આંક શિખ્યા વિના ૪ નો આંક શીખી શકાતો નથી. ચાર ગાઉ ઉપર ગામ હોય ત્યાં જનાર પ્રથમના ત્રણ ગાઉ ચાલ્યા વિના ચોથો ગાઉ જઇ શકતો નથી, તેમ પ્રથમની ત્રણ દશા મેળવ્યા વિના ચોથી તપ દશા મેળવી શકાય નહિ. શ્રીમાન્ **કુંદકુંદાચાર્ય** ભગવાન્ લખે છે કે—

" सम्यग्ज्ञानदर्शनचारित्रतपांसि मोक्षमार्गः "

મહાવીર દેવે મોક્ષના ચાર ઉત્કૃષ્ટ સાધનો કહ્યાં છે. **સમ્યગ્જ્ઞાન**–દેહાધ્યાસબુદ્ધિ તથા જગદાકાર વૃત્તિનો લય કરી આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર, તત્ત્વભાવનો આવિર્ભાવ, **સમ્યગ્દર્શન**–દેહથી ભિન્ન એવા આત્મસ્વરૂપની પ્રતીતિ, **સમ્યક્ચારિત્ર**–આત્મસ્વરૂપમાંજ રમણુતા વા સ્થિરતા, **સમ્યક્ તપ**–ઇચ્છાઓનો જય કરવો, આ ચારે માર્ગનું સેવન અનુક્રમથીજ થઇ શકે છે. સંસારમાં જેમ પ્રથમ સગપણ, વિવાહ, દંપતી સમાગમ અને પછી પ્રજોત્પત્તિ થાય છે. સગપણ તથા વિવાહ થયા પહેલાં કૌમારાવસ્થામાં પતિસંગ કરી પ્રજોત્પત્તિ કરનાર સ્ત્રી વા પુરૂષ અનુચિતકર્મી કહેવાય છે, તેમ મોક્ષમાર્ગની ઉત્પત્તિ પણ સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપથી થઈ શકે છે. નાથથી બળદ હાંકનાર તેને સુખેથી દોરી જાય છે, પણ પુંછડેથી બળદ હાંકનારને બળદનો ખોજો પોતાની ઉપર આવી પડવાથી પોતે તથા બળદ કોઇ પણ ચાલી શકતું નથી. જૈનોમાં હાલ ઘણેભાગે પ્રથમ વયમાંજ તપસ્યા કરી પુંછડેથી બળદ હાંકવાની માફક મહાવીર દેવના શાસનની વિચિત્ર દશા થઇ પડી છે. સમ્યગ્જ્ઞાન, દર્શન તથા ચારિત્રના સ્વરૂપનું ભાન પણ ન હોય તેવાં નાનાં બાળકોને ઉપવાસાદિ તપસ્યા કરાવી બિચારા ભોળા લોકોને સન્માર્ગથી ભ્રષ્ટ કરી તેમને ઉન્માર્ગે ચડાવી દીધા છે. અરે! સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા તપની વાત તો દૂર રહી, પણ વ્યવહાર જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપની પણ

ખબર નથી, તેમજ તેનો પણ અનુક્રમ રહ્યો નથી. જેમ એક ગામડામાં સ્કૂલ હતી. ૨૦–૨૫ છોકરાઓ બે ત્રણ કલાસમાં ભણતા હતા અને બે ત્રણ માસ્તરો હતા. છોકરાઓની બુદ્ધિ પ્રફુલ્લિત થવા કોઇ વિદ્વાને બ્રાહ્મી ઔષધિનું હમેશાં છોકરાઓને પાન કરાવવા માસ્તરોને સૂચના કરી, પણ ગામડાના જડ છોકરાઓ જેવા માસ્તરો પણ જડશેખર હતા. શહેરમાં બ્રાહ્મી ઔષધિની તપાસ કરતાં ન મળી, એટલે બ્રાંડી (દારૂ)ની ઉપર બ્રાહ્મીની સ્થાપના કરી અકેક વાટકીમાં પા અરધા રૂા. ભાર છોકરાઓને પાઇ દીધી અને પોતે પણ ગટગટાવી ગયા. પાંચ દશ મિનીટમાં નિસ્સો ચડવાથી ઘેલછામાં ઘુમતા પહેલા કલાસના છોકરાઓ બીજા કલાસમાં અને ત્રીજાના પહેલા કલાસમાં ચડી બેઠા, તેમજ છોકરાઓના કલાસોમાં માસ્તરો ભળી ગયા અને માસ્તરોની બેઠકે છોકરાઓ ચડી બેઠા. એ રીતે કલાસ, છોકરાઓ તથા માસ્તરોની અવ્યવસ્થા થઈ પડી. તેમ સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર તથા તપ એ ચાર સાધનોની અજ્ઞાનરૂપ નિસ્સાથી અંધ બનેલા ધર્મગુરૂઓ તથા ધર્મ ભકતોએ અવ્યવસ્થા કરી નાખી છે. સમ્યગ્જ્ઞાનાદિનું તો ભાન નથી; પણ વ્યવહારજ્ઞાન, દર્શન, ચારિત્ર તથા તપનું સ્વરૂપ શું ? તેની પ્રાપ્તિ કેમ થાય ? તેનું પણ ભાન નથી. સામાયિકના પ્રકરણમાં જણાવી ગયો છું કે સામાયિક પારતી વખતે, દશ મનના, દશ વચનના તથા બાર કાયાના, એ બત્રીશ દોષ લાગ્યા હોય તો મિથ્યા થાઓ, પણ બત્રીશ દોષ કયા ? તેનો એક પછી એક નાશ કેમ થાય ? તેનું ભાન કે જ્ઞાન ન હોય તો બત્રીશ દોષ મિથ્યા થાઓ, એમ બોલવાથી દોષનો નાશ થતો નથી. તેમ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપનું અનુક્રમે યથાર્થ સ્વરૂપ સમજ્યા વિના આત્મગુણની પ્રાપ્તિ થતી નથી. પ્રથમ જ્ઞાન, પછી દર્શન, ચારિત્ર અને છેવટે તપ એમ અનુક્રમે સાધનના સેવનથીજ સાધ્યની પ્રાપ્તિ થાય છે. ત્યારે હાલતો પુંછડે બળદ દોરવાની માફક પ્રથમના ત્રણ ભેદના સ્વરૂપને નસમજતાં તથા તેને ન સેવતાં પ્રથમ તપ કરવા માંડે છે. જૈન શાસ્ત્રમાં કહ્યું છે કે—

શ્રેણીક રાજા ક્ષાયિક સમ્યકત્વી, ઋષભનારાચ સંઘયણ (ઉત્કૃષ્ટ, બલવાન્ શરીર બંધારણ) ધારક, એકાવતારી, તીર્થંકર ગોત્રનો બંધ કરનાર અને મહાવીર દેવનો પરમ ભક્ત હતો, તેનાથી પણ નવકારશી (સૂર્યોદય પછી બે ઘડીએ ખાવું) નું પ્રત્યાખ્યાન બની શકયું નહિ. શું બે ઘડીવાર ભૂખ્યા રહેતાં તે મરી જાય તેમ હતું ? વા તે મિનીટે મિનીટે ખાયા કરતા હતા ? કે નવકારસીનું પચ્ચખાણ કરી શકયા નહિ. અને આજે તો જેને દુનીયાનું ભાન નથી, પણ પોતાના શરીરનું એ ભાન નથી, નાકામાંથી લીટ પણ નીકળતા હોય તેવા

૮–૧૦ વરસના છોકરાં પણ નવકારસી, પોરસી, એકાસણા વા ઉપવાસનું પચ્ચખાણ કરે છે અને ઘણા સ્ત્રી–પુરૂષો ૧–૨–૪–૮–૧૫–૩૦ જેટલા ઉપવાસો પણ કરે છે. ત્યારે તેવા પ્રત્યાખ્યાન કરનારા શ્રેણિક રાજા કરતાં ઉંચા ખરા કે નહીં? શ્રેણીક જેવો પરમજ્ઞાની રાજા જ્યારે નવકારસીનું પ્રત્યાખ્યાન કરી શકયો નહિ ત્યારે એ પ્રત્યાખ્યાનનું સ્વરૂપ કેટલું ગહન તથા અપૂર્વ હશે! નાનાં છોકરાં તથા સંસાર વાસનાઓમાં લુબ્ધ થયેલ સ્ત્રી–પુરૂષો જે દશા કરી શકે તે શ્રેણિકથી ન બને એમ હોય જ નહિ અને જો હાલ જે પ્રત્યાખ્યાન છોકરાં કરે છે તે શ્રેણિકથી બન્યું ન હતું એમ કહેશો તો શ્રેણિક કરતાં આ વ્યવહાર તથા પરમાર્થ જ્ઞાનશૂન્ય છોકરાંઓની દશા ઉંચી છે અને જો દશા ઉંચી ન કહો તો પછી મહાત્મા કબીરદાસજી કહે છે તેમ–" એ મારગડા જુઆ, કબીર કહે સોહિ મારગડા જુઆ." એ કોઇ રસ્તોજ ન્યારો અને અલૌકિક છે. ત્રણ કક્કાનું જેને જ્ઞાન નથી એવા મૂર્ખ જીવોની જે બાહ્ય શુષ્ક પ્રવૃત્તિ થાય છે, તેનું નામ ધર્મ હોય તો તે ધર્મની કીંમતજ નથી. અમુક ખાવું કે ન ખાવું તેનું નામ વ્રત નથી, પણ વૃત્તિઓથી વિરામ પામવું તેને વ્રત કહે છે. અજ્ઞાનીઓ જે પ્રવૃત્તિ કરે છે, તે વ્રત નથી પણ એક જાતની માયા કરી આત્માને ભુલાવો ખવરાવે છે. ચોમાસાના ચાર મહિના ભાજીપાલો ન ખાવાની બાધા લઇ ચાર માસ પૂરા થાય એટલે કારતકથી ફાગણ વા અષાડ સુધી આઠ મહિનામાં શાકમાં ભાજી, દાળમાં ભાજી અને રોટલામાં ભાજી ખાઇ બાર મહિનાનું સાટું વાળી નાખશે અને ચાર મહિના ચોમાસામાં ન ખાવા માટે ૩૨ મહિના ચાલે તેટલી લીલી ભાજી સુકવી તેના માટલાં ભરી કંથવાદિક ત્રસ જીવોનો વિનાશ કરી મહાપાપની પ્રવૃત્તિ કરશે અને માનશે કે—અમે ચાર મહિના ભાજીપાલો ખાવાનો ત્યાગ કર્યો છે. તે ત્યાગ નથી પણ તેના પાપી હૃદયનો કેવળ પ્રપંચ છે. ૮–૧૦ કે ૧૨ વરસની નાની છોડીઓને ઉપવાસ કરવાથી તેમના શરીરમાં અનેક રોગો ઉત્પન્ન થાય છે. ગર્ભાશય સંકુચિત બની જવાથી પ્રસૂતિ સમયે ભયંકર પીડા વા છેવટે મરણાધીન થાય છે. ગર્ભવતી સ્ત્રીને ઉપવાસ કરવાની કલ્પસૂત્ર વિગેરે શાસ્ત્રોમાં સ્પષ્ટ ના કહી છે. છતાં સેંકડો અજ્ઞાન સ્ત્રીઓ લાંઘણો કરી પરમાત્માની આજ્ઞાને ઉથાપે છે તથા પોતાના શરીર અને ગર્ભની ખરાબી કરે છે. માટે એકલા આહારનોજ ત્યાગ કરવો તેનું નામ ઉપવાસ નહિ પણ લાંઘણ છે. વિષય, કષાયાદિ દોષોના ત્યાંગપૂર્વક આહારનો ત્યાગ કરવો તેનેજ ઉપવાસ કહે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ એ ચાર ધર્મમાર્ગને અનુક્રમે ન સેવતાં પહેલાં તપ

લીધો, તે પછી ચારિત્ર તે પણ આત્મસ્વરૂપની રમણતા તથા સ્થિરતા રૂપ તો નહિ, પણ વેષ પહેરવાનેજ ચારિત્ર મનાયું છે. ચારિત્ર એ આત્માનો ગુણ છે, જ્યારે અજ્ઞાની જીવો " ન હોય મુહપત્તી કે દાંડો, તો ચારિત્ર થાય ખાંડો. " મુહપત્તી, ઓઘા અને લુગડાંના જડ પદાર્થની પ્રવૃત્તિને ચારિત્ર માની બેઠા છે. કેટલાક કુતર્ક કરે છે કે— ' બાહ્ય વેષને દ્રવ્યચારિત્ર તો કહેવાય કે નહિ ? ' તેના ઉત્તરમાં જણાવવાનું કે— વેષને દ્રવ્યચારિત્ર કહેલ નથી, કેમકે શાસ્ત્રનો સિદ્ધાંત છે કે દ્રવ્ય વિના ભાવ કદાપિ આવેજ નહિ. જો વેષાદિક બાહ્ય પ્રવૃત્તિનું નામ દ્રવ્ય ચારિત્ર હોય, તો વેષાદિક વિના ઘણા આત્માઓને ગૃહસ્થાશ્રમમાં કેવળજ્ઞાન તથા સિદ્ધદશાની પ્રાપ્તિ થઇ છે. પંદર ભેદે સિદ્ધના અધિકારમાં " **गिहलिंगे सिद्धा** " એવો પાઠ છે. માટે વેષાદિક પ્રવૃત્તિ એ દ્રવ્યચારિત્ર નથી પણ દ્રવ્યાભાસ છે. દ્રવ્યચારિત્ર તો તેનેજ કહી શકાય કે—ભાવચારિત્ર (આત્મસ્વરૂપની રમણતા) જેનાથી ઉત્પન્ન થાય તે સાધનનું નામ દ્રવ્યચારિત્ર છે. તેવા દ્રવ્ય તથા ભાવચારિત્રનું પોતે યથાર્થ સ્વરૂપ સમજ્યા વિના તથા દીક્ષા લેનારને તે સમજાવ્યા વિના સાધુ સાધ્વી જ્યાં હોય ત્યાં નિધણીઆતો છોકરો વા વિધવાઓને સમજાવી, મોક્ષના સુખની લાલચ તથા ખાવાં પીવાં વિગેરેના સુખોની મોહની બતાવી મુંડી દે, તેનું નામ ચારિત્ર. પછી જ્ઞાન, દેહથી ભિન્ન આત્મસ્વરૂપની જાગ્રતી તેને જ્ઞાન સમજનાર તો વિરલા હશે, પણ શાસ્ત્રની ગાથાઓનેજ જ્ઞાન મનાઇ ગયું છે. " **गुणगुणिनोश्च समवायः** " ગુણ થકી ગુણી જુદો પડેજ નહિ. આત્મા–ગુણી અને ચૈતન્યરૂપ છે. જ્ઞાન–એ તેનો ગુણ છે અને તે પણ ચૈતન્યજ હોય, આત્માથી જ્ઞાન ગુણ જુદો પડેજ નહિ, જેથી શાસ્ત્રોએ તો આત્માથી ભિન્ન દૃશ્ય અને જડ વસ્તુ છે. સત્પુરૂષની નિશ્રાએ શાસ્ત્રબોધ તે અંતર ચૈતન્ય–જ્ઞાન પ્રગટ થવાનું કારણ છે, તેથી કારણમાં કાર્યનો ઉપચાર કરી ઔપચારિક નયથી શાસ્ત્રોને જ્ઞાન કહ્યું છે. વસ્તુતઃ તો આત્મ સ્વરૂપની જાગ્રતી થવી તેનેજ જ્ઞાન કહે છે. તેવા સ્વરૂપ જ્ઞાન તરફ લક્ષ્ય ન કરતાં પુસ્તકોની ગાથાઓ ગોખી મ્હોડે કરવામાંજ જ્ઞાન મનાઇ ગયું છે. અજ્ઞ પ્રાણીઓને ખબર નથી કે નવ પૂર્વ સુધી ભણતાં છતાં પણ તત્ત્વજ્ઞાનીઓએ અંતર સ્વરૂપની જાગ્રતી ન થઇ તો તેને અજ્ઞાન કહ્યું છે. તો પછી બે ચાર ગ્રંથ કે સૂત્રો ભણનાર જો ભણીને માનમાં આવે, વૃત્તિઓનો જય કરી ન શકે, મમતા, તૃષ્ણાદિક દોષોથી મુક્ત ન થાય તો તેનું નામ જ્ઞાન નહિ પણ અજ્ઞાનજ છે. આવી ગોખણ પટ્ટીને જ્ઞાન માને છે અને પછી દર્શન–જે સંપ્રદાયમાં મુંડાણો

હોય વા જે સાધુ સાધ્વીઓના રાગમાં બંધાયો હોય, તેજ ગચ્છ કે સંપ્રદાયના ગુરૂઓને ગુરૂ માની તેનેજ વંદન કરે. તેના કહેવા ઉપર શ્રદ્ધા રાખે તેનું નામ દર્શન મનાયું છે. દર્શન એટલે આત્મસ્વરૂપનો અનુભવ કર્યા પછી તે સ્વરૂપનીજ પ્રતીતિ તેને જ્ઞાનીઓ દર્શન કહે છે. જ્યારે અજ્ઞાનીઓએ સાંપ્રદાયિક મોહની પ્રવૃત્તિના રાગનેજ દર્શન માની લીધું છે, તે દર્શન નથી પણ મતાગ્રહજનિત મોહિત રાગ છે. આ પ્રમાણે સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપના અપૂર્વ તથા અનુક્રમ માર્ગને છિન્નભિન્ન કરી નાંખી અજ્ઞાન ગુરૂઓએ જનસમાજને ઉંધે માર્ગે ચડાવી દીધેલ છે. જેનું નિરૂપણ કરતાં પણ હૃદય કંપી ઉઠે છે. જ્યાં વૃત્તિઓનો સંયમ ન હોય, જ્યાં દયા, શાંતિ, અભિનતા, પરોપકાર, સરલતા, નીતિ, સત્ય, સદાચાર, ધૈર્ય, સહિષ્ણુતા, ઉદારતા, વિનય, વિવેકાદિ સદ્ગુણોની ઉત્તરોત્તર વૃદ્ધિ ન થતી હોય ત્યાં માસ છ માસ કે છ જુગ સુધી આહાર ન કરેતો પણ તે તપ વા ઉપવાસ નથી પણ લાંઘણ છે, તેથી આત્માને મોક્ષ થતો નથી, પણ શરીરનો મોક્ષ (મરણ) થાય છે, તેથી સંસાર ક્ષીણ થતો નથી પણ વૃદ્ધિ થાય છે, તે ધર્મ નથી, પણ અધર્મ છે.

૪ ભાવ—

દાન, શીલ, તપ અને ભાવ એ ચાર ધર્મના પ્રકાર છે. તે સર્વમાં ભાવનીજ મુખ્યતા છે, ભાવની હયાતી એજ પુર્વના ત્રણની સફલતા છે. ભાવ વિના ત્રણેની નિષ્ફલતા છે. " **भावनासदृशी सिद्धिः** " ગમે તેવું દાન આપતાં, ગમે તેવી ધર્મક્રિયા કરતાં તથા ગમે તેવી તપસ્યા કરતાં તેની સિદ્ધિ ભાવનાને આધારેજ છે. ભાવના પવિત્ર હોય તો ઉપરોક્ત સત્પ્રવૃત્તિઓ સફલતાને પામે છે. ભાવના મલીન, પાપી યા સ્વાર્થી હોય તો ફલસિદ્ધિ પણ તેવીજ થાય છે. લૌકિક કહેવત છે કે—" ગોળ નાંખ્યો તેટલું ગળ્યું થાય. " તેમ જેવી ભાવના હોય તેવી સિદ્ધિ થાય છે. અહીં કોઇ પ્રશ્ન કરશે કે—' ભાવના પ્રમાણે સિદ્ધિ, એ વાક્ય સત્ય હોય તો મને લાખ રૂા. ની ભાવના છે, છતાં સિદ્ધિ કાં થતી નથી ? ' તો જણાવીશ કે—ભાવના દૃઢ તથા સાચી હોય તો અવશ્ય સિદ્ધિ થાય છે. ઉત્કૃષ્ટ ભાવના હોય તો એ ઘડીમાંજ ફળીભૂત થાય છે. ભાવનામાં અવિકલ્પ દશા અને દૃઢતા જોઇએ. એ બે ગુણ વિના કાર્યસિદ્ધિ થઇ શકે નહિ. લાખ રૂા. ની ઇચ્છા કરનાર પોતે અવિકલ્પપણે રહી શકે તો લાખની સિદ્ધિ થાય, પણ કોણ જાણે લાખ રૂા. મળશે કે નહિ ? એવી વિકલ્પ જનિત

ભાવનાથી સિદ્ધિ થઇ શકેજ નહિ. શ્રી ગીતાજીમાં કહ્યું છે કે—" **संशयात्मा विनश्यति** " શંકાશીલ આત્મા કાર્યસિદ્ધિથી ભ્રષ્ટ રહે છે. મહા સતીજી સીતા પોતાની પવિત્રતા તથા નિર્દોષતા બતાવવા માટે જ્યારે જાજ્વલ્યમાન ઝળહળતા અગ્નિ માં પડ્યા, ત્યારે ક્ષણમાત્ર એવો વિચાર થયો હોત કે—' હું આ ધગધગતી અગ્નિમાં પડું છું પણ વખતે બળી જઇશ તો ? ' એવો વિકલ્પ વા આશંકા એક રોમમાં અણુ માત્ર પણ ઉત્પન્ન થઈ હોત તો અવશ્ય બળીને ભસ્મીભૂત થઇ જાત. પણ સીતાજીના હૃદયમાં વિકલ્પભાવ હતોજ નહિ. પૂર્ણ સંકલ્પ બળની ઉત્કૃષ્ટ દૃઢતા હતી. જેથી તેના સંકલ્પ (ભાવના) પ્રમાણેજ સિદ્ધિ થઇ અર્થાત બળ્યા નહિ. **મીરાંબાઇએ** હલાહલ—ઝેર પીતી વખતે ' મરી જઇશ તો ? ' એવો વિકલ્પ કર્યો હોત તો અવશ્ય મરી જાત, પણ વિકલ્પ ન થવાથી જ જીવન ટકાવી શક્યા. કુદરતી ન્યાય પ્રમાણે અગ્નિમાં દહન શક્તિ તથા ઝેરમાં મરણ શક્તિ રહી છે, છતાં પવિત્ર આત્માઓની નિર્મળ ભાવનાઓના પ્રભાવથી કુદરતી એવા જીવ તત્ત્વો પણ પોતાના મૂળ સ્વભાવને પરાવર્તન કરી શકે છે. તો પછી ચૈતન્ય તત્ત્વ, વિશુદ્ધ ભાવનાના ઉત્કૃષ્ટ બળથી અનંત શક્તિનો વિકાશ કરી શકે તેમાં કાંઈ આશ્ચર્ય નથી. **ભાવના** એ હૃદયની શુદ્ધિ તથા મનોબળની દૃઢતા છે, અને તે બોલવાથી પ્રગટ થતી નથી, પણ યોગ સ્થર કરવાથી, અંતરશુદ્ધિ તથા વૃત્તિજય કરવાથીજ ઉત્પન્ન થાય છે. ધર્મસ્થાનકો વા મંદિરોમાં જઇ ચક્ષુ તથા મનને પ્રભુ સન્મુખ સ્થિર રાખ્યા વિના આડી અવળી દૃષ્ટિ કરતાં ચંચલપણે યોગ રાખી ફોનોગ્રાફની માફકઃ—

" ભાવે ભાવના ભાવીએ, ભાવે દીજે દાન;
ભાવે જિનવર પૂજીએ, ભાવે કેવળ જ્ઞાન. "

એમ બોલી જવાથી ભાવના ઉત્પન્ન થતી નથી અને વિશુદ્ધપણે તથા દૃઢપણે ભાવના થયા વિના આત્મસિદ્ધિ પણ નથી. ધાર્મિક ક્રિયામાં વા પ્રભુની મુદ્રા સન્મુખ વૃત્તિ સ્થિર રાખી, પરમાત્માના દિવ્ય સ્વરૂપનો વિચાર કરતાં તથા પોતાના અંતર જીવનનો પ્રભુના જીવન સાથે મુકાબલો કરતાં પ્રભુમય વૃત્તિ એક તારને પામી જાય કે તે સમયે તેના શરીર ઉપર સર્પ વા સળગતો અગ્નિ મૂકે કે તલવારનો ઘા કરે તો પણ દેહભાવના તથા જગદાકાર વૃત્તિનો લય થવાથી પોતાની નિર્મળ ભાવનાની ક્ષતિ કે ચલનતા ન થાય—તેનેજ ભાવના કહે છે. મંદિરમાં પ્રભુ મુદ્રા સામે પાંચ દશ મિનીટ ચૈત્યવંદન કરતો હોય ત્યાં પણ મન ક્યાં રખડતું હોય, ચક્ષુ—દૃષ્ટિ ક્યાંય ફરતી હોય, કાયા ક્યાં ચલવિચલ થતી હોય, ઘડીક દેરાસરના ચિત્રો તરફ દૃષ્ટિ જશે તો ઘડીક લોકોને

જોવા કે લોકો ગાતા કરતા હશે તે તરફ જશે—એમ અનેક પ્રકારે દૃષ્ટિ ચંચલપણે ફરતી હોય ત્યાં નિર્મળ તથા દૃઢ ભાવનાનું સ્વપ્ન પણ ક્યાંથી આવે? જ્યાં વૃત્તિઓ ક્ષોભ પામે તેવાં રંગબેરંગી મનોરંજક ચિત્રો ચિતરી મૂકયાં હોય, જ્યાં હજારો કે સેંકડો માણસોની ગિરદી અને ધમાલ મચી રહી હોય, જ્યાં બધા એકી સાથે રાગડા તાણી રાડોજ પાડતા હોય, જ્યાં એક બીજા ઉપર અથડામણ તથા ભીડાભીડ થતી હોય, જ્યાં ઘંટ તથા આરતીઓના રણકારથી કોલાહલ મચી રહ્યો હોય, જ્યાં મુખેથી ગોદડીનો કોલાહલ કે ચોપાટીની ધમાલ જેવી પ્રવૃત્તિ ચાલી રહી હોય ત્યાં મંદિરોમાં યોગની સ્થિરતા, વૃત્તિજય કરવાનો વિચાર, પરમાત્મ સ્વરૂપનું ચિંતન, પોતાના દોષ નિરીક્ષણ કરવાનો વિચાર અને નિર્મળ તથા બળવાન્ ભાવના હોય તોય ચાલી જાય, ત્યાં જાગેજ ક્યાંથી ? " मुद्योतकं दलितपापतमो वितानं " પાપ–તમનો નાશ કરવા જતાં ભાવનાનોજ નાશ થઈ જાય છે. દર્શન, પૂજન વિગેરે એકાંતમાં નિવૃત્તિ સ્થળે સ્થિરતાથી થાય તોજ ભાવના ઉત્પન્ન થાય છે. પણ એકાંતમાં તો આ–'ભક્ત અને ધર્મી છે ' એમ લોકો ક્યાંથી જાણે ? એટલે લોકો ળવવામાંજ સત્ય માર્ગ ભૂલાઈ ગયો છે. એ તો :—

" હાથમાં લીધા ચોખા, અને દેરે જવા શીખી;
કોઈક જાય સમજીને, બાકી દેખાદેખી. "

તેની માફક ગાડરીઓ પ્રવાહ ચાલ્યો જાય છે. સત્ય થાય ? તેનો વિચાર કરવાનો પણ જ્યાં અવકાશ રાખ્યો ની તો આશાજ ક્યાંથી હોય ?

જ્યારે મંદિરોમાં વાજીંત્રો વાગતાં હોય, તબલ ા ઉપર મા હોય, મધુર કંઠથી ગાયનો બોલાતાં હોય અથવા તો કાંસીજો એવા રાગરાગણના મોહમાં મુગ્ધ બની દેરાસર ા પવિત્ર ધામમાં ના વિષયનેજ માત્ર પોષણ આપી ભાવના ભાવના થતી હોય ત્યારે વાજીંત્રોના નાદમાં તથા ના વાદમાં દૃષ્ટિ રહે છે, કે પ્રભુ તરફ પરમાત્મ વિચારમાં કે કાંસી જોડાના નાદ વા તબલાંના તાલ તરફ ? અથવા હાથ તરફ કે ગાનારના કંઠ તરફ દૃષ્ટિ રહે છે ? જો પ્રાયઃ મય લક્ષ્ય ન હોય તો સ્પષ્ટ રીતે સમજાય છે કે તે શ્રવણેન્દ્રિયના ણથી થત. મોહજનિત આનંદનેજ ભાવના માની લીધી છે કે પ્રભુ-

નથી પણ તે વિષય પોષણ છે. તે જરાક સ્થિરતા કરી, કાંસી જોડા વગાડનારા ગૃહસ્થો તરફ જોવાથી સુગમતાથી સમજાઇ શકાશે. પુજામાં પણ બે ચાર પતાસાં કે પેંડા લાડુની પ્રભાવના હશે વા માલ પાણી જમવાના હશે તો વગર તેડે સેંકડો માણસો ભેગા થશે. પણ જો પ્રભાવના કે લાડુ નહિ હોય તો તેડવા જનાર પૂજારીના વા પૂજા ભણાવનારના પગ ઘસાઇ જશે તો પણ મહા મુશીબતે પાંચ દશ જણ ભેગા થઇ વેઠ ઉતારવાની માફક પૂજા ભણાવી ચાલ્યા જશે. પ્રભુની પૂજા તરફ પ્રીતિ ન રાખતાં પતાસાં વા જમવાની પૂજા તરફ પ્રીતિ રાખનારા પામર જીવોને ભાવનાની જાગ્રતી વા દૃઢતા થાયજ ક્યાંથી ? પુરૂષ તથા સ્ત્રીની પુખ્તવય આવ્યા વિના પ્રજોત્પત્તિ ઉત્પન્ન થતી નથી, તેમ નીતિ-સત્યના માર્ગે ચાલવાની યોગ્ય દશા મેળવ્યા વિના પ્રભુ પાસે જઇ, ચપટી ચોખા મૂકી આવવાથી વા બે ચાર તિલક કરવાથી ભાવનાની શુદ્ધિ ઉત્પન્ન થતી નથી.

ભરત મહારાજાને પોતાના આરીસાભુવનમાં શરીરને જોતાં હાથની એક કિંમતી આંગળીમાંથી વીંટી જમીન ઉપર પડી જવાથી આંગળી ખરાબ લાગી ત્યારે વિચાર થયો કે-' જેમ વીંટી વિના આંગળી શોભતી નથી, તેમ બીજાં આભૂષણો વિના શરીર નહિ શોભતું હોય ? ' એમ વિચાર આવતાં એક પછી એક આભૂષણ શરીરપરથી ઉતારી પોતાના શરીરને દર્પણમાં જોતાં શોભાહીન દેખાયું, જેથી શરીરનું વિનાશીપણું સમજાતાં સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માનું અવિનાશીપણું સમજાયાથી ઉત્કૃષ્ટ ભાવનાની શ્રેણીપર ચડતાં ક્ષણવારમાં કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. આનું નામ તે ભાવના આરીસાભુવન એ શરીરની સુંદરતા જોવાનું શૃંગારસ્થાન હતું. ત્યાં પ્રભુપ્રતિમા ન હતી તેમ વૈરાગ્યજનક સાધનો પણ ન હતાં, છતાં એક વીંટીહીન આંગુલીના વિચારથી શરીર, જગત તથા આત્માના વિચારોની શ્રેણીએ આરૂઢ થતાં સર્વજ્ઞ દશાને પામ્યા. જ્યાં ભાવના જાગ્રત થવાનું ઉત્કૃષ્ટ સાધન છે તેવા પ્રભુ મંદિરમાં પણ ઇંદ્રિય પોષણમાંજ આનંદ મનાય અને આત્મસ્વરૂપનો વિચાર જાગ્રત ન થાય, ભાવનાની વિશુદ્ધિ તથા ઉત્કૃષ્ટ જાગ્રતી ન થાય, તો સમજવું કે-જીવાત્મા, મહાવીરના દિવ્ય ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજ્યોજ નથી. તે ધર્મપાત્ર નથી, પણ સંસારકીટ તરીકે માનવજન્મને વ્યતીત કરે છે.

ઇલાચીપુત્ર એક ધનાઢય શ્રેષ્ઠિપુત્ર હતો. બુદ્ધિમાં વિચક્ષણ, રૂપમાં સુંદર અને સંગીતકળામાં પ્રવીણ એવી નટપુત્રીને જોતાં તેને પરણવાની ઇચ્છા તેના પિતા પાસે કરી પિતાએ જણાવ્યું કે-' નટકળા શીખી તે કળામાં

પ્રવીણ બની એક મોટા રાજાને રીઝવી લક્ષ્મીશ મેળવે તો પુત્રી પરણાવું. નટીના રૂપ, ગુણ તથા સૌંદર્યમાં મોહિત થયેલ શ્રેષ્ઠિ પુત્રે તે વાત સ્વીકારી. ષષ્ઠી નટની કળામાં પ્રવીણ બન્યો. એક શહેરમાં હજારો માણસોની મેદનીમાં રાજા સમક્ષ તેણે અદ્‌ભુત નાટકકળા બતાવી, પણ રાજા નટપુત્રીના સુંદર રૂપ તથા સૌંદર્યમાં લુબ્ધ થયેલ હોવાથી ' આ નટ નાચતો નીચે પડીને મરણ પામે, તો એ નટપુત્રીને પત્ની બનાવવાનો મને લાભ મળે, એવા મોહજનિત ક્ષુદ્ર વિચારોમાં મુગ્ધ થવાથી નટને બીજી વાર અને ત્રીજીવાર નાટ્ય સ્તંભ ઉપર ચડી કળા દર્શાવવા આગ્રહ કર્યો. ત્રીજીવાર સ્તંભના શિખરે નાટક કરતાં એક અદ્‌ભુત ચિનાર તેના જોવામાં આવ્યો. એક મહાન્ યોગી નિર્વિકારી, પરબ્રહ્મ મૂર્તિ સાધુ મહાત્મા કોઇ ગૃહસ્થના ઘરે ભિક્ષાર્થે ગયા. તે વખતે ગૃહસ્થની સ્ત્રી સ્નાનના કાર્યમાં હોવાથી વસ્ત્રરહિત હતી. પવિત્ર મહાત્માને જગતના પિતા જાણી વસ્ત્રહીનપણેજ ભિક્ષા માટે આગ્રહ કર્યો. સાધુના આચાર પ્રમાણે અનદોંષ અને ઉચિત ભિક્ષા ન હોવાથી સતી સ્ત્રીનો અત્યાગ્રહ છતાં મુનિ નાસાગ્ર દૃષ્ટિએ નિર્વિકારપણે શાંતતાથી ઉભા છે. સતીની અત્યંત ભક્તિ, અને મહાત્માનું નિઃસ્પૃહી જીવન, નિર્વિકારી હૃદય અને નિર્મળ ચારિત્ર જોઇ સ્તંભના શિખર પર નાટક કરતાં એલાચીપુત્રને પૂર્વ સંસ્કારના બળથી તથા સંતદર્શનથી જગદ્‌ભાવની ક્ષીણતા થતાં, મોહજનિત આવરણો લય પામતાં, ઉત્કૃષ્ટપણે આત્મચિંતનની ઉગ્ર ભાવનાએ ચડતાં, આત્મજ્ઞાની જાગ્રતી થતાં, આવરણ કર્મને હઠાવી, મોહ–માયાનો જય કરી, દેહાધ્યાસ બુદ્ધિ તથા જગદાકાર વૃત્તિનો લય કરી, નિરાવરણ, નિર્મળ, અનંત ભાવ દર્શક એવા કેવળજ્ઞાનને પામ્યા. ધન્ય છે એ મહાત્માની નિર્મલ ભાવના ! આનું નામ તે ભાવના ! રાજાને રીઝાવી ધન લેવાની તૃષ્ણામાં તથા લાવણ્યમયી લલનાના સૌંદર્યમાં મુગ્ધ થયેલ છતાં મુનિના પુનિત દર્શનથી તથા નિર્મળ ચારિત્રને જોઇ, ક્ષણવારમાં આત્મજ્ઞાની જાગ્રતી થતાં, માયાના આવરણોનો ક્ષય કરી કેવળજ્ઞાનની સંપૂર્ણ સ્વરૂપ દશાને પામ્યા. જ્યાં આત્મિક જાગ્રતી, માનસિક દૃઢતા અને હાર્દિક શુદ્ધિ નથી, ત્યાં સાચું દર્શન પણ નથી તથા સાચી ભાવના પણ નથી. ચર્મ ચક્ષુ) દૃષ્ટિથી પરમાત્માનું અવલોકન કરતાં સદ્‌ભાવના જાગ્રત થતી નથી, પણ ચક્ષુદર્શનથી અવલોકન કરી અંતરદૃષ્ટિમાં રોમેરોમમાં પરમાત્મ તત્ત્વ વ્યાપી રહે, ત્યારે સાચી ભાવના ઉત્પન્ન થાય છે આ વિશ્વમાં અનંત પદાર્થો મનને મોહિત કરે, અને વૃત્તિઓને ચલિત બનાવે તેવા છે. તેમાં વિશેષતાએ કુટુંબ, ધન, સ્ત્રી અને દેહ–એ ચાર પદાર્થો ઉત્કૃષ્ટપણે મનને મોહિત કરનાર છે. તે ચાર પદા-

થીને મેળવવામાં, સાચવવામાં તથા ભોગવવામાં જેટલી આકર્ષણતા અને પ્રીતિ છે, તેના કરતાં અનંતગુણી પ્રીતિ એકાગ્રતા અને આકર્ષિતા, પરમાત્મ તત્ત્વ તરફ ઉદ્ભવે, ત્યારેજ સાચી ભાવના અને આત્મસિદ્ધિ પ્રાપ્ત થાય છે. પ્રભુ દર્શનમાં પણ સુંદર સ્ત્રી આદિ મોહક પદાર્થો તરફ વૃત્તિ આકર્ષાય તો તે પ્રભુ દર્શનનો ઉપાસક નથી, પણ વિષયપોષક વાસનાનો ઉપાસક છે—એમ સ્પષ્ટ ભાસે છે. અધ્યાત્મનિષ્ઠ દેવચંદ્રજી મહારાજ કહે છે કે :—

" પ્રીતિ અનાદીની પરથકી, જે તોડે હો તે જોડે એહ કે "

અનાદિ કાલની મોહજનિત પ્રીતિ, માયિક પદાર્થો પ્રત્યેની જે તોડે-લય કરે, તેજ પરમાત્મા તરફ પ્રીતિને જોડી શકે. લસણની ગંધવાળા પાત્રમાં તે દુર્ગંધનો લય થયા વિના કસ્તુરીની સુગંધ પણ દુર્ગંધતાને આધીન થઈ ખરાબ થાય છે. તેમ જે અંતરમાં કષાય વિષયાદિ દુષ્ટ દુર્ગુણોની દુર્ગંધ ભરી છે, તે દોષજનિત દુર્ગંધનો અંતરમાં લય થયા વિના તેના હૃદયમાં પરમાત્મ-ભક્તિ, સદ્બોધ તથા સદ્ભાવના ઉત્પન્ન થઈ શકતાં નથી. નાસાગ્રસ્થાને વિષ્ટાની ગોળી રાખનાર ભ્રમરને બગીચામાં સુંદર વિકસિત કુસુમોની સુગંધની લહેજત આવતી નથી; તેમ સ્ત્રી, ધન, કુટુંબાદિક માયિક પદાર્થોમાં આસક્તિમય જીવન વ્યતીત કરનાર મોહક જીવાત્માને પ્રભુ દર્શન તથા સદ્ગુરૂના બોધની મહાન્ અપૂર્વતા જણાતીજ નથી.

ચિલાતીપુત્ર એક શેઠને ત્યાં નોકર હતો. શેઠની પુત્રી સાથે સ્નેહ બંધન થવાથી શેઠને ખબર પડતાં તેને ઘરની બહાર કઢાડી મૂક્યો. કર્મવશાત્ તે ચોરની ટોળીમાં ભળી ગયો. ચોરીની કળામાં પ્રવીણ થવાથી ચોર લોકોનો તે અધિપતિ બન્યો. ત્યારપછી કેટલાક ચોરોની સાથે તેજ શેઠના ઘરમાં પ્રવેશ કરી તેની પુત્રીને ઉપાડી ગયો. શેઠને ખબર પડવાથી પોતાના પુત્રો, નોકરો તથા રાજસેવકોની સાથે તેની પાછળ દોડ્યો. ચોરપતિ ચિલાતીપુત્ર કન્યાને ઉપાડી ત્વરાથી પહાડી પ્રદેશમાં દોડતો ગયો પણ કન્યાના ભારથી થાકી જતાં ચાલવાની ગતિ મંદ પડી જવાથી કન્યાના પિતા વિગેરે પાછળ પોતાની નજદીકમાં આવ્યા જાણી ચોરે વિચાર્યું કે—' આ લોકો મને પકડી કન્યા લઈ જશે અને મારા સ્નેહનું પાત્ર એવી કન્યાને બીજા પતિને આધીન કરશે.' એવા સ્નેહજનિત વિચારોના આવેશમાં શું કરવું ? તે ન સુજવાથી હૃદય-શૂન્ય થયેલ ચોરપતિ, સ્નેહની ઘેલછામાં કન્યાનું મસ્તક કાપી રૂધિર સ્રવતા તેને હાથમાં લઈ ધડને ત્યાંજ પડતું મૂકી પર્વતની બીણ તરફ ત્વરાથી દોડ્યો. આ નીચ કૃત્ય જોઈ ત્રાસ પામતા કન્યાના પિતા વિગેરે પાછા ચાલ્યા ગયા. તેવામાં મહાન્ યોગી, શાંત મૂર્તિ, ધ્યાનસ્થ, વિદ્યાચારણ મુનિ (વિદ્યાના બળ

થી આકાશમાં ગમન કરનાર) ને જોઇ સ્નેહનો વેગ, કન્યાનું મરણ, રૂધિર ઝરતા મસ્તકનો ભયંકર દેખાવ તથા પાછળ આવનાર લોકોનો ભય એવા અનેક કારણોથી હૃદયશૂન્ય થયેલ વ્યાકુળ ચિત્તવાળા ચોરપતિને પોતાના દુષ્કૃત્યનો અંતરમાં અવ્યક્ત પશ્ચાતાપ થયા છતાં આ વિચિત્ર કૃત્યના આવેશમાં તેણે મહાત્માને કહ્યું કે–' મારાં દુષ્કૃત્યનો નાશ થાય, સંસાર–બંધનથી મુક્ત થવાય અને પરમાત્મપદની પ્રાપ્તિ થાય તેવો પવિત્ર ભાવજનિત ધર્મબોધ બતાવ, નહિ તો આ તીક્ષ્ણ ખડગની ધારથી તારૂં પણ મસ્તક કાપી નાંખીશ.' આ સાંભળી જ્ઞાનના અતિશયથી મુનિએ વિચાર્યું કે–' આ જીવાત્મા સ્નેહથી મુગ્ધ અને દુષ્કૃત્યથી વ્યાકુળ બની જવાથી અનુચિત પ્રવૃત્તિ તથા અનુચિત વચનોચ્ચાર કરે છે, છતાં આવા પાપકૃત્યમાં પણ ધર્મભાવના ઉત્પન્ન થઇ છે. જેથી કોઇક પાત્ર આત્મા છે. એમ જાણી વિશેષ બોધ આપીને સમજાવવા જતાં વ્યાકુળ થયેલ આ ચોરપતિ કાંઇ અનુચિત કર્મ કરી બેસશે, તેથી **ઉપશમ–**સર્વ પ્રકારની વૃત્તિઓ, વાસનાઓ અને સંસારમય વિચારોનો અંતરમાં સમાવેશ કરી ભક્તિ, વૈરાગ્ય તથા જ્ઞાનના બળથી તેનો લય કરવો. **સંવર** જગદાકાર વૃત્તિમાંથી વિરક્ત થઇ પરમાત્મ સ્વરૂપમય વિચાર, મનન તથા રમણતા કરી નૂતન કર્મબંધનનો અભાવ કરવો. **વિવેક**–કષાય વિષયવાસનાદિ દોષોથી મુક્ત થઇ આવરણ દોષોના ક્ષયથી હૃદયને વિશુદ્ધ બનાવી સત્ (આત્મતત્વ) અસત્ (જગદાકારવૃત્તિ–જડત્વ) ને યથાર્થ જાણી અસત્થી મુક્ત થઈ સત એવા આત્મસ્વરૂપને જાણવું. **ઉપશમ, સંવર** અને **વિવેક** આ ત્રણજ શબ્દોનો તેને બોધ આપી મુનિ મહાત્મા વિદ્યાના બળથી આકાશગમન કરી ચાલતા થયા. જે પવિત્ર ભૂમિ ઉપર મુનિ ધ્યાનસ્થ હતા, તેજ ભૂમિ ઉપર ઉભા રહી, રૂધિર ઝરતા મસ્તકને પાસે ફેંકી દઇ રૂધિરથી પોતાનું શરીર ખરડાયેલું છે છતાં તેની દરકાર ન કરતાં મુનિએ આપેલ સદ્બોધના વિચારમાં ને એકાગ્રતા પૂર્વક લીન બની ગયો. ઉપશમ શું ? સંવર શું ? અને વિવેક શું તેની કેમ પ્રાપ્તિ થાય ? કયા ગુણ પછી કયા ગુણની પ્રાપ્તિ થવાની સંકલના રહી છે, તેમ ત્રણ ગુણ પ્રાપ્ત થવામાં શું શું આવરણો નડે છે ? તે તે આવરણોનો નાશ કેમ થાય છે ? તેનો એક પછી એક વિચાર કરતાં તે આત્મચિંતનમાં એટલા બધા એકાગ્ર અને લીન બની ગયા કે દેહનું ભાનજ ભૂલાઇ ગયું. બસ એજ કલ્યાણ ભક્તિ, દર્શન, શ્રવણ, વાંચન, મનન વિગેરે ગમે તે સત્પ્રવૃત્તિથી કરવાનું એજ છે કે–દેહાધ્યાસ, બુદ્ધિ અને જગદાકાર વૃત્તિનો લય થાય. કન્યાની ચોરી કરવાથી કન્યા પાછળ તેના કુટુંબીઓ આવતાં, ભયભીત થતાં કન્યાને મારી નાંખવાથી હાથમાં

કાંઇ ન આવ્યું અને દોડવાથી થાક પણ લાગ્યો, જ્યારે મુનિ મહાત્માના હૃદય ભંડારમાંથી ઉપશમ, સંવર તથા વિવેક–એ ત્રણ તત્ત્વ રત્નોની ચોરી કરવાથી અનાદિકાલનો સંસાર પરિભ્રમણનો થાક પણ ગયો અને અનંત સદ્‌ગુણોનું રૂપ અનર્ગલ ધનના ખજાનો પણ હાથમાં આવ્યો. સાબાશ ચોરપતિ! ધન્ય છે તારી સદ્‌ગુણ ચોરવાની કળાને! રૂધિર ઝરતું મસ્તક પાસે પડેલ હોવાથી રૂધિરની ગંધથી કીડીઓ, માંસાહારી પક્ષીઓ, તથા હિંસક પશુ-પ્રાણીઓ ત્યાં ખેંચાઈ આવ્યાં અને કન્યાના મસ્તકના રૂધિર તથા માંસનું ભક્ષણ કરવા લાગ્યા. આ વખતે મુનિના શરીર ઉપર પણ કાગડા, ગીધ વિગેરે પક્ષીઓ ચાંચના તીક્ષ્ણ પ્રહારો વા ચોર પતિના શરીરને વાઘવા લાગ્યા, તેમજ બીજા પણ વિકાળ પશુઓ મુનિ (ચોરપતિ) ના શરીરને અનેક પ્રકારે પીડા આપવા લાગ્યા. શરીર ઉપર કરંશ પ્રહારોથી શરીરને તોડી ફોડી તેના માંસનું ભક્ષણ કરવામાં હિંસક પ્રાણીઓ આનંદ માનવા લાગ્યા ત્યારે પરમાત્મ તત્ત્વમાં લીન થયેલ, દેહ મૂર્ચ્છાથી મુક્ત થયા એકાગ્રપણે આત્મસ્વરૂપના ચિંતનમાં આનંદ માનતા, દેહ ક્યાં છે અને તેની શી દશા થાય છે? તેનો એક રોમમાં અણુમાત્ર પણ વિચાર ન આવતાં, અવિચ્છિન્ન ધારાની ઉગ્ર ભાવનાએ ચડતાં, મુનિએ આપેલ સદ્‌બોધનું અત્યુગ્રપણે મનન કરતાં અખંડ ભાના તથા ઉત્કૃષ્ટ બળથી અનંત કર્માવરણોનો ક્ષય કરી કેવળજ્ઞાન પામી અવ્યાબાધ અનંત સ્વરૂપમય મોક્ષપદને પામ્યા. અહા! ધન્ય છે એ મહાત્માના આત્મબળને! અને નમસ્કાર છે એ મહાત્માની નિર્મળ ભાવનાને! આવી અડગ સ્થિરતા રહે, ત્યારેજ ઉત્કૃષ્ટ ભાવના જાગ્રત થઇ આત્માસિદ્ધિ થાય છે. આજે તો મંદિરોમાં વા ધર્મસ્થાનકોમાં ધાર્મિક ક્રિયાઓ કરતાં પ્રભુ ચિંતન સમયે વા કાયોત્સર્ગ (ધ્યાન) સમયે એક કીડી, મચ્છર વા ડાંસ ચટકો મારે ત્યાં સ્થિરતા ભ્રષ્ટ થઇ, આકુળ વ્યાકુળ બની ચંચલતાને પામે છે, ત્યાં યોગ સ્થિરતા, વૃત્તિજય, ભાવના જાગ્રતી અને હૃદય શુદ્ધિ થાયજ ક્યાંથી? મંદિરોમાં વા ધર્મસ્થાનકોમાં યોગની સ્થિરતા વિના, વૃત્તિઓનો જય કર્યા વિના, હૃદયની શુદ્ધિ મેળવ્યા વિના, રાગદ્વેષોએ ખેંચી ભક્તિ તથા ભાવના કરવાનો દાવો કરનારા ભાવના તથા ભક્તિના સ્વરૂપને સમજ્યાજ નથી. રાગ દ્વેષોએ ખેંચી રાડો પાડવામાં ભક્તિ કે ભાવના નથી, (ઉલટા કોલાહલથી બીજાની ભાવનાઓનો ભંગ થાય છે) પણ વાસના ક્ષય, વૃત્તિજય, યોગસ્થિરતા, હાર્દિક શુદ્ધિ, અંતર નિર્મલતા તથા આત્મ જાગ્રતીથીજ ભક્તિ વા ભાવના કહેવાય છે અને તેવી ભાવનાથીજ આત્માની સિદ્ધિ થાય છે. ૐ શાંતિઃ!

૫ દ્રવ્યાનુયોગ પ્રકરણ.

શ્રી દ્રવ્યાનુયોગ-વિચાર.

દ્રવ્ય ૬ છે તેનાં નામ-૧ જીવ, ૨ અજીવ (પુદ્ગલ) ૩ ધર્માસ્તિકાય, ૪ અધર્માસ્તિકાય, ૫ આકાશાસ્તિકાય. ૬ કાલ.

૬ દ્રવ્યનું સ્વરૂપ.

૬ દ્રવ્યમાં ૧ જીવ દ્રવ્ય ચેતન છે, બાકીના પાંચ અજીવ દ્રવ્ય અચેતન છે. પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાલ એ અચેતન (જડ) છે.

૬ દ્રવ્યમાં એક પુદ્ગલ દ્રવ્ય રૂપી છે, બાકીનાં પાંચ અરૂપી છે.

દરેક દ્રવ્યમાં ગુણ હોય છે અને તે ગુણની જે ક્રિયા તેને પર્યાય કહે છે.

દ્રવ્ય એટલે વસ્તુ, પદાર્થ, ચીજ, લક્ષ્ય.

ગુણ એટલે ધર્મ, સ્વભાવ (પરિણમન) લક્ષણ. પર્યાય એટલે ગુણનું અવિચ્છિન્નપણે સમયે સમયે પ્રવર્ત્તવું અથવા જે જે ગુણ હોય તેનું પરિણમન થવું-ક્રિયા થવી.

છએ દ્રવ્યની વિશેષ સમજ.

૧ દરેક દ્રવ્યમાં મુખ્યત્વે એક ગુણ હોય છે, તે ગુણ સમયે પણે એક પર્યાય પ્રવર્તે છે. અર્થાત્ એક દ્રવ્ય એક સમયમાં બે ઉત્પાદ, બે વ્યય અને બે ધ્રુવપણાની ક્રિયા કરે નહિ.

૨ બે ઉત્પાદ, બે વ્યય, બે ધ્રુવ કદાચ દેખાતા હોય તો દ્રવ્ય પણ બે હોવાં જોઇએ. માટે એક દ્રવ્યમાં એક સમયે એક ઉત્પાદ, એક વ્યય અને એક ધ્રુવ હોય, તે દ્રવ્યનું બલવાન્ લક્ષણ છે.

૩ ઉત્પાદ-એટલે કારણપણાની જે સમયે સમયે નવી નવી ક્રિયાનું રૂપાંતર થવું તે. જેમ કપાસ રૂપે મૂલ દ્રવ્ય હતું, તેમાંથી રૂ થયું, રૂમાંથી સુતર, સુતરમાંથી કપડું, કપડામાંથી ડગલો, ડગલામાંથી ચીથરાં, ચીથરાંમાંથી ધુળ વિગેરે થયું.

૪ વ્યય એટલે કારણપણાની ઉત્પન્ન થતી જે નવી નવી ક્રિયા, તેનો નાશ કરે, એટલે ઉત્પાદ જે જે પર્યાયોને (અવસ્થાઓને) ઉત્પન્ન કરે તે પર્યાયોનો નાશ કરે તેનું નામ વ્યય. જેમકે કપાસમાંથી સુતર થયું ત્યારે કપાસ-

પણાનો જે પર્યાય-આકાર, તેનો નાશ થયો, સુતરમાંથી કપડું થયું, ત્યારે સુતરપણાનો નાશ થયો, કપડામાંથી ડગલો થયો એટલે કપડાપણાનો નાશ થયો, એ વિગેરે.

ધ્રુવ-એટલે ઉત્પાદ અને વ્યય, તે બંને ક્રિયાનું જે કાર્ય થવાનું તેનાં કારણો છે. એટલે જે કાર્ય થવાનું તેમાં ક્રિયા રૂપે બદલાયા કરે છે, અર્થાત્ ઉત્પાદ જે જે પર્યાયને ઉત્પન્ન કરે છે અને વ્યય તે તે પર્યાયનો નાશ કરે છે છતાં મૂલ વસ્તુ રૂપે દ્રવ્ય જે કાયમ રહે. જેમકે રૂનો નાશ થઇ સુતર, કપડું, ચીંથરાં કે ધુળ થઇ જાય તો પણ પરમાણુપણે વસ્તુ કાયમ રહે છે અથવા જેમ લાકડાને બાળી રાખ કરતાં પણ તે રાખરૂપે વસ્તુ રહી તેનું નામ ધ્રુવ.

૬ પ્રશ્ન દ્રવ્ય એટલે શું ?

ઉત્તર—દ્રવ્ય એટલે જેનામાં એક સમયે ઉત્પાદ, વ્યય અને ધ્રુવપણાની ક્રિયા કરવાની શક્તિ છે તે તથા જે જે દ્રવ્ય તે દરેક દ્રવ્ય પોતપોતાનીજ ક્રિયા કરવાની જે શક્તિ તથા જેનામાં ગુણ છે અને તે ગુણ સમયે સમયે ક્રિયાપણે પરિણમન થાય, તે દ્રવ્ય કહેવાય. જેમકે—એક સાકર દ્રવ્ય છે, તેમાં મીઠાશપણાનો ગુણ છે અને તે મીઠાશપણું જ્યાંસુધી સાકર દ્રવ્યનું હયાતીપણું છે ત્યાં સુધી સમયે સમયે રહેલું છે. જો તે સાકર દ્રવ્યમાં એક સમયે પણ મીઠાશ બંધ રહે તો તેનામાં સાકરપણું કહેવાય નહિ, પરંતુ તે ધુળરૂપે થઇ જવાથી તે ધુળ કહેવાય.

પ્રશ્ન—ઉપર જણાવ્યું કે એક દ્રવ્યમાં એક સમયે એક ક્રિયા હોય અને ફરી છઠ્ઠી કલમમાં લખ્યું છે કે એક સમયમાં ઉત્પાદ, વ્યય અને ધ્રુવ—એ ત્રણે હોય તો આ ત્રણ ક્રિયા એક સમયે હોય તેનું શું કારણ ?

ઉત્તર—ઉત્પાદ વિગેરે જે ત્રણ બતાવ્યા છે તે દ્રવ્યનું સ્વરૂપ સમજવા માટે ત્રણ ભેદ પાડયા છે, પરંતુ વાસ્તવપણે તે એકજ ક્રિયા છે. જેમકે એક ડાબલીનું ઢાંકણું ઉઘાડીએ, ત્યારે ઢાંકણું ઉઘાડવાપણાની જે ક્રિયા તેનું નામ ઉત્પાદ, અને ડબ્બી બંધપણાનો જે નાશ તે વ્યય થયો, તો ડબ્બી ઉઘડ્યા પછી કાંઇ બંધપણાનો નાશ થયો નથી, પણ જે સમયે ડબ્બી ઉઘડી તેજ સમયે બંધપણાનો નાશ થયો અને ડબ્બી તો છેજ તેથી તેને ધ્રુવ કહે છે. માટે ખરૂં જોતાં એ ત્રણે ક્રિયા જુદી કહી છે તે સમજવા માટે છે, પણ વસ્તુતાએ એકજ છે.

પ્રશ્ન—જ્યારે ઉત્પાદની ક્રિયા સમયે સમયે થાય છે, ત્યારે પ્રથમ સમયમાં થયેલ જે ઉત્પાદ તે બીજા સમયમાં દેખાવો ન જોઇએ. છતાં જડ એટલે

પુદ્ગલ દ્રવ્યમાંથી ઉત્પન્ન થયેલ એક ઘટનો પર્યાય છે.તે તો ઘણા કાલ સુધી દેખાય છે. જો કદાચ તે દ્રવ્ય હોય તો ત્રિકાલ રહેવું જોઇએ અને ઘટતો ત્રિકાલ રહેતો નથી, માટે તેને દ્રવ્ય કહેવું કે પર્યાય કહેવો ?

ઉત્તર—દ્રવ્યની ક્રિયા ત્રિકાલવર્તી હોય છે. અને પર્યાયની ક્રિયા હવે સમયવર્ત્તી હોય છે. હવે સમયવર્ત્તી ક્રિયામાં સમયે સમયે આકારનો નાશ થતો નથી, પરંતુ ગુણપણાનો નાશ થાય છે. આ પ્રશ્ન સમજવાની પહેલાં બીજું કટલુંક સમજવાનું છે તે સમજાય પછી આનો ઉત્તર સમજાશે.

૭—એક અજીવ એટલે પુદ્ગલ દ્રવ્ય શિવાય બાકીના પાંચે દ્રવ્ય અરૂપી છે અને તે પ્રદેશરૂપે છે, તેથી તે અખંડિત દ્રવ્ય છે. કેમકે તેમાંથી જુદા જુદા વિભાગો થઇ જુદી જુદી ક્રિયા થતી નથી. માટે તે અખંડિત હોવાથી તેમાં મુખ્યત્વે એકજ ક્રિયા થાય છે. અહીં કોઇ પ્રશ્ન કરે કે—જીવદ્રવ્ય તો અનંતા છે તેમાં એક ક્રિયા કેમ હોય ? તો તેનો ઉત્તર એવો છે કે—જીવ દ્રવ્ય છે અનંતા પરંતુ તે દરેકની ક્રિયા એક સરખી ચૈતન્યપણાની (જાણવાની) છે તેથી તેને એક દ્રવ્યરાશિ કહે છે. જુદી ક્રિયા થતી નથી, પરંતુ એકજ પ્રકારની થાય છે, તેજ રીતે ધર્મ, અધર્મ વિગેરે પણ અખંડિત દ્રવ્ય હોવાથી એક ક્રિયા થાય છે. તે દરેક દ્રવ્યની જુદી જુદી ક્રિયા નીચે બતાવે છે.

૮—દરેક દ્રવ્યમાં જે જે લક્ષણ બાંધ્યું હોય તે લક્ષણ તેમાં હોવું જોઇએ અને તે એવું હોવું જોઇએ કે તેના જેવું લક્ષણ બીજામાં ન હોય, તોજ તે દ્રવ્ય અવિરોધ ગણાય અને સમજનારને સહેલાઇથી સમજાય. જો તેમ ન હોય તો ત્રણ દોષ લાગે છે તે બતાવે છે.

૧ અવ્યાપ્તિ, ૨ અતિવ્યાપ્તિ, ૩ અસંભવિત.

૯—(૧) અવ્યાપ્તિ એટલે જે લક્ષણ જે વસ્તુમાં બાંધ્યું હોય, તે લક્ષણ તેની જાતની દરેક વસ્તુમાં હોવું જોઇએ. જો ન હોય તો અવ્યાપ્તિ દોષ લાગે. જેમકે ધોળી તે સાકર—એમ સાકરનું લક્ષણ બાંધીએ તો જેટલી સાકર છે તે બધી ધોળી હોવી જોઇએ અને તેમ તો નથી. કેમકે સાકર તો ધોળી, પીળી, રાતી વિગેરે હોય છે, માટે અવ્યાપ્તિ દોષ લાગે, પણ મીઠાશ—લક્ષણવાળી સાકર—એ લક્ષણથી જોતાં દરેક સાકર મીઠાશવાળી છે, માટે અવ્યાપ્તિ દોષ લાગે નહિ.

૧૦—૨) અતિવ્યાપ્તિ એટલે જે લક્ષણ જે વસ્તુમાં બાંધ્યું હોય, તે લક્ષણ તે વસ્તુમાં હોવું જોઇએ અને તેના શિવાય તેવું લક્ષણ કોઇ પણ બીજી

જાતની વસ્તુમાં ન હોવું જોઇએ અને હોય તો અતિવ્યાપ્તિ દોષ લાગે. જેમકે સાકરનું લક્ષણ મીઠાશ કહીએ તો દરેક સાકરમાં મીઠાશ હોવાથી પ્રથમનો અવ્યાપ્તિ દોષ ન લાગે, પરંતુ અતિવ્યાપ્તિ દોષ લાગે. કેમકે સાકર શિવાય ગોળ, શેલડી વિગેરે બીજી વસ્તુઓમાં પણ મીઠાશ હોવાથી દોષ આવે છે, વળી ચાર પગવાળો હાથી કહેતાં પ્રથમ દોષ ન લાગે, પણ ગાય ભેંસ વિગેરે બીજાં જાનવરો ચાર પગવાળાં હોવાથી અતિવ્યાપ્તિ દોષ લાગે છે. માટે હાથીને સુંઢ લક્ષણથી ઓળખવામાં આવે તો અતિવ્યાપ્તિ દોષ ન લાગે.

૧૧–(૩) અસંભવિત એટલે ૧ પ્રત્યક્ષ પ્રમાણ, ૨ અનુમાન પ્રમાણ, ૩ આગમ પ્રમાણ, અને ૪ પરોક્ષ પ્રમાણ, એ ચારે પ્રમાણથી સિદ્ધ ન થતું હોય છતાં તેને સિદ્ધ કરે તો અસંભવિત દોષ લાગે. જેમકે–સસલાને સીંગડું, વંધ્યાપુત્ર, આકાશપુષ્પ વિગેરે કોઈ પણ પ્રમાણથી સિદ્ધ થતું નથી, છતાં કહેવા જાય તો અસંભવિત દોષ લાગે છે.

૧૨–(૧) જીવદ્રવ્યનું લક્ષણ અજર, અમર, અરૂપી વિગેરે લક્ષણોથી લક્ષણ બાંધવામાં આવે તો તેમાં અવ્યાપ્તિ દોષ ન લાગે, કેમકે તે લક્ષણ દરેકમાં છે, પરંતુ અતિવ્યાપ્તિ દોષ લાગે. કેમકે ધર્માસ્તિકાય વિગેરે બીજા દ્રવ્યમાં પણ આવા લક્ષણ હોવાથી અતિવ્યાપ્તિ દોષ લાગે. માટે ચૈતન્ય એટલે જેનામાં સ્વપર પ્રકાશક એટલે જાણવાની ક્રિયા છે તે જીવ કહેવાય. આ લક્ષણ બાંધવાથી કોઇ પણ પ્રકારનો દોષ લાગતો નથી. કેમકે જીવ શિવાય કોઇ પણ દ્રવ્યમાં જાણવાનો ગુણ નથી. હવે જેમ સાકરમાં એક સમય પણ મીઠાશપણાનો ગુણ બંધ રહે તો સાકરપણું મટી જાય, તથા સાકર દ્રવ્ય છે તે એક સમય પણ મીઠાશની ક્રિયા બંધ કરી ખટાશપણાની ક્રિયા કરે નહિ, વા તે બે સાથે પણ કરે નહિ, તેવી રીતે જીવ દ્રવ્ય પણ પોતાની જાણવાની ક્રિયા એક સમય પણ બંધ કરે તો જીવપણું ઉડી જાય તથા એક સમય પણ તે ક્રિયા બંધ કરી ધર્માસ્તિકાય વિગેરે બીજા દ્રવ્યની ક્રિયા કરે તો પણ જીવપણું ખોઈ બેસે, માટે કોઇ દ્રવ્ય પણ પોતાની ક્રિયા એક સમય પણ બંધ કરે નહિ અને બીજાની ક્રિયાને એક સમય પણ ગ્રહણ કરે નહિ.

૧૩–(૨) ધર્માસ્તિકાય–જીવ તથા પુદ્ગલ એ બે દ્રવ્યો એક સ્થાનથી બીજે સ્થાને ગમનક્રિયા કરે છે તેને આ દ્રવ્ય સહાય આપે છે. અર્થાત્ બંને દ્રવ્યની ચાલવાની ક્રિયા, આ દ્રવ્યના નિમિત્તથી થાય છે. માટે ધર્માસ્તિકાયનો ધર્મ ચલન સહાયતાનો છે, તે ધર્મને એક સમય પણ બંધ રાખી, સ્થિર કરવાની કે જાણવાની ક્રિયા કરે નહિ. માટે આ દ્રવ્યનું લક્ષણ જે ચલનસહાય છે તે ત્રણે દોષરહિત છે.

૧૪–(૩) અધર્માસ્તિકાય–જીવ તથા પુદ્ગલ દ્રવ્યને સ્થિર રાખવાને નિમિત્તરૂપ સ્થિર ધર્મવાળું આ દ્રવ્ય છે, તે પણ એક સમય પણ પોતાની ક્રિયા બંધ રાખી ચાલવા, જાણવા વિગેરેની ક્રિયા કરે નહિ. આ દ્રવ્યનું પણ સ્થિરતા લક્ષણ ત્રણે દોષરહિત છે.

૧૫ (૪) આકાશાસ્તિકાય–જીવ, અજીવ વિગેરે પાંચે દ્રવ્યને રહેવાને માટે અવકાશ આપે છે, અર્થાત્ કોઈ પણ દ્રવ્યને અવકાશ આપવો તે આનું લક્ષણ છે, અને તે ત્રણે દોષ રહિત છે. અવકાશ લેવો એ મુખ્યત્વે તો જીવ તથા પુદ્ગલ બે દ્રવ્યનો છે, માટે તે બંનેને અવકાશ આપે છે; પણ ધર્માસ્તિકાય વિગેરે આ બંને દ્રવ્યની નિશ્ચયે રહેલાં ઉપચારિત દ્રવ્ય છે. માટે પાંચે દ્રવ્યને અવકાશ આપે છે એમ કહેતાં કોઇ પણ રીતે વિરૂદ્ધતા નથી.

૧૬ (૫) કાલ દ્રવ્ય–આ દ્રવ્ય મુખ્યત્વે તો પુદ્ગલ દ્રવ્યની ક્રિયાનું કારણ છે. કેમકે આ દ્રવ્યનું લક્ષણ, વસ્તુનું નવાજુનું કરવું તે છે, એટલે નવા જુનું થવું તેતો પુદ્ગલ દ્રવ્યનો ધર્મ છે, પણ તે ક્રિયાનો આ દ્રવ્ય સમય બતાવવાને નિમિત્ત હોવાથી નવા જુનું થવું–એવું લક્ષણ આ દ્રવ્યનું ત્રણે દોષ રહિત છે.

૧૭ (૬) પુદ્ગલ દ્રવ્ય–પુરાવું અને ગળાવું એ લક્ષણ આ દ્રવ્યનું છે, એટલે પુત અને ગલ એ બે શબ્દો છે. પુત્ એટલે પૂરવું અર્થાત્ એક પરમાણુથી માંડી અનંત પરમાણુઓ સુધી ભેગા થવું તે, અને ગલ એટલે ગળાવું અર્થાત્ ભેગા મળેલા પરમાણુઓનું છુટું પડવું તે. આ દ્રવ્ય પરમાણુઓરૂપે હોવાથી તેમાં અનંતી ક્રિયાઓ રહેલી છે. કેમકે એક પરમાણુમાં પણ વર્ણ, ગંધ, વિગેરેની ક્રિયા થાય છે અને બે પરમાણુ ભેગા થાય તો પણ તેવી ક્રિયા થાય છે તેમજ અનંત પરમાણુઓના સ્કંધમાં પણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિગેરેની ક્રિયા તો થાય છે, પણ તેની સાથે આકાર રૂપે બીજી પણ અનેક પ્રકારની ક્રિયા જોવામાં આવે છે. અનંતા પરમાણુઓ ભેગા થવાથી સુવર્ણ વિગેરે ધાતુરૂપે, મન, વચન, કાયારૂપે, વિમાનરૂપે, કર્મરૂપે, મનુષ્યરૂપે, તિર્યંચરૂપે, દેવરૂપે, નરકરૂપે એ વિગેરે અનંત આકારો થાય છે તેથી તેમાં અનંતી ક્રિયા છે અને જીવ દ્રવ્યમાં તો એક પ્રદેશમાંએ જાણવાની અને અનંત પ્રદેશમાં પણ જાણવાની એકજ ક્રિયા થાય છે. હવે પુદ્ગલના અનંત પર્યાયો જે થાય છે તે ગુણપર્યાય રૂપે નહિ પણ દ્રવ્ય પર્યાય રૂપે થાય છે. કેમકે પર્યાયની સમયવર્ત્તી જે ક્રિયા કહી છે તે ગુણ પર્યાયરૂપે છે. પણ દ્રવ્યપર્યાય રૂપે નથી. માટે જે દ્રવ્ય હોય તે ત્રિકાલવર્તી હોય અને ગુણપર્યાય હોય તે સમયવર્તી હોય અને દ્રવ્યપર્યાય હોય તે અમુક કાલવર્તી હોય. તે

બતાવે છે–વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિગેરે જે ક્રિયા છે તે ગુણપર્યાય છે અને તે સમયવર્તી છે. જેમકે એક ભીંત રંગેલી છે, તેનો રંગ જો સમયવર્તી હોય તો તે એક સમયમાં નાશ થવો જોઇએ અને તેમ તો થતું નથી, વળી તે રંગ જો દ્રવ્ય હોય તો ત્રિકાલવર્તી રહેવું જોઇએ, તેમ પણ બનતું નથી. પણ તે રંગ અમુક કાલ સુધી ટકી રહે છે, માટે તેને દ્રવ્યપર્યાય કહે છે. હવે તે રંગ ચોડા વખત જતાં ઝાંખો દેખાય છે, તે જે વખતે ઝાંખો દેખાણો તે વખતે રંગ ઘસાતો નથી પણ જે વખતે ભીંત રંગથી રંગાણી તેજ સમયથી સમય સમય તે રંગના પરમાણુઓ વર્ણ, ગંધ વિગેરેથી ઝાંખા પડતા જાય છે, પણ આપણને સુક્ષ્મ ઉપયોગ ન હોવાથી જગતમાં જે જે દૃશ્ય પદાર્થો રહેલા છે તે બધા દ્રવ્યો દ્રવ્યપર્યાય રૂપે છે, એટલે બે પરમાણુઓથી માંડીને જેટલી ક્રિયા છે તે બધી દ્રવ્યપર્યાયરૂપે છે, અને તેમાં જે સમયે સમયે પૂરાવા ગળાવારૂપ તથા વર્ણ, ગંધ, રૂપ ક્રિયા થાય છે તે ગુણપર્યાય છે. પ્રથમ જે જે ગુણપર્યાય તથા દ્રવ્યપર્યાય વિષે પ્રશ્ન હતો તે આમાં આવી ગયો છે. આ છ દ્રવ્ય શાશ્વતપણે કેમ છે તેને સિદ્ધ કરવાને માટે ઉપાદાન કારણ, નિમિત્ત કારણ, સમવાય સંયોગ તથા સંબંધિસંયોગ–એ ચાર કારણોનું સ્વરૂપ બતાવે છે.

૧૮ ઉપાદાન કારણ એટલે જે કારણને ઉત્પન્ન કરવું હોય તે કાર્ય જેમાંથી ઉત્પન્ન થાય તેનું નામ ઉપાદાન. જેમકે પટરૂપ કાર્ય રૂમાંથી થયું માટે તેનું ઉપાદાન રૂ. સોનાનું કડું સોનામાંથી ઉત્પન્ન થયું માટે કડાનું ઉપાદાન સોનું.

૧૯–નિમિત્ત કારણ એટલે ઉત્પન્ન થયેલું જે કાર્ય તે જેનાથી થાય વા જેના વડે થાય, તેનું નામ નિમિત્ત કારણ. જેમ કુંભાર, ચાકડો, તથા દંડ વિગેરેથી ઘટરૂપ કાર્ય થયું માટે ઘટનું નિમિત્ત કારણ કુંભાર વિગેરે, પટનું નિમિત્ત વણકર વિગેરે, કડાનું નિમિત્ત સોની અગ્નિ વિગેરે. આ કારણ કાર્ય થતાં તેનાથી છુટું પડી જાય છે.

૨૦–સમવાય સંયોગ એટલે જે વસ્તુ છે તેનો જે ગુણ તે ગુણ તે વસ્તુની સાથે ઉત્પન્ન થયો હોય પણ તે વસ્તુથી જુદો ન રહે અર્થાત્ જે વસ્તુનું હયાતીપણું હોય ત્યાં સુધી તે વસ્તુમાંથી કોઇપણ સંયોગથી તેનો મેળાપ થયો ન હોય તથા તેનાથી છુટું પણ ન પડે. જેમકે સૂર્યમાં પ્રકાશ છે તે સમવાય સંયોગે છે, કેમકે તે કોઇપણ નિમિત્તે સૂર્યથી જુદો પડે તેમ નથી. વળી સાકરમાં મીઠાશ છે તે પણ સમવાય સંયોગે છે.

૨૧–સંબંધિસંયોગ એટલે જે વસ્તુમાં કોઇ સંયોગ કોઇ પણ નિમિત્તથી

મળેલો હોય અને પાછો કોઇ નિમિત્તથી જુદો પડે, જેમ સોનામાં જે પીળાશ છે તે સમવાય રૂપે છે પણ સોના સાથે જે ધુળનો સંયોગ છે, તે કોઈ કારણથી મળેલો છે અને તે ધુળનો સંયોગ કોઇ કારણથી જુદો પણ પડી શકે છે, માટે તેને સંબંધિસંયોગ કહે છે.

૨૨–વસ્તુઓમાં આદિ અને અનાદિ–એવા બે ધર્મ રહેલા છે. આદિધર્મ એટલે જે વસ્તુ કોઇ કાલે પણ કોઇ નિમિત્તથી, અનુમાન પ્રમાણથી પ્રત્યક્ષ પ્રમાણ વા પરોક્ષ પ્રમાણથી પણ ઉત્પન્ન થતી જણાતી હોય તથા તેનો નાશ થતો પણ જણાતો હોય તો તે આદિધર્મ કહેવાય અને જેની ઉત્પત્તિ અથવા નાશ કોઇપણ પ્રમાણથી સિદ્ધ ન થતો હોય તે અનાદિ ધર્મ કહેવાય. આદિધર્મ તે દ્રવ્યર્યાય કે ગુણપર્યાયમાં હોય છે, અને અનાદિ ધર્મ તે મૂલ છ દ્રવ્યમાં છે. જેમ ઘટ પટ વિગેરે જે જે દશ્ય પદાર્થો આપણે જોઇએ છીએ, તે પદાર્થો શામાંથી ઉત્પન્ન થયા છે તે આપણે પ્રત્યક્ષ દેખીએ છીએ. એની કદાચ પ્રત્યક્ષ ઉત્પત્તિ ન દેખીએ,તો પણ અનુમાનથી આપણે જાણીએ છીએ કે ઘટ પદાર્થ માટીમાંથી ઉત્પન્ન થયો છે અને તેનો નાશ થઇ ઠીકરા ધુળવિગેરે થશે માટે તેને આદિધર્મ કહેવો. વળી આદિધર્મનું એવું પણ લક્ષણ છે કે જે પદાર્થ જેમાંથી ઉત્પન્ન થયો તે વસ્તુ તથા તેનો નાશ થઇ શું થશે ? તે બંને વસ્તુઓનું જગતમાં દશ્યમાનપણું વા હયાતીપણું હોય તોજ તે પદાર્થની આદિ કહેવાય, નહિ તો તે અનાદિ છે, એમ કહેવાય.

૨૩–પ્રથમ જણાવ્યા પ્રમાણે મૂલ છ દ્રવ્ય છે તે આદિ છે કે કેમ તેનો વિચાર કરીએ. જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાલ. આ છ દ્રવ્યની ઉત્પત્તિ તથા નાશ જે વસ્તુમાંથી થયા હોય, તે વસ્તુનું હયાતીપણું કોઇ પણ પ્રમાણથી સિદ્ધ થતું હોય, તો તે આદિ દ્રવ્ય કહેવાય, પણ તેમ છે નહિ, માટે તેને અનાદિ દ્રવ્ય કહે છે. અને આ છ દ્રવ્યની ઉત્પત્તિ તથા નાશ થયા પછીની જે વસ્તુ, તેનું હયાતીપણું જો કોઇ સિદ્ધ કરતું હોય તો તે વંધ્યાપુત્ર કે આકાશપુષ્પવત્ છે. અર્થાત્ તે નિરર્થક છે. કેમકે જેનાથી તેની ઉત્પત્તિ સંભવે નહિ અને છે તેનો નાશ સંભવતો નથી. માટે છએ દ્રવ્યના ઉપાદાન તથા નિમિત્ત કારણ ન હોવાથી તેને અનાદિ દ્રવ્ય કહે છે. ઉપર જણાવેલાં ઉપાદાન તથા નિમિત્ત કારણની તરતમતા સમજાવવા માટે સાત નયોનું સ્વરૂપ કહે છે. તેમાં પ્રથમ તો ત્રણ નય છે તે નિમિત્તના કારણના છે અને પછીના ચાર નય તે ઉપાદાન કારણના છે. તે નયોનાં નામ તથા સ્વરૂપ બતાવે છે. સાત નયોનાં નામ તથા તેનો સામાન્ય શબ્દાર્થ કહે છે—

૨૪–૧ નૈગમનય–અંશગ્રાહી, ૨ સંગ્રહનય–સત્તાગ્રાહી, ૩ વ્યવહારનય–સાધન પ્રવૃત્તિગ્રાહી, અર્થાત્ કાર્ય થવામાં સંપૂર્ણ રીતે સહાયભૂત છે, કારણગ્રાહી છે. આ નય (વ્યવહાર) ના બીજા છ ભેદ છે.

(૧) શુદ્ધ વ્યવહારનય–એટલે દ્રવ્યનો ધર્મ–ગુણ અભેદ હોય છે, છતાં સમજાવવાને ભેદથી કહેવું તે. જેમ સાકરમાં મીઠાશ છે તે અભેદ છે, છતાં સમજાવવા સાકરની મીઠાશ કહેવી તે. વસ્તુતાએ તો સાકર તેજ મીઠાશ છે, પણ તે સમજાવવા છઠ્ઠી વિભક્તિથી ભેદ પાડી, અભેદપણે સમજવું તે. તેવી રીતે આત્મા દ્રવ્ય છે, તેના જ્ઞાનાદિક ગુણો છે તે અભેદ છે, પણ સમજાવવા આત્માનું જ્ઞાન–એમ જે કહેવું તે. આત્મા અને જ્ઞાન જુદાં નથી, પરંતુ એકજ છે, અર્થાત્ અભેદ છે.

(૨) અશુદ્ધ વ્યવહારનય–એટલે દ્રવ્યની ક્રિયા કહેતાં ગુણ, ભેદ હોય છતાં સમજાવવા અભેદ કહેવું. જેમ સાકરની રતાશ કે ધોળાશ ભેદ છે, છતાં તેને પણ સાકરની રતાશ–એમ જે કહેવું તે. તેમ રાગ, દ્વેષ, મિથ્યાત્વ વિગેરે જે ક્રિયા છે અને કર્મ તે રૂપી પદાર્થ છે તેનું ઉપાદાન પુદ્ગલ દ્રવ્ય છે, તો પછી તે ક્રિયાને આત્મા (ચૈતન્યાત્મા) શી રીતે કરી શકે ? પરંતુ ભેદજ્ઞાન કહેતાં સમ્યક્ત્વજ્ઞાન નહિ હોવાથી અણસમજને લઇ રાગ વિગેરેને આત્માના કહેવા તે અશુદ્ધ વ્યવહાર કહેવાય.

(૩) શુભ વ્યવહાર–એટલે અજ્ઞાન સહિત અર્થાત્ સમકિત વિના જે શુભ ક્રિયા થાય તેથી પુન્ય બંધાય, તે પુન્ય પણ પરદ્રવ્ય કહેતાં પુદ્ગલ દ્રવ્યની ક્રિયા છે છતાં સમજાવવા આત્માનું કહેવું તે શુભ વ્યવહારનય.

(૪) અશુભ વ્યવહારનય એટલે અજ્ઞાન સહિત જે અશુભ ક્રિયા થાય તેથી પાપ બંધાય, તે ક્રિયા પણ પરદ્રવ્યની છે છતાં સમજાવવા આત્મા પાપ કરે છે એમ કહેવું તે અશુભ વ્યવહારનય.

(૫) ઉપચારિત વ્યવહારનય એટલે આત્માથી દેહ જુદો છે અને દેહથી પણ ભિન્ન (અલગ) રહેલ જે ધન, કુટુંબાદિક વસ્તુઓ છે તેને પોતાની માનવી તે

(૬) અનુપ ચારિત વ્યવહારનય એટલે અજ્ઞાનપણાને લઇને દેહ જુદો છે છતાં આત્મભાવે એટલે પોતાનો માનવો તે.

૪ ઋજુસૂત્રનય–આ નય ઉપાદાનને લાગુ પડે છે, તેથી તેને અંતરપરિણામગ્રાહી કહે છે.

૫ શબ્દનય–જે કાર્ય કરવાનું છે તે પૂર્ણ થયા પહેલાં પણ અનુમાનથી શબ્દમાં બોલવામાં આવે તેથી તેને શબ્દગ્રાહી કહે છે.

(૬) સમભિરૂઢ નય–જે કાર્ય પૂર્ણ થવાને અંશ બાકી રહેથી પણ તેને પૂર્ણ કહેવું માટે તેને પૂર્ણગ્રાહી કહે છે.

(૭) એવંભૂત નય–સંપૂર્ણ કાર્યને સંપૂર્ણ કહેવું તે.

હવે આ સાતે નયનું સ્વરૂપ વિશેષ સમજવા માટે એક લૌકિક દષ્ટાંત ઉપર ઘટાડે છે.

૨૫—એક માણસને સોનાની મોહનમાળા કરવી છે, તે કરવાની તેને તીવ્ર ઇચ્છા થાય ત્યારે તે નૈગમનય કહેવાય. તે ઇચ્છા થયા પછી કંઈ ઘડવાને માટે એરણ, અગ્નિ, સોની વિગેરે જોઇતાં સાધનો તેનો સંગ્રહ કહેતાં ભેગાં કરવાનો જે પ્રયાસ કરે તે સંગ્રહનય કહેવાય અને જો તે સાધનો ભેગાં કરવાનો પ્રયાસ ન કરે તો નૈગમાભાસ કહેવાય. કેમકે જે નય છે તે કારણ છે. અને કારણ તે કાર્યને પહોંચાડે તો જ કારણ કહેવાય, નહિ તો તે કારણાભાસ થાય, તેમ પ્રથમનો નય કારણ છે તે બીજાને પહોંચાડે, બીજો ત્રીજાને પહોંચાડે એમ કારણ કાર્યને પહોંચાડે તો તે નય કહેવાય. નહિ તો નયાભાસ એટલે તે કારણ–કાર્ય અસત્ય થાય છે. સંગ્રહનયમાં જે જે સામગ્રી બતાવીએ તે સંપૂર્ણ સામગ્રી ભેગી થાય, ત્યારે તે વ્યવહારનય કહેવાય. વ્યવહારનય છે તે સંપૂર્ણ કારણ છે અને સંપૂર્ણ થવાથી કાર્ય જે કરવું છે તે નિશ્ચય કહેવાય તેનો અંશ પણ આવવો જોઇએ. જે સંપૂર્ણ કારણ થયે કાર્યનો અંશ પણ ન દેખાય તો તે વ્યવહારાભાસ કહેવાય. કેમકે કારણ કાર્ય સંલગ્નપણે છે. હવે કાર્ય થવાનું જે ઉપાદાન સોનું જ્યારે તૈયાર થઇ એરણ ઉપર આવ્યું ત્યારે તેને નિશ્ચયનય (કાર્યનય) કહે છે અને તે ઋજુ સૂત્ર નયમાં ગણાય છે. તે સોનાને ગાળી તેનો ઢાળ પાડે. તેના છુટા છુટા આંકડા કરવાથી તેનું અનુમાન જ્યારે થઈ શકે કે આ મોહનમાળા કરે છે ત્યારે તે શબ્દનય કહેવાય. તે બધા આંકડાને ગોઠવી આપવા જેની સામાન્ય અંશિક ક્રિયા બાકી રહે ત્યારે તે છઠ્ઠો સમભિરૂઢનય કહેવાય, તે કંઠી જ્યારે સર્વાશે પૂર્ણ થાય ત્યારે તે એવંભૂત નય કહેવાય.

હવે નિમિત્ત કારણની તરતમતા બતાવે છે.

નિમિત્તના એક સામાન્ય નિમિત્ત અને બીજો વિશેષ નિમિત્ત, એમ બે ભેદ છે. જે કારણ ફરી શકે તે સામાન્ય નિમિત્ત કહેવાય અથવા કોઇ વખતે જેની હયાતી ન હોય વા એક કારણને સ્થાને બીજું કારણ હોય છે તો ત્યાં તે કામ ચાલી શકે, તે સામાન્ય કારણ કહેવાય. જેમ હથોડીને ઠેકાણે તેના જેવું બીજું જોરવાળું હથીયાર હોય તો કામ ચાલી શકે અથવા દુધપાક કર-

વામાં જે તપેલું નિમિત્ત છે તેને ઠેકાણે એટલે તપેલાને સ્થાને કડાઇ વિગેરે બીજું હોય તો પણ ચાલી શકે. જે કારણને સ્થાને બીજું કારણ આવવાથી કામ ન ચાલી શકે અર્થાત્ જેની હયાતિ વિના કામ ન ચાલી શકે તેને વિશેષ (બળવાન્) કારણ કહે છે. જેમ અગ્નિ, સોની વિગેરે. કેમ કે કંડીરૂપ કાર્ય કરવામાં નિમિત્ત કારણ અગ્નિ કે સોની તે બળવાન્ કારણ છે, તેના વિના કાર્ય થતું નથી. તેમ સમકિત, જ્ઞાન કે મોક્ષ પ્રાપ્ત કરવામાં ઉપાદાન કારણ આપણો આત્મા છે અને નિમિત્ત કારણ સદ્‌ગુરૂ, સત્સંગ, સત્શાસ્ત્ર વિગેરે છે તેમાં બળવાન્ નિમિત્ત સદ્‌ગુરૂ છે, બાકીના સર્વ નિમિત્તો સામાન્ય છે.

૨૬–કારણ વિના કાર્ય થતું નથી એ સિદ્ધાંત યથાર્થ છે, કેમકે ઉપાદાન સોનું હોય છતાં અગ્નિ કે સોની ન હોય તો સોનાના દાગીના કરવાની ક્રિયા અટકી પડે છે. માટે કારણોમાં આ બંને કારણ બળવાન્ છે. અને તે બંને કારણો હોય; છતાં જો ઉપાદાન સોનું ન હોય તો પણ કાર્ય બને નહિ, કેમ કે ઉપાદાન વિના તો કાર્યની સિદ્ધિ જ નથી. માટે કારણ અને કાર્ય બંનેની જરૂર છે, તેથી કાર્ય તરફ લક્ષ્ય રાખી નિરાગ્રહ રૂપે કારણ સેવે તો કાર્યની સિદ્ધિ થાય છે. પરંતુ કારણમાં જ આગ્રહ રાખી તેને કાર્યભાવે માની કારણને સેવે તો તે કારણાભાસ થાય છે. અર્થાત્ નિરર્થક થશે. માટે કાર્ય તરફ લક્ષ્ય રાખી-નેજ કારણ સેવવું કે જેથી કાર્યની સિદ્ધિ થાય.

હવે આગળ જણાવેલા છએ દ્રવ્યની અંદર મુખ્યતયે કાર્ય સમજવા રૂપ જીવ તથા પુદ્‌ગલ એ બે દ્રવ્ય છે. તે બે દ્રવ્યને સિદ્ધ કરવા માટે સમજાવવા બાકીના ચાર દ્રવ્યને ઉપચારિત કહેલાં છે. જીવ તથા પુદ્‌ગલ એ બે દ્રવ્યનું યથાર્થ અવિરોધ પૂર્વક લબ્ધિરૂપ અનુભવ (સ્વરૂપ) સમજવું તેનું નામ સમકિત, તેને ચોથું ગુણસ્થાનક કહે છે. તે કાર્ય કરવાને માટે પૂર્વના ત્રણ ગુણસ્થાનક તે કારણ છે, તે કારણને લક્ષ્યપૂર્વક સેવવાથી સમકિતરૂપ કાર્ય થાય છે. અને તે થવાથી સર્વ કર્મનો ક્ષય થઇ મોક્ષ પ્રાપ્ત થાય છે. જેને ચૌદમું ગુણસ્થાનક કહે છે, તે ચૌદ ગુણસ્થાનકનું સ્વરૂપ અનુક્રમે કહે છે. તેમાં આઠ કર્મ તથા તેની ૧૫૮ પ્રકૃતિ, ત્રણ મોહનીય, પાંચ મિથ્યાત્વ, ત્યાગ, વૈરાગ્ય, સમકિત, તથા ચૌદ ગુણસ્થાનકનું સ્વરૂપ તેમજ તેની ઉપર સાત નયનું સ્વરૂપ–એમ અનુક્રમે કહેવામાં આવશે.

૨૭–મૂલ આઠ કર્મ, તેની ઉત્તર પ્રકૃતિ ૧૫૮.

૧ જ્ઞાનાવરણીય, ૨ દર્શનાવરણીય, ૩ મોહનીય, ૪ અંતરાય, ૫ વેદનીય, ૬ આયુ, ૭ નામ, ૮ ગોત્ર.

(૧) જ્ઞાનાવરણીયની પાંચ પ્રકૃતિ–૧ મતિ જ્ઞાનાવરણીય, ૨ શ્રુત જ્ઞાનાવરણીય, ૩ અવધિ જ્ઞાનાવરણીય, ૪ મનઃપર્યવ જ્ઞાનાવરણીય અને ૫ કેવલ જ્ઞાનાવરણીય.

(૨) દર્શનાવરણીયની ૯ પ્રકૃતિ–૧ નિદ્રા, ૨ નિદ્રા નિદ્રા, ૩ પ્રચલા, ૪ પ્રચલા પ્રચલા, ૫ થીણદ્ધી, ૬ ચક્ષુ દર્શનાવરણીય, ૭ અચક્ષુ દર્શનાવરણીય, ૮ અવધિ દર્શનાવરણીય અને ૯ કેવલ દર્શનાવરણીય.

(૩) મોહનીય કર્મની ૨૮ પ્રકૃતિ–અનંતાનુબંધી–ક્રોધ, માન, માયા, લોભ. અપ્રત્યાખ્યાની–ક્રોધ, માન, માયા, લોભ. પ્રત્યાખ્યાની–ક્રોધ, માન, માયા, લોભ. સંજ્વલન–ક્રોધ, માન, માયા, લોભ. એ ૧૬ પ્રકૃતિ.

તથા હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંછા, સ્ત્રીવેદ, પુરૂષવેદ તથા નપુંસક વેદ, આ નવ પ્રકૃતિ મળી ૨૫ થઇ.

અને મિથ્યાત્વમોહનીય, મિશ્રમોહનીય તથા સમકિત મોહનીય, એ ત્રણ મળી ૨૮ પ્રકૃતિ થઇ.

(૪) અંતરાયકર્મની પાંચ પ્રકૃતિ–૧ દાનાંતરાય, ૨ લાભાંતરાય, ૩ ભોગાંતરાય, ૪ ઉપભોગાંતરાય અને ૫ વીર્યાંતરાય.

(૫) વેદનીયકર્મની ૨ પ્રકૃતિ–૧ શાતા વેદનીય અને ૨ અશાતા વેદનીય.

(૬) આયુકર્મની ૪ પ્રકૃતિ–૧ દેવાયુ, ૨ મનુષ્યાયુ, ૩ તિર્યંચાયુ અને ૪ નરકાયુ

(૭) ગોત્ર કર્મની ૨ પ્રકૃતિ–૧ નીચ ગોત્ર અને ૨ ઉંચ ગોત્ર.

(૮) નામ કર્મની ૧૦૩ પ્રકૃતિ છે. તેમાંથી સંક્ષેપ કરતાં ૪૨ પ્રકૃતિ થાય છે, તેનો વિસ્તાર કરતાં ૬૭ તથા ૯૩ પ્રકૃતિ થાય તે ૪૨–૬૭–૯૩ અને ૧૦૩ અનુક્રમે બતાવે છે.

૪ ગતિ, ૫ જાતિ, ૫ શરીર, ૩ ઉપાંગ, ૬ સંઘયણ ૬ સંસ્થાન, ૧ વર્ણ ૧ ગંધ, ૧ રસ, ૧ સ્પર્શ, ૪ આનુપૂર્વી, ૨ વિહાયોગતિ. ૩૯

૧ પરાઘાત, ૨ શ્વાસોશ્વાસ, ૩ આતાપ, ૪ ઉદ્યોત, ૫ અગુરૂ લઘુ, ૬ તીર્થંકર, ૭ નિર્માણ, ૮ ઉપઘાત. ૮

૧ ત્રસ, ૨ બાદર, ૩ પર્યાપ્તિ, ૪ પ્રત્યેક, ૫ સ્થિર, ૬ શુભ, ૭ સૌભાગ્ય ૮ સુસ્વર ૯ આદેય, ૧૦ યશ. ૧૦

૧ સ્થાવર, ૨ સુક્ષ્મ, ૩ અપર્યાપ્તિ, ૪ સાધારણ, ૫ અસ્થિર, ૬ અશુભ ૭ દૌર્ભાગ્ય, ૮ દુઃસ્વર, ૯ અનાદેય, ૧૦ અપયશ. ૧૦

સર્વ કર્મની પ્રકૃતિ મળી ૧૫૮ થાય છે. તેમાં નામ કર્મની ૧૦૩ પ્રકૃતિ માંથી ૬૭ પ્રકૃતિનો સંક્ષેપ કરતાં આઠ કર્મની ૧૨૦ પ્રકૃતિ થાય છે. તે ૧૨૦ પ્રકૃતિ, બંધ, ઉદય, ઉદીરણા અને સત્તામાં એોઘે સર્વ જીવોને હોય છે.

ચોદ ગુણસ્થાનકનું કાલમાન, તથા કયે કયે ગુણસ્થાનકે કેટલી પ્રકૃતિનો નાશ થાય છે તે બતાવે છે.

૨૮ પ્રથમ ગુણસ્થાનકના બે ભેદ છે. ૧ મિથ્યાત્વભૂમિ અને ૨ મિથ્યાત્વગુણસ્થાનક. મિથ્યાત્વભૂમિમાં પ્રાયેકરી સર્વ જીવો છે, ત્યાં અનાદિ અનંત કાલથી જીવાત્મા ભમ્યા કરે છે. આ દશામાં રહેલા જીવોને મોક્ષ માર્ગનું ભાન થતું નથી. કેમ કે આ દશામાં મિથ્યા આગ્રહથી કુલાદિકને અધિક ધર્મ માની અંધ શ્રદ્ધાએ વર્તે છે, તેથી તેને સત્ય જ્ઞાનની પ્રાપ્તિ થવી બહુજ કઠણ છે. કોઇ પુન્યયોગે સદ્‌ગુરૂનો યોગ પામી તેની નિશ્રાએ વર્તે તો પ્રથમ ગુણસ્થાનકે આવે. આ પ્રથમ ગુણસ્થાનકનું નામ મિથ્યાત્વ ગુણસ્થાનક છે. તેને સમકિત થયું નથી, પણ સદ્‌ગુરૂના યોગે સાચી શ્રદ્ધા કરી, અભિગ્રહ વિગેરે મિથ્યા આગ્રહો મંદ પડવાથી મિથ્યાત્વ છતાં તેને ગુણનું સ્થાનક કહેવામાં આવે છે તે મોક્ષના માર્ગમાં છે એમ સંભવે છે. કેમકે—**"कडे माणे कडे"** એ શ્રી મહાવીર સ્વામીનો સિદ્ધાંત છે. કરવા માંડયું ત્યાંથી કર્યું અથવા કરશે. તો જે જીવ પ્રથમ ગુણસ્થાનકે આવ્યો તે ચોથે કે તેરમે આવશે, પણ જે ગુણસ્થાનક રૂપ માર્ગે ચડેલો જ નથી તે કયાંથી આવે ? એ હેતુથી સર્વ જીવો મિથ્યાત્વ ગુણસ્થાનકે છે એમ કહેતાં મિથ્યાત્વ ભૂમિમાં છે, એમ કહેવું તે યોગ્ય લાગે છે. પ્રથમ ગુણસ્થાનકનો કાલ ઉત્કૃષ્ટ પણે ૧૫ ભવનો છે, તેને વમી પાછો મિથ્યાત્વભૂમિમાં આવી રખડતો જીવ ઉત્કૃષ્ટ પણે એક પુદ્‌ગલ પરાવર્તન કરે. બીજા ગુણસ્થાનકનો કાલ ૬ આવલિકાનો છે. ૩–૭–૮–૬–૧૦–૧૧–૧૨ આ સાત ગુણસ્થાનકે કાલ અંતર્મુહૂર્તનો છે. ચોથા ગુણસ્થાનકનો કાલ તેત્રીશ સાગરોપમ કરતાં કાંઇક અધિક વર્ષ જેટલો છે. ૫–૬–૧૩ આ ત્રણનો કાલ દેશે ઉણા ૧ ક્રોડ પૂર્વનો છે, ચૌદમા ગુણસ્થાનકનો કાલ અ–ઇ–ઉ–ઋ–લૃ–એ પાંચ હ્રસ્વ અક્ષર બોલતાં જે કાલ થાય તેટલો છે.

૧–૪–૧૪–આ ત્રણ ગુણસ્થાનક જીવને મરવાના સ્થાન છે.

૧–૨–૪ આ ત્રણે ગુણસ્થાનક જીવને જનમવાના સ્થાન છે.

એકથી ચૌદ ગુણસ્થાનક સુધી કઈ કઇ પ્રકૃતિનો નાશ થાય છે, તેનું સ્વરૂપ બતાવે છે

ચૌદ ગુણસ્થાનકનાં નામ.

૧ મિથ્યાત્વ ગુણસ્થાનક,	૨ સાસ્વાદન ગુણસ્થાનક.
૩ મિશ્ર ગુણ	૪ અવિરતિ ગુણ
૫ દેશ વિરતિ ગુણ	૬ સર્વ વિરતિ ગુણ
૭ અપ્રમત્ત ગુણ	૮ અપૂર્વ કરણ ગુણ
૯ અનિવૃત્તિ કરણ ગુણ	૧૦ સુક્ષ્મ સંપરાય ગુણ
૧૧ ઉપશાંત મોહ ગુણ	૧૨ ક્ષીણમોહ ગુણ
૧૩ સયોગી ગુણ	૧૪ અયોગી ગુણ

ઉપર જે પ્રકૃતિનો નાશ થાય છે તેમાં નાશ એમજ લખ્યું છે, તે સત્તામાંથી નાશ થાય તેમ સમજવું નહિ, પરંતુ બંધમાંથી નાશ થાય છે અને જ્યાં બંધ બંધાતો નાશ થયો તો પછી સત્તામાં રહેલા કર્મને નાશ થવાને કાંઇ કારણ નથી. માટે બંધમાંથી જે નાશ કરવો તેજ ખરૂં તો કારણ છે. પ્રથમ ગુણસ્થાનકે ૧૬ પ્રકૃતિનો નાશ થાય છે તે ૧૬ પ્રકૃતિનાં નામ બતાવે છે—નરકત્રિક (ગતિ, આયુ, અનુપૂર્વી) જાતિ ચતુષ્ક (એકેંદ્રિય, બેઇંદ્રિય તેઇંદ્રિય, ચૌરિંદ્રિય) સ્થાવર ચતુષ્ક (હુંડક સંસ્થાન, આતાપ નામ કર્મ, છેવટું સંઘયણ, નપુંસક વેદ) ૧ મિથ્યાત્વ મોહનીય, ૧૪ નામ કર્મની અને ૨ મોહનીય કર્મની—એમ મળી ૧૬ પ્રકૃતિનો નાશ અત્રે થાય છે. આ ઉપરથી જ આપણે વિચારીએ કે સર્વ જીવો પ્રથમ ગુણસ્થાનકે છે, એમ કહીએ તો કેટલો વિરોધ આવે છે? કેમકે જ્યાં પ્રકૃતિનો નાશ થાય છે, તેમાં પણ સર્વ કર્મમાં બલવાન્ મોહનીય કર્મની, મિથ્યાત્વ મોહની જેવી કર્મ પ્રકૃતિનો નાશ કરે છે, તો **'કડે માણે કડે'** એ વચનને વિચારતાં જણાય છે કે જેણે એક પ્રકૃતિનો બંધથી નાશ કર્યો તે ૧૫૮ પ્રકૃતિનો પણ નાશ કરશે, તેમ જેણે ૧૬ પ્રકૃતિનો નાશ કર્યો તો ૧૫૮ પ્રકૃતિનો નાશ કર્યા વિના કેમ રહે? અર્થાત્ ન જ રહે, આ કારણથી અત્રે સર્વ જીવોને મિથ્યાત્વ ભૂમિમાં કહ્યા છે.

૩૦–(૨) ગુણસ્થાનકે ૨૫ પ્રકૃતિનો નાશ થાય છે, તિર્યંચત્રિક, થીણદ્ધીત્રણ, દુર્ભાગ્યત્રિક, અનંતાનુબંધી ચતુષ્ક, મધ્યમના ચાર સંઘયણ, તથા ચાર સંસ્થાન, નીચગોત્ર, ઉદ્યોત નામકર્મ, અશુભ વિહાયગતિ. સ્ત્રીવેદ, ગોત્રની ૧, મોહનીની ૫, દર્શનની ૩, અને નામની ૧૬, એમ સર્વ મળી ૨૫ પ્રકૃતિનો નાશ થાય છે.

૩૧–(૩) ગુણસ્થનકે–દેવાયુ તથા મનુષ્યાયુ, એ બે પ્રકૃતિનો બંધ પડતો નથી, બાકી બીજી બે પ્રકૃતિનો અત્રે નાશ થતો નથી.

૩૨–(૪) ગુણસ્થાનકે છઠ્ઠ નો બંધ અને ૧૦ નો નાશ થાય છે, વજ્ર-

ઋષભનારાચ સંઘયણ, મનુષ્યત્રિક, અપ્રત્યાખ્યાની ચાર કષાય, ઔદારિક શરીર તથા ઔદારિક અંગોપાંગ, નામની ૬ તથા મોહનીની ૪, એમ દશનો અંત અત્રે થાય છે.

૩૩–(૫) ગુણસ્થાનકે–ચાર પ્રકૃતિનો નાશ–તે ચારે મોહનીય કર્મની પ્રત્યાખ્યાની કષાયની ચોકડીનો નાશ થાય છે.

૩૪–(૬) ગુણસ્થાનકે–૬૩ નો બંધ, તેમાં ૬ કે ૭ નો નાશ. શોક, અરતિ, અસ્થિર, અશુભ, અપજસ, અશાતા, દેવાયુ, મોહનીયની ૨, વેદનીયની ૧, આયુની ૧, અને નામની ૩ એમ સર્વ મળી ૭ પ્રકૃતિનો નાશ અત્રે થાય છે.

૩૫–(૭) ગુણસ્થાનકે–અત્રે ૫૮ પ્રકૃતિઓ બંધાય છે, અહીં કાંઇ પ્રકૃતિનો બંધ, નાશ થતો નથી.

૩૬–(૮) ગુણસ્થાનકે–૩૬ નો અંત થાય છે. નિંદા, પ્રચલા, દેવગતિ, દેવાનુપૂર્વી, પંચેંદ્રિયજાતિ, શુભ વિહાયગતિ, જશ નામ વિના પ્રશસ્તત્રિક, ઔદારિક વિના ચાર શરીર, બે અંગોપાંગ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરૂલઘુ ચતુષ્ક (અગુરૂલઘુ, ઉપઘાત, ઉશ્વાસ, પરાઘાત) સમચતુરસ્ર સંસ્થાન, નિર્માણ, જિનનામ, હાસ્ય, રતિ, ભય, જુગુપ્સા, દર્શનની ૨, નામની ૩૦, અને મોહનીયની ૪, એમ સર્વ મળી ૩૬ પ્રકૃતિનો નાશ અત્રે થાય છે.

૩૭ (૯) ગુણ સ્થાનકે–૨૨નો બંધ અને ૫ નો નાશ થાય છે. પુરૂષવેદ, સંજ્વલની કષાયની ચોકડી, એ પાંચનો નાશ થાય છે.

૩૮–(૧૦) ગુણ સ્થાનકે–૧૭ નો બંધ તેમ ૧૬ નો અંત થાય છે.

(૧૧)–ગુણ સ્થાનકે ક્ષપકશ્રેણી કરનાર જીવ જતો નથી પણ ઉપશમશ્રેણી કરનાર જીવ જાય છે, અને ત્યાંથી ૧૨ ગુણ સ્થાનકે પડે છે. દર્શનાવરણીયની ૪, ઉચ્ચગોત્ર, યશનામ. મતિજ્ઞાનાવરણીય, શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવલ, પાંચ અંતરાયની, દર્શનની ૪, ગોત્રની ૧, જ્ઞાનાવરણીયની ૫, અને અંતરાયની ૫, એમ સર્વ મળી ૧૬ નો અંત અત્રે થાય છે. ૧૧–૧૨–૧૩ આ ત્રણે ગુણ સ્થાનકે શાતાવેદનીય ૧ પ્રકૃતિનો બંધ હોય છે. કેમકે શાતાવેદની યોગે બંધાય છે. યોગ ૧૩ માસ સુધી છે. માટે ત્યાં તેનો બંધ હોય, ચૌદમે યોગ નથી, તેથી શાતાવેદનીયનો નાશ થાય છે.

આઠે કર્મની ૧૫૮ પ્રકૃતિ છે, તેમાં નામકર્મની ૧૦૩ પ્રકૃતિનો સંક્ષેપ કરી ૬૭ મેળવતાં આઠે કર્મની ૧૨૨ પ્રકૃતિ થાય છે. તેમાં બંધ સ્થાને મિશ્ર મોહનીયનો બંધ ત્રીજે ગુણ સ્થાનકે બંધાય અને સમકિત મોહનીયનો બંધ ચોથે બંધાય છે, તેથી મિશ્ર તથા સમકિત–બે મોહનીયનો મિથ્યાત્વ મોહનીયમાં સંક્ષેપ કરી ૧૨૦ પ્રકૃતિ ગણી છે. તે ઓઘે કહેતાં ચૌદે ગુણસ્થાનકવાલા

સર્વ જીવોને હોય, તેમાં પ્રથમ ગુણસ્થાનકનો ભેદ પાડતાં આહારકદ્વિક (શરીર તથા અંગોપાંગ) તથા જિનનામ કર્મ, એ ત્રણ શિવાય ૧૧૭ પ્રકૃતિનો બંધ પ્રથમ ગુણ સ્થાનકે છે અને ત્રણ પ્રકૃતિમાંથી જિનનામ ચોથે ગુણ સ્થાનકે બંધાય તથા આહારકદ્વિક ૭ મે ગુણસ્થાનકે બંધાય છે. આ પ્રમાણે ચૌદે ગુણસ્થાનકનું કાલમાન તથા પ્રકૃતિ, બંત બતાવ્યું છે, તે ચૌદે ગુણસ્થાનકને પ્રાપ્ત કરવામાં સહાયભૂતં કહેતાં નિમિત્ત રૂપ જે ત્યાગ તથા વૈરાગ્ય–તેનું સ્વરૂપ કહે છેઃ—

ત્યાગનું સ્વરૂપ.

ત્યાગના બે ભેદ છે. એક સમકિત પ્રથમનો ત્યાગ અને બીજો સમકિત પછીનો ત્યાગ છે. તેમાં પ્રથમ સમકિત પહેલાંનો ત્યાગ કહે છે. સમકિતરૂપ કાર્ય કરવામાં સુવિચારની જરૂર છે, તે સુવિચાર કરવામાં વૈરાગ્ય નિમિત્ત છે, વૈરાગ્ય પ્રાપ્ત કરવામાં ત્યાગની જરૂર છે, ત્યાગ, એટલે ત્યાગવું–તો તેનો ઉત્તર જણાવે છે કે–બાહ્ય અને આભ્યંતર એમ બે પ્રકારે ત્યાગ છે. બાહ્ય ત્યાગ એટલે કાયાથી ઘર, ધન, ધાન્ય, સ્ત્રી વિગેરેનો ત્યાગ તથા સંસારનો ત્યાગ કરવો તે બાહ્ય ત્યાગ. આભ્યંતર ત્યાગ એટલે વૈરાગ્ય દશાથી માંડી સમકિત દશા સુધી કરવાનું જે કાર્ય, તે કાર્ય કરવામાં જે જે બાધા કર્ત્તા નિમિત્તો છે, તેનો ત્યાગ કરવો તેને આભ્યંતર ત્યાગ કહે છે. સમકિત દશાને બાધા કરનારા જે જે નિમિત્તો તેનો ત્યાગ કેમ કરવો તે એક લૌકિક દૃષ્ટાંત પૂર્વક બતાવે છે.

જેમ એક માણસ વેપાર વિષે અજાણ હોય તેને બીજો કોઇ જાણનાર માણસ અમુક વ્યાપાર આ રીતે કરવો એમ બતાવે ત્યારે સામા માણસને તેની વાત પ્રથમ તો જરા સંદેહરૂપ થાય, પરંતુ સામાન્યપણે એક વખતે બતાવનાર માણસ ઉપર શ્રદ્ધા રાખી, તે જે બતાવે તે પ્રમાણે બને કરે જાય અને તેમ કરવાથી બે ચાર વખત લાભ મળતો દેખાય તો બતાવનાર ઉપર પૂર્ણ શ્રદ્ધા થાય છે, અને શ્રદ્ધા થવાથી તેનીજ નિશ્રાએ વર્તે તો કોઇ વખત તેના જેવો ધનાઢ્ય થવાનો વખત આવે, અલકે તેના કરતાં વધારે પણ ધનવાન થઈ જાય. તેજ રીતે અનંતકાલના પરિભ્રમણમાં જે જે કુસંસ્કારોથી અધિક એટલે હિતાહિત વિચાર શુન્ય એવા સંસ્કારો પડી જાય છે અને તેને લઇને પોતાના કુળપરંપરાના જે ગુરૂઓ, તે સુગુરૂ હોય કે પછી કુગુરૂ હોય તેનો વિચાર કર્યા વિના તેને સુગુરૂ માની બેઠો છે. તેવામાં ભાગ્યયોગે કોઇ સત્પુરૂષ મળે, તેની અપૂર્વ વાણી સાંભળવાથી અંતરમાં કાંઇ મુંઝારા જેવું થાય એટલે તેની વાણી સાંભળવાથી કાંઇ આત્મામાં વિચાર કરવાનો વખત આવે તથા તેની વાણી

ઉપર બહુમાન થાય અથવા 'કાંઇક આ કહે છે તે અપૂર્વ છે' એમ જણાયાથી તેનો વિશેષ સમાગમ કરે અને તેમ કરવાથી અંતરમાં કાંઇક લાભ થતો દેખી તેની ઉપર શ્રદ્ધા થાય, તેવી શ્રદ્ધા થયા પછી સત્પુરૂષ તેને માર્ગનું સ્વરૂપ બતાવે, જેથી સદ્‌ગુરૂનો સમાગમ કરી કલ્યાણ કરવાની તીવ્ર ઇચ્છા ઉત્પન્ન થાય અને સામાન્ય પણે સુગુરૂ, કુગુરૂનો ભેદ જણાય તેમ થવાથી અનંતકાલ થયા કુગુરૂ તથા સ્વચ્છંદથી જેમાં સ્વકાર્ય નથી તેવાં ગ્રહણ કરાએલાં જે નિમિત્તો તેને સત્પુરૂષ ત્યાગવાનું બતાવી જેમાં સ્વહિત થાય તેવા પ્રકારના સન્નિમિત્તો જણાવે; છતાં અસત્ય નિમિત્તોનો ત્યાગ ન કરે તેનું નામ પ્રતિબંધ એટલે જેમાં સ્વહિત નથી તેવા નિમિત્તો, સ્વકલ્પનાથી યા કુગુરૂથી ગ્રહણ કરે તેનું નામ સ્વચ્છંદ અને તેને ત્યાગવાને કોઇ સત્પુરૂષ બતાવે છતાં ન ત્યાગે તેનું નામ પ્રતિબંધ આ રીતે સ્વચ્છંદ તથા પ્રતિબંધનો જે ત્યાગ તેનું નામ ત્યાગ. વળી કલ્યાણના નિમિત્તોને બાધા કર્ત્તા જે ગચ્છ મતાદિકના કદાગ્રહો તથા લૌકિક નિમિત્તોના જે કદાગ્રહો તેનો ત્યાગ કરે તે ત્યાગ. કુળનો આગ્રહ, શાસ્ત્રોના આશય સમજ્યા વિના સ્વચ્છંદ તથા કુગુરૂથી શાસ્ત્રોનો બોધ શ્રવણ કરી તેનો આગ્રહ કરે તે શાસ્ત્રઆગ્રહ, જેમાં અભિગ્રહ અનભિગ્રહ, અભિનિવેશિક, સંશયિક અને અણાભોગિક–એ પાંચ મિથ્યાત્વ છે, તે પાંચ મિથ્યાત્વનો સમાવેશ થાય છે એવા જે દુરાગ્રહો તથા જે નિમિત્તથી અંશ પણ કાર્ય થતું નથી, છતાં તેનો જે આગ્રહ એ વિગેરે, આવા પ્રકારના દુરાગ્રહનો ત્યાગ કરે તેનું નામ ત્યાગ કહેવાય. આ જે બતાવેલો ત્યાગ છે તે સમકિત દશા પહેલાંનો છે, હવે સમકિત દશા પછી ત્યાગ કેવો હોય તે બતાવે છે.

સમકિત દશા બે પ્રકારે છે, એક ક્ષાયિક સમકિત અને બીજું ક્ષયોપશમ. આ બે દશામાંની કોઇપણ દશા સત્પુરૂષના યોગે પામી યથાર્થ રીતે સંપૂર્ણ સ્વરૂપ સમજ્યા પછી પૂર્વકૃત જે જે કર્મપ્રકૃતિ બંધાએલી છે તે તે કર્મપ્રકૃતિને સમભાવ પૂર્વક વેદી તે વૃત્તિનો ક્ષય કરે તેનું નામ ત્યાગ. કર્મપ્રકૃતિ બે ભેદે છે, એક પુન્ય કહેતાં સુખરૂપે અને બીજી પાપ કહેતાં દુઃખ રૂપે, આ સુખ કે દુઃખ રૂપે જે જે પ્રકૃતિ ઉદયમાં આવે તેને સમભાવ એટલે બંનેમાં એક સરખો દષ્ટાપણે રહી તે તે પ્રકૃતિઓના પરમાણુઓનો ક્ષય કરે અને નવા કર્મ પરમાણુઓનો બંધ ન પાડે–આ રીતે એક પછી એક એમ આઠે કર્મની જેટલી પ્રકૃતિઓ છે તેનો ક્ષય કરે, જ્યારે આઠે કર્મની વૃત્તિઓ ક્ષય થાય છે ત્યારે તેને સિદ્ધ કહે છે. તે આઠમાંથી જ્યારે પ્રથમના ચાર ઘાતીકર્મની સર્વ વૃત્તિઓનો નાશ કરે ત્યારે તેને કેવલી કહે છે, તે ચાર કર્મમાંથી મુખ્ય રહેલું જે મોહની-

યકર્મ તેની ૨૮ પ્રકૃતિ છે, તેમાંથી અનંતાનુ બંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની કષાયોની ત્રણ ચોકડી તથા ત્રણ મોહની, તેમજ શોક અને અરતિ—એમ સર્વ મળી ૧૭ પ્રકૃતિનો નાશ કરે ત્યારે તેને સર્વ વિરતિ સાધુ કહે છે. અત્રે મોહનીય કર્મની ઘણીક વૃત્તિઓનો નાશ થવાથી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય તથા અંતરાયની પ્રકૃતિઓનો સર્વથા નાશ થતો નથી, પરંતુ મંદ થાય છે.

પ્રશ્ન—સર્વ વૃત્તિઓનો નાશ સિદ્ધને થાય છે, ચાર ઘાતી કર્મની સર્વ વૃત્તિઓનો નાશ કેવલીને થાય છે અને મોહનીય કર્મની ઘણીક વૃત્તિઓનો નાશ છઠ્ઠા વાલાને થાય છે; છતાં તેને સર્વ વિરતી કેમ કહો ?

ઉત્તર—આઠે કર્મમાં મોહનીયકર્મ છે તે બલવાન્ છે અને તેજ જીવને સંસાર રૂપ મહેલને સ્તંભ રૂપ છે અર્થાત્ તેજ સંસારમાં પરિભ્રમણ કરવાનું મુખ્ય નિમિત્ત છે, તેની સ્થિતિ પણ દરેક કર્મ કરતાં વધારે છે. માટે જેમ એક ઝાડ મૂળમાંથી ઉખડી જમીન ઉપર પડી ગયું હોય તેની શાખા, પાંદડાં વિગેરે લીલાં છે છતાં તેને સુકાતાં વાર લાગે નહિ; પરંતુ તેજ ઝાડનું મૂલ કાયમ રાખી ઉપરથી કાપી નાખીએ, તો કોઇ વખતે પુનઃ તે ઝાડ પ્રફુલ્લિત થઇ વૃદ્ધિ પામે છે અને તેથીજ **'મૂલં નાસ્તિ કુતઃ શાખા'** એ કહેવત કહેવાય છે. તેજ રીતે મોહનીય કર્મ શિવાય બીજાં સાતે કર્મો મંદ પડે; છતાં પણ સંસારમાં પરિભ્રમણ કરવું પડે છે; પણ જેનું મોહનીય કર્મ નાશ થયું હોય તેને બાકીનાં કર્મો કદાચ બલવાન હોય તો પણ મૂલમાંથી પડેલા ઝાડની શાખા, પાંદડાં જેમ સુકાઇ જાય છે તેમ આ પણ નષ્ટ થાય છે. આ કારણને લઇને છઠ્ઠા ગુણસ્થાનક વાળાએ મોહનીય કર્મને જર્જરિત કરી નાખ્યું છે, તેથી તેને સર્વવિરતિ કહે છે. અને મોહનીય કર્મની અનંતાનુ બંધી કષાયની ચોકડી તથા ત્રણ મોહની એ સાત પ્રકૃતિનો સર્વથા ક્ષય કરે, ત્યારે તેને ક્ષાયિક સમકિત કહે છે. તે સાતે પ્રકૃતિને બંધમાંથી ક્ષય કરે ત્યારે તેને ક્ષયોપશમિક સમકિત કહે છે. આ બન્ને સમકિતમાંથી કોઇ પણ સમકિતની દશા પામી, ઉદયમાં આવેલી વૃત્તિઓને સમભાવ પૂર્વક વેદે ત્યારે સર્વ કર્મનો નાશ થાય છે અને તેને ત્યાગ કહે છે. પ્રથમના સમકિતમાં વૃત્તિઓ સર્વથા ક્ષય થતી નથી, પરંતુ જગતના પદાર્થો પ્રત્યે તન્મય એટલે આત્મભાવે લીન થયેલી જે વૃત્તિઓ, તેને અશુભ વૃત્તિઓ કહે છે, તે અશુભ પરમાણુઓનો ત્યાગ કરી શુભમાં લાવે તેવો ત્યાગ થાય છે. આ ત્યાગ ત્રણ પ્રકારે થાય છે. (૧) મનથી (૨) વચનથી (૩) કાયાથી.

આ ત્યાગ સમકિત પહેલાં અશુભ વૃત્તિઓના પરમાણુઓ બદલાઇ શુભમાં આવે છે અને સ્વરૂપ દશા કહેતાં સમકિત પામ્યા પછી શુભ તથા અશુભ બંને પ્રકારની વૃત્તિઓનો નાશ થાય છે. તેમાં ચોથે ગુણ સ્થાનકે મોહનીય કર્મની સાત પ્રકૃતિનો ત્યાગ મનથી થાય છે કેમકે પરિણામે બંધ એ જૈનનો સિદ્ધાંત છે, માટે પ્રથમ તો મનથી જ સ્વરૂપ સમજી અંતર ત્યાગભાવે વર્ત્તે, ચોથા પછી પાંચમા ગુણ સ્થાનક સુધી મનની વિશેષ શુદ્ધિની સાથે વચનની પણ શુદ્ધિ થાય છે. તથા કાયાથી પણ અંશે શુદ્ધિ થાય છે. પાંચમાથી છઠ્ઠા ગુણ સ્થાનક સુધી મન, વચન અને કાયાના ત્રણે યોગની ઘણીજ શુદ્ધિ થાય છે એટલે આ દશાને સર્વ વિરતિ કહે છે. તે દશામાં પાંચ બલવાન્ ગુણો પ્રગટ થાય છે, તેમાં પ્રથમ પ્રાણાતિપાત વિરમણવ્રત એટલે પોતાના મન, વચન, કાયાના ત્રણે યોગથી જગતના કોઇપણ જીવના મન, વચન કાયાના યોગને એક અંશ પણ દુઃખ આપે નહિ, તેવી પરમોત્કૃષ્ટ દયા પ્રગટે છે. બીજું મૃષાવાદ વિરમણ વ્રત–જુઠું બોલે નહિ. ત્રીજું અદત્તાદાન વિરમણવ્રત એટલે ત્રણે યોગથી એક પરમાણુની પણ ચોરી ન કરવી તેવો ગુણ પ્રગટે છે. ચોથું મૈથુન વિરમણ વ્રત એટલે મન, વચન, કાયાના કોઇ પણ યોગથી સ્ત્રી વિગેરે પ્રત્યે વિષયની ભાવના થાય નહિં એવો બ્રહ્મચર્ય ગુણ પ્રગટે છે. પર પુદ્ગલનો ભોગ ઇચ્છે નહિં. પાંચમું અપરિગ્રહ એટલે મન, વચન, કાયાના યોગથી એક પરમાણુથી માંડી ચૌદ રાજલોકમાં જે જે પૌદ્ગલિક પદાર્થો છે તેના પ્રત્યે ઇચ્છા ન થાય અર્થાત્ તેને ગ્રહણ કરવાની ઇચ્છા નહિ, તેવો સંતોષ ગુણ અત્રે પ્રગટે છે. આ પ્રકારે મન, વચન, કાયાથી વિરતિપણાની ભાવના પ્રગટે છે. વિરતિ એટલે વૃત્તિઓના પરમાણુઓ જગતના પદાર્થો પ્રત્યે ખેંચાઇ રહેલાં છે તેમાંથી નિવૃત્ત થઇ આત્મસ્વરૂપના વિચારમાં પ્રવર્ત્તવું. તેથી તે પરમાણુઓ વિરામ પામે છે અથવા તેનો ક્ષય થાય છે. તે વિરતિપણું વાસ્તવપણે જોતાં ચોથા ગુણસ્થાનકથી આવે છે કેમકે વૃત્તિઓથી વિરામ થવું તેનું નામ વિરતિ. તો ચોથે ગુણસ્થાનકે પણ ચાર અનંતાનુબંધી કષાય તથા ત્રણ મોહની એમ સાત પ્રકૃતિથી વિરામ થાય છે; પરંતુ તે દશા પ્રથમ મનને થાય છે. તેમ બાહ્ય દૃષ્ટિથી જોનાર જગતના જીવોને 'આ સાધુ છે' એમ ભાવ ન આવવાથી તથા મનમાં જાણવા પ્રમાણે વચન તથા કાયાથી આચરણ ન આવવાને લઇને તેને અવિરતિ કહ્યો છે અર્થાત્ તે અવિરતિપણું વચન તથા કાયાથી છે; પરંતુ મનથી તો વિરતિપણું છે. માટે ત્રણે યોગથી જેણે વિરતિપણું પ્રાપ્ત કર્યું હોય તે સર્વ વિરતિ કહેવાય. ઉપર જણાવેલા બંને ત્યાગનું ઉપાદાન કારણ પો-

તાનો આત્મા (અન) છે અને તે દશા પ્રાપ્ત કરવામાં નિમિત્ત કારણ સદ્‌ગુરૂ છે.

વૈરાગ્યનું સ્વરૂપ.

૪૦–વૈરાગ્ય પણ સમકિત પ્રથમનો અને પછીનો એમ બે ભેદે છે. તેમાં સમકિત પ્રથમના વૈરાગ્યનું સ્વરૂપ કહે છે. વૈરાગ્યનું સ્વરૂપ સમજવા એક લૌકિક દૃષ્ટાંત કહે છે—

જેમ એક માણસને માત્ર ધનની તીવ્ર અભિલાષા હોય તેથી તે માણસ ધન ઉપાર્જન કરવા માટે અનેક પ્રયત્નો કરે છે. અત્રે 'માત્ર ધનની ઇચ્છા' એમ માત્ર શબ્દ બતાવ્યો છે તેથી તેમાં એમ ન સમજવું કે જેને ધનની ઇચ્છા હોય તેને ખાવાની, પીવાની, સુવા વિગેરે બીજા પદાર્થોની ઇચ્છા ન હોય, તે પણ હોય; પરંતુ જે વખતે ધન ઉપાર્જન કરવાની ઇચ્છા છે તે વખતે બીજા પદાર્થોની ઇચ્છા ગૌણ હોય છે અને ધનની ઇચ્છા મુખ્ય હોય છે. તેજ રીતે જેને માટે કલ્યાણ કરવાની ઇચ્છા હોય, તેને ધન, કુટુંબાદિક બીજા પદાર્થોની ઇચ્છા ન હોય એમ ન બને, ક્રમકે તેની દશા એટલે પાંચે ઇંદ્રિયોના વિષયોની જે વૃત્તિઓ, તેનો વિરામભાવ થવો કે ઉપશમ ભાવ થવો તે પાંચમે ગુણસ્થાનકે વિરામ કે ઉપશમ થાય છે અને તેથી તેને વિરતિ ગુણસ્થાનકના પાંચમાથી છઠ્ઠા સુધીમાં કહ્યા છે. તેથી તેને કલ્યાણ કરવાની તીવ્ર ઇચ્છા થઇ છે, એવા પ્રથમ ગુણસ્થાનકવાળા જીવને વિરામ કે ઉપશમની દશા ક્યાંથી હોય? પરંતુ આ દશામાં સ્વરૂપ પામવા પ્રત્યે તીવ્ર જિજ્ઞાસા હોવાથી બીજા પદાર્થોની વૃત્તિઓ મંદ હોય છે.

૪૧–વૈરાગ્ય એટલે વિરક્તપણું, વૈરાગ્ય અને વીતરાગમાં ઘણો ફેર છે. વીતરાગ એટલે શુભ કે અશુભ વૃત્તિમાં સર્વથા રાગ (પ્રીતિ) તથા દ્વેષ રહિત હોય તે વીતરાગ કહેવાય અને વૈરાગ્ય એટલે અશુભ કહેતાં સંસારમાં પરિભ્રમણ કરાવનારા જે જે પદાર્થો છે, તેના કરતાં મોક્ષ પામવાના જે જે નિમિત્ત કારણો છે, તેની ઉપર વધારે પ્રીતિ અને તે નિમિત્તોને પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરતાં કોઇ અડચણો આવે, તો પશ્ચાત્તાપ પૂર્વક તે અડચણોને દૂર કરે, તેનું નામ વૈરાગ્ય કહેવાય છે.

વૈરાગ્યની વિશેષ સમજ.

આગળ જે ત્યાગ કરવાને બતાવેલાં જે જે નિમિત્તો, તે નિમિત્તોને સદ્‌ગુરૂના બતાવ્યા પ્રમાણે તીવ્ર ઇચ્છાપૂર્વક ત્યાગવાનો પ્રયાસ કરે, છતાં કર્મના બળવાનપણાને લઇને તે નિમિત્તો દૂર ન થાય, ત્યારે તેને માટે–ધન-

વાળાને જેમ ધન ન મળતાં ચિંતા થાય, તેમ–ઝુરણા થયા કરે અર્થાત્ તે નિમિત્તો શા કારણથી દૂર નથી થતા ? તે કારણ વિચારે, તેને માટે અંતરમાં પશ્ચાત્તાપ થયા કરે અને તેનો વિચાર કર્યા કરે; તેમ કરવાથી જે મન સંસારના પદાર્થો તરફ હતું, તે ત્યાંથી નિવૃત્ત થઇ આ વિચારમાં એટલે મારે જે પ્રાપ્ત કરવું છે તે કેમ થતું નથી ? તે પ્રાપ્ત કરવામાં હજુ મારી ઇચ્છાની ખામી છે કે કોઇ નિમિત્તો અડચણ કરે છે અને કરે છે તો શું ? કેવી રીતે ? તે દૂર કેમ જાય ? એ વિગેરેનો વિચાર કરવાથી મન ઉદાસીન રહે છે. ઉદાસીન કહેવાનો હેતુ એ છે કે જેવી રીતે ધનની ઇચ્છાવાળાઓને ધન ન મળવાથી ચિંતા થાય છે તેને ચિંતા તથા શોક કહે છે અને તે કર્મબંધનું નિમિત્ત છે, તેમ મોક્ષનો માર્ગ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળાને તેમાં કાંઇ અડચણ પડે તો તેને પણ ચિંતા થાય, પરંતુ તે ચિંતા સત્ય વસ્તુ ઉપર હોવાથી તેને ચિંતા ન કહેતાં વૈરાગ્ય કે ઉદાસીનતા કહે છે. આ પ્રકારની ચિંતા એટલે વિચાર કરવાથી મનની વૃત્તિઓ તેમાં જોડાય છે, તેથી તે સમયે સંસારના પદાર્થો પ્રત્યે રૂચિ મંદ રહે છે. અને સંસારના પદાર્થો વિનાશી તથા અસત્ય છે એમ ભાસે છે, અત્રે કોઇ પ્રશ્ન કરે કે—' જ્યારે સંસારના પદાર્થો અસત્ય ભાસે છે ત્યારે તેને છોડતો કેમ નથી ? અર્થાત્ તેનો ત્યાગ કેમ કરતો નથી ? ' તેનો ઉત્તર આપે છે કે–સંસારના પદાર્થોની જે વૃત્તિ છે તે વૃત્તિનો મૂળમાંથી ત્યાગ કરવો તે વિરતિભાવ કહેવાય અને તે ભાવ તો પાંચમા ગુણસ્થાનકથી થાય છે. માટે પ્રથમ તો જગતના પદાર્થોને અસત્ય છે એમ જાણી જ્યારે મન વિશેષ શુદ્ધ થાય ત્યારપછી તે પદાર્થનો ત્યાગ કરે. જે નિમિત્તો ત્યાગવાના છે, તે નિમિત્તો કુગુરૂ કુલાદિકનો મોહ, લોકલજ્જા, લોકભય, લોકસંજ્ઞા', ગચ્છ મતાદિકનો આગ્રહ, સ્વચ્છંદ, પ્રતિબંધ, પાંચ મિથ્યાત્વ–ઇત્યાદિક સમકિત પામવામાં જે જે બાધા કરનારાં નિમિત્તો છે તે નિમિત્તોનો ત્યાગ કરે; ત્યાગ કરવાનો પ્રયત્ન કરતાં છતાં જે જે વિઘ્નો આવે તેને ઉદાસીન ભાવે વેદે તેનું નામ વૈરાગ્ય.

સમકિત પછીના વૈરાગ્યનું સ્વરૂપ.

૪૨–સમકિત થયા પછી વૃત્તિઓનો અનુભવ કરી વા ઓળખી તેનો ત્યાગ કરે. તે વૃત્તિઓ ત્રણ પ્રકારની છે, ૧ ભોગિક, ૨ ક્ષાયિક અને ૩ ઉપશમિક.

(૧) ભોગિક એટલે કેટલીક વૃત્તિઓ એવી છે કે જે વૃત્તિઓ ઉદયમાં આવ્યા પછી તેને ભોગવે ત્યારેજ ક્ષય થાય, તે ભોગવતાં વૃત્તિઓની ઓળ-

ખાણ તથા સમભાવ દશા રહેવી જોઇએ. જો તેમ ન થાય તો ભોગવતાં કર્મનો બંધ પડી જાય છે.

(૨) ક્ષાયિક, એટલે કેટલીક વૃત્તિઓ એવી છે કે પ્રદેશ તથા પ્રકૃતિના વિપાકને આપી અર્થાત્ પ્રદેશ પ્રકૃતિરૂપે ઉદયમાં આવી, ક્ષાયિકભાવે તેને વેદવાથી તે વૃત્તિઓનો ક્ષય થાય છે.

(૩) ઉપશમિક, એટલે કેટલીક વૃત્તિઓ એવી છે કે જે વૃત્તિઓ ઉદયમાં આવી હોય, તે વૃત્તિઓ ત્યાગ અને વૈરાગ્યના બળથી ઉપશમી જાય છે.

આ પ્રમાણે કર્મની શુભાશુભ જે વૃત્તિઓ ઉદયમાં આવે, તેને સમભાવ દશાપૂર્વક દષ્ટારૂપે વેદે, પરંતુ તેને ફેરફાર કરવાનો પ્રયત્ન કરે નહિ. કેમકે અમુક કર્મની પ્રકૃતિ જે ભાવે બંધાણી છે, તે કર્મ ભોગવ્યા વિના કોઈ કાળે ફેરવ્યું ફરે નહિ, તેમ તેઓને પૂર્ણ ખાત્રી હોય છે. તેથી તે ઉદયે આવેલાં કર્મોને ઉદાસીન કહેતાં નિરૂપાયતાથી સમભાવપૂર્વક દષ્ટારૂપે રહી, તે કર્મને વેદી, તેનો નાશ કરે અને ઉદાસીનભાવે રહેવાથી નવો બંધ પડે નહિ અને જો બંધ હોય તો તેનો ક્ષય થાય, તેનું નામ વૈરાગ્ય. આ વૈરાગ્ય તથા ત્યાગ, એ બંનેનું ઉપાદાન કારણ પોતાનો આત્મા (મન) છે અને નિમિત્ત કારણ સદ્‌ગુરૂ છે.

" ત્યાગ વૈરાગ્ય ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન;
અટકે ત્યાગ વૈરાગ્યમાં, તો ભૂલે નિજ ભાન. "

અર્થાત્ જેના ચિત્તમાં ત્યાગ અને વૈરાગ્યાદિ સાધનો ઉત્પન્ન ન થયાં હોય તેને જ્ઞાન ન થાય અને જે ત્યાગ વૈરાગ્યમાં અટકી રહી આત્મજ્ઞાનની આકાંક્ષા ન રાખે તે પોતાનું ભાન ભૂલે; અર્થાત્ અજ્ઞાનપૂર્વક ત્યાગ વૈરાગ્યાદિક હોવાથી તે પૂજા સત્કારાદિકથી પરાભવ પામે અને આત્માર્થ ચૂકી જાય. એટલે કોઈ માણસને મુંબઇ જવું હોય તેને માટે સ્ટેશન સુધી ઘોડા ઉપર બેસીને જાય. તેમાં મુંબઇ જવું એ કાર્ય કરવું છે, તેને માટે ઘોડો છે તે કારણ છે, તેનું સેવન કાર્યપ્રાપ્તિ ન થાય ત્યાં સુધી છે, પછી નિમિત્તને છોડવું પડે છે, તો મુંબઇ જનાર માણસ ઘોડાના નિમિત્તને સેવી સ્ટેશન સુધી જાય અને સ્ટેશન આવ્યું હોય છતાં ઘોડાને છોડે નહિ તો તેને માટે કાંઇ ગાડી ઉભી ન રહે. અર્થાત્ મુંબઇ જવારૂપ કાર્ય કરવું છે તે અટકી પડે–સંપૂર્ણ થાય નહિ. પરંતુ સ્ટેશન પહોંચ્યા જેટલું કાર્ય થાય તે પણ નિરર્થક જેવું ગણાય. તેમ સદ્‌ગુરૂના પ્રતાપે સમકિતરૂપ કાર્ય કરવું છે તેમાં ત્યાગ અને વૈરાગ્ય તેનાં કારણ છે, કાર્ય પૂર્ણ ન થતાંજ ત્યાગ વૈરાગ્યાદિક કા-

રહેણે કાર્ય માની ત્યાંજ અટકી પડે તો મોક્ષ પામવાને બદલે પુનઃ સંસારમાં રખડવાનો વખત આવે. જેમ રોટલી વણવાને માટે વેલણ કારણ છે તેથી વેલણનેજ જોયા કરે તો તેની ભૂખ ભાંગે નહિ, પણ વેલણથી લક્ષ્ય રોટલી કરવાનું હોવું જોઇએ. તેમ ત્યાગ વૈરાગ્ય આદિ જે નિમિત્તો છે તે પોતેજ નથી; પરંતુ મોક્ષના નિમિત્ત છે, માટે તેમાં ન અટકતાં આગળ લક્ષ્ય રાખી કારણ સેવે તોજ મોક્ષ મળે છે. યદ્યપિ ત્યાગ વૈરાગ્યાદિની જે દશા પામ્યા હોય તે સર્વથા નિરર્થક નથી, પરંતુ જે વેપારમાં લાખ રૂા. નો લાભ થાયો હોય તેને કેમણે એક પાઇનો લાભ થાય, તેમ આ દશાને પામી અહીંજ ન અટકતાં આગળ સમકિત દશા પ્રાપ્ત કરી હોત તો અંતર્મુહૂર્તમાં વા તેજ ભવમાં અથવા ૩–૭–૧૫ ભવમાં મોક્ષે જાય, પણ જો ત્યાગાદિકમાં અટકી પડે તો અનંતો કાલ રખડવાનો વખત આવે. તેથી જ્ઞાની પુરૂષો કહે છે કે–જ્યાં સુધી સંપૂર્ણ કાર્ય થયું નાહોય ત્યાં સુધી એક પણ નિમિત્ત કારણને કાર્ય માની તેમાં અટકી પડશો તો તમારો અભ્યાસ સફળ નહિ થાય અર્થાત ઉંચી દશા જે પ્રાપ્ત કરવાની છે, તે અટકી પડશે. માટે સંપૂર્ણ કાર્ય થાય ત્યાં સુધી વિચારવાન્ જીવને બહુજ વિચાર કરીનેજ નિમિત્તને કારણ રૂપે સેવવા લક્ષ્ય રાખવું કે જેથી ભ્રમિત જીવને ભૂલાવાનો વખત આવે નહિ અથાત્ ફરી ભુલાવાને પામે નહિ. ત્યાગ, વૈરાગ્ય તથા મોક્ષના સ્વરૂપને સમજાવનાર તેમજ મોક્ષના બીજભૂત જે સમકિત તેને પ્રાપ્ત કરાવનાર જે સત્પુરૂષ છે તે કેમ ઓળખાય ? તેને માટે સામાન્ય લક્ષણો કહે છે.

સદ્‌ગુરૂના લક્ષણો.

૪૪—સદ્‌ગુરૂને ભૂત ભવિષ્યની ચિંતા ન હોય. કારણ કે જે થવાનું હોય તેજ થાય છે એમ તેઓને પૂર્ણ શ્રદ્ધા હોય છે. વળી જેમનામાં કોઇ જાતનો આગ્રહ તો હોય જ નહિ. કોઇપણ માણસની જોડે વિવાદ કહેતાં, વાત કરતાં સત્ય વાતને ગ્રહણ કરવામાં પોતાની વાતનો આગ્રહ રાખે નહિ અને પોતાની કદાચ અસત્ય વાત લાગે છતાં પોતાનું માન જાળવવા અને બીજાને હલકા પાડવા પોતાની અસત્ય વાતનો આગ્રહ રાખે નહિ. સોનામાં અને ધુળમાં નામ માત્રનો ફેર હોય અર્થાત્ બંને પ્રત્યે સમાનતા હોય, કોઇપણ જાતનો ભય તેમને હોયજ નહિ. ખરો ક્રોધ કવચિતજ કરે, સદા શાંતિમાં રહે, ઉદાસીન કહેતાં સમભાવ દશાનેજ ભજે, જગતના રંગો તેમને રેતીના કણીયાની પેઠે નીરસ લાગે એટલે મોહિત ન થાય, પોતાની કીર્ત્તિ ફેલાવવાનો પ્રયાસ કદાપ્ત ન કરે, ભેદ જ્ઞાનનો ગર્વ ન હોય, સર્વ જીવો પ્રત્યે પ્રેમભાવે રહે, આત્માના અને

જડના ધર્મો ગમે તે પ્રકારે ફેરવી ફેરવીને પૂછીએ તોપણ અવિરોધ પણે યથાર્થ જવાબ આપે, છએ દર્શનના જે સિદ્ધાંતો છે તે અમુક મતે સત્ય છે, પરંતુ તેનું રહસ્ય નહિ સમજનારા એવા જીવો તે દર્શનને બાહ્યિક ભાવે ગ્રહણ કરી તેમાં આગ્રહ રૂપે વર્તે, તો તે છએ મતાંધ કહેવાય અને મતાંધ થયેલાં જે જે દર્શનો વા મતો તેની ઉપર તથા તેનોજ ઉપદેશ આપનાર તેના ધર્મગુરૂ ઉપર તથા તે મતમાં પ્રવર્તેલા જે મતાગ્રહી જીવો તેની ઉપર જ્ઞાનીઓને અપ્રીતિ કહેતાં દ્વેષ ન હોય પરંતુ અંતરકરૂણા હોય, અને તેવા મતનો આગ્રહ જ્ઞાનીને એક અંશ પણ ન હોય. આ જે ઉપર જણાવેલાં જ્ઞાનીનાં લક્ષણો તે સંપૂર્ણ રીતે ક્ષાયિક સમકિત ચોથા કે છઠ્ઠા ગુણ સ્થાનકવાળા જીવોને હોય, ક્ષયોપશમ સમકિતી જો છઠ્ઠે હોય તો તેને પણ આ લક્ષણો સંપૂર્ણ હોય, પરંતુ ક્ષયોપશમ સમકિતી જીવ ચોથે ગુણ સ્થાનકે વર્ત્તતો હોય તો તેને આ સર્વ લક્ષણો હોય ખરાં, પરંતુ ક્ષાયિકની પેઠે સંપૂર્ણ રીતે બલવાન પણે ન હોય કેમકે સમકિત છતાં અંશે મોહની રહેલી છે, તેથી તેને ભય ચિંતાદિક લક્ષણો સર્વથા ન હોય, પરંતુ અંશે કવચિત્ હોવાનો સંભવ છે.

૪૫–આવા ઉપકારી સત્પુરૂષ જ્યારે મળે ત્યારેજ જીવનું કાર્ય થાય છે, માટે દરેક જીવે વિચાર કરવાનો છે કે–આપણે અનંતોકાલ શાથી રખડ્યા ? અનંત કાળ રખડવાનું કારણ ધન કુટુંબાદિક પૌદ્ગલિક વસ્તુઓ ઉપર મોહ છે તેથી અનંતો કાળ રખડ્યા છીએ. ત્યારે હવે વિચારીએ કે–વિનાશી એવા ક્ષણિક સુખને આપી પરિણામે દુઃખને આપનાર એવા ધન કુટુંબાદિક પદાર્થો ઉપર મોહ કરવાથી જ્યારે અનંતો કાળ કહ્યો, અને તેને માટે અનંતાભવ આપ્યા, તો પછી એકજ ભવ જો સદ્‌ગુરૂને શોધવામાં વા મળ્યા હોય તો તેમની સેવામાં દેહાર્પણ થયો હોય તો અનંતા ભવનું સાટું વળી જશે. અર્થાત્ અનંતો કાળ જે રખડ્યા તે હવે રખડવામાં નહિ આવે અને મોક્ષ પાસેજ પ્રાપ્ત થશે. આવા મહાપુરૂષને મળી ઉપર જણાવેલા ત્યાગાદિક ગુણોને પ્રાપ્ત કરી, ત્રણ મોહની તથા પાંચ મિથ્યાત્વનો નાશ કરી સ્વ–સ્વરૂપ સમ્યગ્જ્ઞાન પ્રગટે તો જીવનો મોક્ષ સમીપ છે.

હવે ત્રણ મોહનીય તથા પાંચ મિથ્યાત્વનું સ્વરૂપ કહે છે.

૪૬–મોહનીય ત્રણ ૧ મિથ્યાત્વ મોહનીય, ૨ મિશ્ર મોહનીય, ૩ સમકિત મોહનીય.

મિથ્યાત્વ મોહનીયના પાંચ ભેદ છે તે બતાવે છે.

(૧) અભિગ્રહ (૨) અનભિગ્રહ, (૩) અભિનિવેશિક, (૪) સંશયિક અને (૫) અણાભોગિક મિથ્યાત્વ.

મિથ્યાત્વ મોહનીય એટલે સદ્‌ગુરૂ મળે અને તે જીવને બતાવે કે–તું જે વિચાર કર્યા વિના કર્યે જાય છે તેમાં કલ્યાણ નથી, છતાં તે કરવામાં દુરાગ્રહ રાખે, અર્થાત્ જ્ઞાની પુરૂષ શુદ્ધ દશા પ્રાપ્ત થાય એવો રસ્તો બતાવે; છતાં પણ અણસમજ પૂર્વક કુગુરૂના બોધથી જે કંઇ ગ્રહણ કરેલું હોય તેને છોડવામાં દુરાગ્રહ રાખે ઉન્માર્ગને સન્માર્ગ માને એટલે કોઇપણ પ્રકારનો વિચાર કર્યા વિના તથા જ્ઞાનીને ઓળખ્યા વિના અજ્ઞાનપણાથી અનંતકાલ થયા સંજ્ઞા જેમ પડી જાય તેમ કુગુરૂને સદ્‌ગુરૂ માની તથા સંસાર પરિભ્રમણના હેતુરૂપ તેનો જે માર્ગ તેને સન્માર્ગ કહેતાં સાચો માને અને જે સન્માર્ગ તેને ઉન્માર્ગ માને, એટલે કુગુરૂના બોધથી દુરાગ્રહે પડેલો જીવ સત્પુરૂષના સાચા માર્ગને ખોટો માર્ગ માને તે મિથ્યાત્વ કહેવાય અને તેવા મિથ્યાત્વ ઉપર પ્રીતિ એટલે તેમાંજ રાચે–મોહ પામે, તેનું નામ મિથ્યાત્વમોહનીય કહેવાય. તેના પાંચ ભેદનું સ્વરૂપ કહે છેઃ—

૪૭– (૧) અભિગ્રહ મિથ્યાત્વ–એટલે કોઇપણ મત રૂપે પ્રવર્તેલો ધર્મ, મત, ગચ્છ કે સંપ્રદાય વિગેરેનો વિચાર કર્યા વિના પોતાના સ્વચ્છંદે કરી જે કુળમાં ઉત્પન્ન થાય તે કુળની પરંપરાની આમ્નાએ ચાલતાં ધર્મ વા મત વિગેરેને સત્ય માની તેમાં વર્તે તથા તેવા મતાગ્રહાદિકને જ પોષણ આપનારા જે ધર્મગુરૂ વા કુળગુરૂ તેને બાહ્ય દૃષ્ટિથી–બાહ્ય ત્યાગાદિકના સામાન્ય આચરણોથી તેને જ્ઞાની માની તથા તેના ઉપદેશેલા ધર્મને સત્ય માની, જ્ઞાની અજ્ઞાનીનો ભેદ જાણ્યા વિના અંધ શ્રદ્ધાથી તેમાંજ આગ્રહ પૂર્વક વર્તે, તેનું નામ અભિગ્રહ મિથ્યાત્વ કહેવાય. જેમાં મતાગ્રહ, ગચ્છાગ્રહ, કુલાગ્રહ અને લોકાગ્રહ એમ ચાર દ્વેષોનો સમાવેશ થાય છે.

૪૮–(૨) અનભિગ્રહ એટલે જગતમાં પ્રિય થવા માટે અર્થાત્ જગતના લોકોમાં પોતાનું સારૂં જણાવવા માટે અને પોતાને લોકો તરફથી માન મળે, એ હેતુએ કોઇપણ પ્રકારનો વિચાર કર્યા વિના દરેક ધર્મ વા મત વિગેરેને સરખા માની પોતાનું વા પરનું હિત ન થતું હોય, તો પણ પોતાનું સારૂં દેખાડવા જે તે, વાં જ્યાં ત્યાં ધર્મ મત વિગેરે સંપ્રદાયમાં જવું, તેનું નામ અનભિગ્રહ મિથ્યાત્વ કહેવાય.

૪૯–(૩) અભિનિવેશિક મિથ્યાત્વના બે ભેદ છે.

૧ લૌકિક અને ૨ શાસ્ત્રીય. લૌકિક અભિનિવેશ એટલે સત્ય અસત્યનો વિચાર કર્યા વગર લોક સંજ્ઞા, લોક લાજ અને લોક ભયથી જગતના લોકો જે કરે તે કરવું. કોઇ વિચારવાન પુરૂષ તેને બતાવે કે જગતમાં સારા વિચારવાળા પુરૂષો જે કરે તે કરવું, પણ જગતવાસી એવા અંધ શ્રદ્ધાળુઓ જે કરે તે કરવાથી હિત ન થાય એમ સમજાવે છતાં તેનો દુરાગ્રહ રાખે તે લૌકિક અભિનિવેશ મિથ્યાત્વ કહેવાય. શાસ્ત્રીય અભિનિવેશ એટલે અંધ શ્રદ્ધાથી ગ્રહણ કરેલા કુળગુરૂ તેની પાસે વા પોતાની કલ્પના કહેતાં સ્વચ્છંદથી શાસ્ત્રોનું વાંચન કે શ્રવણ કરી શાસ્ત્રોની અપેક્ષા, હેતુ તથા તેનું અંતર રહસ્ય કહેતાં ભાવાર્થ સમજ્યા વિના શાસ્ત્રમાં લખ્યું છે તે સાચું એમ વચન માત્રથી માની તેમાં દુરાગ્રહ રાખે તેથી તેને મિથ્યાત્વ કહે છે. કેમકે શાસ્ત્રોમાં ચાર પ્રકારે લખાણ હોય છે. ૧ સત્યનિક, ૨ ભયાનિક, ૩ ઉપમાયિક અને ૪ રોચનીક. સત્યનિક એટલે જે પ્રમાણે વાત બની હોય તેજ પ્રમાણે શાસ્ત્રોમાં લખાણ કરવું અથવા વસ્તુ સ્વરૂપનું યથાર્થ નિરૂપણ કરવું તે સત્યનિક કહેવાય. ભયાનિક (જ્ઞાપ્રતિક) એટલે અનંત કાલના મોહાભ્યાસને લઇને મલીન થયેલી આત્મવૃત્તિઓ તે વિશેષ કઠોર ન થાય તેને માટે જ્ઞાપ્રત કરવાને ભય ઉપજાવનારાં વચનો શાસ્ત્રોમાં લખ્યાં હોય તે જેમ કે જો તું આમ નહિ કરે તો તને પાપ લાગશે. આમ કરીશ તો તારે નરકે જવું પડશે ઇત્યાદિક વચનોપદેશને જ્ઞાની પુરૂષો ભયાનિક કહે છે. ઉપમાયિક એટલે અનંત સંસારના પરિભ્રમણને નાશ કરનાર જે જે સન્નિમિત્તો તેની ઉપર બહુમાન કરાવે એટલે સંસારરૂપ મદિરાથી મોહિત થયેલા જે જીવો તેને મોક્ષની વાત સામાન્ય લાગી છે, તેથી સન્નિમિત્તો ઉપર વિશેષ બહુમાન થવા માટે મોટી મોટી ઉપમા આપી જે વર્ણનો શાસ્ત્રમાં કર્યા હોય તેને ઉપમાયિક કહે છે. રોચનિક એટલે સંસારની પ્રીતિથી રંગાયેલ જીવોને તે પ્રીતિથી વિરકત કરવા માટે સતદેવ, ગુરૂ, ધર્મ ઇત્યાદિક સન્નિમિત્તોની રૂચિ થાય તેવા પ્રકારે અન્યોક્તિથી શાસ્ત્રોમાં જે લખાણ હોય તે રોચનિક કહેવાય.

પ્રથમ કહેલો જે સત્યનિક ભેદ તેને સમજવા માટે આ ત્રણે ભયાનિક વિગેરે ભેદ બતાવ્યા છે. તેથી આ પ્રકારે ચાર હેતુથી લખાયેલાં જે શાસ્ત્રો, તેનો હેતુ અથવા કારણ–કાર્યનો જરા પણ વિચાર કર્યા વિના અંધ શ્રદ્ધાથી વચન માત્રમાં ભગવાને કહ્યું તે સાચું, એમ ફોનોગ્રાફની પેઠે બોલનારા જીવો તેના આગ્રહમાં પડી જવાથી સત્પુરૂષોના ખરા રહસ્યને તે સમજતા નથી. કેમકે ખોટો ભાવાર્થ સમજી તેનો દુરાગ્રહ કરે તેથી કદાચ સત્પુરૂષો તેવા

જીવોને મળે અને તેને ખરૂં રહસ્ય સમજાવે છતાં શાસ્ત્રોના રહસ્યને ન વિચારતાં શબ્દોને પકડી રાખી ઉલટું એમ જણાવે કે—' શું શાસ્ત્રમાં લખ્યું છે તે ખોટું ? ' આવી રીતે ઉંધા વિચારો બાંધી ખરા રહસ્યને સમજતા નથી. કેમકે શાસ્ત્ર છે તે તો ફક્ત દિશામાત્ર દેખાડે છે. જેમકે એક માણસે આખા હિંદુસ્થાનની ભૂગોળ મ્હોંડે કરી હોય, અમુક ગામ કઈ દિશામાં અને કેટલે દૂર છે તે જાણતો હોય, પરંતુ ત્રણ ગાઉ દૂર જવું હોય તો તે પણ જઈ શકે નહિ. તે દિશામાત્ર બતાવ્યા કરે, તેથી ગામ પહોંચાતું નથી. પણ જે એક ભોમીયો હોય તેને દિશા બિશાની ખબર ન હોય, પરંતુ તે ગામનો રસ્તો જાણતો (જોયો) હોય, તો તે ગામમાં ઠેઠ સુધી પહોંચાડી શકે છે. તેજ રીતે છ દ્રવ્ય વિગેરે ધર્મનું સ્વરૂપ જાણવાને માટે શાસ્ત્રો નિમિત્ત છે, તે પણ દિશા બતાવે છે. કેમકે શાસ્ત્રોમાં આત્માનું સ્વરૂપ **અજર, અમર,** ઇત્યાદિક વાંચે તેથી તેને નિર્ભયપણું આવતું નથી, પરંતુ તે **અજર** વિગેરે કેમ છે તે **હેતુઓ** પ્રત્યક્ષ સદ્‌ગુરૂ બતાવે તોજ આત્મસ્વરૂપ સમજાય છે. જો તેમ ન હોત તો નવપૂર્વ જેટલા જ્ઞાનને **અજ્ઞાન** છે એમ જ્ઞાની મહાત્માઓ શા માટે કહેત ? માટે સદ્‌ગુરૂની પાસે રહસ્ય સમજ્યા વિના કુગુરૂથી કે પોતાના સ્વચ્છંદથી શાસ્ત્રોનું વાંચન વા શ્રવણ કરી તેનો દુરાગ્રહ રાખે તેનું નામ શાસ્ત્ર અભિનિવેશિક મિથ્યાત્વ કહેવાય.

૫૦–સંશયિક એટલે પોતાની કલ્પનાથી પ્રાપ્ત કરેલું જે જ્ઞાન, તે વિષે અંતરમાં મોટી મોટી શંકાઓ ભરી હોય અને કદાચ જો કોઇ સારા જ્ઞાની પુરૂષો મળે છતાં ' હું પણ જાણું છું ' એ પ્રકારે પોતાના જ્ઞાનીપણાનું માન જાળવવાની ખાતર જ્ઞાની પાસે જઈ તેને પૂછે નહિ. કેમકે તે જાણે કે–જો હું પૂછવા જઇશ તો જે લોકોએ મને જ્ઞાની માન્યો છે તે લોકોના મનમાં વિચાર આવશે કે–' આતો ઘણું સારૂં જાણે છે છતાં તેને કેમ પૂછવા જાય છે ? ' એમ લોક ભયથી પોતાનું માન જાળવવા અંતરમાં–શંકાઓ હોય છતાં બીજાને પૂછે નહિ તેનું નામ સંશયિક મિથ્યાત્વ.

૫૧–અણાભોગિક એટલે જે પ્રાણીને કોઇ પણ જાતના ધર્મ કે મત વિગેરેના સંસ્કારો ન પડ્યા હોય, અર્થાત્ ધર્મ શું છે ? તે કંઇ પણ જાણતો ન હોય તે. આ મિથ્યાત્વ વિશેષ ભાગે નિગોદમાં હોય છે. કેમકે નિગોદના જીવો એકેંદ્રિય છે અને તે જીવોને વેદના એક દુઃખમય હોવાથી તેની વૃત્તિ દુઃખ ભોગવવામાં લીન છે, તેથી તેને મત વિગેરેના સંસ્કારો પડતા નથી. વળી કેટલાક એવા પણ નિગોદમાં જીવો છે કે જેઓ અનંતા કાળે પણ નિગોદમાંથી

નીકળ્યા નથી, તેથી પણ તેને ધર્મ મતના સંસ્કારો નહિ પડવાથી આ મિથ્યાત્વ હોય છે, તેમ ક્વચિત્ મનુષ્યાદિકને પણ ધર્મ મત વિગેરેના સંસ્કારો હોતા નથી. તેથી તેને અણાભોગિક મિથ્યાત્વ કહે છે.

ઉપર કહેલાં પાંચ મિથ્યાત્વ જેમાં છે તે મિથ્યાત્વ મોહનીય કહેવાય. તથા ખોટાને સાચું માને અને સાચાને ખોટું માને એટલે કુગુરૂને સુગુરૂ માને અને સુગુરૂને કુગુરૂ માને, આત્માના ધર્મોને જડ માને અને જડની ક્રિયાને આત્માની માને, વા પરદ્રવ્ય એવું જે પુદ્ગલ દ્રવ્ય તેને પોતાનું એટલે આત્મ-ભાવે માને તેનું નામ મિથ્યાત્વ અને તેમાં જે રાચે એટલે હર્ષ પામે તે મિથ્યાત્વ મોહનીય કહેવાય.

૫૨–(૨) મિશ્ર મોહનીય એટલે સદ્ગુરૂને ઓળખી, તેની ઉપર શ્રદ્ધા કરી, તેનો ઉપદેશ શ્રવણ કરી, ત્યાગ વૈરાગ્યાદિ પ્રાપ્ત કરી આગ્રહોની મંદતા કરે અને અણસમજથી ગ્રહણ કરાયેલ કુળ–ગુરૂ ધર્મ ઇત્યાદિકમાં તે કલ્યાણ માની વર્ત્તતો હતો તેમાંથી સંકલ્પ તૂટે, એટલે વિચાર કરવાથી એટલું સમજાય કે–આમ વિચાર કર્યા વિના ધમાધમ પૂર્વક અંધ શ્રદ્ધાથી કર્યા જવું એથી કલ્યાણ ન થાય, માટે સત્ય માર્ગ કોઇ બીજો હોવો જોઇએ. એમ મધ્યસ્થ દશા આવે ત્યારે મિશ્રમોહનીય કહેવાય. અથવા આત્મા અને મનનો યથાર્થ ભેદ પાડતાં મનના કોઇ સુક્ષ્મ ધર્મને વિચારવામાં આશંકા થાય કે–આ સ્વ-ભાવ આત્માનો હશે કે મનનો હશે ? આવો જે અનિર્ણય ધારી અધ્યવસાય તે મિશ્રમોહનીય કહેવાય. આ દશાનો કાળ અંતર્મુહુર્ત્તનો છે. જો કોઇ ખરો જિજ્ઞાસુ હોય તો વિચારશ્રેણીને બલવાન્ કરી સમકિતદશાને પ્રગટ કરે અને મંદ વિચારવાળો જીવ હોય તો અનેક પ્રકારની શંકા તથા માર્ગ આ સાચો હશે કે કેમ ? એવો ભય આવવાથી પાછો પડે એટલે પુનઃ મિથ્યાત્વદશામાં આવે.

૫૩–(૩) સમકિત મોહનીય એટલે જ્ઞાનીને યથાર્થ વિચારપૂર્વક ઓળખી, તેના ઉપદેશથી ત્યાગ વૈરાગ્યાદિને પ્રાપ્ત કરી, ભવનો ભય રાખી, કષાયની ઉપશાંતતા કરી, માત્ર મોક્ષની અભિલાષા રાખી, સદ્ગુરૂના બોધથી સુવિચારશ્રેણીને પ્રગટ કરી, જડ તથા આત્મા–એ દ્રવ્યના યથાર્થ અનુભવ રૂપ સમકિતદશા પ્રાપ્ત કરી તેની ઉપર શ્રદ્ધા રાખે તેનું નામ સમકિત કહેવાય. આ બંને દ્રવ્યનું સ્વરૂપ જાણ્યા પછી આત્માના અનુભવની અખંડ પ્રતીતિ રહે તો તેને ક્ષાયિક સમકિત કહેવાય. કદાચ અનંત કાલના મોહાધ્યાસને લઇને ક્વચિત્ તેની શ્રદ્ધા મંદ વા વિસર્જનવત્ થઇ જાય તો તેને ક્ષયોપશમિક સમકિત કહીએ. જેમકે પાણીનું તપેલું ચુલા ઉપર ઉનું કર્યા પછી તેને નીચે ઉતાર્યા

પછી પણ થોડો વખત પાણી ઉનું રહે છે, પરંતુ જે ક્ષણે ઉતાર્યું છે, તે ક્ષણથી અંશે અંશે શીતલ પડતું જાય છે તેમ થતાં થોડો વખત ગયા પછી તે તદ્દન શીતલ થઇ જશે. તે રીતે અનંતકાલ બંધનમાં રહી મોહને વશ થઇ ગયેલા જીવને સદ્‌ગુરૂ મળવાથી, મોહકર્મની ક્ષીણતા થવાથી પોતાનું આત્મ સ્વરૂપ સમજાયું. અર્થાત્ મિથ્યાત્વ મોહ ગયો; તો પણ કાંઇક અંશે મિથ્યાત્વના રહેવાથી સ્વરૂપ સમજાયા પછી પણ કવચિત્ પામી જાય છે તેથી તેને સમકિત મોહની કહે છે. આ દશા પ્રાપ્ત થયા પછી જો અખંડ શ્રદ્ધા રહે તો ક્ષાયક દશા પામે. ક્ષાયક દશા થતાં પ્રથમ આયુ કર્મનો બંધ ન પડયો હોય તો તેજ ભવે મોક્ષે જાય અને કદાચ આયુનો બંધ પડયો હોય તો ત્રીજે ભવે મોક્ષે જાય. અને ક્ષયોપશમ દશામાં રહીને કાલ કરે તો છ કે સાત ભવે મોક્ષે જાય. આ દશામાંથી મોહની પ્રબલતાને લઇને પતિત થઇ જાય તો અર્ધ પુદ્‌ગલ પરાવર્ત્તન જેટલો કાલ રખડી પછી મોક્ષે જાય. એ નિઃસંશય છે. આ દશા પ્રાપ્ત થયા પછી શાહુકારને જેમ આબરૂનું વિશેષ લક્ષ્ય રહે, તેમ પ્રાપ્ત થયેલા સ્વરૂપ પ્રત્યે લક્ષ્ય કહેતાં ઉપયોગ રાખી વર્ત્તવું કે જેથી પ્રાપ્ત કરેલી જે દશા, તેથી પતિત થવાનો વખત ન આવે, માટે સમકિત પામ્યા પછી ઉપયોગ રાખવો તેજ શ્રેષ્ઠ છે અને અંતે અખંડ ઉપયોગ રાખવો તેજ કર્તવ્ય છે. આ સમકિત દશાનું ઉપાદાન કારણ આત્મા છે અને નિમિત્તકારણ સદ્‌ગુરૂ છે.

હવે ચૌદ ગુણસ્થાનકનું સ્વરૂપ તથા સાત નયનું સ્વરૂપ ઉતારી ગુણસ્થાનકનો ક્રમ કહે છે.

૫૪–કર્મ બાંધવાના ૫૭ હેતુ છે તેનાં નામ–૫ મિથ્યાત્વ, ૨૫ કષાય, ૧૨ અવ્રત, ૧૫ યોગ–એમ ૫૭ થયા.

આઠ કર્મોની સ્થિતિ—

(૧) જ્ઞાનાવરણીય કર્મની ૩૦ ક્રોડા ક્રોડી સાગરોપમની સ્થિતિ છે, (૨) દર્શનાવરણીય કર્મની ૩૦, અંતરાયની ૩૦, વેદનીયની ૩૦, મોહનીયની ૭૦, નામની ૨૦, ગોત્રની ૨૦ અને આયુની દેશેઉણા ક્રોડ પૂર્વ વર્ષની સ્થિતિ છે.

ત્રણ કરણ.

૫૫–(૧) યથા પ્રવૃત્તિકરણ, (૨) અપૂર્વ કરણ અને (૩) અનિવૃત્તિકરણ યથાપ્રવૃત્તિકરણ એટલે જેમ આસો વદ અમાવાસ્યાની રાત્રિના પાંચ વાગ્યાનો સમય લઇએ તો તે વર્ષને, માસને, પક્ષને, અઠવાડીયાને અને તે દિવસ તથા રાત્રિને એક કલાક બાકી રહે છે, અર્થાત્ સર્વની અપેક્ષાએ સરખો વખત રહે

છે, તેમ આયુ કર્મની સિવાય સાતે કર્મની સ્થિતિ એકકોડા કોડીની સરખી રહે તેને યથા પ્રવૃત્તિકરણ કહે છે.

આ પ્રકારે કોઇ પુન્યના ઉદયે આટલી સ્થિતિ કર્મની મંદ કરી આત્મા કર્મભારથી હલકો થાય તેવામાં સુગુરૂનો યોગ બને તેને ઓળખી તેની ઉપર શ્રદ્ધા રાખી, માત્ર કલ્યાણ કરવાનુંજ લક્ષ્ય રાખી ત્યાગ વૈરાગ્યાદિને પ્રાપ્ત કરે, ત્યારે તે જીવ મિથ્યાત્વ ભૂમિમાંથી નીકળી પ્રથમ ગુણસ્થાનકે આવે છે.

પ્રથમ ગુણસ્થાનકે શું શું પ્રાપ્ત થાય તે બતાવે છે. સત્પુરૂષની ઓળખાણ, તેની ઉપર શ્રદ્ધા, કુગુરૂ તથા ધર્મમત વિગેરેના દુરાગ્રહનો જેમાં સમાવેશ થાય છે. તે પાંચ મિથ્યાત્વનો નાશ, ત્યાગ વૈરાગ્યાદિની પ્રાપ્તિ, એ વિગેરે ગુણો પ્રથમ ગુણ સ્થાનકે આવે છે, ત્યારે મિથ્યાત્વ મોહનીયનો નાશ થાય છે.

૫૬–અત્રે કહેવાનો હેતુ એક એવો છે કે–ખાટલાને જ્યારે ચાર પાયા હોય હોય ત્યારે તે કામમાં આવે છે. તેમાં જો એક પાયો ભાંગી જાય તો તે ખાટલો કામ આવતો નથી. તે રીતે સંસારરૂપ ખાટલાને મિથ્યાત્વ, કષાય, અવિરતિ, અને યોગ એમ ચાર પાયા છે, તેમાંથી પ્રથમ ગુણસ્થાનકે જીવ આવે ત્યારે તેને પાંચ મિથ્યાત્વ સહિત મિથ્યાત્વમોહનીનો નાશ થાય છે. તેથી સંસારરૂપ ખાટલાનો એક પાયો ભાંગી જાય છે, તેમ થવાથી સંસારમાં રખડવાનું ઘટી જાય છે.

સર્વકર્મોમાં મોહનીયકર્મ બળવાન્ છે, તેમાં પણ ત્રણ મોહનીની પ્રકૃતિ બળવાન્ છે, તેમાં પ્રથમ મિથ્યાત્વ મોહની તથા નપુંસકવેદ અને બીજા કર્મની ચૌદ પ્રકૃતિ, એમ સર્વ મળી ૧૬ પ્રકૃતિનો અંત અત્રે થાય છે.

૫૭–(૨) ગુણસ્થાનક–પ્રથમ ગુણસ્થાનકે ત્યાગ વૈરાગ્યાદિને પ્રાપ્ત કરી જડ તથા આત્મા–એ બે દ્રવ્યનો યથાર્થ વિચાર થાય તેવી વિચારશ્રેણી અત્રે પ્રગટે છે. વળી અનંત સંસારની વૃદ્ધિ કરનાર અનંતાનુબંધી કષાયની ચોકડીનો બંધમાંથી નાશ થાય છે, એટલે બંધ પડતો અટકે છે. સ્ત્રીવેદ તથા નર્કમાં લઇ જનાર એવી દર્શનાવરણીયની થીણદ્ધી વિગેરે મોટી ત્રણ નિદ્રાનો અત્રે નાશ થાય છે, એમ બીજાં પણ કર્મની પ્રકૃતિ મળી ૨૫ પ્રકૃતિનો અત્રે નાશ થાય છે.

૫૮–(૩) ત્રીજું ગુણસ્થાનક–અત્રે બીજાની પેઠે આત્મા તથા જડ–એ બે દ્રવ્યના વિચારમાં આત્માને સુવિચારશ્રેણી પણ બળવાન્ હોવાથી દ્રવ્યનું સ્વરૂપ અવિરોધપણે વિશેષ વિચારે છે અને તે સુવિચારથી મોહનીય કર્મની

ત્રણ મોહનીમાંથી બીજી મિશ્ર મોહનીયનો અહીં નાશ કરે છે. આ ગુણસ્થાનકનો કાલ ઘણો થોડો હોવાથી બીજા કર્મની પ્રકૃતિનો નાશ અત્રે થતો નથી.

પદ—(૪) ગુણસ્થાનક—પ્રથમથી ત્રીજા ગુણસ્થાનક—સુધી પ્રાપ્ત કરેલી જે દશા તે કારણ છે, તે કારણ પૂર્ણ થયે આ ચોથું ગુણસ્થાનક કાર્ય છે. અત્રે મોહનીય કર્મની ત્રીજી સમકિત મોહનીનો નાશ થઈ સમકિતની પ્રાપ્તિ થાય છે. આત્મસ્વરૂપનું અખંડપણે યથાર્થ સ્વરૂપ સમજ્યું હોય તો ત્રણ મોહની તથા અનંતાનુબંધી કષાયની ચોકડી—એ સાત પ્રકૃતિનો બંધ, ઉદય, ઉદીરણા અને સત્તામાંથી નાશ થઇ ક્ષાયક સમકિત પ્રગટે છે, તે સ્વરૂપ અખંડપણે ન સમજ્યું હોય તો આ સાતે પ્રકૃતિનો નાશ બંધમાંથી થાય છે, તેની જોડે બીજા અપ્રત્યાખ્યાની કષાયની ચોકડી તથા બીજા કર્મની સર્વ મળી દશ પ્રકૃતિનો અત્રે બંધમાંથી નાશ થાય છે.

સમકિત દશા પ્રાપ્ત થયા પછી પ્રાયે કરી નવો બંધ પડતો નથી અને કદાચ પડે તો ઘણોજ મંદ પડે છે. જેમ કોઇ માણસના ઘરમાં ચોર ચોરી કરવા આવ્યો હોય અને ઘરનો માણસ જાગતો હોય, તે માલિક ચોરને કહાડવાનો પ્રયત્ન કદાચ ન કરી શકે, પરંતુ જાગે છે—એમ જો ચોરને ખબર પડે, તો તે ચોર ચોરી ન કરતાં આવીને પાછો આલ્યો જાય છે. તે રીતે જે જીવે જડ તથા ચેતન એ બંને દ્રવ્યનું યથાર્થ સ્વરૂપ ઓળખ્યું છે તથા વૃત્તિઓ અને કષાયનું સ્વરૂપ જાણ્યું છે, તે જીવ પૂર્વના બાંધેલા જે જે કર્મો તે ચોર જેમ ઘરમાં આવે તેમ ઉદયમાં આવશે, પરંતુ આત્મોપયોગની જાગ્રતી હોવાથી તથા સમભાવપૂર્વક દષ્ટારૂપે રહે છે, જેથી તે નવાં કર્મ બંધાય નહિ અને ઉદયમાં આવેલાં જે જે કર્મો છે, તે તેના વિપાકને આપી ખરી જાય છે. 'આત્મા કર્મ કરતો નથી, આત્માને પાપ પુન્ય લાગતાં નથી, પાપ પુન્ય છે તે તો મનની માન્યતા છે'—એમ જે વચન માત્રમાં બોલે છે અને અંતરમાં તે પ્રમાણે શ્રદ્ધા નથી, તે જીવ ગમે તે પ્રકારે વર્તે તો પણ તેને કર્મ લાગ્યા વિના રહેતાં નથી. અને વચન માત્રમાં આત્મસ્વરૂપ બોલનારા જીવોને જ્ઞાની પુરૂષો શુષ્ક જ્ઞાની કહે છે, અને જે અવિરોધપણે યથાર્થ આત્મસ્વરૂપનો અનુભવ કરી, તેની ઉપર શ્રદ્ધા રાખી, તે શ્રદ્ધાથી જો પતિત નહિ થાય, તો તે ગમે તે પ્રકારે શુભાશુભ કર્મને ભોગવે છે છતાં ઉત્કૃષ્ટપણે છ કે સાત ભવે મોક્ષે જાય છે.

પ્રશ્ન—આ પ્રકારે જેને આત્મસ્વરૂપનો અનુભવ થયો હોય અને મન, વચન, કાયા વિગેરેને પરવસ્તુ માની હોય તેને ખાવા પીવા વિગેરે પાંચે ઇંદ્રિ-

યેાના વિષયની ક્રિયા ભેાગવવાની વૃત્તિ થાય કે નહિ ? અને થાય તેા કેવી રીતે તથા તે ભેાગવતાં તેને કર્મ બંધાય કે કેમ ?

ઉત્તર—પાંચે ઇંદ્રિયેાના જે જે વિષયેા છે તેની ઉપર જે પ્રીતિ તેને રતિ કહે છે, તે રતિ મેાહની કર્મની છે અને તે રતિ પ્રકૃતિનેા નાશ છઠ્ઠે ગુણસ્થાનકે થાય છે. ક્રમકે ચેાથે ગુણસ્થાનકે મેાહની કર્મની કઇ પ્રકૃતિઓનેા નાશ થાય છે તે બતાવે છે—

મેાહનીય કર્મના બે ભેદ છે. ૧ દર્શન મેાહ અને ૨ ચારિત્ર મેાહ–તે બે ભેદની મળી ૨૮ પ્રકૃતિ છે તેમાં ૩ મેાહની, ૧૬ કષાય અને નવ નેાકષાય એમ ૨૮ પ્રકૃતિ છે, તેમાંથી ત્રણ મેાહનીની છે, તે દર્શન મેાહનીયની પ્રકૃતિ છે બાકીની ૨૫ પ્રકૃતિ ચારિત્ર મેાહનીયની છે. દર્શન મેાહનીયની ત્રણ પ્રકૃતિમાં પ્રથમ મિથ્યાત્ત્વ મેાહનીયનેા નાશ પ્રથમ ગુણસ્થાનકે થાય છે, બીજી મિશ્રનેા નાશ ત્રીજે થાય છે. ત્રીજી સમકિત મેાહનીયનેા નાશ ચેાથે ગુણસ્થાનકે થાય છે, તેની જોડે અનંતાનુબંધી કષાયનેા નાશ પણ ક્ષાયક હેાય તેા મૂળમાંથી ચેાથે થાય છે, બીજા અપ્રત્યાખ્યાની કષાયની ચેાકડીનેા નાશ પાંચમે થાય છે અને ત્રીજી પ્રત્યાખ્યાની કષાયની ચેાકડી તથા રતિ શેાક વિગેરેનેા નાશ તેમજ ત્રણ વેદનીનેા નાશ છઠ્ઠે ગુણસ્થાનકે થાય છે. આ સ્થાને જે નાશ કહ્યો છે તે બંધ થી સત્તાસુધીમાં એટલે મૂળમાંથી નાશ સમજવેા.

હવે આપણે વિચારીએ કે પ્રથમતેા કર્મનું સ્વરૂપ યથાર્થ મનમાં જાણે, તેની ઉપર શ્રદ્ધા કરે અને પછી વચન તથા કાયાથી આચરણ કરે, ત્યારે કર્મનું સ્વરૂપ તથા આત્માનું સ્વરૂપ ચેાથે ગુણ સ્થાનકે જાણે છે અને પાંચમાંથી છઠ્ઠા સુધીમાં આચરણ કરે છે. તેથી ચેાથા ગુણસ્થાનકને અવિરતિ તથા પાંચમા છઠ્ઠાને વિરતિ કહે છે. માટે ચેાથા ગુણસ્થાનકે આવેલેા જીવ, તે સમકિતના સ્વરૂપને બાધા કરનારી જે વૃત્તિઓ તેનેા નાશ કરે અને ચારિત્રને બાધ કરનારી જે શુભાશુભ વૃત્તિઓ ઉદયમાં આવે તેને દૃષ્ટારૂપે ભેાગવી તેનેા ક્ષય કરે, પણ તેને અટકાવવાનેા પ્રયાસ ન કરે, કેમકે જો વૃત્તિઓને અટકાવી તેનેા ક્ષય ન કરે તેા તે વૃત્તિઓ રહી જાય અને જ્યાં સુધી એક પણ વૃત્તિ રહી હેાય, ત્યાંસુધી સંપૂર્ણ મેાક્ષ થાય નહિ.

પ્રશ્ન—એક માણસ સમકિત જેવી શ્રેષ્ઠ દશાને પામ્યા પછી સંસારમાં મુખ્ય મેાહક પદાર્થો જે સ્ત્રી, ધન, કુટુંબાદિકને સેવે છે તથા મનુષ્ય પંચેંદ્રિયાદિકનેા વધ કરે છે, તેા તેને કષાય હેાય કે નહિ ? અને કષાય સહિત જે

ક્રિયા થાય તેથી નરકાદિ ગતિને પમાડનાર અશુભ કર્મ બંધાય કે નહિ વા સમકિતી આવી અશુભ ક્રિયા કરે કે નહિ ?

ઉત્તર—પ૬ મી કલમમાં લખ્યું છે કે ખાટલાના ચાર પાયામાંથી એક પાયો ભાંગી જાય તો તે ખાટલો કામમાં આવતો નથી, તેવી રીતે સંસાર રૂપ ખાટલાને પણ મિથ્યાત્વ, કષાય, અવિરતિ અને યોગ— એ ચાર પાયા છે, તેમાંથી પ્રથમ મિથ્યાત્વનો પ્રથમ પાયો પહેલે ગુણસ્થાનકે નાશ પામે છે, અને બીજે અનંતાનુબંધી કષાયરૂપ પાયો ચોથે ગુણસ્થાનકે નાશ પામે છે, તો પછી જેમ લાડવો વળવાને માટે ઘી, ગોળ અને ઘઉં એ ત્રણે વસ્તુ જોઇએ તેમાંથી એક પણ ઓછી હોય તો લાડવો વળતો નથી, તેમ કર્મનો બંધ ચાર હેતુથી પડે છે, તેમાં એક ઓછો હોય તોપણ કર્મબંધ પડતો નથી. તો ચોથે ગુણસ્થાનકે મિથ્યાત્વ તથા અનંતાનુબંધી કષાય એ બે હેતુનો નાશ થયો છે, તો સમકિતી જીવને બંધ કેવી રીતે પડે ? અર્થાત્ ન પડે. અહીં કષાય નાશ થવાનું જે બતાવ્યું તે સર્વ કષાય નહિ પણ અનંતાનુબંધી કષાય નાશ થાય છે. બાકી અપ્રત્યાખ્યાની બંધમાંથી નાશ થાય છે, પણ ઉદયમાં બાકીના ત્રણે કષાયો રહ્યા છે. તે કષાયની પ્રકૃતિના ઉદયને લઇ જે જીવનની સાથે પૂર્વે વૈર બંધાયું હતું, તે વૈર ઉદયમાં આવવાથી તે જીવને મારવાની જે વૃત્તિ થાય તથા મારવાની જે ક્રિયા થાય, તે ક્રિયાને જો પરરૂપે જાણી દૃષ્ટા થઈ ભોગવાય તોજ નવો બંધ ન પડે, નહિ તો પડયા વિના રહેજ નહિ. સ્ત્રી તથા ધન વિગેરે ભોગવવાની જે ક્રિયા છે, તે અવિરતિને લઇને ઉદયમાં આવે છે. માટે કષાય ના યોગને લઇને ચોથા તથા પાંચમા ગુણસ્થાનકવાળો હિંસાદિક ક્રિયા કરે છે તે ક્રિયાને દૃષ્ટારૂપે વેદવાથી તે કર્મવિપાકને આપી ખરી જાય છે, ક્રમકે પરિણામે બંધ—એ જૈનનો સિદ્ધાંત છે. તો પરવસ્તુને મનથી મારી માની તેમાં મોહ કરે તો કર્મ બંધાય. તે રીતે પરવસ્તુને પરમાની તેને પોતાપણે એટલે આત્મ ભાવે ન માને, એવો જો ઉપયોગ રહે તો કર્મ છુટે.

પ્રશ્ન—છઠ્ઠા ગુણ સ્થાનકવાલા સર્વ વિરતિ સાધુને સંજ્વલની કષાયની ચોકડી છે અને કષાયથી હિંસાદિક કર્મો થાય છે. એમ જે આગળ જણાવ્યું, તો તે સાધુ તેવા હિંસાદિક કર્મો કરતા નથી, તેનું શું કારણ ?

ઉત્તર—હિંસાદિક કર્મોનું ચિંતન કરવું—એ મનનો ધર્મ છે અને તેની ક્રિયા કરવી—એ વચન તથા કાયાનો ધર્મ છે અને તે બળવાન પરમાણુઓ પોતાથી ઓછા બળવાન પરમાણુઓના સ્કંધને ક્રિયા કરાવી શકે છે તેથી મનમાં જ્યારે તીવ્ર કહેતાં બલવાન્ કષાયના પરમાણુઓ હતા, ત્યાંસુધી હિંસાદિક

ક્રિયા થતી પણ સર્વ વિરતિ સાધુને ફક્ત સંજ્વલની કષાયની ચોકડી રહી છે તે ઘણીજ મંદ છે, અર્થાત્ તેના પરમાણુ મંદ હોવાથી તે હિંસાદિકની ક્રિયા કરતી નથી. વળી કષાયના પરમાણુ પણ ઘણાજ થોડા છે અને બીજી વૃત્તિઓ જે આત્મસ્વરૂપના વિચારવાળી શુદ્ધ વૃત્તિઓ બળવાન છે, તેથી તે ક્રિયાની ક્રષાદિક ઉપર અસર થતી નથી. આ કારણથી સર્વ વિરતિ સાધુ હિંસાદિક ક્રિયા કરે નહિ.

જેનાથી અનંત સંસારની વૃદ્ધિ થાય તેને અનંતાનુબંધી કહે છે, અને પર વસ્તુને પોતાની માને તેને મિથ્યાત્વ કહે છે. આ મિથ્યાત્વ તથા કષાયથી કર્મ બંધાય છે, તે જેના નાશ થયા છે એવા ચોથા ગુણસ્થાનકવાળા સમકિતી જીવને કર્મનો બંધ પડતો નથી. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે

"सम्मदिट्ठि न करेइ पावं" અર્થાત્ સમકિત દૃષ્ટિ જીવાત્મા પાપ ન કરે એટલે પાપનો બંધ બાંધે નહિ. સમકિતી જીવાત્મા, **કૃષ્ણલેશ્યા, તેજોલેશ્યા** તથા **કાપોતલેશ્યા** એ ત્રણ અશુભ લેશ્યામાં આયુષ્યનો બંધ બાંધતો નથી, એમ ભગવતીજી સૂત્રના ૩૦ મા શતકમાં કહ્યું છે.

૬૦–(૫) ગુણસ્થાનક–આ દશામાં મોહનીય કર્મની બીજી અપ્રત્યાખ્યાની ચોકડીનો નાશ થાય છે. આ ગુણસ્થાનકમાં ઘણી ખરી ચોથાના જેવી દશા હોય છે, તો પણ કષાયની બલવાન બે ચોકડીનો નાશ થવાથી અંશે અંશે વૃત્તિઓનો વિરામ થવો એ ગુણ અંત્રે પ્રગટે છે. છઠ્ઠે ગુણસ્થાનકે મોહનીય કર્મની વૃત્તિઓનો વિરામ થાય છે તેનું આ ગુણસ્થાનક કારણ છે. માટે અત્રે થોડે થોડે વૃત્તિઓનો વિરામભાવ થાય છે. હવે મોહનીયકર્મની ૨૮ પ્રકૃતિમાંની કેટલીક પ્રકૃતિઓ ઉદયમાં આવી તેના વિપાકને આપીને ક્ષય થાય છે, બાકીની છ હાસ્યાદિક પ્રકૃતિઓ જે છે, તે પણ ઉદય આવી ક્ષય થાય છે તેને વિરામભાવ કહે છે. અર્થાત્ જે વૃત્તિઓ સંસારના પદાર્થો પ્રત્યેના વિચારમાં લીન રહે છે, તે વૃત્તિઓને અશુભ કહે છે. તે અશુભ પરમાણુ ખરી જઇ શુદ્ધ પરમાણુ એટલે સંસાર પ્રત્યેના પદાર્થોથી નિવૃત્ત થઇ એક આત્મસ્વરૂપના વિચારમાં લીન થવું તેને વિરામ થયો કહે છે, અને તે ઉત્તમ વૃત્તિઓ કહેવાય છે. અહીં અંશે વિરામભાવ થાય છે તેથી તેને દેશવિરતિ ગુણસ્થાનક કહે છે.

૬૧–(૬) સર્વ વિરતિ અથવા પ્રમત્ત ગુણસ્થાનક–આ દશાએ મોહનીકર્મની ત્રીજી અપ્રત્યાખ્યાની કષાયની ચોકડીનો અંત થાય છે, તથા તેજ કર્મની અરતિ, શોક–એ બે પ્રકૃતિનો નાશ થાય છે. આ દશામાં મન, વચન તથા કાયાના ત્રણ યોગની શુદ્ધિ બાહ્ય તથા અભ્યંતરથી થાય છે, તેથીજ

જગતના ધન, સ્ત્રી, કુટંબ, ગામ, ક્ષેત્ર, ઘર વિગેરે બાહ્ય પદાર્થોનો ત્રણે યોગથી ત્યાગ થઇ અપ્રતિબંધપણે તથા ઉદયાધીનપણે ઉદાસીન ભાવે જગતમાં વિચરે છે. અને આત્માની ઘણીજ શુદ્ધિ થવાથી ત્રણે યોગથી સુખ કે દુઃખને આત્મોપયોગે સમભાવે વેદે છે, અને તેમ વેદવાથી આત્માની વિશેષ વિશેષ શુદ્ધિ થાય છે, તેથી આ ગુણસ્થાનકમાં અપ્રમત્ત નામે સાતમા ગુણસ્થાનકનો પણ અનુભવ કવચિત્ કવચિત્ થાય છે, ચોથે ગુણસ્થાનકે ક્ષાયિક સમકિત ન પામ્યો હોય તો અપ્રમત્તે તે દશા પ્રાપ્ત કરી સર્વ કર્મનો ક્ષય કરનારી ક્ષપક શ્રેણી માંડે છે, આ શ્રેણીની શરૂઆત આઠમેથી થાય છે. ક્ષપકશ્રેણી એટલે સ્વરૂપની વિશેષ શુદ્ધિ થવાથી આત્મસ્વરૂપમાં અખંડ ઉપયોગે લીન થવાથી ઘાતી કર્મનો ક્ષય કરનારી શ્રેણી.

પ્રશ્ન–સર્વ કર્મમાં બલવાન્ એવા મોહનીય કર્મની ઘણીખરી પ્રકૃતિનો નાશ થયા છતાં અત્રે (છઠ્ઠે) એવું શું રહી જાય છે કે–જેને પ્રમત્તગુણસ્થાનક કહે છે અર્થાત્ અત્રે શું પ્રમાદ રહે છે ?

ઉત્તર–અત્રે પ્રમાદ કહેવાનો હેતુ એવો હશે કે–જેમ ક્ષાયક સમકિતી જે જડ તથા ચેતન બંને દ્રવ્યના સ્વરૂપ પ્રત્યે અખંડવૃત્તિ રહે છે, તે રીતે ચારે ઘાતી કર્મોની સર્વ વૃત્તિઓ પ્રત્યે જ્યારે અખંડ ઉપયોગ રહે ત્યારે તેને અપ્રમત્ત કહે છે. છઠ્ઠે ગુણસ્થાનકે જેવું મોહનીય કર્મ પ્રત્યે અખંડ જાગ્રતીપણું રહે છે, તેવું જ્ઞાનાવરણીયાદિ ત્રણ કર્મોની વૃત્તિઓ પ્રત્યે અખંડ જાગ્રતીપણું રહેતું નથી, પણ કંઇક મંદ રહે છે. તેથી જગતના કોઇ પદાર્થો પ્રત્યે કવચિત્ વૃત્તિ ચલાયમાન થઇ જાય છે, પણ જ્યારે ક્ષપકશ્રેણી માંડે છે ત્યારે ચારે ઘાતી કર્મની સર્વ વૃત્તિઓને ખપાવવાને વિચાર તત્પર હોવાથી એટલે તન્મય હોવાથી બીજે સ્થાને આત્માની એક પણ વૃત્તિ ન જવાથી તેને અપ્રમત્ત કહે છે. અને તે અપ્રમત્ત દશા પ્રગટ થયા પછી ક્ષપકશ્રેણી માંડી અંતર્મુહૂર્ત્તમાં ચારે ઘાતી કર્મનો નાશ કરી કેવલજ્ઞાન પ્રગટ કરે છે. કેવલજ્ઞાન થયા પછી ઘાતી કર્મની એક પણ વૃત્તિ ન હોવાથી તે અખંડ અપ્રમત્તમાં રહે છે. વળી છઠ્ઠે ગુણસ્થાનકે સર્વને કાંઇ ક્ષાયક સમકિત હોતું નથી, તેથી અખંડ ઉપયોગ રહેતો નથી, તેને લઇને પણ પ્રમત્ત કહેતા હશે. સાતમે ક્ષાયક થાય છે તેથી તે અપ્રમત્ત કહેવાય છે. આ જે છઠ્ઠા ગુણસ્થાનકમાં પ્રમત્તનું સ્વરૂપ લખ્યું છે તે એમજ છે તે હું પણ નિઃશંકપણે કહી શકતો નથી. માટે આ સ્વરૂપ વાંચી કોઇ પ્રકારનો નિર્ણય ન કરતાં કોઇ સારા મહાત્મા પાસે ખરું રહસ્ય સમજવું તેજ શ્રેય છે.

૬૨-(૭) ગુણસ્થાનક–એક સમયના ઉપયોગનું પણ જ્યાં ન હોવાપણું નથી અર્થાત્ જ્યાં એક સમયનું પણ ઉપયોગથી રહિતપણું નથી એવા કેવલજ્ઞાનને પ્રગટ કરવાનું સાતમું ગુણસ્થાનક કારણ છે, તેથી કારણ ઉપર કાર્યનો ઉપચાર નાખી એને પણ અપ્રમત્ત કહેવામાં આવેલ છે. અત્રે અખંડ જાગ્રત પણાની દશા પ્રગટે છે તથા ક્ષાયક સમકિત ચોથે ન થયું હોય તો અત્રે ક્ષાયક પ્રગટે છે.

૬૩–(૮)ગુણસ્થાનક–અત્રે મોહનીય કર્મની હાસ્યાદિક ચાર પ્રકૃતિ તથા બીજા કર્મની મળી ૩૬ પ્રકૃતિનો નાશ થાય છે, પ્રથમ પ્રાપ્ત કરેલી ક્ષાયકદશા તથા અપ્રમત્ત દશા–તે બંનેને લઇને અધ્યવસાયનું ઘણુંજ શુદ્ધપણું હોવાથી ઉદય આવેલાં ઘાતી કર્મોને અખંડ જાગ્રતી પૂર્વક વેદી તેનો નાશ કરે એવી ક્ષપકશ્રેણીની દશા ૮ ગુણસ્થાનક પ્રગટ કરે છે.

૬૪–(૯) ગુણસ્થાનક અત્રે મોહનીય કર્મની ચોથા સંજ્વલની કષાયની ચોકડી તથા ત્રણે વેદનો નાશ કરે છે. સાતમા ગુણસ્થાનકથી માંડી બારમા સુધીનો કાલ અંતર્મુહૂર્ત્તનો હોવાથી વિશેષ વિશેષ અધ્યવસાયોને શુદ્ધ કરી ચાર ઘાતી કર્મની પ્રકૃતિઓના વિચારોને ક્ષાયક ભાવથી તે પ્રકૃતિઓનો ક્ષય કરે છે.

૬૫–(૧૦)ગુણસ્થાનક–અત્રે જ્ઞાનાવરણીયની ૫, દર્શનાવરણીયની ૪, અંતરાયની ૫, આયુની ૧, નામની ૧–એમ ત્રણ ઘાતીની ૧૪ તથા બે અઘાતીની મળી ૧૬ પ્રકૃતિનો બંધથી નાશ થાય છે.

૬૬–(૧૧)ગુણસ્થાનક–આ સ્થાને પ્રથમ જેમ ક્ષપકશ્રેણી ૮ માંથી મંડાય છે. તેમ ઉપશમ શ્રેણી પણ આઠમાં ગુણસ્થાનથી મંડાય છે, ઉપશમ શ્રેણીને ઉપશમ સમકિતી જીવ માંડે છે, તે ઉપશમ સમકિત ચોથે ગુણસ્થાનકે પામે છે, તેનું સ્વરૂપ અત્રે સંક્ષેપમાં કહે છે.—

ઉપશમ એટલે ઉપશમવું અર્થાત્ દબાવું. ઉપશમ સમકિત પણ પ્રાયે કરી સદ્‌ગુરૂના નિમિત્તથી પ્રાપ્ત થાય છે, સદ્‌ગુરૂને ઓળખી, તેની ઉપર શ્રદ્ધા કરી, તેના ઉપદેશથી ત્યાગ, વૈરાગ્યાદિ નિમિત્તો પ્રાપ્ત કરી વિચારશ્રેણીને ઉત્પન્ન કરેછે, અને તે વિચારશ્રેણીથી જડ તથા ચેતન–એ દ્રવ્યનું સ્વરૂપ વિચારે છે; પણ જેમ ક્ષાયક તથા ક્ષયોપશમ સમકિતવાળો જીવ યથાર્થ અવિરોધપણે બંને દ્રવ્યનું સ્વરૂપ વિચારી તેનો અનુભવ કરી નિઃશંક થાય છે, તે પ્રમાણે ઉપશમવાળો વિચારી શકતો નથી; પરંતુ સામાન્યપણે આત્મસ્વરૂપ વિચારી, અંતરમાં અવ્યક્તપણે શંકા હોય પણ તે શંકાનો તેને અનુભવ ન થવાથી ‘ હું સમજ્યો

છું" એવું માની સામાન્ય શ્રદ્ધાથી સ્વરૂપની અવ્યક્ત ભૂલની ઉપશમ સમકિત વાળા જીવને ખબર પડતી નથી.

આ પ્રમાણે સ્વરૂપ સમજ્યાથી જે જે અશુભ વૃત્તિઓ ઉદયમાં આવે છે, તેને ભોગવતાં ભય મોહનીય આવે છે, એટલે અંતરમાં અવ્યક્તપણે ભૂલાવો રહી જવાથી અંતરમાં તેને સુક્ષ્મ ભય રહે છે, કે–'જો હું આ અશુભ વૃત્તિઓને ભોગવતાં વખતે મારી માઠી ગતિ થઇ જશે' એ ભયથી પરદ્રવ્યની શુભાશુભ વૃત્તિનો હું કર્તા નથી, એવું કર્તા પદનું નિઃશંકપણું રહેતું નથી, તેથી તે દરેક વૃત્તિઓને ઉદયાધીનપણે સમભાવ પૂર્વક ન ભોગવતાં વૈરાગ્યના હઠ બળથી તેને ઉપશમાવે છે, તેથી ચુલાની અંદર ઢાંકેલા અગ્નિની માફક બહારથી તેની દશા વૈરાગ્યવાળી તથા મહાત્મા જેવી દેખાય છે, પણ અંતરથી કષાય, મિથ્યાત્વાદિની પ્રકૃતિઓ સળગતીજ છે, અર્થાત્ તે પ્રકૃતિઓનું હયાતીપણું છે. આ પ્રમાણે વૃત્તિઓનો બાહ્યભાવે ઉપશમ કરી ૧૧ મા ગુણસ્થાન સુધી તે જીવ ચડે છે, ત્યાં લોભ કષાયનો ઉદય આવવાથી ત્યાંથી પતિત થાય છે એટલે ત્યાગ અને વૈરાગ્યના પ્રબળપણાથી પરિણામની ઉજ્વળતાને લઈ મહાન્ સિદ્ધિઓમાં અવ્યક્ત મુર્ચ્છારૂપ લોભના ઉદયથી તથા જે જે પ્રકૃતિઓ ઉપશમાવી છે, તેનો ક્ષય થયા વિના તો હવે આગળ વધી કેવળજ્ઞાન ઉત્પન્ન કરે તેમ બનતું નથી અને ક્ષય કરતાં આને ભય રહ્યો છે. જેમકે કોઇ માણસને વસ્તુ પ્રાપ્ત કરવાની જે ઇચ્છા તેને લોભ કહે છે તથા કોઇને આપતાં મન સંકોચાય તેને પણ લોભ કહે છે, તેમ આ જીવ પણ વૃત્તિઓને સમભાવે ભોગવી ક્ષય કરતાં વૃત્તિ સંકોચાય છે, તેથી જેમ ઢાંકેલા અગ્નિ ઉપરથી રાખ ઉડી જતાં પ્રજ્વલિત દેખાય છે, તેમ ઉપશમાવેલી વૃત્તિઓનું કાલ માન પુરૂં થવાથી કષાયાદિની વૃત્તિઓનો પ્રગટભાવ થવાથી ૧૧ મા ગુણસ્થાનક સુધીની પ્રાપ્ત કરેલી જે દશા, તેથી પતિત થઇ છટ્ઠે, ચોથે કે પહેલે ગુણસ્થાનકે પણ આવી જાય છે.

પ્રશ્ન—ઉપશમવાળો જીવ વૃત્તિઓને ઉપશમાવે એટલે શું થાય? અને તે કેમ ઉપશમાવી શકે?

ઉત્તર—સામાન્યપણે બાહ્ય સમજવાળા જીવોને સમજાવવા વ્યવહારથી દબાવી એમ કહેવાય છે, કેમકે શાસ્ત્રોનાં જે વચનો છે, તે એક જીવ વા એક વ્યક્તિને આશ્રી નથી, પણ સર્વ જીવ આશ્રી હોવાથી શાસ્ત્રકથન વ્યવહારથી લખાય છે, પરંતુ વાસ્તવપણે જોતાં સ્વરૂપદશા યથાર્થ ન સમજ્યાથી વૃત્તિઓનો ક્ષય કેમ કરવો, તેનું યથાર્થ જ્ઞાન હોતું નથી, તેથી બાહ્ય સામાન્ય દશા એવી દેખાય કે–આ જીવ મહાત્મા છે, પણ અભ્યંતર રીતે જોતાં તો તે મુળ-

થીજ ભૂલાવામાં છે, તેથી તેને પતિત થવાનો વખત આવે છે. વળી તે ઉપશમ દશા આ ભવે સુગુરૂને ઓળખ્યા પછી થવાની છે. એ પ્રકારનું કર્મ તેણે પૂર્વ-થીજ બાંધ્યું છે, તેથી તે ઉદયમાં આવે તે પ્રકારે કર્મ ભોગવવું પડે છે. સામાન્ય વિચારથી આમ સમજાય છે. પછી વાસ્તવિક શું છે, તે મહાપુરૂષગમ્ય છે, તેવા પુરૂષોનું શરણ ગ્રહી આત્મસ્વરૂપ સમજવું તેજ શ્રેષ્ઠ છે.

૬૭–(૧૨)ગુણસ્થાનક–આ સ્થાને ચારે ઘાતીકર્મની સર્વ વૃત્તિઓ બંધ, ઉદય, ઉદીરણા અને સત્તામાંથી ક્ષય કરી છેલ્લે સમયે શુદ્ધ જ્યોતિ પ્રકાશક સંપૂર્ણ આત્મસ્વરૂપનું નિરાવરણપણું થાય છે.

૬૮–(૧૩)ગુણસ્થાનક–આ દશામાં ચાર ઘાતીકર્મનો નાશ થવાથી છએ દ્રવ્યના સ્વરૂપને જાણે છે, એટલે સુક્ષ્મમાં સુક્ષ્મ એક પરમાણુ, એક સમય તથા એક પ્રદેશનું જ્ઞાન થાય–એવો નિર્મળ ભાવ અને અખંડ ઉપયોગ રહે છે તથા લોકાલોકના સ્વરૂપને જાણે છે. મન તથા વચનના સત્ય અસત્ય વિગેરે ચાર યોગ છે તેમાંથી સત્ય વિના ત્રણે યોગનો ક્ષય થાય છે, તથા ચારે ઘાતીકર્મનો નાશ થવાથી જે દશા પ્રાપ્ત થાય છે તે સંક્ષેપમાં જણાવે છે:—નિજ સ્વભાવ-જ્ઞાનમાં કેવળ ઉપયોગે, તન્મય આકારે, સહજ સ્વભાવે, નિર્વિકલ્પપણે આત્મા પરિણમે છે,તેથી એક સમય, એક પરમાણુ તથા એક પ્રદેશનો સુક્ષ્મ અનુભવ થાય તેવું સુક્ષ્મ જ્ઞાન છે. અત્રે બાકી રહેલાં ચાર અઘાતી કર્મને સહજ સ્વભાવે વેદે છે.

૬૯–(૧૪)ગુણસ્થાનક–અત્રે મન, વચન, કાયાના યોગ સહિત ચારે અઘાતી કર્મને અ, ઇ, ઉ, ઋ, લૃ–એ પાંચ હ્રસ્વ અક્ષર બોલતાં જેટલો કાળ થાય તે વખતમાં ચારે અઘાતી કર્મનો ક્ષય કરી સિદ્ધાલય સ્થાનને પામે છે. ત્યાં પર દ્રવ્યનો એક પરમાણુ જેટલો પણ સ્પર્શ નથી.

આ પ્રમાણે સામાન્ય વિચારથી ચૌદે ગુણસ્થાનકનું સ્વરૂપ કહ્યું છે, તેમાં જે જે વિરોધ હોય તે મહત્પુરૂષના સંગે સમજવાથી યથાર્થ સ્વરૂપનો અનુભવ થાય છે. એ રીતે સાત નય તથા ચૌદ ગુણસ્થાનકનું સ્વરૂપ કહ્યું છે. હવે ચૌદ ગુણસ્થાનકમાંના કેટલાક ગુણસ્થાનકો ઉપર સાત નયો ઘટાડી તેનું સ્વરૂપ બતાવે છે.

જે જે ગુણસ્થાનકે આત્માનો વિશેષ સ્થિરભાવ છે, તે તે સ્થાને નય લગાડે છે,તેવાં સ્થિરભાવવાળાં પાંચ સ્થાનક છે. (૧) પહેલે ગુણસ્થાનકે, (૨) ચોથે ગુણસ્થાનકે, (૩) છઠ્ઠે ગુણસ્થાનકે, (૪) તેરમે ગુણસ્થાનકે, (૫) ચૌદમે ગુણસ્થાનકે.

પ્રથમ ગુણસ્થાનક પ્રત્યે સાત નયનું સ્વરૂપ.

૭૦–પ્રથમ ગુણસ્થાનક તેજ કાર્ય લેવું છે અને ત્યાં સાતમા નયની

પૂર્ણતા કરવી છે. કાર્ય તે ઉપાદાન, તેના અંતના ચાર નય હોય અને કાર્યને પમાડનાર જે કારણ તેનું નામ નિમિત્ત કારણ તેના પ્રથમના ત્રણ નય હોય.

જે વખતે ઓઘિક ઇચ્છાનો ત્યાગ કરી વાસ્તવિક કલ્યાણ કરવાની જીવને તીવ્ર ઇચ્છા થાય ત્યારે નૈગમનય કહેવાય. ૧

ઇચ્છા થયા પછી કલ્યાણ કરવાનો જે માર્ગ તેને પમાડનાર જે સદ્‌ગુરૂ, સત્સંગ, સત્શાસ્ત્ર આદિ નિમિત્તો તેને મેળવવાનો પ્રયાસ કરે તે બીજો સંગ્રહનય કહેવાય. ૨

તે સાધનો મળ્યા પછી સદ્‌ગુરૂને શ્રદ્ધાપૂર્વક ઓળખી તેની આજ્ઞાએ વર્તે, ત્યારે ત્રીજો વ્યવહારનય કહેવાય. પ્રથમ ગુણસ્થાનકરૂપ કાર્ય કરવામાં સુગુરૂ નિમિત્ત કારણ છે તેની અત્રે પ્રાપ્તિ થઈ તેથી કારણની પૂર્ણતા થઇ, હવે કાર્ય બતાવે છે. ૩

સદ્‌ગુરૂની આજ્ઞાએ વર્તી, તેના ઉપદેશને શ્રવણ કરી, અંશે ત્યાગ વૈરાગ્યાદિ નિમિત્તોને પ્રાપ્ત કરી, પાંચ મિથ્યાત્વમાંથી પ્રથમ અભિગ્રહ મિથ્યાત્વનો નાશ કરે ત્યારે ચોથો ઋજુસૂત્રનય કહેવાય. ૪

ત્યાગ વૈરાગ્યાદિ નિમિત્તોને વિશેષ પ્રાપ્ત કરી બીજું અનભિગ્રહિક તથા ત્રીજું અભિનિવેશિક–એ મિથ્યાત્વનો નાશ કરે ત્યારે પાંચમો શબ્દનય કહેવાય. ૫

ચોથા સંશયિક મિથ્યાત્વનો નાશ કરી ત્યાગ વૈરાગ્યાદિ નિમિત્તની અંશે અપૂર્ણતા રહે ત્યારે છઠ્ઠો સમભિરૂઢનય કહેવાય. ૬

પાંચમા અણાભોગિક સહિત પાંચે મિથ્યાત્વનો નાશ કરી ત્યાગ વૈરાગ્યાદિ નિમિત્તોને પૂર્ણ રીતે પ્રાપ્ત કરે ત્યારે સાતમો એવંભૂતનય કહેવાય. ૭

કાર્યરૂપ ચોથા ગુણસ્થાનક પ્રત્યે સાત નય.

૭૧–દરેક ગુણસ્થાનકે નય લગાડતાં કલ્યાણ કરવાની જે તીવ્ર ઇચ્છા થાય ત્યાંજ પ્રથમ નૈગમનય લાગુ પડે છે અર્થાત્ કલ્યાણ કરવાની જે તીવ્ર ઇચ્છા તેનેજ નૈગમનય કહે છે.

કલ્યાણ કરવાની તીવ્ર ઇચ્છા વા જિજ્ઞાસા તે નૈગમનય ૧ તે જિજ્ઞાસા સહિત સદ્‌ગુરૂ આદિ નિમિત્તોને પ્રાપ્ત કરવાનો જે પ્રયાસ તે સંગ્રહનય. ૨

સમકિત પામવાના સદ્‌ગુરૂ આદિ નિમિત્તોની પ્રાપ્તિની જે પૂર્ણતા થવી તે વ્યવહાર નય. ૩ એ ત્રણ કારણનય.

પાંચ મિથ્યાત્વ સહિત મિથ્યાત્વ મોહનીયનો નાશ તથા ત્યાગ વૈરાગ્ય સહિત પ્રથમ ગુણસ્થાનકની પ્રાપ્તિ થવી તે ઋજુ સૂત્રનય. ૪

પ્રથમ ગુણસ્થાનકની પ્રાપ્તિ કરી સમકિતનું સ્વરૂપ સમજવા સુવિચાર શ્રેણીને પ્રગટ કરવી જે શ્રેણીનું સ્થાન બીજું ગુણસ્થાનક છે તે શબ્દનય ૫

સુવિચાર શ્રેણીથી સમકિતનું વિશેષ સ્વરૂપ સમજવાથી આત્માની શુદ્ધિ થાય છે તેથી મિશ્ર મોહનીયનો નાશ થાય એવા ત્રીજા ગુણ સ્થાનકની પ્રાપ્તિ થવી તે સમભિરૂઢનય. ૬

આત્મસ્વરૂપને યથાર્થ વિચારી, તે વિચારતાં સમકિત મોહનીયનો નાશ કરી સ્વ સ્વરૂપ ઉપર જે અખંડ પ્રતીતિ રહે તો ક્ષયોપશમિક સમકિત થાય અને ક્વચિત્ મંદ, ક્વચિત્ તીવ્ર, ક્વચિત્ સ્મરણ તથા ક્વચિત્ વિસર્જનપણે પ્રતીતિ રહે તો ક્ષયોપશમ સમકિત થાય, સમકિત મોહનીય સાથે અનંતાનુબંધી કષાયની ચોકડીનો પણ નાશ થાય છે, તે નાશ સત્તામાંથી થાય તો ક્ષાયક અને બંધમાંથી નાશ થાય તો ક્ષયોપશમ સમકિતરૂપ ચોથું ગુણસ્થાનક કહેવાય તે એવંભૂતનય. ૭

કાર્ય રૂપ છઠ્ઠા ગુણસ્થાનક પ્રત્યે સાત નય.

૭૨ કલ્યાણ કરવાની તીવ્ર જીજ્ઞાસા તે નૈગમ. ૧

જિજ્ઞાસા સહિત સદ્‌ગુરૂ આદિ સાધનો પ્રાપ્ત કરવાનો પ્રયાસ તે સંગ્રહનય. ૨

પ્રયાસથી પ્રાપ્ત કરેલાં સાધનોની પૂર્ણતા થવી તે વ્યવહારનય. ૩

મિથ્યાત્વ મોહનીયનો અંત તથા ત્યાગ વૈરાગ્યાદિકની પ્રાપ્તિ સહીત પ્રથમ ગુણસ્થાનકની પ્રાપ્તિ થવી તે ઋજુસૂત્ર નય. ૪

સુવિચારશ્રેણીના સ્થાનવાળું બીજું ગુણસ્થાનક તથા સમકિત મોહનીય સહિત અનંતાનુબંધીની ચોકડીનો નાશ છે તેવા ચોથા ગુણસ્થાનકની પ્રાપ્તિ તે શબ્દનય કહેવાય. એટલે જે જીવ સમકિત પામ્યો છે તે વર્ત્તમાને વિરતિ ભાવમાં નથી, પરંતુ ભવિષ્યમાં થશે એમ શબ્દમાં આવવાથી બીજા ત્રીજા તથા ચોથા–એ ત્રણ ગુણસ્થાનકને શબ્દનયમાં કહે છે. ૫

પાંચમા ગુણસ્થાનકની શરૂઆતે અંશે વિરતિભાવ થાય છે, પણ તેની પૂર્ણતાએ અંશે અપૂર્ણ વિરતિભાવ રહે છે તેથી પાંચમા ગુણસ્થાનકને છઠ્ઠા નયમાં ગણે છે. ૬

મન, વચન, કાયાના ત્રણે યોગ સહિત વિરતિભાવ પામીને સાધુપણાની દશા પ્રાપ્ત થાય તેનું નામ સર્વ વિરતિ છઠ્ઠું ગુણસ્થાનક કહે છે, તે એવંભૂતનય. ૭

કાર્યરૂપ ૧૩ મા ગુણસ્થાનક પ્રત્યે સાત નય—

કલ્યાણ કરવાની તીવ્ર જિજ્ઞાસા તે નૈગમનય ૧

તે જિજ્ઞાસા સહિત સદ્‌ગુરૂ આદિ સાધનો મેળવવાનો જે પ્રયાસ તે સંગ્રહનય. ૨

તે સાધનોની પૂર્ણતા થવી તે વ્યવહારનય. ૩

પહેલા, બીજા, ત્રીજા, તથા ચોથા ગુણસ્થાનકની જે દશા થવી તે ચોથા નયમાં આવે છે, કેમકે ચોથા નયમાં અંશ પણ ઉપાદન આવવો જોઇએ. તો અત્રે સંપૂર્ણ આત્મસ્વરૂપ તેરમે પ્રગટે છે અને અંશ આત્મસ્વરૂપ પહેલાથી ચોથા સુધીમાં પ્રગટે છે. માટે પ્રથમથી માંડી ચોથા સુધી ચારે ગુણસ્થાનકોને ચોથા ઋજુસૂત્ર નયમાં ગણે છે. ૪

પાંચમા છઠ્ઠા તથા સાતમા ગુણસ્થાનકની સંપૂર્ણ પ્રાપ્તિ. કેમકે શબ્દનયનું સ્વરૂપ એવું છે કે-જે કાર્ય થવાનું હોય તે અનુમાને કાર્ય થયા પહેલાં શબ્દમાં આવવું જોઇએ. માટે છઠ્ઠે ગુણસ્થાનકે રહેલો જીવ કેવળજ્ઞાનની તૈયારીમાં નથી. કેમકે ત્યાં પણ ઘણો કાલ રહે છે, પણ સાતમે ગુણસ્થાને આવેલો જીવ કેવળજ્ઞાનની તૈયારીમાં છે. માટે તે શબ્દ (શબ્દનય)માં આવે છે. તેથી ત્રણે સ્થાનને સાથે લીધા છે. ૪

૮-૯-૧૦-૧૨ આ ચારે ગુણસ્થાનકા છઠ્ઠા નયમાં આવે છે, તે ચારેનો કાલ અંતર્મુહૂર્ત્ત જેટલો થોડો છે અને તે કાલે ક્ષપકશ્રેણીમાં હોવાથી સ્વરૂપના અખંડ વિચારમાં છે, તેથી તે સમભિરૂઢનય. ૬

ચાર ઘાતીકર્મનો સર્વથા નાશ કરી અખંડ ઉપયોગાત્મક શુદ્ધ આત્મ-દ્રવ્યનું સંપૂર્ણપણે પ્રગટ થવું તે એવંભૂતનય. ૭

કાર્યરૂપ ૧૪ મા ગુણસ્થાનક પ્રત્યે સાત નય.—

૭૪-કલ્યાણ કરવાની તીવ્ર જિજ્ઞાસા તે નૈગમ. ૧

સદ્‌ગુરૂ આદિ સાધનો મેળવવાનો જે પ્રયાસ તે સંગ્રહનય. ૨

નિમિત્ત કારણ સાધનોની પૂર્ણતા થવી તે વ્યવહાર. ૩

૧-૨-૩-૪-આ ચારે ગુણસ્થાનકોની પ્રાપ્તિ થવી તે ઋજુસૂત્રનય. ૪

૫-૬-૭ માં ગુણસ્થાનકની પ્રાપ્તિ તે શબ્દનય. ૫

૮-૯-૧૦-૧૨-૧૩ એ ગુણસ્થાનકોની સંપૂર્ણ પ્રાપ્તિ થવી તે સમભિરૂઢ નય ૬.

પ્રશ્ન—છઠ્ઠા નયનું સ્વરૂપ એવું છે કે-સંપૂર્ણ કાર્યમાં કાંઇક અંશે અપૂર્ણતા રહે, ત્યારે તેને સમભિરૂઢ કહે છે, તો સંપૂર્ણ કાર્ય ચૌદમે ગુણસ્થાનકે કરવું છે અને તેરમાને છઠ્ઠામાં લીધું છે, તો તેરમે ગુણસ્થાનકે તો જીવ ઘણો કાલ રહે છે, માટે તેને છઠ્ઠા નયમાં કેમ લીધું તેનું કારણ શું ?

૭૫-ઉત્તર-કેટલાક જીવોને કેવળજ્ઞાન થયા પછી આયુષ્યની પૂર્ણતા થઇ

હોય તો અંતર્મુહૂર્ત્તમાં મોક્ષે જાય છે તેથી તેને છઠ્ઠા નયમાં લીધું છે. અને કદાચ કેટલાક જીવો થોડો કાલ રહીને મોક્ષે જાય તે આયુષ્યને લઇને છે. વળી આયુકર્મ બાકી રહેવાથી અંશે મોક્ષ અપૂર્ણ છે, એમ કહેવાને અડચણ આવતી નથી. કેમકે આયુકર્મ કાંઇ બલવાન્ નથી. કેવલીને દેહ છે છતાં મોક્ષજ છે, એટલે કેવળી દેહમાં હોય ત્યારે અને દેહથી મુક્ત થઈ મોક્ષમાં જાય ત્યારે કાંઇ આત્મામાં ન્યુનાધિકતા થતી નથી, તેથી તેને દેહ છતાં પણ મોક્ષ છે, એમ કહેવામાં વાંધો નથી, માટે તેરમા ગુણસ્થાનક સુધીને છઠ્ઠા નયમાં ગણે છે.

આઠે કર્મનો સર્વથા નાશ કરી અચલ સ્વરૂપે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અનંત વીર્ય—એ આદિ આઠ મોટા ગુણો તથા સામાન્યપણે અનંતા ગુણો સહિત સિદ્ધાલય સ્થાનમાં બિરાજમાન થવું તે. તે સિદ્ધાલય સ્થાનની પ્રાપ્તિ મન, વચન, કાયાના ત્રણે યોગને રૂંધીને થાય છે. એવા સિદ્ધ સ્વરૂપી અમૂર્ત્ત ભગવાનની દશાનું જે સંપૂર્ણપણું તેને સાતમો એવંભૂત નય કહે છે. એ પ્રમાણે સાતે નયનું સ્વરૂપ કહ્યું.

ઇતિ તત્ત્વમાર્ગદર્શક દ્રવ્યાનુયોગ સાર.

॥ ૐ ॥ શાંતિઃ શાંતિઃ શાંતિઃ !!!

૬ ગણધરવાદ પ્રકરણ.

૧૧ ગણધરનો ૭ પદ સાથે સમાવેશ.

૭—પદ

૧ આત્મા છે, ૨ તે નિત્ય છે, ૩ તે કર્ત્તા છે, ૪ તે ભોકતા છે, ૫ તેનો મોક્ષ છે, ૬ મોક્ષનો ઉપાય છે.

૧૧ ગણધરોનાં નામ.

૧ ઇંદ્રભૂતિ, ૨ અગ્નિભૂતિ, ૩ વાયુભૂતિ, ૪ વ્યકત, ૫ સુધર્મા સ્વામી, ૬ મંડિત, ૭ મૌર્યપુત્ર, ૮ અંકપિત, ૯ અચલભ્રાતા, ૧૦ મેતાર્ય ૧૧ પ્રભાસ,

ઇંદ્રભૂતિ વિગેરે ૧૧ ગણધરો એ પ્રથમ બ્રાહ્મણો હતા. ચાર વેદ વિગેરે ધર્મશાસ્ત્રો તથા વેદાંતના પારંગામી હતા. ન્યાય, વ્યાકરણ, કાવ્ય, જ્યોષ, અલંકાર વિગેરેમાં પ્રવીણ હતા. તે સમયના જ્ઞાનામાં તે અસાધારણ વિદ્વાન્ હતા.

યજ્ઞાદિક ધર્મક્રિયાઓ કરાવવામાં અને જન સમાજને ધર્મબોધ આપવામાં તેઓ સમર્થ હતા. અગીઆરે બ્રાહ્મણો વિદ્યા તથા શાસ્ત્રશક્તિમાં એક બીજાથી વધે તેવા હતા. સર્વેમાં ઇંદ્રભૂતિ અગ્રેસર હતા. તેમજ દરેક પંડિત બસેં પાંચસેં શિષ્યોના પરિવારથી અલંકૃત હતા. અનેક શાસ્ત્રોનું અવલોકન કરી તેનો જન સમાજને લાભ આપવા મોટા આશ્રમો વા ગુરૂકુળ જેવા સ્થાનો રાખી દરેક વિદ્વાન્ પોતાના શિષ્યગણને શાસ્ત્રાભ્યાસ કરાવતા હતા. દરેકમાં વિદ્યા તથા શાસ્ત્રીય જ્ઞાનની પૂર્ણ શક્તિ હોવાથી પોતાને એક બીજાથી અધિક માનતા, પોતાને ન્યૂન માનવામાં પોતાની હલકાઇ સમજતા હતા. તેથી દરેકમાં આત્મજીવન સંબંધી એક એક મહાન્ શંકા હતી, પણ બધા સર્વજ્ઞ થઇ બેઠા હતા, તેથી પોતપોતામાં એક બીજાને પૂછવાથી પોતાની ન્યુનતા જણાઇ આવે એમ જાણી શંકાશીલપણે જ પોતાનો સમય વ્યતીત કરતા હતા.

એક સમયે પરમજ્ઞાની સર્વજ્ઞ ભગવાન મહાવીર દેવ એક સ્થળે બિરાજતા હતા, તે સમયે તેજ નગરમાં આ અગીયારે વિદ્વાનો પોતપોતાના શિષ્યપરિવાર સાથે એક મહાન્ યજ્ઞ પ્રસંગે સેંકડો વિદ્વાનોની સાથે આવ્યા હતા. પરમ કૃપાળુ ભગવાન્ મહાવીરદેવને વંદન કરવા માટે આકાશગામી અનેક દેવવિમાનોમાં બિરાજિત દેવોને આવતા જોઇ પોતાના યજ્ઞમંડપના પુનિત સ્થાને દેવો પરોણા આવે છે, એમ જાણી ઘડીભર રાજી થયા; પણ જ્યારે યજ્ઞમંડપને છોડીને દેવોને દૂર જતા જોયા, ત્યારે તે વિચારમુગ્ધ બની ગયા અને મનમાં તર્ક–વિતર્ક કરવા લાગ્યા કે–' અમારા જેવા સર્વજ્ઞ પુરૂષોને છોડીને આ દેવો અન્ય સ્થળે ક્યાં જાય છે ? શું આ વિશ્વમાં અમારા કરતાં પણ અધિક કોઇ જ્ઞાનીની હયાતી છે ? ના, ના, અમારા કરતાં શ્રેષ્ઠ પુરૂષનો પ્રાદુર્ભાવ પણ હજી થયો હોય–એમ અમને પ્રતીતિ થતી નથી અને કદાચ હોય તો અમારી જાણ બહાર તો નજ હોય, ત્યારે આ દેવો ક્યાં જાય છે ? અમારી યજ્ઞઆહુતિથી આલ્હાદ પામી, પવિત્ર ધર્મક્રિયાથી પ્રસન્ન થઇ, અમારી તરફ તે આવતા હોય એમ જણાય છે; છતાં આ પુનિત ભૂમિ તથા અમારા જેવા મહાજ્ઞાનીઓને મૂકી દઇને દેવો દૂર જતા રહ્યા તેનું કારણ શું ? શું દેવો ભૂલ્યા તો નહિ હોય ? એમ અનેક પ્રકારે તર્ક–વિતર્કમાં તરલિત બનતા વિદ્વાનોને ક્ષણવારમાં ખબર પડી કે–' સર્વજ્ઞ પરમાત્મા ચરમ તીર્થંકર ભગવાન્ મહાવીર પ્રભુના દર્શનાર્થે આ દેવો જાય છે.' આ પ્રમાણે સાંભળતાં ઘડીભર તો તે અગીયારે વિદ્વાનો આશ્ચર્યમુગ્ધ બની ગયા. અરે ! અમારા શિવાય જગતમાં બીજો કોઇ સર્વજ્ઞ છે ? વા કોઇ ભોળા જીવોને પ્રપંચના પાશમાં ફસાવનાર ધૂર્ત તો નહિ

હોય ? ' ત્યાર પછી અગીયારમાંના અગ્રેસર ઇંદ્રભૂતિ વિદ્વાને બીજાઓને કહ્યું કે—' તમો આ યજ્ઞ સંબંધી ક્રિયાની પ્રવૃત્તિ કરતા રહો. હું હમણા તે ધૂર્ત્તને હરાવી, મારી જ્ઞાન શક્તિના પ્રબળ પ્રભાવથી હરાવી, જયધ્વનિનો પડઘો ગજાવી ક્ષણવારમાં આવું છું. ' આમ નિર્ણય કરી પાંચસેં શિષ્યોના પરિવાર સાથે મહાવીર પ્રભુના સમવસરણમાં આવ્યા. પરમ શાંતિમય પરમાત્માને જોતાંજ સૂર્યના કિરણથી જેમ તમપટલ (અંધકાર) ક્ષીણ થતું જાય, તેમ ઇંદ્રભૂતિનો ગર્વ ક્ષીણ થવા લાગ્યો. કરૂણાસિંધુ પ્રભુ મહાવીરે વત્સલતાથી કહ્યું કે—' હે ઇંદ્રભૂતિ ! તમે શાંતિમાં છો ? અને તમને આત્માના નિત્યપણામાં આશંકા છે ? ' પ્રભુના મધુર શબ્દો શ્રવણ કરતાંની સાથેજ પ્રભુને સપ્રેમ તેણે વંદન કરી કહ્યું—' ભગવન્ ! આત્માના નિત્યપણામાં મને આશંકા છે, તેનો કૃપા કરી ખુલાસો કરશો. ' ભગવંતે તત્ત્વજ્ઞાનના સવિસ્તર ભાવથી તેનો સ્પષ્ટ ખુલાસો કરી આપ્યો, એટલે ભગવંત પાસે દીક્ષા લઈ તે પ્રથમ પટોધર (ગણધર) બન્યા. એમ અગીયારે બ્રાહ્મણોએ એક પછી એક આવી પોતાની આશંકાઓ દૂર કરી શિષ્ય પરિવાર સાથે પ્રભુ પાસે દીક્ષા લીધી. ઇંદ્રભૂતિ વિગેરે અગીયાર શિષ્યોને ભગવંતે મુખ્ય ગણધરની પદવીએ સ્થાપ્યા. તે ગણધરો ચૌદ પૂર્વધારી શ્રુતકેવલી હતા. પ્રભુ પાસે દીક્ષા લઇ, દ્વાદશાંગીનું અપૂર્વ જ્ઞાન મેળવી, શુદ્ધ ચારિત્ર પાળી, અનેક ભવ્યાત્માઓનું શ્રેય સાધી, આ ભારતભૂમિ ઉપર ચારે બાજુ તત્ત્વજ્ઞાનરૂપ સૂર્યનો પ્રકાશ ફેલાવી, જનસમાજના હૃદયોમાં સદ્જ્ઞાનના સંસ્કારો રોપી, મહાન્ ઉપકાર કરી, પુનિત ચરણન્યાસથી ભારતભૂમિને પવિત્ર બનાવી, કેવળજ્ઞાન પામી, સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષમાં ગયા. તે અગીયાર ગણધરોને કયા કયા પદ સંબંધી શંકાઓ હતી તેનું સામાન્યતઃ વિવેચન નીચે આપ્યું છે—

૧૧ ગણધરોની છ-પદ સંબંધી શંકાઓ તથા તેનું સમાધાન.

(૧) ઇંદ્રભૂતિ—આત્મા નિત્ય નથી. પાંચ મહાભુતમાંથી ચૈતન્યશક્તિ ઉત્પન્ન થઇ અને પાંચ મહાભુતોના નાશની સાથે તેનો પણ નાશ થાય છે.

(૨) અગ્નિભૂતિ—આત્માને કર્મ લાગેજ નહિ કેમકે કર્મ છેજ નહિ.

(૩) વાયુભુતિ—આત્માજ નથી.

(૪) વ્યક્ત—જડ દ્રવ્ય જગતમાં છેજ નહિ.

(૫) સુધર્મા—જે ગતિમાં જેવો જીવ હોય તેવોજ મરીને તે ગતિમાં ઉપજે.

(૬) મંડિત—આત્માને બંધ તથા મોક્ષ નથી.

(૭) મૌર્યપુત્ર–દેવતા નથી.
(૮) અકંપિત–નારકી નથી.
(૯) અચલભ્રાતા–પુન્ય તથા પાપ છે નહિ.
(૧૦) મેતાર્ય–પરભવ નથી.
(૧૧) પ્રભાસ–નિર્વાણ (મોક્ષ) નથી.

૧ લું પદ–આત્મા નથી–એ ૩ ગણુધર વાયુભૂતિની શંકા.
૨ જું પદ–આત્મા નિત્ય નથી–એ ૧ ગણુધર ઇંદ્રભૂતિની શંકા.
૩ જું પદ–આત્મા કર્ત્તા નથી–એ ૨ ગણુધર અગ્નિભૂતિ તથા ૪ વ્યક્ત ગણુધરની શંકા.
૪ થું પદ–આત્મા ભોક્તા નથી–એ ૭–૮–૯–૧૦ મા ગણધરની શંકા.
૫ મું પદ—મોક્ષ નથી–એ ૫–૬ સુધર્મા તથા મંડિત ગણુધરની શંકા.
૬ ઠું પદ—મોક્ષનો ઉપાય નથી–એ ૧૧ મા ગણધર પ્રભાસની શંકા.

છ–પદનું નિરૂપણ.

" આત્મા છે તે નિત્ય છે, છે કર્ત્તા નિજ કર્મ;
છે ભોકતા વળી મોક્ષ છે, મોક્ષ ઉપાય સુધર્મ. "

આત્મા છે, નિત્ય છે, નિજકર્મ (સ્વભાવ)નો કર્ત્તા છે, ભોકતા છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે.

૧ પદ આત્મા છે.

કોઇ પણ વસ્તુનો ગુણ હોવાથી વસ્તુપણું સિદ્ધ થાય છે, જેમકે મીઠાશનો ગુણ હોવાથી સાકર પદાર્થની હયાતી સિદ્ધ થાય છે. તેમ જાણવાનો ગુણ હોવાથી ચેતન (આત્મા) નું હોવાપણું સિદ્ધ થાય છે. જેનામાં જાણવાનો ગુણ છે તે આત્મા છે. તેને સદ્‌ગુરૂના સંગથી યથાર્થ જાણે ત્યારે જ તેનો અનુભવ થાય છે. આત્માનું અસ્તિત્વ સિદ્ધ થવાથી ધર્મ, અધર્મ, પુન્ય, પાપ વિગેરેનું અસ્તિત્વ પણ સિદ્ધ થાય છે. જો આત્માનું અસ્તિત્વ ન સમજાય તો ધર્મ–અધર્માદિની હયાતી બુદ્ધિગમ્ય થતી નથી. અને તેમ થવાથી નાસ્તિક ભાવની પ્રાપ્તિ થવાનો સંભવ રહે છે. ધર્મ અધર્માદિની હયાતી છતાં તે ન સમજાયથી નાસ્તિકભાવ થાય તો આત્મા ઇંદ્રિયાસકત બની, અનેક દુષ્કૃત્યોને આધીન થઇ નિષ્વંસ પરિણામી થાય છે, તેમ થવાથી કલ્યાણ સાધવાને યોગ્ય થઇ શકતો નથી. માટે આત્માનું અસ્તિત્વ સિદ્ધ થવાથી સાધનોનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. સાધનોનું અસ્તિત્વ સિદ્ધ થવાથી સત્કાર્યો તરફ પ્રીતિ અને અસત્કર્ત્તવ્યો તરફ ઉપેક્ષા રહે છે. ધર્મ વા આત્મશ્રેય સાધવાની દૃઢ જિજ્ઞાસા

થતાં દયા, શાંતિ, ત્યાગ, વૈરાગ્યાદિ ગુણો ઉત્પન્ન થાય છે, આત્મા સન્માર્ગ સન્મુખ બને છે, તેને મુમુક્ષુદશા કહે છે. તેથી સાચી મુમુક્ષુભાવના ઉત્પન્ન થવાથી આત્મશ્રદ્ધા થાય છે અને તેને શુદ્ધ વ્યવહાર સમકિત કહે છે.

૨ પદ આત્મા નિત્ય છે.

ઘટ પટ આદિ પદાર્થો અમુક વસ્તુઓમાંથી ઉત્પન્ન થયેલા જણાય છે અને તેનો નાશ પણ થશે, એમ જાણી શકાય છે. જેમકે ઘટ માટીમાંથી ઉત્પન્ન થયો અને તેનો વિનાશ થઇ ઠીકરાં વિગેરે થશે, તેમ આત્મા જો સ્વતઃ પદાર્થ અવિનાશીપણે ન હોય, કોઇ પણ નિમિત્તજન્ય પદાર્થ હોય તો કયા નિમિત્તથી તે ઉત્પન્ન થયો છે અને તેનો વિનાશ શું થશે? તે જો અનુભવ કે બુદ્ધિથી પણ ન સમજાય, અર્થાત્ કોઇ પણ પ્રમાણથી આત્માની ઉત્પત્તિ તથા વિનાશ ન જણાય તો તેથી સિદ્ધ થાય છે કે—આત્મા નિત્ય છે, ત્રિકાલવર્ત્તી છે, દલીલ વા બુદ્ધિના તર્કથી આત્મા છે, નિત્ય છે, એમ સિદ્ધ કરવાથી આત્માનું સ્વરૂપ સમજાતું નથી, પણ તેનો અંતરમાં નિરાવરણપણે સાક્ષાત્કાર થવાથી વા અનુભવ થવાથીજ આત્માનું યથાર્થ સ્વરૂપ સમજાય છે.

" છે દેહાદિકથી ભિન્ન આતમારે, ઉપયોગી સદા અવિનાશ;
એમ જાણે સદ્‌ગુરૂ ઉપદેશથીરે, કહ્યું જ્ઞાન તેનું નામ ખાસ.
મૂળ મારગ સાંભળો જિનનો રે "

આત્મા શું છે? તેનુ યથાર્થ સ્વરૂપ કેમ ઓળખાય? દેહાધ્યાસ દોષ તથા વિશ્વાકાર વૃત્તિથી વિરકત થઈ, આત્મભાવના જાગ્રત કરી, આત્માનો અનુભવ કેમ થાય? તેને યથાર્થ (લક્ષિગત) જાણવાથીજ આત્માનું નિત્યપણું સમજાય છે. આત્માનો તથા તેના નિત્યપણાનો અનુભવ થાય તેને ઉપશમ વા ક્ષયોપશમ ભાવે નિશ્ચય સમકિત કહે છે.

૩ પદ—આત્મા નિજકર્મ (સ્વભાવ) નો કર્ત્તા છે.

દરેક પદાર્થના ઉપાદાન તથા નિમિત્ત—એ કર્ત્તા હોય છે. જેમ કે ઘટનો ઉપાદાન (કારણ) કર્ત્તા માટી અને નિમિત્ત કર્ત્તા કુંભાર વિગેરે હોય છે. દરેક પદાર્થમાં મુખ્ય કર્ત્તા પોતાનોજ ગુણ હોય છે અને તે ગુણને કાર્ય પ્રાપ્તિમાં નિમિત્ત કર્ત્તા સહાયક રૂપે હોય છે. દ્રવ્યમાં ગુણ અને પર્યાય સ્વતઃ હોય છે. કેટલાક ગુણ સમયવર્ત્તી, કેટલાક ગુણ અમુક કાલવર્ત્તી અને કેટલાક ગુણ ત્રિકાલવર્ત્તી હોય છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, કાલ, પુદ્‌ગલ, આકાશ અને જીવ—એ છ દ્રવ્યમાં ચલન સહાયક સ્વભાવ, સ્થિર સહાયક સ્વભાવ, અવકાશક

સ્વભાવ, સમયપરિવર્તન સ્વભાવ, જડ સ્વભાવ અને ચૈતન્ય સ્વભાવ–એ મુખ્ય ગુણો ત્રિકાલવર્તી છે. દરેક દ્રવ્ય (ગુણી) ની સાથે તે ગુણનો અભેદ સંબંધ છે. જે ગુણનો ગુણી સાથે અભેદ સંબંધ હોવાથી ગુણના નાશની સાથે ગુણીનો પણ નાશ થાય છે. માટેજ મુખ્ય ગુણ ત્રિકાલ વર્ત્તી હોવાથી તે ગુણી (દ્રવ્ય) પણ ત્રિકાલવર્ત્તી રહે છે.

" હોય તેહનો નાશ નહિ, નહિ તેહ નહિ હોય;
એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય. "

જે દ્રવ્યમાં અભિન્ન સ્વભાવજનક મુખ્ય ગુણ છે તેનો ત્રિકાલે નાશ થતો નથી અને જે દ્રવ્યમાં જે ગુણ નથી, તે કદાપિ આવતો નથી. આવરણદોષને લઇ; વસ્તુ સ્વભાવની ભિન્નતા વા ન્યુનાધિકતા જણાય છે પણ વસ્તુતઃ તો અવિનાશી દ્રવ્ય ન્યુનાધિક ભાવોથી રહિત હોય છે. વર્તમાન સમયે જે સ્વભાવ છે તેજ સ્વભાવ ભૂતમાં હતો અને ભવિષ્યમાં પણ તેજ સ્વભાવ રહેશે, એમ નિયમિત સ્વભાવ ગુણ છે. કદાચ કોઇને શંકા થાય કે–કેવલજ્ઞાન પામવા પહેલાં તથા પછી ભેદ અવસ્થા જણાય છે તેનું કારણ શું ? તેના ઉતરમાં જણાવવાનું કે–આવરણની તરતમતાને લઇ મૂળ વસ્તુમાં ભેદ જણાય છે. એક દીપકને ગાઢ આવરણ આવવાથી પ્રકાશનો અભાવ જણાય છે. અને તે આવરણ દૂર થવાથી પ્રકાશનો ફેલાવો થાય છે, તેમજ આવરણમંદ હોવાથી પ્રકાશ ઝાંખો દેખાય છે, તેમ કાર્મણના ગાઢ આવરણને લઇ આત્મામાં અજ્ઞાન અને નિરાવરણને લઇ આત્મામાં જ્ઞાન જણાય છે. વસ્તુતઃ આત્માનો જે ચૈતન્ય ગુણ છે તેજ તેનો સ્વભાવ છે, તેમાંજ તેની રમણતા છે અને તેનોજ તે કર્તા છે. અન્ય પદાર્થોનો આત્મા કર્ત્તા નથી પણ જ્ઞાતા છે. દરેક દ્રવ્ય પોતપોતાના જ ગુણ પર્યાયનો કર્ત્તા છે. આત્મા ચૈતન્ય સ્વભાવનોજ કર્ત્તા છે, તે શિવાય સમસ્ત ભાવનો જ્ઞાતા છે કરવાપણું અને જાણવાપણું–એ ક્રિયા સાથે આત્મા કરી શકેજ નહિ. કોઇ પણ દ્રવ્ય પોતાની ક્રિયા એકપણ સમય છોડી બીજા દ્રવ્યની ક્રિયા કરવા જાય તો પોતાનું દ્રવ્યપણું ગુમાવી બેસે. અત્રે કોઇને પ્રશ્ન થશે કે–શાસ્ત્રમાં ઘણે સ્થળે નિરૂપણ કરેલ છે કે–આત્મા વિભાવદશામાં કર્મનો કર્ત્તા છે, આત્મા રાગદ્વેષ કરે છે, અજ્ઞાનદશામાં આત્મા કર્મથી અશુદ્ધ હોય છે, સમ્યકત્વજ્ઞાન થયા પછી આત્મા શુદ્ધ થાય છે, આમ કરે છે તેનું કારણ શું ? તેના ઉત્તરમાં જણાવવાનું કે આત્મજ્ઞાનીએ રચેલી શાસ્ત્રની વાતો ત્રિકાલ સત્ય છે, પણ આત્મજ્ઞાનીઓએ રચેલ શાસ્ત્રોના યથાર્થ રહસ્યને આત્મજ્ઞાની પુરૂષ જાણી શકે છે. આત્માનુભવ થયા વિના શાસ્ત્રનું ખરૂં રહસ્ય ન સમજતાં

શાસ્ત્રો શાસ્ત્રરૂપે પરિણમે છે અર્થાત્ અર્થનો અનર્થ થઇ જાય છે. શાસ્ત્ર રચના સત્યનિક, ભયાનિક, જાત્રતીક અને ઉપમાયિક એમ ચાર ભેદે હોય છે. સત્પુરૂષને અંતર્દૃષ્ટિથી ઓળખ્યા વિના તથા આત્મસ્વરૂપનો અનુભવ થયા વિના ન્યાય વ્યાકરણના સેંકડો ગ્રંથો ભણી શબ્દજ્ઞાનીઓ ગમે તેટલાં શાસ્ત્રો વાંચે તથાપિ તે ખરા રહસ્યને સમજી શકતા નથી. ઉત્તરાધ્યયન સૂત્રમાં ૩૩ મે અધ્યયને ૬૭૦ મે પાને લખ્યું છે કે " **अशुद्धपुद्गला अत्यंतविशुद्धा भवंति तदासम्यक्त्वं कथ्यते** " અશુદ્ધ પુદ્ગલો જ્યારે વિશુદ્ધ થાય છે ત્યારે તેને સમકિત કહે છે. અહિં અશુદ્ધ આત્મા શુદ્ધ થાય તેને સમકિત કહ્યું નથી પણ અશુદ્ધ પુદ્ગલો વિશુદ્ધ થાય તેનેજ સમકિત કહ્યું છે. આત્મામાં તો જે સ્વભાવ છે તેજ અબાધિત છે. આત્મામાં શુદ્ધાશુદ્ધપણું નથી. આત્મા તો શુદ્ધા-શુદ્ધપણાનો જ્ઞાતા છે. પણ આવરણ દોષને લઇ આત્મામાં શુદ્ધાશુદ્ધપણું મનાયું છે. કમળા (પિત્ત) ના રોગીને ઉજ્વળ વસ્ત્ર પણ પીતવર્ણું દેખાય છે, તેથી વસ્ત્રની ઉજ્વળતાનો લય તથા પીળાશની પ્રાપ્તિ થતી નથી. પણ દૃષ્ટિદોષને લઇ મનાય છે, તેમ આવરણ દોષને લઇ આત્મામાં શુદ્ધાશુદ્ધ-પણું મનાય છે. આવરણ દોષનો નાશ થતાં આત્મા તો જેવો છે તેવોજ અનુભવાશે, આત્માનો યથાર્થ અનુભવ થયા વિના શાસ્ત્રમાં લખેલ આત્મા શબ્દથી ચૈતન્યવાન્ આત્મા કર્મ કરે છે—એમ માનવાનું નથી. આત્મા શબ્દથી મનને પણ આત્મા કહેલ છે અને કાયાને પણ અપેક્ષિતભાવે આત્મા કહ્યો છે. ઉત્તરાધ્યયન સૂત્રના ૯ મા અધ્યયને કહ્યું છે કે—" **अत्र आत्मा शब्देन मनः सर्वत्र उच्यते.** " અહીં આત્મા શબ્દ કહ્યો છે, પણ નવીન નવીન અધ્યવસાયો કરે છે, તેથી **મન** કહેવું એમ જણાવ્યું છે. વળી તેજ સૂત્રના ૨૩ મા અધ્યયનમાં ૭૦૫ મે પાને મન ઉપર આત્માનો અભેદ ઉપચાર કહ્યો છે. એમ ઘણે સ્થળે આત્મા શબ્દનું કથન મન ઉપર દર્શાવ્યું છે. આત્મા તો જેવો છે તેવોજ સદા ત્રણે કાળ રહેવાનો છે, માત્ર અંતરાત્મા (મન) કર્મને ગ્રહણ કરે છે, તેથીજ તે અશુદ્ધ થયો છે, મન જ્યાંસુધી પાંચે ઇંદ્રિયોમાં તન્મ-યપણે પરિણમે છે, ત્યાં સુધી તેને ઉપચારનયથી બહિરાત્મા કહી વર્ણવ્યો છે, તેજ મન જ્યારે બહિરાત્માથી વિરકત થઇ પરમાત્માનો વિચાર કરશે, ત્યારે તેને અંતરાત્મા કહે છે અને પરમાત્માની સન્મુખ થઇ વિશુદ્ધ થશે, ત્યારે તેને પરમાત્મા કહેશે.

પરમ તત્ત્વજ્ઞાની શ્રીમાન રાજચંદ્રજી જણાવે છે કે—

કર્તા ભોક્તા કર્મનો, વિભાવ વર્તે ત્યાંય;
વૃત્તિ વહે નિજ ભાવમાં, થયો અકર્તા ત્યાંય."
વર્તે નિજ સ્વભાવનો, અનુભવ લક્ષ્ય પ્રતીત;
વૃત્તિ વહે નિજ ભાવમાં, પરમાર્થે સમકિત."

જ્યાં સુધી વિભાવદશા વર્તે, ત્યાં સુધી આત્મા કર્મનો કર્તા તથા ભોક્તા કહેવાય છે અને જ્યારે વૃત્તિ પોતાના ભાવમાં વર્તે ત્યારે અકર્તા થાય છે. અહીં આત્મા શબ્દથી ઘણાએ એમ માન્યું છે કે—ચૈતન્યાત્મા જ કર્મનો કર્તા અને ભોક્તા છે, પણ એ ભુલ થાય છે. વિચાર શૂન્ય મનુષ્યાત્માઓ શાસ્ત્રનું વાંચન વા શ્રવણ કરી યથાર્થ ભાવાર્થ સમજ્યા વિના શબ્દાર્થથી શબ્દને પકડી શબ્દાગ્રહ કરે છે, જેથી વાસ્તવિક સત્યતાને સમજી શકતા નથી. જ્યારે વિભાવ દશા વર્તે ત્યારે આત્મા કર્મનો કર્તા તથા ભોક્તા બને છે અને સ્વભાવદશા વર્તે ત્યારે અકર્તા થાય છે, પણ સ્વભાવદશા વર્તે એટલે શું ? તેજ વિચારવાનું છે. ' વૃત્તિ વહે નિજ ભાવમાં ' એ પદનો અર્થ કેવા ગંભીર ભાવયુક્ત છે. વૃત્તિ શું ? અને તેનું ઉપાદાન શું ? તે વિચારતાં સ્પષ્ટ સમજાય છે કે-વૃત્તિ એ માનસિક પરિણામ છે અને તેનું ઉપાદાન અંતરાત્મા (મન) છે. આ ઉપરથી ઉપરોક્ત દુહાનો અર્થ સિદ્ધ થાય છે કે—જ્યારે વૃત્તિ (માનસિક પરિણામ) વિભાવદશામાં વર્તે એટલે પાંચ ઇંદ્રિયોના વિષયોમાં તદાસક્ત પરિણમે, ત્યારે વાસનાશક્તિ જન્યથી કર્મનો બંધ થાય છે. શાસ્ત્રમાં પણ ' પરિણામે બંધ કહ્યું છે.' અર્થાત્ બંધ-મોક્ષનું કારણ મન વા વૃત્તિઓનું વિષયાસક્તપણે પરિણમવું તેજ છે. મન બહિર્ભાવમાં વર્તે છે તેથી કર્મ બંધાય છે. મન ઉપર આત્માનો ઉપચાર કરી આત્માને કર્મનો કર્તા વા ભોક્તા કહ્યો છે. મનની વૃત્તિઓ જ્યારે બહિર્ભાવમાંથી નિવૃત્ત થઇ આત્મભાવમાં સ્થિર થાય છે ત્યારે કર્મનો ક્ષય થાય છે અને તેથી તેને અકર્તા કહ્યો છે. આ પ્રકારે મન તથા આત્માનું યથાર્થ સ્વરૂપ જાણી આત્માનો અનુભવ થાય અને કર્તાપદની લબ્ધિ થાય, અવિરોધપણે આત્મભાવ સમજાય અને અખંડ નિઃશંકતા રહે, ત્યારે તેને ક્ષાયિક સમકિત થાય છે.

૪ પદ આત્મા ભોક્તા છે.

ચૈતન્ય શક્તિમાન્ આત્મા જેમ પોતાના જ્ઞાનાદિ સ્વભાવનો કર્તા છે, તેજ રીતે પોતાના ચૈતન્ય સ્વભાવનો ભોક્તા છે. જ્ઞેયાકારે જ્ઞાન પરિણમે છે. જડ ચૌદ રાજલોકમાં સમયે સમયે પોતાની ક્રિયા કરે છે, તેને આત્મા સમયે સમયે જાણે છે. સમય સમય જે જ્ઞાતાપણાનો સ્વભાવ, તેમાં જે રમણતા તેજ

આત્માનું ભોક્તાપણું છે અને મન જેમ બહિર્ભાવમાં કર્મનો બંધ કરી તેનો કર્ત્તા બને છે, તેમ તે બંધ જ્યારે ઉદયમાં આવે તેને ભોગવવાથી કર્મનો ભોક્તા પણ બને છે. શુભાશુભ ઉદયને સમપરિણામે ભોગવવાની જે નિર્લેપ દશા તેજ આત્માનું ભોક્તાપણું છે. આત્માનુભવ થયા પછી વિશુદ્ધ ભાવનાઓની વિશેષ જાગ્રતી થતાં આત્મા પોતાના સ્વભાવનો જ્ઞાતા બનવાની સાથે દૃષ્ટા તથા સહજ શુદ્ધતા થવાથી ચારિત્રભાવ આવે છે, અર્થાત્ નિર્વિકલ્પદશાની વૃદ્ધિ થતાં વૃત્તિઓ વિરામ પામવાથી આત્મસ્થિરતારૂપ ચારિત્રની પ્રાપ્તિ થાય છે. ભોક્તાપદની લબ્ધિ થતાં ચારિત્રગુણ પાંચમા ગુણસ્થાનકથી પ્રગટ થાય છે. માટે ભોક્તાપદની જ્યાં લબ્ધિ થાય ત્યાં ચારિત્રગુણની પ્રાપ્તિ થાય છે.

૫ પદ મોક્ષ છે.

"कर्मणो विमुक्तिः मोक्षः" કર્મથી સર્વથા મૂકાવું તેને મોક્ષ કહે છે. બહિરાત્મભાવને લઇ જેમ કર્મનો બંધ છે, તેમ આત્મભાવ થવાથી કર્મની નિવૃત્તિ પણ થાય છે. મનની ઇંદ્રિયવિષયાસક્તપણે પ્રવૃત્તિ થવાથી બંધ થાય છે. અને વિષયથી નિવૃત્ત થઇ આત્મભાવમાં લીન બનવાથી મોક્ષ થાય છે. કર્મ શું ? તેનો બંધ કેમ થાય છે ? કર્મનો આત્માને બંધ કેવો છે ? અને તેની નિવૃત્તિ કેમ થાય ? તેનું અંતરંગ લબ્ધિ થઇ યથાર્થ જ્ઞાન થાય ત્યારે કર્મને અબંધકભાવે ક્ષય કરવારૂપ ક્ષપકશ્રેણી આઠમે ગુણસ્થાનકે પ્રાપ્ત થાય છે, જેથી મોક્ષ છે–એ પદની યથાર્થ લબ્ધિ થતાં આઠમા ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે.

૬ પદ મોક્ષનો ઉપાય છે.

કારણ વિના કાર્યની પ્રાપ્તિ કદાપિ થતી જ નથી. જેથી મોક્ષ કાર્ય હોય તો મોક્ષ થવાનાં કારણો પણ હોવાંજ જોઇએ. માટેજ જ્ઞાનીઓએ કહ્યું છે કે– 'આત્મા ઉત્કૃષ્ટ ભાવની પ્રાપ્તિ કરી આત્મભાવમાં રમણ કરે તો અવશ્ય તેને મોક્ષોપાયની પ્રાપ્તિ થાય છે. સર્વ કર્મથી વા ચાર ઘાતી કર્મથી સર્વથા જે કારણથી મુક્ત થવાય અર્થાત્ કેવલજ્ઞાન વા સિદ્ધદશાની જે કારણથી પ્રાપ્તિ થાય તેને મોક્ષનો ઉપાય કહે છે. મોક્ષ એટલે શું ? અને તેનો ઉપાય શું ? તેની યથાર્થ લબ્ધિ થવાથી જ મોક્ષ વા કેવલજ્ઞાન થાય છે. માટે મોક્ષ ઉપાયના પદની લબ્ધિ ૧૦ મા ગુણસ્થાનકથી શરૂ થઇ ૧૨ મે સંપૂર્ણ થાય છે.

આ પ્રમાણે આત્મા છે, નિત્ય છે, નિજકર્મનો કર્ત્તા છે, ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે–એ ૬ પદની સામાન્ય બુદ્ધિથી વ્યાખ્યા સમાપ્ત કરી છે.

(અહિ ૭ પદ્નો અનુક્રમ ગોઠવવાથી ગણધરોનો અનુક્રમ સચવાયો નથી.)

૩ ગણધર વાયુભૂતિની શંકા ૧ લી—આત્મા નથી.

પા:—तज्जीवतश्शरीरे संदिग्धं वायुभूतिनामानं ऊचे विभुर्यथार्थं वेदार्थं किं न भावयसि ? यतः—" विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः " इत्यादि पदैर्भूतेभ्यो जीवः पृथक् नास्तीति प्रतीयते तथा " सत्येन लभ्यस्तपसा ह्येष ब्रह्मचर्येण नित्यज्योतिर्मयो हि शुद्धो यं पश्यंति धीरा यतयः संयतात्मानः " इत्यादि. अस्यार्थः—एष ज्योतिर्मयः शुद्ध आत्मा सत्येन तपसा ब्रह्मचर्येण लभ्यो ज्ञेय इत्यर्थः एभिस्तु वेदपदैर्भूतेभ्यः पृथक् आत्मा प्रतीयते ततस्तव संदेहः यदुत यच्छरीरं सएवात्मा अन्यो वेति ? परमयुक्तं एतत् यस्मात् विज्ञानघनेत्यादिभिरपि पदैः अस्मदुक्तार्थप्रकरेण आत्मसत्ता प्रकटैव इति तृतीयो गणधरः ३

૩ જા ગણધર વાયુભૂતિને ભગવાન્ કહે છે કે—'હે વાયુભૂતિ ! શરીર તેજ જીવ અને જીવ તેજ શરીર છે, એવી આશંકા ઉદ્ભવે છે; પણ વેદનો યથાર્થ અર્થ કેમ સમજતા નથી ? (મહાવીરદેવે ગણધરોને પ્રતિબોધ આપતાં વેદ ખોટા છે એમ કયાંય પણ કહ્યુંજ નથી, વેદ તો સાચાજ છે; પણ તેના અર્થને કેમ સમજતા નથી? એમ જણાવ્યું છે,) " विज्ञानघनएव एतेभ्यो भूतेभ्यः " વિજ્ઞાનઘન તેજ ભૂત છે, જળના પરપોટા જળમાંથી ઉત્પન્ન થાય છે અને તેમાંજ સમાઇ જાય છે. પણ જળ તથા પરપોટા જુદા નથી. તેમ પાંચ મહા ભૂતોમાં અદ્‌ભુત શક્તિઓ રહી છે, તેમાંથી વિવિધ પ્રકારની ક્રિયાઓ થાય છે. તેમાંની વિજ્ઞાન ઘન (જ્ઞાનનો સમૂહ) એ પણ એક જાતની ક્રિયા પાંચ મહાભુતોમાંથીજ ઉત્પન્ન થઇ ભુતોના નાશની સાથે તે શક્તિનો પણ તિરોભાવ (નાશ) થાય છે. માટે **વિજ્ઞાનઘન** એ વાક્યોથી જીવનું શરીરથી ભિન્નપણું સમજાતું નથી, પણ એકપણુંજ છે. વળી—

" નથી દૃષ્ટિમાં આવતો, નથી જણાતું રૂપ;
બીજો પણ અનુભવ નહિ, તેથી ન જીવ સ્વરૂપ. "

જેમ ઘર પટ આદિ પદાર્થો છે તે જણાય છે, તેમ આત્મા પણ વસ્તુ છે તો તે જણાય કેમ નહિ ? તે દૃષ્ટિમાં આવતો નથી, તેમજ તેનું કોઇ પ્રકારનું રૂપ વા આકૃતિ પણ છે નહિ, તેમ બીજું કાંઈ જુદું ચિન્હ પણ જણાતું નથી. માટે આત્મા જેવી વસ્તુ કોઇ છેજ નહિ અને આત્માજ ન હોય તો પછી **'मूलं नास्ति कुतः शाखा'** એક કહેવત પ્રમાણે મોક્ષ વિગેરેના સાધનો પણ નિષ્ફલ જાય છે. શરીરના વિનાશે વિજ્ઞાનઘનનો પણ વિનાશ છે. વિજ્ઞાનઘન એ દૃશ્ય શરીરથી જુદી વસ્તુ નથી કે જે શરીરના વિનાશે ટકી રહે. શરીર તેજ આત્મા છે—એમ સિદ્ધ થાય છે. સાથે વેદનાં કેટલાંક બીજાં વાક્યો (સત્ય, તપ, તથા બ્રહ્મચર્યથી જ્યોતિમય શુદ્ધ આત્માને સંયમી જ્ઞાની મહાત્મા જોઇ શકે છે.) થી, પાંચ મહાભૂતોથી આત્મા ભિન્ન હોય તેવી પણ પ્રતીતિ થાય છે. જેથી શરીરથી આત્મા ભિન્ન છે કે શરીર તેજ આત્મા છે. એવી તારી આશંકા અયુક્ત છે. મહાવીર પ્રભુ કહે છે કે—હે વાયુભુતિ ! શરીરથી આત્મા ભિન્ન છે, શરીર દૃશ્ય અને જડ છે, જ્યારે આત્મા અદૃશ્ય અને ચૈતન્યમય છે. શરીર વિનાશી છે, આત્મા ત્રિકાલવર્તી છે. શરીર જ્ઞેય છે અને આત્મા જ્ઞાતા છે—

" ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બંને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન. "

કમળાના રોગથી ઉજ્વળ પદાર્થ પણ પીતવર્ણો ભાસે છે, દૂરથી તલવાર તથા મ્યાન એક જણાય છે, અંધકારના આવરણથી વસ્તુ તથા અંધકાર અભિન્ન જણાય છે, પણ જ્યારે આવરણ દૂર થાય છે ત્યારે ઉજ્વલ વસ્ત્ર ઉજ્વલ રૂપે, તલવાર તથા મ્યાન ભિન્ન રૂપે, તેમ અંધકાર તથા પદાર્થ ભિન્ન રૂપે જણાય છે. તેમ અનાદિકાલના અજ્ઞાનજન્ય કર્માવરણોને લઇ, દેહાધ્યાસ બુદ્ધિ થવાથી આત્મા તથા દેહ એક જણાય છે, પણ આત્મજ્ઞાન પ્રગટ થતાં દેહાતીત આત્મા દેહથી ભિન્ન જણાય છે. દેહ તથા આત્મા એક હોય તો જાણવા જણાયાની ક્રિયા ભિન્ન પડેજ નહિ. અને ભિન્ન પડતી પ્રત્યક્ષ અનુભવાય છે—

" જે દૃષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવ સ્વરૂપ. "

જે સ્થૂળ દૃષ્ટિ ચક્ષુ અને સુક્ષ્મ દૃષ્ટિ મન—તેનો પણ દૃષ્ટા (જોનાર) છે. દરેક ઇંદ્રિયને પોતાનાજ વિષયનું જ્ઞાન હોય (ક્રિયાનું કરવાપણું) છે

અને આત્મા પાંચે ઇંદ્રિયો તથા છઠ્ઠા મનની પણ ક્રિયાને જાણે છે, જેને કોઇ જાતની બાધા આવતી નથી. ચક્ષુમાં જોવાની શક્તિ છે, છતાં સૂર્યના પ્રકાશનો અભાવ હોય, ત્યારે અંધકારમાં પાસે પડેલી વસ્તુ જોવામાં પણ બાધ આવે છે. કેમકે ચક્ષુમાં જોવાપણું–એ નિમિત્તજન્ય ગુણ છે. નિમિત્ત (સૂર્યપ્રકાશ) ના અભાવે ગુણને બાધ આવે છે. જ્યારે આત્માને જાણવામાં કોઇ પણ સ્થુલ વા સૂક્ષ્મ પ્રકાશના નિમિત્તની જરૂર પડતીજ નથી. તેથી અબાધપણે જે જાણે છે તે દેહાતીત જીવ વા આત્માજ છે. ઘટ પટ આદિ વસ્તુઓ જડ, દૃશ્ય તથા જ્ઞેય છે, સ્થુલ દૃષ્ટિગોચર થાય છે, જ્યારે જીવ ચૈતન્યરૂપ, જ્ઞાતા અને અદૃશ્ય છે, જેથી સ્થુલ દૃષ્ટિથી અગોચર છે. સૂર્યનો પ્રકાશ જે પદાર્થો ઉપર પડે છે, તે પદાર્થો પ્રકાશને જાણી શકતા નથી, પણ પ્રકાશત્વને લઇ પ્રકાશગુણની સિદ્ધિ થાય છે, તેમ પાંચ ઇંદ્રિયો, મન તથા ઘટપટ આદિ પદાર્થો આત્માને જાણી શકતા નથી, પણ આત્મા તેને જાણે છે, જેથી જ્ઞાતૃત્વ શક્તિને લઇ જીવની દેહથી ભિન્નતા વા હયાતી સિદ્ધ થાય છે. સ્થુળ દેહમાં બુદ્ધિની મંદતા અને કૃશ શરીરમાં બુદ્ધિની વિશેષતા જોતાં પણ દેહથી આત્માની ભિન્નતા સાબીત થાય છે. માટે હે વાયુભૂતિ ! આત્માની હયાતી છતાં તેની શંકા કરે–એ તો વિચિત્ર અજ્ઞાનજ છે. અગ્નિમાં તપ્ત થયેલ લોહ સામાન્ય દૃષ્ટિથી જોતાં અગ્નિમય એકજ જણાશે, પણ સુક્ષ્મ દૃષ્ટિથી નિરીક્ષણ કરતાં લોહ તથા અગ્નિ બંને ભિન્ન જણાશે, તેમ દેહાધ્યાસ દોષને લઇ દેહ તથા આત્માનું ઐક્યપણું દેખાય છે, પણ જ્ઞાનદૃષ્ટિની જાગૃતી થતાં આત્મા પ્રત્યક્ષ રીતે દેહથી ભિન્ન જણાશે.' એ પ્રમાણે મહાવીર પ્રભુની દિવ્ય વાણી સાંભળી દીર્ઘ વિચારપૂર્વક વિચાર કરવ થી પ્રભુ પ્રણીત જ્ઞાન અવિરોધપણે બુદ્ધિગમ્ય તથા અનુભવગમ્ય થતાં પોતાની શંકા લય થવાથી પરમ તત્ત્વજ્ઞાનને પામી, મહાવીર ભગવંત પાસે દીક્ષા ગ્રહણ કરી ગણધરપદને પામ્યા.

૧ ગણધર ઇંદ્રભૂતિની શંકા ૨ જી–આત્મા છે પણ નિત્ય નથી.

" चिंतयंतमिति प्रोचे प्रभुः को जीवसंशयः ?
विभावयसि नोवेद–पदार्थं शृणुतान्यथ " ॥

वेदपदानि च—" विज्ञानघन एवैतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानुनश्यंति न प्रेत्यसंज्ञास्तीति " त्वं तावत् एतेषां पदानामर्थमेवं करोषि यत् विज्ञानघनो गमनागमनादि चेष्टा-

वान् आत्मा एव एतेभ्यो भूतेभ्यः पृथिव्यप्तेजोवाय्वाकाशेभ्यः समुत्थाय प्रकटीभूय मद्यांगेभ्यो मदशक्तिरिव ततस्तानि भूतान्येव अनुविनश्यति जीवः, तत्रैव विलयं याति जले बुद्बुद इव, ततो भूतातिरिक्तस्य आत्मनोऽभावात् न प्रेत्यसंज्ञास्ति, मृत्वा पुनर्जन्म नास्तीति, परं अयुक्तोऽयमर्थः, शृणु तावदेतेषामर्थ–विज्ञानघन इति कोऽर्थः ? विज्ञानघनो ज्ञानदर्शनोपयोगात्मकं विज्ञानं तन्मयत्वादात्माऽपि विज्ञानघनः प्रतिप्रदेशमनंतपर्यायात्मकत्वात्, सच विज्ञानघन उपयोगात्मक आत्मा कथंचित् भूतेभ्यस्तद्विकारेभ्यो वा घटादिभ्यः समुत्तिष्टते उत्पद्यते इत्यर्थः घटादिज्ञानपरिणतो हि जीवो घटादिभ्य एव हेतुभूतेभ्यो भवति घटादिज्ञान परिणामस्य घटादिवस्तुसापेक्षत्वात्, एवं च एतेभ्यो भूतेभ्यो घटादिवस्तुभ्यस्तत्तदुपयोगतया जीवः समुत्थाय समुत्पद्य तान्येव अनुविनश्यति कोऽर्थः ? तस्मिन् घटादौ वस्तुनि नष्टे व्यवहिते वा जीवोऽपि तदुपयोगरूपतया नश्यति, अन्योपयोगरूपतया उत्पद्यते, सामान्यरूपतया वा अवतिष्ठते, ततश्च न प्रेत्यसंज्ञास्ति, कोऽर्थः ? न प्राक्तनी घटाद्युपयोगसंज्ञा अवतिष्ठते, वर्त्तमानोपयोगेन तस्या नाशितत्वादिति, अपरं च " स एव अयं आत्मा ज्ञानमयः " इत्यादि तथा " द द द " कोऽर्थः ? दमो दानं दया इति दकारत्रयं यो वेत्ति स जीवः । किं च विद्यमान भोक्तृकं इदं शरीरं भोग्यत्वात् ओदनादिवत् इत्याद्यनुमानेनापि तथा–

" क्षीरे घृतं तिले तैलं, काष्ठेऽग्निः सौरभं सुमे ।
चंद्रकांतौ सुधा यद्वत्तथात्मांगगतः पृथक् " ॥ १ ॥

एवं च प्रभुवचनैः छिन्नसंदेहः श्रीइंद्रभूतिः पंचशतपरिवारः प्रव्रजितः । तत्क्षणाच्च " उप्पन्नेइ वा (१) विगमेइ

वा (२) धुवेइ वा (३)" इति प्रभुवदनात् त्रिपदीं प्राप्य द्वादशांगीं रचितवान् । इति प्रथमो गणधरः ॥ १ ॥

શંકા–'विज्ञानघन' એ વાક્યથી સિદ્ધ થાય છે કે–ગમનાદિ ચેષ્ટાવાળો જે આત્મા તે પૃથ્વી, અપ, અગ્નિ, વાયુ અને આકાશ–એ પાંચ મહાભૂતોમાંથી ઉત્પન્ન થઇ તેમાંજ નાશ પામે છે, તેથી પ્રેત્યસંજ્ઞા નામ પૂર્વ સંજ્ઞા–પૂર્વભવ છે નહિ, અર્થાત્ આત્મા નિત્ય નથી. જેમ મદ્યમાંથી મદ્યાંગશક્તિ, જળમાંથી બુદ્બુદ (પરપોટા) ઉત્પન્ન થઇ મદ્યાંગશક્તિનો મદમાં અને બુદ્બુદનો જળમાં સમાવેશ થાય છે, તેમ આત્મા પાંચ મહાભૂતોમાંથી ઉત્પન્ન થઇ તેમાંજ સમાવેશ પામે છે:

" અથવા વસ્તુ ક્ષણિક છે, ક્ષણે ક્ષણે પલટાય;
એ અનુભવથી પણ નહિ, આત્મા નિત્ય જણાય. "

અથવા વિશ્વમાં જે જે વસ્તુઓ રહેલી છે, તે ક્ષણે ક્ષણે પર્યાયાંતરને પામી વિનાશ થાય છે, તેમ આત્મા પણ વસ્તુ છે તેથી તેનો પણ વિનાશ થવો જોઇએ અને વિનાશ થવાનો સંભવ રહે તો ગતભવનો અભાવ થાય છે. ગતભવનો અભાવ થવાથી ભવિષ્યના ભવની પણ સિદ્ધતા થતી નથી. માટેજ આત્મા ભૂતોમાંથી ઉત્પન્ન થઇ ભુતોના નાશની સાથે તેનો પણ નાશ થાય છે, પણ નિત્ય નથી.

સમાધાન—મહાવીર ભગવંત કહે છે કે—' હે ઇંદ્રભુતિ ! આ તારી શંકા અયુકત છે. સાંભળ,—વસ્તુમાં આદિ તથા અનાદિ ધર્મ છે. જે વસ્તુનું ઉપાદાન (ઉત્પાદક) કારણ તથા નિમિત્ત (સહાયક) કારણ પ્રત્યક્ષ વા પરોક્ષ પ્રમાણથી ઉપલબ્ધ થતું હોય અને તેનો વિનાશ પ્રત્યક્ષ વા બુદ્ધિગમ્ય જણાતો હોય, તે વસ્તુઓ આદિ અને અંત યુક્ત હોય છે, પરંતુ જે વસ્તુનું ઉપાદાન કારણ તથા નિમિત્તકારણ કોઇપણ સાધન વા પ્રમાણથી સિદ્ધ થતું ન હોય, વા તેનો વિનાશ પણ જણાતો ન હોય તે વસ્તુ અનાદિ અનંત સ્વતઃ સિદ્ધ છે, જેથી તેનો ત્રિકાલે પણ નાશ થતો નથી. તેમ આત્મા દેહજન્ય વસ્તુ નથી, પ્રકાશમાંથી જેમ અંધકારની ઉત્પત્તિ અને અંધકારમાંથી જેમ પ્રકાશની ઉત્પત્તિ થતી નથી, તેમ દેહ વા પાંચ મહાભૂત–એ જડ દૃશ્ય તત્ત્વો છે, જ્યારે આત્મા ચૈતન્યભાવ–સંયુક્ત અદૃશ્ય તત્ત્વ છે, તેથી પાંચ મહાભુતમાંથી તેની ઉત્પત્તિ તથા નાશ થતો હોય તેમ જણાતું નથી. દેહની ઉત્પત્તિ તથા નાશ જેમ આત્માના અનુભવમાં આવે છે, તેમ આત્માની ઉત્પત્તિ તથા નાશનો અનુ-

ભૂત પાંચ મહાભૂતોને થતો જણાતો નથી. જેથી આત્મા સ્વતઃસિદ્ધ છે અને તે ત્રિકાલવર્ત્તી છે.

પાંચ મહાભૂતો જડ તથા દૃશ્ય છે, છતાં સર્વથા તેનો પણ વિનાશ નથી, પરંતુ તે પદાર્થોના સમયવર્ત્તી પર્યાયનોજ વિનાશ થાય છે. વિશ્વાકાશમાં ધર્માસ્તિકાય (ચલન સહાયક દ્રવ્ય) અધર્માસ્તિકાય (સ્થિર સહાયક દ્રવ્ય), આકાશાસ્તિકાય (અવકાશ સહાયક દ્રવ્ય) કાલ (સમય પરિવર્ત્તક દ્રવ્ય) પુદ્‌ગલ (જડ દ્રવ્ય) અને આત્મા-એ છ મૂળ દ્રવ્યો અનુત્પન્ન, અવિનાશી, ત્રિકાલવર્ત્તી અને અબાધિત દ્રવ્યો છે, અને તે છએ દ્રવ્યોમાં એક બીજાના અન્યોન્ય નિમિત્ત નૈમિત્તિક ભાવથી જે ક્રિયાઓ થાય છે, તે પર્યાય છે અને તે સમયવર્ત્તી છે. જેમ સુવર્ણના એક ઘાટને ગાળી બીજો આકાર ઉત્પન્ન કરવાથી વા બીજાને ગાળી ત્રીજા આકારને ઉત્પન્ન કરવાથી જુદા જુદા આકારો પર્યાયને પામે છે, પણ સુવર્ણરૂપે દ્રવ્યની હયાતીજ રહે છે. તથા એક કાષ્ઠના કટકાને બાળવાથી લાકડાનો વિનાશ અને રાખની ઉત્પત્તિ થાય છે, પણ પરમાણુરૂપે દ્રવ્યો જે લાકડામાં હતાં તે પર્યાયાંતરને પામી રાખરૂપે હયાત રહ્યાં છે. કાષ્ઠના વિનાશથી કાષ્ઠજન્ય પર્યાય (આકાર) નો વિનાશ થાય છે, પણ પરમાણુઓનો વા જડ તત્ત્વનો વિનાશ થતો નથી. તેમ આત્માના વિશ્વને જાણવારૂપ પર્યાયો પર્યાયાંતર થવાથી આત્માનો પણ વિનાશ થતો નથી. આત્મા જ્ઞાતા છે અને સમસ્ત વિશ્વ જ્ઞેય છે. જ્ઞેયના આકારે જ્ઞાન પરિણમે છે, અર્થાત્ વિશ્વના વિવિધ પદાર્થો (જ્ઞેય તત્ત્વો) સમયે સમયે ક્રિયાઓનું પરાવર્ત્તન, ઉત્પત્તિ અને વિનાશ કરી રહ્યા છે. જેવો જેવો જ્ઞેયનો આકાર પરાવર્ત્તન પામે, તેવો તેવો જ્ઞાનનો આકાર પણ પરાવર્ત્તન પામી, જ્ઞેયાકારનો વર્ત્તમાન પર્યાય નાશ થઇ બીજો ભાવી પર્યાય ઉત્પન્ન થાય છે વા વર્ત્તમાનપણાને પામે છે. તેમ જ્ઞાનાકાર પણ જ્ઞેયાકારના પરાવર્ત્તનની સાથેજ પરાવર્ત્તન વા નાશ પામી (વર્ત્તમાન જ્ઞાનાકારનો વર્ત્તમાન જ્ઞેયાકારની સાથે નાશ થઇ) ભાવિ જ્ઞાનાકારને વર્ત્તમાનના રૂપમાં લાવે છે. જેમ એક મોટા દર્પણ પાસેથી જુદી જુદી વસ્તુઓ નીકળે તેનો દર્પણમાં પ્રતિબિંબ પડે છે. પ્રથમ ઘોડો નીકળે તો તેનો દર્પણમાં અશ્વાકારે પ્રતિબિંબ પડે છે અને પછી હાથી નીકળે તો અશ્વાકારનો પ્રતિબિંબ લય પામી હસ્તીના આકારનો પ્રતિબિંબ પડે છે. એમ એક એક વસ્તુ જેમ આગળ ચાલતી જાય તેમ તેમ તે વસ્તુઓનો પ્રતિબિંબ પડી લય પામતો જાય અને નવી નવી વસ્તુઓનો પ્રતિબિંબ પડતો જાય. પ્રથમની (ભૂત) વસ્તુ ચાલી જતાં તેનો પ્રતિબિંબ લય પામવાથી દર્પણનો નાશ

થતોજ નથી, પણ દર્પણમાં રહેલ પ્રતિબિંબરૂપ પર્યાયનો નાશ થાય છે. દર્પણ તો જેમ છે તેમજ રહે છે. તેમ વિશ્વના જુદા જુદા જ્ઞેય પદાર્થોનો સમયે સમયે આકાર પરાવર્ત્તન થયા કરે છે. જ્ઞેયનો જે જે આકાર વર્ત્તમાને પ્રગટ થાય તે તે આકારને આત્માનો જ્ઞાનપર્યાય જાણે છે, જ્ઞેયના વર્ત્તમાન આકારના પરાવર્ત્તનની સાથે જ્ઞાનના વર્ત્તમાન પર્યાયનું પણ પરાવર્ત્તન થાય છે. અશ્વાદિ નિમિત્તોના ચાલી જવાથી દર્પણમાં રહેલ પ્રતિબિંબનો નાશ થતાં દર્પણનો વિનાશ થતો નથી, તેમ જ્ઞેય પર્યાયનું પરાવર્ત્તન થવાની સાથે વર્ત્તમાન જ્ઞાન પર્યાયનું પરાવર્ત્તન થવાથી આત્માનો નાશ થતો નથી. વર્ત્તમાન સમયનો જ્ઞેય પર્યાય ક્રિયારૂપમાં પરિણમી ભૂતના આકારમાં સમાવેશ પામે છે અને ભાવી પર્યાય વર્ત્તમાનના આકારમાં ઉત્પન્ન થાય છે. એમ સમયે સમયે જે જે વર્ત્તમાન જ્ઞેય પર્યાય ઉત્પન્ન થાય, તે તે પર્યાયને આત્માનો જ્ઞાનપર્યાય જાણે છે. વર્ત્તમાનનો જ્ઞેય પર્યાય નાશ થવાથી જ્ઞાનનો વર્ત્તમાન પર્યાય પણ નાશ પામે છે અને ભાવી જ્ઞેય પર્યાય પણ વર્ત્તમાનત્વને ધારણ કરે છે, તેની સાથે ભાવી જ્ઞાનપર્યાય પણ વર્ત્તમાનત્વને ધારણ કરે છે. એમ સમયે સમયે જ્ઞેયના આકારોનું પરાવર્ત્તન થવાથી વિશ્વમાં રહેલા અનંત જ્ઞેયનો જેમ નાશ થતો નથી, તેમ સમયે સમયે જ્ઞાનના પર્યાયો પરાવર્ત્તન પામવાથી જ્ઞાન સ્વરૂપી આત્માનો પણ નાશ થતોજ નથી. હે ગૌત્તમ! **વિજ્ઞાનઘન** એ પદનો ગમનાદિક ચેષ્ટાવાળો આત્મા–એમ જે અર્થ કરે છે તે યુક્ત નથી, પણ "**જ્ઞાનદર્શનોપયોગાત્મકં વિજ્ઞાનં**" જ્ઞાન દર્શનરૂપ જે ઉપયોગ તે વિજ્ઞાન અને "**तन्मयत्वादात्मापि विज्ञानघनः**" જ્ઞાન દર્શનરૂપ જે ઉપયોગ તેમય જે આત્મા તે વિજ્ઞાનઘન કહેવાય, અર્થાત્ જ્ઞાન સમૂહમય આત્મા છે. દરેક પ્રદેશમાં અનંત જ્ઞાન પર્યાય સંપન્ન આત્મા છે. આત્માનો જે જ્ઞાનોપયોગ તે ભૂતના એટલે ઘટાદિના પરિણામના હેતુવડે કરી જીવનું પરિણમવું થાય છે. કેમકે જ્ઞેયાકારે જ્ઞાન પરિણમે છે. માટે ઘટપટાદિ જ્ઞેયનો વર્ત્તમાન પર્યાય નાશ થયે તન્જન્ય જ્ઞાનનો પર્યાય પણ નાશ થાય છે. પર્યાય નાશ થવાથી આત્મદ્રવ્યનો નાશ થતો નથી. ઘટાદિ જ્ઞેયનો પર્યાય ઉત્પન્ન થયે જ્ઞાનોપયોગ રૂપ જ્ઞાન પર્યાયની ઉત્પત્તિ થાય છે. અને ઘટાદિ જ્ઞેયના પર્યાયનો નાશ થયે તદ્ભાવજન્ય જ્ઞાનોપયોગરૂપ જીવનો નાશ થાય છે, અર્થાત્ ઘટાદિપર્યાયજન્ય જ્ઞાન પર્યાયનો નાશ થાય છે, પણ આત્માનો નાશ થતો નથી, તે તો ત્રિકાલ અબાધિત જેમ છે તેમજ રહે છે, વળી—

" જે સંયોગો દેખાએ, તે તે અનુભવ દશ્ય;
ઉપજે નહિ સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ. "

વિશ્વમાંના જે જે સંયોગો છે, તે સર્વે આત્માના દૃશ્ય છે, તે સંયોગોના સ્વરૂપનો વિચાર કરતાં કોઇપણ સંયોગથી આત્માની ઉત્પત્તિ થઇ હોય તેમ જણાતું નથી. માટે આત્મા નિત્ય છે તથા પાંચ મહાભૂત એ જડ છે અને આત્મા ચૈતન્યરૂપ છે. જડથી ચૈતન્યની ઉત્પત્તિ અને ચૈતન્યથી જડની ઉત્પત્તિ થવી કદાપિ સંભવતી નથી, માટે આત્મા પાંચ મહાભુત રૂપ દેહથી ભિન્ન છે અને નિત્ય છે. વળી બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થા—એ શરીરની ત્રણ અવસ્થાઓ પલટાય છે, તે વખતે દેહ દૃષ્ટિવાળા જીવાત્માને આત્માની બાલ્ય, યુવા અને વૃદ્ધાવસ્થા જણાય છે, પણ વસ્તુત્વે તે આત્માની નથી, શરીરનીજ છે. શરીરની ત્રણ અવસ્થાનું પલટન થયે આત્મામાં કાંઇ પણ પલટાવાપણું થતું જ નથી, પરંતુ તે ત્રણ અવસ્થા જે દેહની થાય છે તે દેહ તથા અવસ્થાથી ભિન્ન રહી આત્મા તેને જાણે છે, માટે નિત્ય છે. તેમજ—

" ક્રોધાદિ તરતમ્યતા, સર્પાદિકની માંય;
પૂર્વ જન્મ સંસ્કાર તે, જીવ નિત્યતા ત્યાંય. "

બાળકને જન્મ સમયેજ વિનાભ્યાસે પણ સ્તનપાન કરવાની સંજ્ઞા થાય છે તેથી તથા સર્પાદિક પ્રાણીઓમાં પણ વિના અભ્યાસેજ બીજા જીવો કરતાં ક્રોધની અધિકતા હોય છે. તે પૂર્વ જન્મના સંસ્કાર વિના બનવું અશક્ય છે, તેથી આત્માની ભિન્નતા તથા નિત્યતા પ્રત્યક્ષ સિદ્ધ થાય છે. વળી—

" અથવા જ્ઞાન ક્ષણિકનું, જે જાણી વદનાર;
વદનારો તે ક્ષણિક નહિ, કર અનુભવ નિર્ધાર. "

અમુક પદાર્થ ક્ષણિક છે, એમ જે જાણે છે અને ક્ષણિકપણું કહે છે, તે કહેનાર વા જાણનાર ક્ષણિક હોય નહિ; કેમકે પ્રથમ ક્ષણે અનુભવ થયો તેને બીજે ક્ષણે તે અનુભવ કહી શકાય, તે બીજે ક્ષણે પોતેજ ન હોય તો જાણવાપણું ક્યાંથી રહે ? અને જાણનાર પ્રત્યક્ષ રહે તો જણાય છે, એ ઉપરથી પણ આત્મા અવિનાશી છે. જેમ ઘટપટ આદિ વસ્તુનો નાશ થઈ તેનું પરિણામ ઠીકરાં વિગેરે થાય છે તે પ્રત્યક્ષ જણાય છે, તેમ આત્મા નિમિત્તજન્ય હોય તો તેનો નાશ થઇ તેનું પરિણામ શું આવે ? તે જણાતું નથી. તેથી આત્મા નિત્ય છે, તથા ' દ દ દ ' એ વેદવાક્યથી દમ, દાન અને દયા—એ ત્રણ દક્ષરને જે જાણે છે તે જીવ છે. સૂર્યનો પ્રકાશ જેની ઉપર પડે છે તે વસ્તુ અને પ્રકાશ જેમ ભિન્ન છે તેમ દેહાદિ જ્ઞેય અને આત્મા પણ ભિન્ન છે. ક્ષીરે ઘૃતં

એ શ્લોકની વ્યાખ્યા મુજબ દુધમાં ઘૃત, તલમાં તેલ, અરણીના કાષ્ઠમાં અગ્નિ, કુસુમમાં સુગંધ અને ચંદ્રકાંતમણિમાં અમૃતરસ જેમ બાહ્ય દૃષ્ટિથી જોનારને એક જણાય છે, પણ વસ્તુત્વે ભિન્ન છે, તેમ દેહાધ્યાસ દોષને લઇ દેહ તથા આત્મા એક જણાય છે, પણ વસ્તુત્વે દેહથી આત્મા ભિન્ન છે. દેહાદિ દૃશ્ય છે અને આત્મા તેનો દૃષ્ટા છે. જેથી આત્મા નિત્ય છે.' એ પ્રમાણે ભગવંતની સંદેહ વિનાશક વાણી સાંભળી જેની શંકા લય પામી છે એવા ઇંદ્રભૂતિ મહાત્માએ પોતાના પાંચસો શિષ્યોના પરિવાર સાથે પ્રભુ પાસે દીક્ષા લીધી તથા ઉત્પાદ, વ્યય, અને ધ્રુવ-એ વિશ્વના ત્રણ પદોનું યથાર્થ સ્વરૂપ ભગવંતના મુખથી શ્રવણ કરવાથી દ્વાદશાંગીના જ્ઞાનને પામ્યા.

૨–ગણધર અગ્નિભૂતિની શંકા ૩ જી આત્મા કર્ત્તા નથી.

પાઠ—હે गौतमाग्निभूते ! कः संदेहस्तव कर्मणः कथं वा वेदतत्त्वार्थं विभावयसि न स्फुटं ? स चायं—" पुरुष एवेदं ग्निं सर्वं पदभूतं यच्च भाव्यं " इत्यादि तत्र ग्निं इति वाक्यालंकारे, यत् भूतं अतीतकाले, यच्च भाव्यं भाविकाले, तत्सर्वं इदं पुरुष एव आत्मैव एवकारः कर्मेश्वरादिनिषेधार्थः, अनेन च वचनेन यन्नरामरतिर्यक्पर्वतपृथिव्यादिकं वस्तु दृश्यते तत्सर्वं आत्मैव, ततः कर्मनिषेधः स्फुट एव, किं च अमूर्त्तस्य आत्मनो मूर्त्तेन कर्मणा अनुग्रह उपघातश्च कथं भवति ? यथा आकाशस्य चंदनादिना मंडनं, खड्गादिना भंडनञ्च न संभवति, तस्मात् कर्म नास्तीति तव चेतसि संशयो वर्त्तते, परं हे अग्निभूते ! नायमर्थः समर्थः, यत् इमानि पदानि पुरूषस्तुतिपराणि, यथा त्रिविधानि वेदपदानि, कानि चिद्विधिप्रतिपादकानि, यथा–" स्वर्गकामोऽग्निहोत्रं जुहुयात्" इत्यादिनि, कानिचिदनुवादपराणि, यथा–"द्वादशमासाः संवत्सरः " इत्यादीनि, कानिचित्स्तुतिपराणि, यथा " इदं पुरूष एव " इत्यादीनि, ततो अनेन पुरूषस्य महिमा प्रतीयते नतु कर्माद्यभावः । यथाः–

" जले विष्णुः स्थले विष्णु विष्णुः पर्वतमस्तके ॥
सर्वभूतमयो विष्णु स्तस्माद्विष्णुमयं जगत् ॥ १ ॥

अनेन वाक्येन विष्णोर्महिमा प्रतीयते, नतु अन्यवस्तुनाम-भावः किंच अमूर्त्तस्यात्मनो मूर्त्तेन कर्मणा कथं अनुग्रहोपघातौ ? तदपिअयुक्तं, यत् अमूर्त्तस्यापि ज्ञानस्य मद्यादिना उपघातो ब्राह्म्याद्यौषधेन च अनुग्रहो दृष्ट एव, किं च कर्म विना एकः सुखी अन्यो दुःखी, एकः प्रभुरन्यः किंकरः, इत्यादि प्रत्यक्षं जगद्वैचित्र्यं कथं नाम संभवतीति श्रुत्वा गतसंशयः प्रव्रजितः ।२।

શંકા— 'पुरूष एवेदं सर्वं पदभूतं यच्च भाव्यं '—પુરૂષ મરીને પુરૂષ થાય, ભૂતકાલે જે થઈ ગયું અને ભવિષ્યમાં જે થશે, તે બધું પુરૂષમય વા આત્મામયજ છે. જેથી ભૂતમાં જે થયું તેજ વર્ત્તમાને થાય છે અને ભવિષ્યમાં પણ તેજ પ્રકારે થશે, તેથી તથા મનુષ્ય, દેવ, તિર્યંચ અને નારકી વિગેરે જે જે દૃશ્ય પદાર્થો છે તે બધા આત્મામયજ છે. તેથી કર્મ તથા ઇશ્વર કર્ત્તાપણાનો અભાવ સિદ્ધ થાય છે, સમસ્ત વિશ્વ આત્મામય છે અને જે જેવો હોય છે, તે તેવોજ મરીને થાય છે. જેથી ઇશ્વરની વા કર્મની આવશ્યકતા રહેતીજ નથી. વળી અમૂર્ત્ત એવું જે આકાશ તેને જેમ ચંદનાદિથી મંડન તથા ખડગાદિથી ખંડન કરવાનું સંભવતું નથી, તેમ અમૂર્ત્ત એવો જે ચૈતન્યાત્મા તેને મૂર્ત્તિમાન્ અને જડ એવા જે કર્મો તેનું આવરણ સંભવતું નથી, અને આવરણજ જ્યાં નથી, ત્યાં કર્મનું કરવાપણું પણ હોતું નથી.—

" આત્મા સદા અસંગને, કરે પ્રકૃતિ બંધ;
અથવા ઇશ્વર પ્રેરણા, તેથી જીવ અબંધ. "

આત્મા સદા અસંગ છે અને સત્ત્વાદિ ગુણ યુક્ત પ્રકૃતિ કર્મનો બંધ કરે છે વા કર્મ કર્મનોજ બંધ કરે છે, અથવા ઇશ્વરની પ્રેરણાથી કર્મબંધ થાય છે, પણ કર્મબંધ સાથે જીવનો સંબંધ નથી, તે તો અસંગજ છે. આમ કર્મનું અકર્ત્તાપણું હોવાથી મોક્ષ કરવાની આવશ્યકતા જણાતી નથી અને કર્મનું કર્ત્તાપણું આત્માને ઠરાવવાથી આત્માનો સ્વભાવ ઠરી જાય છે. તો " गुणगुणिनोश्च समवायः " ગુણી થકી ગુણ જુદો પડતો નથી—એ કારણથી પણ મોક્ષ પ્રાપ્ત થવાની આવશ્યકતા

જણાતી નથી. કર્મ જડ છે, અજ્ઞાન છે, આત્મા ચૈતન્યરૂપ જ્ઞાનમય છે, તેથી આત્માને કર્મનો બંધ લાગે તે સંભવતું નથી.

સમાધાનઃ—વેદનાં વચન ત્રણ પ્રકારનાં છે–કેટલાંક વિધિને પ્રતિપાદન કરનારાં છે, જેમકે "સ્વર્ગના ઇચ્છકે અગ્નિહોત્રાદિ ધર્મક્રિયા કરવી" કેટલાંક અનુવાદ જણાવનારાં છે, જેમકે " બાર માસનો એક સંવત્સર થાય, " અને કેટલાંક સ્તુતિને જણાવનારાં છે, જેમકે "આ પુરૂષ મહાન્ છે" ઇત્યાદિ, હવે પ્રથમ જે બતાવ્યું કે પુરૂષ મરીને પુરૂષજ થાય, તે પુરૂષનો મહિમા બતાવવાને કહ્યું છે. કેટલાક મંદકષાયી, સરલપરિણામી, પવિત્રાચરણી જીવો સત્કર્મના પ્રભાવથી પુરૂષ જન્મથી મુક્ત થઇ (મરણ પામી) ફરીને પણ પાંચ સાત ભવ સુધી પુરૂષ થાય છે, પણ તેથી કર્મના નિષેધાર્થે કહેવાનો હેતુ નથી. જેમ **' जले विष्णुः '** એ શ્લોકથી પરમાત્માનું માહાત્મ્ય બતાવ્યું છે, પણ તેથી જળ, સ્થળ વિગેરે વસ્તુઓનો અભાવ થતો નથી. વેદાંત, પરમાત્માને સર્વ સ્થળે વ્યાપક માને છે, પણ જૈન પરમાત્માને જ્ઞાપક માને છે, જેથી પરમાત્મા સમસ્ત વિશ્વમાં વ્યાપી રહ્યો છે એટલે જાણી રહ્યો છે, તેથી અન્ય પદાર્થોનો અભાવ થતો નથી. ઘરમાં દીપકનો પ્રકાશ સર્વ સ્થળે વ્યાપી રહેતાં પણ અન્ય વસ્તુઓની હયાતી ટકી શકે છે, તેમ પરમાત્માનો જ્ઞાન પ્રકાશ સમસ્ત વિશ્વમાં વ્યાપી રહેતાં પણ અન્ય પદાર્થોનો લય થતો નથી. બીજી શંકા જે અમૂર્ત્ત આત્માને મૂર્ત્તિમાન્ કર્મનો સંબંધ કેમ ઘટે ? તે પણ અયુક્ત છે. બુદ્ધિ અમૂર્ત્ત છે, તથાપિ મદ્ય વિગેરેના પાનથી બુદ્ધિ જડતાને પામે છે અને બ્રાહ્મી વિગેરે ઔષધિના સેવનથી બુદ્ધિ વિકસિત થાય છે, તેમ આવરણ દોષને લઇ કર્મનો સંયોગ હોય છે અને આવરણ દોષનો લય થવાથી કર્મનો વિનાશ થાય છે. માટે કર્મનું કર્ત્તાપણું સિદ્ધ થાય છે. કોઇ પણ કાર્યના ઉપાદાન કારણ તથા નિમિત્ત કારણ એમ બે કર્ત્તા હોય છે, ઘટનો ઉપાદાન કર્ત્તા માટી અને નિમિત્ત કર્ત્તા કુંભારાદિ છે, તેમ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય તથા કાલ–એ છએ દ્રવ્યો જોકે પોતે પોતાનીજ ક્રિયાના કર્ત્તા છે. પણ એક બીજા દ્રવ્યના નિમિત્ત વિના પોતાની ક્રિયા કોઈ કરી શકતું નથી. માટે કર્મનો ઉપાદાન કર્ત્તા રાગ, દ્વેષ અને અજ્ઞાન છે અને નિમિત્ત કર્ત્તા આત્મા છે. દરેક દ્રવ્યમાં નિમિત્ત નૈમિત્તિક ભાવ રહ્યો છે. પાણીમાં તારવાનો ધર્મ છે અને માછલામાં તરવાનો ધર્મ છે. માછલાને રેતીમાં મૂકવાથી તે તરવાની ક્રિયા કરી શકતું નથી, તેમજ પાણીમાં લોહું મૂકવાથી તારવાની ક્રિયા પાણી કરી શકતું નથી. તરનાર અને તારનાર બંનેનું

સમન્વયપણું થાય તોજ તરણ ક્રિયા થાય છે, તેમ પુદ્ગલ દ્રવ્યને આત્માનું નિમિત્ત મળવાથી કર્માવરણ ઉપાર્જન કરવાની ક્રિયા થાય છે. માછલું પાણીને તરવાનું વા પાણી માછલાને તારવાનું કહેતું નથી, છતાં પાણી તથા માછલાનો સંયોગ થતાં તરવાની ક્રિયા થાય છે. સૂર્ય પક્ષીને ગાવાનું કહેતો નથી, તેમ પક્ષીઓ સૂર્યને ગાવા માટે સહાય આપવાનું કહેતા નથી, છતાં સૂર્યના પ્રકાશે પક્ષીઓ ગાવા ફરવા વિગેરેની ક્રિયા કરે છે અને સૂર્યનો પ્રકાશ ન હોય ત્યારે સુવા વિગેરેની ક્રિયા કરે છે. તેમ આત્મા, પુદ્ગલ દ્રવ્યમાંથી કર્માવરણોની વૃદ્ધિ થાય તેમ ઇચ્છતો નથી, તેમજ કર્મો આત્માને કહેતાં નથી કે તમો અમને બંધન થવામાં સહાયતા આપો, પણ નિમિત્ત નૈમિત્તિક ધર્મને લઈ પુદ્ગલ દ્રવ્યને ધર્માસ્તિકાયનું નિમિત્ત મળે છે, ત્યારે તે ચાલવાની ક્રિયા કરે છે. કાલનું નિમિત્ત મળે છે ત્યારે સડણ-પડણની ક્રિયા કરે છે, તેમ આત્માનું નિમિત્ત મળે છે ત્યારે કર્મ બંધનની ક્રિયા કરે છે. તે નિમિત્ત ભાવને લઇ આત્માને કર્મનો કર્ત્તા કહ્યો છે. વસ્તુત્વે તો આત્મા પોતાના સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રમય સ્વ-ઉપયોગનોજ કર્ત્તા છે અર્થાત્ સ્વ-રૂપમાં રમણ કરે છે અને રાગ, દ્વેષ, અજ્ઞાન વા કાર્મણ શરીર (સુક્ષ્મ અધ્ય-વસાય) કર્મનો કર્ત્તા છે. આત્મા કર્મનો કર્ત્તા છે-એમ જે કહ્યું છે, તેમાં પણ ગૂઢ આશય છે. મહાત્મા બનારસીદાસ લખે છે કે—

" એક પરિણામકે ન કરતા દરબ દોય,
દોય પરિણામ એક દરબ ન ધરતુ હૈ. "

કોઇ પણ દ્રવ્ય બીજા દ્રવ્યની ક્રિયા એકસમ કરી શકે નહિ, પોતાની ક્રિયાનો એક સમય પણ અભાવ હોય તો દ્રવ્યપણું ઉડી જાય. માટે પોતાની ક્રિયાનો ત્યાગ કરી વા પોતાની ક્રિયાની સાથે બીજા દ્રવ્યની ક્રિયા કોઇ પણ દ્રવ્ય કરી શકે નહિ. દરેક દ્રવ્ય પોતપોતાનાજ ગુણ-પર્યાયનો કર્ત્તા છે, તો પછી આત્મા પણ દ્રવ્ય છે, વળી ચૈતન્યરૂપ છે તે જડ દ્રવ્યની ક્રિયા કરી શકે નહિ. આત્મા જડ દ્રવ્યનો કર્ત્તા નથી પણ જ્ઞાતા છે, જ્ઞાતા હોય તે કર્ત્તા હોઇ શકે નહિ અને કર્તા હોય તે જ્ઞાતા હોઇ શકે નહિ. માટે આત્મા કર્મનો કર્તા નથી, છતાં વ્યવહાર નયની અપેક્ષા બતાવી આત્માને કર્મનો કર્ત્તા કહ્યો છે અર્થાત્ અજ્ઞાનપણાને લઇ કર્મનો કર્ત્તા છે, એમ મનાયું છે, જેમ કાળાં વસ્ત્રધારી કોઇ પુરૂષ છેટેથી આવતો હોય ત્યારે દૃષ્ટિભ્રમને લઇ તેને જોતાં સ્ત્રી આવે છે-એવો સંકલ્પ કર્યો અને પાસે આવતાં પુરૂષ છે-એમ જણાયાથી સ્ત્રીતત્વનો સંકલ્પ લય થયો. પ્રથમ સ્ત્રીત્વનો સંકલ્પ કરતાં જોનામાં પુરૂષત્વનો નાશ થયો ન હતો, તેમજ સ્ત્રીત્વની ઉત્પત્તિ થઇ ન હતી, તેમજ પાસે આવતાં પુરૂષત્વનો

સંકલ્પ થયો તે સમયે પુરૂષત્વની ઉત્પત્તિ અને સ્ત્રીત્વનો વિનાશ થયો ન હતો, તે તો જેમ હતો તેમજ છે, પણ દૃષ્ટિદોષને લઈ સંકલ્પ પરાવર્ત્તન થતાં સ્ત્રીત્વની માન્યતા થઇ હતી, તેમ દેહાધ્યાસ બુદ્ધિને લઇ તથા અજ્ઞાન આવરણને લઈ આત્મા મનુષ્ય છે, વણિક છે, બ્રાહ્મણ છે, સ્ત્રી છે, પુરૂષ છે, વા કર્મનો કર્તા છે—એમ માન્યતા થઇ છે, આત્મા તો વસ્તુત્વે જેમ છે તેમજ છે. તે તો સ્ત્રી પણ નથી અને પુરૂષ પણ નથી, માત્ર સ્ત્રી-પુરૂષપણાની પ્રવૃત્તિ તથા ભાવનાનો જ્ઞાતા છે, પણ તથા પ્રકારનું જ્ઞાતાપણું નિરાવરણરૂપે અનુભવાયું નથી, તેથી આત્માને કર્ત્તા માન્યો છે. તે આત્મા શબ્દથી સમ્યગ્જ્ઞાન દર્શનોપયોગમય શુદ્ધ ચૈતન્યાત્મા નહિ પણ અંતરાત્મા (મન) છે. શાસ્ત્રોમાં આત્મા શબ્દને યોગ આત્મા, કષાય આત્મા, મન આત્મા—એમ ઘણા પ્રકારોથી વર્ણવ્યો છે, જેથી યથાર્થ રહસ્ય ન સમજાયાથી મંદબુદ્ધિમાન્ જીવાત્મા, આત્મા—એ શબ્દથી શુદ્ધ ચૈતન્યાત્માને માની બેસે છે, પણ તેમ નથી. આત્મા એટલે સુક્ષ્મ મન. ઉત્તરાધ્યયન સૂત્રના ૯ મા અધ્યયનમાં પણ એક સ્થળે ટીકાકારે લખ્યું છે કે—" **अत्र आत्माशब्देन मन एव उच्यते** " અહીં આત્મા શબ્દથી મન લેવું તેમ આત્મા કર્મનો કર્ત્તા છે તે સ્થાને સુક્ષ્મ મનથીજ કર્મબંધન થાય છે. કહ્યું છે કે—

" **मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः** "

મનુષ્યને બંધ તથા મોક્ષનું કારણ મન છે, પરિણામેજ બંધ છે. પરિણામ સંકલ્પ-વિકલ્પ વા અધ્યવસાય એ આત્માની ક્રિયા નથી, પણ સુક્ષ્મ મનની ક્રિયા થાય છે. આત્માના નિમિત્તથી મનની સુક્ષ્મ ક્રિયા થવાથી સંકલ્પ-વિકલ્પભાવને લઇ બંધ-મોક્ષની પ્રવૃત્તિ થાય છે. આત્મા જાણવાની ક્રિયા છોડી દઇ કર્મ કરવાની ક્રિયા કરે તો આત્મા ચૈતન્ય સ્વભાવથી હીન બની જડ થઇ જાય છે. માટે તેમ પણ બની શકે નહિ, તેમજ આત્મા, જાણવાની ક્રિયા કરવાની સાથે કર્મ બાંધવાની પણ ક્રિયા કરે તેમ પણ બને નહિ, કેમકે ક્રોધપણ દ્રવ્ય એ ક્રિયા સાથે કરી શકેજ નહિ. માટે આત્મા એટલે અંતરાત્મા (સુક્ષ્મ મન) એ કર્મનો કર્ત્તા છે અને શુદ્ધ ચૈતન્યાત્મા એ કર્મનો જ્ઞાતા છે, પણ સુક્ષ્મ મન આત્માના નિમિત્તને પામીને કર્મ બંધનની પ્રવૃત્તિ કરે છે, તેથી નિમિત્ત કર્ત્તા ભાવની અપેક્ષાએ આત્માને કર્મનો કર્ત્તા કહ્યો છે ૩.

૪ વ્યક્ત ગણધરની શંકા કે જી—આત્મા કર્ત્તા નથી.

" पंचसुभूतेषु तथा संदिग्धं व्यक्तसंज्ञकं विबुधं;
ऊचे विभुर्यथास्थं वेदार्थं किं न भावयसि "?

" येन स्वप्नोपमं वै सकलं इत्येष ब्रह्मविधिरंजसा विज्ञेयः' इति, अस्यार्थः—वै निश्चितं सकलं एतत् पृथिव्यादिकं स्वप्नोपमं असत् अनेन वेदवचसा तावद् भूतानामभावः प्रतीयते, पृथ्वी देवता, आपो देवता इत्यादिभिस्तु भूतसत्ता प्रतीयते, इति संदेहः परमविचारितमेतत्, यस्मात् ' स्वप्नोपमं वै सकलं ' इत्यादीनि पदानि अध्यात्मचिंतायां कनककामिन्यादिसंयोगस्य अनित्यत्वसूचकानि नतु भूतानिषेधपराणि इतिः"

શંકા—' **ब्रह्म सत्यं जगन्मिथ्या** ' બ્રહ્મજ્ઞાન તેજ સત્ય છે તે શિવાય સમસ્ત વિશ્વ મિથ્યા છે, એ વાક્યથી તથા પૃથિવ્યાદિ સર્વ પદાર્થો સ્વપ્નવત્ છે, સ્વપ્નમાં ચિંતવેલ પદાર્થો જાગ્રત થતાં દૃષ્ટિગોચર થતા નથી, તેમ જ્ઞાનદશાની જાગ્રતી થતાં આ સમસ્ત વિશ્વ દૃષ્ટિગોચર થશે નહિ વા લય થશે—એ વાક્યથી જગત્ છે નહિ એમ સિદ્ધ થાય છે અને ' **पृथ्वी देवता** ' પૃથ્વી દેવતા, જળ દેવતા—એ વાક્યોથી વિશ્વના પદાર્થોની હયાતી સિદ્ધ થાય છે, પણ ઉપરના વાક્યથી વિશ્વનો અભાવ હોય તો આત્માને કર્મ કરવાપણું છેજ નહિ, માટે આત્મા કર્મનો કર્ત્તા નથી.

સમાધાન—સ્વપ્નમાં ચિંતવેલ વસ્તુઓ જાગ્રત થતાં દૃશ્ય થતી નથી એ વાત ઠીક છે, પણ સ્વપ્નમાં જે ચિંતવન થાય છે તે શાથી ? વિશ્વમાં વસ્તુનોજ અભાવ હોત તો ચિંતન કેમ થાત ? અને કોનું થાત ? દૃશ્ય પદાર્થોજ સ્વપ્નમાં વિચારરૂપે ભાસમાન થાય છે. જો રૂપું હોત નહિ તો છીપ ઉપર રૂપાની ભ્રાંતિ કેમ થાત ? જો સર્પ ન હોત તો રજ્જુ (દોરી) ઉપર સર્પની ભ્રમણા કેમ થાત ? છીપ ઉપર રૂપાની ભ્રાંતિ થવાથી તથા રજ્જુ ઉપર સર્પની કલ્પના થવાથી રૂપું અને છીપની તથા રજ્જુ અને સર્પની—બંનેની હયાતી સિદ્ધ થાય છે, તેમ પદાર્થોના વિદ્યમાનપણાથી તેનું વિદ્યમાનપણું દૃષ્ટિગોચર થયું છે અને તેનો દૃશ્યભાવ બુદ્ધિમાં રમી રહ્યો છે, ઇંદ્રિયોની દ્વારાએ અનુભવેલી વસ્તુનું સ્મરણ બુદ્ધિમાં રમી રહે છે, ને નિદ્રામાં ઇંદ્રિયોના સાધન વિના મનમાં બુદ્ધિની સ્મૃતિ થાય છે તેજ સ્વપ્ન કહેવાય છે. સ્વપ્નમાં અનુભવેલ

પદાર્થો તથા સ્વપ્ન અસત્ય છે–એમ કહેવાનું કારણ પદાર્થના નિષેધ માટે નથી, પણ વિશ્વના સમસ્ત પદાર્થો વિનાશી છે તેની અસારતા બતાવવા માટે છે, તેમ જગતને સ્વપ્નવત્ કહેવાનો પણ હેતુ એજ છે કે–સચ્ચિદાનંદ આત્મા શિવાય સમસ્ત વિશ્વ અસત્ છે એટલે અભાવ છે એમ નહિ; પણ અસાર છે, વિનાશી છે, ક્ષણિક છે, આત્માને અધઃપતન કરનાર છે, માયાના આવરણોને વધારનાર છે, માટે તે આવરણોથી મુક્ત થવા, વિનાશી વિશ્વના મોહજનિત રાગથી રહિત થવા, સંસારના મોહિત પદાર્થો તરફ ઉદાસીન થઇ વૈરાગ્યને ઉત્પન્ન કરવા અને અવિનાશી એવા પરમ તત્વની પ્રાપ્તિ કરવા માટેજ વિશ્વને અસત્ નામ અસાર કહેલ છે, પણ તેથી વિશ્વનો અભાવ નથી, પણ હયાતી છે અને વિશ્વાકારવૃત્તિની અજ્ઞાન દશામાં આત્મા આવરણિત છે ત્યાં સુધી નિમિત્ત ભાવે કર્મનો કર્ત્તા છે, જ્યારે આવરણ ભાવનો લય થઈ આત્મભાવમાં રમણ કરશે, ત્યારે આત્મા સમસ્ત વિશ્વનો જ્ઞાતા થશે. ૩

૭–૮–૯–૧૦મા—એ ચાર ગણધરોની શંકા ૪ થી આત્મા ભોકતા નથી.

૭ મા ગણધર મૌર્યપુત્ર—'દેવતા નથી'! દેવતા વિગેરે સ્વપ્નવત્ છે માટે મિથ્યા છે, જો દેવતા નથી તો પુન્ય બાંધી તેનું ફળ સ્વર્ગ મળે તેમ નથી જેથી ભોકતાપણું અસિદ્ધ થાય છે. વળી બીજા વાકયમાં જ લખ્યું છે કે—યજ્ઞાદિક ધર્મક્રિયા કરનાર સ્વર્ગલોકે જાય છે. જો દેવતા જ ન હોય તો સ્વર્ગે ક્યાંથી જવાય?

૮ મા અંકપિત ગણધર—'નારક નથી' "**नह वै प्रेत्य नरके नारकाः संति**" એ વચનથી નરકનો અભાવ થાય છે. નરકનો અભાવ થવાથી પાપ–બંધના ફળનો પણ અભાવ થાય છે. તેથી ભોકતાપણું સિદ્ધ થઇ શકતું નથી. વળી બીજા એક વાકયમાં એમ લખે છે કે—"**यः कश्चित्पापमाचरति स नारको भवति**" પાપ કૃત્ય કરનાર નરકમાં જાય છે–એ વાકયથી નરકની સિદ્ધતા થાય છે.

૯ મા ગણધર અચલભ્રાતા–'પુણ્ય–પાપનો અભાવ છે.' **अग्निभूत्युक्तं "पुरुष एवेदं ग्निं सर्वं" इत्यादिपदं**. સમસ્ત વિશ્વ આત્મામય હોવાથી પુન્ય પાપનો અભાવ થાય છે, જેથી ભોકતાપણું સિદ્ધ થતું નથી.

૧૦ મા ગણધર મેતાર્ય—'પરભવ નથી.' ઇંદ્રભૂતિની માફક આત્મા પાંચ મહા ભૂતમાંથી ઉત્પન્ન થઇ ભૂતના નાશની સાથે આત્માનો નાશ થવાથી પુન્ય–પાપનાં કૃત્યો કરનારને તેના ફળનો અભાવ થાય છે, જેથી આત્માનું ભોકતાપણું ઉડી જાય છે.

સમાધાન—દેવતા તથા નારકી એ પણ ગતિ છે, ગતિ ત્રિકાલવર્તી હોતી નથી. શુભ કર્મબંધથી પુન્ય બાંધી દેવલોકમાં જાય અને અશુભ કર્મબંધથી પાપ બાંધી નરકમાં જાય, ત્યાં પુન્ય પાપના વિપાક ભોગવી, ત્યાંથી પણ જીવાત્માને અનેક ગતિમાં પરિભ્રમણ કરવું પડે છે. જેથી દેવતા તથા નારકી એ પણ અંતે વિનાશી છે. એ હેતુએ દેવતા તથા નારકીને માયોપમ કહેલ છે, પણ દેવ તથા નરકગતિના અભાવને માટે કહ્યું નથી. તેમજ નવમા ગણધરની શંકામાં સમસ્ત વિશ્વ આત્મામય છે તેથી પુન્ય પાપનો અભાવ થાય છે અને પુન્ય પાપનો અભાવ થવાથી ભોકતાપણું સિદ્ધ થતું નથી, એ વચન પણ સાપેક્ષ છે. દેહાધ્યાસ બુદ્ધિ તથા અજ્ઞાન દોષનો નાશ થવાથી આત્મજ્ઞાન જેને ઉત્પન્ન થયું છે એવા ઉપયોગ સ્વરૂપમાં રમણ કરનાર પરમ જ્ઞાનીને અખિલ વિશ્વ આત્મવત્ અનુભવાય છે. તેથી તેને પુન્ય પાપનો બંધ પડતો નથી, પણ પૂર્વ કૃત બંધના પ્રારબ્ધોદયને ઉપયોગ પૂર્વક સમપરિણામે વેદી, કર્માવરણથી મુક્ત થઈ શુદ્ધ બને છે, તેને બંધ મોક્ષ વા કર્ત્તાપણું હોતું નથી, પણ જે આત્મા અજ્ઞાન દોષથી આવરણિત થયેલ છે, તે તો રાગ દ્વેષ તથા અજ્ઞાનને લઇ કર્મનો બંધ કરે છે અને તેના સુખ દુઃખના વિપાકને પણ ભોગવે છે. દશમા ગણધરની શંકા પણ પ્રથમ ગણધરના જેવી છે. તે પણ આત્માને ક્ષણિક માનવાથી પુન્ય પાપનો અભાવ માને છે. તેનું સમાધાન પ્રથમ ગણધરના સમાધાનની સાથે આવી જવાથી અહીં વર્ણન કર્યું નથી. પૂર્વ પ્રારબ્ધ કર્મના આધારેજ સુખ દુઃખનું પરિણામ જીવાત્માને ભોગવવું પડે છે.

" એક રાયને એક રંક, એ આદિ જે ભેદ;
કારણ વિના ન કાર્ય તે, એજ શુભાશુભ વેદ. "

એક સુખી અને એક દુઃખી, એક રાજા અને એક રંક આદિ જે જે ભિન્ન પરિણામો જણાય છે, એજ પૂર્વકૃત શુભાશુભ કર્મનું પરિણામ છે. ૪

૫–૬ ગણધર સુધર્મા તથા મંડિતની શંકા પ મી મોક્ષ નથી;

શંકા—યો યાદશઃ સ તાદશઃ ઇતિ સંદિગ્ધં " પુરૂષો વૈ પુરૂષત્વમશ્નુતે પશવઃ પશુત્વં " ઇત્યાદીનિ ભવાંતરસાદશ્ય પ્રતિપાદકાનિ તથા–" શૃગાલો વૈ એષ જાયતે યઃ સપુરીષો દહ્યતે " ઇત્યાદીનિ ભવાંતરે વૈ સાદશ્યપ્રતિપાદકાનિ દૃશ્યંતે.

પુરૂષ મરીને પુરૂષ થાય અને શૃગાલ (શીયાળ) મરીને શૃગાલ જ થાય. જેમ ચોખાને વાવવાથી ચોખાનીજ ઉત્પત્તિ થાય છે અને ઘઉંમાંથી ઘઉંજ થાય છે. ઘઉંમાંથી ડાંગર અને ડાંગરમાંથી ઘઉં થાય તેમ બનતું નથી, તેવી રીતે જેવો હોય તેવોજ થાય. એ વચનથી ગતિ તથા મોક્ષનો અભાવ થાય છે. અને બીજે સ્થળે એમ પણ કહ્યું છે કે—પુરીષ (વિષ્ટા) સહિત પુરૂષને બાળવામાં આવે તો તે શૃગાલ થાય, આ વચનથી ગતિનું પરાવર્ત્તન થાય છે. જો ગતિનું પરાવર્ત્તન થાય તો બંધનું પરાવર્ત્તન થવાનો પણ સંભવ રહે છે.

" स एष विगुणो विभुर्न बध्यते, न संसरति नवा मुच्यते"

इत्यादीनि. આત્મા સર્વવ્યાપી તથા ચૈતન્ય ઘન છે જેથી તે બંધાતો નથી, સંસારમાં લેપાતો નથી અને તેનો મોક્ષ પણ નથી. બંધનો અભાવ હોય તોપછી મોક્ષ કોનો થાય ? અથવા જીવાત્માને અનાદિકાલથી અનંત કર્મનાં આવરણો છે. તેનો મોક્ષ થવાને પણ અનંત કાલ થવો જોઇએ. એક માણસ કોઇ ગામ જતાં રસ્તો ભૂલી જવાથી પાંચ ગાઉ દૂર નીકળી ગયો, પછીથી ખબર પડતાં પાછો ફર્યો, પાંચ ગાઉ આગળ નીકળી જતાં જેટલી વાર થઇ તેટલીવાર પાછા ફરતાં લાગે છે; તેમ કર્મ ઉપાર્જન કરતાં અનંતકાલ વ્યતીત થયો છે, તો તેની નિવૃત્તિ અલ્પકાળમાં ક્યાંથી થાય ? તેની નિવૃત્તિ થવાને પણ અનંતકાળ જોઇએ. એમ અનુસંધાન પરંપરાને લઇ કર્મની સર્વથા નિવૃત્તિ થવી અશક્ય છે. શુભ કર્મથી દેવગતિ અને અશુભ કર્મથી નરક ગતિ એમ સુખ તથા દુઃખના સંયોગોમાં જીવાત્મા રખડ્યા કરે; પણ તેનો મોક્ષ થવો એ તો દુઃશક્ય છે.

સમાધાન—'यो यादृशः स तादृशः' જે જેવો હોય તે તેવો થાય—એ વાક્યનો હેતુ નિયમિત વાદનું પ્રતિપાદન કરવા અર્થે નથી અર્થાત્ પુરૂષ હોય તે મરીને પુરૂષજ થાય અને પશુ મરીને પશુજ થાય, તેવો નિયમ નથી. જેમ પાણીમાંથી વરાળ અને વરાળમાંથી પાણી થાય છે, ગોમૂત્રાદિમાંથી વીંછી વિગેરે થાય છે, તેમ મનુષ્યમાંથી પશુ અને પશુમાંથી માનવ પણ થઇ શકે છે. ' यो यादृशः ' એ વચનથી જેવો હોય તેવો થાય એ હેતુ માટે કહ્યું નથી, પણ કેટલાક સરલ પવિત્ર આચરણવાળા જીવો પાંચ સાત ભવ સુધી પણ પુરૂષમાંથી પુરૂષ થાય, તેમ કેટલાક પાપી જીવો ઘણા ભવ સુધી પશુ મરીને પશુ થાય એ હેતુ દર્શાવવા કહ્યું છે. તેમજ જે આત્મા આવરણ દોષથી મુક્ત થઇ નિરાવરણ દશાને પ્રાપ્ત થયેલ—મન, વચન, કાયાના યોગથી મુક્ત

થયેલ તથા સિદ્ધ, શુદ્ધ એવો આત્મા તે ફરી કર્મનાં બંધનોથી બંધાતો નથી, સંસારમાં ભવભ્રમણ કરતો નથી, પણ મુક્તજ છે, જેથી ફરી મૂકાવાપણું પણ નથી-એમ કર્મરહિત સિદ્ધાત્માની અપેક્ષાએ કહ્યું છે, પણ બધા આત્મા સિદ્ધ વા શુદ્ધ છે અને કર્મથી મુક્ત છે એમ જણાવ્યું નથી, પરંતુ જે આત્મા સિદ્ધ, શુદ્ધ તથા કર્મવિમુક્ત હોય છે, તે સંસારમાં ભમતો નથી, બંધાતો નથી એમ જણાવ્યું છે, તેથી મોક્ષની આવશ્યકતા સિદ્ધ થાય છે. જો કે કર્માવરણો અનંતકાલનાં એકઠાં છે, તથાપિ આત્મા જો બલવાન્ થાય તો અનંત ભવનાં ઉપાર્જન કરેલાં કર્મો અંતર્મુહૂર્ત્તમાંજ ક્ષય કરી નાખે છે. લાખ મણ લાકડાંની વા ઘાસની ગંજીને એકઠી કરતાં માસ છ માસનો લાંબો વખત લાગે છે, જ્યારે એકજ અગ્નિનો કણ તેમાં પડવાથી ક્ષણવારમાં ગંજીનો વિનાશ થઈ જાય છે. હજારો વર્ષો સુધી મહા કષ્ટો ભોગવીને મેળવેલી લાખો રૂા. ની મુડીનો આગ લાગતાં ક્ષણવારમાં નાશ થાય છે. બાર-પંદર વર્ષના લાંબા કાલ સુધી મહેનત કરી તૈયાર કરેલ મહાલયનો થોડા વખતમાં નાશ થઇ શકે છે. તેમ આત્માના પ્રબલ પુરૂષાર્થથી અનંત ભવના કર્મો પણ અલ્પ કાળમાં નાશ થાય છે. પુન્યની વૃદ્ધિ થઇ પાપની મંદતા અને પાપની વૃદ્ધિ થઇ પુન્યની મંદતા એમ પાપ-પુન્યમાં પરાવર્ત્તન થયા કરે છે, તેમ પાપ તથા પુન્ય બંનેનું પરાવર્ત્તન થઇ અબંધકભાવ (મોક્ષ) ની પણ પ્રાપ્તિ થઇ શકે છે માટે મોક્ષ છે એ નિઃસંદેહ છે.

૧૧ મા ગણધર પ્રભાસની શંકા ઉ ટ્ટી— મોક્ષનો ઉપાય નથી.'

શંકા—' जरामरणंवा यदाग्निहोत्रं ' अनेन पदेन निर्वा-

णाभावः प्रतीयते. હમેશાં અગ્નિ હોત્ર કરવાથી મોક્ષના ઉપાયનો અભાવ થાય છે. અગ્નિહોત્રાદિ સત્કર્મો કરવાની આવશ્યકતા બતાવે છે અને હમેશાં સત્કર્મો કરવાથી પુન્ય બંધ થાય. સ્વર્ગાદિક ફળ મળે. પણ મોક્ષ ન મળે કેમકે અગ્નિહોત્રાદિ સત્કર્મો સ્વર્ગનાં હેતુભૂત છે, પણ મોક્ષના કારણિક નથી, જેથી મોક્ષોપાયનો અભાવ થતાં મોક્ષનો પણ અભાવ થાય છે, તથા અનંત ભવનાં ઉપાર્જન કરેલાં કર્મોનો કયા ઉપાયથી લય કરવો તેનો પણ નિર્ણય થવો અતિ અશક્ય છે કારણ ?

" અથવા મત દર્શન ઘણાં, કહે ઉપાય અનેક,
તેમાં મત સાચો કયો, અને ન એહ વિવેક. "

તેમજ—" કઇ જાતિમાં મોક્ષ છે, કયા વેષમાં મોક્ષ;
એનો નિશ્ચય ના અને, ઘણા ભેદ એ દોષ "

કદાચ શુભાશુભ કર્મનો ક્ષય થવાથી મોક્ષની સિદ્ધતા થતી હોય તો મોક્ષનો ઉપાય શું ? એનો નિર્ણય થવો મુશ્કેલ છે. જુદા જુદા મત–ગચ્છ તથા સંપ્રદાયમાં " મારગ સાચા કૌન બતાવે, જાકે જિસકું પુછીએ તો સૌ અપની અપની ગાવે. " તેની માફક સૌ પોતપોતામાં ધર્મત્વ વા મોક્ષદશાને માની બેઠા છે. ત્યાં જીવને ભ્રમણા થવાનો સંભવ રહે છે, તેમજ કઇ જાતિમાં તથા કયા વેષમાં મોક્ષ છે ? તેની કલ્પનામાં પણ જીવને માર્ગ વિચારવાનું બનવું અશક્ય છે. મંદ વિચારવાન્ જીવાત્મા ઘણા ગચ્છ–મતના ભેદો જાણી તથા ક્રિયા વેષની ભિન્નતા જોઇ સાચું શું ? ' તેના વિકલ્પભાવની ભ્રમણામાં પડી જવાથી સન્માર્ગને શોધી શકતો નથી, તથા સન્માર્ગને પામી શકતો નથી માટે મોક્ષનો ઉપાય નથી.

સમાધાન—' **जरामरणं** ' એ આદિ વાક્યો અગ્નિહોત્રાદિ સત્કર્મો હમેશાં અવશ્ય કરવાંજ જોઇએ એમ સૂચવતાં નથી પણ સ્વર્ગાભિલાષીઓએ અગ્નિહોત્રાદિ સત્કર્મો કરવાં જોઇએ એમ અંતર્ધ્વનિ થયા કરે છે. અગ્નિહોત્રાદિથી જેમ સ્વર્ગની પ્રાપ્તિ થાય છે, તેમ મોક્ષોપાયથી મોક્ષનીપણ પ્રાપ્તિ થાય છે. સ્વર્ગ માટે જેમ અગ્નિહોત્રાદિ સાધનો છે, તેમ મોક્ષ માટે પણ ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ તથા વિવેકાદિ, સદ્ભાવનાઓ તથા સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ સદ્ગુણો પણ સાધનો છે. અજ્ઞાન તેજ બંધ છે. દીપકના પ્રકાશથી જેમ અંધકારનો નાશ થાય છે, તેમ આત્મજ્ઞાનની પ્રાપ્તિથી અજ્ઞાન–બંધનો નાશ થાય છે.

" જે જે કારણ બંધનાં, તેહ બંધનો પંથ;
તે કારણ છેદક દશા, મોક્ષ પંથ ભવ અંત. "

કષાય–વિષયાદિ દોષોથી કર્મની વૃદ્ધિ થાય છે. તેથી તે કર્મબંધનનો પંથ છે, તે બંધન (કષાય વિષયાદિ) નો જેનાથી નાશ થાય તે મોક્ષનો પંથ વા ઉપાય છે.

" રાગ દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ,
થાએ નિવૃત્તિ જેહથી, તેજ મોક્ષનો પંથ. "

રાગ–દ્વેષ અને અજ્ઞાન–કર્મબંધનના મુખ્ય હેતુઓ છે, તેનો નાશ જેનાથી થાય તથા સર્વ પ્રકારના માયાભાસથી મુકત થવાય તેજ મોક્ષનો માર્ગ છે. દુધપાક કરવાની ઇચ્છાવાળાએ કડાઇ કે તપેલાની કલ્પના છોડી દઇ દુધનું લક્ષ્ય રાખનાર ગમે તે વાસણથી દુધપાક કરી શકે છે. તેમ મત–ગચ્છ, તથા સંપ્રદાયની ભાવના તેમજ જાતિ, વેષ આદિની કલ્પના છોડી દઇ,

જે રસ્તેથી રાગ-દ્વેષ તથા અજ્ઞાનનો નાશ થતો હોય, કષાય-વિષયાદિનો નાશ થતો હોય અને આત્મા વિશુદ્ધ સ્વરૂપને પામતો હોય તેજ વીતરાગ પંથ, વા તેજ મોક્ષનો માર્ગ છે. તે માર્ગની ઉપાસના કરનાર અવશ્ય મોક્ષને પામી શકે છે. આ પ્રકારે મોક્ષનો ઉપાય પણ છે અને મોક્ષ પણ છે. ૬

આ ગણધરવાદ કલ્પસૂત્રના છઠ્ઠા વ્યાખ્યાનમાં છે, જેમાંથી અલ્પમતિ પ્રમાણે સામાન્ય વિવેચન કરી આ લેખની સમાપ્તિ કરી છે. ઓં શાંતિઃ શાંતિઃ શાંતિઃ !!!

कर्त्तव्य प्रकरण.

મનુષ્ય-કર્ત્તવ્ય.

" आहारनिद्राभयमैथुनंच, सामान्यमेतत्पशुभिर्नराणाम् ।
धर्मोहि तेषामधिको विशेषो, धर्मेण हीनाः पशुभिः समानाः ॥१॥

આહાર, નિદ્રા, ભય તથા મૈથુન એ પ્રવૃત્તિ જેમ મનુષ્યમાં છે, તેમ પશુમાં પણ છે. એ પ્રવૃત્તિથી મનુષ્યની અધિકતા નથી, પણ મનુષ્યમાં ધર્મ રત્વને લઈ તેની મહત્તા છે. ધર્મત્વ વિના મનુષ્યો પણ પશુ સરખા છે. ઉત્તરાધ્યયન નામક જૈન સૂત્રમાં ૩ જા અધ્યયને જણાવ્યું છે કે—

" चत्तारि परमंगाणि, दुल्लहाणीह जंतुणो;
माणुसत्तं सुइसद्धा, संयमंमीय वीरियं " ॥

આ સંસારમાં જીવાત્માને મનુષ્યપણું, શ્રુતશ્રદ્ધા, સંયમ અને આત્મશક્તિનો વિકાસ—એ ચાર તત્વો પરમ દુર્લભ છે. અહીં કોઇ પ્રશ્ન કરશે કે " મનુષ્યપણું દુર્લભ હોય તો દુનીયામાં કરોડો ગમે મનુષ્યોની હયાતી કેમ જણાય છે ? સાંસારિક વ્યવહારમાં હીરા, માણેક, મોતી વિગેરે દુર્લભ છે. કારણ, કવચિતજ મળે છે. તેમ જે વસ્તુ કવચિત્ મળતી હોય, તે પણ થોડી અને થોડા મનુષ્યોને મળે તેને દુર્લભ કહે છે. લોહ એ વસ્તુ દુનીયામાં ઘણી છે, ઘણાને મળે છે અને ઘણી વાર મળે છે તેથી તેની મહત્તા જગતમાં થોડી છે અને હીરા માણેક થોડાં મળે છે, થોડાંને મળે છે અને થોડી વાર મળે છે તેથી તે કીમતી ગણાય છે, તેમ મનુષ્યપણું દુર્લભ હોય તો આખી સૃષ્ટિમાં

કવચિતજ મનુષ્યો હોવા જોઇએ અને તેમ જણાતું નથી. આ વિશ્વમાં મનુષ્યો ઘણા છે, તેમજ અનંત જીવોને અનંતવાર મનુષ્યદેહ મળ્યો છે. જે વસ્તુ દુર્લભ હોય તે અનંતીવાર અનંત જીવોને મળવાથી તેની દુર્લભતા કોઇ પણ રીતે સિદ્ધ થતી નથી, તેના ઉત્તરમાં જણાવવાનું એજ છે કે–જ્ઞાનીઓએ મનુષ્ય દેહને દુર્લભ કહ્યો નથી, પણ ' **माणुसत्तं मनुष्यत्त्वं** ' મનુષ્યપણાને દુર્લભ કહેલ છે. સ્ત્રી–પુરૂષના સંગથી સ્થૂલ દેહની ઉત્પત્તિ થાય તેને મનુષ્ય દેહ કહે છે. તેવો દેહ તો આર્ય, અનાર્ય, પાપી, ધર્મી, હિંસક, દયાળુ, જ્ઞાની, અજ્ઞાની, મિથ્યાત્વી, સમકિતી તથા ભવી અભવી દરેકને મળે છે. સ્થૂલાકારરૂપ માનવદેહની મહત્તા નથી, પણ મનુષ્યદેહ પ્રાપ્ત કરી હિતાહિત જાણવાની શકિત, કર્ત્તવ્યાકર્ત્તવ્ય સમજવાનો વિચાર અને સત્યાસત્ય સમજવાનું જ્ઞાન, એ ત્રણ ભાવ સહિત સદ્‌અસદ્‌નો જે વિવેક ગુણ તે પૂર્વક અહિત, અકર્ત્તવ્ય અને અસત્યનો ત્યાગ કરી, હિત–કર્ત્તવ્ય અને સત્યનું અવલંબન કરનારનેજ મનુષ્યપણું કહે છે. તેવા મનુષ્યપણાની દુર્લભતા છે. તેવી સ્થિતિ એકજ વખત આવે તો પરમ કલ્યાણ છે. મનુષ્યપણું પ્રાપ્ત થવાનું કારણ મનુષ્ય દેહ છે, તેથી તે અપેક્ષાએ કોઇ સ્થળે ' **मानवो दुर्लभो देहो** ' માનવદેહ દુર્લભ કહ્યો છે; પણ વસ્તુતઃ તો સદ્–અસદ્‌નો જે વિવેક તે ભાવ જે મનુષ્ય દેહમાં છે તેની દુર્લભતા તથા વિશેષતા કહી છે અને તેથીજ ' **आहार निद्रा** ' એ શ્લોકમાં **धर्मो हि तेषां** જેના અંતરમાં ધર્મ (સદ્‌ અસદ્‌નો વિવેક) છે તે જ મનુષ્ય પશુ કરતાં ઉચ્ચ કોટીનો કહેવાય છે. ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ–એ ચાર પુરૂષાર્થમાં પણ ધર્મની મુખ્યતા જણાવી છે. ધર્મ તત્ત્વની વ્યાખ્યા જેટલી વિશાળ અને અપૂર્વ છે, તેટલીજ હાલ સંકુચિત અને શુષ્ક થઇ પડી છે. ઝવેરી વિના હીરાની કીંમત થઇ શકતી નથી તેમ તત્ત્વજ્ઞાની મહાત્મા વિના ધર્મની અપૂર્વતા સમજાતી નથી. અધ્યાત્મનિષ્ઠ પરમયોગી **આનંદઘનજી** મહારાજ કહી ગયા છે કે—

" મારગ સાચા કૌન બતાવે, જાકે જિસકું પુછીએ. સૌ અપની અપની ગાવે. "

અન્ય સ્થળે બીજું પણ એક પદ છે કે—

" ધર્મ ધર્મ કરતો જગ સહુ ફરે, ધર્મ ન જાણેરે મર્મ જિનેશ્વર "

આત્મોન્નતિનો સન્માર્ગ યોગસ્થિરતા, વૃત્તિજય અને અંતઃકરણની વિશુદ્ધિમાં રહ્યો છે, તે લક્ષ્ય તો કોઇ વિરલાત્માનાજ ખ્યાલ વા અનુભવમાં

હશે. આજે તો સૌ પોતપોતાના મત સંપ્રદાયના દુરાગ્રહોમાંજ ધર્મભાવ માની બેઠા છે. જેની પાસે ધર્મ સ્વરૂપ પૂછો તો સૌ પોતપોતાનું જુદું સ્થાપી ધર્મપણાનો દાવો કરી રહ્યા છે. ગચ્છ તથા મત સંપ્રદાયોના ઘરના જુદા જુદા ધર્મોની વ્યાખ્યા તથા પ્રવૃત્તિઓથી સત્ય શું ? તે વિચારવાનું પણ દુઃશક્ય થઇ પડયું છે. હિંદુ, મુસલમાન, પારસી, ક્રીસ્તી, બૌદ્ધ, સાંખ્ય, જૈન, રામાનુજ, વલ્લભાચાર્ય, શિવોપાસક, બ્રહ્મોપાસક, આર્ય સમાજી, પ્રાર્થનાસમાજી, દિગંબર, શ્વેતાંબર, સ્થાનકવાસી, દેરાવાસી, તપગચ્છ ખરતરગચ્છ, આત્મારામજીનો સંઘાડો, મુળચંદજીનો સંઘાડો, લીંબડી સંઘાડો, ગોંડલ સંઘાડો, નાનીપખ, મોટીપખ, આડકોટી, અને બારકોટી—એમ જુદા જુદા વાડાઓની વિચારશૂન્ય અને અને કદાગ્રહપોષક શુષ્ક પ્રવૃત્તિઓમાંજ ધર્મની મહત્તા માની બેઠા છે. મતાગ્રહોથી મોહાંધ બની સત્ય માર્ગના ઘાતી બની રહ્યા છે. એકજ ઇષ્ટદેવને માનનારા એકજ પિતાના પુત્રો બાહ્ય પ્રવૃત્તિની ભિન્નતાથી ધર્મની ભિન્નતા માની કલેશ, કષાય, વિક્ષેપ વધારવામાંજ મજહ માની બેઠા છે. પાંચ દશ માણસો કડાઇ તપેલા વિગેરે જુદા જુદા વાસણોથી દુધ લઇ દુધપાક કરતા હોય તેમાં વાસણની ભિન્નતાથી તકરાર કરવી વ્યાજબી ન ગણાય તેમ ગચ્છ—મતની બાહ્ય પ્રવૃત્તિઓ એ તો વાસણ જેવી છે. દુધ વિના વાસણના મોહમાં રહેનાર દુધપાકનું કાર્ય કરી શકતો નથી, તેમ અંતરશુદ્ધિ, આત્મિક જાગ્રતી, કષાય, વિષયાદિ દોષોની નિવૃત્તિ તથા વિશુદ્ધ ભકિત વિગેરે આત્મિક ગુણો વિના બાહ્ય પ્રવૃત્તિમાં મહત્તા વા ધર્મભાવના મનાય છે એજ અજ્ઞાન વા અધર્મ છે. ત્રિલોકપતિ પરમાત્મપિતાના આપણે બધા પુત્રો છીએ. હાથી, ઘોડાના વાહનની તકરાર છોડી દઇ ગામ જનારે ગામ તરફ ગમન કરવાની જરૂર છે, તેમ ગચ્છ—મત સંપ્રદાયની પ્રવૃત્તિઓની તકરારો છોડી દઇ પરમાત્મપિતાની પ્રાપ્તિ થાય તેવું લક્ષ્ય રાખનાર અને ઉપરોકત કહેલ અંતર શુદ્ધિ વિગેરે આત્મિક ગુણોની પ્રાપ્તિ કરનાર ગમે તે મત, દર્શન, ગચ્છ કે સંપ્રદાયનો હશે તો પણ તેનું શ્રેય છે. પરમકૃપાળુ પરમાત્માએ કોઇ ગચ્છ, મત કે સંપ્રદાયનાં અગ્રેસરોને ત્યાં સન્માર્ગ વા મોક્ષ ગીરવી મૂકયા નથી, તેમજ પ્રભુ પાસેથી કોઇએ કલ્યાણનો પટ્ટો લખાવી રજીસ્ટર ખત કરાવ્યુંજ નથી.

" समभावभावीअप्पा लहइ मोक्खं न संदेहो. "

સમસ્ત વિશ્વ ઉપર આત્મભાવ પ્રગટાવી સમભાવ દશામાં રહેલ આત્મા ચાહે તો હિંદુ હો વા મુસલમાન હો, જૈન હો વા વૈષ્ણવ હો, પણ મોક્ષને અવ-

વસ્ય પામશે. આત્મદશા જાગ્રત કરવાની ભાવનાને ભૂલી જઈ મત–ગચ્છના કદા-ગ્રહોમાં જીવન વ્યતીત કરનાર જેમ રાંધેલું અનાજ ત્રણ દિવસ સુધી વાસી રહેવાથી ગંધાઇ જાય, સડી જાય વા કીડા ઉત્પન્ન થાય, તેમ સ્થાનક-વાસી તથા દેરાવાસી લોકો પણ સંપ્રદાયમાં મોહાંધ બની વાસીની ગંધમાં બીચારાઓનાં અંતર જીવન રાગ–દ્વેષથી સડી ગયાં છે, કષાય–વિષયની દુર્ગંધથી ગંધાઇ ગયાં છે, અને કલેશ–કુસંપના કીડા પડી ગયાં છે. એ વાસીની ગંધમાંથી મુક્ત થઇ જ્યારે આત્મા તાજો થશે, ત્યારેજ ઉન્નતિ છે. વાસીની ગંધમાં તો ગંધાવાનું વા સંધાડે ચડી ને છોડીઆં ઉતરવાનું બને તેમ છે. આત્મા કોઇ દિગંબર પણ નથી અને શ્વેતાંબર પણ નથી, જૈન નથી તેમજ વૈષ્ણવ પણ નથી, સ્ત્રી નથી અને પુરૂષ પણ નથી, તે સચ્ચિદાનંદ રૂપ સત્યનો ઉપાસક છે. સત્ય તેજ ધર્મ છે અને તે ધર્મ અખિલ વિશ્વમાં વ્યાપી રહ્યો છે. પવિત્ર સત્ય કોઇના કંટ્રાકટ નીચે કચરાય જાય તેમ નથી. પરમજ્ઞાની મહાત્મા શ્રીમદ્ રાજચંદ્રજી લખે છે કે—

" નિર્દોષ સુખ નિર્દોષ આનંદ જ્યો ગમે ત્યાંથી ભલે,
એ દીવ્ય શક્તિમાન્ જેથી જંજીરેથી નીકળે."

દીવ્ય શક્તિધારક, પરમ જ્ઞાન પ્રકાશક એવો ચૈતન્યાત્મ કર્મ બંધનથી મુક્ત થાય તેવો નિર્દોષ આનંદ અને તેવું નિર્દોષ સુખ જ્યાં મળતું હોય ત્યાંથી ગ્રહણ કરવું એજ ઉચિત કર્ત્તવ્ય છે, અર્થાત્ સચ્ચિદાનંદ સ્વરૂપમય આત્મા સત્ (અવિનાશી તત્ત્વ) નોજ ઉપાસક છે, તે સત્ જ્યાંથી મળતું હોય, ત્યાંથીજ લેવાની ફરજ છે. સતનીજ જ્યાં ઉપાસના કરવી છે, સત્મય જીવન ગાળવાનું જ છે, સત્ તેજ જેના હૃદયમાં અહોનિશ ભાવના છે, તેને જગતના સર્વ મત સંપ્રદાયોમાં પણ સમભાવ અને આત્મ દૃષ્ટિ થવાથી ગમે ત્યાંથી પણ સત્ મેળવી શકે છે. રાજ્ય સામે ખટપટ કરનાર ને સરકાર પકડી તેની સ્વતંત્રતા ઉપર કાપ મૂકી કેદમાં પૂરે છે, ત્યારે જનસમાજ ખળભળી ઉઠે છે. પરમાત્માના વિશાળ (unlimited) પરમ તત્ત્વ (ધર્મ) ને મતાગ્રહ મોહિત ધર્મ ગુરૂઓ પોતાના સંપ્રદાય રૂપ કેદખાનામાં પૂરે છે, ત્યાં જન સમાજને ત્રાસ કે વિચાર આવતોજ નથી, એ કેટલી અજ્ઞાનતા છે ? જગતનો ઐક્યતાની સંકલનામાં જોડાવાને પ્રયત્નશીલ થઇ રહ્યો છે, ત્યારે કેટલાક અજ્ઞાની ધર્મ ગુરૂઓ તથા તેમના ઉપાસકો–" જૈન હૈ સો નાસ્તિક હૈ, વેદાંતી એ તો મિથ્યાત્વી છે, દિગંબર એ તો નિન્હવ છે, મૂર્ત્તિપૂજક હિંસાવાદી છે, સ્થાનકવાસી પ્રભુ દ્રોહી છે "—એવા વિચારો ફેલાવી જન

સમાજને અધોગતિના ઉંડા ખાડામાં ધકેલી પાડવાના પ્રપંચોથી હજી પાછા હઠતા નથી. ખરેખર ! આવા કદાગ્રહાસક્ત ધર્મગુરૂઓથીજ જન સમાજની તથા દેશની અધોગતિ થાય છે. આસ્તિકપણાનો વેદાંતીઓએ, સમકિતનો જૈનોએ, આરાધકપણાનો શ્વેતાંબરોએ, જ્ઞાનીપણાનો દિગંબરોએ અને દયાવાદીનો સ્થાનકવાસીઓએ જાણે કંટ્રાકટ લીધો ન હોય તેમ એક બીજાને ઉતારી પાડવા અને પોતાની મહત્તાના બણગાના બિંગલો ફુંકવામાંજ બિચારાઓના જીવનો વ્યર્થ જાય છે. ધર્મના માર્ગનું અને સર્વજ્ઞ પ્રણીત શાસ્ત્રનું બાનું આપી કેવળ સ્વચ્છંદથી સ્વમત પોષણ અર્થેજ પ્રવૃત્તિઓ ચાલી રહી છે. દરેક મત (દર્શન) વાળા પોતાના શાસ્ત્રોને સર્વજ્ઞ પ્રણીત અને પોતાની બાહ્ય પ્રવૃત્તિઓને સર્વજ્ઞકથિતપણાનો દાવો કરે છે અને તેમનું અંતર રાગ, દ્વેષ, ઇર્ષ્યા, કષાય, ખેદ, માયા, મોહ, લોભ, અહંકાર, વિગેરે અનેક દોષોથી મલીન થતું હોય, ત્યાં સર્વજ્ઞના માર્ગે ચાલવાનો દાવો કરનારા સર્વજ્ઞ ભગવાનને લજાવે છે. 'હું કોઇ પણ ગચ્છ–મતનો નથી, પણ આત્મા છું' એવી ઉત્કૃષ્ટ પણે રોમે રોમ જેને આત્મભાવના પ્રગટી છે, તે આત્મા ચાહે તો મૂર્ત્તિપૂજક હો વા મુહપત્તી બાંધતો હોય, જૈનનું પ્રતિક્રમણ કરતો હોય કે વેદાંતની સંધ્યા વા મસજીદમાં નમાજ પઢતો હોય, પણ તે આત્મા સિદ્ધિને અવશ્ય મેળવી શકે છે. પ્રતિક્રમણના પાઠો બોલી જવાને કે સંધ્યા પૂજનની બાહ્ય પ્રવૃત્તિને, મુહપત્તી બાંધવાને વા મૂર્ત્તિ પૂજવાને ધર્મ કહ્યો નથી, પણ પ્રતિક્રમણ વિગેરે સત્પ્રવૃત્તિઓ કરતાં આત્મોન્નતિ કરનારને જે હૃદયભાવ તથા આંતરિક દશા ઉત્પન્ન થાય છે તેનેજ પરમ જ્ઞાનીઓ ધર્મ કહે છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે— **"वत्थुसहावो धम्मो"** સમસ્ત વિશ્વમાં સમગ્ર પદાર્થો પ્રત્યેની પ્રીતિ તથા આકર્ષણનો લય કરી સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્ર રૂપ આત્મ સ્વભાવમાંજ રમણતા કરે તેને ધર્મ કહે છે.

ધર્મના ૨ ભેદ છે ૧ **વ્યવહારિક ધર્મ** અને ૨ **પારમાર્થિક ધર્મ.** **વ્યવહાર ધર્મ** ના પાંચ ભેદ છે—

૧–સત્સંસ્કાર, ૨–વિદ્યાભ્યાસ, ૩–નૈતિકજીવન, ૪–ભ્રાતૃભાવ, અને ૫–**પરોપકાર,**

મનુષ્યાત્માને જન્મથીજ અસત્સંસ્કારોનું ચિંતવન થવાથી માનવજીવન ભ્રષ્ટ થઈ પાશવ જીવનમાંજ જીંદગી વ્યતીત કરવી પડે છે. મહાન્ તત્ત્વજ્ઞાની સ્વામી **રામતીર્થ** એક લેખમાં પાંચ કોટીના જીવોની વ્યાખ્યા કરી છે—

પ્રથમ ખનિજમાં ઉત્પન્ન થયેલ પત્થર ધાતુ વિગેરે પદાર્થો જગતવાસી જીવોના સામાન્ય ઉપયોગમાં આવે છે, વિશેષતાએ તો તે પદાર્થો ખાણમાં ઉત્પન્ન થઇ તેમાંજ વિનાશ પામે છે, તેમ કેટલાક મનુષ્યો માનવદેહ પામી પૈસા કમાવવાના જ લક્ષ્યમાં આખી જીંદગી ગાળી અમૂલ્ય માનવદેહને વ્યર્થ ગુમાવે છે, આવા જીવોમાં જો કે કોઇ અંશે ચૈતન્યભાવ હોય છે, પરંતુ માયાના ગાઢ આવરણને લઇ માયિક પદાર્થોને મેળવવા તથા ભોગવવામાંજ માનવદેહનો લય કરે છે તે ખનિજના જેવા જીવો કહેવાય છે.

બીજા વનસ્પતિવત્ જીવો વનસ્પતિના જીવો જનસમાજના ઉપયોગમાં આવે છે, પણ તેમનામાં આત્મજાગ્રતિ ન હોવાથી કચરાઇ ખુંદાઇને જેમ લય પામે છે, તેમ મનુષ્યાત્માઓ પોતાના માતા, પિતા, સ્ત્રી આદિ કુટુંબમાં જ પોતાપણું માની તેના રક્ષણની પ્રવૃત્તિઓ તથા ચિંતામાં જ તેઓનો વિનાશ થાય છે. આત્મબળની મંદતાને લઇ જનસમાજનું હિત સાધવા તે શક્તિમાન થતા નથી. માત્ર કુટુંબરૂપ દિવાલોમાં જ પોતાની દૃષ્ટિ રોકી માયિક આવરણોથી સંકોચિત થયેલ દૃષ્ટિથી તેમાંજ સર્વસ્વ માની બેસે છે.

ત્રીજા પાશવવત્ જીવો–ખનિજ પદાર્થો તથા વનસ્પતિના પદાર્થો કરતાં આ જીવોનું બળ (ચૈતન્ય) કાંઇક વધારે જાગ્રત હોય છે. પશુઓ જો કે જનસમાજના ઘણા કામોમાં બહુ ઉપયોગી થાય છે. પણ વિવેક તથા જ્ઞાનશૂન્ય હોવાથી ઉગ્રપણે તે આત્મવિકાસ કરી શકતા નથી, તેમ તેવા મનુષ્યો કુટુંબમોહની નાની કોટીમાંથી નીકળી જ્ઞાતિસેવા તથા ગામસેવા બજાવી શકે છે. પણ હજી દૃષ્ટિ આવરણ સહિત હોવાથી હૃદયભાવને વિશાળપણે વિકસ્વર કરી શકતા નથી, તેટલામાં જ સૃષ્ટિનો સમાવેશ કરી જીવન વ્યતીત કરે છે.

ચોથા પ્રકારના માનવજીવો–'વસુધૈવ કુટુંબકં' આ સમસ્ત વિશ્વ એજ મારૂં કુટુંબ છે. એમ જાણી પોતાના તન, મન, ધન આદિ સર્વસ્વનો ભોગ આપીને પણ જનસમાજ તથા દેશની સેવા કરવામાં જે પરમાનંદ માને છે. દેશ એજ કુટુંબ, દેશ એજ ઘર અને દેશ એજ જીવન માની તેનું શ્રેય કરવા માટે અહોનિશ પ્રવૃત્તિ કરી રહ્યા છે. દેશની આર્થિક, વ્યાવહારિક, નૈતિક તથા પારમાર્થિક ઉન્નતિમાં જ પોતાની ઉન્નતિ માને છે. દેશના હિતને પોતાનું હિત, દેશના સુખે સુખ અને દેશના દુઃખે પોતાનું દુઃખ માને છે. સ્વામી **શ્રદ્ધાનંદજી, સુરેંદ્રનાથ બેનરજી,** મી. **જમનાદાસ,** શ્રીમતી **સરોજની** નાયડુ, **મિ. હોર્નીમેન, મહમ્મદઅલી, શૌકતઅલી,** શ્રીમતી **સરલાદેવી** ચૌધરી, મી. **ઝીણા, પીરોજશાહ** મહેતા, **દાદાભાઇ નવરોજજી, અમૃતલાલ**

પઢીયાર, ગોવર્ધનરામ માધવરામ, ના. વીઠ્ઠલભાઇ ઝવેરભાઇ પટેલ વિગેરે સમર્થ દેશના નાયકો માનવકોટીમાં ગણી શકાય છે.

પાંચમા પ્રકારના જીવો દેવકોટીમાં ગણાય છે. જન્મ અને મરણ, નિંદા વા સ્તુતિ, હર્ષ કે શોક, સંયોગ અને વિયોગ, સ્વર્ગભુવન અને વનવાસ, રાજ્યાવસ્થા વા રંકદશા, કંચન અને કથીર, વિગેરે દ્વંદ્વભાવોમાં જેની સમવૃત્તિ છે, સમસ્ત વિશ્વાત્માઓને જે આત્મવત્ જુએ છે, જીવ અને શિવમાં પણ જેને ઐક્યતા છે, આત્મભાવ અને પરમાત્મભાવનો ભેદ ટળી ગયો છે, પરમ તત્ત્વજ્ઞાનમયજ જેનું જીવન છે, સમસ્ત વિશ્વનું શ્રેય કરવાને જ જેનો અવતાર છે, એવા પરમજ્ઞાની મહાત્માઓનું જીવન દૈવિક હોય છે તેથી તે દેવકોટિના છે. મહાન્ આત્મજ્ઞાની શ્રીમદ્ **રાજચંદ્ર**, સ્વામી **રામતીર્થ**, **વિવેકાનંદ**, સ્વામી **રામકૃષ્ણ પરમહંસ**, **મહાત્મા ગાંધી**, **ગોખલે**, હિંદકવિ **ટાગોર**, ગુજરાત રત્ન કવિ **નાનાલાલ**, નરરત્ન **તિલક**, વિગેરે મહાન્ પુરૂષો દેવકોટિમાં આવી જાય છે. આ પાંચ કોટિના જીવોમાંથી માનવ અને દેવકોટિના જીવાત્માઓજ પોતાનું અને જનસમાજનું શ્રેય કરી શકે છે. માનવ અને દૈવિક જીવન ઘડવા પ્રથમથીજ સત્સંસ્કારના સિંચનની જરૂર છે. કહ્યું છે કેઃ—

સદ્‌સંસ્કાર—

" संस्कारेण हि जायंते शुद्धाशुद्धाश्च प्राणिनः । "

બીજને જેવું અને જેટલું પાણી સિંચન કરવામાં આવે, તેવા પ્રકારે ફલની પ્રાપ્તિ થાય છે. એક અંગ્રેજ લેખકે પણ જણાવ્યું છે કે—(If we do not crush owr sin or bad habit or fault in the bud, it will go strong and crush us) તેમ બાળકને ગર્ભ તથા જન્મ સમયે જેવા સંસ્કારો પાડવામાં આવે તેવા પ્રકારે તેનું જીવન ઘડાય છે. પ્રાચીન સમયમાં ક્ષત્રીયની સ્ત્રી જ્યારે સગર્ભા થતી, ત્યારે ગૃહવૃદ્ધાઓ ગર્ભવતી સ્ત્રીપાસે **ઋષભદેવ**, **ભરત**, **મહાવીર**, **બુદ્ધ**, **કૃષ્ણ**, **રામ**, **પાંડવ** વિગેરે મહાન પવિત્ર જ્ઞાનીઓ તથા રાજાઓનાં ચરિત્રો સંભળાવી ગીતાજી તથા મહાભારત અને રામાયણના દીવ્ય જ્ઞાનનું શ્રવણ કરાવી કર્મવીર અને ધર્મવીર બનાવવા ગર્ભ વા જન્મ સમયે સુસંસ્કારો નાખી બાળકનું જીવન ઘડવામાં આવતું હતું. બ્રાહ્મણની સ્ત્રી ગર્ભવતી હોય ત્યારે તેના કુટુંબની વૃદ્ધ સ્ત્રીઓ **વસિષ્ઠ**, **અગસ્ત્ય**, **કૃપાચાર્ય**, **દ્રોણાચાર્ય**, વિગેરે નિષ્કામી મહાત્માઓના ચરિત્રો સંભળાવી બાળકના અંતરપર પરોપકારીપણાના શુદ્ધ તત્ત્વોનું

સિંચન કરતી હતી. વૈશ્યની સ્ત્રી ગર્ભવતી હોય ત્યારે જંબૂ, સુદર્શન વિગેરેનાં ચરિત્રો સંભળાવી નીતિમય સંસ્કારોનું સિંચન કરતી હતી અને શુદ્રની સ્ત્રી ગર્ભવતી હોય ત્યારે સેવા–ભક્તિનાં સૂત્રો સંભળાવી ઉંચા જીવનો ઘડતી હતી. આવી દીવ્ય પ્રવૃત્તિ ચાલતી હતી ત્યારે આ ભારત ભૂમિનો દીવ્ય પ્રકાશ દશે દિશામાં ફેલાઇ રહ્યો હતો. આજે તો ગર્ભવંતી સ્ત્રીઓ પોતે અને તેમના ઘરની સ્ત્રીઓ નિંદા, વિખવાદ તથા ગાળોના મલીન સંસ્કારોથી બાળકોના પવિત્ર જીવન ઉપર અંધમતાના પડલો ચડાવી દે છે. ગર્ભસંસ્કાર જન્મ સંસ્કાર, સ્તનપાન સંસ્કાર, વિદ્યાસંસ્કાર–એમ જુદી જુદી બાલ્યાવસ્થાઓમાં ઉત્તમ સંસ્કારો દ્વારા બાળકોનું જીવન ઘડવાથી તેમનો ગૃહસંસાર સ્વર્ગ સમાન બને છે, જ્યારે મલીન સંસ્કારોથી બાળકોના હૃદયને પાપ વિચારોના પડદાઓથી ક્લિષ્ટ બનાવતાં તેમનો ગૃહસંસાર સ્મશાન ભૂમિવત્ ભયંકર ત્રાસદાયક અને કલેશકારક બને છે. માતા જ્યારે બાળકને સ્તનપાન કરાવતી હોય ત્યારે અમૃત સમાન સ્તનપાન ધવરાવતી વખતે મુઆ–પીટયા ની ગાળો આપી, માથા ઉપર ટપલાં મારી, બાવો આવ્યો, દીપડો આવ્યો, આવી પામર ભીતિઓ બતાવી–પ્રજ્વલિત થતા પુષ્પ ઉપર અગ્નિનો પ્રજ્વલિત અંગાર મૂકવાથી જેમ પરાગની સુગંધનો લય થાય છે તેમ—નિર્દોષ બાળકના ખીલતા કોમળ હૃદયમાં ખોટી બીક તથા ગાળોરૂપ અગ્નિ નાખી તેમનાં પવિત્ર હૃદયોની કતલ કરવામાં આવે છે. પ્રભાતના પવિત્ર સમયમાં સૂર્યનો ઉદય થયો પણ ન હોય, નિર્મળ કિરણોના પ્રકાશથી પૃથ્વીતટ પુનિત થયો ન હોય, ત્યાંતો માતાઓ ઉઠતાંજ પરમાત્મભજન, મહાન્ પુરૂષોનાં પવિત્ર નામો તથા ચરિત્રોનું સ્મરણ ન કરતાં મુઆ–પીટયા અને રાંડ–વાંઝણીના પ્રભાતીઆં સંભળાવી ઘરમાં પાપી વાતાવરણ ફેલાવનાર માતાઓ, તે માતાઓ નહિ પણ નિર્દોષ બાળકોનાં નિર્મળ જીવનોનું ખુન કરનારી તેમની શત્રુઓજ કહી શકાય. માટે માતાઓએ બાળકોને ગર્ભ સમયે તથા જન્મ સમયે ઉત્તમ સંસ્કારો પાડવા જોઇએ, તેમજ વિદ્યા સંસ્કારનું શિક્ષણ પણ પ્રથમ માતા–પિતા તરફથી મળવું જોઇએ. એ માત પિતાના મલીન સંસ્કારના વાતાવરણમાં વૃદ્ધિ પામેલા બાળકોને પાંચ સાત વરસની નાની વયમાંજ કેળવણી લેવા માટે ભાડુતી (પગારદારો) માસ્તરો પાસે મૂકવામાં આવે છે, તેથી ઉકરડા ઉપર કચરાની ટોપલી નાખવા જેવું થાય છે, અર્થાત જીવનની ઉલટી ખરાબી થાય છે. માટે પ્રથમ તો માતા–પિતા તરફથીજ વિદ્યાના સંસ્કારો પાડવા જોઇએ. કેમકે—(Mother is a great teacher) માતા એ મોટા માસ્તર છે. આપણા પ્રાચિન સમયના ઇતિહાસમાં એક અદ્‌ભુત દૃષ્ટાંત છે કે—

મહાન્ પવિત્ર સતી મદાલસા પોતાના બાળકોનું પારણું ઝુલાવતી વખતે **" સિદ્ધોસિ બુદ્ધોસિ નિરંજનોસિ "** હે બાળક ! તું સિદ્ધ છો, બુદ્ધ છો, નિરંજન છો, ઇત્યાદિક અદ્‌ભુત તત્ત્વજ્ઞાનના વચનામૃતરૂપ હાલરડાં ગાતી હતી. બાલકના પવિત્ર હૃદયમાં ઉત્તમ ભાવનાઓનું સિંચન કરવાથી તે બાળકો બુદ્ધિ વિચારની જાગ્રતી થવા રૂપ સમજણ વયમાં આવતાંજ માયિક પ્રપંચરૂપ વિનાશી જગતનો ત્યાગ કરી અવિનાશી એવા પરમતત્ત્વની ઉપાસના તથા સિદ્ધિ કરવા માટે જંગલના નિર્જન સ્થળમાં નિર્મળ જીવન વ્યતીત કરતા હતા, જ્યારે આજની અમારી બુદ્ધિ, જ્ઞાન અને વિવેક શૂન્ય કેટલીક અજ્ઞ માતાઓ બાળક જ્યારે ગર્ભમાં હોય વા જન્મ થયો હોય, જાગતો હોય વા સુતો હોય ત્યારે આખો દિવસ મુઓસી, પીટયોસી, રાંડસી, વાંઝણીસી, નખોદીઓસી, વિગેરે બોલી મલીન મંત્રો (શબ્દો) થી નિર્દોષ બાળકોનાં પવિત્ર અંતઃકરણોનું ખુન કરવામાં આવે છે. પિતાના કરતાં માતાના સહવાસના સંસ્કારો બાળક ઉપર વધારે પડે છે. કેમકે માતાનો પરિચય તથા પ્રેમ પિતા કરતાં વિશેષ હોય છે. પ્રબળ માનસિક શકિત ધરાવનાર **નેપોલીઅન** બોનાપાર્ટ પણ કહે છે કે—

" કહે નેપોલીઅન દેશને, કરવા આબાદાન;
સરસ રીતનો એજ કે, દો માતાને જ્ઞાન. "

બાળકનું રક્ષણ કરવામાં માતાની વિશેષતા છે. જેથી દેશની અભિવૃદ્ધિ કરવા માટે પ્રથમ માતાને જ્ઞાન આપવાની આવશ્યકતા છે. પ્રાચીન સમયમાં જ્યારે માતાઓ પોતાના બાળકોને ગોદમાં ગેલ કરાવતી વખતે **રામ**, કૃષ્ણ અને પાંડવોનાં પવિત્ર સૂત્રો સંભળાવી તેમનાં હૃદયોમાં અમૃત સિંચન કરતી હતી, ત્યારે તે બાળકો આ વસુંધરાને ધ્રૂજાવનારા, દેશનો ઉદ્ધાર કરનારા, અને છેવટની વયમાં પરમાત્મપદ પામનારા થતા. **પ્રતાપ** અને **શિવાજી** જેવા સમર્થ વીરપુત્રોને જન્મ આપનારી તથા જીવન ઘડનારી માતાઓ હતી. **રામ** અને **યુધિષ્ઠિર**ના પારણાં ઝુલાવનારી પણ માતાઓ હતી, **લવ** અને **કુશને** જંગલમાં ક્ષત્રિય શિક્ષણ આપનારી તથા તેમની વીર્યશકિતને વિકસિત કરનારી માતાઓ હતી, **વિક્રમ** અને **ભોજને** ઉત્પન્ન કરનારી માતાઓ હતી, **વસિષ્ઠ** અને **વિશ્વામિત્ર** ને જન્મ આપનારી માતાઓ હતી, **કાલિદાસ** અને **શેકસપીઅર** ને પોષણ આપનારી માતાઓ હતી, શીયળના પ્રભાવથી ભયંકર જંગલમાં સિંહ અને રાક્ષસ ને ધ્રૂજાવનારી માતાઓ હતી, શ્રીમદ્ **રાજચંદ્ર** અને **સ્વામી રામતીર્થ** જેવા અદ્વિતીય તત્ત્વજ્ઞાનીઓને પ્રકાશ કરનારી માતાઓ હતી, **મહમદઅલી, શૌકતઅલી, જમના-**

દાસ, ટાગોર, બેનરજી, પંડિત માલવીયાજી, કવિ નાનાલાલ, દેશભક્ત ગોખલે, મહેતા, તિલક, દાદાભાઇ, રાનડે, પરાંજપે, કર્વે, કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્રાચાર્યજી, જિન વલ્લભસૂરિજી, હરિભદ્રાચાર્યજી, કુંદકુંદાચાર્યજી, પરમ યોગી આનંદઘનજી, ચિદાનંદજી, દેવચંદ્રજી, શુભચંદ્રાચાર્યજી, ઉમાસ્વાતીજી, અમૃતચંદ્રાચાર્યજી, આદ્યશંકરાચાર્યજી, સહજાનંદ સ્વામી, મહાત્મા કબીર, ગોપીચંદ, ગોરખ, ભક્તાત્મા નરસિંહ મેતા, ધ્રુવ, પ્રહ્લાદ, શુકદેવજી, દયાનંદજી, શ્રદ્ધાનંદ, અને વિવેકાનંદજી જેવા દેશનાયકો, કવિઓ, સમર્થ તત્ત્વજ્ઞાનીઓ, આત્મભોગીઓ, યોગીઓ, વિદ્વાનો અને સંન્યાસીઓને જન્મ આપનારી પણ માતાઓ હતી અને વિલાયત જતી વખતે પુત્રને સદાચારનું વ્રત આપનારી કર્મવીર મહાત્મા ગાંધીજીને જ્ઞાન આપનારી પણ માતા હતી. સુલસા, ચંદના રેવતી, કુંતી, દ્રૌપદી, દમયંતી, સીતા, સુભદ્રા, અને શીલવતી પણ માતાઓ હતી, અહા ! આવી સ્વર્ગની સુંદરીઓ દીવ્યજ્ઞાની માતાઓથીજ આર્યાવર્ત્તની ઉન્નતિનો પ્રકાશ સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ ત્રણે લોકમાં પ્રસરી રહ્યો છે. અનર્ગલઋદ્ધિ સંપન્ન દેવો અને ઇંદ્રો પણ આવી પવિત્રતાની પુતળીઓની કુક્ષિએ જન્મ લેવા, ગોદમાં પોઢવા, અમૃત (સ્તનપાન) નું પાન કરવા અને માતૃપ્રેમમાં મસ્ત થવા પોતાને અહો ભાગ્યશાળી માનતા હતા, જ્યારે આજે માતાઓ કલેશ, કુસંપ, વિષય, વિકાર, નિંદા, કુથલી, વિગેરે પાપની પ્રવૃત્તિમાં રહી મલીન સંસ્કારોથી પોતાની કુખે જન્મ પામતા બાળકોની અધોગતિ કરી નાંખે છે. માટે પ્રથમ માતાએજ દશ વા છેવટે સાત વર્ષસુધી વિનય, પ્રેમ, નમ્રતા, ભક્તિ, ઐકયતા, ઉત્સાહ, બળ, બુદ્ધિ વિગેરેનું શિક્ષણ આપી બાળકના હૃદયમાં કલ્પવૃક્ષનું બીજ વાવી, પછી પવિત્ર વિચારક, સદાચારી, નિર્મળ હૃદથી, નિસ્વાર્થી, નિષ્કામી, પરોપકારી, દયાળુ, દેવસમાન ગુરૂપાસે કલ્પવૃક્ષના બીજ ઉપર અમૃતરસ સમાન વિદ્યારૂપ નિર્મળ જળનું સિંચન કરવા મોકલે તો સદ્વિદ્યારૂપ વિશાળ કલ્પવૃક્ષની શીતળ છાયામાં સમસ્ત વિશ્વ વિશુદ્ધ બની જાય.

વિદ્યાભ્યાસ—

સંસ્કાર સિંચનની સાથેજ વિદ્યાભ્યાસ થાય તો જ તે સુવિદ્યા છે. અને તેવી સુવિદ્યા ઉપરોકત ગુરૂ પાસેથીજ મળે છે. આજે તો જ્યે ધર્મ ગુરૂઓ પાસે બાલકોને શિક્ષણ આપવા મોકલે તો કેટલાક ધર્મગુરૂઓ પોતાના ગચ્છ મત કે સંપ્રદાયની શુષ્ક ક્રિયાઓના પાઠો ગોખાવી તેમના હૃદ-

યને વિશાળ ન બનાવતાં મતાગ્રહના મલીન સંસ્કારોથી સંકોચિત કરી બાળકોના જીવનનો ઘાત કરવામાં ધર્મશિક્ષણ માની બેઠા છે. ધર્મના પુસ્તકો ભણનાર, પ્રતિક્રમણ તથા સંધ્યાના પાઠો ગોખનાર બાળકોમાં ગાળ આપવાનું, અવિનય, ઉદ્ધતાઇ, તોફાન, નિર્બળતા, જડતા, પાપ ભાવના, વિકાર, સ્વાર્થ, અસત્ય વિગેરે દોષોનો નાશ ન થયો હોય, અધમ સંસ્કારોનો લય ન થયો હોય, સદ્‌ભાવના તથા સદ્‌ગુણપૂર્વક સત્સંસ્કારોના દીવ્યાંકુરો ઉત્પન્ન થયા ન હોય, તો તે ધર્મશિક્ષણ નથી; પણ માત્ર શબ્દ શિક્ષણ છે અને તેવા શબ્દ શિક્ષણથી સાર્થકતા નથી; પણ સમાજ તથા દેશની અધોગતિ છે. જ્યાં કોલેજોના વિદ્યાર્થીઓ બી-એ અને એમ-એ ના કલાસમાં અભ્યાસ કરતા હોય, ત્યાં તેમને માટે કરેલી બોર્ડીંગોમાં પણ દશાની, વીશાની, દેરાવાસીની, સ્થાનકવાસીની, જૈનની વા વૈષ્ણવની એવી ક્ષુદ્ર ભાવનાઓનાં શિક્ષણો મળતાં હોય ત્યાં દેશની અધોગતિ થાય તેમાં આશ્ચર્ય નથી. ધર્મગુરૂઓ કાંતો શુકપાડી શિક્ષણો કરાવશે. અથવા તો ભણનાર છોકરાઓને સ્વર્ગમોહ બતાવી, રાગપાશમાં મોહિત કરી, મા બાપથી છાની રીતે તેમને ભગાડી કે સંતાડી, શિષ્યના મોહમાં મોહાંધ થયેલા ગુરૂઓ મા-બાપનો વિશ્વાસઘાત કરી તેમને મુંડીને ચેલા બનાવશે પ્રાચીન સમયમાં ધર્મગુરૂઓજ જંગલમાં આશ્રમો બંધાવી, ગુરૂકુળો સ્થાપન કરી ત્યાં શિક્ષણ આપતાં, પણ તે ગુરૂઓ પવિત્રાચરણી, નિઃસ્વાર્થી તથા નિષ્કામી હતા, ત્યારેજ તેમના શિક્ષણથી રામ અને યુધિષ્ટિર તથા સુદામા અને કૃષ્ણ જેવા કોહીનુર હીરા પાકતા હતા. આજે શિષ્ય લોભી ગુરૂઓ છોકરાઓને ભગાડી, પ્રપંચના પાશમાં સપડાવી, લુંટારાઓની ગરજ (મનુષ્ય હરનારા) સારનારા થયા, જેથી તે પવિત્ર પ્રણાલિકાનો પ્રાયઃ લોપ થયો છે. આજે તો ભાડુતી શિક્ષણની શાળાઓ અને શિક્ષકો વધી પડયા છે. ભારતમાં જ્યારે એક દ્રોણાચાર્ય હતા ત્યારે દેશનો ઉદ્ધાર કરી શકે તેવા પાંડવો પાકયા હતા. આજે સ્થળે સ્થળે દ્રોણાચાર્યો થયા, ત્યારે બે ચાર કે પાંચ સાત ચોપડીઓ ભણી જનારાઓની વાત તો દૂર રહી, પણ બી. એ. ની ડીગ્રી મેળવનાર ગ્રેજ્યુએટોને પણ વ્યાપાર કરવામાં બીજાની સહાય જોઇએ છે. નોકરી ન મળતાં પેટ કેમ ભરવું, વા કુટંબ પોષણ કેમ કરવું, નિર્વાહ કેમ ચલાવવો ? તેને માટે ફાંફા મારતા ફરે છે અને છાપખાનાની ઓફીસોમાં ધક્કા ખાવા પડે છે. અર્થાત્ છાપાઓમાં (I am graduate and I want a service) 'હું બી. એ. છું અને મારે નોકરી જોઇએ છે.' આવા બી. એ. ભણનારા બીકણોથી શું દેશનું દારિદ્ર દૂર થવાનું હતું ? બી. એ. જેવી ડીગ્રી

મેળવનારને પણ પોતાના નિર્વાહ માટે દીન થઇ અથડાવું પડે, તે દેશનો શું ઉદ્ધાર કરવાના હતા ? કોટ, પાટલુન, કોલર, નેકટાઇથી સજ્જ બની ફાંકડા ફક્કડ થઇ જેન્ટલમેનની માફક મોજ મજાહ ઉડાવવામાં વિદ્યાની મહત્તા નથી, પણ પોતાની વિદ્યાશક્તિથી વિશ્વમાં સત્યની ધ્વજા ફરકાવવામાં, દુઃખીની દયા કરવામાં અને દેશની સેવા કરવામાં જ વિદ્યાની મહત્તા છે. વિદ્યાભિલાષીઓ અને વિદ્યાના ઉપાસકોનું પણ આવું જીવન બની ગયું છે. એ બધા ભાડુતી વિદ્વાનનો પ્રભાવ છે. માટેજ ચારિત્રવાન્ ગુરૂઓના સંગમાં વિદ્યા સાર્થક થાય છે. પાંચ દશ રૂપિયાના પગારદાર માસ્તરો પોતે જુઠ બોલનાર હોય, સ્વાર્થી, વિષયી, ક્રોધી, લોભી હોય, માયાના આવરણોમાં મોહાસક્ત હોય, શિક્ષણમાં પણ (A Stick is strength but not love) પ્રેમના શિક્ષણથી નહિ, પણ લાકડીના મારથી, તમાચાના ભયથી અને ખરાબ ગાળોથી શિક્ષણ અપાતું હોય ત્યાં બાળકોનાં જીવનો વિકસિત થાયજ શાનાં? આજે કેળવણી લેનારા બધા તો નહિ, પણ ઘણા ખરા બીજાઓની કમાણી ઉપર તાગડધિન્ના કરી વિદ્યાને લજાવવા જેવું કરતા જણાય છે. પાંચ પચ્ચીશ વરસ સુધી હજારો રૂપિયાનો ખરચ કરી, શરીર સોસવી, રૂધિરનું પાણી કરી કેળવણી લેનારા વિદ્વાનો ગરીબોને છેતરવામાં, પ્રપંચમાં ફસાવવામાં, મોજશોખ માણવામાં, પાંચે ઇંદ્રિયોના વિષયોની વૃદ્ધિ કરવામાં પૈસા કમાવવાનાજ સ્વાર્થમાં, યુક્તિઓથી બીજાઓને છેતરી તેમના પૈસા હરવામાં, ઘોડાગાડી અને મોટરોની મુસાફરી કરી મોજ માણવામાં, ડેસ્કીટાઇટ ફક્કડ બનવામાં, તેઓની જીંદગી વ્યતીત થતી જોવામાં આવે છે. આટલી કેળવણી પામ્યા છતાં દુઃખીને જોઇને હૃદય દાઝતું નથી, ટીપાર્ટી, દુધપાર્ટી તથા હોટેલોમાં હજારો ઉડાવે પણ જન સમાજના હિત માટે સેંકડો આપતાં પણ અચકાતા હોય, દયા, શાંતિ, ક્ષમા, પરોપકારાદિ સદ્‌ગુણોનાં સ્વપ્નાં પણ ન આવતાં હોય, આત્મ શક્તિને વિકાસ કરવા વિચાર પણ ન આવતો હોય, દેવ, ગુરૂ તથા ધર્મના પવિત્ર તત્ત્વો તરફ ઉલ્લાસ ન થતો હોય, દેશની સેવા બજાવવામાં તન, મન, ધન તથા સર્વસ્વનો ભોગ આપવાની ઉદારતા ન થતી હોય અને આત્મ ભોગી ન બનતો હોય તે વિદ્યા નથી પણ કુવિદ્યા છે, તે જ્ઞાન નથી પણ અજ્ઞાન છે, તેનાથી દેશની ઉન્નતિ નથી પણ અવનતિ (અધોગતિ) છે. માટે બાળકોને પ્રથમથીજ પવિત્ર સંસ્કારોનું સિંચન કરી, ગર્ભસંસ્કાર, જન્મ સંસ્કાર અને પોષણ સંસ્કારોના વખતે જે જે સમયે બાળકની વય બદલાતી જાય, તે તે સમયે સમયોચિત સંસ્કારોથી બાળકના હૃદયમાં પવિત્ર જીવન રેડી, સુવાસના ઉત્પન્ન કરી, બાળકોની હૃદય-ગુફામાં

જ્ઞાન-સૂર્યના કિરણોને ફેલાવી, તેઓની હૃદય-ભૂમિમાં કલ્પવૃક્ષનું બીજારોપણ કરી પછી પવિત્ર ધર્મગુરૂ પાસે સિંચન કરવા જ્ઞાન શક્તિનો વિકાસ વિસ્તૃત કરવા ગુરૂકુળોમાં અભ્યાસ કરે તોજ વિદ્યાભ્યાસની સાર્થકતા, ઉત્તમતા અને સિદ્ધિ થાય છે.

નૈતિક જીવન—

" निंदंतु नीतिनिपुणा यदि वा स्तुवंतु,
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।
अद्यैव वा मरणमस्तु युगांतरे वा,
न्यायात्पथः प्रविचलंति पदं न धीराः " ॥ १ ॥

વિશ્વના વિદ્વાન લોકો નિંદા કરો વા સ્તુતિ કરો, સમગ્ર લક્ષ્મી પ્રાપ્ત થાઓ વા સર્વથા નાશ થાઓ, અનેક યુગ પછી મરણ થાઓ વા આજ ક્ષણે મરણ થાવો, પણ ધીર એટલે મહાન્ પુરૂષો નીતિમાર્ગથી અણુમાત્ર પણ વિમુખ ચાલતા નથી. માતા પિતાના મલીન સંસ્કારો અને ભાડુતી શિક્ષણથી હૃદય કિલષ્ટ થવાથી—ધર્મસ્થાનકોમાં હજારો ધર્મગુરૂઓ સત્ય બોલવું અને નીતિના માર્ગે ચાલવું એમ સદ્બોધ આપે છે છતાં—અસર થતી નથી. જ્યારે પ્રથમથીજ માતા પિતા તરફથી ઉચ્ચ સંસ્કારોનું સિંચન થયું હોય અને પરોપકારી તથા તિષ્કામી ગુરૂઓ પાસે વિદ્યાભ્યાસ કર્યો હોય તો સત્ય બોલો, નીતિના માર્ગે ચાલો, એમ હજારો ધર્મગુરૂઓને રાડો પાડવાનો વખત આવતજ નહિ. કેમકે નિર્મળ હૃદયી ધર્મગુરૂઓ પાસે વિદ્યાભ્યાસ કરતી વખતેજ તેના હૃદયમાં સદ્ભાવના, સત્ય, નીતિ વિગેરે આત્મગુણોની એવી તો સજ્જડ છાપ પડી હોય છે કે—વ્યાપારના સમયે ગૃહવ્યવહાર પ્રસંગે તેને કોઇ લાખો રૂપીયા આપવાને તૈયાર થાય તોપણ સ્વપ્નાંતરે અસત્ય બોલવાની વા અનીતિએ પ્રવર્ત્તવાની ઇચ્છા ન થાય. અગ્નિમાં સુવાનું કબુલ કરે, પરંતુ પ્રાણાંતે પણ અસત્ય, અનીતિ કરવાનું કબુલ ન કરે. નીતિ તથા સત્ય એ મનુષ્યનું ખરૂં જીવન અને પ્રથમ કર્ત્તવ્ય છે. એંજીનના સંબંધથી ટ્રેન ગાડીનું ગમન સુગમતાથી થાય છે, તેમ સત્ય અને નીતિના સંબંધથીજ મનુષ્યાત્માનો ગૃહવ્યવહાર સુગમતાને પામે છે. જેમ પક્ષી બે પાંખ વિના પીડાને પામે છે. તેમ મનુષ્યાત્માને ઉર્ધ્વગતિમાં ગમન કરવા માટે સત્ય તથા નીતિ—એ બંને પાંખો છે, તે વિના અધોગતિના દુઃખને આધીન થાય છે. સત્ય તથા નીતિથી સંસારની પ્રારબ્ધ-

ગત પ્રવૃત્તિનું સેવન અનાસક્તપણે થવાથી પ્રારબ્ધ કર્મ ક્ષીણ થયે અર્થ કામથી નિવૃત્ત થઈ, સંસારવિરક્ત બની મોક્ષમાર્ગને સુગમતાથી સાધી શકે છે. છળ કપટના પ્રપંચો રચી, અસત્ય, અનીતિથી લાખો રૂપીયા મેળવી, ઘોડાગાડીની સફરોમાં, મહોલાતોની મજાહમાં અને પૈસાના તોરમાં બહારનો ભભકો જોઇ લોકો તેને ઘણો સુખી માનતા હશે, પણ પાપની કમાણીના પૈસાથી લાખો રૂપિયાની મિલ્કત મળ્યા છતાં તેને સ્ત્રી સંબંધી, પુત્ર સંબંધી કે ધન સંબંધી કાંઇને કાંઇ પણ એક એવું ભયંકર દુઃખની આગ તેના હૃદયમાં હોળીની માફક સળગતીજ હશે. જ્યારે ન્યાય અને સત્યથી ભલે રાબ અને છાશનું ભોજન મળતું હશે, તો પણ પવિત્રતાના પ્રતાપથી સ્વર્ગીય આનંદ ભોગવતો હશે. માટેજ જ્ઞાનીઓએ એમ કહ્યું છે કે–' **सत्यमेव जयति** ' સત્ય માર્ગે ચાલનારનોજ જય થાય છે. માયા કપટથી કોઇ માણસને છેતરી પાંચ પચીશ રૂપીઆ કમાયો હોય ત્યારે અજ્ઞાની આત્મા રાજી થાય છે, પણ કુદરત તેને ગમે તે રસ્તેથી અનીતિના આચરણનું ફળ આપે છે, છળ કરીને પચીશ રૂા. કમાયાથી ઘડીભર ઉજળા પાંચીઆને જોઇ જીવાત્મા આનંદ માને છે, પણ કુદરત તેના પાપનો બદલો આપવા પચીશ પચાશનો દાગીનો ખોવાયાથી, ઘરાકમાં ઘલાઇ જવાથી, વ્યાપારમાં નુકશાની આવવાથી વા ગમે તે કારણથી પણ ' કૂડ ત્યાં ધુળ ' એ કહેવત ખરી પાડે છે. એક પાપ કરી તેને ગોપવવા માટે અનેક પાપો ઉત્પન્ન કરવામાં દુઃખ વેઠવું પડે છે, તેમ અધર્મના રસ્તાઓ સેવી ધન મેળવનારને પણ અનેક ભય–ચિંતાઓનાં કષ્ટો ભોગવવાં પડે છે. મહાવીર પ્રભુના પરમ ભક્તાત્મા **પુણીઆ** શ્રાવક તથા તેમના ધર્મપત્ની બંને દંપતી પવિત્ર હતા, પરમ સંતોષી હતા. પુણીઓ શ્રાવક હમેશના રિવાજ મુજબ સામાયિક વ્રતમાં બેઠા હતા. સામાયિકમાં અવિચ્છિન્નપણે આત્મરમણતામાં પરમાનંદ માનતા હતા.

એક વખતે સામાયિક લઇ પોતાની વૃત્તિઓને સ્થિર કરી આત્મચિંતન કરતા હતા, તે વખતે થોડીવાર સ્થિરતા રહી, પણ કર્મવશાત્ કોઇ દોષાવરણથી ક્ષણવારમાં તે સ્થિરતાનો ભંગ થઇ વૃત્તિ ચલિત થવા લાગી. વિવિધ પ્રકારે વિચાર તથા ભાવનાથી વૃત્તિને સ્થિર કરવા પ્રયાસ કર્યો, પણ વૃત્તિ સ્થિર રહી નહિ. ' આજે શા કારણથી વૃત્તિની અસ્થિરતા થાય છે ? ' એ વિચાર કરતાં સામાયિકની સમાપ્તિ થયા પછી તેણે પોતાની ધર્મપત્નીને કહ્યું– ' દેવી ! મારી દિનચર્યામાં વૃત્તિ કાંઇ પણ સ્ખલના પામે તેવી પ્રવૃત્તિ થઇ નથી, છતાં આજે સામાયિકમાં મારૂં અંતઃકરણ અસ્થિરતાને આધીન થયું

તેનું શું કારણ હશે ? મારાથી કોઇ અનુચિત કાર્ય તો નથી સેવાયું ? વા આહારાદિકમાં કાંઇ અન્યાય પ્રવૃત્તિ તો નથી થઈ ? ' એ રીતે પોતાના પ્રિય પતિનાં વચનો સાંભળી સાધ્વી સ્ત્રીએ કહ્યું કે—' હૃદયદેવ ! આજે આપણા ત્રીજા (અદત્તાદાન વિરમણ) વ્રતને બાધા આવે તેવું અનુચિત કાર્ય મારાથી થઇ ગયું છે. આજે ઘરમાં દેવતા ઓલવાઇ ગયો, જેથી પાડોસીને ત્યાં લેવા ગઇ અને આપણા ઘર તરફ આવતાં ' દેવતા થોડો છે તેથી ચુલામાં પ્રજ્વલિત કરતાં તે ઓલવાઇ જશે ' એમ જાણી પાછો પાડોસીના ઘરની ભીંતે છાણાનો ઘોર (છાણા થાપી ઉપાડી લીધા પછી જમીન ઉપર પડી રહેલો ભુકો) પડ્યો હતો, તે પાડોસીને પૂછ્યા વિના ચપટી ભરી દેવતાના અંગારા-પર નાખ્યો, તે દેવતાથી અન્ન પકાવ્યું અને તે અનાજના ભક્ષણથી આપની વૃત્તિ ધર્મભાવનામાં સ્થિર ન રહી હોય—એમ મારૂં માનવું છે. નાથ ! કોઇને પુછ્યા વિના કોઇની અણુમાત્ર પણ વસ્તુ ન ગ્રહણ કરવાની આપણે પ્રતિજ્ઞા લીધી છે, છતાં આજે વિસ્મૃત દોષને લઇ પાડોસીને પુછ્યા વિના તેનો છાણાનો ભુકો લઈ, તેનાથી રસોઇ કરી, અન્યાય પદાર્થમિશ્રણ અનાજ પકાવી આપને ખવરાવ્યાથી આપની અંતરભાવનાને સ્ખલિત કરાવી આપની અપરાધી બની છું. માટે કૃપા કરી મને ક્ષમા આપશો. ભવિષ્યમાં કદાપિ પણ તેવી ભુલને આધીન નહિજ થાઉં ' કહો, આજે કેટલ ક મંદબુદ્ધિ જીવો ઘણા સાધુઓને એવો પ્રશ્ન પુછે છે કે—" મહારાજ ! સામાયક, પ્રતિક્રમણ, પૂજા, શ્રવણ, સ્મરણ, સંધ્યા પૂજન વિગેરે ધર્મ ક્રિયાઓ કરતાં અમારૂં મન સ્થિર કેમ રહેતું નથી ? એક માળા ગણતાં પણ મન સ્થિર રહેતું નથી તેનું શું કારણ ? આવો પ્રશ્ન કરનારા જરા સ્થિરતા પૂર્વક વિચાર કરશે તથા ઉત્કૃષ્ટ નીતિસંપન્ન મહાત્મા પુણીઆ શ્રાવકનો દાખલો વિચારશે તો તે સુગમતાથી સમજી શકશે કે મન સ્થિર ક્યાંથી રહે ? પુણીઆ શ્રાવકનો વેપાર નિર્વદ્ય, સત્ય અને નીતિમય હતો. રૂની પુણીઓ એકજ ભાવે ન્યાય પૂર્વક વેચી, તેમાં પણ ત્રણ ચાર આનાની કમાણી થતાં તેટલામાંજ સંતોષ માનતા હતા. સ્ત્રી પુરૂષ બન્ને વારા ફરતી એકાંતરે યાવજ્જીવ ઉપવાસ કરતા હતા. હમેશાં એક સ્વામી (સાધર્મી) ભાઇને વા અતિથિ સાધુને ભોજન આપ્યા પછી પોતે જમતા હતા. બે માણસના ગુજરાન પુરતું બે પાંચ કલાકમાં મળી જાય એટલે વેપાર બંધ કરી બાકીનો સમય તે દંપતી શાસ્ત્રવાંચન, સંત સેવા અને આત્મ ધ્યાનમાં ગાળતા હતા. જીંદગીમાં અણુમાત્ર પણ જેમણે અનીતિ વા અસત્યનું સેવન કર્યું જ નથી, છતાં માત્ર રસ્તામાં પડેલા છાણાના ભુકાથી સળગેલા દેવતા

ઉપર ભોજન બનાવી ખાતાં જ્યારે વૃત્તિ ચલિત થઈ ધર્મ ધ્યાનમાં સ્થિરતા ન રહી; તો પછી જન્મથી મરણ પર્યંત કુડ-કપટ, છળ-પ્રપંચ કરી, સ્વાર્થને માટે બીજા જીવોને ત્રાસ આપી, તેઓના કુટંબોને રખડાવી ભુખે મારતા કરી, ક્રૂરતાથી ધન હરનારા, અસત્ય, અનીતિથી લાખો રૂપિયા કમાવનારા, કાળાં કૃત્યો કરી લોકોના ગળા રેંસી, કન્યાઓનાં વેચાણ કરી પાપમાર્ગથી પૈસા મેળવનારા, ધનના તથા વિષયોના ગુલામો ! હજારો સામાયક અને પ્રતિક્રમણાદિકના ચુંથણા ચુંથતાં પણ તમારાં પાપી મન સ્થિર રહેજ શેના ? પવનના સંચારથી જેમ પાણી ચાલ્યા કરે છે, તેમ પાપકૃત્યોના પરિવર્ત્તનથી અંતઃકરણ મલીન જ રહે છે. માટે સત્ય વા નીતિથી જ મનુષ્યાત્મા ઉન્નતિને પામે છે. નૈતિક જીવન ગાળનારનું ગૃહસ્થાશ્રમ શાંતિભુવન બને છે. અને સ્વર્ગના આનંદને આપનાર થાય છે. વ્યાપારમાં જેમ નીતિપૂર્વક વર્ત્તવું જોઇએ, તેમ ગૃહવ્યવહારમાં માતા પિતાનો વિનય, વડીલો સાથે સ્નેહ, જ્ઞાતિ તથા દેશની સેવા, સ્ત્રી સાથે વિશુદ્ધ પ્રેમથી લગ્ન, વિષયાંધ થઇ વાસનાના ગુલામ બની સ્ત્રી સંગ કરનાર મનુષ્યની શારીરિક, માનસિક તથા આત્મિક શક્તિનો નાશ થાય છે. જ્યારે સ્ત્રીના સ્થુલ દેહના સૌંદર્યમાં મોહિત ન થતાં તેના હાર્દિક ગુણોથી રંજન પામી, તેના પવિત્ર જીવનથી પ્રેમી બની, દેહ લગ્નના વિષયમોહને છોડી પ્રેમ લગ્નના નિર્મળ જીવનમાં આનંદ પામી, પોતાનું તથા સ્ત્રીનું હૃદય વિશુદ્ધ પ્રેમથી જોડીને સ્ત્રી સાથે જીવન ગાળનાર પ્રથમ ભાગ્યશાળી બને છે. આવા ગૃહવ્યવહારનું સેવન કરનાર, પોતાના બાળકોને પવિત્ર ધર્મનું સિંચન કરનાર મનુષ્યોનો સંસાર ગૃહસ્થાશ્રમી વા સ્વર્ગીય બને છે. કલેશ કંકાસમાં જીવન ગાળનાર, સ્થુળ સૌંદર્યમાં મોહિત થનાર મનુષ્યોનો સંસાર ગૃહસ્થાશ્રમી નહિ પણ ગદ્ધાશ્રમી બને છે, માટે મનુષ્યનું ત્રીજું અંગ નૈતિક જીવન છે.

ભ્રાતૃભાવ—

" आत्मवत्सर्वभूतेषु यः पश्यति स पश्यति "

આ વિશ્વના અનંત દેહાત્માઓને આત્મવત્ જાણનાર તેજ જગતમાં દેખનાર જ્ઞાની છે. વિશ્વવાસી જીવો પ્રત્યે દેહ દૃષ્ટિ હોય છે ત્યાંસુધી આ ઉચ્ચ છે અને આ નીચ છે; એવી ઉપાધિ જન્ય દ્વંદ્વ ભાવનાને લઇ દેહાત્માઓ પ્રત્યે દ્વેષ, ઇર્ષ્યાદિક દોષો જાગે છે, પણ જ્યારે દેહભાવના ક્ષીણ થઇ સર્વ દેહાત્માઓ પ્રત્યે આત્મભાવના જાગે છે, ત્યારે કલેશભાવનાનો નાશ થઇ આખું વિશ્વ અભિન્નતાએ જણાઇ રહે છે. જીવાત્માઓમાં દેહભાવનાને લઇ ' હું અને

મારૂં ' એવા અજ્ઞાનદોષો ઉદ્‌ભવે છે, આત્માને મોટામાં મોટું બંધન પણ ' **अहं ममेति बंधः** ' હું અને મારૂં–એજ બંધન છે. એ દોષો ઉત્પન્ન થવાથી સ્વાર્થભાવના જાગે છે. બીજા જીવોને ત્રાસ કે દુઃખ આપીને પણ પોતાનો સ્વાર્થ સાધવાના વિચારોનું જનસમાજમાં વાતાવરણ વધે છે, ત્યારે એક બીજાઓમાં કલેશ, કુસંપ, ઇર્ષ્યા વધે છે, ચોર, જુગારી, લુંટારા ઉત્પન્ન થાય છે. અને ખુનામરકી લડાઇ ચાલે છે, તેથી જનસમાજનું જીવન તથા દેશ ઘણીજ અવનતિમાં આવી જાય છે, અને સમાજમાં જ્યારે સ્નેહ, સંપ, ઐકયતા, એક બીજાનું શ્રેય કરવાની ભાવના તથા ભ્રાતૃભાવ વધે છે, ત્યારે દેશની આબાદી થાય છે. આર્થિક, શારીરિક, માનસિક તથા આત્મિક શકિતઓનો વિકાસ થાય છે અને દેશ પ્રગતિના પ્રવાહમાં ઉછળે છે. પાંડવો અને કૌરવોમાં કર્મવશાત્ અન્યોન્ય કલેશ તથા કુસંપની કિલષ્ટ ભાવનાઓ ફેલાઇ, પરંતુ જ્યારે બીજો કોઇ રાજા તેમના દેશ ઉપર ચડાઇ લઇ આવતો હોય ત્યારે તો પાંડવો કે કૌરવો, બંને સગાભાઇની વા મિત્રની માફક ગાઢ સ્નેહથી બંધાઇ પોતાના દેશનું રક્ષણ કરતાં અને ત્યારેજ તેમના દેશની આબાદી તથા અભિવૃદ્ધિ રહી હતી. સાતમા સૈકા પછી વિદેશીય બાદશાહો, ભારતભૂમિની જાહોજલાલી જોઇ હિંદની લક્ષ્મી હરી લેવા લાખો મનુષ્યોની સેના લઇ હિંદ ઉપર આક્રમણ કરવા આવતા હતા; પરન્તુ જ્યાં સુધી હિંદપુત્રો, ક્ષત્રિયવીરો તથા મહારાજાઓ સ્નેહથી બંધાઇ ઐકયતાને પામી, ' ભારત અમારો દેશ છે, હિંદ અમારી માતૃભૂમિ છે, અમારા તન, મન, ધન, રાજ્ય તથા પ્રાણ વિગેરે નો સર્વસ્વ ભોગ આપીને પણ અમારા દેશનું રક્ષણ કરવું એજ અમારી ફરજ છે ' એવી દેશભાવનાથી તેમના નાડીઓમાં સ્વદેશપ્રેમ, ક્ષત્રિયતેજ તથા દેશાભિમાન હતું અને રગેરગ હિંદનું લોહી ઉછળતું હતું, ત્યાં સુધી અનેક બાદશાહો પણ પરાભવ પામી ચાલ્યા ગયા હતા–નામોસી પામી નાશી ગયા હતા, પણ જ્યારે હિંદના ક્ષત્રિયવીરોમાં અંદરમાંજ કલેશ કુસંપનાં બીજો વવાણાં, રાજ્ય લોભથી લોભાંધ બની, દેશ પ્રેમનો લય કરી, બીજા રાજ્યનો નાશ થાય; છતાં પોતાના રાજ્યના સ્વાર્થની ખાતર, દૈહિક સુખની ખાતર બીજા રાજ્યો તરફ ઉપેક્ષા થઇ, તેમનાં દુઃખ જોઇ હસવા લાગ્યા, ત્યારથી જ દેશની અધોગતિ થતી ગઇ છે. બાદશાહોથી દેશ કચરાતો ગયો અને ત્યારથી જ દેશ ગુલામીમાં આવી પડયો. હિંદ પુત્ર મહાન વીર પૃથુરાજ ચહુઆણ અને શાબુદીન ગોરીના યુદ્ધ સમયે કુલાંગાર જયચંદ્ર દેશ દ્રોહી પાકવાથી, કરણઘેલાના સમયે દેશ વિઘાતક માધવ પાકવાથી, જુલ્મી ઔરંગજેબના સમયે ક્ષત્રિય

કુળ કંટક જયસિંહ દેશ દ્રોહી થવાથી અને વીરપુત્ર પ્રતાપના સમયે દેશ વિનાશક ભારતદ્રોહી માનસિંગ પાકવાથી એમ અનેક દેશ દ્રોહીઓના ઉત્પન્ન થવાથીજ દેશની અધોગતિ થઇ છે. માટેજ જ્ઞાનીઓએ ભ્રાતૃભાવ એ દેશોન્નતિનું પરમ જીવન કહ્યું છે. ઘાસનું એક તૃણ રસ્તામાં પડયું હોય ત્યારે પ્રાણીઓના પગ નીચે કચરાય છે, ખુંદાયછે અને ભુકો થઇ જાય છે તથા પશુઓના મુખમાં ચર્વિત થઇ ચુરો થાય છે, પણ તેજ તૃણ જેવાં અનેક તૃણો ભેગાં કરી, એકડાં મેળવી તેનું દોરડું બનાવવામાં આવે, તો સિંહ તથા હાથી જેવા પ્રચંડ પ્રાણીને પણ બાંધી શકે છે, તેમ મનુષ્યાત્માઓ પણ જો સ્નેહ ભાવથી ભ્રષ્ટ થઇ પોતપોતાના સ્વાર્થમાં એકલા રખડતા હોય તો બીજા બળવાન મનુષ્યોથી ખુંદાય જાય છે, શક્તિ હીન બને છે, કુદરતના કોપથી કચરાઇ જાય છે અને માનવ જન્મ નિષ્ફળ ગુમાવે છે, પરંતુ જો મનુષ્યો સંપ કરી, સ્નેહ બંધનથી એકઠા થઇ ઐકયતાને પામે, તો સિંહ વા હાથી તો શું પણ મોટા મોટા રાજાઓ, ચક્રવર્ત્તિઓ, દેવો, અને ઇંદ્રોને પણ બાંધી શકે છે અર્થાત્ તેનો પણ જય કરી શકે છે, એટલુંજ નહિ પણ ઉત્કૃષ્ટ પ્રેમબળના અભેદ ભાવમાં રહે તો અનંત શક્તિમાન પ્રભુને પણ બાંધી (વશ કરી) શકે છે. પચાશ વરસમાં જાપાનની જાહોજલાલી વા ઉન્નતિ થઇ છે, તેનું કારણ પણ ભ્રાતૃભાવ છે. દેશને માટે પોતાના પ્રાણ આપવામાં પણ જાપાનીઓએ પાછી પાની કરીજ નથી, તેમનાજ પ્રતાપથી જાપાન આજે દિન પ્રતિદિન પ્રગતિના પ્રવાહમાં વધતો જાય છે, જ્યારે હિંદમાં પચાશ સો વરસમાં વૈરભાવથી તથા સ્વાર્થભાવથી જ દેશની અવનતિ થતી જાય છે. જ્યાં શૈવ અને વૈષ્ણવો નામ માત્રથી કષાય વધારતા હોય, જ્યાં સનાતનીઓ અને સમાજીસ્ટો એક બીજાને ગાળાગાળી આપવામાં આનંદ માનતા હોય, જ્યાં સ્થાનકવાસીઓ તથા દેરાવાસીઓ એકજ પ્રભુના નામ માટે માથાં ફોડતા હોય–રૂધિરથી ભારત ભૂમીને મલીન કરતા હોય, જ્યાં દિગંબરો અને શ્વેતાંબરો (એકજ પ્રભુના ઉપાસકો) પોતાનાજ પ્રભુની મૂર્ત્તિઓના પુતળાં માટે વા પહાડના પત્થરાઓ માટે લાખો રૂપીઆનું પાણી કરતા હોય, અને વૈર વિરોધ જમાવી લડતા હોય, ત્યાં દેશની પાયમાલી થાય, દુઃખ, દરિદ્રતામાં દેશ ડુબી જાય, જન સમાજ ભયંકર આપત્તિઓમાં અથડાય અને ભારતની અધોગતિ થાય તેમાં નવાઇજ નથી. પ્રભુના નામે તથા ધર્મના નામે કલેશ કજીઆ કરનાર, શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી, શૈવ, વૈષ્ણવો વિગેરે સમાજે તથા ધર્મના નામે ધતીંગ ચલાવનાર, એક બીજાની નિંદા કરી જનસમાજને અવળે

માર્ગે ચલાવનાર, એક બીજા સાથે ઇર્ષ્યા, કલેશ, ખેદ કરી વેર–ઝેર વધારનાર, તીર્થ તથા મૂર્ત્તિઓના નિમિત્તે થતા ઝગડાઓને શમાવી દેવાનું ન કરતાં ઉલટો કુસંપ જગાડનાર, લોકોને ખોટી રીતે ઉશ્કેરનાર, દેશ ભુખથી રીબાતો હોય છતાં ઉત્સવ, મહોત્સવ, તથા જમણુવારની પ્રવૃત્તિઓમાં ધર્મના નામે લાખો–કરોડો રૂપિયાનો દુર્વ્યય કરાવનાર એવા ધર્મગુરૂઓનોજ જ્યારે સૃષ્ટિમાંથી લય થશે વા પોપગુરૂઓની માફક જલસમાધિ પામશે અથવા તો તેમનો દેશમાંથી બહિષ્કાર થશે, ત્યારેજ કોમની, સમાજની, અને દેશની સંપૂર્ણ ઉન્નતિ થશે. ગચ્છ, મત, સંપ્રદાય વિગેરેની ભાવનાઓ ભૂલી જઇ, બાહ્ય શુષ્ક ક્રિયાઓના ચુંથણાં ચુંથવાનું છોડી દઇ, મૂર્ત્તિ કે મુહપત્તીની કલ્પનાઓને તિલાંજલિ આપી, શૈવ, વૈષ્ણવના નામભેદને ભૂલી જઇ, વણિક, બ્રાહ્મણ, ક્ષત્રિય, શુદ્ર, દશા, વીશા અને બત્રીશાની કડાકુટને તિલાંજલિ આપી, હિંદુ મુસલમાનની ભાવનાને છોડી દઇ–' અમે ભારતના સંતાનો છીએ, હિંદ અમારી માતૃભૂમિ છે, તેના રક્ષણ તથા ઉન્નતિમાંજ અમારૂં શ્રેય છે, હિંદને માટે અમારા તન, મન, ધન તથા પ્રાણ વિગેરે સર્વસ્વનો ભોગ આપવા અમે તૈયાર છીએ, હિંદ અમારૂં જીવન છે, હિંદ અમારૂં કુટુંબ વા જ્ઞાતિ છે, તેની સેવા માટે આત્મભોગ આપવો એજ અમારો ધર્મ છે, હિંદની સેવા એજ અમારૂં સામાયક, પ્રતિક્રમણ, સંધ્યાવંદન, પૂજન અને વ્રત છે '–એવી ભાવનામાં સંલગ્ન થઈ ઐક્યતાથી વર્ત્તવા, ભ્રાતૃભાવથીજ જીવન વ્યતીત કરવા, સમસ્ત જનસમાજ ઉત્કૃષ્ટ ભાવના બળે તથા આત્મિક બળે વર્ત્તશે, ત્યારેજ દેશની ઉન્નતિ થશે, ત્યારેજ ભારતરૂપ વિશાળ મંદિરનો પુનરૂદ્ધાર થશે, જીર્ણોદ્ધાર થશે. માત્ર પોતપોતાનાં મંદિરો કે દેરાંઓ ચણાવવામાં કે સમારકામ કરાવવામાં દેશની ઉન્નતિ નથી, પણ હિંદ રૂપ ચૈતન્ય–મંદિરનું સમારકામ કરવામાં તેમજ હિંદના તેત્રીશ કરોડ દેવોનો ઉદ્ધાર કરવામાંજ દેશની ઉન્નતિ થશે.

પરોપકાર—

" परोपकाराय सतां विभुतयः "

સત્પુરૂષોનું સર્વસ્વ પરમાત્માઓના શ્રેયને માટેજ હોય છે, અર્થાત્ સમસ્ત વિશ્વનું શ્રેય કરવામાં જ પોતાનું જીવન વા કર્ત્તવ્ય સમજે છે. દુઃખને જોતાં પોતાના પ્રાણનો ભોગ આપીને પણ જો તેના દુઃખને દૂર કરવાની દાઝ ન આવી તો એ મનુષ્યનું હૃદય નહિ, પણ પાષાણવત્ રાક્ષસનું હૃદયજ કહી શકાય. ગમે તેવું ઉંચુ બીજ પણ ક્ષાર ભૂમિમાં વાવવાથી નિષ્ફળ જાય છે, તેમ ગમે તેવો

પવિત્ર સદ્‌બોધ પણ દયા શૂન્ય અને પરોપકારની લાગણી હીન મનુષ્યના હૃદયમાં પરિણામ પામતો નથી. પરોપકારી જીવનનો તાદૃશ નમુનો જોવો હોય તો અત્યારે મહાત્મા ગાંધીજ છે, કે જેમણે વાર્ષિક બે લાખ રૂપિયાની ઉપજ ને તિલાંજલિ આપી, તન, મન અને ધનથી ઉત્કૃષ્ટ પરિણામ પૂર્વક જન સમાજનું શ્રેય કરી રહ્યા છે. લાખો મીલ મજુરોના જીવન ઉપર તાગડ ધિન્ના કરનારા મીલ માલિકો તરફથી મજુરો માટે જરા પણ દયા કે લાગણી જોવામાં ન આવી, ત્યારે મીલ મજુરોની વ્હારે ચડી, તે લોકોનું શ્રેય ન થાય અર્થાત્ માલીકો તરફથી મજુરોની યોગ્ય માગણીનો સ્વીકાર ન થાય, ત્યાં સુધી અન્ન પાણીનો ત્યાગ કરી દીધો. બે ત્રણ દિવસના ઉપવાસ થયા. અઠ્ઠમતપથી શાસન દેવી પ્રસન્ન થઈ ભક્તાત્માની ભીડ ભાંગે છે, તેમ મહાત્મા ગાંધીના અઠ્ઠમ તપથી મીલદેવીઓ પ્રસન્ન થઇને મજુરોની ભીડ ભાંગી. ખેડાના સત્યાગ્રહમાં પણ પોતે કષ્ટ વેઠી વ્હારે ધાયા, ત્યારે પ્રેત દેવતા પ્રસન્ન થયા. રોલેટ બીલને માટે પણ સત્યાગ્રહ ચલાવતાં પંજાબના ગવર્નરે પકડવાથી પ્રજામાં ખોટી ઉશ્કેરણી ફેલાયાથી એક બીજાના ખુન ઉપર ઉશ્કેરાયલી પ્રજાને જોઇ તેની સામે પણ સત્યાગ્રહ ચલાવવા તૈયાર થયા, અર્થાત્ 'પ્રજા જુલમ કરશે વા ના. બ્રિટીશ સરકાર પ્રત્યે એવફાદારીથી વર્ત્તશે, તો હું જન્મ પર્યંત અન્નનો ત્યાગ કરીશ'. આનું નામ તે સત્યપરોપકાર. વાર્ષિક લાખોની ઉપજ છતાં તેને તિલાંજલિ આપી દેશ સેવામાંજ પોતાની જીંદગીનો ભોગ આપી દીધો. મહાત્મા ગાંધી હિંદના બારામાં ઉતર્યા ત્યારે જંગલમાં ભજન કરતા યોગીની માફક વસ્ત્રધારી હતા. સ્ટીમરનું નૂર પણ પોતા પાસે રાખ્યું હશે વા બીજાના પૈસાનું સુપાત્ર દાન થયું હશે. પરોપકાર એ પરમાર્થ પંથે ચાલવાની સીડી છે. સીડીના નિમિત્તથી મહાલયમાં પહોંચી શકાય છે, તેમ પરોપકારના નિમિત્તથી પરમાર્થ પદ ને પામી શકાય છે, અન્ય આત્માઓના શ્રેયનો જરા પણ વિચાર કર્યા વિના માત્ર પોતાનાજ સ્વાર્થમાં લીન થયેલ પરોપકાર હીન મનુષ્યાત્મા કુતરાં–બીલાડાં જેમ પોતાનું પેટ ભરવામાંજ સમજ્યા છે, તેની માફક પાશવ જીવન વા તે કરતાં પણ અધમ જીવન ગાળી અમૂલ્ય માનવ દેહનો લય કરેછે. મૂઢાત્મા જેમ મેસના પડીકા માટે ચિંતામણિ રત્ન ગુમાવી દે છે, તેમ સ્વાર્થરૂપ કાળી મેસ માટે રત્ન ચિંતામણી કરતાં પણ દેવ દુર્લભ માનવ જન્મને એળે ગુમાવે છે. જૈન શાસ્ત્રકારોએ છ કાય (છ પ્રકાર) ના જીવોની વ્યાખ્યા કરીછે. પૃથ્વી કાય, અપ કાય (પાણીના જીવો), તેઉ કાય (અગ્નિના જીવો), વાયુ કાય, વનસ્પતિ કાય– એ પાંચ સ્થાવર (સ્થિર કાય વાળા) એકેંદ્રિય જીવો અને ત્રસકાયમાં

ગદ્દભ્યાં, ધામેલો, વિગેરે બે ઇંદ્રિય જીવો; કીડી, મંકોડા વિગેરે તેઇંદ્રિય જીવો, માખી, વીંછી વિગેરે ચૌરિંદ્રિય જીવો અને પશુ, પક્ષી વિગેરે તિર્યંચ, નરકના, દેવતાના તથા મનુષ્યના જીવો એ બધા પચેંદ્રિય કહેવાય. એકેંદ્રિય કરતાં અનંતગણી પુન્યરાશિ એકઠી થાય, ત્યારે બેઇંદ્રિય થાય, તે કરતાં અનંતગણી પુણ્યાઇ વધે ત્યારે તેઇંદ્રિય, તેથી અનંત પુન્ય વધતાં ચૌરિંદ્રિય, તેના કરતાં અનંત પુન્યરાશિ વધતાં અસન્ની પંચેંદ્રિય, તેનાથી અનંત પુન્ય જાગ્રત થતાં નરક પંચેંદ્રિય, તે કરતાં અનંત પુન્ય બળ વધતાં તિર્યંચ પંચેંદ્રિય, તેનાથી અનંત પુન્યરાશિ વધતાં દેવ પંચેંદ્રિય અને તેના કરતાં પણ અનંત પુન્યરાશિ વધે ત્યારે મનુષ્ય દેહની પ્રાપ્તિ થાય. કહો, એકેંદ્રિય જીવો કરતાં ઉત્તરોત્તર અનંતાનંત પુન્ય બળ જાગ્રત થાય ત્યારે મનુષ્ય જન્મ મળે. **" मानवो दुर्लभो देवो "** માનવ દેહ આટલો બધો પુન્યવાન અને દુર્લભ કહ્યો છે. મનુષ્ય કરતાં અનંત પુણ્ય બળ હીન એવા પાણી તથા વનસ્પતિના જીવો પણ જન સમાજ ઉપર અગાધ ઉપકાર કરી રહ્યા છે. તૃષાથી મરણ પામતા મનુષ્યને જળ મળવાથી બચે છે, જળ એ આખી સૃષ્ટિનું જીવન છે. મનુષ્ય, પશુ, પક્ષી, વિગેરે સ્થુલ તથા સુક્ષ્મ જીવોને જળ જીવન આપી આખા જગત ઉપર ઉપકાર કરે છે. તાપથી વ્યાકુળ થયેલ જીવાત્મા તરૂવરની છાયામાં બેસે તો પરિશ્રમ દૂર થઇ શીતલતા અને શાંતિ મળે છે. નિરાશ્રિત પક્ષીઓને ઘર અને કોઠાર એ વિશ્વનાં વૃક્ષોજ છે, અર્થાત્ રહેવાનું અને ખાવાનું વૃક્ષમાંથીજ મળે છે. મનુષ્યોને પણ મહેલ મહોલાતોમાં આનંદ કરવાનું વૃક્ષોના પ્રતાપથીજ બને છે, વૃક્ષોમાં અમૃતરસ સમાન મધુર ફળો થાય છે. જેના સ્વાદથી મનુષ્યો, પશુઓ અને પક્ષીઓ આનંદ મેળવે છે અને તેના ભક્ષણથી અસંખ્ય જીવો પોતાના જીવનને ટકાવી રહ્યા છે. અનાજ પણ વનસ્પતિનાજ જીવો છે, તેમના નિમિત્તથી આખું જગત જીવે છે. જ્યારે એકેંદ્રિય જીવો, અસંખ્ય પંચેંદ્રિય પશુ, પક્ષીઓ તથા મનુષ્યો ઉપર આટલો બધો ઉપકાર કરી રહ્યા છે–વિવેક શૂન્ય પશુઓ પણ મનુષ્યોનું હિત કરી રહ્યા છે, ત્યારે એકેંદ્રિય કરતાં કાયપણામાં પાંચગણી કોટીએ અધિક ચડેલા અને પુન્યરાશિમાં એકેંદ્રિય કરતાં અનંતાનંત દરજ્જે ઉચ્ચ કોટીમાં પહોંચેલા મનુષ્યો તો એકેંદ્રિય કરતાં જન સમાજ ઉપર અનંત ગણો અધિક ઉપકાર કરે તોજ મનુષ્ય કહી શકાય. મનુષ્ય દેહ પામીને બીજાને દુઃખ આપવામાં, બીજાનું હરીલેવામાં, બીજાને ત્રાસ આપવામાં જીંદગી વ્યતીત થાય તો તે મનુષ્યાત્માને ઉંચે ચડી નીચે પડવાનું થાય છે. સામાન્ય જંતુઓ જગતવાસી જીવો ઉપર ઉપકાર કરી ઉચ્ચ પદ્ધાલિલાષી બને છે,

જ્યારે મનુષ્યાત્માઓ સામાન્ય જીવોને ત્રાસ આપી અધોગતિમાં પડે છે, એ કેટલી અફસોસની વાત છે! પશુ વિગેરે યોનિમાં ઉપાર્જન કરેલાં કર્મોથી છુટવા માટે મનુષ્ય દેહ એ પરમ સાધન છે. તેવા અમૂલ્ય દેહને પામીને પણ અનેક દુષ્કૃત્યો કરી કર્મ ઉપાર્જન કરવાનું થાય, તો તો "ઘરના ઉઠ્યા વનમાં ગયા અને વનમાં લાગી આગ." ની માફક કર્મ બંધનથી મુક્ત થવાનો સમયજ ન રહ્યો. માટે સમસ્ત વિશ્વના આત્માઓ પ્રત્યે આત્મભાવ રાખી જગતનું શ્રેય કરવામાંજ જેનું જીવન વ્યતીત થાય છે, તેનુંજ જીવન સફળ છે.

પારમાર્થિક ધર્મના પાંચ ભેદ.

૧ મુમુક્ષુતા, ૨ વૈરાગ્ય, ૩ શ્રદ્ધા, ૪ ભક્તિ, ૫ તત્ત્વરમણુતા.

ધર્મ, અર્થ, કામ અને **મોક્ષ**–એ ચાર પુરૂષાર્થમાં ધર્મની મુખ્યતા છે. ધર્મની વ્યાખ્યા આગળ આવી ગઇ છે કે—**"વત્થુ સહાવો ધમ્મો"** વસ્તુ જે આત્મસ્વરૂપ તેમાં રમણુતા, તેજ ધર્મ છે. ધર્મ પછી મોક્ષ પામવાની એ પ્રણાલિકા છે. જે જીવાત્માનાં પ્રારબ્ધ–ભોગકર્મ ગત જન્મમાં ક્ષીણ થઇ ગયાં હોય, ભોગવાસના, સંસાર વાસના, તથા આર્થિક પ્રારબ્ધ પૂર્વેજ ભોગવાઇ નષ્ટ થયાં હોય તે જીવાત્મા ધર્મ (આત્મસ્વરૂપમાં રમણુતા) ના સ્વરૂપને યથાર્થ પણે સમજી, પ્રાપ્ત કરી, બાળ વયમાંજ અર્થ, કામની પ્રવૃત્તિમાં ન પડતાં સીધા ત્યાગ વૈરાગ્ય પામી મોક્ષ માર્ગનું અવલંબન કરે છે. જેમ **શુકદેવજી, અષ્ટાવક્રજી, જંબુસ્વામી, અદ્ભિત્તા મુનિજી** વિગેરે મહાત્માઓ બાળવયમાંજ અર્થ તથા કામનું સેવન કર્યા વિનાજ ત્યાગ ધારણા કરી, યોગી બની, મોક્ષ માર્ગનું ઉત્કૃષ્ટપણે આરાધન કરી મોક્ષમાં ગયા. ધર્મ પછી સીધા મોક્ષે જનારની ઉચ્ચકોટી જણાવી છે. બીજા ધર્મ પામ્યા છતાં પૂર્વ પ્રારબ્ધજન્ય અર્થ તથા ભોગનાં કર્મો અવશેષ રહ્યાં છે તેને ભોગવતાં આત્મોપયોગની જાગ્રતી રહેવાથી–

"સમકિત દૃષ્ટિ જીવડો, કરે કુટુંબ પ્રતિપાળ;
અંતરંગ ન્યારો રહે, જેમ ધાવ ખિલાવે બાળ.

* * * *

"સંસારમાં સરસો રહે, ને મન મારી પાસ;
સંસારમાં લેપાય નહિ, તે જાણુ મારો દાસ.
અર્જુન સુણો ગીતા સાર."

એપ્રમાણે નિર્લેપ પણે પૂર્વ પ્રારબ્ધ કર્મ ભોગવી તેનાથી નિવૃત્ત થાય છે. શેઠ તથા મુનીમ લાખો રૂપીયાનો વહીવટ ચલાવતા હોય, શેઠના કરતાં

મુનિમ વિશેષ કાર્ય કરતો હોય, છતાં શેઠને તે પ્રવૃત્તિમાં તદાસક્તિ હોય છે અને મુનિમને તેમાં ઉદાસીનતા–આસક્તિની મંદતા રહે છે. માતા તથા ધાવમાતા (ધાત્રી) બંને બાળકને સ્તનપાન કરાવવાની તથા રમાડવાની સરખીજ ક્રિયા કરે છે, છતાં બાળક પ્રત્યે જે આસક્તિ જન્મદાયક માતાને હોય, તે આસક્તિ ધાવમાતાને હોતીજ નથી. કેદી તથા ઘરનો માલિક મહેનતનું કામ સરખુંજ કરતો હોય છે, જ્યારે કેદીને અંતરમાં ઉદ્વેગપણું રહે છે, તેમ આત્મજ્ઞાની પુરૂષ વિષયાસક્ત થઇ અર્થ તથા કામનું સેવન કરતા નથી, પણ પ્રારબ્ધ કર્મની ક્ષીણુતા કરવા માટે પૂર્વકૃત કર્મઋણમાંથી મુકત થવા માટે ઉદાસીન પણે–અનાસક્ત ભાવે પ્રારબ્ધ કર્મ ભોગવતાં, આત્મોપયોગપણે અર્થ કામનું સેવન કરતાં ભોગકર્મની ક્ષીણુતા થયે તેમાંથી મુકત થઇ, સંસાર વિરક્ત બની, મોક્ષમાર્ગે ચાલતાં મોક્ષ સ્વરૂપને પામી શકે છે. પરિણામે બંનેથી આત્મસિદ્ધિજ થાય છે, સમકિતી (આત્મજ્ઞાની) પૂર્વકૃત કર્મને વેદતાં કુટુંબનું પોષણ કરતાં અંતરંગમાં ન્યારો રહી અનાસક્ત બની સંસારનું સેવન કરે છે; છતાં સંસારમાં લેપાતો નથી. બનારસીદાસ પણ કહે છે કે–

"જ્ઞાનીકા ભોગ હૈ સો નિર્જરાકા હેતુ હૈ;
અજ્ઞાનીકા ભોગ હૈ સો, કર્મબંધ દેતુ હૈ."

જ્ઞાની અનાસક્તપણે ભોગકર્મનું સેવન કરે છે, તેથી નિર્લેપ રહે છે, કર્મ ક્ષતિ થાય છે અને અજ્ઞાની તદાસક્ત પણે ભોગ કર્મનું વેદન કરે છે તેથી બંધાય છે–નૂતન કર્મની વૃદ્ધિ કરે છે. જ્ઞાનીઓના અર્થ તથા કામ (ઇચ્છાઓ) જગતના જીવોને કલ્યાણ કર્તા થાય છે, જ્યારે અજ્ઞાનીઓના અર્થ તથા કામ ઘણા જીવોને અહિત કરનાર થાય છે. મનુષ્યની છેવટની દશા મોક્ષ સ્થાન છે, તેથીજ જ્ઞાનીઓએ પરમાર્થ માર્ગની સ્થળે સ્થળે વિશેષતા તથા મહત્તા વર્ણવી છે. તે પરમાર્થ માર્ગ પામવા માટે વૈરાગ્યાદિ પાંચ કારણો એ ઉત્કૃષ્ટ સાધન છે. કારણ વિના કાર્યની ઉત્પત્તિ થતી નથી, તેમજ કાર્યનું લક્ષ્ય ભૂલી જઇ કારણમાંજ કાર્ય માની બેસે વા કારણમાંજ અટકી પડે તો પણ કાર્યની સિદ્ધિ થતી નથી, પણ કાર્યને લક્ષ્યમાં રાખી કાર્યની પ્રાપ્તિ થાય તેવા ભાવ પૂર્વક કારણનું સેવન કરવાથીજ કાર્યની પ્રાપ્તિ થાય છે.

(૧) મુમુક્ષુતા—

**"કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ પ્રાણી દયા, તે કહીયે જિજ્ઞાસ."**

સંસાર અને મોક્ષ વા નિવૃત્તિ અને પ્રવૃત્તિનો દ્વંદ્વ પ્રવાહ અનાદિ કાલના સૃષ્ટિ ક્રમમાં ચાલ્યોજ રહેછે. કષાયાદિ દોષો તથા વાસનાઓના બળની વૃદ્ધિ થાય, ત્યારે સંસાર પરિભ્રમણ કરવાનું બને છે અને તેની ક્ષીણતા થઇ આત્મ બળની વૃદ્ધિ થાય, ત્યારે પ્રવૃત્તિ માર્ગ વા સંસાર પરિભ્રમણથી મુક્ત થઇ નિવૃત્તિમાર્ગ એવા મોક્ષ તરફ જીવાત્માનું ગમન થાય છે. **मोक्षं इच्छुः मुमुक्षुः** મોક્ષનોજ ઇચ્છાને મુમુક્ષુ કહે છે. અનાદિ કાલથી સંસારમાં રખડતાં લાખો યોજન ઉંચા પહાડના શિખર ઉપરથી તૂટી પડેલ પત્થર કુટાતો અથડાતો નીચે આવતાં ગોળ બને છે. તેમ અનેક ગતિઓમાં અનંત દુઃખો ભોગવતાં અકામ નિર્જરાના બળથી ઉંચે આવી માનવ દેહ, આર્યદેશ, આર્યક્ષેત્ર, ઉત્તમ કુળમાં જન્મ, પરમાર્થ માર્ગ પામવાને પરમ જ્ઞાનીની સજીવન મૂર્તિનો સમાગમ વિગેરે મહત્ પુન્યોદયે ઉત્તમ સાધનો મળતાં પૂર્વ સંસ્કારના યોગથી અંતરમાં પરમાર્થ માર્ગ પામવાની તીવ્ર ભાવના થાય તેને મુમુક્ષુ કહે છે. **'भावना सदशी सिद्धिः'** ભાવના બળવાન હોય તોજ સિદ્ધિ થાય છે. કાર્ય થવામાં ઉપાદાન કારણ તથા નિમિત્ત કારણ હોય ત્યારેજ કાર્ય થાય છે. ઘટ થવામાં ઉપાદાન કારણ માટી અને નિમિત્ત કારણ કુંભાર તથા દંડાદિ વિગેરેના સંયોગથી ઘટ રૂપ કાર્ય થાય છે; તેમ મોક્ષમાર્ગની પ્રાપ્તિમાં પોતાનો આત્મા એ ઉપાદાન કારણ છે અને સદ્‌ગુરૂ વિગેરે સત્સાધનો એ નિમિત્ત કારણ છે. નિમિત્ત કારણો મોજુદ હોય છતાં પોતે પરમાર્થ માર્ગનો અભિલાષી ન થયો હોય વા જાગ્રત ન થયો હોય, માયાના આવરણોની મંદતા ન થઇ હોય તો સત્પુરૂષનો બોધ અંતરમાં પરિણમતો નથી. જેથી પરમાર્થ માર્ગ પામવામાં પ્રથમ આત્મ બળનીજ આવશ્યકતા છે. 'મારે અવશ્ય કલ્યાણ કરવું છે, મારૂં અવશ્ય કલ્યાણ થશે' એવી રોમેરોમ ઉત્કૃષ્ટ ભાવના ઉદ્‌ભવે ત્યારેજ મુમુક્ષુતા આવે છે. ' કષાયની ઉપશાંતતા'— જ્યાં સૂર્યના કિરણોનો પ્રકાશ પ્રસરે ત્યાં અંધકારનો અભાવ હોયજ અને જ્યાં ગાઢ અંધકાર વ્યાપી રહ્યો હોય ત્યાં સૂર્યના પ્રકાશનો અભાવ હોય છે. તેમ જ્યાં પરમાર્થ માર્ગની તીવ્ર પ્રીતિ અને ખરી ભાવના હોય, ત્યાં ચૌદ રાજલોકની ઋદ્ધિ, ઇંદ્ર ભુવનનું સુખ અને પૌદ્‌ગલિક રચના તૃણવત વા રેતીના કણની માફક લુખ્ખી લાગે છે, ત્યારેજ પરમાર્થ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. અને જ્યાં ઘરબાર છોડી ત્યાગી થયો હોય, વા જંગલમાં રહેતો હોય, હજારો કે લાખો રૂા. નાદાન પુન્ય કરતો હોય, હજારો ધર્મ કરણીઓ કરતો હોય; છતાં જો કષાય, વિષય, દ્વેષ, મિથ્યાત્વ, અજ્ઞાન તથા મોહનો નાશ, ક્ષીણતા વા ઉપશમ થયો ન હોય, વિષયોની મધુરતા મરણ પામી ન હોય, વૃત્તિઓ સ્થિર થઇ ન હોય, વા-

સનાઓ લય પામી ન હોય, આશા તૃષ્ણાનાં બંધનો બળી ગયાં ન હોય, દેહ ભાવના વા દેહાધ્યાસબુદ્ધિ, સ્ત્રી, ધન, કુટુંબાદિની મૂર્ચ્છા અને જગદાકાર વૃત્તિનો વિલય થયો ન હોય તો તે જીવાત્માને પરમાર્થ માર્ગની પ્રાપ્તિ થતીજ નથી. માટે જ્ઞાનીઓએ કહ્યું છે કે—" કષાયની ઉપશાંતતા " હૃદયમાં કષાય વિષયાદિ દોષોનો કચરો સાફ થયા વિના હૃદય શુદ્ધ બનતું નથી. માટે કષાય વિષયાદિ દોષોની ક્ષીણતા વા ઉપશાંતતા અને માત્ર મોક્ષનો અભિલાષ, ધન લોભી જીવાત્મા જેમ એક રૂા. ના લાભ માટે એક પૈસાને જતો કરે છે, વા હજાર રૂા. ની કમાણી થતી હોય તો પાંચ દશ રૂા. ને જતા કરે છે, તેમ પરમાર્થ માર્ગની પ્રાપ્તિ થતી હોય, સંતસેવા, સત્સમાગમ તથા સત્શાસ્ત્રના શ્રવણ વિગેરેના સેવનથી જ્યાં આત્મહિત થતું હોય, ત્યાં લાખો રૂા. ની કમાણી, સ્વર્ગનું સુખ, ચક્રવર્ત્તી વા ઇંદ્રનું રાજ્ય અથવા તો ત્રણ ભુવનનું સામ્રાજ્ય મળતું હોય, તો પણ અણુમાત્ર ન લોભાતાં તેને લાત મારીને ચાલ્યો જાય અને પરમાર્થ નીજ ગવેષણા વા ભાવના રહે. જેમ પરીક્ષિત રાજા પરમ જ્ઞાની મહાત્મા શુકદેવજી પાસે પરમાર્થ માર્ગનું શ્રવણ કરતાં રાજાના મહેલ વિગેરે બધું બળી જતાં જોવામાં આવ્યું, તથાપિ તેના અંતરમાં અણુમાત્ર પણ રાજ્ય ભાવના વા મારાપણાની ભાવના થઇજ નથી. પોતાનું સર્વસ્વ બળતાં પણ પરમાર્થ મયજ ભાવના થવાથી સાતમે દિવસેજ તેનો મોક્ષ થયો. તેવી ભાવના ઉત્પન્ન થાય અને 'ભવખેદ'—એક પણ કર્મ પ્રકૃતિ વા ભવ વધવા જેવી પ્રવૃત્તિ થતાં અંતરમાં રોમેરોમ ત્રાસ વેદાય, સંસાર પરિભ્રમણ અગ્નિવત્ અસહ્ય લાગે, પોતાના દેહનો પાત થવા દે; પણ આત્માને આવરણ થાય તથા ભવવૃદ્ધિ થાય તેવા રાગ દ્વેષાદિક બંધનોથી પ્રવૃત્તિમાં સ્વપ્નાંતરે પણ ઇચ્છા ન કરે અર્થાત્ ભવઉદ્વેગતા થાય, પ્રાણિદયા, સમસ્ત જગતના આત્માઓ પ્રત્યે દેહ ભાવના વા વૈરભાવનાનો સર્વથા લય કરી, આત્મ દ્રષ્ટિએ જગતવાસી જીવોને જોઇ પોતાના શ્રેય સાથે સમસ્ત વિશ્વનું કલ્યાણ થાય તેવી દયા ભાવના જાગે તેને જિજ્ઞાસા વા મુમુક્ષુતા કહી છે; અર્થાત્ કષાય વિષયાદિ દોષોની ઉપશાંતિ, મોક્ષ સિવાય સમસ્ત પદાર્થોની ઇચ્છાઓ લય પામી જાય, ભવવૃદ્ધિના કારણોથી નિવૃત્ત રહે અને સમસ્ત વિશ્વાત્માઓ પ્રત્યે આત્મભાવના લાવી તેમનું શ્રેય ઇચ્છે તેને મુમુક્ષુ દશા કહે છે.

(૨) વૈરાગ્ય—

દરેક જીવાત્મામાં પ્રેમના તત્ત્વો સ્વાભાવિક પણે રહેજ છે. પ્રેમનાં જુદાં જુદાં સ્થાનો અને જુદી જુદી ભાવનાઓને લઇ તેને રાગ, સ્નેહ, પ્રીતિ, મોહ

વિગેરે નામોથી દર્શાવેલ છે. સર્વજ્ઞ ભગવાન અને સિદ્ધ ભગવાન સિવાયના દરેક સુક્ષ્મ મથા સ્થૂલ જીવોમાં સ્નેહ તત્ત્વો ન્યુનાધિકપણે રહ્યાં છે. જ્યાં દિવસ ત્યાં રાત, એ ન્યાયની માફક જ્યાં સ્નેહ ત્યાં અરૂચિ ભાવ વા રાગ ત્યાં દ્વેષભાવ રહે છે. પૃથ્વી ઉપરના જળ અને સપાટના દેખાવો ન્યુનાધિકપણે (કયાંક જળની વિશેષતા અને કયાંક સ્થળની વિશેષતા) રહે છે, તેમ જીવાત્માના અંતરમાં રાગ અને દ્વેષની ન્યુનાધિકતા રહે છે. જે વસ્તુઓમાં ન્યુનાધિકપણું રહ્યું છે, પર્યાયાંતર· ભાવ રહ્યો છે, તે વસ્તુ પરિણામે જીવાત્માને દુઃખકર્ત્તાજ થાય છે. જેની આદિ, મધ્ય અને અંતમાં ન્યૂનાધિકપણું નથી તથા વિનાશીપણું વા દુઃખ નથી, તેજ વસ્તુ જીવાત્માને પરમ શાંતિ અને પરમ આનંદનું કારણ છે. જે વસ્તુ ઉત્પન્ન કરતાં, ભોગવતાં વા નાશ પામતાં દુઃખ આપનાર થાય 'પશ્ચાત્ દુઃખ તે સુખ નહિ' જેને અંતે દુઃખ છે તેનું નામ સુખ છેજ નહિ, પર્યાયાંતર પામતી જણાય તેમાં અજ્ઞાનપણાને લઇ જીવોને સુખની માન્યતા થાય છે, પણ વાસ્તવિક રીતે તે સુખ છેજ નહિ. મહાત્મા ભર્તૃહરિ જણાવે છે કે—

भोगे रोग भयं कुले च्युतिभयं, वित्ते नृपालाद्भयम्।
मौने दैन्यभयं बले रिपुभयं, रूपे तरुण्या भयम्॥
शास्त्रे वादभयं गुणे खलभयं, काये कृतांताद्भयम्।
सर्वं वस्तु भयान्वितं भुवि नृणां, वैराग्यमेवाभयम् ॥ १ ॥

પાંચ ઇંદ્રિયોના વિષયોથી જીવો સુખ માને છે, પણ તેજ વિષયોથી શરીરમાં અનેક રોગોની ઉત્પત્તિ થતાં દુઃખનું કારણ થાય છે, મોટા કુળની મોટાઇમાં કેટલાક જીવો આનંદ પામે છે, પણ તેમને જીંદગીભર પોતાના કુળમાં રખેને કોઇ કુળ લજ્જાવનાર ન પાકે, તેની ચિંતામાંજ રહી દુઃખ ભોગવવું પડે છે. નિર્ધન મનુષ્યો વા તૃષ્ણાતુર જીવો ધનમાં સુખ માને છે, પણ **"अर्थानामर्जने दुःखम्"** પૈસો મેળવતાં ટાઢ, તડકો, ક્ષુધા, તૃષા, અપમાન વિગેરેનાં અનેક દુઃખો ભોગવે, લોહીનું પાણી કરે, ત્યારે નસીબમાં હોય તો મહા મુશીબતે મળે એટલે મેળવતાં પણ દુઃખ, મળ્યા પછી રાતને દિવસ તેની ચિંતા, તેનુંજ રટન, નિદ્રા પણ સુખે ન આવે, ચોરનો ભય, અગ્નિનો ભય, સ્ત્રી-પુત્ર વિગેરે કુટુંબનો ભય, તથા રાજાનો ભય, એવા અનેક ભયજનિત દુઃખોથી પૈસાને સાચવતાં પણ પીડા અને ભોગવતાં તથા તેને ખરચતાં (ચમડી તૂટે પણ દમડી ન છુટે) પણ પીડા, માનમાં દીનતાનો ભય, બળવાનપણામાં શત્રુનો ભય (રખેને મને વિશેષ બળવાન્ શત્રુ હરાવી જશે તો ?) સ્વરૂપવાન્ સ્ત્રીને

પોતાનું શીયળ સાચવવામાં કામીનો ભય રાખવો પડે છે, તેથી રૂપને વિષે કામીનો ભય, (અથવા મારૂં રૂપ કોઈ રોગના કારણથી બગડી જશે તો ?) એ પ્રકારનો પણ ભય, વિદ્વાનને બીજા પંડિતને દેખી મનમાં બળતરા થાય, ઇર્ષ્યા આવે અને ભય લાગે, ગુણી જીવોને દુર્જન તરફનો ભય હોય છે, દેહધારી મનુષ્યો પોતાને શરીર સુંદર તથા નિરોગી મળવાથી આનંદ માને છે, પણ તેને મરણનો ભય હોય છે—એ પ્રકારે સમસ્ત વિશ્વમાં જેટલી દૃશ્ય વસ્તુઓ ન્યુનાધિક થનારી તથા પર્યાયાંતર પામનારી સર્વ વસ્તુઓ ભયાન્વિત છે અને **" यत्र यत्र भयं तत्र तत्र दुःखमपिअस्ति "** જ્યાં જ્યાં ભય છે ત્યાં ત્યાં દુઃખ પણ નિયમિત છે, માત્ર એક વૈરાગ્ય તેજ દુઃખ તથા ભયરહિત અભય છે. માટેજ જ્ઞાનીઓએ વૈરાગ્યની ઉત્કૃષ્ટતા તથા મહત્તા બતાવી છે. સંસારના દૃશ્ય અને વિનાશી પદાર્થો પ્રત્યે જે સ્નેહ વા પ્રવૃત્તિ રહે છે, તેને જ્ઞાનીઓ રાગ કહે છે અને રાગ તે દુઃખનું મૂળ છે. સ્ત્રી, પુત્ર, કુટંબ, શરીર, ધન, રાજ્ય તથા સ્વર્ગ વિગેરે સમસ્ત વિશ્વના દૃશ્ય અને જડ પદાર્થો વિનાશી છે, ક્ષણિક છે તથા પર્યાયાંતર થનારા છે, જેથી સુખનું કારણ નથી, પણ દુઃખનું કારણ છે, એમ યથાર્થ જાણી જેના આદિ, મધ્યમ અને અંતમાં અણુમાત્ર પણ દુઃખ નથી. જે ત્રિકાલ અબાધિત છે એવું સુખ શું ? તેનો વિચાર કરી, દૃઢ મનોબળ પૂર્વક મનન કરી, અવિનાશી એવાં પરમાર્થ ધર્મ તથા તે સદ્ધર્મના પ્રબોધક આદિ મોક્ષ દાયક સાધનો પ્રત્યે જે રાગ થાય તેને જ્ઞાનીઓ વૈરાગ્ય કહે છે. વૈરાગ્યથી અંતર ત્યાગ અને ભક્તિની જાગ્રતી થાય છે અને ત્યાગ તથા ભક્તિથી આત્મ જ્ઞાન પ્રગટે છે. સમસ્ત વિશ્વના જડ પદાર્થોમાં રહેલી પ્રીતિને મંદ કરી પરમાર્થ તરફ તે પ્રેમની ઉત્કૃષ્ટતા વર્તે તેને વૈરાગ્ય કહે છે. વૈરાગ્ય ભાવનાથી હર્ષ, શોક, ખેદ, ચિંતા, વિકલ્પ, ભય વિગેરે દુઃખોનો નાશ થાય છે. તીવ્ર લોભી મનુષ્ય આખો દિવસ અને રાત ધન મેળવવામાંજ મશગુલ રહે છે. અહોનિશ ધન કયાંથી અને કેમ મળે ? તેની ચિંતા અને રટનમાં આસકત રહે છે. ખાતાં પીતાં, જતાં આવતાં, વા સુતાં દરેક ક્રિયાઓમાં પૈસામયજ લક્ષ્ય હોય છે. પૈસાના વિચારમાં નિશદિન મચ્યો રહે છે, છતાં તેણે બીજી ક્રિયાઓનો સદંતર ત્યાગ કર્યો નથી. ખાવું, પીવું, સુવું, જવું, આવવું, લેવું, દેવું તથા સાંસારિક સુખો ભોગવવા વિગેરે અનેક ક્રિયાઓ થયા કરે છે, પરંતુ ધનઉપર જેવું લક્ષ્ય કે પ્રીતિ ઉત્કૃષ્ટપણે હોય છે, તેવું લક્ષ્ય કે પ્રીતિ અન્ય પ્રવૃત્તિઓમાં રહેતું નથી, અર્થાત્ મંદ રહે છે. પૈસો એ વિનાશી તથા જડ પદાર્થ છે, તેથી તેને મેળવવા કલ્પનાઓ કરનારને જ્ઞાનીઓ ચિંતા કહે છે, અને તેના પ્રત્યે સ્નેહ રાખનારને

રાગ વા મોહ કહે છે. જ્યારે પરમાર્થમાર્ગ એ સ્વતઃઆત્માનો ગુણ વા શક્તિ છે, તે અવિનાશી ત્રિકાલવર્તી છે, દુઃખ, શોક, ચિંતા વા ભયાદિ ઉપાધિઓથી મુક્ત છે, પરમાનંદ અને પરમ શાંતિનું સ્થાન છે, તેથી તે મેળવવા માટે જે નિશદિન વિચાર કરે છે વા ઝુરે છે, તેને જ્ઞાનીઓ વૈરાગ્ય કહે છે. પરમાર્થ તત્ત્વ મેળવવાની ચિંતા કરનારને પણ ખાવાપીવા વિગેરેની બધી પ્રવૃત્તિઓ લય પામી નથી, પણ ધનલોભીને જેમ બીજી પ્રવૃત્તિઓ શુષ્ક વા મંદ સ્નેહયુક્ત લાગે છે, તેમ પરમાર્થની ગવેષણા તથા ભાવના કરનારને સંસારના સર્વ પદાર્થો પ્રત્યે પ્રીતિની મંદતા તથા તદાસકિતનો અભાવ હોય છે, સંસારના પદાર્થો ક્ષણિક અને વિનાશી લાગવાથી સંસારપ્રત્યે લુખાશ આવે–ઉદાસીન થઇ જાય, તેને વૈરાગ્ય કહે છે, વૈરાગ્યની બે ભૂમિકા છે. સમકિત પ્રાપ્ત થયા પહેલાંનું વૈરાગ્ય અને સમકિત પ્રાપ્ત થયા પછીનું વૈરાગ્ય. સમકિત પ્રાપ્ત થયા પહેલાંના વૈરાગ્યમાં પરમાર્થની જ ભાવના અને સંસારના માયિક પદાર્થોમાં ઉદાસીનતા રહે છે, પરમાર્થ માર્ગને આવરણ કરનાર વિષય, કષાય, રાગ–દ્વેષાદિક દોષો, મતાગ્રહ તથા દેહભાવના વિગેરેનો ઉપશમ થઇ જાય છે. અશુભનો ઉપશમ થાય છે અને પરમાર્થ માર્ગને સહાયભૂત થાય તેવાં સત્સાધનો, સત્પ્રવૃત્તિ તથા સદ્ભાવના પ્રત્યે રાગ હોય છે. સમકિત પછીના વૈરાગ્યમાં ઉત્કૃષ્ટપણે ઉદાસીનતા હોય છે. પુન્યની ઇચ્છા નહિ તેમજ પાપનો ભય નહિ, સદ્ગતિની ઇચ્છા નહિ તેમજ અસદ્ગતિનો ભય નહિ, સુખપ્રત્યે અપેક્ષા નહિ અને દુઃખ પ્રત્યે ઉપેક્ષા નહિ, પૂર્વકૃત શુભાશુભ કર્મને સમપરિણામે આત્મોપયોગ પૂર્વક ઉદાસીનભાવે વેદે તેને સમકિત પછીનું વૈરાગ્ય કહે છે. મુમુક્ષુતા પૂર્વક વૈરાગ્ય દેશાથી મોક્ષ માર્ગની પ્રાપ્તિ થાય છે.

(૩) શ્રદ્ધા—

જગતમાં કોઇપણ કાર્ય વિશ્વાસ વા પ્રતીતિ વિના થઇ શકતું નથી. તેમ પરમાર્થની પ્રાપ્તિ પણ શ્રદ્ધા વિના થઈ શકે નહિ, તેમ શ્રદ્ધા વિના પરમાર્થ રહી શકે નહિ. શ્રદ્ધા એ ધર્મનું મૂળ છે. મૂળ વિના વૃક્ષ ટકી શકે નહિ, તેમ શ્રદ્ધા વિના પરમાર્થ ટકી શકતો નથી. શ્રદ્ધાનું વાસ્તવિક સ્વરૂપ ન સમજ્યાથી વિષયાંધ ગોસાંઇજીઓએ, વામ માર્ગીઓએ જન સમાજને અવળે માર્ગે દોરવી અનાચારના અખાડા જમાવી સ્ત્રી તથા પુરૂષોના શીયળ (બ્રહ્મચર્ય) જેવાં ઉત્તમ ગુણોને લુંટી, તેમના પવિત્ર જીવન અને સદાચારનું ખુન કરી સમાજ તથા દેશનું સત્યાનાશવાળી નાખ્યું છે. તેમજ જૈન, વેદાંત, બૌદ્ધ વિગેરે મતો, દર્શન (આત્મ સ્વરૂપ) ધર્મથી ભ્રષ્ટ થઇ કુળાચાર તથા સંપ્રદાયના કિલષ્ટ

ભાવોમાં ધર્મતત્ત્વ સમજવી, મતાગ્રહી બની, મતની મોહિત પ્રવૃત્તિઓને દર્શન વા ધર્મત્વ મનાવી અંધ શ્રદ્ધાને, સાંપ્રદાયિક મોહને તથા ખોટા જનુનોને શ્રદ્ધા મનાવી અનેક ધર્મના પ્રસંગોમાં ધર્મના બાના નીચે કલેશ, કુસંપ તથા વેર-ઝેર વધારી સમાજ અને દેશની પાયમાલી કરી નાખી છે. આવી અધમ પ્રવૃત્તિનું નામ શ્રદ્ધા નથી, પણ અજ્ઞાન છે. ફોનોગ્રાફની માફક મહોડેથી બોલે કે–' ભગવાને કહ્યું છે તે સાચું ' અને વર્ત્તવાનું કાચું. અર્થાત્ પરમાત્માના માર્ગને યથાર્થ સમજ્યા વિના માત્ર કુલાચારની નિર્માલ્ય પ્રવૃત્તિઓમાં ધર્મ ક્રિયાઓ માની તેનું સેવન કરનાર અને વીતરાગ પરમાત્માના ધર્મ શાસ્ત્રોને શબ્દ માત્રથી શ્રવણ કરી અને મહોડેથી 'ભગવાને કહ્યું છે તે સાચું છે' એમ બોલે છે, તથા આખી જીંદગી ભગવાને નિષેધ કરેલ–ન કરવાનું કહેલ તેવા રાગ, દ્વેષ, કલેશ, કષાય, અજ્ઞાન કે મોહમાંજ વ્યતીત થાય, પરમાત્માએ કહેલ દયા, શાંતિ, પરોપકાર, ભ્રાતૃભાવ, ઐકયતા, તત્ત્વજ્ઞાન વિગેરે સદ્‌ગુણ સંપન્ન માર્ગમાં રમણ કરનારનેજ પ્રભુના સદ્ધર્મની સાચી શ્રદ્ધા કહી શકાય, પણ તેવા સન્માર્ગથી લાખો કે કરોડો ગાઉ દૂર અને વિમુખ ચાલતો હોય,પરમાત્માએ નિષેધેલ આત્મઘાતી કૃત્યોમાંજ જીવન વ્યતીત કરતો હોય અને પરમાત્માના ધર્મશાસ્ત્રોને શબ્દાર્થથીજ સાંભળી કુળાચારના મોહને લઇ શબ્દના આંતર રહસ્યને જાણ્યા વિના માત્ર બાહ્ય મોહથી ઘડી ભર રાજી થઇ 'ભગવાને કહ્યું તે સાચું ' એમ બોલી ઉન્માર્ગે વર્તનાર દુષ્ટ કૃત્યો કરનારને પરમાત્માના માર્ગ ઉપર શ્રધા છે, એમ કદાપિ કહી શકાયજ નહિ; પણ પરમાર્થ માર્ગ તથા પ્રભુની આજ્ઞાનું ખુન કરનાર વા સન્માર્ગનો ઘાતીજ કહી શકાય. રાજાની રાજસત્તા નીચે રહેનાર પ્રજામાંનો કોઇ પણ માણસ, રાજ્યના કાયદાઓથી વિરૂદ્ધ ચાલે તો તે રાજ્યદ્રોહી કહેવાય છે અને પરમાત્માના અનુયાયી તરીકેનો દાવો કરનારા, ભગવાનના ભકત તરીકેનો ડોળ કરનારા તથા પ્રભુની આજ્ઞાથી વિરૂદ્ધ ચાલનારને શ્રદ્ધાવાન્ કહી શકાયજ કેમ ? શ્રદ્ધા એ માનસિક બળ છે. માનસિક શુદ્ધિ તથા સ્થિરતા વિના માનસિક બળનો વિકાસ થઇ શકતો નથી. ' ભગવાને કહ્યું તે સાચું,' પણ ભગવાન કોણ ? તેનું સ્વરૂપ શું ? તે સ્વરૂપની અંતરમાં પ્રાપ્તિ કેમ થાય ? ભગવાને શું કહ્યુ છે ? તેને યથાર્થ જાણ્યા વિના તે સાચું છે એમ કેમ કહી શકાય ? ભગવાને કહ્યું છે તે સાચું, પણ શું કહ્યું અને કેમ સાચું ? કયા મત, ગચ્છ, સંપ્રદાયવાળા ભગવાનનુંજ આ કહ્યું છે–એમ કંટ્રાકટ લીધા વિના ફરે છે વા કહે છે ? દરેક મતવાલા પોતાની કલ્પિત મતાગ્રહ પોષક અને કલેશ વર્ધક એવી અધમ નિર્માલ્ય પ્રવૃત્તિઓને પણ ભગવાને કહ્યું છે, અમે કરીએ છીએ વા કહીયે

છીએ તે સાચુ છે, તેજ સર્વજ્ઞ ભગવાને કહ્યું છે, એમ સર્વજ્ઞપણાનો દાવો કરી રહ્યા છેઃ અસર્વજ્ઞ વા અભગવાન્ (અજ્ઞાન) પણાની વૃદ્ધિ કરે અર્થાત્ સંસારની વૃદ્ધિ થાય તેવી પ્રવૃત્તિઓ કરનાર, ' ભગવાને કહ્યું તે સાચું ' એમ બોલી પરમાત્માને લજ્જવે છે–પ્રભુના દ્રોહી વા ગુન્હેગાર બને છે. ભગવાને જે કહ્યું છે તેને યથાર્થ જાણ્યા વિના તે પ્રમાણે વર્ત્યા વિના શબ્દ માત્રથી બોલનારને શ્રદ્ધાનું વરૂપ સમજાયું નથી. શ્રદ્ધા એ અવિકલ્પ સંકલ્પ વા શુદ્ધ જે વૃત્તિ તેને શ્રદ્ધા કહે છે. જ્યાં અણુમાત્ર પણ આશંકા વા વિકલ્પ હોય ત્યાં શ્રદ્ધા કહી શકાયજ નહિ. જ્ઞાન હોય ત્યાં અજ્ઞાન ન હોય, પ્રકાશ હોય ત્યાં અંધકાર ન હોય તેમ શંકા હોય ત્યાં શ્રદ્ધા ન હોય અને શ્રદ્ધા હોય ત્યાં શંકા ન હોય. સીતાજીએ અગ્નિમાં પડતાં જરા પણ શંકા કરી હોત કે આ જાજવલ્યમાન અગ્નિમાં પડતાં કદાચ બળી જઇશ તો ? આવી શંકા ઉત્પન્ન થઇ હોત તો અવશ્ય બળી જાત, ઝેર પીતાં મીરાં બાઇને જરા પણ શંકા થઈ હોત તો જરૂર મરણને શરણ થાત, પણ એક રોમમાંએ શંકા ન હતી, જેથી સીતાજી બળ્યાં નહિ અને મીરાંબાઇ મુઆં નહિ. આનું નામ સાચી શ્રદ્ધા. પરમાત્માએ કહ્યું છે કે–નમસ્કાર મંત્રના સ્મરણથી વા પ્રભુના નામથી હાલાહલ વિષ તે અમૃત થઈ જાય છે, વિષધર (સર્પ) ફુલની માળા બને છે, અને ધગધગતો અગ્નિ ચંદન વત્ શીતલ થાય છે, આવું બોલનારા તો પ્રભુના કહેવાતા ભકતો વા નામ ભકતો હજારો છે, પણ અગ્નિમાં પડીને સીતાજીની માફક અગ્નિને શીતળ કરનારા અને ઝેરનું પાન કરીને મીરાં બાઈની માફક અમર રહેનારા તો વિરલાજ હશે અને શ્રદ્ધાવંત પણ તેનેજ કહી શકાય. 'ભગવાને કહ્યું તે સાચું.' એમ બોલનારા સર્પને દેખી સો હાથ દૂર ભાગતા ફરે, અગ્નિને દેખીને દૂર ભાગતા ફરે, તેને શ્રદ્ધાનું સ્વરૂપ સમજાયુંજ નથી. અગ્નિને અડવાથી બળીએ. એવી દરેક મનુષ્યને પ્રતીતિ છે, તે સંબંધમાં (અગ્નિને અડકતાં બળીશું કે નહિ ?) કોઇને કદાપિ શંકા થતીજ નથી અને અગ્નિને અડવા માટે તે તરફ જતોજ નથી, તેમ પરમાત્માના વચન ઉપર જેને દૃઢ શ્રદ્ધા હોય તે જેનાથી આત્માને આવરણ થાય, સંસારની વૃદ્ધિ થાય તેવાં કૃત્યો, તેવા વિચારો તરફ સ્વપ્નાંતરે પણ ઇચ્છા ન કરે, તેનેજ શ્રદ્ધા કહી શકાય. શ્રદ્ધા એજ સમકિત છે, વા શ્રદ્ધાથી સમકિતની પ્રાપ્તિ થાય છે. મયણાસુંદરીને કોઢીઆ સાથે પરણાવતાં જરા પણ ખેદ કે વિકલ્પ થયો નથી. કેમકે તેના હૃદયમાં ' જીવાત્મા પ્રારબ્ધ કર્માધીનજ છે અને સુખ દુઃખને પામે છે ' એવી સંપૂર્ણ શ્રદ્ધા હતી. આજે તો ત્રણ દોકડાની વસ્તુ ખોવાણી હોય તો ત્રણ કલાક વા ત્રણ દિવસ સુધી મનમાં ખેદ, ચિંતા, વિકલ્પ કે આર્ત્તધ્યાન થયાજ

કરશે. મહોડેથી તો બોલશે કે—'હશે, ભાઈ! કર્મમાં લખ્યું હશે તો મળશે' અને અંતરમાં તો હાયવોયની હોળી સળગતી હોય ત્યાં શ્રદ્ધા હોયજ ક્યાંથી ? વસ્તુ ખોવાઈ હોય, તેને મેળવવા શોધ કરતો હોય, છતાં મનમાં યત્કિંચિત્ પણ ખેદ વા વિકલ્પ ન થાય તેનું નામ શ્રદ્ધા છે. સુદર્શન શેઠને શૂળીએ ચડાવતાં, ભક્ત શિરોમણિ પ્રહલાદજીને શિલા ઉપર પછાડતાં, મારવાનો ભય બતાવતો, તથા બળતા અગ્નિના સ્તંભ સાથે આલિંગન કરાવતાં, ભક્તાત્મા નરસિંહ મહેતાને નાગરો તરફથી અનેક પ્રકારનાં કષ્ટો પડતાં, મહાત્મા ટોડરમલ્લજી (મોક્ષમાર્ગ પ્રકાશના કર્ત્તા) ને હાથીના પગ નીચે કચરાવતાં, ક્ષેમભદ્રાચાર્યજી ને તીક્ષ્ણધારાની તલવારોનો પ્રહાર કરતાં, મહાત્મા ગાંધીજીને ટ્રાન્સવાલમાં એક બંદર પાસે હજારો લોકો ભેગા થઇ મારવા આવતાં (ગોળીબાર કરવા આવતાં) અને દિલ્હીમાં સંન્યાસી મહાત્મા શ્રદ્ધાનંદજીની છાતી સામે પાંચ સાત ગોળી ભરેલી રીવોલ્વરો તાકતાં પણ અણુમાત્ર શંકા, વિકલ્પ કે ભય ઉત્પન્ન થયાં નહિ તેનું નામજ શ્રદ્ધા. મરણાંત કષ્ટ આવે તો પણ પોતાના આત્મભાવમાં જરા પણ શંકા વા ભય ન થાય, આત્મબળની દૃઢ પ્રતીતિમાંજ રમતા હોય તેને શ્રદ્ધા કહે છે.

(૪) **ભક્તિ**—

પરમાત્માના સ્મરણ, કીર્ત્તન, ધ્યાન વા ભજનને ભક્તિ કહે છે. ભક્તિ એ તત્ત્વજ્ઞાનનું સર્વોત્કૃષ્ટ સાધન છે, "**विनयाज्ज्ञायते विद्या**" વિનય વા ભક્તિથીજ જ્ઞાન પ્રાપ્ત થાય છે, અને જ્ઞાનથી સિદ્ધિ મળે છે. સંસારના માયિક પદાર્થ પ્રત્યેના સ્નેહને રાગ વા મોહ કહે છે, પરમાત્માના પ્રેમને ભક્તિ કહે છે. પ્રીતિ વિના કોઈપણ વસ્તુ મળી શકતી નથી, તેમ ભક્તિ વિના પ્રભુનું દર્શન થઇ શકતું નથી. દરવાનની મહેરબાનીથી રાજાની મુલાકાત થઇ શકે છે, 'તેમ ભક્તિવશ છે ભૂધરા' પરમાત્મા ભક્તિનેજ આધીન છે. અર્થાત્ ભક્તિથીજ પ્રભુની પ્રાપ્તિ થાય છે. બે ચાર પાંચ ભેગા મળી તાળીઓ કુટવી, વાજાંત્રો વગાડવાં, કાંસી જોડાના પડઘાઓ કુટવા વા નાચવું કુદવું તેનું નામ ખરી ભક્તિ નથી, એ તો બાહ્યાચાર છે, પણ પ્રભુમય વૃત્તિ થતાં યોગસ્થિરતાથી એકાગ્રપણે દેહ તથા સમસ્ત વિશ્વનું લક્ષ્ય ભૂલી જઇ એક પ્રભુમયજ વૃત્તિ એકતાન કરી, તુંહી તુંહીના દીવ્યતાનમાં તલ્લીન બની, ઉત્કૃષ્ટ ઉલ્લાસપૂર્વક પ્રભુનું સ્મરણ વા ભજન થાય તેનું નામ ભક્તિ છે. ભક્તિના મુખ્ય ત્રણ પ્રકાર છે, ૧ સાધન ભક્તિ. ૨ સ્વરૂપ ભક્તિ અને ૩ પરા ભક્તિ. પરમાર્થ માર્ગનાજ પ્રેમી, વાસના વિરકત એવા પાંચ સાત જીવો ભેગા થઇ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ

થાય તેવા લક્ષ્યપૂર્વક શ્રવણ, મનન, સ્મરણ વા ભજન કરે, અનાદિના અંતર દોષ નાશ કેમ થાય અને સન્માર્ગની પ્રાપ્તિ કેમ થાય? તેનો અન્યોન્ય વિચાર કરે તેને સાધનભક્તિ કહે છે, તેવી ભક્તિથી જ્ઞાનમાર્ગ આરાધતાં આત્મજ્ઞાનને પ્રાપ્ત કરે, જગન્મોહ તથા દેહમૂર્છા ક્ષીણ કરતો જાય, જગદાકાર વૃત્તિમાં વિરામ પામી પરમાત્મધ્યાન અને આત્મસ્વરૂપમાં રમણ કરે, પરમ જ્ઞાનને આપનાર એવા પરમકૃપાળ સંત્‌ભગવાનની મન, વચન, કાયાના ત્રિધાયોગથી વિશુદ્ધ પરિણામે નિષ્કામપણે ઉત્કૃષ્ટ ઉલ્લાસપૂર્વક ઉપાસના કરે તેને સ્વરૂપ ભક્તિ કહે છે. "ખાતાં પીતાં ઉઠતાં બેસતાં નિરંજન નિરાકાર જીવ્યું ધન્ય તેહનું." અહર્નિશ અવિચ્છિન્નપણે આત્મોપયોગમાં રહી, સચ્ચિદાનંદમય બની, પરમાત્મા તથા પોતે એવા દ્વંદ્વપણાના ભેદભાવને ભૂલી જઈ, પરમાત્મા તેજ પોતે અને પોતે તેજ પરમાત્મા—એમ એકત્વભાવને પામી, ધ્યાતા, ધ્યાન તથા ધ્યેયમાં એક રૂપ થઇ, અનહદ જ્યોતિમય પરમ જ્ઞાનની પૂર્ણ દશાને પામી, વિશ્વાકાર વૃત્તિનો સર્વથા લય થઈ આવરણ દોષનો નાશ કરી, નિરાવરણભાવ, નિરંજન, નિરાકારના સ્વરૂપની પરાકાષ્ટાને પામે તેને પરાભક્તિ કહે છે. ચૈતન્ય સ્વરૂપ વા પ્રભુદર્શનની પ્રાપ્તિ, પરોક્ષ પરમાત્માનું સ્મરણ વા સેવા કરતાં થતી નથી, પણ પરમજ્ઞાન જેને પ્રાપ્ત થયું છે એવા દેહધારી સજીવન મૂર્ત્તિ પ્રત્યક્ષ વિદ્યમાન સદ્‌ગુરૂ થકીજ સદ્ધર્મ વા સ્વરૂપ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ભૂતકાળમાં થઇ ગયેલા પરમાત્માઓ અને વર્ત્તમાન દેહધારી પરમજ્ઞાની સદ્‌ગુરૂમાં જ્યાં સુધી ભેદ છે, ત્યાં સુધી ભક્તિ તથા જ્ઞાનને કદાપિ પામી શકતો નથી. અનંત પરોક્ષ તીર્થંકરો (પરમાત્માઓ) કરતાં એક પ્રત્યક્ષ જ્ઞાનીનો અનંતગણો ઉપકાર છે—એમ રોમરોમ પ્રતીતિ થાય, ત્યારેજ પરમ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. સાતે ગુજરાતી ચોપડીઓ છપાઇ ગઇ છે. આંક બારાક્ષરી વિગેરે બધું છપાઇ ગયું છે, સાત ચોપડીઓ ભણાવનાર માસ્તર કરતાં સાત ચોપડી રચનાર વિશેષ વિદ્વાન્ હોય છે, છતાં માસ્તરની જરૂર પડે છે. પરોક્ષ રચનાર વિદ્વાનના અક્ષરજ્ઞાનને બુદ્ધિગમ્ય કરવા માટે પ્રત્યક્ષ માસ્તરની આવશ્યકતા છે, તેમ પરોક્ષ જ્ઞાનીઓના જ્ઞાનનો અંતરમાં અનુભવ કરવા માટે પ્રત્યક્ષ જ્ઞાનીની આવશ્યકતા છે.

"તપ જપ ઔર વ્રતાદિ સબ, તહાંલગ હૈ ભ્રમરૂપ;
જહાં લગી નહિ સંતકી, પાઇ કૃપા અનૂપ."

ત્રિધા યોગથી નિષ્કામપણે સત્પુરૂષની સેવા કરી તેની કૃપા મેળવ્યા વિના તપ જપ વ્રતાદિ ભ્રમરૂપ છે, અર્થાત્ સંસાર ફળ આપનાર થાય છે.

સત્પુરૂષની સેવા ચાર પ્રકારે થાય છે. તનની–શારીરિક સેવા, મનની–માનસિક સેવા, વિત્તની–આર્થિક સેવા અને પ્રણિપત્તિ–આજ્ઞા સેવા, ગુરૂની આજ્ઞા પ્રમાણે વર્ત્તવું–એ ચાર પ્રકારની સેવાને ભક્તિ કહે છે. સદ્‌ગુરૂ જો કે 'શિષ્ય ભક્તિ કરે' એમ સ્વપ્નાંતરે પણ ઇચ્છે નહિ, તથાપિ શિષ્ય ત્રિધાયોગે વિશુદ્ધ પરિણામે નિર્દોષપણે ભક્તિ કરે, ત્યારેજ આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

એક પરમજ્ઞાની ગુરૂ હતા. તેને મહાન્ પવિત્ર એક શિષ્ય હતો. તે ઉત્કૃષ્ટ ભાવથી ગુરૂની ભક્તિમાંજ પોતાનું શ્રેય માનતો હતો. શિષ્યની અત્યુગ્ર અને નિષ્કામ ભક્તિથી પ્રસન્ન થયેલ ગુરૂએ તેને 'આત્મજ્ઞાનને પાત્ર થયો છે' એમ જાણી બીજજ્ઞાન (તત્ત્વજ્ઞાન) આપવાનો વિચાર કર્યો.

એક દિવસે મધ્યાન્હ સમયે સેવાના કાર્યથી પરિશ્રાંત થયેલ શિષ્ય ગુરૂની આજ્ઞા લઇ સુતો હતો, ઘોર નિદ્રામાં જ્યારે ઉંઘતો હતો ત્યારે કોઇ પૂર્વનો વૈરી દેવતા પોતાનું અવશેષ રહેલ પ્રારબ્ધ વૈર લેવા માટે ભયંકર સર્પનું રૂપ કરી તે શિષ્યને ડંખ આપવા આવ્યો. તે વખતે ગુરૂમહારાજે પોતાના અતિશય જ્ઞાનથી દૈવિક વૈર સંબંધી બીના જાણી, આત્મિક શક્તિના બળથી સર્પ કે જે શિષ્યની થોડે દૂર હતો તેને ત્યાંજ સ્તંભિત કરીને પૂછ્યું— 'નાગરાજ ! મારા પ્રેમ પાત્ર પવિત્ર શિષ્ય ઉપર આટલી બધી ક્રૂરતા શામાટે વાપરો છો ? મારા નિર્મળ હૃદયી નિર્દોષ શિષ્ય ઉપર શામાટે વૈરભાવ રાખો છો ?' એટલે દેવરૂપ સર્પ બોલ્યો કે—'ગુરૂ ભગવાન્ ! આપના પુનિત શિષ્ય સાથે મારે ગતભવનું વૈરકર્મ અવશેષ રહ્યું છે, જે ભોગવ્યા વિના મારો તથા આપના શિષ્યનો છુટકો થવાનોજ નથી, કારણ કે.—

"कृत कर्म क्षयो नास्ति, कल्प कोटिशतैरपि;
अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम्" ॥

ગાઢ નિકાચિત કર્મો વિના ભોગવે કરોડો ગમે ઉપાયો કરતાં પણ વિનાશ પામતાં નથી, માટે મારે વૈરકર્મનો ઉદય હોવાથી તે ઉદયને ભોગવી અર્થાત્ આપના શિષ્યને ડંખ આપી મારે પૂર્વકૃત કર્મથી મુકત થવું જોઇએ, જો કે આપના શિષ્ય સાથે મારે મારી નાખવા જેવું વૈરકર્મ નથી, તેની નાડીમાંથી પાંચ સાત રૂધિરના બિંદુઓનું પાન કરવાનું વૈર છે, તે જો કોઇ ઉપાયથી મને મળતાં હોય તો હું ડંખ આપી મરણ નીપજાવવાની ક્રૂર ક્રિયાથી મુકત રહીશ.' આ પ્રમાણે સર્પની વાત સાંભળી ગુરૂમહારાજ એક તીક્ષ્ણ ધારવાળું શસ્ત્ર લાવી ઘોર નિદ્રામાં સુતેલ શિષ્યની છાતી ઉપર પોતાના શરીરનો ભાર

રાખી બંને બાજુ ઉપર પોતાના ઢીંચણ બોડી બીજીથી નાડી ઉપર કાપ મૂકવા જતાં શિષ્ય જાગ્રત થયો, અને બહારના દેખાવથી ગુરૂ મહારાજની આવી નિર્દયતા ભરી વર્તણુક જોઇ. આ વખતે અપાત્ર આત્માને શંકા આવ્યા વિના રહેજ નહિ, અને કુપાત્રને આશંકા આવતાં ગુરૂ મને મારી નાખે છે, એમ જાણી રાડો પાડતાં લોકો આવીને નીચકૃત્ય જોત તો ગુરૂની ઉપર કેવો ક્રુરતાનો અપવાદ આવત ? જો કે ગુરૂની ભાવના તો સર્વથા કરૂણામયજ હતી. સર્પના ડંખથી શિષ્યનું મરણ થઇ જશે—એમ જાણી નિરૂપાયતાએ કાપ મૂકવાનો રસ્તો લેવો પડયો, તેમાં પણ ગુરૂની તો કરૂણાજ હતી. તેમજ કાપ મૂકતાં શિષ્ય કદાચ ભયભીત થઇ હાલી ચાલી જશે તો વધારે ઇજા થશે—એમ જાણી છાતી ઉપર ભાર દેવાની જરૂર પડી હતી. પોતાના શરીર ઉપર ગુરૂજીનું વજન આવતાં તથા નાડી ઉપર કાપ પડતાં શિષ્ય જાગ્યો અને ગુરૂ મહારાજનું આ વિચિત્ર કૃત્ય જોયા છતાં એક રોમમાં અણુમાત્ર પણ તેને આશંકા કે ખોટી કલ્પના થવા ન પામી, તે સમયે શિષ્યના હૃદયમાં એવી દૃઢ ભાવના હતી કે—' ગુરૂ મહારાજ જે કરે છે, તેમાં મારૂં શ્રેયજ હશે. ' ગુરૂના આ દેખાવથી પોતાના મનમાં જરા પણ વિપર્યાસભાવના વા અસંભાવના ઉત્પન્ન થઇજ નહિ. ગુરૂ મહારાજે રૂધિરના બિંદુઓ એક પત્રના પડીઆમાં લઇ નાગ પાસે મૂકયા એટલે તે તેનું પાન કરી પુર્વકૃત વૈરથી મુકત થઇ પોતાના મૂળ (' દેવ) સ્વરૂપને ધારણ કરી પોતાના સ્થાને ચાલ્યો ગયો. સર્પ સંબંધી કાંઇ પણ બીનાની શિષ્યને ખબરજ ન હતી, છતાં આ વિચિત્ર અને નિર્દયતા ભર્યો દેખાવ જોઇને તથા જોયા પછી પણ અણુમાત્ર ગુરૂ પ્રત્યે આશંકા કે અસદ્ભાવના થઇજ નહિ. શિષ્યની નિર્મળ ભકિત જોઈ એક વખતે ગુરૂએ શિષ્યને બોલાવી સર્પના વૈરની વાત કહી. તે સાંભળી ' ગુરૂમહારાજની મારી ઉપર કેટલી બધી કૃપા અને હિતબુદ્ધિ છે ? ' એમ જાણી તે રોમેરોમમાં હર્ષિત થયો. ગુરૂમહારાજે તેજ સમયે શિષ્યને પરમ જ્ઞાનનો અનુભવ કરાવી શિષ્યનું શ્રેય કર્યું. આનું નામ તે ગુરૂભકિત ! ગુરૂ મહારાજ છાતી ઉપર ચડી બેસી તીક્ષ્ણ ધારવાળા શસ્ત્રથી નાડી કાપવાનો ક્રુરતા ભર્યો દેખાવ જોયા છતાં જરા પણ અસંભાવના થઇજ નહિ. તેમ શિષ્યના શ્રેય માટે (શિષ્યની) નાડી કાપતાં શિષ્ય જાગી જશે તો આ દેખાવ જોઇ તે મારા માટે શો વિચાર કરશે ? વા આ કૃત્ય કરતી વખતે કોઈ સામાન્ય મનુષ્ય જોશે તો તે મારે માટે શું ધારશે ? એવો અલ્પ પણ અપવાદનો ભય રાખ્યા વિના ગુરૂ મહારાજે પોતાના પવિત્ર શિષ્યનું મરણાંત કષ્ટથી રક્ષણ કર્યું. ધન્ય છે શિષ્યની વિશુદ્ધ તથા નિષ્કામ ભકિતને ! અને ધન્ય છે ગુરૂમહારાજની કરૂણાને !

(૫) તત્ત્વ રમણતા.

તત્ત્વજ્ઞાન એ મનુષ્યનું પરમ જીવન છે, વા પરમાનંદનું સ્થાન છે, ગ્રીષ્મઋતુના તાપથી વ્યાકુળ બનેલ જીવાત્માને તરૂવરની શીતલ છાયા એ વિશ્રાંતિ તથા શાંતિનું કારણ છે, તેમ આધિ (માનસિક ચિંતા,) વ્યાધિ (શારીરિક પીડા) અને ઉપા ધ (કૌટંબિક પીડા–મોહજાળ) ના ત્રિવિધ તાપથી અનંત કાલથી દુઃખી થતાં, જન્મ, જરા મરણના ભયંકર દુઃખોથી પીડાતાં, સંસાર ભ્રમણ કરતાં, છેદન, ભેદન, તાડન, તર્જન વિગેરે અનેક કષ્ટો તથા આપત્તિઓના ત્રાસથી કષ્ટ પામતાં મનુષ્યાત્માઓને તત્ત્વ જ્ઞાન–એ સર્વ દુઃખ તથા પીડાથી મુકત થવાનું, ત્રિવિધ તાપ તથા સંસારના પરિભ્રમણથી છુટવાનું, પરમ શાંતિનું ધામ છે. માટેજ વિચારશીલ આત્માઓએ હજારો લાવણ્યવતી લલનાઓ સ્વર્ગ સમાન મહાલયો, લાખો અને કરોડો આજ્ઞાંકિત નોકરો, સ્નેહબદ્ધ મીત્રો, પ્રેમાળ કુટુંબીઓ, અનર્ગલ ધન સંપત્તિ અને છ ખંડની રાજ્ય લક્ષ્મી વિગેરેને વિનાશી જાણી તે સર્વનો તૃણવત્ ત્યાગ કરી પરમાત્મા ભજન અને તત્ત્વ જ્ઞાનની સિદ્ધિ માટે હજારો મહારાજાઓ જંગલમાં ચાલ્યા ગયા. સર્વ ધર્મનું તત્ત્વ–જ્ઞાન છે. માયાના આવરણોનો લય કરી પોતાના આત્મ સ્વરૂપનો અનુભવ કરવો તેને જ્ઞાનીઓ તત્ત્વજ્ઞાન કહે છે. જૈન શાસ્ત્રકાર જણાવે છે કે—

' एगं जाणइ सेा सव्वं जाणइ ' જેણે એક આત્માને જાણ્યો તેણે સર્વને જાણ્યું. સેનાપતિ વિનાની લાખો માણસોની સેના જેમ નિષ્ફળ છે, રાજા વિનાની કરોડો માણસોની પ્રજા જેમ નકામી છે, પતિ વિના સ્ત્રીનું જીવન જેમ નિષ્ફળ છે, સૂર્યના પ્રકાશ વિનાની રાત્રિ જેમ ભયંકર છે, ચક્ષુ વિનાનું જીવન જેમ કષ્ટદાયી છે, જીવન વિનાનું શબ જેમ બીન ઉપયોગી છે, તેમ આત્મજ્ઞાન વિના તપ જપ તથા વ્રતાદિક સર્વ સાધનો નિષ્ફળ, કષ્ટદાયી અને સંસારની વૃદ્ધિ કરનારાં છે. ભકતાત્મા નરસિંહ મહેતા પણ જણાવે છે કે—

" જ્યાં લગી આતમા તત્ત્વ ચિન્હયો નહિ,
તહાં લગી સાધના સર્વ જૂઠી."

હીરા માણેક જડિત હજારો આભૂષણો હોય; પણ જીવન વિનાના મડદાને તે નકામાં છે, તેમ આત્મજ્ઞાન રૂપ જીવન વિનાના તપ જપાદિરૂપ આભૂષણો પણ ભારભૂત છે. માટે જ્યાંસુધી માયાના આવરણોથી છુટો થઈ, દેહાધ્યાસબુદ્ધિનો લય કરી, સ્વરૂપાકાર વૃત્તિમય બની પોતાના સ્વરૂપને ઓળખ્યા વિના આત્માનો સાક્ષાત્કાર કરી અનુભવ જ્ઞાન થયા વિના સર્વ સાધનો નિષ્ફળ જાય છે. આત્મજ્ઞાન વિના મનુષ્યોની બાહ્ય કરણીઓ એકડા વિનાના મીંડા જેવી થાય છે.

એક શેઠ પઠાણો પાસે લેણું માગતો હતો. તે પોતાનું લેણું લેવા ગયો ત્યારે એ ત્રણ પઠાણોએ ભેગા થઇ શસ્ત્રથી તેને મારી નાખવાનો વિચાર કર્યો. શેઠને જમીન ઉપર પાડી તેની છાતી ઉપર તે ચડી બેઠા. શેઠે હાથ જોડીને પોતાને છોડવા વિનંતી કરી. ત્યારે પઠાણો બોલ્યા કે–'અમારી પાસે જે કાંઇ માગતો હોય તેની ફારકતી લખી આપ અને સામે અમને એક હજાર રૂા. નું ખત લખી આપ,' શેઠ બિચારો કર્યા જાય ? ગરજે ગધેડાને બાપ કહેવો પડે, તો પછી આને દાદો કહે તેમાં નવાઇ શું ? પઠાણોએ જેમ કહ્યું તેમ કરી આપવા શેઠ કબુલ થયો, એટલે તેઓ તેની છાતી ઉપરથી નીચે ઉતર્યા. શેઠે તરત એક હજારનું ખત લખી આપ્યું, તે વખતે ત્રણ પઠાણોમાંથી એક બોલ્યો કે —' શેઠ ! આ એકના કહેવાથી તમે એક હજારનું ખત લખી આપ્યું, પણ મને તે વાત સંમત નથી, માટે જો મારી વતી એક મીંડું વધારે ચડાવશો તોજ છોડીશ ' નહિ તો હું તમને મારી નાખીશ. શેઠ બિચારો કર્યા જાય ? મરણના ભયનો માર્યો પોતાની ઇચ્છા ન છતાં પણ તેની ઉપર એક મીંડું ચડાવી દશ હજારનું ખત લખી આપ્યું. એવામાં ત્રીજો પઠાણ બોલ્યો — ' શેઠ ! મારી વતી પણ એક મીંડું વધારે ચડાવી દ્યો, નહિ તો હું મારી નાખીશ.' શેઠે વિચાર કર્યો કે — 'હવે શું કરવું ? જો એક મીંડું ચડાવીશ તો રૂા. થશે લાખ અને મારા ઘરમાં રહેશે રાખ, ઘરબાર વેચીને બાવો બનવાનો વખત આવશે; પણ શું કરે ? બચાવનો બીજો કોઇ ઉપાયજ ન હતો. ' જીવતો નર ભદ્ર પામે ' એમ જાણી તેનું પણ મન રાખવા શેઠે એક મીંડું ચડાવીને એક લાખ રૂા.નું ખત તો લખી આપ્યું, પણ મનમાં તો શેઠને રોમે રોમ ત્રાસ અને ચિંતા થવા લાગી, તથા આ સંકટમાંથી બચવા તે યુકિત શોધવા લાગ્યો. છેવટે એક યુકિત શોધીને તેણે પેલા મૂર્ખાનંદ પઠાણોને કહ્યું કે — 'મેં તમને રૂા. લાખનું ખત તો લખી આપ્યું, પણ અમારો વેપારીનો ધારો છે કે–કોઇને ખત લખી આપતાં તેની લખામણીનો એક રૂા. લહીએ. માટે મહેરબાની કરી એક રૂા. મને આપો.' શેઠની ઉપર રાજી થઇને તેને એક રૂા. આપવા ત્રણે પઠાણોએ પોતાના ખીસ્સા તપાસ્યા,' પણ તોલડી તડાકા મારે' એવી ગરીબ હાલત હતી, ત્યાં રૂા. લાવે કયાંથી ? પોતાની પાસે રોકડો રૂા. નથી, માટે આ લાખ રૂા. નું અમોને જે તેં ખત લખી આપ્યું છે, તેમાંથી એક રૂા. ને ઠેકાણેથી આ એકડો નિકાલ દે. ' શેઠને તો એટલુંજ જોતું હતું, એટલે એક લાખ રૂા.ના ખતમાંથી એકડો કહાડી નાખી આ બુદ્ધિહીન પઠાણોની મૂર્ખાઇ માટે મૂછમાં હસતો મનમાં રાજી થતો

થતો શેઠ પોતાના સ્થાને ચાલ્યો ગયો. એકડા વિના હવે ત્રણ મીંડાં તો શું; પણ પાંચ પચીશ મીંડાં ચડાવે તોએ નકામાં છે. તેમ સામાયક, પ્રતિક્રમણ, ઉપવાસ, સંધ્યા, દાન, પુન્ય વિગેરે રૂપ મીંડાંને જે જીવો વધાર્યા કરે છે; પણ જો આત્મજ્ઞાન રૂપ એકડો ન હોય તો નરસિંહ મ્હેતો કહે છે તેમ—' તહાં લગી સાધના સર્વ જૂઠી ' ત્યાં લગી બધું ફોતરાં ખાંડવા જેવું થાય છે. હજારો માણસોની જાન લઇ જનારને જો જાનમાં વર ન હોય તો કન્યાની પ્રાપ્તિ થતી નથી તેમ હજારો બાહ્ય ક્રિયાઓ પણ આત્મજ્ઞાનની પ્રાપ્તિને લઇનેજ સફળ છે વા સાધક છે. તપ, જપ તથા વ્રતાદિક અનેક સત્ક્રિયાઓ કરી, સત્સાધનો સાધી, સાધુ સંતના સમાગમો કરી, હજારો શાસ્ત્રો શ્રવણ કરી તેમજ વાંચન તથા અભ્યાસ કરીને પણ જીવને કરવાનું માત્ર એકજ એ છે કે—આવરણ કર્મનો લય કેમ થાય, તથા આત્માનો અનુભવ કેમ થાય ? સુવર્ણની સાથે જેમ ધૂળ નો મેલાપ થાય છે, તેમ અનાદિકાલથી આત્માને અનંત કર્માવરણોનો સંબંધ થયો છે. ખાર તથા સંશોધનના સાધનોથી સુવર્ણકાર (સોની) ધૂળ તથા કાટને અલગ કરી શુદ્ધ સુવર્ણને ભિન્ન કરે છે, તેમ સત્પુરૂષ રૂપ સુવર્ણકારના સદ્બોધરૂપ ક્ષાર અને આત્માના ઉત્કૃષ્ટ પુરૂષાર્થરૂપ અગ્નિ વિગેરેના સાધનોથી કર્માવરણરૂપ કાટને અલગ કરી આત્મારૂપ સ્વચ્છ—શુદ્ધ સુવર્ણને પ્રગટ કરવાથીજ આત્માનું શ્રેય થાય છે. વેદાંત શાસ્ત્રકારે મળ, વિક્ષેપ અને આવરણ એ ત્રણે દોષોથી મુકત થતાં તત્વજ્ઞાન થવાનું જણાવ્યું છે. અને જૈન શાસ્ત્રકારોએ—મિથ્યાત્વ (મળ) અજ્ઞાન (વિક્ષેપ) અને મોહ (આવરણ) એ ત્રણ દોષથી મુકત થતાં આત્મજ્ઞાનની પ્રાપ્તિ થવાનું જણાવ્યું છે. છેટેથી કોઇ શ્યામ વસ્ત્રધારી પુરૂષ આવતો હોય ત્યારે દૂર પ્રદેશ તથા કાળાં વસ્ત્રોને લઇ દૃષ્ટિભ્રમ થવાથી પુરૂષ છતાં તેને સ્ત્રી માની બેસે છે, જ્યારે તે પાસે આવ્યો ત્યારે સ્ત્રીપણાનો સંકલ્પ લય પામ્યો, અને પુરૂષને મૂળરૂપે ઓળખ્યો. જ્યારે પુરૂષને સ્ત્રી માની બેઠો હતો, ત્યારે તે પુરૂષના પુરૂષત્વનો નાશ અને સ્ત્રીત્વની ઉત્પત્તિ થઇ ન હતી. એ તો જેમ હતો તેમજ છે અને તેમજ રહેશે, પણ દૃષ્ટિભ્રમના દોષથી જોનારે તેને પ્રથમ સ્ત્રીરૂપે જાણ્યો, પાસે આવતાં દૃષ્ટિભ્રમનો લય થવાથી તેને મૂળરૂપે ઓળખ્યો, તેમ અનાદિ કાલના ઉપરોકત (મિથ્યાત્વ, અજ્ઞાન, મોહ) ત્રણ દોષોને લઇ માયાના આવરણો આવવાથી અંતર દૃષ્ટિને આત્મા છેટો પડી ગયો જેથી આવરણ દોષરૂપ દૃષ્ટિભ્રમ થયો, દૃષ્ટિભ્રમ થવાથી દેહાધ્યાસબુદ્ધિ અને જગદાકાર વૃત્તિરૂપ આત્મા ઉપર રહેલાં કાળાં વસ્ત્રને જોઇ ' આ આત્મા છે ' એમ મૂળ સ્વરૂપ

ભૂલી જઇ કોઇ તેને સ્ત્રીરૂપે, પુરૂષરૂપે, વણિક, વૈશ્ય, બ્રાહ્મણ, ક્ષત્રિય, હાથી, અશ્વ, પશુ, પક્ષી–એમ વિવિધ પ્રકારે જુદા જુદા રૂપે ઓળખ્યો; પણ જ્યારે અનંત પુન્યોદયે પૂર્વ સંસ્કારની જાગ્રતી થતાં તથા સત્પુરૂષનો સમાગમ થતાં મિથ્યાત્વ, અજ્ઞાન અને મોહાદિ આવરણ કર્મનો, દેહાધ્યાસબુદ્ધિ તથા જગદાકાર વૃત્તિ રૂપ કાળાશનો નાશ થતા દેહ ભિન્ન, વિશ્વજ્ઞાતા એવો સચ્ચિદાનંદ સ્વરૂપી શુદ્ધ આત્માનો અનુભવ થાય અર્થાત, 'હું સ્ત્રી છું, પુરૂષ છું, બ્રાહ્મણ છું" એ વિગેરેની માયા જન્ય ભાવનાઓ લય થઇ 'હું શુદ્ધ સનાતન પરમાત્મા છું' એમ પોતાને અનુભવ થાય, તેને તત્ત્વજ્ઞાન કહે છે. આત્મજ્ઞાન અવિનાશી અને સત્ય વસ્તુ છે. તેથીજ વેદાંત કહે છે કે— **'ब्रह्म सत्यं जगन्मिथ्या'** બ્રહ્મ (ચૈતન્ય જ્ઞાન) તેજ સત્ય છે અને તે સિવાય સમસ્ત વિશ્વ ચૈતન્યહીન વિનાશી ક્ષણિક છે માટે મિથ્યા છે. વાદળનું આવરણ લય પામ્યા વિના સૂર્યનો તેજસ્વી પ્રકાશ પૃથ્વી તટ ઉપર પ્રસરતો નથી, તેમ મિથ્યાત્વ, મોહ અને અજ્ઞાન–એ ત્રણ દોષ રૂપ આવરણનો લય થયા વિના આત્મજ્ઞાનપ્રકાશનો પણ આવિર્ભાવ થતો નથી. **પાંચ મિથ્યાત્વ** (૧) અભિગ્રહિક મિથ્યાત્વ એટલે મતાગ્રહ, ગચ્છાગ્રહ, કુલાગ્રહ અને લોકાગ્રહ. (૨) અનભિગ્રહિક મિથ્યાત્વ એટલે સમજ્યા વિના બધું સરખું માનવું (૩) અભિનિવેશિક મિથ્યાત્વ એટલે તત્ત્વ રહસ્ય સમજ્યા વિના તથા આત્માનુભવ થયા વિના શાસ્ત્રોનું શબ્દ માત્રથી શ્રવણ વા વાંચન કરી તેનો આગ્રહ રાખવો તેમજ પરમાર્થ તરફ લક્ષ્ય ન આપતાં લોક સંજ્ઞા, લોક ભય અને લોક લજ્જા થી સન્માર્ગ તરફ વિમુખ રહેવું. (૪) સાંશયિક મિથ્યાત્વ એટલે શંકાશીલ રહેવું. (૫) અણાભોગિક મિથ્યાત્વ એટલે ધર્મ તરફનું લક્ષ્યજ નહિ. આ પાંચ મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા વિગેરે સોળ કષાય, નવ નોકષાય, ત્રણ મોહની એ અઠ્ઠાવીશ દોષ પૂર્વક મોહ તથા પાંચ અજ્ઞાન–એ પ્રકારે મિથ્યાત્વ, મોહ અને અજ્ઞાન એ ત્રણ મહાદોષ કહ્યા છે, તેનો નાશ થવાથી વા ઉપશમ થવાથી આત્માની શુદ્ધિ થઇ અનુભવ જ્ઞાન પ્રગટ થાય છે. આ ત્રણ દોષોનું વર્ણન દ્રવ્યાનુયોગ વિચાર–એ લેખમાં વિશેષતાથી નિરૂપણ કર્યું છે, જેથી અહીં તેનું ટુંકમાંજ વ્યાન આપ્યું છે. હવે આપણને વિચારવાનું એજ છે કે સ્થૂલ દેહના આકારમાં મનુષ્યત્વની મહત્તા નથી, પણ આગળ જણાવ્યા પ્રમાણે સત્સંસ્કાર, વિદ્યાભ્યાસ, નૈતિક જીવન, ભ્રાતૃભાવ અને પરોપકાર–એ પાંચ વ્યાવહારિક ગુણો તથા મુમુક્ષુતા, વૈરાગ્ય, શ્રદ્ધા, ભક્તિ અને તત્ત્વ રમણતા –એ પાંચ પારમાર્થિક ગુણો પૂર્વક જે ધર્મ તત્ત્વ જેના હૃદયમાં પ્રકાશી રહ્યું

છે, તેજ મનુષ્યનું જીવન વા કર્ત્તવ્ય છે, તેજ માનવ દેહની મહત્તા છે અને તેજ મનુષ્યત્વ સંયુક્ત–ધર્મના અધિકપણાથી પશુઓ કરતાં અરે! દેવો કરતાં પણ –મનુષ્યો સર્વોત્તમ છે. અગર જો તેવું મનુષ્યત્વ માનવ દેહ ધારીમાં ન હોય તો તે મનુષ્યાત્મા પશુ કરતાં પણ અધમ છે. માટે મનુષ્યના દેહમાં મહત્તા ન રાખતા તથા મોહિત ન થતાં મનુષ્યત્વને મેળવવાથી પરમાત્માની પ્રાપ્તિ અને માનવ દેહની સફળતા છે. ઓં શાંતિઃ

૮ પ્રસ્તાવિક પ્રકરણ.

શ્રી સદ્‌ગુરૂ–સ્તવના

સંત શિરોમણિ સદ્‌ગુરૂ, કૃપાસિંધુ ભગવાન;
જહાજપાત્ર સંસારમેં, જેમ ઉદધિમેં વહાણ. ૧
મહોપકારી મહામણિ, મહાબુદ્ધિ નિધાન;
વંદું સંતકૃપાલને, પ્રગટાવ્યું નિજ ભાન. ૨
ફોડી દેહાધ્યાસને, તોડી કર્મનો પાશ;
મોડી મહાબલ મોહને, છોડી જગકી આશ. ૩
પ્રેમ જગતમાં શ્રેષ્ઠ હૈ, પ્રેમ જગતકે પીર;
પ્રેમ હૃદય જીસકે વસ્યો, ધન્ય ધન્ય સો વીર. ૪
શુભ ગયે દૂર સ્વર્ગમેં, ભાય ગયે દૂર કચ્છ;
જ્યું તરફડીયાં મારતો, પાણી બીન જ્યું મચ્છ. ૫
જગમેં સંતો બહુ ફિરે, સંતમેં સંત ન કોય;
સંત શિરોમણિ સદ્‌ગુરૂ, શુભ, રાજ ગુરૂ દો જોય. ૬
ધરતા ધ્યાન ધર્મતણું, કરતા અનુભવ પાન;
હરતા ભાવિ અજ્ઞાનકું, સોહિ સંત ભગવાન. ૭
પ્રેમ પ્રેમને પ્રેમથી, પામે સુખ અપાર;
મોક્ષ મળે પણ પ્રેમથી, પ્રેમ વિના સંસાર. ૮
સંતકી ન્યારી બાત હૈ, સંતકી ન્યારી રીત;
સંતકી ન્યારિ દૃષ્ટિ હૈ, સંતકી ન્યારી સ્થિત. ૯
આ સંસાર અસાર છે, દુઃખ તણો ભંડાર;
સેવે સદ્‌ગુરૂ ચરણને, ધન્ય તેનો અવતાર. ૧૦

જગમેં પ્રાણી જે ~~થમ~~, આશાને આધીન;
દાસ થયા તે માનવી, દુઃખી રહે નિશદિન. ૧૧
દુરિજન ભુંડા કયા કરે, શાણા શિક્ષ કરમાય;
શ્યામવર્ણી શું થાય ખરે, ચંદન સર્પ વીંટાય. ૧૨
અણધાર્યા આવી પડ્યા, દુઃખના ડુંગર શીર;
ભણેલ નર ભૂલા પડ્યા, ધીરજ રાખે વીર. ૧૩

ચાર પ્રકારના પ્રતિબંધનું નિરૂપણ.

(૧) દ્રવ્યથી પ્રતિબંધ, (૨) ક્ષેત્રથી પ્રતિબંધ, (૩)કાલથી પ્રતિબંધ, અને (૪) ભાવથી પ્રતિબંધ.

(૧) દ્રવ્યથી પ્રતિબંધ એટલે આહાર, વસ્ત્ર, પાત્ર, વિગેરે પદાર્થોનો આગ્રહ તથા એક પરમાણુથી માંડી ચૌદ રાજલોકના કોઈપણ પદાર્થનો આગ્રહ ઇષ્ટ વસ્તુના સંયોગમાં અને ઇષ્ટના વિયોગથી તથા અનિષ્ટના સંયોગમાં અરૂચિભાવ, વા વ્યાકુળતા. અમુક આહાર તથા વસ્ત્રાદિ વિના નજ ચાલે–એ વિગેરે પૌદ્ગલિક પદાર્થોના આગ્રહને દ્રવ્યપ્રતિબંધ કહે છે.

(૨) ક્ષેત્રથી પ્રતિબંધ એટલે એક આકાશપ્રદેશથી માંડી સર્વ લોકાકાશના કોઇપણ સ્થળ પ્રત્યે બેસવા, સુવા, જવા આવવા, વિગેરેનો આગ્રહ, અમુક ક્ષેત્રે જવું અને અમુક ક્ષેત્રે ન જવુ. અમુક ક્ષેત્ર સાનુકૂળ અને અમુક ક્ષેત્ર પ્રતિકૂળ વા અમુક ક્ષેત્ર તરફ સમપરિણામ ન રહેતાં રૂચિ અરૂચિભાવ ઉત્પન્ન થાય તેને ક્ષેત્ર પ્રતિબંધ કહે છે.

(૩) કાલથી પ્રતિબંધ એટલે સ્વપરના પારમાર્થિક શ્રેય વિના અમુક વખતે જવું વા ન જવું તેનો દુરાગ્રહ, અમુક સમયેજ અમુક ગામમાં જવાનો આગ્રહ, સ્વપરનું પારમાર્થિક શ્રેય થતું હોય તથાપિ અમુક સમયે નજ જવાય એવો જે આગ્રહ તેને કાલપ્રતિબંધ કહે છે.

(૪) ભાવથી પ્રતિબંધ એટલે આત્મભાવના શિવાય જડપદાર્થોના ક્ષણિક સુખોની આશા, વિનાશી પદાર્થોની સ્પૃહા રાખવી, પોતાના દૈહિક કામ માટે બીજા પ્રત્યે સ્પૃહા ઇચ્છવી, તેને હુકમ કરવો, બીજાને હુકમ કરવાથી મુનિની નિઃસ્પૃહી દશા રહેતી નથી. ક્રમકે દશા ત્રણ પ્રકારની છે. (૧) શેઠપણું–બીજા પાસે હુકમ કરી કામ કરાવવું, (૨) નોકરદશા–બીજાના હુકમથી કામ કરવું, (૩) મુનિદશા–કોઇને મોટાઇથી વા સ્પૃહાથી કામ કરાવવું નહિ તેમજ કોઇનું સ્પૃહાથી વા દીનતાથી કામ કરવું પણ નહિ. નિઃસંગતાથી નિઃસ્પૃહીપણે " વિચરવું ઉદયાધીન પણ વીત લોભજો. " ઉદયાધીનપણે અપ્રતિબંધપણે

વિચરનારને મુનિદશા કહી છે, તેવી દશા ન રાખતાં જડ પદાર્થો પ્રત્યે મૂર્ચ્છિત થઈ, મોહાંધ બની, આસકિત રાખી સ્પૃહાપણે વર્ત્તવાને ભાવપ્રતિબંધ કહ્યો છે. આ ચારે પ્રકારના પ્રતિબંધથી રહિત હોય તેને જ્ઞાનીઓ મુનિ વા સાધુ કહે છે.

સદ્‌બોધ સૂચક પત્ર નં-૧

સ્વાત્મબંધુ ! અનાદિ, અપાર અને અસાર એવા સંસારમાં અનંતકાલથી ભવભ્રમણ કરતાં મિથ્યાત્વ, અજ્ઞાન, વિમોહ તથા રાગ દ્વેષાદિ સ્વરૂપઘાતક કર્મશત્રુઓના સંયોગથી અનંત શક્તિમાન્ એવો પણ આત્મા શક્તિહીન જેવો થઈ ક્ષણે ક્ષણે અનંત આધિ (માનસિક ચિંતા) વ્યાધિ (શારીરિક ચિંતા) અને ઉપાધિ (કૌટંબિક મોહ જાળ) રૂપ ત્રિવિધ તાપાગ્નિના ત્રાસદાયક દુઃખથી દગ્ધ થઈ અનંત ભય, કષ્ટો તથા દુઃખો અનુભવ્યાં છે અને અનુભવે છે; છતાં અનંત દુઃખાદિ આપનાર મિથ્યાત્વાદિ આત્મઘાતી શત્રુઓથી ઉદ્વેગ કેમ પામતો નથી ? વા વિમુખ કેમ થતો નથી ? એ શું અત્યંત ખેદજનક આશ્ચર્યની વાત નથી ? અર્થાત્ છેજ. એક પૈસાજેવી ક્ષણિક વિનાશી અને ક્ષુદ્ર વસ્તુ જતી હોય તેને ન જવા દેતાં (સાચવવાની સત્તા કર્માધીન છે છતાં) 'હું સાચવી શકીશ' એવી મોહજન્ય ગ્રથિલતા (ગાંડાઈ) થી તે વિનાશી પૈસાને સાચવવા અમૂલ્ય આયુષ્યનો ભોગ આપે છે, તેને માટે શીત, તાપ, ક્ષુધા, તૃષાદિ અનેક કષ્ટો ભોગવે છે. જગતવાસી જીવોથી અપમાન તિરસ્કારાદિ ઘણાજ પરાભવને પામે છે; છતાં મનમાં જરા પણ ખેદ ન લાવતાં ઉલટો હર્ષિત થાય છે, પણ મિથ્યાત્વાદિ દોષોનો લય કરવા તથા અનંત કૃપાલુ શ્રીસંત ભગવાનની ત્રિધાયોગે સેવા કરી, સદ્‌ગુરૂને સત્યભાવે ઓળખી, સદ્‌ગુરૂ પ્રત્યે અવિચ્છિન્ન ધારાએ નિષ્કામપણે નિર્વિકારપણે પ્રમોદરાગે પ્રશસ્તભાવે ભક્તિ કરી, તે મહાપુરૂષે પ્રબોધિત-પ્રકાશિત અનંત શક્તિમય, અનંતાનંદદાયક, અનંત જન્મ, જરા, મૃત્યુ વિગેરેનાં કષ્ટોને દૂર કરનાર, કર્મશત્રુને હરનાર, અછેદ્ય, અભેદ્ય, અવિનાશી, અનંત સુખદાયક, દુર્ગતિવારક, સંસાર ભવમાર્ગતારક, સ્વસ્વરૂપ પ્રકાશક આત્મજ્યોતિ પ્રગટિત એવો જે ધર્મ તેને પ્રાપ્ત કરવા માટે આ જીવાત્મા સત્પરિણામે આયુષ્યની જીંદગીનો ઘડીમાત્ર પણ ભોગ આપતો નથી, દેહાધ્યાસને દૂર કરતો નથી, સ્વદોષ અને દુર્ગુણને હરતો નથી, શીત, તાપાદિ તથા અપમાન વિગેરેના જરા પણ દુઃખને સહન કરતો નથી, સંસારથી ઉદાસીનતાને ભજતો નથી, વિષય કષાય પ્રમાદાદિ સ્વરૂપઘાતી દુષ્ટ દુર્ગુણને તજતો નથી, સંતમહાત્માની સદ્‌ભક્તિને સદ્‌ભાવપૂર્વક નિષ્કામપણે અનન્યભાવે કરતો

નથી, મન ઇંદ્રિયોને દમતો નથી, સ્વરૂપ ઉત્પાદક સદ્વિચાર, સદ્ભાવના અને સત્ક્રિયાદિ સત્સાધનોમાં રમતો નથી; છતાં મોક્ષ તથા સુખની ઇચ્છા રાખે છે, એ તે ભલા કેવું આશ્ચર્ય ? અગ્નિમાં સુઈને શાંતિ ઇચ્છવા જેવું, ઝેર ખાઈને જીવતર ઇચ્છવા જેવું, આશ્ચર્ય છે. શીયળ વા બ્રહ્મચર્યની ત્રિધાયોગે અખંડ પ્રાપ્તિ હોય, સત્યદશાની પૂર્ણ ખાત્રી હોય અને સ્વસ્વરૂપની અખંડ શ્રદ્ધા હોય, તો તો અગ્નિમાં સુઈને શાંતિની ઇચ્છા રાખવી, ઝેર ખાઈને જીવનની ઇચ્છા રાખવી વ્યાજબી છે, પરંતુ તે દશામાંનો એક અંશ પણ ન હોય એટલે આત્મજ્ઞાન વિના પણ 'હું આત્મજ્ઞાની છું' એમ માની, અધ્યાત્મીનો ખોટો ડોળ રાખી, શીયળ વા બ્રહ્મચર્યપણાનું નકામું ડંફાણ રાખી જગતના ક્ષણિક બાહ્ય રંજક જીવોને આત્મજ્ઞાનીપણું બતાવી આધ્યાત્મિક મહાત્માપણાનો ખાલી ફાંકો રાખવો—એ આ સ્થૂલ દેહધારી જીવાત્માને તો ઉંધે માથે ધાણીમાં માથું નાખી પીલાવા જેવું થતું હોય તેમ જણાય છે. જ્ઞાનદશા વિના અધ્યાત્મપણાનો ખોટો ડોળ કરનાર, ભોળા જીવોને ભમાવી પુદ્ગલમાં એક સમય પણ રમણતા થશે તો નિઃશંક અગ્નિમાં બળી જવાશે, મરી જવાશે, અરે ! અનંત સંસારની વૃદ્ધિ થઈ જશે. માટે અપ્રાપ્ત દશાને પ્રાપ્ત માની જ્ઞાની થવા કરતાં, સંત મનાવા કરતાં તે દશાની નિરંતર ભાવના રાખી મહાત્માની ભક્તિમાં નિશદિન સમય વ્યતીત થશે તો અવશ્ય સિદ્ધિ થશે, નિઃસંદેહ મોક્ષ મળશે, નિઃશંક ઉદય થશે. અનંતકાલથી સંસારમાં ભવભ્રમણ કરતાં, અનંત સાધનોનું શુભ પરિણામે સેવન કર્યા છતાં પણ અશરીરીદશાની પ્રાપ્તિ હજી કેમ થઇ નહિ ? તે અનંત સાધનોમાં એવું કયું અપૂર્વ અપ્રાપ્ય સાધન રહી ગયું હશે કે જેના વિના અનંત સત્સાધનો પણ નિષ્ફળતાને પામ્યાં ? એનો સ્થિરભાવે અત્યંત વિચાર કરતાં જીવાત્માને જણાશે કે—સર્વ સત્સાધનો એક માત્ર નિર્ગ્રંથ પ્રભુપ્રણીત ધર્મ વિના નિષ્ફળ જેવાં થયાં છે. આ વિચારતાં શંકા ઉદ્ભવે છે કે—'ત્યારે શું પૂર્વકાલે સેવેલાં અનંત સાધનો તે અધર્મ હતાં ?' તો તેના ઉત્તરમાં એટલું જ જણાવવાનું છે કે—સંત સ્વરૂપને યથાતથ્ય ભાવે ઓળખ્યા વિના, તે પ્રત્યે અખંડ આજ્ઞાએ વર્ત્યા વિના, તે સંત પ્રત્યે અનન્યભાવ પ્રગટ્યા વિના, આંતરિક દૃષ્ટિ તથા આંતરિક સ્વરૂપરૂપ જે નિર્ગ્રંથધર્મ તે પ્રગટ્યા વિના અનંત સાધનો પણ બાધકરૂપે પરિણમ્યાં છે. કેમકે અનંત દૃષ્ટિ વિના ઓઘસંજ્ઞાથી, લોકસંજ્ઞાથી, અવિચારિતપણાથી કે મિથ્યાત્વભાવથી સેવેલાં સત્સાધનો પણ સિદ્ધિને યોગ્ય થતાં નથી. માટે અંતર્દૃષ્ટિભાવે સંત સ્વરૂપ જાણી, તેની અખંડ આણમાં અહર્નિશ વર્ત્તી, તે સંતને ત્રિધાયોગે સેવી તે મહાત્માના

સુયોગથી સેવેલાં સત્સાધનો સ્વસ્વરૂપરૂપ જે નિર્ગ્રંથ ધર્મ તેને આપનાર થાય છે, અને તેજ ભાવે સાધનોનું સેવન કરી આત્મહિત સાધવું તે આત્માર્થી જીવનનું કર્ત્તવ્ય છે. અનંત સાધનો તે પોતે ધર્મરૂપ નથી, પરંતુ સ્વસ્વરૂપ રૂપ નિર્ગ્રંથ પ્રભુપ્રણિત જે ધર્મ તે પામવાનાં કારણો છે. કાર્યની અભાવતાથી કારણો પણ નિષ્ફળરૂપે પરિણમે છે. તેથી સત્સાધનો અધર્મરૂપે નહિ છતાં તે સાધનો અંતર્લક્ષ્ય વિના કષાયભાવથી તથા સ્વચ્છંદ દશાથી સેવેલાં હોય તો બાધકરૂપે થાય છે અને તેથી અધર્મરૂપ પરિણતિને પામે છે. અહો ! એ નિર્ગ્રંથ પ્રભુપ્રણિત સ્વસ્વરૂપ ધર્મને જેટલી ઉપમા આપીએ તેટલી ઓછી છે. તે પવિત્ર ધર્મ વિનાજ આ જીવાત્મા અનંત કાલથી સંસારમાં ભમ્યો છે, રખડ્યો છે, અનંત દુઃખો ભોગવ્યાં છે, જેના એક રોમમાત્રમાં કિંચિત્ પણ અજ્ઞાન, મોહ કે અસમાધિ રહી નથી એવા તે સત્પુરૂષના વચન અને પવિત્ર બોધ વિષે શું કહેવું ? અર્થાત્ નહિ કહેતાં તેનાજ વચનમાં પ્રશસ્ત ભાવે પુનઃપુનઃ આસક્ત થઈ નિરંતર તેનું સ્મરણ, રટન, મનન કરી અનુભવદશાને ઉત્પન્ન કરવી એજ ઉત્તમ કર્ત્તવ્ય છે. નિરંતર એ વચનનું સ્મરણ કરવામાંજ આપણું સર્વોત્તમ શ્રેય છે. અહા ! શી એ પરમકૃપાળુના વચનામૃતની શૈલી ? શી એના પવિત્ર બોધની અપૂર્વતા ? બલિહારી ! જ્યાં આત્માને વિકાર થવાનો એક રોમમાં અંશમાત્ર પણ અવકાશ રહ્યો નથી, શુદ્ધ સ્ફટિક અને ચંદ્રથી પણ અનંત ઉજ્વળ, શુકલધ્યાનની શ્રેણીથી પ્રવાહરૂપે નીકળેલાં નિર્ગ્રંથ પરમાત્માના અનંત સ્વરૂપમય, અનંત તત્ત્વમય, અનંત રહસ્યમય, અનંત ગુણમય, અનંત જ્ઞાનમય, અનંત સ્વરૂપાર્થગર્ભિત એવા પરોપકારી પરમ પૂજ્યનીય પરમ પવિત્ર બોધ વચનામૃતોની મને, તમને અને સર્વને નિષ્કામપણે ત્રિકાલ શ્રદ્ધા હો. એવી પરમ કૃપાળુ પરમાત્મા પાસે મારી નિરંતર યાચના છે. તે પવિત્ર વચનામૃતથી ભરપૂર વાણીને ધારણ કરતા પવિત્ર મહાત્મા પુરૂષોને અને તે પવિત્રાત્માનું નિષ્કામ ભક્તિથી શુદ્ધ ભાવે શ્રવણ તથા મનન કરનાર મુમુક્ષુ જીવાત્માઓને ત્રિકાલ ત્રિધાયોગે શુદ્ધ ભક્તિભાવપૂર્વક અહર્નિશ નમસ્કાર હો. ઓં શાંતિ; ! !

સદ્બોધ સૂચક પત્ર, નં. ૨

ઓં તત્સત્ સહજાત્મ સ્વરૂપાય, પ્રગટ પુરૂષોત્તમાય નમોનમઃ

આત્મબંધુ! વૃદ્ધાવસ્થામાં આપના હૃદય ઉપર કુદરતી કોપથી કારી ઘા લાગ્યો છે. રસ્તામાં આવતાં ઘડીભરના સમાગમથી છુટા પડતાં અંતરમાં ખેદ થાય છે, તો જેને પુત્રભાવે જન્મ આપી સ્નેહભાવે પોષણ કરીને ઉછેર્યો હોય

તથા પોતાની વૃદ્ધાવસ્થામાં ઉપાધિનો ભાર નિવૃત્ત થવામાટે જેની ઉપર આશા રાખી ઉપાધિમાંથી મુક્ત થવા ભાવના ઉદ્ભવતી હોય, ત્યાં આવા કોપ પ્રહારોની પ્રાપ્તિ થાય, એવા પુત્રનું યૌવન વયમાં કાળગત થવું એ અંતઃકરણને અતિ આઘાત થવાનું કારણ છે. પણ ઓ પ્રિયબંધુ! મનુષ્ય મરણને આધીનજ છે, મરણ પામેલા દેહાત્માને જન્મ હોય વા ન હોય, પણ જન્મ પામેલા દેહાત્માને મરણાધીન તો અવશ્ય થવુંજ પડે છે. આપણા સ્નેહીઓનું મરણ આપણને એદ કર્ત્તા થાય એ સંભવિત છે, પણ તે આપણી હયાતીમાં તેવા મરણના ભયંકર પ્રસંગો આપણી દૃષ્ટિ ગોચર ન થાય તો મનુષ્યને સંસારની ક્લિષ્ટ ભાવના વા મોહાસક્ત વૃત્તિમાંથી મુક્ત થઇ અરેરાટ કે આઘાત થયા વિના વૈરાગ્યની તથા સંસાર અસારતાની કે વિનાશીપણાની ભાવના વા પ્રતીતિ થવી મુશ્કેલ છે. મમત્વભાવે અને મોહાંધપણે કોઇનું પણ મરણ આવે રૌદ્રધ્યાનનું કારણ થાય છે અને નિર્મમત્વપણે તથા નિરાગીપણે તે વૈરાગ્ય ઉત્પન્ન કરાવે છે, તે આપને 'મૃત્યુ મહોત્સવ'ની નાની ચોપડીમાંથી જાણવામાં આવ્યું હશે.

આત્મબંધુ! આપ સુજ્ઞ છો, શાસ્ત્રજ્ઞ છો અને સત્સંગના ઉપાસક છો એટલે વધારે શું લખવું? આપ પોતેજ વિચાર બળથી અંતરવૃત્તિને સ્થિર કરશો. જે વસ્તુ વિનાશી છે, તેનો શોચ તો તેનેજ થાય કે જેણે અવિનાશી એવા સત્તત્ત્વની ઉપાસના કરી નથી; પરંતુ જે પવિત્ર આત્માએ સત્તત્વ (જ્ઞાન, દર્શન, ચારિત્ર, ઉપયોગાત્મક આત્મા) ની ઉપાસના અંતર દૃષ્ટિએ સેવી હોય છે, જે આત્માએ સંત, સત્સંગ તથા સત્સશાસ્ત્રનું સેવન કર્યું હોય છે, તે આત્માઓને તો નિઃશંક સમજવું જોઇએ કે સમસ્ત દૃશ્ય પદાર્થો કાલાધીન (ક્ષણિક) છે, સમયકાળની પૂર્ણતાએ સંયોગમાં રહેલ દૃશ્ય પદાર્થો (સ્ત્રી પુત્ર ધન કુટંબાદિ) વિનાશી હોવાથી વિનાશને પામી પ્રારબ્ધોપાર્જિત ગતિમાં પ્રવૃતિ કરે છે. સત્ તે ત્રિકાલ સત્યજ છે. સત્યને અસત્ય માનનાર અને અસત્યને સત્ય જાણનાર જીવાત્મા પુદ્ગલાનંદી હોય છે, જ્યાંસુધી આત્મા સત્યમાર્ગને યથાર્થભાવે સમજી વા પામી શક્યો નથી, ત્યાં સુધી અસત્ય અને વિનાશી એવા આ વિશ્વના પદાર્થોને ટકાવવાની કોશીશ કરે છે; પણ જે પવિત્રાત્માના પવિત્ર હૃદયમાં સત્ય સ્વરૂપની ઝાંખી માત્ર પણ થઇ હોય છે, તેને સત્ય શિવાય જાણવાનું કાંઇ નથી, વિચારવાનું નથી અને માનવાનું પણ નથી. અસત્ય ભાવો તથા અસત્ય પદાર્થો અસત્ રૂપજ લાગ્યા હોય તોપછી તેના સંયોગ કે વિયોગમાં હર્ષ શોક કરવાપણું છેજ ક્યાં? જેના શરીરમાં ગરમીનો રોગ છે તેને શીતકાલ સાનુકૂળ પડે છે, શીતઋતુ પણ સમયાધીન છે, તેનો કાલ પૂર્ણ થયે શીતઋતુ ચાલી જાય તે સ્વાભાવિક છે, તેમાં દયા પામવા જેવું છેજ નહિ; તેજ પ્રમાણે જે જીવાત્મા

આયુષ્યના ભોગ સમયને પૂર્વ પ્રારબ્ધ પ્રમાણે લાગ્યો હોય તે પ્રારબ્ધ કર્મને સમ વા વિસમપણે ભોગવી તેનાથી મુક્ત થઇ, અન્ય ઉદયગત થયેલ પ્રારબ્ધ કર્મને આધીન થવા પૂર્વગત કર્મપ્રકૃતિને વશ થઈ, ઉદયગત કર્મ પ્રમાણે અહીંનો કાલ પૂર્ણ કરી અન્ય ક્ષેત્ર–સ્થળે ગમન કરશે, તેને અટકાવવામાં અનંત વિશ્વમાં કોઈપણ જીવાત્મા શક્તિમાન્ નથી. ત્યાં ખેદ કરવો એ વિચારશીલ આત્માને કોઇપણ રીતે ઉચિત નથી, એ નિઃશંક માનજો. આપ માનતા હશો કે—મને વૃદ્ધાવસ્થામાં નિવૃત્તિ મેળવવાની ઇચ્છા હતી, ત્યાં કુદરતે કારી ઘા કરી મને પ્રવૃત્તિમાં પાડી દીધો. હે હૃદયાત્મા ! આ માન્યતા પણ આત્મહિત-કર્ત્તા નથી, એ નિઃશંક જાણજો. નિવૃત્તિનું સ્વરૂપ અદ્‌ભુત અને ગહન છે. કમાણી સારી હોય, સ્ત્રી પુત્રાદિ સાનુકૂળ હોય, ગૃહ તથા વેપારનો ભાર ઉપાડી લે તેવા કુટંબીજનો હોય તેથી ઉપાધિનો ભાર ઓછો થતાં જે વખત મળે તે નિવૃત્તિ નથી, પણ નવરાશ છે. નવરાશ એ આત્મગુણ મનાય તો અસત્‌ને સત્ માનવાનો દોષ આવે છે. માટે સમજવાનું એ છે કે—છ ખંડની પ્રબળ ઉપાધિમાં પણ સાનુકૂળ તથા પ્રતિકૂળ સંયોગોમાં, શુભ કે અશુભ પ્રારબ્ધોદયમાં ઉપયોગાત્મક ભાવે અંતરની-જે સમદશા રહે તેનું નામ નિવૃત્તિ છે. નિવૃત્તિનો અર્થ કોઈ અંશે નિર્વાણ પણ થાય છે. અંશે નિવૃત્તિ ત્યાં અંશે નિર્વાણ અને સર્વથા નિવૃત્તિ ત્યાં સર્વથા નિર્વાણ છે. માટે પ્રારબ્ધોદયને સમ-પણે વેદાય તો પ્રતિકૂળ સંયોગ તથા અશુભોદય હોય તોપણ પરમ આનંદ છે. જેથી જણાવવાનું કે—આપના અશુભોદયથી પુત્રમરણનું ઉદયગત દુઃખ પણ પ્રતિકૂળભાવ છે. એમ જાણી આત્મોપયોગે સમભાવે તે સ્થિતિનું વેદન કરશો તો નિવૃત્તિજ છે, સમાધિ છે; પણ અંતર ઉપયોગ સમપણે ન વેદાય તો બે ચાર કલાક નવરાશના મેળવી, બે ચાર સત્‌શાસ્ત્રનાં પાનાં વાંચી ગયા વા સત્સંગ સેવી ગયા તેનું નામ નિવૃત્તિ નથી, તે મોક્ષભાવ નથી, તે સમયે શુભ પરિણા-મની ધારા વર્ત્તવાથી પુન્ય પ્રકૃતિ બંધાય, પણ નિર્વાણ ગતિ થાય નહિ. માટે આત્મબંધુ ! પુત્રવિરહથી થતા ખેદને જ્ઞાનમાર્ગથી શમાવી આત્મભાવ સન્મુખ થશો—એવી સૂચના છે. ઓં શાંતિઃ ! ! !

શ્રી પરમકૃપાળુ દેવ સદ્‌ગુરૂ આ વિશ્વમાં ત્રિકાલ જયવંતા વર્તો.

ૐ નમઃ પરમાત્મને ૐ નમઃ સદ્‌ગુરવે

ૐ

તત્ સત્

મહોપકારી મહામણિ, મહાઋદ્ધિ નિધાન;
વંદું સંત કૃપાલને, પ્રગટાવ્યું નિજ ભાન.

વ્રત તથા વિરતિનું સ્વરૂપ.

મૂળ.	વૃત્તિ—સૂક્ષ્મ અધ્યવસાયનું પરિણમન.
વ્રત.	વિરતિ.
ઉદીરણા અવિકલ્પ.	ઉદય નિર્વિકલ્પ.
અશુભ કર્મનો ઉપશમ.	શુભાશુભ કર્મનું ઉપયોગપૂર્વક સમપરિણામે વેદવું.
અવિકલ્પ અશુધ્ધોપયોગ.	નિર્વિકલ્પ શુધ્ધોપયોગ.
સંકલ્પ વિકલ્પ.	નિર્જરા કર્મનું ક્ષય થવું.
શુભબંધ અશુભબંધ.	શુભાશુભ કર્મનો ક્ષય.

પુન્યના ૨ ભેદ.

૧

સંસારવર્ધક પુન્ય વા પાપાનુબંધી પુન્ય—એટલે અસદ્‌ગુરૂની આજ્ઞાથી વા સ્વચ્છંદથી બાહ્ય દૃષ્ટિપૂર્વક સકામપણે (ઇહલોક તન ધનાદિક તથા પરલોક સ્વર્ગાદિક) પૌદ્‌ગલિક સુખની ઇચ્છાએ ત્રિધાયોગની સ્થિરતાથી જે પુન્ય બંધાય તે પાપાનુબંધી પુન્ય કહેવાય.

(૧) સામાન્ય પાપનું સ્વરૂપ.

ઇચ્છા વિરૂદ્ધ પ્રતિકૂળ મળે અને તે ભોગવતાં અરતિ ઉપજે તે પાપ કહેવાય.

૨

સ્વરૂપસાધક પુન્ય વા પુન્યાનુબંધી પુન્ય—સદ્‌ગુરૂની આજ્ઞાથી અંતર્દૃષ્ટિપૂર્વક નિષ્કામપણે સમ્યક્ પ્રાપ્તિ માટે ત્રિધાયોગની સ્થિરતાથી સત્ક્રિયા કરતાં જે પુન્ય બંધાય તે પુન્યાનુબંધી પુન્ય કહેવાય.

(૨) સામાન્ય પુન્યનું સ્વરૂપ.

ઇચ્છા પ્રમાણે અનુકૂળ મળે અને ભોગવતાં રતિ ઉપજે તે પુન્ય કહેવાય.

ૐ

तत् सत्

सहजात्मस्वरुपाय प्रगट पुरुषोत्तमाय

नमो नमः

ત્રણ આત્માનું સ્વરૂપ.

(૧) બહિરાત્મા. (૨) અંતરાત્મા. (૩) પરમાત્મા.

(૧) બહિરાત્મા–અજ્ઞાન દશા–મનની આસક્તિપૂર્વક ઇંદ્રિયજનિત વિષયમાં રમણુતા. મિથ્યાત્વ (મળ) મોહ (વિક્ષેપ) અજ્ઞાન (આવરણ) એ ત્રણ બહિરાત્મદશાના મોટા દોષો છે.

ઇંદ્રિયો પાંચ.

જ્ઞાતા.	જ્ઞેય.	ગ્રાહક–ગ્રહણ કરનાર. ગ્રાહ્ય–ગ્રહણ થનાર.
આત્મા પરમાત્મા.	ચક્ષુઇંદ્રિય–આંખ.	વર્ણ–જોવા લાયક પદાર્થો.
	ઘ્રાણેંદ્રિય–નાક.	ગંધ–સુંઘવા લાયક પદાર્થો.
	રસનેંદ્રિય–જીભ.	રસ–સ્વાદ લાયક પદાર્થો.
મન અંતરાત્મા	સ્પર્શેંદ્રિય–શરીર.	સ્પર્શ–ભોગવવા લાયક પદાર્થો.
	શ્રવણેંદ્રિય–કાન.	શબ્દ શ્રવણ કરવા લાયક પદાર્થો.

બહિરાત્મ દશા—દૈહિક ભાવ–દેહની હયાતીને લઈ ઉત્પન્ન થતી પાંચ ઇંદ્રિયોની ક્રિયા.

દોહા—

પુદ્ગલસે રાતો રહે, જાણે મહા નિધાન;
તસ લાભે લોભ્યો રહે, બહિરાતમ અભિધાન. ૧

લહ્યું સ્વરૂપ ના વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;
લહે નહિ પરમાર્થને, લેવા લૌકિક માન. ૨

નહિ કષાય ઉપશાંતતા, નહિ અંતર વૈરાગ્ય;
સરલપણું ન મધ્યસ્થતા, એ મતાર્થ દુર્ભાગ્ય. ૩

અંતરાત્મ દશા–સાધકદશા.

પાંચ ઇંદ્રિયોના વિષયમાંથી વિરક્ત થઈ સ્વસ્વરૂપ આત્મભાવ શું ? અને

તેની જાગ્રતી કેમ થાય ? તેના સદ્વિચારોમાં રમણતા થાય તેને અંતરાત્મદશા કહે છે.

જ્ઞાન ધ્યાન વૈરાગ્યમય, ઉત્તમ જિહાં વિચાર;
એ ભાવે શુભ ભાવના, તે પામે ભવ પાર. ૧
હું કોણ છું ક્યાંથી થયો શું સ્વરૂપ છે મારૂં ખરૂં ?
કોના સંબંધે વરગણા છે રાખું કે એ પરિહરૂં ?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંત તત્ત્વો અનુભવ્યાં. ૨
કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ પ્રાણી દયા, તે કહીએ જિજ્ઞાસ. ૩

પરમાત્મ દશા-સાધ્ય દશા.

મન આત્મભાવના વિમોહથી શુદ્ધ થઈ, પરમાત્મદશામાં સ્થિર બની સમ્યગ્જ્ઞાન, દર્શન, ચારિત્રની રમણતાને પરમાત્મ દશા કહે છે વા નિજ સ્વભાવ જ્ઞાનમાં કેવલ ઉપયોગે તન્મયાકારે, સહજ સ્વભાવે નિર્વિકલ્પ પણે આત્મા પરિણમે તેને પરમાત્મદશા કહે છે.

જ્ઞાતા દૃષ્ટા શુદ્ધતા, જ્ઞાયકતા સુખ ભાવ;
વેદકતા ચૈતન્યતા, એ મુજ શુદ્ધ સ્વભાવ. ૧
ન્યારો આપ સ્વભાવમાં, ન્યારો પુદ્ગલ ખેલ;
સો પરમાત્મા જાણીએ, નહિ ભવજલકો મેલ. ૨
જે દૃષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;
આસાધ્ય અનુભવ જે રહે, એ છે જીવ સ્વરૂપ. ૩

બંધ તથા મોક્ષનું સ્વરૂપ.

મોક્ષ–	સંસાર–
ગ્રહણ ત્યાગ.	ગ્રહણ ત્યાગ.
નિર્મમત્ત્વ.	મમત્ત્વ.
શુદ્ધ ચૈતન્યાત્મક ઉદયિક– ભાવ નિર્જરા.	અશુદ્ધ ચૈતન્યાત્મક અજ્ઞાન જન્ય બંધ પરિણામિક ભાવ.

૧૨-ભાવનાનું સ્વરૂપ.

હું અજર અમર અવિનાશી એમ ભાવ હોય તો,
મને કોઈ શરણ રાખનાર નથી એવું ચિંતવીશ તો,

હું અનાદિ કાળ રખડતાં ક્યારે મુક્ત થઇશ એમ ભાવતો,
હું એકલો આવ્યો ને એકલો જવાનો એમ ભાવતો,
કોઇ કે ધનું નથી એવું વિચારીશ તો,
આ દેહથી હું જુદો છું એમ ચિંતવીશ તો,
રાગ દ્વેષ એ અજ્ઞાનના હેતુ છે એમ ચિંતવીશ તો,
તું તારા આત્મ સ્વરૂપમાંજ રમણુતા કરીશ તો,
ચૌદ રાજલોકમાં બધી પર વસ્તુરૂપે જોઇશ તો,
જ્ઞાનીની પ્રાપ્તિ દુર્લભ જાણીશ તો,
હું આત્મજ્ઞાન ક્યારે પામીશ એમ ભાવીશ તો,
તારા આત્માને મોક્ષ નજીકજ છે.

ચાર ધ્યાનનું સ્વરૂપ

(૧) આર્ત્તધ્યાનના ચાર ભેદ—

૧–ઇષ્ટ વિયોગ. ૨–અનિષ્ટ સંયોગ. ૩–રોગ ચિંતા. ૪–અશોચ. આર્ત્તધ્યાન પાંચમા તથા છઠ્ઠા ગુણ સ્થાનક સુધી હોય છે અને તે તિર્યંચ-ગતિનું કારણ છે.

(૨) રૌદ્ર ધ્યાનના ચાર ભેદ—

૧–હિંસાનુબંધી. ૨–મૃષાનુબંધી. ૩–ચૌર્યાનુબંધી. ૪–પરિગ્રહાનુબંધી. રૌદ્ર ધ્યાન પાંચમા ગુણ સ્થાનક સુધી હોય છે અને તે નરક ગતિનું કારણ છે.

(૩) ધર્મ ધ્યાનના ચાર ભેદ—

૧–આજ્ઞા વિચય. ૨–અપાય વિચય. ૩–વિપાક વિચય. ૪–સંસ્થાન વિચય. ધર્મ ધ્યાન ચોથા ગુણ સ્થાનકથી શરૂ થઇ સાતમા ગુણ સ્થાનક સુધી હોય છે અને તે સમકિતી જીવને હોય છે.

(૪) શુકલ ધ્યાનના ચાર ભેદ—

૧–પૃથક્ત્વ વિતર્ક સપ્રવિચાર, ૨–એકત્વ વિતર્ક સપ્રવિચાર. ૩–સુક્ષ્મ ક્રિયા અપ્રતિ પાતિ. ૪–ઉચ્છિન્ન ક્રિયાનુવૃત્તિ.

આ ધ્યાન કેવળજ્ઞાન તથા મોક્ષનું કારણ છે અને તે સાતમા અપ્રમત્ત ગુણસ્થાનકથી શરૂ થઈ ચૌદમા અયોગી ગુણસ્થાનક સુધી હોય છે.

કર્મની અપૂર્વ વ્યાખ્યા.

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવ–એ ચાર મૂળ ભાવો ઉપર ચાર અઘાતી

કર્મ તથા તેની ઉપર ચાર ઘાતી કર્મની ઘટના થઇ શકે છે. વસ્તુઓના મૂળ દ્રવ્યાદિ ચાર ભાવો છે, તે ભાવો ઉપર અજ્ઞાનપણાને લઇ મમત્વભાવના તથા આસક્તિ-મોહ થવાથી અઘાતિ તથા ઘાતિકર્મનાં આવરણોની વૃદ્ધિ થાય છે. આઠ કર્મનું મૂળ મોહનીયકર્મ છે. ચારે અઘાતિકર્મનું વેદન મોહપૂર્વક થવાથી ઘાતિકર્મની પરિણતિ થાય છે.

	પ્રકૃતિ	પ્રદેશ	રસ સ્થિતિ
આત્મા-જ્ઞાતા ૮-કર્મ જ્ઞેય.	૧ દ્રવ્ય—	નામ—	જ્ઞાનાવરણીય.
	૨ ક્ષેત્ર—	ગોત્ર—	દર્શનાવરણીય.
	૩ કાલ—	આયુ—	અંતરાય.
	૪ ભાવ—	વેદનીય—	મોહનીય.
	મૂળ—	આઘાતિ—	ઘાતિ.

સ્વાત્મ ભાવના.

હું એક છું, હું અબંધ છું, હું જ્ઞાતા છું, હું સિદ્ધ સ્વરૂપ છું, હું સર્વ પરદ્રવ્યથી પર છું, હું નિર્લેપ છું, હું નિર્વિકારી છું, હું સચ્ચિદાનંદ છું, હું અનાદિ અનંત છું, હું અવ્યાબાધ છું હું સ્વપર પ્રકાશક છું, હું નિરંજન નિરાકાર છું. **" अहं ब्रह्मास्मि "**

સમતા, રમતા ઉર્ધ્વતા, જ્ઞાયકતા સુખભાવ;
વેદકતા ચૈતન્યતતા, એ સબ જીવ વિલાસ. ૧

ॐ

तत् सत्

આત્મૌષધ.

અજ્ઞાનની રામબાણ દવા—કીંમત, મન વચન કાયા. માલેક આત્મારામ મોક્ષાનંદ. મુ૦ અંતરપુર. પોસ્ટ-ઇચ્છાપુર થઇને.

ચારે પ્રકારે મનોયોગનું પરિણમન.

(૧) સત્ય મન—સત્ય ધારેલું સત્ય થાય.
(૨) અસત્ય મન—અસત્ય ધારેલું અસત્ય થાય.
(૩) સત્યાસત્ય મન—સત્ય ધારેલું અસત્ય થાય.
(૪) અસત્યાસત્ય મન—અસત્ય ધારેલું સત્ય થાય.

સ્વાત્મ-સંવેદન.

આત્મા જ્યારે જગદાકાર વૃત્તિમાંથી મુક્ત થઇ સ્વરૂપાકાર થાય છે, ત્યારે આત્મોપયોગની જાગ્રતી રહેવાથી પૂર્વ પ્રારબ્ધના સાનુકૂળ તથા પ્રતિકૂળ નિમિત્તોનું સમપરિણામે વેદન થાય છે, જેથી આવરણકર્મનો નાશ કરી વિશુદ્ધ ચૈતન્યમય નિરાવરણ દશાને પામે છે. સર્વ જ્ઞેય વસ્તુ પ્રકાશક વિશુદ્ધાત્મા ચૈતન્યમય અખંડ વૃત્તિપૂર્વક ઉદયભાવમાં રહી શુભાશુભ કર્મનો અબંધ પરિણામે નાશ કરે છે. અનુકૂળ, પ્રતિકૂળ, સંકલ્પવિકલ્પ, રતિ અરતિ, ક્રોધ માન માયા લોભ, આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુન સંજ્ઞા, પરિગ્રહ સંજ્ઞા, સમ, સંવેદ, નિર્વેદ, અનુકંપા, આસ્થા, નિર્વિકલ્પતા, નિર્લોભતા, નિર્ભયતા, નિર્મળતા, નિઃશંકતા, નિઃસંગતા, વિશુદ્ધતા, ક્રોધ, ક્ષમા, દયા, હિંસા વિગેરે દ્વંદ્વ ભાવોમાં સમપરિણામે રહી ઉપયોગપૂર્વક પ્રારબ્ધકર્મનું ઉદયિક ભાવે વેદન કરવાથી સહજ સમાધિમય પરમપદ અવ્યાબાધ સ્વરૂપ મોક્ષ દશાને પામે છે.

દ્રવ્યનું સંક્ષેપ સ્વરૂપ.

દ્રવ્યથી ગુણ કોઇ પણ કાળે જુદો રહી શકે જ નહિ.
દરેક દ્રવ્ય પોતાના જ ગુણ પર્યાયનો કર્ત્તા હોય છે.
એક દ્રવ્ય બીજા દ્રવ્યની ક્રિયા કોઇ પણ કાળે કરેજ નહિ.
બે દ્રવ્ય મળી એક ક્રિયા પણ કરે જ નહિ.
એક દ્રવ્ય બે ક્રિયા કરવાને શક્તિમાન નથી.
વસ્તુનો ગુણ સ્વદ્રવ્યને છોડી પરદ્રવ્યમાં જાય નહિ.
દ્રવ્ય પોતાના ગુણ છોડી નાશ પામે જ નહિ.

સ્વાત્મવિચારક પ્રશ્નોત્તરમાળા.

હું કોણ ? પરમ શુદ્ધ ચૈતન્યાત્મક દ્રવ્ય.
મારો ગુણ શું ? સમ્યગ્જ્ઞાન દર્શન ચારિત્રાદિ.

મારૂં નામ શું ?	આત્મા, શબ્દનયથી.
હું ક્યાં જવાનો ?	અવ્યાબાધ સિદ્ધાલય સ્થાનમાં.

શુદ્ધ ચૈતન્યાત્મક દ્રવ્ય.

હું એક છું, શાશ્વત છું, નિજ અવગાહન છું અને જ્ઞાનાદિક ગુણ સહિત છું.

પરમ પુરૂષ પ્રભુ સદ્‌ગુરૂ, પરમ જ્ઞાન સુખધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેહને સદા પ્રણામ. ૧
પ્રભુ પ્રભુ લય લાગી નહિ, પડ્યા ન સદ્‌ગુરૂ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય ? ૨
પડી પડી તુજ પદ પંકજે, ફરી ફરી માગું એહ;
સદ્‌ગુરૂ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દેય. ૩

પ્રશ્નોત્તરદર્શક કાવ્ય.

હું કોણ છું ક્યાંથી થયો શું સ્વરૂપ છે મારૂં ખરૂં ?
કોના સંબંધે વરગણા છે રાખું કે એ પરિહરૂં ?
એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનનાં સિદ્ધાંત તત્ત્વો અનુભવ્યાં. ૧

હું કોણ છું ? શુદ્ધ ચૈતન્યાત્મક આત્મા છું.

ક્યાંથી થયો ? મારી ઉત્પત્તિ જ નથી. હું અનાદિ અનંત અવિનાશી છું.

શું સ્વરૂપ છે મારૂં ખરૂં ? મારૂં સ્વરૂપ માત્ર જ્ઞાનાદિક ગુણનું છે.

કોના સંબંધી (કર્મ) વરગણા છે ? વ્યવહારનયથી કર્મ સંબંધી વરગણા છે.

રાખું કે એ પરિહરૂં ? કર્મવરગણા એ તારો ગુણ નથી માટે તે પરિહરવા લાયક છે.

એ પ્રાપ્ત કરવા વચન કોનું સત્ય કેવલ માનવું ?

આત્મસ્વરૂપની જાગ્રતી કરવા શું કરવું જોઇએ ? તે બતાવે છે.

નિર્દોષ નરનું કથન માનો તેહ જેણે અનુભવ્યું.

જેણે આત્મસ્વરૂપનો અનુભવ કર્યો છે, તેવા પરમ જ્ઞાની નિર્દોષ સંત ભગવાનની આજ્ઞાએ વર્ત્તવાથી તેમનું વચન માન્ય કરવાથી જ આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

છ પદ તથા નવ તત્ત્વનું અદ્‌ભુત સ્વરૂપ.

આત્મા છે, નિત્ય છે, નિજકર્મનો કર્ત્તા છે, ભોક્તા છે, મોક્ષ છે, મોક્ષનો ઉપાય છે.

(૧) આત્મા છે.

જે દ્રષ્ટા છે દૃષ્ટિનો, જે જાણે છે રૂપ;
અબાધ્ય અનુભવ જે રહે, તે છે જીવ સ્વરૂપ.

(૨) આત્મા નિત્ય છે.

જે સંયોગો દેખીએ, તે તે અનુભવ દશ્ય;
ઉપજે નહિ સંયોગથી, આત્મા નિત્ય પ્રત્યક્ષ. ૨

(૩) આત્મા નિજસ્વરૂપનો કર્ત્તા છે.

આત્મા નિજપરિણામ જે, શુદ્ધ ચેતનારૂપ;
કર્ત્તા ભોકતા તેહનો, નિર્વિકલ્પ સ્વરૂપ. ૩

(૪) આત્મા નિજસ્વરૂપનો ભોકતા છે.

જ્ઞાતા દૃષ્ટા સહુ શુદ્ધતા, જ્ઞાયકતા નિજ ભાવ;
વેદકતા ચૈતન્યતા, એ તુજ ભોગ્ય સ્વભાવ. ૪

(૫) મોક્ષ છે.

વીત્યો કાલ અનંત તે, કર્મ શુભાશુભ ભાવ;
તેહ શુભાશુભ છેદતાં, ઉપજે મોક્ષ સ્વભાવ.

(૬) મોક્ષનો ઉપાય છે.

રાગ દ્વેષ અજ્ઞાન એ, મુખ્ય કર્મની ગ્રંથ;
થાય નિવૃત્તિ જેહથી, એજ મોક્ષનો પંથ. ૬

નવ તત્ત્વ.

જીવતત્ત્વ, અજીવ, પુન્ય, પાપ, બંધ, આશ્રવ, સંવર નિર્જરા અને મોક્ષ

(૧) જીવ તત્ત્વ.

સમ્યગ્જ્ઞાન દર્શન ચારિત્રાદિ ગુણપૂર્વક આત્મપરિણમન.

સમતા રમતા ઉરધતા, જ્ઞાયકતા સુખભાસ;
વેદકતા ચૈતન્યતા, એ સબ જીવ વિલાસ. ૧

(૨) અજીવ (અજડ) તત્ત્વ.

પરમાણુઓનું સંયોગ વિયોગરૂપે જડ પરિમણુમન.

તનતા મનતા વચનતા, જડતા જડ સંમેલ;
લઘુતા ગુરૂતા ગમનતા, એ સબ અજીવકે ખેલ. ૨

(૩) પુન્ય તત્ત્વ.

મનના સુક્ષ્મ અધ્યવસાયનું શુભ ભાવે પરિણન. શુભ પરિણામપૂર્વક શુભ ક્રિયા શુભ કરે ફળ ભોગવે દેવાદિગત્તિ માંય.

જેથી શુભ ભાવ જ વધે, અને ઉર્ધ્વગતિ હોય;
જે સુખદાયક જગતમેં, પુન્ય તત્ત્વ તે સોય.

(૪) પાપ તત્ત્વ.

મનના સુક્ષ્મ અધ્યવસાયનું અશુભ ભાવે પરિણમન. અશુભ પરિણામ પૂર્વક અશુભ ક્રિયા, અશુભ કરે ફળ ભોગવે નરકાદિ ગતિ માંય.

અશુભ ભાવના જે વધે, અને અધોગતિ હોય;
દુઃખદાયક સંસારમાં, પાપ તત્ત્વ તે જોય. ૪

(૫) બંધ તત્ત્વ.

રાગ, દ્વેષ તથા અજ્ઞાનથી શુભાશુભ કર્મનું પરિણમન.

ઉદય કર્મને ક્ષય કરે, બાંધે નવિન પ્રકાર;
ભવ વૃદ્ધિ કરતો રહે, બંધ તત્ત્વ વિચાર. ૫

(૬) આશ્રવ તત્ત્વ.

રાગ, દ્વેષ તથા અજ્ઞાનથી શુભાશુભ કર્મનું આવવુ.

જે કર્મ ઉદયે કરી, હોય ક્રિયા રસ લીન;
નૂતન કર્મ વૃદ્ધિ કરે, આશ્રવ તત્ત્વ તે જાણ. ૬

(૭) સંવર તત્ત્વ.

વૈરાગ્ય અને આત્મબળથી આવતાં કર્મને અટકાવવું.

જે ઉપયોગ સ્વરૂપ ધરી, વર્તે યોગ વિરકત;
રોકે આવત કર્મને, તે છે સંવર તત્ત્વ. ૭

(૮) નિર્જરા તત્ત્વ.

સત્તાગત પ્રારબ્ધોદય શુભાશુભ કર્મને ઉપયોગપૂર્વક સમપરિણામે વેદી અબંધકપણે ક્ષય કરતો જાય.

સમ પરિણામે વેદતો, પૂર્વ સત્તાગત કર્મ;
કર્મ શુભાશુભ નિર્જરે, તેહ નિર્જરા ધર્મ. ૮

(૯) મોક્ષ તત્ત્વ.

ઘાતિ અઘાતિ કર્મનો ક્ષય કરી સંપૂર્ણ કર્મથી મુકત થવું.

દેહાદિ સંયોગનો, આત્યંતિક વિયોગ;
સિદ્ધ મોક્ષ શાશ્વત પદે, નિજ અનંત સુખભોગ. ૯

ઇતિ છ પદ તથા નવ તત્ત્વનું સંક્ષેપ સ્વરૂપ સંપૂર્ણ.

ઇતિ પ્રથમ ભાગ સમાપ્ત.

ભાગ ૨ જો.



તત્ સત્

શ્રીમત્પાર્શ્વ પરમાત્મને નમઃ શ્રીમદ્ સદ્ગુરવે નમઃ

એક નવયુવકના વિચારો.

સામાજીક પ્રકરણ.

જેમો હવે તો ચેતો અને પ્રમાદનિદ્રામાંથી મુક્ત થાઓ.

भवबीजांकुर जनना रागाद्याः क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥ १ ॥

પચીશસો વર્ષ પહેલાં જ્યારે આ ભારતભૂમિ ઉપર અનંત કૃપાળુ સર્વજ્ઞ ભગવાન્ **સિદ્ધારથ** કુલકિરીટ, ઇંદ્રાદિ અસંખ્ય દેવોએ સેવિત પરમાત્મા **શ્રી મહાવીર** પ્રભુ સંપૂર્ણ આત્મસત્તાને પ્રગટાવી **" परोपकाराय सतां विभूतयः "** એ પરમ દયામય સૂત્રની સિદ્ધિ કરવા માટે પદપંકજન્યાસથી ભારતભૂમિને પવિત્ર કરી દીવ્ય ધ્વનિમય જ્ઞાનવાણીના પ્રકાશથી ભવ્યાત્માઓના હૃદયમાંથી અજ્ઞાનતિમિરનો નાશ કરી " સવી જીવ કરું શાસન રસી " સર્વ આત્માઓને પરમપદના ભોગી બનાવું–એવો સર્વોત્કૃષ્ટ દયાનો ઝુંડો ફરકાવી ભારતભૂમિ–આર્ય દેશને શાંતિ સમાધિ સુખ અને પ્રેમમય બનાવી રહ્યા હતા. પવિત્ર એવા **મગધ** દેશમાં જન્મ પામી, ત્યાગ ભાવ સ્વીકારી, જગતના શ્રેયનું બ્યુગલ બજાવી આખા દેશને ગજાવી શકતા હતા. બીજી તરફથી પરમ વૈરાગી, નિર્મોહી, વાસના વિરક્ત, મહાત્મા બુદ્ધ ભગવાન્ પણ રાજ્યઋદ્ધિ, સ્ત્રી, ધન, તન, કુટુંબાદિ સાનુકૂળ સુખ અને શાંતિદાયક સંયોગોને વૈરાગ્ય તથા આત્મ-

બળની સત્તાથી મોહજનિત પદાર્થો, ભાવના તથા સંયોગોને તૃણવત્ ગણી ત્યાગી થઇ જગતના શ્રેયને માટે પ્રમાદ નિદ્રામાંથી મુક્ત કરવા પોતાનો સર્વસ્વ આત્મભોગ આપી આર્યદેશમાં દયા શાંતિ પ્રેમ સદ્‌ભાવના આદિ અપૂર્વ સદ્‌ગુણોનો ઝરો વહેવરાવી ભારતક્ષેત્રની જાહોજલાલી કરી રહ્યા હતા. પચીશસો વર્ષ પહેલાં સર્વજ્ઞ પ્રભુ મહાવીર અને મહાત્મા બુદ્ધ ભગવાન્—આ માત્ર એજ આત્માઓ સમસ્ત આર્યાવર્ત્તમાં આનંદ, શાંતિ અને પ્રેમ વર્ત્તાવી રહ્યા હતા. ત્યારે આધુનિક સમયમાં તેજ મહાવીરના શાસનમાં વર્ત્તનારા તેજ મહાવીરના પુત્રો તથા અનુયાયીપણાનો દાવો કરનારા, આર્ય દેશની વાત તો દૂર રહો, પણ મુઠ્ઠીભર કહેવાતા જૈન સમાજનું શ્રેય સાધવા પણ શક્તિમાન્ બનતા હોય તેમ વિચારશીળ આત્માઓની સુક્ષ્મ બુદ્ધિ તથા દૃષ્ટિએ જણાતું નથી, તેનું શું કારણ ?

મહાવીરના પુત્રપણાનો દાવો કરનારાઓએ પ્રથમ મહાવીર-જીવનને આદ્યંત સુધી વિચારી સુક્ષ્મ દૃષ્ટિએ અવલોકન કરી જવાની અવશ્ય જરૂર છે. પ્રભુના જીવનની ખરી સત્યતા સમજ્યા વિના તેના પુત્રપણાનો દાવો રાખી તેના માર્ગને પ્રબોધવા જતાં ઉલટું પરિણામ આવે છે, એ વિચારશૂન્ય આત્માઓને ક્યાંથી સમજાય ? ભગવંત મહાવીરનું જીવન ચિતરવા આ ક્ષુદ્ર આત્માની અલ્પ શક્તિએ અસંભવિત છે, તથાપિ વિચાર પ્રસંગે તેમના જીવનની યત્કિંચિત્ આલેખના કરવાથી લેખનો મૂળ હેતુ સિદ્ધ થવા સંભવ રહે છે. જેથી જણાવવું પડે છે કે—પ્રભુએ માર્ગને જેમ અનુક્રમે બોધ્યો છે, તેજ પ્રમાણે પોતે અનુક્રમની સંકલનાએ વર્ત્યા છે.

વ્યવહાર માર્ગ અને પરમાર્થ માર્ગની જે ભિન્નતા દર્શાવી છે, તે સાધન સાધ્યની અપેક્ષાએજ ભિન્નતા ઉપલબ્ધ થાય છે, વસ્તુતઃ અભેદ સ્વરૂપમાં વિચાર ભિન્નતા, બોધ ભિન્નતા, દૃષ્ટિ ભિન્નતા, કારણ કાર્યરૂપ પ્રવૃત્તિ ભિન્નતાદિ-ભિન્નત્વપણાનો વિલય થાય છે; પરંતુ તથા પ્રકારે અભેદભાવ સ્વરૂપ પ્રકાશિત થયા વિના તે સ્વરૂપ ભાવની પ્રાપ્તિ માટે સાધન સાધ્ય આદિ ભિન્નત્વ ઉપકારક છે, પણ ઉપકારક સાધનો દૃષ્ટિની ગતિના આધારેજ રહેલા છે. " આસવા તે પરિસવા, પરિસવા તે આસવા " એજ પ્રથમાંગ આચારાંગજી સૂત્રનું પરમ પવિત્ર વાક્ય સિદ્ધ કરે છે કે-સ્વરૂપની શૂન્યતા તથા વિચાર વિવેકાદિ સદ્‌ભાવોની શૂન્યતાથી " **गतानुगतिको लोकः** " એ વાક્ય પ્રમાણે ગાડરના ટોળાની માફક બહિરાત્મભાવે કરેલી વા સેવેલી સાધન-પ્રવૃત્તિ પણ સાધકરૂપે એટલે કર્મ નિર્જરવા રૂપે થાય છે, કેમકે બંધ મોક્ષની ગતિ શુભા-

શુભ નિમિત્તો આધારે નથી, પણ શુભાશુભ નિમિત્તો સાથે પરિણમતી અધ્યવસાયની ધારાને આધીન છે.

મહાવીર દેવે પોતાના વ્યવહાર-જીવનને પ્રથમ અબાધપણે વ્યતીત કર્યું છે, તેથીજ તેમનું પરમાર્થ જીવન લોકોનું શ્રેય સાધવા શક્તિમાન્ બન્યું છે. ગર્ભમાં બુદ્ધિ અને યોગની મંદતા હોય છે, છતાં પ્રભુએ મહત્ પ્રવૃત્તિઓ સાધી છે. ગર્ભમાં આવ્યા પછી પ્રભુએ જાણ્યું કે—' માતાનો પ્રેમ અલૌકિક છે, જન્મ આપનાર માતા મહાન ઉપકારક છે, તેની પૂર્ણ ભક્તિ કરવી—એજ ભક્ત વત્સલ પુત્રનું કર્ત્તવ્ય છે.' એમ જાણી—'મારા ભારથી માતાના સુકોમળ અંગને દુઃખ થશે' માટે પ્રભુએ પોતાના લઘુ અવયવોને સંકોચી ઘડીભર પોતે દુઃખ વેઠી માતાના સુખને માટે યુક્તપણે રહ્યા, પણ ઉદરમાં ગર્ભનું સંચરણ ન થવાથી ગર્ભ માટે માતાને આશંકા તથા ખેદ થવા લાગ્યો. પ્રભુની પ્રેમાળ માતા પ્રત્યે કરેલી સુખ પ્રવૃત્તિ પુત્ર પ્રેમાળ માતાને દુઃખ રૂપ થાય છે—એવું જ્ઞાન થતાં તરતજ અંગોપાંગનું સંચરણ કરી પોતાની પ્રેમાળ માતાને પ્રસન્ન કરી; એટલુંજ નહિ પણ તેની સાથે પોતે એવો અભિગ્રહ કર્યો કે—' માતા પિતાની હયાતીમાં દીક્ષા ન લેવી પણ તેમના દેહાવસાન પછી ત્યાગ દશા ધારણ કરવી.' અહા ! ધન્ય છે માતૃવત્સલ મહાવીરને ! જેણે માતાના સુખને માટે સંસારને સ્વીકાર્યો. આજે જન્મદાતા ઉપકારક માતાને રખડતી રઝળતી મૂકી, ત્રાસ આપી કલેશ કરાવી, માતાથી દૂર ભાગતા ફરી સંતાતા, માતાની આંતરડીને કકડાવી દીક્ષા લેવામાં કલ્યાણ માનનારા બુદ્ધિ શૂન્ય આત્માઓને તે વખતે પ્રભુના જીવનની આ માતૃ પ્રેમાળ ચિત્ર લેખા ધ્યાનમાં નહિ આવતી હોય ? અરે ! પણ જેણે વિચાર બળને ગિરવીજ મૂકયું છે, એવા ગાઢર પ્રવૃત્તિમાં તણાતા ગભરૂઓને આ પ્રભુના જીવનની ચિત્ર લેખા ધ્યાનમાં કયાંથી ઉતરે ?

શિષ્યલુબ્ધ કેટલાક ગુરૂઓને પણ શિષ્યના લોભાંધપણામાં વિચાર રૂપ પ્રકાશનો અભાવ થતાં આ જીવન રેખા ધ્યાનમાં આવતી નથી. તો પછી **"असमर्थो भवेत्साधुः"** એ પરિસ્થિતિમાં ગણાતા કેટલાક વિચાર શૂન્ય આત્માને મોહાંધ વૈરાગ્યમાં આ રેખાનો પ્રકાશ જણાયજ કયાંથી ? પ્રભુના જીવનમાં વિચાર ગર્ભિત તત્ત્વ રહસ્ય યુકત ભવ્યાત્માઓના શ્રેયના નિમિત્તભૂત આવી અસંખ્ય રેખાઓ રહેલી છે, જેનો ચિતાર આપતાં સેંકડો પાનાં ભરાય; તો પણ ભગવંતના જીવનની રેખાઓ ચિતરી શકાય તેમ નથી. લેખની સિદ્ધતા માટે અહીં બે ચાર લેખાઓનીજ આલેખના કરવાથી કર્ત્તવ્યતા ધ્યાનમાં આવશે, તો પણ શ્રેયનું કારણ છે.

પ્રભુના પ્રેમાળ માતા પિતા સ્વર્ગે સીધાવ્યા પછી કરેલા સંકલ્પની સ્થિતિ પૂર્ણ થતાં તેમણે પોતાના વડીલ બંધુ **નંદીવર્ધન** પાસે દીક્ષાની અનુમતિ માગી. બંધુપ્રેમથી રોમેરોમ રંગાયેલ વડીલ ભ્રાતાને તેથી વજ્રાઘાત જેવું થયું, અને દ્રવિત હૃદયથી તે બોલ્યા કે—' હે લઘુ બાંધવ ! માતા પિતાના વિયોગનું અસહ્ય દુઃખ હૃદયમાં રમ્યા કરે છે, ત્યાં આપનો વિયોગ " **किन्ते क्षारं क्षिपसि ?** " ચાંદા ઉપર ક્ષાર નાખવા જેવું શું કરો છો ? માટે કૃપાવંત થઈ હમણા સંસારમાં રહીનેજ આત્મશ્રેય થાય તેમ કરો. ભગવંત નિર્મોહી કુટુંબ બંધનથી મુક્ત હતા; છતાં વડીલ બંધુની તે આજ્ઞાને માન્ય રાખી ઉદ્ભવેલી દીક્ષાની ભાવનાને ઉપશમાવી બે વર્ષ ગૃહસ્થાશ્રમમાં રહ્યા. પ્રભુ જોકે અનંત શક્તિમાન્ હતા, જેથી આત્મશિથિલતાનો એક પણ વિકલ્પ તેમના અનંત શક્તિયુક્ત હૃદયમાં પ્રવેશ કરી શકે તેમ તો નજ હતું, છતાં ' મારી પછી મારા માર્ગે ચાલનારા મુનિઓ મારા જીવનને જોઇ તે પ્રમાણે વર્ત્તશે, તોજ સ્વપર–ઉભયનું શ્રેય સાધી શકશે. ' એમ જાણી પ્રભુએ વિચાર કર્યો કે— ' રાજકીય વૈભવના પૂર્ણ સુખમાં વૃદ્ધિ પામેલ આ સુકોમળ શરીર, ત્યાગ લીધા પછી શીત તાપ ક્ષુધા તૃષાદિ દેહનાશક પ્રાણાંત ઉપસર્ગોના સમયમાં દેહ સંયોગે રહેલું અંતઃકરણ જરા પણ શિથિલતા કે અધૈર્યને આધીન ન થાય, માટે પ્રથમથીજ મનોયત્ન (ટેવ) આદરવાની જરૂર છે. ' એમ ધારી વડીલ બંધુના પ્રેમાગ્રહથી પ્રભુ બે વર્ષ ગૃહસ્થાશ્રમમાં રહ્યા, પરંતુ તે દરમ્યાન પ્રભુએ ત્યાગ પછી જે જે રાગજનિત સાનુકૂળ સંયોગો અને દ્વેષજનિત પ્રતિકૂળ સંયોગોમાં જે સમતા દૃઢતા સહિષ્ણુતા ધૈર્ય અડગવૃત્તિ આત્મબળ જોઇએ, તે મેળવવા બે વર્ષમાં પ્રભુએ પૂરતી રીતે અનુભવ કર્યો. જ્યારે પ્રભુના જીવનથી દીક્ષા માટે કેટલી ધીરજ અને સ્થિરતા જોઇએ, એમ સમજાય છે. ત્યારે આજે તેનાજ સાધુપણાનો દાવો કરનાર કેટલાક કહેવાતા મુનિઓ માતપિતા વા કુટુંબીઓની આજ્ઞા વિના, દીક્ષા લેનારની પૂર્ણ પરીક્ષા પણ કર્યા વિના, તેનું ગૃહસ્થાશ્રમનું જીવન કેવું પવિત્ર કે નીતિયુક્ત હતું તે તપાસ્યા વિના, ગીરમીટીઆ મજુરો રાખનાર દક્ષિણ આફ્રિકાના દાસલુબ્ધ માલીકોની માફક શિષ્ય મોહલુબ્ધ કેટલાક મુનિઓ તેને એકદમ મુંડી દે છે, તેનું પરિણામ શું આવે છે ? એ હવે અંધશ્રદ્ધારૂપ વાદળનો વિલય થતો હોવાથી વિચારબળના પ્રકાશમાં રહેલા બુદ્ધિશાળી આત્માઓ સર્વાંશે તો નહિ પણ બહુધા જાણવા શક્તિમાન્ થયા છે, એટલે તે બીનાને ચિતરવાની આવશ્યકતા જણાતી નથી. કેટલાક ભોળા જીવો પ્રશ્ન કરે છે કે—" તમારે (મુનિઓને)

તેમ ઉતાવળ કરવાની શી જરૂર છે ? દીક્ષા લેનાર ઉમેદવારને એક બે વર્ષ સાથે રાખી તેની પૂરતી તપાસ કર્યા પછી દીક્ષા આપતા હો તો શું થાય ? " પરંતુ તેવા મંદબુદ્ધિ પ્રશ્નકારોને ખ્યાલમાં ક્યાંથી હોય કે—જે દેશમાં પુરૂષ વર્ગનો વધારો હોય અને સ્ત્રીવર્ગની બહુજ ખામી હોય તે દેશમાં કન્યાની ત્વરા બહુજ જણાય છે. ' કુંવારી કન્યાના સો ધણી ' એ કહેવતની માફક જો એક બે વર્ષ સાથે રાખે તે દરમ્યાન કદાચ દીક્ષા લેનાર પોતાનું શિથિલતાદિ પ્રવૃત્તિનું પોગળ જોઈ જાય વા બીજો કોઇ સાધુ ઉપાડી જાય, તો અરર ! ગજબ થાય ને ! કરી કમાણી ધુળમાંજ મળી જાય ને ! કેમકે મોક્ષપણાનું રજીષ્ટર ખત આવા મોહલુબ્ધ શિષ્યલોભી ગુરૂઓ પાસેજ હશે કે જેથી એમને આટલી બધી ફીકર રહે છે કે—' મારી પ્રેરણાથી પ્રેરિત થયેલ જો બીજો દીક્ષા લે, તો મારી આબરૂ જાય અને દીક્ષા લેનારનું અકલ્યાણ થાય. ' મોગલાઇ રાજ્યોમાં જેમ હિંદુઓની કુંવારી કન્યાઓ ઉપર વિષયલુબ્ધ કેટલાક મોગલો જુલમ કરી તેને ઉપાડી પરણતા, ત્યારે હિંદુ લોકો તેવા અધર્મ જુલ્મથી બચવા માટે નાની વયમાંજ કન્યાઓને પરણાવી દેતા, તેમ કદાચ નામદાર બ્રિટીશના રાજ્યમાં કન્યાહરણપણાની જુલ્માઈ તો સર્વથા નાબુદ થઇ છે, પણ કેટલાક શિષ્યલુબ્ધ ગુરૂઓમાં તેવી જુલમાઇનો અંશ રહ્યો હોય અને તેના ભયથી જલ્દી મુંડી દઈ શિષ્યના માલીક થવા માગતા હોય, તો પછી તેવા મોહલુબ્ધ મુનિઓ ક્યાંથી વાટ જોઇ શકે ? મુંડ્યા પછી ન બને તો—' માગણ ચેલા બ્હોત કે ભીખ માગકે ભાગ જાયગે ' એ કહેવત અનુસાર શિષ્યો ભલે રખડીને ઉદર નિર્વાહની ફીકરમાં જીંદગી ગુજારે અને ગુરૂઓ વળી—' કણબીનો કુબો કે એક મુઓ ને બીજો ઉભો ' એ કહેવત પ્રમાણે બીજા ચેલાને મોહપાશમાં ફસાવવા બગધ્યાન જેવી દૃષ્ટિ રાખી ભોળા ગાડરોને શોધતા ફરે અને પ્રથમના મુંડેલ-શિષ્યનું લક્ષ્ય પોતાની અસહાયતાને લઈ પાલીતાણા ક્ષેત્રમાં જાય કે જ્યાં ગમે તેવો અસમર્થ સાધુ પણ પોતાનું પોષણ રહેલાઈથી કરી શકે છે. શત્રુંજયની ભૂમિ જો કે આત્મશ્રેય સાધવા માટે ઉત્તમ નિમિત્ત છે, પણ સ્વરૂપ લક્ષ્યથી વિમુખ થયેલ દેહમુંડિત વેષધારક એવા કેટલાક મુનિઓ માટે તો જેમ ઢોરોની પાંજરાપોળ લુલા લંગડા નિરાધાર પશુઓને આધાર ભૂત થાય છે, તેમ આ તેવા મુનિઓને પાંજરા પોળની ગરજ સારે તેવુંજ હાલ તો ઘણે ભાગે દૃષ્ટિ ગોચર થાય છે.

અત્યારે નામદાર બ્રિટીશના રાજ્યમાં દરેક લાઇનની સ્ટડી (**Study**) અભ્યાસ પ્રવૃત્તિ તથા ઉમેદવારી કઠીન અને મોંઘી દેખાય છે, કેમકે પોપાંબાઇનું રાજ્ય નથી કે બધું અંધારામાં ચાલ્યા કરે, વકીલાતનો અભ્યાસ

પાંચ દશ વર્ષ સુધી કૉલેજોમાં કરી હજારો રૂ. ખરચી મગજ મારી કરી બી. એ. એલ. એલ. બી. થયા પછી ટ્રાય કરવાને માટે પાંચ દશ માસ કે વર્ષ બે વર્ષ ગાળે ત્યારે તે લાઈન ઉપર આવી શકે છે. દાકતરી ધંધા માટે પણ પાંચ દશ વર્ષ સુધી તેવી મહેનત કરી રહ્યા પછી વર્ષે બે વર્ષે તે લાઈન ઉપર આવી શકે છે.તેવી જ રીતે બી. એમ. કમશીઅલ વિગેરે દરેક ધંધામાં પાંચ દશ વર્ષ સુધી અભ્યાસ કર્યા પછી પણ વર્ષ બે વર્ષ ટ્રાય કરતાં મહા મુશીબતે પસાર થાય છે, અર્થાત લાઇન ઉપર ચડી શકે છે. ત્યારે નામદાર બ્રિટીશના રાજ્યમાં કહો યા તો કેટલાક મોહલુબ્ધ કહેવાતા ધર્મ ગુરૂઓની પોપ સત્તામાં જે કોઇ પણ વસ્તુ વગર અભ્યાસે કે વિના ઉમેદવારીએ સોંધામાં સોંઘી હોય તો માથું મુંડાવી વાસના વૃત્તિનું સ્વરૂપ સમજ્યા વિના અંતર સ્વરૂપની પ્રાપ્તિ વિના માત્ર વેષ પહેરી બહારની ધમાલમાંજ સાધુપણું માનનારાઓને સાધુપણું લેવું તે સૌ કરતાં સોંઘુ હોય તેમ જણાય છે. મહાવીર જેવા સમર્થ મહાત્માએ બબ્બે વર્ષ સુધી મુનિના પૂર્ણ આચાર પાળી વૃત્તિઓને કસોટીએ ચડાવી–તેમ કરવું આજ કેમ બની શકે ? કેમકે તે સમયમાં એક બીજાના ગાડરોને લુંટનાર રબારીઓનું રાજ્ય ન હતું. પણ સિંહ સમાન સમર્થ આત્મબલિષ્ઠ મહાવીરનું રાજ્ય હતું. જેથી હરણ થવાની કે હરણ કરવાની ભીતી ન હતી અને આજ એ પ્રકારની ભીતિને લઈ શિષ્યને લઇ જલદીથી મુંડવામાં આવે છે. તે પ્રભુના શાસનને લજ્જવા જેવું થાય છે. ઘણા મુંડાશે તેથી મહાવીરના શાસનની ઉન્નતિ નથી. કેમકે—

वरमको गुणिपुत्रो, न च मुर्ख शतान्यपि।
एकश्चद्रस्तमो हन्ति न च तारागणोऽपि च ॥

અસંખ્ય તારાઓ જે ગાઢ તિમિર (અંધકાર) નો નાશ કરવા શક્તિમાન થતા નથી, તેજ અંધકારનો નાશ એક ચંદ્રમા ત્વરાથી કરી શકે છે. તેમ સો મૂર્ખપુત્રો વા શિષ્યો કરતાં એક ગુણી પુત્રથીજ કુલની ઉન્નતિ અને શોભાની વૃદ્ધિ થાય છે. વળી મહાત્માશ્રી યશોવિજયજી મહારાજે સાડા ત્રણસો ગાથાના સ્તવનમાં પ્રથમ ઢાલની ચૌદમી ગાથામાં જણાવ્યું છે કે–

" જેમ જેમ બહુ શ્રુત બહુ જન સંમત, બહુ શિષ્યે પરવરીઓ;
તેમ તેમ જિનશાસનનો વૈરી, જો નહિ નિશ્ચય દરિઓ "

પરમ બ્રહ્મપદ, સ્વપર પ્રકાશક, રાગ, દ્વેષ, વિષય, કષાય, મોહ, મમતા,

કદાગ્રહ, ઈર્ષ્યા, કલેશ આદિ આત્મઘાતી દુર્ગુણોનો નાશ કરનાર, એવા પરમ સ્વરૂપ (આત્મજ્ઞાન) ની પ્રાપ્તિ થયા વિના ઘણા શિષ્યો વધારી, ઘણા જનો પાસે માન પૂજા કરાવી, બીજાની હલકાઇ કરી પોતાની મહત્તા બતાવનાર, ઘણા શાસ્ત્રો ભણનાર ખંડન મંડન કરી જિનશાસનના વૈરી બને છે. અહા ! શ્રાવક શ્રાવિકાના વાડાઓ વધારી તેમાંજ લુબ્ધ રહેનાર શિષ્યો માટે કલેશ કરાવી કોર્ટે ચડી શ્રાવકોના હજારો રૂ. ખરચાવનાર ચેલા ચેલીઓની મોહજાળમાં બદ્ધ થયેલ ધર્મગુરૂઓ આ પવિત્ર ગાથાનું વિચારપૂર્વક મનન કરે તો સુગમતાથી સમજાય તેવું છે કે–શાસનની ઉન્નતિ કરીએ છીએ, એવો ફાંકો રાખવો એતો એક જાતની મૂર્ખાઇજ થાય છે. ઘણાખરા ધર્મગુરૂઓ પોતે ચોમાસામાં મહોત્સવો કે ઉજમણા કરાવી, વરઘોડા ચડાવી, જમણવારોમાં લાખો રૂા. ખરચાવી પોતે છાપાઓમાં બીંગલ ફુંકાવે છે કે–'અમો શાસનની ઉન્નતિ કરીએ છીએ' દુષ્કાળમાં અધિક માસની માફક ભુખથી રીબાતી આર્યદેશની પ્રજા, અરે ! ખુદ જૈનપ્રજાની ભુખને દૂર કરવામાં દયાધર્મની મહત્તા તથા શાસનની ઉન્નતિ છે કે લાખો રૂા. જમણવારોમાં કે વરઘોડાઓમાં ઘડીવારમાં ખરચી વાહ વાહ કહેવરાવવામાં ? ભુખમાં ભુખ વધારવાથી ઉન્નતિ થાય છે–એ આધુનિક વિચાર બળના વાતાવરણમાં ઘડાતો જમાનો સમજવા પામ્યો છે, એટલે હવે તે સંબંધમાં વિશેષ કલમ ચલાવવાની આવશ્યકતા જણાતી નથી. ચંદ્રગુપ્ત રાજાનો સમય જોતાં અથવા તે પહેલાં કે તે પછીનો સમય જોતાં આર્યદેશમાં જે ધનસંપત્તિ હતી, તે સમયમાં આવા જમણવારો તથા વરઘોડાઓ કરી આનંદમાં વૃદ્ધિ કરતા હતા તે યોગ્ય હતું, પણ અત્યારે આર્ય દેશની તેત્રીશ કરોડ મનુષ્યોની વસ્તીમાં વીશ કરોડ મનુષ્યો ધન ધાન્ય વસ્ત્રાદિ વિના ભુખે રીબાય છે, નિરાધાર કે નિરાશ્રયપણે પોતાની જીંદગી ગુજરે છે. ખુદ જૈન કોમની દશ લાખની વસ્તીમાં પણ લગભગ પાંચ લાખ વા બે લાખ તો એવાજ હશે કે–જે બિચારા સવારે ભુખ્યા ઉઠતા હશે તેમ સાંજે ભુખ્યા સુતા હશે, એ લાડવા અને માન મહત્તા ઉપર તાગડધિન્ના કરનાર આડંબરીઓના ખ્યાલમાં ક્યાંથી આવે ?

જ્યાં ચોમાસું બેસે કે ઉતરે ત્યાં સુધીમાં દરેક જૈન પત્રોમાં–બે ચાર ઠેકાણે વરઘોડા કે જમણવારો કરાવી તેમાંજ શાસનની શોભા માની ઉન્નતિ કરી–એમ બીંગલ ફુંકાતું જોવામાં આવે છે. તે માત્ર જૈન પેપરોમાંજ ઉન્નતિનો પ્રકાશ બહાર આવે છે અને બીજા પેપરો કે જે અત્યારે દેશ વિદેશમાં મહા પ્રસિદ્ધિને પામ્યા છે–જેવાં કે **ગુજરાતી, હિંદુસ્થાન, મુંબઇ સમા-**

ચાર વિગેરેમાં કાં તમારી કરેલ ઉન્નતિનો પ્રકાશ જોવામાં આવતો નથી ? તેથી સાડા ત્રણ જૈન છાપા શિવાયના બધા છાપાવાળાઓની દૃષ્ટિ ધ્રુવડના જેવી થઇ ગઈ છે કે શું ? કે જે તમારો પ્રકાશજ બીજે કયાંય જોવામાં આવતો નથી. માત્ર તમારા જૈન, તે પણ સૌ સૌના પક્ષના અને વાડાના છાપાઓમાં ઉન્નતિનો પ્રકાશ (શબ્દરૂપે હો, કાર્યરૂપે નહિ) દેખાય છે. જૈન ધર્મનું અભિમાન રાખતા પૂજ્ય ધર્મગુરૂઓ ! અને જૈન બંધુઓ ! ચેતો, ચેતો, હવે વરઘોડાઓ કે જમણવારોમાં હજારો રૂા. ખરચી તથા જ્યાં પૂરી ભક્તિ કે સાચવણી પણ ન થઇ શકે તેવા બે ચાર પાંચ ઘરોમાં પણ દેખાદેખીથી દેરાસરો કરાવી, લાખો રૂા. નો નિરર્થક વ્યય કરી ભુખે મરતી જૈન પ્રજા તથા ભારત પ્રજાની ભુખમાં કાં વધારો કરો છો ? જૈન પ્રજા વા આર્ય દેશની પ્રજામાં જ્યારે સ્થળે સ્થળે અરે ! ગૃહે ગૃહે લક્ષ્મીની રેલંછેલ થતી હોય, ત્યારે એક નહિ પણ દિવસમાં પચીશ જમણવાર અને પચાસ વરઘોડા ચડાવી આનંદ પામજો, પણ હમણા તો દયા લાવી ભુખે મરતી આર્ય દેશની પ્રજાની ભુખમાં વધારો કરવાની પ્રવૃત્તિ બંધ કરો ! બંધ કરો ! ! નામદાર બ્રિટીશના રાજ્યમાં હવે તમારી પોપસત્તા નહિ ચાલે, માટે ચલાવતાં વિચાર કરો અને તમારી મેળેજ સંકેલી લ્યો. નહિ તો પાંચ પચીશ કે હદ તો પચાસ વર્ષમાં હાજી હા કરનાર જુના ઘેટાઓનો લય થતાં અને વિચારબળનો સર્વ સ્થળે ફેલાવો થતાં જમાનો તમને ખત્તા ખવરાવી, જેમ પોપગુરૂઓને દુનિયામાં પધરાવી દીધા, તેમ તમારી દશા ન થાય. માટે પ્રથમથીજ ચેતતા ચાલો કે ભવિષ્યમાં પસ્તાવાનો સમય ન આવે. અત્યારે વળી કેટલાક ધર્મગુરૂઓની ખૂબી ઓર તરેહની દેખાતી જણાય છે. તેઓ જુના સંસ્કારના માણસો ઉપર તો પોતાનું સામ્રાજ્ય ટકાવી રહ્યા છે, પણ આધુનિક કેળવાયેલા અને જમાનાથી ઘડાયેલા યુવકો ઉપર પોતાની મહત્તા જમાવવા તેમણે ઠીક રસ્તો શોધી કહાડ્યો છે. તેઓ પોતાના રાગીઓ પાસે પાંચ પચીશ હજાર રૂા. કોઇ એક લાયબ્રેરી કે બોર્ડીંગ આદિ સામાન્ય સંસ્થા ખોલવા માટે ખરચાવી જમાનાના હીમાયતીપણાનો ફાંકો રાખતા ફરે છે અને તેના કરતાં દશ ગણા રૂા. તેના તેજ જમાનાના જોગી કહેવાતા મુનિ મહારાજ પાછા મોટાઈ મેળવવા તથા પોતાની મહત્તા દર્શાવવા બે ચાર મહોત્સવો, પાંચ દશ વરઘોડા અને પાંચ દશ જમણવારો કરાવી જૈન પ્રજાની ભુખમાં વધારો કરતાં વિચારને ગિરવી મૂકી આવતા હશે કે શું, ? તે સમજાતું નથી. કોઇ પણ આત્મા ઉપર હું ટીકા કરવા માગતો નથી, પણ દૃષ્ટાંત પ્રસંગે દિલગીરી સાથે જણાવવું પડે છે કે—એક મુનિરાજને આચાર્ય પદવી આપવામાં આવી, ત્યારે તેના બોડીગાર્ડ (અંગરક્ષક)

છાપામાં છપાવ્યું કે—' મહારાજશ્રીજીના લગ્ન (મહોત્સવ) ની ધામધુમ ઉપર સેંકડો ગાઉથી સેંકડો ગામના હજારો માણસો ભેગા થયા હતા અને હમેશાં ગુરૂ મહારાજશ્રીજીની દીવ્ય ધ્વનિ (મધુરી વાણી) નો લાભ લઇ શકતા હતા. ' મહારાજ શ્રી કેળવણીના ચુસ્ત હીમાયતી હતા. તેમણે હજારો માણસોની સભામાં કેળવણી વિષે એવું તો અસરકારક ભાષણ આપ્યું કે— શ્રોતાઓના હૃદયમાં તે ઓતપ્રોત થઈ ગયું, અને તેજ વખતે બસો રૂા. જેવડી મોટી રકમ કેળવણી માટે થઇ. કેળવણી બાઈ! તારાં તો ભાગ્ય ઉઘડીજ ગયાં. આવા કેળવણીના ચુસ્ત હીમાયતી ધર્મગુરૂઓ જે દેશમાં પડ્યા છે, અને બસો બસો રૂા. જેવડી મોટી મોટી રકમો ભેગી કરે છે, છતાં પ્રોફેસર પ્રાંજપે જેવા સમર્થ વિદ્વાનો ' કેળવણીની ખામી છે ખામી છે ' એમ તે રોદણાં શા માટે રોતા હશે ? તે લેશ માત્ર પણ મને તો સમજાતું નથી. કેળવણીના આવા ચુસ્ત હીમાયતી કે જે બસો બસો રૂા. જેવડી મોટી રકમોનું ફંડ કરનાર આચાર્ય-શ્રીને કોઈ મોટી કોલેજમાં પ્રિન્સીપાલની કે હેડમાસ્તરની જગા સરકારે આપી હોત, તો કેળવણી બાઇનાં ભાગ્ય પૂર્ણ ઉઘડી જાત, અને પ્રો. પ્રાંજપે જેવાને કેળવણીની ખામી છે, એમ રોદણાં રોવાનું પણ ટળી જાત, માટે યુનીવર્સિટીના કાર્યવાહકોને કદાચ આવા ચુસ્ત હીમાયતી આચાર્ય ખ્યાલ બ્હાર રહી ગયા હોય તો તેમનું ધ્યાન ખેંચવા માટે આ પ્રયાસ સફળ થયો ગણાશે. આચાર્ય-શ્રીના બોડીગાર્ડ આ પ્રમાણે કેળવણીના હીમાયતી મહારાજની હીંમત પ્રદર્શિત કરે છે, ત્યારે બીજી તરફથી એક શખ્સ, આચાર્યશ્રીની પદવીમાં થયેલ ધામ-ધુમનું સરવૈયું છાપી જણાવે છે કે—' મહોત્સવ જમણ આદિમાં લગભગ માત્ર એકજ લાખ અને ઉપર બે ચાર હજાર જ ખરચ થયો છે. ' આ ઉપ-રથી વિચારશીળ આત્માઓ સમજી શકશે કે—આધુનિક સમયમાં આવી ધામ-ધુમની પ્રવૃત્તિમાં લાખોનું પાણી કરતા ધર્મગુરૂઓ કેળવણીના હીમાયતી છે કે લાડવણી (લાડુ કે વાહ વાહ કહેવરાવવા) ના હીમાયતી છે, તે સમજવાનું કામ વિચારશીલ આત્માઓને સોંપું છું.

મતાગ્રહથી ગુંથાયેલા કેટલાક ધર્મગુરૂઓ જમાનાના વાતાવરણના સંગથી દેખાદેખીએ વ્યાખ્યાનાદિ જાહેર પ્રસંગોમાં ઐક્યતાના વિચારો જણાવી બહારથી પોતાનું અભેદપણું પ્રદર્શિત કરે છે, પણ જ્યાંસુધી હૃદયમાં સંપ્રદાય માટે મતની મમત્વ ભાવના, સંકોચવૃત્તિ આદિ ક્ષુદ્ર વાસનાઓ રહેલ છે. ત્યાંસુધી હૃદય ભાવિ શુદ્ધાચરણ વિના અર્થાત્ આંતરિક અભિન્નતા વિના માત્ર શબ્દભાવમાંજ અભેદભાવ જણાવવાથી જનસમાજનું શ્રેય

થઇ શકતું નથી, અર્થાત્ બ્હાર ન્યારે ઐકયતા જણાવે છે, છતાં અંતરથી સંઘાડા સંઘાડાની ભિન્નતા, બીજા ગચ્છ સાથે ભિન્નતા, વંદન વ્યવહાર તથા ઉતરવાની કે આહાર પાણીની ભિન્નતા, એક બીજાની સાથે હળી મળીને ચાલવાની ભિન્નતા, પોતાનું મંડન અને બીજાનું ખંડન કરવાની પ્રવૃતિ, એક બીજાના સંઘાડા, ગચ્છ કે સંપ્રદાય સાથે અરૂચિ કે અમેળાપપણું રહેલું છે, ત્યાંસુધી શબ્દો બોલી થુંક ઉડાડવાથી અલ્પાંશે પણ સમાજનું શ્રેય સાધી શકાતું નથી. પારસી કોમ દરેક કોમ કરતાં નાની છે; છતાં તે કોમમાં જેટલી કેળવણી, વિદ્યા, ધન, સંપત્તિ હુન્નરકળા કે જ્ઞાતિપ્રેમ અને ડીગ્રીઓ આદિ સાધનોથી જે કોમની ચડતી જોવામાં આવે છે. તેના સોમા હિસ્સાની ચડતી તે કોમ કરતાં દશ ગણી મોટી જૈન કોમમાં પણ જોવામાં આવતી નથી. એ શું સૂચવે છે, શાસનની ઉન્નતિ કે અવનતિ ? તે દીર્ઘ દૃષ્ટિથી વિચારતાં સુગમતાથી સમજાય તેવું છે. જમણવાર કરનાર જૈનભાઇઓ સમજે છે કે 'અમો સ્વામિવાત્સલ્ય એટલે સ્વામિ પ્રીતિ વા ભક્તિ કરીએ છીએ.' સ્વામિ-ભક્તિ માત્ર લાડવા ખવરાવી વાહ વાહ કહેવરાવવાથીજ થતી હોય તો પછી બીજા સત્સાધનોની જરૂરીઆત રહેશે નહિ. જેને સ્વામિભાઇ કે સ્વધર્મબંધુ માને છે, તેની સાથે સ્થાનકવાસી કે દેરાવાસીપણાની ગચ્છ કલ્પના, ને તપગચ્છ, ખરતર ગચ્છ વિગેરે ગચ્છોની ભિન્નતાને લઇ, સંઘાડા સંપ્રદાયની ભિન્નતાને લઇ સાધુ સાધુઓ સાથે, સાધ્વી સાધ્વીઓ સાથે અને શ્રાવક શ્રાવિકા સાથે કલેશ, ઇર્ષ્યા, કુસંપ આદિ ઝઘડાઓથી કોઇકજ ગામ કે શહેર બચવા પામ્યું હશે. ધન, કુટુંબ આદિ સ્વાર્થભાવનાઓના પોષણ માટે સ્વામીભાઇનો દ્રોહ કરતાં, તેને પાયમાલ કરતાં, તેની સાથે ઇર્ષ્યા કલેશ રાખી વૈર બાંધતાં સ્વામિ-ભક્તિને કયાંય સુવાડી દે છે અને પોતાની માન પ્રતિષ્ઠા મેળવવા, વાહ વાહ કહેવરાવવા માત્ર લાડવા ખવરાવતાં સ્વામિભક્તિ માનનારા ઇર્ષ્યાળુ આત્માઓ શાસનની ઉન્નતિ કરવાનો ખાલી ડોળ રાખી શાસનને અવનતિના ઉંડા ખાડામાં ધકેલી પાડે છે. એ માનથી અંધ બનેલા સ્વામીભાઇ નહિ; પણ સ્વામીઘાતી જીવાત્માઓને કયાંથી સુજે ? સ્વામિભક્તિ તમારાથી લાખો નહિ પણ કરોડો ગાઉ દૂર છે.

પ્રભુ મહાવીર દેવે ગૃહસ્થાશ્રમમાં માતૃ સ્નેહ ભ્રાતૃ સ્નેહ, રાખી જે નીતિના પ્રેમસૂત્રને સાચવ્યું છે, એજ પ્રભુના જીવનની અલૌકિક–અપૂર્વ મહત્તા પ્રદર્શિત થાય છે. માબાપને રખડાવી મૂકી કુટંબ સાથે કલેશપણે વર્તનાર પ્રથમ ગૃહસ્થાશ્રમમાં પણ જેનું જીવન પ્રેમથી નીતિસંપન્ન બન્યું નથી, સ્વાર્થ

અને કલેશમય જીવન ગાળનાર, કુટુંબને ઉત્તાપ પમાડનાર, માતપિતા, સ્ત્રી આદિ કુટુંબીઓને રોવરાવનાર, ત્રાસ આપનાર, કોઇ એક દુઃખના નિમિત્તથી કે સાધુ સાધ્વીના લાંબા વખતના પરિચયને લઇ રાગજનિત મોહ થવાથી સંસારમાં રહી નિડરપણે–નિર્મોહી પણે અને નીરાગપણે નિઃસ્પૃહી જીવનનો પાઠ નહિ શીખનાર, સંસારથી નાશીપાસ થઇ વૃત્તિ અને વાસનાઓ તથા રાગ, દ્વેષ કષાય વિષયાદિ દુર્વૃત્તિઓનો જય કર્યા વિના વા તેવી દુર્વૃત્તિઓનો જય કરવા માટે નિષ્કામ એવી પરમ ભક્તિ પરમ વૈરાગ્ય, અંતરત્યાગ અને આત્મ સ્વરૂપથી આત્મા તથા મનને બલિષ્ઠ બનાવ્યા વિના બિચારા દેહમુંડિત બાહ્ય વેષધારક, મસ્તક મુંડનમાંજ સાધુપણું માનનારા શાસનનું શું ઉકાળવાના હતા ? તેમના હૃદયમાં શાસનદાઝ કે સમાજ સેવાના અંકુરો ઉદ્‌ભવેજ ક્યાંથી ? માતપિતા તથા કુટુંબાદિકને રઝળાવી ત્રાસ આપી કકળાવી તેમના આત્માને સદ્‌બોધથી સાંત્વન આપ્યા વિના મુંડાવનાર શિષ્યો ગુરૂનું કેવું ઠારે છે, એ ઘણીવાર આપણુ જોવામાં આવી શકે છે. ચેલા ચેલીઓની વાસનાઓ તથા મત સંપ્રદાયના કદાગ્રહથી હૃદય સંકોચિત અને નિષ્ઠુર બની ગયું હોય ત્યાં " Love is god " (પ્રેમ તેજ પરમાત્મા) એ પવિત્ર સૂત્રનું સંચરણ હોયજ શેનું ? જે આત્મા ગૃહસ્થાશ્રમમાં રહી સત્ય નીતિયુક્ત નિઃસ્વાર્થી અને નિષ્કામપણે સર્વ આત્માઓ સાથે અભેદભાવે વર્તી પ્રેમમય જીવન ગાળી, પૂર્વ પ્રારબ્ધોદય ભોગકર્મ તથા સંસારકર્મની ક્ષીણુતા થયે સંસારવિરક્ત ત્યાગી બને છે, તેજ આત્મા પરમાત્મપદ મેળવી બલભદ્ર મુનિ, અનાથી મુનિ, સ્વામી વિવેકાનંદ કે સ્વામી રામતીર્થની માફક પોતાનું, પરનું, સમાજ કે દેશનું હિત સાધવા પૂર્ણ શક્તિમાન્ બને છે. કેમકે જે જે સમાજના ધર્મગુરૂ ધર્મગુરૂની ડ્યુટિ ધારણ કરે છે. તે ધર્મગુરૂ પોતાની સમાજ વા દેશના અનેક આત્માઓ કરતાં જ્ઞાનશક્તિ, મનોબળ શક્તિ, શાંતિ, આનંદ, બુદ્ધિ, આદિથી વિશેષ હોય તોજ પોતાના સદ્‌ગુણ અને સદાચરણાશ્રિત પવિત્ર બોધની અસર બીજા ઉપર પાડી સમાજ વા દેશનું હિત કરવા શક્તિમાન બને છે, પણ ગામડાનો કે શહેરનો હોય, જે મંદબુદ્ધિ દેહપોષણ તથા કુટુંબનું પોષણ કરવામાં પણ અશક્ત હોય, અરે ! જેને બોલવામાં ભાષા શુદ્ધિનું પણ ભાન ન હોય એવા ભોળા કે મંદબુદ્ધિ આત્માને પોતાના રાગપાશમાં મોહિત કરી, ત્રણ કક્કાનું જેને પુરૂં જ્ઞાન નથી એવાને ધર્મ ગુરૂની મહાન્ ડીગ્રી આપી અર્થાત્ તેને ધર્મ ગુરૂ બનાવી તેના ત્રણ શબ્દાક્ષરના બોધથી સમાજ કલ્યાણ કરવા ઇચ્છે, એતો બજવલ્યમાન બળતા અગ્નિમાં સુઇને શાંતિ ઇચ્છવા જેવું જણાય છે. જૈન સમાજનું શ્રેય કરવામાં આવા

ગાડરોની જરૂર નથી, પણ કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ **શ્રી હેમચંદ્રાચાર્યજી, હરિભદ્રસૂરિજી,** ઉપાધ્યાય મહારાજ **શ્રીયશોવિજયજી,** સ્વામી **વિવેકાનંદ** તથા મહાત્મા સ્વામી **રામતીર્થ** જેવા બુદ્ધિમંત, બલવંત, પ્રેમ જીવનથી રંગિત, આખા જગતને પરમાત્મ દૃષ્ટિએ જોનાર, સંસારમાં પણ સત્ય, નીતિ યુકત શુદ્ધ જીવન ગાળનાર મહાત્માઓની જરૂર છે, દારિદ્ર દૂર કરવાની ઇચ્છા કરનારે પીંપળાના વૃક્ષને સેવી તેની પાસે યાચના કરી અમૂલ્ય સમય નિરર્થક ગુમાવવા કરતાં કલ્પવૃક્ષની સેવા કરવામાં જ સમય વ્યતીત કરવો જોઇએ કે જેથી દારિદ્ર દૂર થાય.

દીક્ષા લીધા પછી ન્યાય વ્યાકરણના માત્ર શબ્દો ગોખી ' ધર્મોપદેશો જનરંજનાય ' એમ કરવાથી સમાજનું શ્રેય થતું નથી, પણ જીવનને સદાચરણી બનાવી પરમ ભક્તિ, વૈરાગ્ય અને પ્રેમથી ત્રિધાયોગે પરમપદની ઉપાસના કરી પરમ તત્ત્વ મેળવ્યા પછી જે હૃદયમાંથી નિષ્કામી શુદ્ધ પ્રેમમય દીવ્ય વાણીનો ઝરો વહે છે, તેથીજ સમાજ શાંતિ આનંદ અને શ્રેયના માર્ગે ચડી શકે છે.

હાલમાં વિદ્યા અને ડીગ્રીઓની ઉપાધિઓમાં મસ્ત થયેલા કેટલાક ગ્રેજ્યુએટ યુવકો ગુમપણે વા પ્રસિદ્ધપણે એવી ફરીયાદ કરે છે કે–' જૈનસમાજ દિવસે દિવસે દરેક પ્રકારે ક્ષીણતાને પામે છે, માટે આપ ધર્મગુરૂઓ સમાજની દાઝ લાવી તેની ઉન્નતિ થાય તેવા રસ્તાઓ બતાવો. ' પણ તેમની એ ફરીયાદ સાંભળે છે કોણ ? (જો કે દરેકને માટે મારૂં કહેવું નથી) પણ ઘણે ભાગે તો ખચીત પીપળાની સેવાથી દારિદ્ર દૂર કરવા જેવું બને છે. જો ગ્રેજ્યુએટો સ્વામી રામતીર્થ કે સ્વામી વિવેકાનંદના દાખલાને પોતાના હૃદયમાં ઉતારે, પોતે બી. એ. કે એમ. એ. સુધી ભણી પોતાનું જીવન સત્ય નીતિ અને પ્રેમયુકત પવિત્રપણે ગાળી ધર્મગુરૂ બને, તો જૈન સમાજનું શ્રેય અને ઉન્નતિ થતાં હું નથી ધારતો કે બે ચાર વર્ષ કરતાં વધારે વખત લાગે ! પણ ભાઇ સાહેબો પોતે તો સુધારાના ફાંકડા ફક્કડ બની " ખાના પીના ખેરશલ્લા ઓર ધીંગાણા બહોત કરના " બુટ સ્ટોકીંગ તથા કોટ પાટલુનમાં ઇસ્કીટાટ થઈ ફરતા હોય, વિષયવાસનામાં તથા દેહ સેવાનાં સાધનો મેળવવામાં જ જીવન વ્યતીત કરતા હોય અને ' સુંઠનો કાંકરો મળતાં ગાંધી બને ' એ કહેવતની માફક બે શબ્દો જાણનાર પાસે શાસન ઉન્નતિ કરાવવા ધારે–એ મધ્યરાત્રે સૂર્યનું તેજ મેળવવા જેવી અસંભવિત આશા છે. આ વિચારોથી કદાચ કોઇને ખળભળાટ થાય કે–ત્યારે શું આ બધાએ ખોટા છે ? અમો કાંઇ પણ કરી શકતા નથી ?

તો તેમને સમજવાનું કે–આ વાત કોઈ પણ આત્માને ઉદ્દેશીને લખવામાં આવી નથી; છતાં ખળભળાટ કરવો–એ ચોરની છાતી કાચી એટલે છાતીએ હાથ દેવા જેવું કર્યું કહેવાશે. કેમકે બધા ખોટા છે એવો ઇર્ષ્યાભાવે કોઇ અવળો અર્થ ન કરે તેને માટે 'મારૂં બધાને માટે કહેવું નથી.' એ શબ્દો બે ચાર સ્થળે ફેરવી ફેરવીને લખ્યા છે. વળી 'કેટલાક આમ કરે છે' એ શબ્દથી બધાનો ઉદ્દેશભાવ ઉડી જાય છે; છતાં ખળભળાટ કરનાર ખાલી ફાંકો રાખે તો તેને સમજવું કે–આપ બધા સારા છો, શાસનની ઘણીજ સેવા બજાવો છો, ઘણીજ ઉન્નતિ કરી નાખી છે, એમ કદાચ ખાલી ફાંકો રાખી ઉન્નતિપણાનો ડોળ કરતા હો તો તેને માટે ભૂલ થાય છે. જૈન સમાજમાં દિગંબર, શ્વેતાંબર, સ્થાનકવાસી તથા દેરાવાસી–એ ત્રણ ફીરકાના મળી લગભગ દોઢ બે હજાર સાધુ (ધર્મગુરૂઓ) છે તથા બે ત્રણ હજાર સાધ્વીઓ છે. દશ લાખની કોમમાં પાંચ પાંચ હજાર ધર્મોપદેશકોની મોટી સંખ્યા છે, છતાં જૈન સમાજ દરેક રીતે ક્ષીણપણાને કાં પામે છે ? પ્રથમ તો જગજાહેર બીનાનો વિચાર કરીએ કે–આખી સૃષ્ટિમાં વસ્તીની ગણત્રી દશ દશ વર્ષે કરવામાં આવે છે, ત્યારે સરવાળે ઘણીખરી કોમોમાં વસ્તીનો વધારો ગણાય છે અને જૈન કોમમાંજ દરેક રીતે ઘટાડો થાય છે. સંવત્ ૧૯૪૬ ની સાલના વસ્તીપત્રકમાં જૈન કોમની વીશ લાખની વસ્તી હતી, છપ્પનની સાલમાં પંદર લાખની હતી અને છાસઠની સાલમાં સાડા બાર લાખ તેમજ ગત જૈન કોન્ફરન્સ તરફથી જૈન કોમની ગણત્રી થતાં સાડા દશ લાખની થઇ છે, હજી સરકારી ગણત્રીને તો ચાર વર્ષની વાર છે, તેમાં તો દશ લાખની ગણત્રી આવે તોએ ધન્યભાગ્ય છે. આ શું થોડી ખેદની વા અવનતિની વાત છે ? પારસીની નાની સરખી કોમમાં જે ઉન્નતિ જણાય છે, તેના કરતાં દશ ગણી મોટી કોમની વસ્તીમાં તેનાથી સોમા હિસ્સાની પણ ઉન્નતિ થતી જણાતી નથી; છતાં 'અમો ઉન્નતિ કરીએ છીએ' એમ ખાલી ફાંકો રાખી શું પોપાંબાઇનું રાજ્ય ચાલે છે કે તમે લોકોને ખાલી ખોટા ભૂલાવામાં ઉતારી દેવા ધારો છો ? નામદાર ક્રિશ્ચીયનના રાજ્યમાં વિચાર બળનો જમાનો જ્યાં વધતો જાય છે, ત્યાં એ તમારો ખાલી મોહ હવે ટકી શકે તેમ નથી એ ચોક્કસ માનજો. પારસી કોમમાં કેળવણી તથા જ્ઞાતિસમાજના સુખને માટે જે જે સાધનો અને સંસ્થાઓ છે, તે પ્રમાણમાં જૈન કોમમાં કેટલી હાઇસ્કૂલો છે ? કેટલી હોસ્પીટલો છે ? નિરાધારોને માટે કેટલી હુનર શાળાઓ છે ? આધાર અને આશ્રય રહિત ભૂખે મરતા એવા જૈન બંધુઓને માટે અન્ન વસ્ત્રાદિ

કે કેળવણીની સહાયતા આપી તેવા દુઃખિત આત્માને દુઃખ મુક્ત કરવા માટે કેટલી સંસ્થાઓ છે? જૈન કોમમાં કેટલા ગ્રેજ્યુએટો, ડોકટરો તથા બીજી લાઇનપર ચઢેલા કેળવાયલા છે? એનો વિચાર કરતાં સ્પષ્ટપણે જણાય છે કે નાની કોમ કરતાં પણ જૈન કોમ હજી દરેક પ્રકારે પશ્ચાત્ છે. દશ લાખની વસ્તીમાં પાંચ દશ બોર્ડીંગો, બે ચાર હાઇસ્કૂલો કે પાંચ દશ હોસ્પીટલોથી જૈન કોમનો શું ઉદ્ધાર થવાનો હતો? જે જે બોર્ડીંગો છે, તે પણ જુદા જુદા સંપ્રદાયોની મમત્વ ભાવનાએ સંકોચિત વૃત્તિથી સંસ્થાઓ બોલાય છે, તેમાં પણ પાંચ પચીશ છોકરાઓને દાખલ કરવા જેટલી રકમ માંડ તાણી તોષીને પૂરી કરી હશે. જુદા જુદા સંપ્રદાયોની મમત્વ ભાવનાએ કરી સંકોચિત વૃત્તિથી જે સંસ્થાઓ બોલવામાં આવે, તેનું પરિણામ બનતા સુધી તો 'આરંભે શૂરા અને પરિણામે શૂન્ય' એવું જ થાય છે. કદાચ તેમ ન બને તો પણ વિશેષ પરિણામ જોવામાં આવતું નથી. જ્યાં વ્યાવહારિક જ્ઞાન અને સામાજિક કેળવણીજ અપાય છે, એવા ઇંગ્લીશ અભ્યાસની સગવડતા કરી આપવા માટે પણ દેરાવાસી, સ્થાનકવાસી વા દિગંબર-એ મતની ભિન્નતાથી જુદા જુદા વાડાઓ બાંધી કેળવાયલા વર્ગ ઉપર મતાંતરના સંસ્કારો પાડવા વાસીઓ બળ કરતા હશે, પણ વાસીપણામાં રહી ગંધાતા મતાગ્રહીઓને ખબર નથી કે—કેળવાયલો વર્ગ તમારી વાસીપણાની ગંધથી છેટો ભાગે તેમ છે. બીજી કોમો કરતાં જૈન કોમ જો કે નાની છે, છતાં તેમાં ઉદારતા વિશેષ થતી જોવામાં આવે છે. બારે મહિને બોલ ઇન્ડીઆમાં જૈન કોમની ઉદારતાનો સરવાળો કરવામાં આવે તો દરવરસે કરોડો રૂા. ની રકમ ખરચાતી હોય તેમ જણાશે; પરંતુ તે કરોડોના વ્યયમાં સેંકડોનો સદ્વ્યય થતો હોય તો એ સુભાગ્યની વાત છે. અર્થાત્ કરોડોના વ્યયમાં સદ્વ્યય સેંકડોનો પણ માંડ થતો હશે. બાકી તો "શીયાળ તાણે સીમ ભણી અને કુતરૂં તાણે ગામ ભણી" એ કહેવતની માફક સૌ પોત પોતાની મહત્તા દર્શાવવા, વાહવાહ કહેવરાવવા, મોટાઇ મેળવવા, એક બીજાને ઉતારી પાડવા, ધર્મ નિમિત્તે ઝગડા મચાવી કોર્ટના માર્ગે ઉડાવવા—એ આદિ કલેશ, ઈર્ષ્યા, માન, મોટાઇમાં તથા ઓચ્છવ, વરઘોડા, જમણવાર આદિમાં ખરચવામાં કરોડો રૂા.નો દુર્વ્યયજ થતો ઠેકાણે ઠેકાણે જોવામાં આવે છે, જેથી કોમ દિવસે દિવસે ભીખારી બનતી જાય છે. દરેક મુનિ મહાત્માઓની એક સ્થળે કાન્ફરન્સ એકત્ર મળી વધારે તો નહિ પણ એકજ વર્ષને માટે એવો કાયદો બાંધે કે—"કોઇ પણ સાધુએ એક વર્ષને માટે ચોમાસામાં તથા શેષ કાલમાં ઓચ્છવ, વરઘોડા, જમણવાર કે પ્રભાવના

આદિમાં શ્રાવકો જે પૈસા ખરચે છે, તેવા ખરચથી તેમને અટકાવી માત્ર કોમના શ્રેયાર્થે કેળવણી, હુન્નર અને નિરાધાર જૈન બંધુઓને આધાર આપવા માટે તે પૈસાનો વ્યય કરાવવો. આ પ્રમાણે જો એક વર્ષને માટેજ પૈસાનો વ્યય કરવામાં આવે તો જૈન સમાજની ઉન્નતિ આજે વરઘોડાદિની ધામધૂમથી થતી મનાય છે, તેના કરતાં હજાર ગણી ઉન્નતિ થતી જોવામાં આવશે; પણ "વો દિન કહાંસે કે મીયાં કે પાંવમેં જુતીયાં" એ કહેવત પ્રમાણે એવા એકત્ર ભાવથી જો આત્મભોગ થતો હોય તો 'જૈન કોમ પછાત છે' એ આદિ રોદણાં રોવાનો વખતજ કયાંથી આવે? કેટલેક સ્થળે કેળવાયલા વર્ગની પ્રેરણાથી તથા જમાનાના વાતાવરણથી ધામધૂમના ખરચોમાં ખરચ કરનાર શ્રાવકનો તથા પ્રેરણા કરનાર સાધુ મુનિરાજનું લક્ષ્ય કેળવણી તરફ જતું હોય છે, જેથી ઉજમણા વિગેરેની ધામધૂમમાં હજારો ખરચતાં કેળવણી માટે પાંચ પચીશની રકમ અર્પી દે છે, પણ 'દવના દાઝયા પણગે (છાંટે) ન પાંગળે' અર્થાત્ દાવાનળથી દાઝેલા વૃક્ષો જરા છાંટા પડેથી પ્રફુલ્લિત થતાં નથી, પણ મુશળધાર મેઘથીજ નવ પલ્લવિત થાય છે, તેમ જેને માટે કરોડો રૂા. ની જરૂર છે, તે જરૂરી પાંચ પચીશથી પુરાતી નથી. કોન્ફરન્સના કાર્યવાહકો જૈનની ઉન્નતિ કરવા માટે મોટા મોટા મેલાવડા કરી ઉન્નતિની ઇચ્છા ધરાવે છે, પણ ઉન્નતિનો પ્રકાશ જરા પણ દેખાતો નથી, અને કદાચ માનો કે યત્કિંચિત્ પ્રકાશ કર્યો હશે, તો અમાવાસ્યાની ઘોર અંધારી રાત્રિના નિબિડ અંધકાર પાસે અગ્નિના એક નાનામાં નાના કણીયાનો પ્રકાશ શું તે અંધકારનો નાશ કરી શકશે? ઘણે ભાગે તો કોન્ફરન્સના અગ્રેસરો પણ પક્ષાપક્ષની બે ચતાણ કરી સમાજ પ્રેમ, શાસન દાઝ અને સદ્બુદ્ધિથી શૂન્ય થયેલા અને ધનથી મદોન્મત્ત બનેલા કેટલાક મદાંધ શેઠીઆઓના ખુશામતીઆ બની માખણ ચોપડી હાજીઆ ટોળામાં ભળવા જાય ત્યાં સમાજની ઉન્નતિ થવાનો સંભવજ કયાંથી રહે? ગત વર્ષે કોન્ફરન્સના મંડપમાં પંડિત લાલન સંબંધી કોન્ફરન્સના કેટલાક નાયકોના પક્ષાપક્ષની અધમ ભાવ જનક પ્રવૃત્તિ જોઇ સમાજના જાણવામાં આવ્યું છે કે—ઘણે ભાગે તો કોન્ફરન્સના મંડપમાં ઘડાયેલા કાયદાઓ વા ઠરાવો ચોપડાને પાનેજ પસાર થતા જોવામાં આવે છે, પણ સમાજ ઉપર પસાર થવાનો પ્રસંગ બહુજ અલ્પ થતો જોવામાં આવે છે. આ વિચારથી કોન્ફરન્સની સંસ્થા કે તેના કાર્યવાહકો કાંઇ પણ કરી શકાયા નથી કે કરી શકતા નથી—એવો આક્ષેપ કરવાનો મારો હેતુ નથી. કોન્ફરન્સ સેવા કાર્ય અને ઉન્નતિ ધર્મ બજાવી શકે છે, પણ આગળ જણાવ્યા પ્રમાણે ગાઢ અંધકારમાં અગ્નિકણ જેવી પ્રવૃત્તિ થાય છે. પાંચ દશ કોન્ફરન્સોમાં જે લાખો

રૂા. ખરચવામાં આવ્યા, તેના પ્રમાણમાં હજારોની મીલ્કત પણ મહામુશીબતે મેળવી શકી છે, જેથી 'ગજની ઘોડી ને સવા ગજનું ભાથું' એવું થઇ જાય છે. રેલ્વેનાં ભાડામાં, જમણવારનાં વિવિધ રસના ભોજનોમાં તથા મંડપોની શોભા વધારવામાં જે લાખો રૂા. ખરચાયા છે, તે પ્રમાણે શું કરોડો રૂા.ની મુડી મેળવી શકી છે કે લાખો ખરચવામાં આવે ? ત્રણ દિવસ ભેગા થઇ જે જે ઠરાવો ઘડ્યા, તેનો પ્રચાર થવા માટે કોન્ફરન્સના આગેવાનો તથા કાર્યવાહકો એ પોતે દેશોદેશ ફરી કેટલો આત્મભોગ આપ્યો છે ? હા, પાંચ દશ કે પચીશ રૂા.ના પગારદાર ઉપદેશકો દ્વારા એ કોન્ફરન્સના આગેવાનો ઠરાવો પ્રચાર કરાવવા માટે, ફંડ એકત્ર મેળવવા માટે તથા ઉન્નતિ વધારવા માટે જૈન કોમની જ્યાં જ્યાં વસ્તી છે, ત્યાં મોકલી દે છે, એ આશ્ચર્ય ખ્યાલમાં કેમ નહિ આવતું હોય ? દશ રૂા.ના પગારદારો હજારો માણસોની સભામાં ભાષણો આપી સભા ઉપર શું અસર કરી શકવાના હતા ? એ સામાન્ય બુદ્ધિમાનને પણ સમજાય તેવું છે. ઠરાવોનો પ્રચાર, ફંડને વધારવું અને ઉન્નતિ કરવી-એ દશ રૂા.ના પગારદાર નોકરનું કામ નથી, પણ સેવા બુદ્ધિએ સેવા કરનાર આત્મભોગી વા તેમ ન બને તો છેવટે સો કે બસો રૂા. ના પગારદાર બી. એ. કે એમ એ સુધી કેળવાયલા મહાવિદ્વાન ઉપદેશકોનું કામ છે. કે જેથી સભાને ઘૂજાવી, પોતાની વિદ્વત્તાથી સભાનું મન આકર્ષી લાખો રૂા. નું ફંડ મેળવી શકે અને તેથી કોન્ફરન્સની શું મહત્તા અને કર્ત્તવ્યતા છે ? તે જન સમાજ પૂરતી રીતે જાણી શકે. જે વેપારી હજારોની કમાણીમાં લાખોનો ખરચ રાખે તેની પેઢી ત્રીજી ઘડીમાં ઉડી જાય છે, તેમ કોન્ફરન્સની સંસ્થા કરશે તો આગળ ઉપર વર્ષો વર્ષે કોન્ફરન્સ ભરાય, એ અસંભવિત છે અને જ્યારે ભરવાનું બને ત્યારે બહારની શોભામાં જે હજારો ખરચાય છે, તે કમી કરી આવનાર દરેક જૈન બંધુ માથે રસોડાનો ટેક્સ પડે તો સમજાઇ જાય કે-કોન્ફરન્સમાં સેવા બજાવનાર વધારે ભેગા થાય છે કે મોજમજાહ ઉડાવવા ખાતે વધારે માણસોનું આવવું થાય છે. રેલ્વે કે રસોડાનો ખરચ આવનાર ઉપર પડે તો નાના શહેરો કે મોટા ગામડાઓમાં પણ કોન્ફરન્સ ભરાવાનો ઉત્સાહ વધે; પણ આવા મોટા ખરચોનો બોજો નાના શહેરો ઉપાડી શકતા નથી, જેથી પાંચ પચીશ મોટા શહેરોમાં સ્થાનકવાસી મુનિઓએ જેમ પોતપોતાના સંઘાડાના ક્ષેત્રો બાંધ્યા છે, તેમાંજ ઘણું કરી ચોમાસાં થાય છે, તેમ તેટલી ગણત્રીના શહેરોમાંજ કોન્ફરન્સ બાઇ ભલે ફર્યા કરે. કોન્ફરન્સના કાર્યવાહકો ખંતથી કટિબદ્ધ થઇ આત્મભોગી બની એકત્ર થઇ, પક્ષાપક્ષની મલીન પ્રવૃત્તિને છોડી પ્રેમથી કામ કરવા ધારે તો કોન્ફરન્સ જે ઉન્નતિ પચીશ વર્ષે કરશે, તેથી પચીશગણી ઉન્નતિ એક

વર્ષમાં અવશ્ય કરી શકશે; પણ પક્ષાપક્ષથી કરવા ધારે, એ તો કદાપિ બનવાનું નથી. જ્યાં આખા હિંદુસ્તાનના જૈનોની કોન્ફરન્સ છે, ત્યાં નાતના કે કોઇ ગામના, સંઘના કે કોઇ સંઘાડાના ઝગડાઓને કોન્ફરન્સવાળા હાથમાં ધરી ઉન્નતિ કરવા જાય-એ બનવું સર્વથા અસંભવિત છે. કહ્યું છે કે—

" अयंनिजः परोवेति, गणाना लघुचेतसाम्,
उद्दारचरितानांतु वसुधैवकुटुम्बकम् " ॥ १ ॥

આ મારૂં અને આ તારૂં-એવી સંકુચિત ભાવના ક્ષુદ્ર બુદ્ધિ આત્માઓના હૃદયમાંજ રહે છે, પણ ઉદાર પુરૂષોની ભાવના તો વિશાળ હોય છે, તેઓ સમસ્ત જગતને પોતાનું કુટુંબ માને છે.

ગત વર્ષે કોન્ફરન્સમાં પંડિત લાલનના સંબંધમાં તેવી સંકુચિત ભાવના કરી કોન્ફરન્સના કાર્યવાહકોએ પોતાની કીર્તિને ઝાંખ લગાડી છે. કોન્ફરન્સના કાર્યવાહકોએ નિષ્પક્ષપાત પણે નિડરતાથી આત્મભોગ આપી કોન્ફરન્સની સેવા બજાવવી એજ તેમનું સુકર્ત્તવ્ય છે અને જૈન સમાજે પ્રેમ તથા ઉત્સાહથી દરેક પ્રકારે કોન્ફરન્સને તન, મન, ધનાદિ સર્વસ્વ અર્પી સહાય કરવી એ કોમની ફરજ છે. જૈન કોમમાં આધુનિક જે વિદ્યા હુન્નર કેળવણી વિગેરે સાધનોની ખામી છે, તે ખામી દૂર કરવા સદ્‌ગૃહસ્થો અને ધર્મ ગુરૂઓએ આપ સમાં રહેલ ઇર્ષ્યા, કુસંપને છોડી, ગચ્છ મતની સંકુચિત વૃતિનો ત્યાગ કરી માન મોટાઇથી વિરકત બની, કોમની ઉન્નતિ માટે ધામધુમની પ્રવૃતિમાં જે ખરચ થાય તેનો ઉપદેશ દ્વારાએ અટકાવ કરી, કેળવણી આદિ સાધનોમાં ધનનો વ્યય કરાવવા શ્રાવકોને બોધ આપી જૈન સમાજ યા જિન શાસનની સેવા બજાવશે તો જ કોમની અને શાસનની ઉન્નતિ અવશ્ય થશે. તેવી સેવા બજાવવામાં સાધુવર્ગ તથા શ્રાવક વર્ગને અનંત કૃપાળુ પાર્શ્વનાથ પ્રભુ અનંત બળ સમર્પો-એમ યાચના કરી આ લેખ સમાપ્ત કરૂં છું. ઓં શ્રી પાર્શ્વનાથાય નમોનમઃ

" शिवमस्तु सर्व जगतः परहितनिरता भवंतु भूतगणाः
दोषाः प्रयांतुनाशं सर्वत्र सुखीभवंतु लोकाः " ॥ १ ॥

વિશુદ્ધ વ્રત યાને સત્યનો જય.

શરીર તથા શાસ્ત્રના બળ કરતાં પણ પવિત્ર જીવનનું બળ વિશેષ કામ કરી શકે છે. અગ્નિમાં દહન કરવાની પ્રબળ શકિત રહી છે, છતાં જો તેને રાખથી આચ્છાદિત કરવામાં આવે, તો તે શકિત તિરોભાવ થાય છે અર્થાત્ કાર્ય શુન્ય બને છે. પવનના સંચારથી ઉપરનું આચ્છાદન વિલય થતાં નિરાવરણ થયેલ અગ્નિ પ્રકાશ તથા દહનની કાર્યશકિત બજાવી શકે છે, તેમ માયાના આવરણોથી આવરણિત થયેલ આત્મસ્વરૂપ નિરાવરણ વા નિર્મળ થયા વિના પોતાના દીવ્ય જ્ઞાનનો પ્રકાશ થઇ શકતો નથી. ત્યાગ, ભકિત, મુમુક્ષુતા તથા વૈરાગ્યાદિ ઉત્તમ સદાચારોથી ક્ષમા, શાંતિ, સરલતા વિગેરે સદ્‌ગુણોથી તથા સંતકૃપા અને આત્મિક બળથી માયાના આવરણોનો લય કરી સચ્ચિદાનંદરૂપ પોતાના સત્ય તથા નિર્મળ સ્વરૂપનો આવિર્ભાવ થવાથી અનંત શકિતનો વિકાશ થાય છે અને લોકાલોકનો દ્રષ્ટા બને છે. કોઇ પણ સાધનથી જેમ સાધ્યની પ્રાપ્તિ થઇ શકે છે, તેમ કોઇ પણ આત્મિક ગુણ બલવાન પણે પ્રગટ થયો હોય તો જીવાત્મા અવશ્ય મહાન્ પદ (તત્વ સ્વરૂપ) ને પ્રાપ્ત કરી શકે છે. એક બળવાન દોષ અનેક ગુણોનું આવરણ કરી અધઃપતન કરે છે, ત્યારે એક પણ મહાન્ આત્મ ગુણ ઉત્કૃષ્ટ પણે ઉત્પન્ન થયો હોય તો અનેક દોષોનો નાશ કરી પોતાની સર્વ શકિતનો વિકાશ કરે છે, અને તેથી અંતરની ઉન્નતિ થાય છે. એકજ શશી વિશ્વના તાપને શાંત કરે છે, એકજ કેસરીસિંહ વિશાળ વનને કંપાવે છે, તથા એકજ દિવાકર (સૂર્ય) સૃષ્ટિના નિબિડ અંધકારનો નાશ કરે છે, તેમ એકજ આત્મગુણથી અજ્ઞાન તિમિરનો નાશ થઇ જ્ઞાનશકિતનો વિકાસ થાય છે. અગ્નિનો કણ પણ લાખો મણ કાષ્ટની ગંજીનો વિનાશ કરે છે, તેમ એક પણ સાચા આત્મિક ગુણથી અનંત આવરણોનો નાશ થઇ નિરાવરણ એવું સત્સ્વરૂપ પ્રકાશે છે.

એક નગરમાં ધનાઢય અને ધર્મિષ્ઠ એવો એક શેઠ હતો. તેને એકજ પુત્ર હતો, પણ તે નાની વયમાંજ નીચ સોબતીઓના સંગથી ખરાબ રસ્તે ચડી ગયો. મીણના પુતળા ઉપર જોરથી બીજું મારવા જતાં જેમ તેનું પ્રતિબિંબ પડી જાય છે, તેમ નિર્મળ અંતઃકરણની ઉપર સંગત પ્રમાણે અસર થાય છે. તે શ્રેષ્ઠિ પુત્ર દુષ્ટ મિત્રોના સંગથી ચોરી, જુગાર, અનાચાર વિગેરે દુર્વ્યસનોમાં આસકત થઇ ગયો. શ્રેષ્ઠીએ તેને ઉન્માર્ગથી બચવા સદ્‌બોધ આપવામાં કંઈ બાકી ન રાખી, પણ તેને લેશ માત્ર અસર ન થઇ. એવામાં એક દિવસે પિતા –શ્રેષ્ઠી મરવા પડયો, તે વખતે પોતાના પુત્રની અધમ પ્રવૃત્તિથી તેના હૃદયમાં

શલ્યવત્ દુઃખ થવા લાગ્યું. આ વખતે પિતાને વ્યાકુળ અને ચિંતાતુર જોઈને તેણે ચિંતાનું કારણ પૂછ્યું એટલે શ્રેષ્ઠીએ કહ્યું કે—' પુત્ર ! હું મરવા પડયો છું. આ જન્મની દેહ યાત્રા હવે અલ્પ સમયમાં સમાપ્ત થઇ જશે, માટે મરતાં મરતાં પણ જો તું મારૂં એક વચન માન્ય કરે અને તે પ્રમાણેજ વર્તવાની દઢ પ્રતિજ્ઞા લે, તો મારૂં હૃદય ચિંતા મુકત થઈ પરમાત્મસ્મરણથી સદ્ગતિને પામે. અંતિમ સમયની પિતાની માંદગી અને દ્રવિત હૃદય જોઇ પુત્રનું પાપી અને કઠોર મન પણ ક્ષણભર પીગળી ગયું; પરંતુ દુષ્ટાચારના પાપી ભારથી તેનું હૃદય પિતાની આર્દ્ર વાણી સાંભળતાં પણ જોઇએ તેવું ભેદાણું નહિ, તથાપિ પિતૃ સ્નેહને લઇ તેણે કહ્યું કે—' પિતાજી મારાં દુર્વ્યસનો માટે મને લજ્જા તથા ધિક્કાર આવે છે. તમારા વચનને માન્ય કરવું એ મારી ફરજ છે; પરંતુ મારાથી તે વ્યસનોમાંથી એકનો પણ ત્યાગ થઇ શકે તેમ નથી. તે શિવાય આપ કોઇ પણ પ્રતિજ્ઞા લેવરાવવા ઇચ્છતા હો તો આપના વચનને મસ્તકે ચડાવી જીવનપર્યંત હું તે પ્રતિજ્ઞા પ્રમાણે ચાલીશ ' પુત્રનાં આ વિનય યુકત વચનો શ્રવણ કરી તેણે કહ્યું કે—' તું જો દુર્વ્યસનમાં લપટાઈ ગયો છે, તે વ્યસનથી તું મુકત થઇ શકે નહિ, તો તારા કમનશીબની વાત છે; તેને માટે તારી ઇચ્છા નથી તો હું પણ બલાત્કારથી તને પ્રેરણા કરતો નથી; પણ મારી બીજી એક સૂચના એ છે કે તારે લાખો રૂા ની નુકશાની થાય, પ્રાણાંત સમય આવે, તો પણ કદાપિ અસત્ય બોલવું નહિ, સત્ય બોલવું. સત્યવ્રતની તું પ્રતિજ્ઞા લે તો મને શાંતિ થશે ' પિતાના આ અંતિમ વચનને માન્ય કરી તેણે તે વખતે પિતા સમક્ષ સત્ય બોલવાની દઢ પ્રતિજ્ઞા લીધી. જેથી શ્રેષ્ઠી શાંત થઈ મરણ પામ્યો. પિતાની ઉત્તર ક્રિયા કરી, પોતાના દુષ્ટ મિત્રોને મળવા તે શ્રેષ્ટિ-પુત્ર દુર્વ્યસન સેવવાની ઇચ્છાથી તે મિત્ર મંડળ તરફ ચાલ્યો. રસ્તામાં ચાલતાં તેને વિચાર આવ્યો કે—હું નીચ કૃત્યો કરવા જાઉં છું, પણ મને કોઇ પુછશે કે—'તું કયાં જાય છે?' ત્યારે મારે તો સાચું બોલવું જ પડશે આ વિચાર આવતાં પિતાની આપેલ દઢ પ્રતિજ્ઞા પાળવા માટે દઢ મનોબળ થવાથી પોતાના દુષ્ટ મિત્રોના સંગને છોડી દઇ તથા દુર્વ્યસનોને સર્વથા તિલાંજલિ આપી ભૂતકાળમાં કરેલ કૃત્યોનો પશ્ચાત્તાપ કરતો, પોતાના જીવનને અધોમાર્ગથી બચાવવા અને સન્માર્ગે ચડાવવાની પિતાની પવિત્ર યુક્તિને માટે તેને ધન્યવાદ આપતો સન્માર્ગે આવી તેણે પોતાના માનવ જીવનને સાર્થક કર્યું.

એક સત્યવ્રતના પ્રભાવથી પોતાના અનેક દુર્ગુણોનો નાશ કરી, વિશુદ્ધ જીવન અને નિર્મળ ધર્મનો આરાધક બની તેણે ઉચ્ચ દશા પ્રાપ્ત કરી. તારા,

ગ્રહ, નક્ષત્ર, ચંદ્ર, દીપક વિગેરેના પ્રકાશમાં જેમ સૂર્યનો પ્રકાશ સર્વોત્કૃષ્ટ છે, તેમ સર્વ વ્રતોમાં સત્ય અને બ્રહ્મચર્ય એ સર્વોત્કૃષ્ટ વ્રત છે. તેમાં સત્ય-એ બ્રહ્મચર્યથી પણ અધિકતર છે. હસ્તીના પદમાં જેમ સર્વ પદોનો સમાવેશ થાય છે, તેમ સત્ય વ્રતમાં સર્વ વ્રતોનો સમાવેશ થઇ જાય છે.

એક મહાન્ તપસ્વીએ પોતાના પરમ જ્ઞાની ગુરૂપાસે સદ્બોધ પામી, તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી સત્ય અને બ્રહ્મચર્ય—એ બે વ્રતની પ્રતિજ્ઞા લીધી, અને એક શહેરની બહાર નદીતટે આશ્રમ બાંધીને ત્યાં રહ્યા. પોતે શિવના ઉપાસક હતા, તેથી શિવનું મંદિર બંધાવી ઇષ્ટદેવની વિશુદ્ધ પ્રેમથી સેવા ભક્તિ કરતા. મન, વચન, કાયાના ત્રિધા યોગથી ઉત્કૃષ્ટ પરિણામે સત્ય તથા બ્રહ્મચર્યનું પાલન કરતા; અને પરમાત્મભજનમાં લીન થઇ પરમાનંદમાં જીવન વ્યતીત કરતા હતા. વિશુદ્ધ માનસિક બળથી અત્યુગ્રપણે બંને વ્રતોનું પાલન કરતાં હૃદયમાં અત્યંત નિરાવરણતા તથા નિર્મળતા થવાથી તે બંને વ્રતના અધિષ્ઠાયક (વ્રતોપાસક) દેવતાઓ મહાત્માના દઢ વ્રતોથી પ્રસન્ન થઇ, તેમની સેવામાં સદાકાળ રહી મહાત્માને સહાય કરતા હતા. નિર્મળ વ્રતોના પુનિત પ્રભાવથી તથા વ્રતોપાસક દેવતાની પ્રસન્નતાથી મહાત્માનો દીવ્ય પ્રભાવ ચારે દિશામાં પ્રસરી ગયો, અને તેથી સેંકડો ગાઉથી હજારો લોકો તેમની-સેવા—ભક્તિ તથા દર્શન સમાગમ માટે આવતા હતા. સ્થળે સ્થળે મહાત્મ્ય પ્રસરવાથી હમેશાં હજારો લોકોની મેદની રહેતી, જનસમાજના લાખો મનુષ્યોની આર્થિક, માનસિક તથા શારીરિક પીડાઓ જોઇ મહાત્માનું હૃદય દ્રવિત થતાં લોકોની આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપને દૂર કરવા તે મહાત્મા સવારે સ્નાન સંધ્યાદિ ક્રિયા કરી એક ઉંચા આસન ઉપર બીરાજતા, જેથી હજારો લોકોને મહાત્માનું દર્શન સુગમતાથી થઇ શકતું હતું. મહાત્મા હજારો માણસોની મેદનીમાં ગંભીર ધ્વનિથી બે કલાક સુધી ધર્મોપદેશ આપતા અને તેમની દીવ્ય વાણીના પ્રભાવથી ઘણા સંસ્કારી જીવો સંસાર વાસનાથી મુક્ત થવા પરમાત્મ તત્ત્વના પ્રેમી બનતા હતા. મહાત્માશ્રી હમેશાં બે કલાક સુધી ધર્મોપદેશ આપ્યા પછી એક ત્રાંબાકુંડીમાં સ્વચ્છ જળ ભરી, ઇષ્ટદેવના સ્મરણ મંત્રથી જળને મંત્રી આર્થિક અને માનસિક દુઃખથી પીડાતા તથા જલંદર, ભંગદર, તાવ, મરકી, કોઢ વિગેરે ઘણા વર્ષના ભયંકર રોગોથી પીડાતા મનુષ્યો ઉપર જલની અંજલિ છાંટવાથી ક્ષણવારમાં પીડામુક્ત થઇ, તે મહાત્માને પ્રેમના ઉલ્લાસથી નમન કરતા પોત પોતાને સ્થાને ચાલ્યા જતા હતા. આ પરોપકારની પ્રવૃત્તિથી મહાત્માની નિર્મળ કીર્તિ દેશ વિદેશ ફેલાઇ ગઇ હતી.

એક દિવસે કોઇ ગૃહસ્થની પતિવ્રતા સ્ત્રી પોતાનો પતિ અચાનક રાત્રે નવ દશ વાગે માંદો થઇ જવાથી શ્વસુર સ્થાનક કે જે મહાત્માના મંદિરથી થોડેક દૂર નદીના સામા કીનારે એક બીજું શહેર હતું, ત્યાં પીયરથી જવા નીકળી. થોડેક ચાલતાં એકદમ વરસાદ પડવાથી રસ્તામાં ચારે તરફ જળપ્રવાહ પ્રસરી રહ્યો. મેઘાચ્છાદિત કૃષ્ણરાત્રિ, મેઘની ભયાનક ગર્જના, વીજળીના ચમકારા, રસ્તામાં પાણીનો પ્રવાહ તથા નદીનો વેગ જોઇ પોતે કોઇપણ ઉપાયે અત્યારે નદી ઉતરી સામે પાર જઇ શકે તેમ ન હોવાથી થોડો સમય વિશ્રાંતિ લેવા માટે તે મહાત્માના મઠ પાસે આવી. ત્યાં દરવાજાના બાર ઠોકયાં અને સાંકળ ખખડાવી. અચાનક ખડખડાટનો અવાજ સાંભળી મહાત્મા દરવાજા પાસે આવી બોલ્યા કે— 'ઐસી ઘોર રાત્રિમેં ઇધર કૌન હૈ ?' એટલે બાઇએ પોતાની હકીકત કહી સંભળાવી અને રાત્રે ત્યાં વિશ્રાંતિ લેવા માટે યાચના કરી. સતીની દીન વાણી સાંભળી મહાત્માને કરૂણા આવતાં કહ્યું કે— 'અબળા! રાત્રે એકાંત વાસમાં સ્ત્રીના સંગમાં રહેવું તે અમારા સાધુધર્મને ઉચિત નથી, પરંતુ તારી આ દુઃખમય અવસ્થા જોઇ દયાને લીધે હું તને થોડા વખતને માટે મારા મઠમાં આશ્રય આપીશ, પણ મારી એક વાત શ્રવણ કરી ખ્યાલમાં રાખી પછી આ મઠમાં વિશ્રાંતિ લેજે. બ્રહ્મચારી સાધુને દિવસે વા રાત્રે સ્ત્રીના સંગથી દૂર રહેવું જ જોઇએ. આવી મેઘગર્જિત ઘોર રાત્રે તારા અથવા મારા કર્મથી કદાચ કોઇની વૃત્તિ ચલિત થાય, તો પોતાના પવિત્ર ધર્મનું રક્ષણ કરવું વિકટ થઇ પડે, માટે દરવાજો ઉઘડતાંજ આ પાસેના શિવમંદિરમાં પ્રવેશ કરી અંદરથી સાંકળ બંધ કરી દેજે અને સવારે જ્યારે લોકો આવવા લાગે ત્યારે સાંકળ ખોલી તારા ઇષ્ટ સ્થાને ચાલી જજે, જેથી એક બીજાની વૃત્તિને ચલિત થવાનું અને ચલિત થતાં અધઃપતન થવાનું ન બને.' એ રીતે મહાત્માની સદ્બોધ સૂચક સૂચનાને ખ્યાલમાં રાખી તે અબળા શિવમંદિરમાં દાખલ થઇ, સાંકળ વાસી રાત્રિના ભયંકર સમયનો તથા પતિની સેવાનો વિચાર કરતી નિદ્રાવશ થઇ ગઇ. મહાત્માએ જ્યારે દરવાજો ખોલી બાઇને શિવમંદિર તરફ જવાનો રસ્તો બતાવ્યો, તે સમયે વિદ્યુતનો ઉગ્ર પ્રકાશ તે રમણીય રમણીના મુખ ઉપર પડવાથી તેનું લાવણ્ય લલિત મનોહર કાંતિ તથા દીવ્ય તેજ જોઇ મહાત્મા સ્તબ્ધ બની ગયા. અબળા શિવમંદિરમાં ગયા પછી મહાત્માએ પોતાના શયન સ્થાન ઉપર આવી સુવાનો પ્રયાસ કર્યો, પણ સુંદરીના સુંદર સ્વરૂપના વિચારોથી મહાત્માનું હૃદય ચલવિચલ થઇ ગયું. વ્રત શિથિલ થવાથી અંતરમાં અનેક વિકારજનિત વિચારો આવતાં નિદ્રા આવી નહિ. હજારો સ્ત્રીઓના સંસર્ગમાં આવતાં કોઇવાર અણુમાત્ર પણ પોતાની વૃત્તિ ચલિત થઇ ન હતી.

અને આજે આ ક્ષોભ થવાનું કારણ શું ? નિર્મળ હૃદયમાંથી આ વિષમય વિચારો વિલય કેમ થાય ? એનો વિચાર કરતાં વિકાર વૃત્તિનો લય કરવા અનેક વિચારોના તરંગોમાં જેમ જેમ ઉછળવા લાગ્યા, તેમ તેમ વિકારનું બળ જાગ્રત થઇ વૃદ્ધિ પામવાથી પોતાની પાપ વૃત્તિનો કોઇપણ રીતે જય કરવાની શક્તિને તે ગુમાવી બેઠા. તીવ્ર વિકારના વેગમાં મોહનીના મોહક રૂપમાં મુગ્ધ થઇ, જીંદગીભર દૃઢ બ્રહ્મચર્ય વ્રતનું આરાધન કરનાર અત્યારે ક્ષણભરના સંગથી વ્રતભ્રષ્ટ થઇ પોતાની પાપવાસનાનું પોષણ કરવાની તીવ્ર કલ્પનાઓ કરતો એવો તે સાધુ શિવમંદિર પાસે આવ્યો. શિવમંદિરનું દ્વાર ખોલવા બહાર ઉભો રહી મોટા સાદે ' દરવાજા ખોલ, દરવાજા ખોલ ' એમ રાડો પાડીને બહારની સાંકળ ખખડાવી. મહંત બાવાની રાડો તથા સાંકળના અવાજથી બાઇ જાગ્રત થતાં જાણી ગઇ કે–' મહાત્માની મનોવૃત્તિ ચલિત થઇ છે, જો દરવાજો ખોલીશ તો મારા તથા તેમના પવિત્ર જીવનનું અધઃપતન થશે. માટે ખોલવું જ નહિ.' એમ ધારી શું થશે, તેવા ભવિષ્યના ભયજનિત વિચારો કરતી તે સતી શિવમંદિરમાં જ મૌન ધરી બેસી રહી. ઘણી રાડો પાડતાં જ્યારે તે લલનાએ દ્વાર ન ખોલ્યું, તેમ અંદરથી જવાબ પણ ન આપ્યો, એટલે મહાત્માને તીવ્ર કામવાસના જાગ્રત થતી ગઇ, તેથી તે શિવમંદિરના શિખરપર ચઢ્યો અને હથીયાર વતી શિખરને શિથિલ બનાવી આંચકાથી તોડીને નીચે નાંખી દીધું. પછી ઉપરના બાકોરામાંથી તેણે અંદર દાખલ થવાનો ઇરાદો કર્યો. પ્રથમ નીચે માથું નાખી જેવો ઉતરવા ગયો, તેવોજ કટિના ભાગમાં પોતે સ્થુલ હોવાથી અધવચ્ચ અટકી અને લટકી રહ્યો. નીચે માથું અને ઉપર પગ–એમ તે મહાત્મા વૃક્ષાસનની દશામાં આવી પડ્યા. તે શિખરના બાકોરામાં એવો તો સજ્જડ અટકી રહ્યો કે ન તો નીચે ઉતરી શકયો વા ન તો ઉપર ચડી શકયો. એ રીતે સંકટમાં પડેલા તપસ્વીને જોઇ પ્રભાત થતાં દ્વાર ખોલીને તે સતી પોતાના પતિગૃહે ચાલતી થઈ. પ્રભાત થતાં હંમેશના રિવાજ પ્રમાણે મહાત્માનો ધર્મ બોધ શ્રવણ કરવા તથા મંત્રેલ જળની અંજલિ છંટાવવા હજારો લોકો મઠમાં આવવા લાગ્યા. ત્યાં મહાત્માને ન જોવાથી તે ચારે તરફ શોધવા લાગ્યા; પરંતુ ક્યાંય પત્તો ન મળ્યો, એવામાં શિવમંદિરના શિખરપર કેટલાક લોકોની દૃષ્ટિ પડી, ત્યાં મહાત્માને જોઇ તે વિચારવા લાગ્યા કે–' આ મહાત્મા આવી ઉત્કૃષ્ટ દશાને પામ્યા છે; છતાં પોતે હજી પણ કેવી વિકટ તપસ્યા કરે છે ? ' તે મહાત્માશ્રી તો વૃક્ષાસનની ધૂનમાં જ આમ લટકી રહ્યા છે, એમ જાણી ઘણા લોકો શિખર

પાસે આવી હાથ જોડી નમ્રતા તથા વિવેકપૂર્વક મહાત્માને અરજ કરવા લાગ્યા કે–' હે પ્રભો ! હવે ઘણું થયું, હજારો લોકો આપના દર્શન, સદ્બોધ તથા સમાગમની રાહ જોઇ રહ્યા છે, આપના દર્શનને માટે લોકો અત્યાતુર થઇ રહ્યા છે, માટે આપ ધ્યાનમુક્ત થઇ નીચે પધારો. વળી જલાંજલિ માટે પણ ઘણા લોકો આતુર થઇ રહ્યા છે, તો આ અમારી અરજ સાંભળીને તેનો સ્વીકાર કરો. ' લોકોની અરજ સાંભળી મહાત્મા બોલ્યા કે–' તમે લોકો બધા સિંહાસન પાસે જઇને બેસો અને માત્ર પાંચ દશ આદમી મારી પાસે આવો. ' આથી લોકો બધા યથાસ્થાને શાંતિથી બેસી ગયા અને પાંચ દશ ભક્તજનો મહાત્મા પાસે આવ્યા. એટલે મહારાજે કહ્યું કે—' મને જળવીને બહાર કહાડો. આખી રાત ઉંધે મસ્તકે લટકી રહેતાં ઉર્ધ્વશ્વાસ આવવાથી મળે પ્રાણ આવ્યા છે. માટે મને એકવાર બહાર કહાડો એટલે પછી બધી વાત સમજાઇ જશે. ' આથી તે લોકોએ તરત જળવીને મહાત્માને બહાર કહાડ્યા. એટલે સ્નાનાદિક ક્રિયા કરીને મહાત્મા સિંહાસન ઉપર આવીને બેઠા. તે વખતે ધર્મોપદેશ આપવા તથા રોગબીજ નાશક જળ છાંટવા લોકોએ અરજ કરી. એટલે મહાત્મા બોલ્યા કે—' મહાનુભાવો ! એ પવિત્ર સમય ગયો. એ નિર્મળ દશાથી આજે હું ભ્રષ્ટ થયો છું. સત્ય તથા બ્રહ્મચર્યના વિશુદ્ધ જીવનથી દેવતાઓ પ્રસન્ન થઇ સહાય આપતા અને તે પાવન જીવનના પ્રભાવથી તથા દૈવિક શક્તિથી હું ધર્મબોધ આપવાને લાયક હતો; તેમજ જનસમાજની પીડા દૂર કરવાને પણ શક્તિમાન્ હતો; પણ આજે બ્રહ્મચર્ય વ્રતથી મારૂં અધઃપતન થયું છે. ' એમ જણાવી રાત્રિ સંબંધી પોતાની બધી હકીકત કહી બતાવી. મહાત્માના અધઃપતનની વાત સાંભળી લોકો નિરાશ થઈ પોત પોતાના સ્થાને જવાની તૈયારીમાં હતા, એવામાં સત્ય વ્રતના અધિષ્ઠાયક દેવતાએ આવીને કહ્યું કે—' મહાત્મન્ ! ફીકર ન કરો. કાંઇ પણ ચિંતા કે વિકલ્પ કરવાની જરૂર નથી. આપ જરા પણ નાશીપાસ ન થતાં આપનું કાર્ય બજાવો. હું આપની સેવામાં હાજર છું. જો કે આપના બ્રહ્મચર્ય વ્રતના પતનથી તે વ્રતોપાસક દેવતા ચાલ્યો ગયો છે અને વખતે હું પણ જવાની તૈયારીમાં હતો, અર્થાત્ આપ નીચે આવી પોતાનું પાપ ગોપવીને જો જુઠું બોલત, તો હું પણ ચાલ્યો જાત, પરંતુ સત્ય બોલીને આપે આ દાસને આધીન કરી લીધો છે. ધન્ય છે આપને ! સ્ત્રીના સંસર્ગથી વૃત્તિ ચલિત થતાં કામવાસના જાગ્રત થવાથી બ્રહ્મવ્રતથી આપ ભ્રષ્ટ થયા છતાં હજારો માણસોની સમક્ષ પોતાનું પાપ પ્રકાશી તમે પોતાની ઉત્તમતા જાહેર કરી છે, તથા સત્ય વ્રતને સ્થિર રાખ્યું છે, તેથી

હું આપની સેવામાં જ છું. માટે આપ જરા પણ શંકા ન લાવતાં ધર્મોપદેશ આપી જળ છાંટી લોકોનું શ્રેય કરો. આપની કાર્યસિદ્ધિ સત્યવ્રતના પ્રભાવથી હંમેશની માફક સાર્થક થશે.' આ પ્રમાણે દેવતાનાં હીમત ભર્યાં વચનો સાંભળતાં મહાત્માએ પ્રસન્ન થઇ લોકોને ધર્મોપદેશ આપ્યો તથા જલાંજલિ છાંટી. એટલે પોતાને અહો ભાગ્યવંત માનતા લોકો પોત પોતાના સ્થાને ચાલ્યા ગયા અને મહાત્મા પણ પોતાનું શુદ્ધ ચારિત્ર પાળી, છેવટે આત્મબળને પ્રગટ કરી, પૂર્ણ આત્મજ્ઞાન મેળવી, પોતાનું શ્રેય સાધી પરમાત્મભાવમાં લીન થયા.

સામાન્ય દોષ કરનાર માણસ પણ પોતાના એક દોષને ઢાંકવા બીજા અનેક દોષો ઉત્પન્ન કરવા કોશીષ કરે છે, ત્યારે આ મહાત્મા હજારો મનુષ્યોમાં મહાન્ યોગી તરીકે ગણાતા, મનાતા અને પૂજાતા હતા, ચારે તરફ જેની યશ કીર્તિ ફેલાઇ ગઇ હતી, સ્ત્રી સંબંધની બીના પોતાના આત્મા શિવાય અન્ય કોઇ પણ જાણતું ન હતું, સામાન્યતઃ દોષ ગોપવવા જો તેણે ધાર્યું હોત, તો તે કરી શકે તેમ હતું, છતાં લોકમાન અને લોકપ્રશંસાને તિલાંજલિ આપી પોતાના પાપકૃત્યનો હજારો લોકો સમક્ષ પ્રકાશ કરી સત્ય વ્રતને આધીન રહેવાથી છેવટે બ્રહ્મચર્ય વ્રતને પણ મેળવી તથા બીજા પણ અનેક આત્મિક ગુણો સંપાદન કરી પોતાના મનુષ્યદેહની સાર્થકતા કરી. ધન્ય છે સત્યના મહાત્મ્યને અને ધન્ય છે તેના ઉપાસકને ! ઓં શાંતિઃ શાંતિઃ શાંતિઃ!!!

સમયજ્ઞની મહત્તા—

સમય પ્રમાણે વર્ત્તનાર હમેશાં સુખી થાય છે. સુખ અને દુઃખ એ માત્ર મનની જ ભાવના છે. અમુક પદાર્થ એક જીવાત્માને સુખ કર્ત્તા બને છે, ત્યારે તેજ પદાર્થ અન્યને દુઃખ કર્ત્તા થાય છે. એક જીવાત્મા સ્વર્ગ સમાન મહાલયમાં સુખ માને છે, ત્યારે અન્ય જીવાત્મા નિર્જન સ્થળમાં એક ઝુંપડીથીજ આનંદ માને છે. એક હજારોથી સેવાતો પોતાને સુખી માને છે, જ્યારે અન્ય એકાંત વાસમાં એકપણાથી જ પોતાને સુખી માને છે. એક લાખો રૂા. ની સમૃદ્ધિમાં પોતાને સુખી માને છે, અન્ય નિસ્પૃહીપણામાંજ મહત્ આનંદ પામે છે. એક પદાર્થ અત્યારે આપણને સુખ કર્ત્તા જણાય છે, ત્યારે તેજ પદાર્થ ઘડીભર પછી દુઃખકર્ત્તા જણાય છે, જે પદાર્થને દેખતાંજ તેના પ્રત્યે અરૂચિભાવ ઉત્પન્ન થાય છે, તેજ પદાર્થ કોઇ સમયે પોતાને મહત્ સુખ આપનાર વા પોતાનું જીવન બગાડનાર થાય છે.

થોડા સમય પહેલાં કાઠીઆવાડના કોઇ રાજકુમાર ઘોડા ઉપર બેસી

પહાડી પ્રદેશમાં શિકાર માટે ફરતા હતા. એવામાં રસ્તો ભૂલી જવાથી તથા પોતાના સાથીઓ છુટા પડવાથી ડુંગરોની ખાણોમાં રખડતાં ક્ષુધા તૃષાથી આકુળ-વ્યાકુળ બની સાંજના ચાર વાગે તે એક ખેડુતની વાડીપર ગયા. એટલે ખેડુતે પોતાના પૃથ્વીપતિ રાજકુમારને ઓળખી બે હાથ જોડી સન્મુખ આવી નમસ્કાર તથા આદરપૂર્વક એક સ્વચ્છ સ્થળે બેસાર્યા. તે વખતે ગ્રીષ્મઋતુ તથા આખા દિવસના પરિભ્રમણના પરિશ્રમથી તેમ ક્ષુધા તૃષાને લીધે અતિ વ્યાકુળ થતાં તેમનો કંઠ સોસાઇ ગયો હતો. એટલે બોલવાની પણ તાકાત રહી ન હતી. ખેડુત પાસે ઇસારા (સંજ્ઞા) થી પાણી તથા ખાવાનું માગ્યું. ખેડુતે રાજકુમારની પીડા જાણી લીધી, એટલે તરત કુવામાંથી તે પાણીનો લોટો ભરી આવ્યો. પાણી પીધા પછી કાંઇક શાંતિ વળતાં ખેડુત પાસે તેણે ખાવાનું માગ્યું, ત્યારે ખેડુતે કહ્યું–' અન્નદાતા ! આપને લાયક ખાવાનું અ-મારી પાસે ક્યાંથી હોય ? અમારી પાસે તો ધંટીના પડ જેવા વા હથેળીની ફોર જેવા જાડા રોટલા છે, કે જે ખાવાથી પણ આપને ત્રણ દિવસ તો અપચો થશે વા પેટમાં દુખશે. માટે હુકમ કરો તો અહીંથી બે ફોશ ઉપર એક ગામડું છે, ત્યાંથી કાંઇક સારૂં ખાવાનું મળે તો લાવી આપું. ' રાજકુમારે કહ્યું કે– ' આખા દિવસના પરિશ્રમથી મને તીવ્ર ક્ષુધા લાગી છે. મારાથી ક્ષણ-વાર પણ હવે સહન થાય તેમ નથી; માટે તારી પાસે જેવું ભોજન હોય તેવું હાજર કર. ' કુમારના અત્યાગ્રહથી ખેડુતે પોતાની થાળીમાં એક રોટલો તથા વાટકામાં થોડીક છાશ આપી. ક્ષુધાના બળથી સાકરના સીરાની માફક રોટલો મીઠો લાગવાથી વળી સાથે " **तक्रंशक्रस्यदुर्लभं** " છાશ હોવાથી તે આખો રોટલો ઉઠાવી ગયા. કહો, તેજ રાજકુમાર જ્યારે પોતાના રસોડામાં વિવિધ પ્રકારનાં સ્વાદિષ્ટ ભોજનો કરવા બેસે, ત્યારે તે રોટલામાંથી આખો તો નહિ પણ ચોથા વા છઠ્ઠા ભાગનો એક કટકો મૂકયો હોય તો તેને ભાવશે ? નહિજ ભાવે. અરે ! તેની સામે પણ તે નહિ જુએ. ત્યારે કહો રૂચિ અરૂચિભાવ રોટલા માં રહ્યો કે મનની કલ્પનામાં ? અર્થાત મનની ભાવનામાંજ છે. ખેડુતની થાળી લોટો અને રોટલો એ ત્રણે વસ્તુ રાજકુમારને દેખતાંજ અરૂચિ ઉપજાવે તેવી હતી; છતાં ક્ષુધાના બળથી અતિ આનંદ આપનાર થઇ પડી.

આ દૃષ્ટાંત ઉપરથી મનુષ્યોને એજ સમજવાનું છે કે જગતના પદા-થોંમાં સુખ દુઃખની માન્યતા કરી તેને આધીન થઈ રહેતાં પોતાની આત્મિક શકિતનો લય થઇ જાય છે. એક માણસને દુધ પાચન થાય છે અને બીજાને તે રેચક થાય છે. જો દુધમાં પાચનપણાનો ગુણ હોય તો દરેકને પાચન થાય

અને રેચકપણાનો ગુણ હોય તો દરેકને રેચક થાય, પણ તેમ તો બનતું નથી, જેથી સમજાય છે કે પાચન રેચકની કલ્પના મનની છે. તેજ પ્રમાણે સમસ્ત પદાર્થોમાં સુખ દુઃખની માન્યતા મનાઇ છે, પણ તે મિથ્યા છે. પદાર્થમાં સુખદુઃખપણું નથી; પણ મનની માન્યતામાં છે. માટે વૈરાગ્ય તથા ભક્તિ બળથી તે માન્યતાનો લય કરી આત્મબળને જાગ્રત કરવાથી ગમે તેવા સાનુકુળ અને પ્રતિકુળ સંયોગોમાં પણ તેને પરમાનંદ રહે છે. જેથી જ્ઞાનીઓ કહે છે કે—' સમય પ્રમાણે ચાલનાર હમેશાં સુખી હોય છે. '

ઓં શાંતિઃ શાંતિઃ શાંતિ ! ! !

સતીજીવન વા સદાચારની મહત્તા—

અનેક પ્રકારનું દાન આપતાં, સામાયક પ્રતિક્રમણાદિક ધાર્મિક ક્રિયાઓ કરતાં તથા ઉપવાસાદિ તપસ્યા કરતાં છતાં પણ જો અંતરની શુદ્ધિ ન થઈ તથા વિષય કષાયાદિ દોષોનો નાશ ન થયો તો તે પ્રવૃત્તિથી આત્મશ્રેય થઈ શકતું નથી. હજારો વર્ષો સુધી તપસ્યા કરનારની વૃત્તિઓ માયિક પદાર્થોની મોહનીમાંથી મુક્ત ન થઇ હોય, બહિરાત્મભાવની નિવૃત્તિ થઇ વૃત્તિઓ અંતર સન્મુખ ન થઇ હોય, તો તે તપસ્યાથી શરીર શોષણ સિવાય બીજું માની શકાય નહિ. કષાય વિષયનો ઉપશમ થયા વિના તથા અંતર જાગ્રતી થયા વિના હજારો વર્ષો તપસ્યા કરનાર કરતાં પવિત્ર જીવન ધારણ કરનાર એક સતી સ્ત્રીના આત્મબળની વિશેષતા જોવામાં આવે છે.

એક જંગલમાં કોઈ મહાન્ તપસ્વી એકાંતવાસમાં નિઃસ્પૃહી અને નિઃસંગપણે સાઠ હજાર વર્ષો સુધી ઉત્કૃષ્ટ તપસ્યા કરતાં માસ ક્ષમણના પારણે સુકાં પાંદડાં વા ફળ ફુલ ખાઇ પુનઃ માસખમણ કરતા હતા. એ રીતે હજારો વર્ષો સુધી ઉગ્ર તપસ્યા કરતાં તેમણે પોતાના શરીરને એક હાડપિંજર બનાવી દીધું, તેમાંથી રૂધિર અને માંસ સોસાઇ ગયાં. એકાસને યોગ સ્થિરતાથી સાઠ હજાર વર્ષના દીર્ઘ સમયની ઉગ્ર તપસ્યાથી તેમને અનેક સિદ્ધિઓ અને લબ્ધિઓ પ્રગટ થઇ હતી. તપસ્યાના બળથી જીવાત્માને અનેક સિદ્ધિઓ તથા લબ્ધિઓ પ્રગટ થાય છે, પણ જો તેમાં મોહિત થઇ જાય તો આત્માનું અધઃપતન થાય છે. મહાત્મા સુંદરદાસજી લખે છે કે—" સિદ્ધિ હૈ સો ઠગારી હૈ. " સિદ્ધિઓ પ્રગટ થતાં જો આત્મા તેમાંજ આસક્ત બની જાય, તો આત્મસ્વરૂપની પ્રાપ્તિ થઈ શકતી નથી. આ મહાન્ તપસ્વી પણ લબ્ધિઓના મોહમાં લુબ્ધ થવાથી આત્મભાવ ભૂલી જઈ પોતાની મહત્તા બતાવવા, જન-

સમાજના પરિચયમાં આવવા તેમણે એક મોટા શહેર તરફ જવાનો વિચાર કર્યો. પોતાની તપસ્યાનો નિયમ પૂર્ણ થતાં યોગસમાધિ તથા આસનસ્થિરતાથી મુક્ત થઇ, ફળ ફુલથી જરા ક્ષુધા શાંત કરી તે પ્રયાણ કરવાની, તૈયારીમાં હતા, તેવામાં જે વૃક્ષ નીચે બેઠા હતા, તે વૃક્ષ ઉપર એક બગલી બેઠી હતી, તે તપસ્વીની ઉપર ચરકી. પોતાના શિર ઉપર પક્ષીની ચરક પડવાથી ક્રોધાયમાન થયેલ તપસ્વી વિચારમાં પડ્યો કે—' એક નાદાન પક્ષી પણ મારી અવગણનાં કરે છે, તો જનસમાજમાં મારી મહત્તા વા કીર્ત્તિનો પ્રચાર થવો દુઃશક્ય છે. માટે મારી પ્રતિષ્ઠાને ફેલાવવા તથા આ દુષ્ટ પક્ષીએ મારા જેવા સમર્થ યોગી ઉપર ચરક નાખી અવગણના કરી છે, તેના નીચ કૃત્યનો બદલો આપવા આ બગલીને શિક્ષા કરવીજ જોઈએ. ' એમ વિચારી મસીન તપી જવાથી ક્રોધના વેગમાં આવી બગલીની ઉપર તેજોલેશ્યા (બાળી નાખવાની શક્તિ) મૂકીને તેને બાળી નાખી. એક પક્ષીની ચરક પડવાથી વૃત્તિને કષાયના વેગમાં લાવી તેનો સંયમ ન કરી શકનારને આત્માની ઉન્નતિ ક્યાંથી થઈ શકે ? જે તપસ્યા અંતરની શુદ્ધિ અને આત્મોન્નતિ કરવા માટે હતી, તે તપસ્યાથી સિદ્ધિઓ ઉત્પન્ન કરી બીજાને બાળી નાખવાથી આનંદ માનનાર, માન કીર્ત્તિની મહત્તામાં રાજી થનાર પામર આત્માને કર્યા ખબર છે કે બગલીના સ્થૂલ દેહના નાશની સાથે તારા આંતરિક પવિત્ર જીવનનો તથા માનસિક શુદ્ધિનો પણ નાશ થયો છે, અર્થાત્ આત્માને આવરણ થયું છે. બગલીના બળવાથી પોતાની સિદ્ધિની સાર્થકતા જાણી અભિમાનમાં મહલકાતો તે તપસ્વી શહેરમાં ગયો, અને ઘણા વખતની તપસ્યાથી ક્ષુધાતુર થયેલ તેણે સ્વાદિષ્ટ આહારને માટે ભિક્ષાર્થે એક ગૃહસ્થના ઘરમાં પ્રવેશ કર્યો. ત્યાં ' ભિક્ષાં દેહિ ' એમ કહીને ઉભો રહ્યો. તે વખતે ગૃહિણી પોતાના ઇષ્ટ દેવ સમાન પતિદેવની સેવામાં રોકાયેલી હતી. આર્યશાસ્ત્રના ફરેમાન મુજબ સ્ત્રીને પતિ એજ તેનું જીવન છે. પતિની આજ્ઞા પ્રમાણે વર્ત્તવું અને તેની ત્રિધાયોગે સેવા કરવી એજ તેમનું પ્રથમ કર્ત્તવ્ય છે. પતિની આજ્ઞાને વિમુખ કરી દેવ તથા ગુરૂની આજ્ઞાનું મુખ્યપણે આરાધન કરનાર સ્ત્રીને આર્યશાસ્ત્રોએ ધર્મવિરાધક કહી છે, માટે પતિની સેવા એજ તેનો ખરો ધર્મ છે, પતિની આજ્ઞાથી દેવ તથા સાધુસંતની સેવા કરનાર સ્ત્રીજ આત્માની ઉન્નતિ કરી શકે છે. આ મહાસતી પણ પૂર્ણ પતિવ્રતા હતી, પવિત્ર જીવન તથા વિશુદ્ધ શીયળથી તેનું હૃદય બહુજ નિર્મળ થયું હતું, તેમજ અતિશયજ્ઞાન ઉત્પન્ન થયું હતું. જો કે સાધુ સંતની સેવા કરવામાં તે ઉત્સુક અને ઉદારવૃત્તિવાળી હતી, પણ પતિની

અગત્યની સેવામાં રોકાયેલી હોવાથી પેલા યોગીને ભિક્ષા આપવાનું બની શકે તેમ ન હતું. તપસ્વીએ 'ભિક્ષાંદેહિ' એમ બીજી વાર તથા ત્રીજીવાર મોટા સ્વરે કહ્યું; પરંતુ સતીનું તે તરફ લક્ષ્ય ન હોવાથી તપસ્વી બહુજ ક્રોધના વેગમાં આવી ગયો અને પેલી બગલીને જેમ બાળી નાખી, તેમ તે સતી સાધ્વીને બાળી નાખવા તેણે તેને લેશ્યા મૂકી; પણ સતીના નિર્મળ ચારિત્રથી તથા વિશુદ્ધ શીયળથી તેને લેશ્યા લેશ પણ દહન કરવાને શકિતમાન ન થતાં વરાળ રૂપે આકાશમાં લય પામી ગઇ. પોતાની આવી દીવ્ય શકિત (તેજોલેશ્યા) નિષ્ફળ થયેલ જાણીને તપસ્વી આશ્ચર્યમુગ્ધ બની ગયો. વિદ્યા નિષ્ફળ થવાથી વ્યાકુળ ચિત્તવાળા તથા આશ્ચર્ય મુગ્ધ થયેલ તપસ્વીને જોઇને મહાસતીએ કહ્યું કે—' મહારાજ ! શું સ્થળે સ્થળે બગલીઓ જોઇ ? ' આ વાકય શ્રવણ કરતાંજ તપસ્વી સ્તબ્ધ બની ગયો. ' અહા ! આ શો ગજબ ? જંગલમાં એકાંત સ્થળે વિદ્યા ફોરવી બગલીને બાળી નાંખવાની વાત આ ઘરમાં રહેલ સ્ત્રીએ કયાંથી જાણી ? ' આવી શંકામાં આકુળ થયેલ તપસ્વીના અંતરનું સતીએ શીયલનું માહાત્મ્ય બતાવી સમાધાન કર્યું અને કહ્યું કે—" મહારાજ ! મારા પવિત્ર શીયલ, પતિવ્રતા ધર્મ અને નિર્મળ જ્ઞાનના પ્રભાવથી હજારો દેવતાઓની શકિતઓ સત્તાહીન બની જાય તેમ છે, તો તારી આ સામાન્ય તપશકિતથી ઉત્પન્ન થયેલ વિદ્યા નિષ્ફળ થાય તેમાં આશ્ચર્ય શું છે ? લોક દૃષ્ટિએ લોકોનું માન મેળવવા ' હું તપસ્વી છું ' એવું અભિમાન રાખી જનસમાજને રંજન કરવા સાઠ હજાર વરસ જેટલા લાંબા કાળ સુધી કઠિન તપસ્યા કરી શરીરને સોસાવી હાડપિંજર બનાવ્યું; છતાં કાંઇ વળ્યું નહિ. આટલો વખત જો નિષ્કામપણે લોકસંજ્ઞા તથા માનવૃતિ રહિત એકાગ્રપણે વિશુદ્ધભાવે પ્રભુભજનમાં વ્યતીત કર્યો હોત, તો મારા જેવી હજારો સ્ત્રીઓ, પુરૂષો, રાજા મહારાજાઓ તથા દેવોના અધીશ્વરો પણ તારા ચરણમાં પોતાનું શિર ઝુકાવત (વંદન કરત) અરે ! આજ જન્મમાં પરમપદ મેળવી શકત. હજી પણ લોકરંજન કરવાની ક્ષુદ્ર ભાવનાના મોહથી મુકત થઇ નિષ્કામ પણે પ્રભુ ભજન કરશો, તો અવશ્ય આપ આત્મિક ઉન્નતિ કરી પરમપદના ભોગી બની શકશો, અર્થાત્ મોક્ષ માર્ગ મેળવી શકશો. ' જંગલના એકાંતવાસમાં, સિંહ સર્પાદિ ભયંકર પ્રાણીઓના ભયમાં એકાકીપણે રહી હજારો વર્ષો સુધી કઠિન તપસ્યા કરનારને જે આંતરિક જ્ઞાન ન થયું, તે ગૃહસ્થાશ્રમમાં રહેનાર સંસારના માયિક પદાર્થોના સંયોગ વિયોગની પ્રવૃત્તિમાં જીવન વ્યતીત કરનાર સ્ત્રીને પતિસેવા તથા વિશુદ્ધ શીયળથી અંતરજ્ઞાન પ્રગટ થયું. હજારો વર્ષની તપસ્યાના બળથી મેળવેલ સિદ્ધિ એક સ્ત્રીના નિર્મળ શીય

ળના પ્રભાવ પાસે પરાસ્કારને પામી. કેવી અદ્‌ભૂત દશા! તપસ્યાના મદથી છલકાતા અને માન કીર્તિના ભુખ્યા તપસ્વીને સતીના વિશુદ્ધ શીયળના પ્રભાવથી પોતાની ભૂલ સમજતા સતીના પદપંકજમાં શિર નમાવી પોતાની આત્મસિદ્ધિ કેમ થાય, તેનો સાચો માર્ગ શોધવા તે કોઈ પરમજ્ઞાનીના શરણે ગયો. અંતર જીવન વિશુદ્ધ પરિણામને ન પામ્યું, વૃત્તિઓનો જય ન થયો, મોહ માયાના બંધનોથી મુકત ન થવાયું તથા વિષય કષાયની ક્ષીણુતા ન થઇ તો બાહ્યાચારે દાન, શીલ, તપ કરનારની દશા આ તપસ્વીના જેવી થાય છે.

भावना सदृशी सिद्धिः

યાને

સંકલ્પ બળનો જય.

પ્રકાશના નિમિત્તથી અંધકારનો લય થાય છે, તેમ સંકલ્પબળથી વિઘ્નો વા આવરણોનો લય થાય છે. દશ્ય પદાર્થોનું નિરીક્ષણ કરવામાં પ્રકાશ સહાયક થાય છે, તેમ કાર્યની સફળતા થવામાં ભાવના સહાયક બને છે. ભાવના વિકલ્પ જનિત તથા સંકલ્પજનિત એમ બે પ્રકારે છે. વિકલ્પજનિત ભાવના ચંચળ પરિણામને પામી તેનો વિનાશ થાય છે અને સંકલ્પજનિત ભાવના કાર્યની સિદ્ધિ મેળવે છે. લગ્ન મંડપમાં પાણિગ્રહણ સમયે હસ્તમેલાપ કરતાં જો કન્યા ના અંતરમાં એવો વિચાર થાય કે–' આ પતિની સાથે લગ્ન સંબંધ કરતાં કદાચ મારી પહેલાં તે મરણ પામશે તો મારી શું દશા થશે ? ' આવો વિકલ્પ જનિત વિચાર (આશંકા) કરનાર સ્ત્રી લાંબા વખતં સુધી પોતાના સૌભાગ્ય સુખને ટકાવી શકે–એ ઓછો સંભવ છે. તેમ કોઈ પણ સત્કાર્યની સફળતા મેળવનાર જીવાત્માના હૃદયમાં ' કાર્યસિદ્ધિ થશે કે નહિ ?' એવો શિથિલ ભાવના ઉત્પન્ન થાય તો કદાપિ પણ કાર્યસિદ્ધિ તે કરી શકતો નથી. કાર્ય કરનાર જીવાત્માનો ' અવશ્ય કાર્ય કરવું છે અને તેની અવશ્ય સિદ્ધિ થશેજ' એમ દઢ સંકલ્પ હોય તોજ તે કાર્યને સિદ્ધ કરી શકે છે. લૌકિક પણ કહેવત છે કે—" રોતો જાય તે મુઆના (મરવાના) સમાચાર લાવે " અર્થાત્ ચંચળ ચિત્તની ચલિત વૃત્તિથી વા માનસિક નિર્બળતાથી કોઇ પણ કાર્ય સફળ થઈ શકતું નથી. " **देहं पातयामि वा कार्यं साधयामि** " દેહ પડે તો ભલે પણ કાર્ય તો અવશ્ય કરવું જ છે. એમ દીર્ઘ વિચાર પૂર્વક દઢ મનોબળથી યાહોમ કરી અવિકલ્પપણે પ્રવૃત્તિ કરનાર અવશ્ય સિદ્ધિને મેળવે છે, તેથીજ

જ્ઞાનીઓએ ભાવના પ્રમાણે સિદ્ધિ થાય–એમ જણાવ્યું છે. અમુક કાર્ય કરવાની ભાવના હોય; છતાં તેની સિદ્ધિ ન જણાય, તેનું કારણ ભાવનામાં આશંકા, વિકલ્પ વા શિથિલતા હોય છે, તેથીજ કાર્ય સિદ્ધ થતું નથી. કોઈ પણ મનુષ્યને દુઃખ કે આપત્તિ આવે અને તે દુઃખ વા આપત્તિનો જય કરવાની શક્તિ ન હોય, ત્યારે તે મુંઝાઇ મરવાનો વિચાર કરે છે, પણ જો તે વખતે તેને કોઇ તલવારથી મારવા જાય, તો માથું ધરશે નહિ; પણ ભયભીત થઇ માથું પાછું હઠાવી લેશે, પરંતુ જો મરવાની સાચી અને તીવ્ર ભાવનાજ હોય તો બીજો તલવારથી મારવા આવતાં માથું ધરશે વા પોતાની મેળેજ ઝેર ખાઇ ગળે ફાંસો નાખી વા જળમાં ડુબીને પણ મરી જશે. તેમ જેના હૃદયમાં આત્મ-કલ્યાણ કરવાની સાચીજ ભાવના હોય તે કષાય, વિષય તથા રાગ, દ્વેષાદિ આત્મ-ઘાતી પ્રવૃત્તિઓમાં નિરંતર જીવન વ્યતીત ન કરતાં તેવી અકલ્યાણકારક પ્રવૃત્તિથી પાછો હઠી કલ્યાણદાયક પ્રવૃત્તિમાંજ આનંદ વા રમણતા કરશે. ક્રોધનો ત્યાગ કરવામાંજ આત્મશ્રેય થાય એમ માનતો હોય; છતાં ક્રોધમાંજ જીવન વ્યતીત કરે, તેનાથી નિવૃત્ત ન થાય, તો ક્રોધનો ત્યાગ કરવાની ભાવના અંતરથી ઉત્પન્ન થયેલ તે સાચી કે તીવ્ર નથી, પણ કલ્પિત છે. શિથિલ વા કલ્પિત ભાવનાથી આત્મશ્રેય થતું નથી, પણ સાચી અને ઉત્કૃષ્ટ ભાવનાથી જ આત્મસિદ્ધિ થાય છે.

તુકારામ નામના એક મહાત્મા પોતાના કેટલાક ભક્ત જનો સાથે કોઇ પવિત્ર તીર્થની યાત્રાર્થે જતા હતા. રસ્તામાં સંધની સાથે ગમન કરતાં એક ગામડાના પાદરમાં કબુતરો ચણતા હતા, ત્યાંથી તુકારામજી નીકળ્યા. તેમના પગસંચારથી કબુતરો ભયભીત થઇ ઉડી ગયાં, તે જોઇ પૂર્વના સંસ્કારજ્ઞાનથી મહાત્મા તુકારામજીના હૃદયમાં એકદમ આશ્ચર્ય ઉત્પન્ન થયું. પોતે વિચારવા લાગ્યા કે—' આ શું ? હજારો લોકો મને સાધુ સંત વા મહાત્મા તરીકે માને છે, પૂજે છે, પણ મારામાં સાચું સાધુપણું હોય તેમ જણાતું નથી, પતંજલિ ભગવાન્ કહી ગયા છે કે—

" अहिंसायां प्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः "

આત્મસ્વરૂપે જેના હૃદયમાં અહિંસા ગુણ ઉત્પન્ન થયો હોય તેની સમી-પમાં વૈર–વિરોધનો નાશ થાય છે. અહિંસાગુણ જેનામાં ઉત્પન્ન થાય તેનેજ સાધુ કહી શકાય છે. લોકો મારા બાહ્ય ત્યાગથી મોહિત થઇ તથા મારા શારીરિક

જ્ઞાનથી રંજીત થઇ મને સાધુ માને છે, પણ મારામાં સાધુજીવન નથી–એ પ્રત્યક્ષ સિદ્ધ થાય છે. જો મારામાં સાધુજીવન હોત તો આ મંદ કષાયવાળા ભદ્રક જીવો (પારેવા) મારાથી ભય પામી ઉડી ન જાત, પણ શાંતિને પામત. આવા સરલ જીવો પણ મારાથી શાંતિને પામતા નથી, તો પછી સિંહાદિક ક્રૂર–વિકાળ પ્રાણીઓ શાંતિને પામેજ ક્યાંથી ? આત્મસિદ્ધિ થયા વિના તથા આંતરિક શાંતિ મેળવ્યા વિના જનસમાજમાં વગર સાધુત્વે સાધુપણું માનવું વા મનાવવું એ આત્માની અવનતિ કરવાનું તથા પરમાત્માના ગુન્હેગાર થવાનું થાય છે.

" સંયમ વિણ સંયતતા સ્થાપે, પાપ શ્રમણ તે દાખ્યો. "

સમ્યક્ (આત્મજ્ઞાન પૂર્વક) પ્રકારે યમ (વૃત્તિઓનો જય) પ્રાપ્ત કર્યા વિના સાધુપણું મનાવવું એ અધોગતિનું કારણ છે. માટે જે સ્થળે એ પ્રાણીઓ મારાથી ભય પામીને નાશી ગયાં છે, તેજ સ્થળે યોગની સ્થિરતાથી વૃત્તિઓનો જય કરી આત્મ શાંતિ મેળવી તે પારેવા નિર્ભયપણે પાછા આવી મારી પાસે કલ્લોલ કરે, ત્યારેજ એ સ્થળેથી મારે પગલું ભરવું અને ત્યારેજ આહાર પાણી કે નિદ્રા લેવી. એક મહાત્માએ પણ કહ્યું છે કે–" જ્યાં નયનોમેં નિંદ ન આવે તબ નર હી નારાયણ પાવે " આ પ્રમાણે મહાત્મા તુકારામજી દઢ સંકલ્પ કરી, મન વચન કાયાના ત્રણે યોગનો સ્થિરભાવ કરી, જગદાકાર વૃત્તિને નિવૃત્ત કરી, વૃત્તિઓનો જય કરી ' હું કોણ ? મારૂં સ્વરૂપ શું ? દેહાધ્યાસ બુદ્ધિનો લય કેમ થાય ? આવરણ કર્મો નષ્ટતાને કેમ પામે ? સચ્ચિદાનંદ સ્વરૂપનો નિરાવરણભાવ કેમ થાય ? ' એવા આત્મિક વિચારોની ઉચ્ચશ્રેણીએ ચઢતાં પરમાત્મભજનમાં લીન થયા. ' તું'હી તું'હી ' ના એકતાન અને સતત ધ્યાનમાં અડગપણે ત્યાં ઉભા રહ્યા. આહાર નિદ્રા વિગેરે દૈહિક વાસનાઓનો દઢ મનોબળથી જય કરી એકાગ્ર પણે ઉભા રહેતાં એક બે દિવસ તો એ મહાત્માની શરીરાકૃતિ જોઇ પારેવાં ભય પામીને દૂર ફરવા લાગ્યાં, પણ તેમના નિર્મળ ધ્યાનથી અંતર શાંતિનું વાતાવરણ પ્રસરતાં કંઇતરો નિર્ભય પણે જરા-જરા પાસે આવવા લાગ્યા. આત્મચિંતન અને પ્રબળ ભાવનાના બળથી જેમ જેમ મહાત્માના અંતરની શુદ્ધિ જાગ્રત થતી ગઇ તથા આંતરીક શાંતિનું બળ વૃદ્ધિ પામતું ગયું, તેમ તેમ આત્મભાવનામય દ્રષ્ટિ જાગ્રત થવાથી પારેવાં નિર્ભયપણે મહાત્માના શરીર પાસે આવી ચણવા લાગ્યાં, ચાર પાંચ દિવસમાં મહાત્માના શરીર ઉપર નિડરતાથી રમવા લાગ્યાં. છેવટે સાતમે દિવસે આત્મશક્તિનો ઉત્કૃષ્ટ વિકાસ થવાથી, શાંતિનું પૂર્ણ વાતાવરણ જામવાથી તથા હાર્દિક

નિર્મળતાથી પારેવાં મહાત્માની ઇચ્છાધીન બની ગયાં. અર્થાત્ મહાત્મા બોલાવે ત્યારે તે આનંદ તથા પ્રેમથી પાસે આવી, પોતાના સ્નેહી કુટુંબ સાથે કલ્લોલ કરે તેમ ગમ્મત કરવા લાગ્યાં. આટલી શાંતિ તથા નિર્મળ દશા પ્રાપ્ત થતાં પણ તુકારામજીએ વિચાર્યું કે—'આ તો સરલ જીવો છે જેથી શાંતિને પામે છે, પરંતુ જ્યારે સિંહાદિ વિકાળ પ્રાણીઓ પણ વૈરભાવ કે ક્રૂરતાથી મુકત થઇ અંતર શાંતિને ભજે ત્યારેજ ખરી આત્મદશા વિકસિત થઇ છે, એમ માની શકાય.' તત્ત્વવેત્તા શ્રીમાન્ રાજચંદ્ર પણ જણાવે છે કે—

" એકાકી વિચરતો વળી શમશાનમાં,
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યો યોગ જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ? "

અંતરની ઉત્કૃષ્ટ નિર્મળતા અને હાર્દિક પૂર્ણ શાંતિનો પ્રકાશ જોવાની ભાવનામાં વિચરતા મહાત્મા તુકારામજી એક પહાડ પાસેથી નીકળ્યા. ત્યાં સમીપની ગુફામાં એક વિકાળ સિંહ પડયો હતો, તેણે મહાત્માને જોતાં જાણે કુદરતે કૃપા કરી હોય વા પૂર્વના પુન્ય પ્રગટયા હોય તેમ પોતાના ભક્ષ્યની પ્રાપ્તિથી તે ક્ષુધાતુર હોવાથી આનંદ પામ્યો અને મેઘની જેમ ભયાનક ગર્જનાથી વનને ગજાવતો તે સિંહ મહાત્મા ઉપર તરાપ મારવા ગુફાની બહાર આવ્યો. ઘણા વખતથી પૂર્ણ શાંતિનો પ્રકાશ જોવાની ભાવનામાં વિચરતા મહાત્માશ્રીને ભાવનાની કસોટી કરવાનો સહજ પ્રસંગ મળી ગયો. સાક્ષાત્ કાલ સ્વરૂપ વિકાળ પ્રાણઘાતક વનરાજને પોતાના શરીરપર તરાપ મારવાને તૈયાર થયેલ જોઇને પણ લેશ માત્ર ભય ન પામતાં—'પરમ મિત્રનો જાણે પામ્યો યોગ જો'—ઉછળતા આનંદથી પોતાના મિત્રને જેમ મળવા જાય, તેમ નિર્ભયપણાથી સિંહની પાસે જઇ પોતાના એક હાથને દુર્ધર સિંહના મુખ તરફ લંબાવી 'લે બચ્ચા' કહીને આનંદથી ઉભા રહ્યા. તેજ ક્ષણે મહાત્માના નિર્મળ ચારિત્ર તથા આંતરિક શાંતિના પુનિત પ્રભાવથી જેમ પાળેલ પારેવું પોતાના માલિક પાસે ગેલ કરે વા નિર્દોષ બાળક પ્રેમાળ માતા પાસે ગેલ કરે, તેમ સિંહ શાંત બની મહાત્માના ચરણે વંદન કરીને ગેલ કરવા લાગ્યો. સિંહની ક્રૂરતા તથા અંતરશાંતિ જાણી પોતાના આત્માને કૃતકૃત્ય માનતા મહાત્મા તુકારામજી પ્રભુધ્યાન તથા સ્મરણ કરતાં તત્સ્વરૂપમાં લીન થઇ ગયા. એ રીતે માનસિક બળ દૃઢ હોય તો ગમે તેવા દુઃસાધ્ય કર્મને પણ સાધી શકાય છે. અર્થાત્ ભાવના બળથીજ કાર્યસિદ્ધિ થાય છે. ઓં શાંતિઃ ! !

એક વિચિત્ર સમજનો ખુલાસો—

કેટલાક લોકો એમ પ્રશ્ન કરે છે કે—' કસાઇને ઘેર કુશળ અને ધર્મીને ઘેર મુશળ ' તેનું કારણ શું ? અતિ પાપ કરનાર આર્થિક સંબંધમાં સુખી દેખાય છે અને પવિત્રાચરણી ધર્મિષ્ઠ આત્મા દુઃખી દેખાય છે, તેનું કારણ શું ? સામાન્ય બુદ્ધિથી વિચારતાં પાપી સુખી અને ધર્મી દુઃખી એમ જણાતું હશે, પણ વસ્તુત્વે તેમ નથી, સુખ અને દુઃખ એ આર્થિક પ્રવૃત્તિમાં નથી. પણ માનસિક ભાવનામાં છે. જગતના દૃશ્ય પદાર્થો સુખ દુઃખના નિમિત્ત ભૂત હશે, પણ પરિણામભૂત નથી. એક જીવાત્મા લક્ષાધિપતિ હોય છે; છતાં સ્ત્રી, ધન, પુત્રાદિના પ્રતિકુળ નિમિત્તોને લઇ અંતરમાં અશાંતિ–ખેદને વેદે છે, જ્યારે અન્યાત્મા આર્થિક સ્થિતિમાં મંદ (દરિદ્ર) હોવા છતાં માનસિક પવિત્રતા અને હાર્દિક શુદ્ધિથી પરમાનંદમાં મગ્ન હોય છે, આથી પદાર્થના સંયોગ વિયોગથી સુખ દુઃખની માન્યતા સિદ્ધ થતી નથી. પુત્રહીન (વાંઝીયો) પુત્રના અભાવે પોતાને દુર્ભાગી (દુઃખી) માને છે અને પુત્ર ઉત્પન્ન થતાં પોતે સુખી બનશે એમ માને છે, જ્યારે પુત્ર દુરાચારી જુગારી કે કુલાંગાર પાકે, તે તે પુત્રની હયાતીથી પિતા પોતાને દુઃખી માને છે અને તેના અભાવે પોતાને સુખી માને છે. અપરિણીત આત્મા સ્ત્રીસંગથી સુખ મળવાની માન્યતા કરે છે, જ્યારે પરિણીતાત્માને સ્ત્રી કુલટા, કલેશી મળી હોય તો પોતાને દુઃખી માને છે. કહો, સુખ દુઃખ સ્ત્રી પુત્રમાં રહ્યું ? નહિજ. માત્ર મનના પરિણામમાંજ સુખ દુઃખની સ્થીતિ રહી છે. સ્ત્રી પુત્ર તથા ધનાદિ પદાર્થોના સંયોગથી પુન્યોદય અને અભાવથી પાપોદયની માન્યતા કરવી એતો અજ્ઞાનતા છે. શાસ્ત્રકાર તો કહે છે કે–'ઇચ્છા પ્રમાણે સાનુકૂળ મળે અને ભોગવતાં રતિ ઉપજે–આનંદ રહે તે પુન્યોદય' અને ઇચ્છાવિરૂદ્ધ પ્રતિકુળ મળે તથા ભોગવતાં અરતિ (કલેશ) ઉપજે તે પાપોદય.' માટેજ સુખ દુઃખ એ મનના પરિણામને આધીન છે, છતાં ઘણી વખતે બાહ્ય દેખાવથી એક પાપી આત્મા જાહોજલાલી ભોગવતો જણાય છે અને એક પવિત્રાત્મા મહાકષ્ટ ભોગવતો જણાય છે. તેમાં અપૂર્વ આશય રહ્યો છે.

એક વેપારી પાસે હજારો લેણદારો કોઇ ૨૫–૫૦–૧૦૦–૧૦૦૦ કે દશ હજાર એમ જુદી જુદી રકમો માગે છે. વેપારીને નાની નાની રકમો થઇ રૂા. એક લાખનું દેણું છે. કોઇ લેણદાર બેચાર દિવસે વા મહિને વ્યાજ લેવા આવે અને કોઇ મૂળ રકમ લેવા પણ આવે.

કોઇ મહાત્માના સત્સંગથી વેપારીને સદ્‌બોધ લાગતાં આત્મશ્રેય કરવાની

તીવ્રભાવના જાગી, પણ બારેમાસ લેણું લેવા આવનાર લેણુદારોની સાથે લેવડ દેવડની પ્રવૃતિ રહેવાથી તે ઉપાધિમુકત થઇ શકતો ન હતો. તેથી તેણે બધા લેણુદારોને પંદર દિવસની મુદતની નોટીસ આપી જણાવ્યું કે–'જે જે આસામીઓ મારી પાસે માગતા હોય, તેમણે પંદર દિવસમાં પોતાનું લેણું મૂળ તથા વ્યાજ સહિત લઇ જવું નહિતો પંદર દિવસ પછી લેણું લેવા આવનારને એક પાઇ પણ મળશે નહિ.' આ નોટીસની લેણુદારોને ખબર પડતાં હજારો માણસો પોતાની મુળ રકમો લેવા આવ્યા. તે વખતે પંદર દિવસસુધી લેણુદારોની બહુજ ભીડ જોતાં પાડોસીને વેપારીની દયા આવતાં તેણે કહ્યું કે–' ભાઇ ! હમણા આપને ઘણીજ પ્રવૃત્તિ રહે છે. પહેલાંતો આટલી પ્રવૃત્તિ ન હતી. હમણા વધારે પ્રવૃત્તિથી આપ મુંઝાતા વા દુઃખી થતા હશો.' એટલે વેપારીએ કહ્યું કે–'મારી બાહ્ય પ્રવૃત્તિ જોઇ આપને તેમ લાગતું હશે, પરંતુ હું જરાપણ દુઃખી નથી તેમ મુંઝાતો પણ નથી. કેમકે પંદર દિવસની પ્રવૃત્તિને આનંદથી સહન કરી લઇશ જેથી ભવિષ્યમાં જરાપણ મને પ્રવૃત્તિ રહેશે નહિ. સર્વથા નિવૃતિ મળવાથી સ્થિરતા અને નિરૂપાધિથી પરમાત્મધ્યાનમાં મગ્ન થઇ આત્મસાધન કરી શકીશ. જેથી તમને દેખાતી આ પ્રવૃત્તિ મારેતો નિવૃત્તિનું પરમ સાધન હોવાથી અતિ આનંદ છે. તેપ્રમાણે અનાદિ કાલથો સંસારમાં પરિભ્રમણ કરતાં અનંત જીવો સાથે રાગ–દ્વેષને લઈ વૈર–વિરોધ વધારી અજ્ઞાનપણે કર્મબંધન કર્યા પછી જ્ઞાનદશા થયા છતાં પણ પૂર્વના નિકાચિત કર્મને ભોગવ્યા વિના તેનો ક્ષય થતો નથી. તેથી આત્મજ્ઞાની ધર્મિષ્ઠ મહાત્માઓએ જગતના જીવોને નોટીસ આપી છે કે ' અમારી સાથે કોઇપણ આત્માનું સુખ વા દુઃખરૂપ લેણું હોય તેણે ત્વરાથી લઇ જવું. કેમકે અમો એક બે કે ચાર ભવમાં વા તરતમાંજ કર્માવરણોથી મુકત થઇ મોક્ષસ્થાને જવાના છીએ, જેથી કર્મનું લેણું અલ્પ સમયમાં પતાવી દેવાનું છે.' આ પ્રમાણે જ્ઞાનદશા થયા પછી પણ અજ્ઞાનપણે બાંધેલાં ભોગવવાનાં કર્મો બાકી ઘણાં રહ્યાં છે અને સંસારમાં રહેવાનો સમય થોડો છે. જેથી અલ્પ સમયમાં ઉપસર્ગો–દુઃખો વિગેરે ઘણાં કર્મો ઉદયમાં આવવાથી સામાન્ય બુદ્ધિવાળાને ધર્મિષ્ઠ આત્મા દુઃખી જણાય છે, પણ તે થોડા સમયમાંજ દુઃખ મુકત થઇ પરમ શાંતિ અને સુખમય સમાધિને પામવાના છે, જ્યારે અજ્ઞાની પાપકૃત્ય કરનાર પાપી આત્મા અત્યારે સુખી દેખાય છે, પણ ભવિષ્યમાં અનંત ભવ વા ઘણો કાલ સંસારમાં રખડવાનો તથા નરક નિગોદાદિકનાં ભયંકર દુઃખો ભોગવવાનો છે, તેથી અત્યારે બિચારો સુખી દેખાય છે, પણ વસ્તુત્વે તે સુખી નથી, પરંતુ અનંત દુઃખનું આવરણ તેને રહ્યું છે; છતાં પુન્યાનુબંધી પાપના ઉદયથી વર્ત્તમાને તે થોડો વખત સુખી દેખાય છે. ઓં શાંતિઃ !!

સતીનું જીવન—

સતી સ્ત્રી શીયળના પ્રભાવથી ભયંકર આપાત્તઓમાં પણ નિડર રહી પોતાના પવિત્ર ધર્મનું રક્ષણ કરી શકે છે. હજારો તલવારોથી જે રક્ષણ ન થાય તે શીલ સંપન્ન આત્મા શીયલના પ્રભાવથી કરી શકે છે. શીયલના પ્રભાવથી જાજ્વલ્યમાન અગ્નિ શીતલ થઇ જાય છે. હાલાહલ વિષ અમૃતપણે પરિણમે છે. ભયંકર વિષધર (સર્પ) પુષ્પમાળવત્ થઇ જાય છે. વિકાળ સિંહ હરણવત્ દેખાય છે અને ત્રાસજનક આપત્તિ પણ સંપત્તિ રૂપે બને છે. સતી સ્ત્રી પોતાના પતિને ઇષ્ટદેવ માની તેના સુખે સુખી અને દુઃખે દુઃખી રહેવામાંજ પોતાને આનંદ માને છે. પતિના સુખને માટે પોતાના શરીર વા પ્રાણને અર્પણ કરવામાં પણ પોતાને સુખ માને છે. પતિ એજ જીવન, પતિ એજ આનંદ અને પતિ એજ ધર્મ માનવો એજ પતિવ્રતા સ્ત્રીનું ખરૂં કર્ત્તવ્ય છે. પતિના વિયોગે અનર્ગલ રૂધ્ધિ અને સ્વર્ગીય સુખ પણ તેને તૃણવત્ ભાસે છે; જ્યારે પતિના સંયોગમાં ભયંકર કષ્ટોને પણ તે પરમાનંદ રૂપ માને છે. મહાત્મા **રામચંદ્રજી** સાથે મહાસતી **સીતાજી** જ્યારે વનવાસમાં ગયા, ત્યારે સીતાજીના પિતા જનક રાજા તથા તેના બંધુ વનમાં તેને મળવા આવ્યા. ફોમળ શય્યામાં શયન કરનાર સુકોમળ પુત્રીને જોઇ પિતાનું હૃદય દ્રવિત થતાં તેણે સીતાને કહ્યું કે—'વ્હાલી પુત્રી! તારી આ દુઃખિત અવસ્થા જોઇ મારૂં હૃદય સંતપ્ત થાયછે, અહા! આવા પવિત્ર નરરત્ન રામચંદ્રજીનું વનવાસનું દુઃખ જોઈ કઠોર માણસનું હૃદય પણ કંપી જાય, તો પછી મને સંતાપ થાય તેમાં શી નવાઈ? નરરત્ન? આપ કૃપા કરી મારૂં ગૃહાંગણ પુનિત કરવા પધારો.' તે સાંભળી રામચંદ્રજી બોલ્યા કે—' પિતાજી? આપ જેવાની વિનંતી મારે સ્વીકારવી જોઇએ, પરંતુ મારા શિરછત્ર પિતાજી તરફથી પ્રાપ્ત થયેલ વનવાસને સ્વીકારવો એ મારી પ્રથમ ફરજ છે. માટે હાલ તો હું આવી શકું તેમ નથી; પરંતુ આપની પુત્રીને આપ લઇ જશો તો હું રાજી છું, રામચંદ્રજીના આ શબ્દથી પ્રસન્ન થઇ જનક રાજાએ પોતાની પુત્રી સીતાને કહ્યું કે — ' વ્હાલી સુતા? તારૂં શરીર અતિ સુકોમળ છે, ટાઢ તડકાનાં દુઃખો તેં કોઇવાર વેઠયાં નથી, પુષ્પ શય્યામાં પોઢનાર, સ્વર્ગ સમાન મહાલયમાં મ્હાલનાર, હજારો દાસ દાસીના સુખથી સુખી અને સ્વર્ગીય આનંદ ભોગવનાર તારાથી આ વનનાં વિકટ દુઃખો સહન થઇ શકશે નહિ, ક્યાં સુગંધી પુષ્પોની શય્યા અને ક્યાં કંટક કાંકરા પર શયન ! ક્યાં મહાલયની મજાહ અને ક્યાં વનવાસનો વાસ! ક્યાં સ્વર્ગીય સુખ અને ક્યાં જંગલનું દુઃખ! માટે બેટા! તારા પતિ વનવાસમાં રહે, ત્યાં સુધી તારા પિતાના ઘરમાં રહી

પતિ સ્મરણ કરતી પ્રભુ ભજન કરજે અને તારા પતિ રાજ્યસ્થાને આવ્યા પછી તેમની સેવાનો લાભ લેવા ભાગ્યશાળી થજે.' પોતાના પિતાનાં આ વચનો સાંભળી સીતાજી સ્તબ્ધ બની ગયાં. પોતાના પતિવ્રતા ધર્મને આઘાત આપનારાં પિતાનાં કઠોર વચનોથી દુઃખિત થઈ તેણે પિતાને કહ્યું કે ' પિતાજી ? આપ આ શું બોલો છો ? સતી સ્ત્રીએ પતિ સુખમાં હોય ત્યારે તેની સેવા કરતાં તે દુઃખમાં હોય ત્યારે બહુજ વધારે સેવા કરવી જોઇએ. પતિના કષ્ટ સમયે પોતાના પિતાને ઘેર દૈહિક સુખ ભોગવતાં પતિવ્રતા ધર્મ, માતાની કુખ અને પિતૃકુળને લજ્જિત કરે એવી સીતાને તમે ધારી ? તેમ નહિજ બને. વિશ્વનો વિલય થાય, સૂર્ય કદાચ પ્રકાશહીન થાય, સમુદ્ર મર્યાદા મૂકે, અગ્નિ શીતલ બને, અચલ મેરૂપર્વત ચલાયમાન થાય અને આકાશ પાતાલ એક થાય, તો પણ જનક પુત્રી સીતા ત્રિકાલે સ્વપ્નાંતરે પણ પોતાના સતિ ધર્મથી ભ્રષ્ટ થાય, એ કદાપિ બની શકે તેમ નથી. પતિના વિયોગે પતિની દુઃખી સ્થિતિમાં તેને છોડી દઇને પિતાના મહાલયમાં મોજ માણનાર–એ સ્ત્રી નહિ, પણ તે રાક્ષસી વા કુલટાજ કહી શકાય. મહાલયની મોજ માણવા કરતાં તથા સુગંધી પુષ્પોની શય્યામાં પોઢવા કરતાં પતિના સંયોગમાં રહી તેની સેવા કરતી સીતા ભૂમિ શય્યા વા કંટક શય્યાથી પણ પોતાને સ્વર્ગીય સુખ ભોગીજ માને છે. પતિ વિરહે વિવિધ સ્વાદિષ્ટ ભોજનો કરતાં પતિની શીતલ છાયામાં રહી ઉપોષિતપણે વા લુક્ષ ભોજનથી પણ અમૃતના સ્વાદ સમાન આનંદ માને છે. પતિના વિરહે ખ્યાના, પાલખીથી મુસાફરી કરવા કરતાં પતિ સંસર્ગમાં રહી પાદચારીપણામાંજ સીતા પોતાના આત્માને અહોભાગી માને છે, પતિ વિયોગે સ્વર્ગીય મહાલયમાં રહેવા કરતાં પતિની શીતલ છાયામાં જંગલમાં રહીને પણ તે અત્યાનંદ મેળવે છે, પતિ વિરહે હીરાજડિત આભૂષણોની શોભામાં મોહિત થવા કરતાં પતિ સમાગમમાં વલ્કલ ધારણ કરી અલંકાર રહિતપણામાં પણ તે દીવ્ય શોભા માને છે, અને પતિ વિયોગે પિતૃવાસમાં રહી સુખ માણવા કરતાં પતિસંયોગે વિકટ વનવાસમાં પણ તે પરમાનંદ મેળવે છે. એમ નિઃશંક જાણજો.

એ પ્રમાણે પોતાની પુત્રી પવિત્ર સતી સીતાનાં પતિવ્રતા ધર્મભૂષક વચનો શ્રવણ કરી આનંદ પામતાં તેને કોટિશઃ ધન્યવાદ આપતાં રાજા જનક પોતાના પુત્ર સાથે સ્વરાજ્યમાં આવ્યો. સીતાજીએ પતિવ્રતા ધર્મ સાચવી રામચંદ્રજી જેવા પરમજ્ઞાની મહાત્માની સેવા બજાવી પોતાના પાવન નામને અમર કર્યું. ધન્ય છે એવી સતી માતાઓને ! કે જેમનાં નામ તથા સચ્ચારિત્રજ આજે ભા-

રત્ન ભૂમિ આર્યત્વને પ્રકાશી રહી છે; જ્યારે ઉપાશ્રયોમાં, ધર્મસ્થાનકોમાં તથા મંદિરોમાં ધર્મ માનતી સ્ત્રીઓ પતિના વિરહે વા દુઃખ દશામાં પણ પોતાના શરીરને ઝાંખતી વસ્ત્રાભૂષણોથી શોભાવી તેમાં આનંદ માનનારી, સામાયક, પ્રતિક્રમણ, સંધ્યાપૂજન, વ્રતોપવાસાદિ ધર્મક્રિયા કરતાં છતાં તથા ધર્મગુરૂનો બોધ સેંકડો વાર સાંભલ્યા છતાં વિકારવૃત્તિનો જય ન કરતાં પતિપ્રેમ તથા પતિવ્રતા ધર્મને ગૌણ કરી અન્ય પુરૂષો પ્રત્યે વિકાર દૃષ્ટિથી વર્ત્તનાર કુલટાઓથી આર્ય દેશ કલંકિત થયો છે અને ભારત ભૂમિનો દીવ્ય પ્રકાશ તેમના અસત આચરણરૂપ કાળાં વાદળાંથી આવરણિત બન્યો છે. પ્રજ્ઞની પવિત્રતા વધારનાર, સત્સંસ્કારોનું સિંચન કરનાર, પ્રજ્ઞના જીવનને ઉન્નત બનાવનાર આર્ય માતાથીજ સમાજ અને દેશની ઉન્નતિ છે. ધર્મસ્થાનકો તથા ધર્મમંદિરોમાં જઇ ધર્મગુરૂઓ તથા સાધ્વીઓના સંસર્ગથી અમારી માતાઓ **સીતા દ્રૌપદી, દમયંતી** જેવા પોતાના હૃદયને તથા જીવનને ઘડશે, ત્યારેજ ભારત દેશનો પુનરૂધ્ધાર થશે. ઓઁ શાંતિ; શાંતિઃ શાંતિઃ ! ! !

ધાર્મિક પ્રકરણ.

સુદર્શનનું અંતર જીવન—

કૃષ્ણ ભગવાનના સુદર્શન ચક્રથી જેમ આસુરીશક્તિનો ધ્વંસ થયો હતો, તેમ વૃત્તિ સંયમી એવા **સુદર્શન** શેઠના નિર્મળ ચારિત્રથી મહાન આપત્તિનો લય થયો હતો. જેમ સત્યની પ્રતિજ્ઞાથી **હરિશ્ચંદ્ર** રાજા મહાન પ્રતિષ્ઠાને પામ્યો તેમ શીયળના પ્રભાવથી **સુદર્શન** શેઠ મહાયશને પામ્યો. સત્ય વ્રતની ઉપાસના કરતાં હરિશ્ચંદ્રને ભયંકર આપત્તિ આવતાં લેશ પણ ચલિત ન થતાં પોતાના સત્ય વ્રતને અચળ પણે સાચવતાં પોતાની ઉન્નતિ કરી, તેમ સુદર્શન મહાત્મા પણ શીયળ સાચવતાં મહા વિપત્તિમાં આવી પડતાં પણ લેશ માત્ર ભય કે ચંચલતા ન લાવતાં પોતાની નિર્મળ શક્તિના પ્રભાવે સંસારથી મુકત થઈ પરમપદ ને પામ્યા. નિષ્કામ દઢતા અને અમાયિકપણાથીજ વ્રતનું આરાધન કરતાં સિધ્ધિ મળેછે; પરંતુ જો યત્કિંચિત્ પણ સકામતા, નિર્બળતા અને માયાદોષ રહે, તો તે કાર્ય ભ્રષ્ટ થઇ સંસારમાં પરિભ્રમણ કરવાનું થાય છે.

એક શેઠ હતો, તેણે 'વગર માગે–આજ્ઞા વિના કોઇની પણ ચીજ લેવી નહિં' એવું અસ્તેય (ચોરી ન કરવાનું) વ્રત લીધું. એક વખતે ગ્રીષ્મ ઋતુમાં શેઠ જે બગીચામાં જંગલ જતા હતા, ત્યાં આમ્ર વૃક્ષોમાં સુગંધથી મનને મોહ પમાડનાર એવી પાકી કેરીઓ જોઇને શેઠની વૃત્તિ ચલાયમાન થઇ ગઈ. કોઇને પૂછ્યા વિના ચીજ લેવાની શેઠને પ્રતિજ્ઞા હતી, પણ કેરીના સ્વાદના મોહની પ્રબલતાથી પ્રતિજ્ઞા શિથિલ થઇ. 'વ્રત ભ્રષ્ટ પણ ન થવું અને કેરીના સ્વાદથી પણ ભ્રષ્ટ ન થવું' એવો રસ્તો શોધવામાં લીન બનેલા શેઠે એક કપટ જનક યુક્તિ શોધી કાઢી. સવારના પહોરમાં આમ્રવૃક્ષ પાસે આજુ બાજુ કોઇ ન હોય તેમ પોતાને કોઇ ન દેખે તેવી બારીક તપાસ કરી આમ્ર વૃક્ષને ઉદ્દેશીને તેણે કહ્યું કે—

" અંબસાર તું ફળ્યો અપાર, લહું એ ચાર ? લેને દશ બાર."

આમ પોતાનીજ મેળે પ્રશ્નોત્તર ગોઠવી વૃક્ષની શાખાપરથી દશ બાર પાકી કેરી ઉઠાવી ગયો અને આંબાની આજ્ઞા માગી કેરીઓ લીધી તેથી પોતાના અસ્તેય વ્રતને બાધા ન આવી, એમ તે માનતો હતો. બે ચાર દિવસ પછી પેલી ડાળપર કેરીઓ ન જોવાથી તેના માલીકને શક પડતાં તે બારીક રીતે તપાસ કરવા લાગ્યો. એવામાં એકાદ દિવસ શેઠને આવી પ્રપંચયુક્તિથી કેરી ચોરતાં જોઇને બાગના માલીકને બહુજ ગુસ્સો ચઢ્યો. આ શેઠ હમેશાં કહે છે કે– 'કોઇને પૂછ્યા વિના એક સળીમાત્ર પણ મારાથી લેવાય નહિ' એમ વ્રતની પ્રતિજ્ઞા જણાવ્યાથી મેં તેને શાહુકાર જાણી વિશ્વાસથી બગીચામાં જંગલ જવાની છુટ આપી તેનું આ પરિણામ ? કેરીઓ ચોર્યા છતાં વ્રત સાચવવાનો ડોળ ઘાલનાર દુરાત્માનો આવો પ્રપંચ ? આ પાખંડ વ્રતધારીને મારે બરાબર શિક્ષા આપવી જોઇએ. એમ વિચારી તે સુતારને ત્યાં ગયો. તેની પાસે બેરના લાકડાનો બે હાથનો ધોકો કરાવી બગીચામાં શેઠના આવવાના વખતે તે નિબિડ ઝાડીમાં સંતાઇ ગયો. શેઠ પણ હંમેશના રીવાજ મુજબ જંગલ પાણી જઇને આમ્રવૃક્ષ પાસે આવ્યો અને કહ્યું કે–' અંબસાર ! તું ફળ્યો અપાર લહું બે ચાર ? લેને દશ બાર.' એમ કહી કેરીઓ તોડી કપડામાં સંતાડીને જેવો બગીચાની બહાર નીકળવા જાય છે, ત્યાં તો બાગનો માલીક ત્વરાથી દોડી આવી શેઠની ગળચી પકડી હાથમાં રહેલ ધોકાને ઉદ્દેશીને બોલ્યો કે–" બેરસાર તને ઘડ્યો સુતાર દઉં બે ચાર ? તો કે દેને દશ બાર." એમ કહેતાંની સાથે જ શેઠના વાંસામાં ફટોફટ તેણે દશ બાર ધોકા લગાવી દીધા. યુવાન બાગ માલિકના દશ બાર ધોકા વાંસે લાગતાં શેઠ તો બિચારો ત્યાંજ

અધમુઆ જેવો થઇ પડ્યો. ત્યાં જમીન ઉપર પડી મોટેથી રાડો પાડતાં 'વોયરે બાપલીઆ મને મારી નાખ્યો' એમ ઘુમ પાડતાં બે હાથ જોડી તેણે બાગના માલિકને કહ્યું કે-'ઓ ભાઇ સાહેબ! મને માફ કરો, હું ભુલી ગયો. હવેથી કોઇ વાર આવું કામ નહિ કરું. મને માર નહિ. આ તું શું કરે છે?' માલિક બોલ્યો કે-'શેઠ! તમે જેમ કોઈને પુછ્યા વિના ચોરી કરવાની બાધા લીધી છે, જેથી આંબાની આજ્ઞા લઇ કેરીઓ ઉઠાવી જાઓ છો, તેમ મેં પણ કોઇને પૂછ્યા વિના મારવાની બાધા લીધી છે, તેથી આ બેરના ધોકાની આજ્ઞા લઇ મેં તને માર ચખાડ્યો છે, તેમાં મારા વ્રતને ખામી આવી નથી.' બાગના માલિકની આવી ઉક્તિ ભરેલી વાત સાંભળી શેઠ શરમાઇ ગયો અને પોતે તેની માફી માગી છ પાંચ કરી ગયો.

આ ઉપરથી સમજવાનું એ છે કે વ્રત લીધા પછી માયા કરી વ્રતથી ભ્રષ્ટ થયા છતાં વ્રત રાખવાનો ડોળ કરનારની દશા કેરી લેનાર પેલા શેઠના જેવી થાય છે. જ્યારે સુદર્શન શેઠના વ્રતમાં નિષ્કામતા, દૃઢતા તથા નિષ્કપટતા સંપૂર્ણ હતાં, તેથી તે પ્રાણઘાતક સંકટમાંથી બચી જઇ મહાન્ પદને પામ્યા.

સુદર્શન શેઠ એક નગરનો નગરશેઠ હતો. તે નગરનો રાજા મહાન્ બુદ્ધિશાળી તથા શૌર્યવાન્ હતો. પોતાના ક્ષાત્રતેજથી તથા બાહુબળથી અનેક શત્રુઓને હઠાવી પોતાની રાજ્યસત્તાનો પડઘો બેસાડ્યો હતો. તેને **અભયા** નામે રાણી હતી, જે અત્યંત રૂપવતી, લાવણ્યમયી તથા યૌવનવતી હતી. તેના રૂપ સૌંદર્ય તથા બીજા કેટલાક શારીરિક ગુણોને લીધે રાજા તેના પર હમેશાં પ્રસન્ન રહેતો હતો. રાણી પોતે ગૃહકાર્ય તથા રાજ્યકાર્યમાં ઘણીજ કુશળ હતી, પણ વિકારના પ્રબળપણાને લઇ તેની વૃત્તિ પોતાના પતિ ઉપર સ્થિર ન હતી; પરંતુ ચલિત હતી અર્થાત્ તે અત્યંત વિષયાંધ હતી.

એક વખતે અભયા રાણી રાજમહેલના ઝરૂખામાં બેઠી બેઠી નગરચર્યા જોયાં કરતી હતી, તે વખતે સુંદર તેજસ્વી, સુદર્શન શેઠ રાજમહેલ પાસેથી નીકળ્યો. શેઠના મનમોહક સ્વરૂપને જોઇ રાણી તેની ઉપર અત્યંત આસક્ત થઇ અને દાસી મારફતે તપાસ ચલાવતાં જાણવામાં આવ્યું કે-તે નગરશેઠ સુદર્શન હતો. શેઠના લાવણ્યથી રાણી એટલી બધી મોહાંધ બની ગઇ કે તેને રાત-દિવસ કશું ગમતું જ ન હતું. અહર્નિશ તેના મેળાપ માટે તથા તેની સાથે સ્થૂલ વાસનાની તૃપ્તિ માટે તે તલસ્યા કરતી હતી; પરંતુ તેના મેળાપનો કોઇ વખત જ આવ્યો નહિ.

એક દિવસે કંઇ કામ પ્રસંગનું બહાનું કહાડી રાણીએ સુદર્શન શેઠને

અંતઃપુરમાં બોલાવી તેની પાસે વિષય યાચના કરી. એટલે જવાબમાં તેણે જણાવ્યું કે–'હું પુરૂષાર્થહીન (નપુંસક) છું' આથી રાણીએ તેને જતો કર્યો. થોડા દિવસ પછી તેજ સુદર્શન શેઠ પોતાની પતિવ્રતા સ્ત્રી તથા બે ત્રણ સુંદર બાળકો સાથે યક્ષ મંદિરે દર્શન કરવા જતાં રાણીના જોવામાં આવ્યો. રાણીએ દાસીને પૂછ્યું કે 'આ તેજસ્વી બાળકો કોના છે?' દાસીએ તપાસ કરી જણાવ્યું કે 'આપણા રાજ્યના ભૂષણરૂપ એવા સુદર્શન શેઠના તે બાળકો છે.' આ વાત સાંભળતાં 'સુદર્શને મને બરાબર છેતરી' એમ સમજી તેના પ્રત્યે રાણીની તીવ્ર વિષયભાવના જાગ્રત થઇ અને તે સફળ કરવા માટે પ્રપંચ શોધવા લાગી.

એકદા વસંતઋતુનો સમય આવતાં કોઇ યક્ષની યાત્રાનો દિવસ આવ્યો. તે દિવસે રાજા તરફથી દરવર્ષે નગરના સર્વ લોકો (સ્ત્રી પુરૂષો) ને નગર બહાર જવાનો ઢંઢેરો ફરતો, જો કોઇ નગરમાં રહે તો તે રાજ્યનો ગુન્હેગાર ઠરે, એવો કાયદો હતો. તે રિવાજ પ્રમાણે આ વખતે પણ નગરમાં ઢંઢેરો ફરવાથી નગરવાસી સર્વજનો બહાર રાજ્યવાડી તથા અન્ય જુદે જુદે સ્થળે લાખો મનુષ્યો વિવિધ પ્રકારની ક્રીડા તથા રમત ગમતના આનંદથી તે દિવસને વ્યતીત કરતા હતા. અર્થાત્ મોટા આડંબરથી તે દિવસને ઉજવતા હતા અને સંધ્યા થતાં સર્વ લોકો નગરમાં પાછા પોત પોતાના સ્થાને ચાલ્યા જતા હતા. ઉત્સવના દિવસે નગરવાસી જનો બધા શહેર બહાર હતા, તે દિવસે ધર્મમૂર્ત્તિ સુદર્શન શેઠ ઉપવાસ કરી પૌષધ (૨૪ કલાકનું ધ્યાન) લઇ પૌષધશાળામાં એકાસને પરમાત્મધ્યાનમાં બેઠા હતા. તે વખતે 'સુદર્શન શેઠ શહેરમાં છે' એમ અભયારાણીને ખબર પડતાં પોતે પેટના દુખાવાનું બાનું કરી બે ચાર દાસ દાસીઓ સાથે શહેરના રાજમહેલમાં જ રહી. નગરજનો તથા રાજા ઉત્સવમાં ગયા એટલે સુદર્શનને સમજાવીને વા બલાત્કારથી લાવવા પોતાની અંગત દાસીને રાણીએ આજ્ઞા કરી. દાસી બે–ચાર નોકર તથા રથ લઇ પૌષધશાળામાં આવી શેઠને વીનવવા લાગી, પણ શેઠજી પરમાત્મધ્યાનમાં એટલા બધા લીન હતા કે–જગત ક્યાં છે અને શું કરે છે? તેની કલ્પના માત્ર પણ ન હતી. સતતપણે આત્મચિંતન સાથે પરમાનંદમાં જ નિમગ્ન હતા, તેથી દાસીએ છેવટે કંટાળીને બલાત્કારે લઇ જવા નોકરોને આજ્ઞા કરી. એટલે શેઠને ઉપાડી રથમાં બેસારી તેઓ રાજભુવનમાં રાણી પાસે લાવ્યા. તે વખતે રાણીએ બધા દાસ દાસીઓને રજા આપી. પોતે એકાંતમાં શેઠની પાસે આવી દીન દાસીની માફક પોતાની મનઃકામના જણાવી વિષયની યાચના કરી, પણ સુદર્શનને તે તરફ લક્ષ્યજ ન

હતું, તે તો અડગપણે પ્રભુધ્યાનમાંજ લીન હતા. ઇંદ્રની હજાર અપ્સરાઓ આવી અનેક પ્રકારના હાવભાવ કે કટાક્ષથી ચલિત કરવાને અનેક યુકિતઓ રચે, તથાપિ અણુમાત્ર પણ જે પોતાના આત્મિક ધ્યાન તથા યોગસ્થિરતાથી ચલાયમાન ન થાય તે આ પામર રાણીની ક્ષુદ્ર વાસનાથી ચલાયમાન કેમ થાય? રાણીએ અનેક યુકિતઓ તથા કામચેષ્ટાઓથી ધર્માત્મા શેઠને ક્ષોભ પમાડવા પ્રવૃત્તિઓ રચી, પણ શેઠની લેશ માત્ર અસ્થિરતા ન જોયાથી છેવટે તે કંટાળી થાકીને શેઠના પગમાં પડી. અહા! કેવું આત્મબળ અને યોગસ્થિરતા? નવ યૌવના, કોમલાંગી, લાવણ્યવતી લલિત લલના રાજાની રાણી જેના ચરણમાં પડી દીન દાસીની માફક પોતે વિષય યાચના કરે છે, તથાપિ એક રોમ માત્રમાં જેને વિકારભાવના કે અસ્થિરતા નથી, એજ પૌષધ, એજ ધ્યાન અને એજ શીયલ! ધન્ય છે આવા યોગીસ્વરૂપ મહાત્માને! નમન છે આવા નિર્વિકારી માનવદેવને! જેના નામ સ્મરણથી પણ અનંત જન્મ જનિત કર્માવરણોનો નાશ થાય. તેવા દીવ્ય મહાત્માઓથી જ આ અર્યાવર્ત્તની ઉજ્વળ કીર્ત્તિનો પ્રકાશ ચોતરફ પ્રસરી રહ્યો છે. સંસાર પ્રવૃત્તિથી મુકત થઇ કંચન તથા કામિનીના સંગથી રહિત બની સાધુજીવન ગાળનારા પણ કેટલાક નામધારી સાધુઓ પાછા કંચન કામિનીની મોહનીમાં લપટાઇ વિષય કષાયાદિ દોષોમાં જીવનને વ્યતીત કરી, શિષ્યાદિ પરિવાર, પદવી, પુસ્તકપાનાં તથા સંપ્રદાયના લોભમાં માયાના ગુલામો બની, પોતપોતાનો પક્ષ જમાવવા તથા માન મહત્તા મેળવવામાં એકબીજા સાથે ઇર્ષ્યા કલેશ વધારી કીટવત્ પોતાનું જીવન નિરર્થક ગુમાવે છે, ત્યારે સંસારના બંધનોમાં રહેલા, કંચન કામિનીના સંગમાં સમય વ્યતીત કરતા, ધન ધાન્યાદિ પદાર્થોની પ્રવૃત્તિઓમાં ફરતા, મહેલ મહોલાતોમાં રમતા સુદર્શન શેઠ જેવા મહાત્મા કે જે રાજાની રમણીય રાણીના સંગમાં પણ પોતાના આત્મસ્વરૂપથી પતિત ન થયા. આનું નામ તે સાધુ! એક મહાત્મા લખે છે કે—'આત્મસ્વરૂપને સાધે તેજ સાધુ.' સંસારત્યાગી થયા છતાં વૃત્તિ અને વાસનાનો ત્યાગ ન થાય તો તે જંગલમાં ભટકતો હોય છતાં સંસારી જ છે. મુંડન વા લુંચનમાં સાધુપણું નથી, પણ વૃત્તિઓનો જય કરી, વિષયવિકારથી વિરકત થઇ, દેહાધ્યાસબુદ્ધિ તથા જગદાકાર વૃત્તિથી નિવૃત્ત થઇ, વિશ્વભાવનાથી મુકત બની પરમાત્મ ભાવનામાં અડગપણે આત્મસાધનમાં રમે તેજ સાધુ છે.

શેઠને ચલિત કરવા અનેક પ્રકારે કામચેષ્ટાઓ કર્યા છતાં જ્યારે શેઠ ચલાયમાન ન થયા, ત્યારે રાણીએ શેઠના પગે પડી દીનતા પૂર્વક પોતાની વાસના

સફળ કરવા આગ્રહ કર્યો તથા શેઠના સ્થિર શરીરને ખુબ જોરથી હચમચાવ્યું. એટલે રાણી તરફ પરમ કારૂણ્યભાવ ઉદ્ભવવાથી શેઠ ધ્યાનમુક્ત થઇ રાણીને સદ્બોધ આપવા લાગ્યા કે—" માતાજી ! આ પ્રવૃત્તિ આપને ઉચિત નથી. રાજપત્ની એ પ્રજાની માતા છે અને પ્રજા એ રાજપત્નીનાં બાળકો છે, તેમ હું પણ આપનો બાળક છું, આપ મારા રાજ્ય માતા છો. માતાએ પુત્રની પાસે અનુચિત યાચના કરવી એ તો મહાન્ અધર્મ છે. રાજ્યમાતા ! આપ પ્રજાની માતા થઇ આપના પતિવ્રતા ધર્મથી ભ્રષ્ટ થશો, તો પછી પ્રજાની શી દશા થશે ? ઓ દેવી ! આ ચંદનમાંથી ઉષ્ણતા કેવી ? કુસુમમાંથી દુર્ગંધી કેવી ? નિર્મળ જ્યોત્સ્નામાંથી અંધકારની છાયા કેવી ? તેમ રાજ્ય માતાના પવિત્ર હૃદયમાંથી આ નરકધ્વનીરૂપ વિકાર ભાવના કેવી ? શાંત થાઓ માતા ! શાંત થાઓ. સ્થિર બની વિચાર કરો અને તમારો સત્ય ધર્મ શું છે તેને શોધો. ક્યાં આપ રાજ્યમાતા અને ક્યાં હું રંક બાલક ? દેવી ! ક્ષણિક સુખની ખાતર પવિત્ર ધર્મથી ભ્રષ્ટ થઇ અધમ માર્ગની ભાવના વા પ્રવૃત્તિ કરી જીવન ગાળવા કરતાં આ વિનાશી દેહનો પાત કરવામાં શું હરકત છે ? માયિક સુખની મોહનીમાં લપટાઇ પરમાત્માના ગુન્હેગાર બની કેટલી જીંદગી કાઢવી છે ? દૈહિક સુખની ભાવનામાં પરમાર્થ સુખની વિસ્મૃતિ કરનાર મનુષ્ય અધર્મીના ઉપનામ (કલંક) ને પામે છે. દોષિત જીવન ગાળવા કરતાં નિર્દોષ મરણ શું ખોટું છે ? માતા, માતા ! આપના પવિત્ર હૃદયમાં આ પાપધ્વનિ શાનો ? ઉષ્ણતા તો અગ્નિમાં હોય, હિમાલયના શાંત જળમાં ન હોય. દુર્ગંધ તો કીચડમાં હોય, બાવાના ચંદનમાં ન હોય. ઘનાંધકાર કૃષ્ણ રાત્રિમાં હોય, મધ્યાન્હના અત્યુગ્ર તેજસ્વી સૂર્યમાં ન હોય. કાળાશ પિતળમાં હોય, પણ શુદ્ધ કંચનમાં ન હોય. હલાહલ વિષ ફણીધરમાં હોય, અમૃત વેલીમાં ન હોય, તેમ નરકસૂચક પાપધ્વનિ વા પરમાધામીનો પડઘો પાપી કુલટા સ્ત્રીઓના હૃદયમાં હોય, પણ આપ જેવાં વિચારશીલ સદ્ગુણી રાજ્ય માતાના હૃદયમાં ન હોય. રાજ્યદેવી ! ઇંદ્રિય જન્ય વિકાર એ સુખ નથી. કલ્પનામાં વા મોહજનિત ભાવનામાં સુખ મનાય છે, પણ વાસ્તવિક સુખ નથી. પરિણામે તે ભયંકર દુઃખ, મહાન્ આપત્તિ અને ત્રાસજનક સંકટો છે. માતા ! જરા વિચાર કરો અને આપની હૃદયચક્ષુ ઉપરથી વિકારના પડલોને જરા દૂર કરી નિર્મળ દૃષ્ટિથી નિરિક્ષણ કરો, તો સુગમતાથી સમજશો કે—આ પાપભાવના મારા તમારા સુખનું કારણ નથી, પણ અનંત દુઃખનું કારણ છે. અરે ! અધોગતિનું કારણ છે, દુર્ગતિનું નિશાન છે. ઓ માતા ! સૂર્ય જ્યારે અંધકારને ધારણ કરશે, મેરૂપર્વત ચલિત થઇ વિનાશ પામશે, સમુદ્ર પોતાની

મર્યાદા મૂકી દેશે, સૃષ્ટિક્રમનો નિયમિત માર્ગ અવ્યવસ્થિત થશે અને રાજપત્ની જ્યારે ધર્મભ્રષ્ટ થશે, ત્યારે આ સૃષ્ટિનો પ્રલયકાર નજદિક આવશે. માટે અંતર દૃષ્ટિથી આત્મિક અવલોકન કરો. માતા! વિકારના વાદળને વિચાર વાયુથી દૂર ખસેડી દીવ્ય જ્ઞાનના પ્રકાશથી આપના આત્માને તથા સૃષ્ટિને પાવન કરો. હૃદયને નિર્દોષ બનાવો. માતા! દેહ ક્ષણુભંગુર છે, વિષયભાવના વિનાશી છે, માનવદેહ દેવોને પણ દુર્લભ છે, તેવા દેવદુર્લભ માનવદેહને પામી કલ્પનાજન્ય ક્ષણિક સુખને માટે અવિનાશી એવા આત્મતત્ત્વથી ભ્રષ્ટ ન થાઓ. વિકારવૃદ્ધિને વા વિષય પોષવાને માટે આ રાજભુવન તથા રાજરાણીનો જન્મ નથી, પણ પીડાતી પ્રજાના રક્ષણનો સતત વિચાર કરવા માટે, પતિસેવા અને પ્રજાશ્રેયની વૃદ્ધિ કરવા માટે આ રાજભુવન છે તથા અનંત ભવજનિત માયાના મલીન આવરણોથી મુકત થઇ સચ્ચિદાનંદ સ્વરૂપની નિર્મળતા તથા વૃદ્ધિ કરવા માટે જે આ રાજપત્નીનો અમૂલ્ય માનવદેહ મળ્યો છે, તેને અધમ ભાવના તથા પાપવૃત્તિથી મલીન ન કરશો, નિરર્થક ન ગુમાવશો. બુદ્ધિની મંદતાએ તથા જ્ઞાનાવરણની વિશેષતાએ દૈહિક પ્રવૃત્તિ સુખરૂપ મનાય છે, પણ તે સુખરૂપ ન થતાં અનંત દુઃખનું ભાજન બને છે. માટે આપના અંતરમાંથી વિકારભાવનાનો લય કરી નિર્મળ ભાવનાંથી આપના હૃદયને પુનિત કરો. માતા! જેની સાથે તમે અધમ યાચના કરો છો, તે તમારો બાળક છે. જોકે તે સંસારી છે, કુટુંબ સ્નેહ અને ઉપાધિમાં લપટાયલો છે; તથાપિ તેના હૃદયમાં પરમજ્ઞાની મહાવીર દેવનો વાસ છે અર્થાત્ મહાવીરના પરમ જ્ઞાનના પ્રકાશથી નિર્મળ બનેલું જે હૃદય, હજારો દેવાંગનાઓ તથા ઇંદ્રાણીઓના હાવભાવથી, કામચેષ્ટાઓથી, તેમના સુંદર દીવ્ય સ્વરૂપ અને મનમોહક ગાયનોથી, સ્વર્ગીય વૈભવોથી અને અનેક યુકિતઓથી અણુમાત્ર પણ ચલિત થાય તેમ નથી, તે હૃદય એક રાજની રાણીથી ચલિત થાય, એ ત્રિકાલે પણ બનવાજોગ નથી, સ્વપ્નાંતરે પણ માનશો નહિ. માતા! સચ્ચિદાનંદના અમૃતપ્રવાહમાં પ્લાવિત થયેલ સુદર્શન વિકારની ગીરમાં પ્રવેશ કરે, એ ત્રિકાલે પણ બનવાજોગ નથી. કલ્પવૃક્ષની શીતળ છાયામાં રમનાર સુદર્શન બાવળના વૃક્ષ તરફ દૃષ્ટિ કરે, મહાવીરના દીવ્ય જ્ઞાનામૃતનું પાન કરનાર સુદર્શન હલાહલ (ઝેર) સામે પણ જુએ, દિવ્ય પ્રકાશમાં કલ્લોલ કરનાર સુદર્શન અંધકારમાં આનંદ માને, આત્મસ્વભાવ સ્વરૂપ સ્વર્ગીય ભુવનમાં મોજ માણનાર સુદર્શન પાપ પ્રવૃત્તિરૂપ પરધામીથી પ્રસન્ન થાય અને આત્મોન્નતિરૂપ ઉર્ધ્વગતિ દીવ્યાકાશમાં રમણ કરતો સુદર્શન અધમ ભાવનારૂપ અધોગતિમાં

ભ્રમણ કરે—એ ત્રિકાલે પણ બનવા જોગ નથી. માતા ! આપ પણ ઉર્ધ્વગતિમાં આનંદ મેળવવા ભાગ્યશાળી બનો. અધોગતિથી મુક્ત થઇ દીવ્યાકાશમાં કલ્લોલ કરો, એવી આ પુત્ર સુદર્શન આપને નમ્રતા પૂર્વક સૂચના કરે છે. માતા! મોહ-ભાવથી મુક્ત થઇ આત્મભાવમાં આવો એટલે આપણે બંને માતા પુત્ર પરમા-નંદમાં રમણ કરીએ અને સન્માર્ગરૂપ સ્વર્ગના દિવ્ય શિખરે વા સિંહાસને આરૂઢ થઇ સદ્ધર્મની ધ્વનિના પડઘાથી અખિલ વિશ્વને ગજાવીએ. આપણા દીવ્યાનંદરૂપ ઝરાનાં પવિત્ર ઝરણોનો પ્રવાહ સૃષ્ટિમાં વહેવરાવી જગતને પાવન કરીએ, માનવદેહની મહત્તા પૌદ્‌ગલિક રચનામાં રમવા માટે નથી, પણ આત્મિક જાગ્રતી કરી પરમાનંદની રમણતા માટે છે. તે પરમાનંદ મેળવવા આપના હૃદયને સદ્‌બોધથી શુદ્ધ બનાવી આત્મશક્તિનો વિકાસ કરવાથી આ ક્ષણિક સુખ મેળવવાની ભાવનાનો ક્ષણવારમાં લય થઇ જશે અને આપ અલૌકિક જીવનધારી યોગિની બનશો. હૃદયને નિર્મળ બનાવવાથી આપ પરમજ્ઞાની થશો, આપના ચરણમાં અસંખ્ય મનુષ્યો તથા દેવતાઓનાં મસ્તક ઝુકશે. માટે મોહનીથી મુક્ત થઇ મનને પરમાત્મભાવ તરફ જોડી દો.”

એ પ્રમાણે નિર્વિકારી બ્રહ્મમૂર્તિ મહાત્મા સુદર્શનના પુનિત બોધને શ્રવણ કર્યા છતાં ક્ષાર ભૂમિમાં બીજ વાવ્યાની માફક વિકારદોષથી દૂષિત થયેલ રાણીના પાપી હૃદયમાં તે બોધની લેશ પણ અસર ન થઇ, ઉલટી તે વિષયાત્મા ક્રોધાયમાન થઇ છંછેડાયેલી સર્પણીની માફક ક્રૂર બની નિર્લજ્જતાભરી ચેષ્ટાથી શેઠને કહેવા લાગી કે—“અહીં તને ધર્મોપદેષ્ટા તરીકે ધર્મોપદેશ આપવા બોલાવ્યો નથી, એ તારાં ધર્મનાં ધતીંગો અને બોધનાં ટાયલાં અહીં નહિ ચાલે. આટલો વખત એક દીન દાસીની માફક આજીજી કરી એ તો બધું નકામુંજ ગયું કે ? રાજાની રાણી થઇ તારી પાસે ગરીબાઇથી યાચના કરું છું છતાં હજી તને ભાન ન આવ્યું. ઓ મૂઢ શેઠ ! આવી સ્વરૂપવતી રાણી તારી પાસે સ્થૂલભોગ માટે યાચના કરે છે, તે તરફ તને ખ્યાલ આવતો નથી ? મારા જેવી મનમોહક સુંદરી સાથે સ્વર્ગીય આનંદ ભોગવવામાં કાં ના કહે છે ? આવો આનંદ અને સમાગમ તને સ્વર્ગમાં પણ મળવો દુર્લભ છે. ધર્મનો ડોળ કરવો છોડી દઇ મારી યાચના માન્ય કર. ખ્યાલ રાખજે કે હું કોઈ જેવી તેવી રખડતી સ્ત્રી નથી, પણ રાજાની માનિતી રાણી છું. જો હું તુંડી (પ્રસન્ન થઇ) તો તને સ્વર્ગના સુખનો ભોગી બનાવીશ તથા અનર્ગલ ધન આપી સુખી કરીશ અને રૂઠી એટલે ક્રોધાયમાન થઇ તો તને ભીખ માગતો કરી દઇશ, અરે ! રીબાવી રીબાવી ભૂંડે હાલે મરાવી નાખીશ. માટે ડહાપણ છોડી

દઈ જ્ઞાનોમાનો માની જાને, મૂર્ખ ! બુદ્ધિશાળી થઇ રતિ સુખના રંગની અને પ્રેમના આનંદની ખબરજ પડતી નથી, યુવાવસ્થામાં ભોજમજાહ ઉડાવવાનો આનંદ છોડી દઈ આ ભુખે મરવાનો અને શરીરને કષ્ટ આપવાનો ઢોંગ ક્યાંથી શોધી કહાડ્યો ? હવે બહુ થયું, મારાથી વિરહવ્યથા એક ક્ષણ પણ હવે સહન થાય તેમ નથી માટે કહ્યું માની જા. મારા જેવી મનોહર સુંદરી સાથે સંસાર સુખ ભોગવી આ નવ યોવનનો લ્હાવો લઇ લે અને મને તે સુખનો આનંદ આપ. અત્યારે તું મારા કબજામાં આવ્યો છે, ઇચ્છા વા અનિચ્છાએ પણ જો મારી આજ્ઞા પ્રમાણે નહિ ચાલે, તો અહીંથી તું જવા પામીશ નહિ, એટલુંજ નહિ, પણ તારી ખરાબ દશા થશે માટે હવે હઠ કરવાનું છોડી દે."

આ પ્રમાણે સાંભળતાં સુદર્શને વિચાર કર્યો કે–'વિષયાંધ રાણીની પાપ ભાવનાની પ્રબળતા હોવાથી મારો સદ્બોધ પરિણમે તેમ નથી' એમ ધારી મહાત્મા સુદર્શને કહ્યું કે–' માતા ! આટલો બોધ આપ્યા છતાં તને કાંઇ અસર ન થઇ ? તારી હેરાન કરવાની વા મરણની ધમકીથી ડરી જઇ અધમ માર્ગને અનુમોદન કરે તેવો તેં સુદર્શનને જાણ્યો ? માતા ! કદાચ અખિલ વિશ્વનો એક ક્ષણવારમાં નાશ થાય, આકાશ પાતાળ એક થઇ જાય, અરે ! બ્રહ્માંડ તુટી પડે; તથાપિ આ સુદર્શન પોતાના પવિત્ર વ્રતથી સ્વપ્નાંતરે પણ પતિત થાય તેમ નથી, એ નિઃશંક માનજો. માતા ! વિચાર કર, વિચાર કર, તને તારા પતિનો તો ડર લાગે તેમ નથી, પણ વિશ્વપતિ પ્રભુનો ડર રાખીને આ અધમ માર્ગથી અલગ થઇ જા. તું કદાચ મને હાથીના પગ તળે છુંદાવી નખાવીશ, અગ્નિમાં બાળી નખાવીશ કે મારા શરીરના રાઇ રાઇ જેટલા ટુકડા કરાવી નાખીશ, તોપણ ત્રિકાલે હું મારા સદ્ધર્મથી ચલિત નહિજ થાઉં, માતા ! સદ્ધર્મનું રક્ષણ કરવા જતાં આ સ્થૂલ દેહનો એક વખત તો શું પણ હજારો વખત નાશ થતો હોય તો પણ તેની કલ્પના આવે તેમ નથી. સ્થૂલ દેહના મોહની ખાતર આત્મિક જીવનનો ઘાત કરી અનંત ભવનો ફાંડો બનવા સુદર્શન ઇચ્છા કરે તેમ નથી અર્થાત પરમાર્થ ધર્મનું રક્ષણ થતાં સ્થૂલ દેહનો નાશ થતો હોય, તો તેમાં રોમ માત્ર પણ મને ખેદ કે ભય નથી, પણ પરમ શાંતિ, સુખ અને પરમાનંદજ છે. તારા પાપ વિચારને આધીન થઈ પવિત્ર જીવનથી ભ્રષ્ટ થવા કરતાં અગ્નિમાં બળવામાં અને શરીરના ટુકડા થવામાં પણ સુદર્શન પરમ ભાગ્યોદય માને છે માટે તારી ખોટી ધમકીથી બીજાને ડરાવવા કરતાં તારા પાપમય મલીન વિચારોથી તું પોતેજ ડરીને અધમ માર્ગથી મુક્ત થઇ, વિકાર વાસનાથી વિરક્ત બની,

પ્રભુનો ડર લાવીને સન્માર્ગ તરફ ગમન કર, કે જેથી તારા આત્માનું પરમ કલ્યાણ થાય. ”

એ રીતે યોગેંદ્ર સમાન શેઠનાં નિડરતાભર્યાં વચનો સાંભળતાં રાણીએ જાણ્યું કે—‘ આ દુર્ભાગી શેઠ મારૂં કહ્યું માને તેમ નથી. વળી અહીંથી છટકી ગયા પછી જો એ રાજા કે બીજા કોઇ પાસે મારી આ નિંદનીય વાત કરશે, તો મારી અપકીર્ત્તિ થશે. માટે તે અપકીર્ત્તિથી બચવા તથા મારી અવગણના કરનાર આ મૂર્ખ શેઠને શિક્ષા આપવા કોઇ યુક્તિ રચી પ્રપંચ કરવો જોઇએ.’ આવા પાપમય વિચારથી ‘ ચોર કોટવાલને દંડે ’ એ કહેવત પ્રમાણે પ્રથમ તેણે દાસીઓ પાસે ધક્કા મરાવી તેને મહેલ બહાર કઢાવ્યો અને પાછળથી પોતાનાજ હાથે પોતાનાં વસ્ત્રો ફાડી તોડી, નખથી પોતાની છાતી અને શરીર ઉપર ઉઝેડા (નખોરીઆ) ભરી એકદમ ‘ દોડો દોડો, આ પાપી સુદર્શને મારી ઇજ્જતપર હાથ નાખ્યો’ એમ મોટે સાદે રાડો પાડતાં રાણીએ ત્યાં તોફાન મચાવી મૂક્યું. રાણીની રાડોથી તથા દાસીઓના કોલાહલથી રાજમહેલનું રક્ષણ કરનારા સુભટો તરત ત્યાં દોડી આવ્યા અને રાણીના હુકમથી શેઠને પકડી દોરડી વતિ બાંધીને તેને પોલીસ ચોકીમાં બેસારી મૂક્યો. આ બાજુ રાજાને તે રમખાણની ખબર આપવા એક નોકરને મોકલ્યો. નોકરના મુખથી તેવા સમાચાર સાંભળતાં રાજા સ્તબ્ધ બની ગયો. અને ત્વરાથી રાજમહેલમાં આવ્યો. ત્યાં રાજાને આવેલ જાણીને રાણી પોતાનું શિર કુટતી, રૂદન કરતી અને શેઠને ગાળો દેતી તે રાજા પાસે આવી અને બોલી કે—‘ સ્વામીનાથ! આજે યક્ષયાત્રાનો દિવસ હોવાથી નગરજનો બધા બહાર ગયેલ જાણી એ તકનો લાભ લેવા આ ધર્મી તરીકે ગણાતો પાપી સુદર્શન છાની રીતે રાજમહેલમાં દાખલ થઇ ગયો. તે વખતે મધ્યાન્હ સમય હોવાથી દાસ દાસીઓ પણ પોતાના કામમાં રોકાયલા હતા, માત્ર એક બે દાસીઓ મારી સેવામાં હાજર હતી. તે વખતે એકાંતમાં મારી પાસે આવીને તેણે અનુચિત યાચના કરી. ત્યારે મેં તેને કહ્યું કે—‘ અરે શેઠ! તું ધર્મિષ્ઠ થઇ પ્રતિષ્ઠિત પણાનો ડોળ કરનાર, માતા સમાન રાજપત્ની ઉપર કુદૃષ્ટિ કરતાં શરમાતો નથી ? આ પાપી વચનો બોલતાં તારી જીભ કેમ તુટી જતી નથી ? મારી આ શિખામણથી તે પાપી ઉલટો વધારે ક્રોધાયમાન થઇ કામાંધ બની મારી ઉપર ધસી આવ્યો અને મારો હાથ પકડી મારી આબરૂ લુંટવાનો તે પ્રયત્ન કરતો હતો, તેવામાં મેં બુમ પાડી, એટલે આ દાસ દાસીઓ દોડી આવ્યા. મેં આજે મારી આબરૂ અને આપના કુળને પાવન રાખ્યું છે.

નહિ તો આજે શી ભયંકર સ્થિતિ થાત, તેનો વિચાર કરતાં મારૂં હૃદય કંપી ઉઠે છે. આ પ્રમાણે રાણીની હકીકત સાંભળી ક્ષણભર તો રાજા પણ સ્થિર બની ગયો. કારણ કે સુદર્શનના પવિત્ર જીવનની રાજાને અનેક કારણોથી અનેકવાર પ્રતીતિ થઇ હતી. 'સુદર્શન જેવો મહાન ધર્મિષ્ઠ શેઠ સ્વપ્નાંતરે પણ આવું કૃત્ય ન કરે' એમ રાજાને પૂર્ણ ખાત્રી હતી, છતાં રાણીની વાક્યજાળમાં રાજા ફસાઈ ગયો. રાજાને રાણી ઉપર પણ તેના નિર્દોષપણાની પૂર્ણ પ્રતીતિ હતી. 'સુદર્શન તરફ કોઇ જાતના દ્વેશને લઇને વા પોતાના દુષ્કૃત્યનો બચાવ કરવા માટે રાણી આ પ્રપંચ ઉઠાવે એમ રાજાને માનવાનું જરા પણ કારણ ન હતું. તેથી પાપી રાણીની વાક્ય રચનાથી અને પાંચ દશ દાસ દાસીઓના પુરાવાથી (રાણીએ કોઇને બીક બતાવી અને કોઇને લાલચ આપી દાસ દાસીઓને આગળથી જ સુદર્શન વિરૂધ્ધ સાક્ષી આપવા ભણાવી રાખી હતી.) રાજાને રાણીની વાત સાચી જણાઇ; તથાપિ સુદર્શનને પુછ્યા વિના તથા પુરતી તપાસ કર્યા વિના તેને દોષિત ઠરાવવાનો ચુકાદો આપવો–વગર વિચારે જજમેન્ટ આપવું તે ન્યાય સંપન્ન રાજાને ઉચિત નથી' એમ ધારી ક્રોધથી ધમધમી રહેલા રાજાએ સુદર્શન પાસે આવીને કહ્યું કે—' શેઠજી ! આ શું કર્યું ? રાણીએ તમારે માટે જે અપવાદ મુકયો છે, તેનો બચાવ કરવા માટે તમારી પાસે કાંઇ પુરાવો છે ? હું તપાસ કર્યા વિના કોઇને સજા કરી અન્યાયપણાનો અપવાદ લેવાને ઇચ્છતો નથી. માટે તમારા બચાવમાં કાંઇ બોલવાનું હોય તો કહો. શેઠ ! આતો ચીભડામાંથી વરાળ ઉત્પન્ન થવાનું આશ્ચર્ય તો આજેજ જોયું. નગરમાં અગ્રેસર અને પ્રતિષ્ઠિત ગૃહસ્થ થઇ, પરમ જ્ઞાની મહાવીરનો ભકત બની ધર્મિષ્ઠ પણાનો દાવો કરનાર પાપી શેઠ ! તારૂં આ કૃત્ય ? તને અન્ય કોઈ સ્ત્રી ન મળી કે માતૃ સમાન ગણાતી રાજ્યદેવી ઉપર કુદષ્ટિ કરી ? રાજાનો તો તને ભય ન ભાસ્યો, પણ પરમાત્માના ભયથી પણ ડર્યો નહિ ? ધર્મઢોંગી ! તારૂં કૃત્ય જોઇ તને રીબાવી રીબાવીને મારી નાખવો જોઇએ. બોલ, તારે કાંઇ બોલવું હોય તો બોલ. પાપાત્મન્ ! દુષ્કૃત્ય કરતી વખતે જરાપણ ભય કે લજ્જા ન આવી અને હવે નીચું મ્હોડું કરી શું જુએ છે ? તારે કહેવાનું હોય તે સત્વર કહી દે, ' રાજાના વારંવાર પૂછવાથી પણ શેઠે કાંઇ જવાબ ન દીધો. કારણકે શેઠ જાણતો હતો કે 'પાપણી રાણીએ પ્રપંચ કરી રાજાને ભમાવ્યો છે, તે વખતે મારી પાસે કોઇ સાક્ષી ન હતો, રાણીએ દાસ દાસીઓને પણ ખોટી સાક્ષી ભરવા ઉશ્કેર્યા છે, જેથી મારી વાત કોઇ માનશે નહિ, પોતાની વાત મારી જાય વા કોઇ માને નહિ તેવી હોમ ત્યારે તે વાત પ્રગટ કરી લોકોના હાસ્યપાત્ર થવા કરતાં મૌન રહેવામાંજ સાર છે. રાજા ક્રોધાયમાન થઇ ગમે તેવી સખ્ત શિક્ષા કરે, તો

પણ અણુમાત્ર ભય પામવાની જરૂર નથી; કારણકે મારાં પૂર્વ પ્રારબ્ધ કર્મની સત્તાથીજ મને સુખ દુઃખ મળશે. જગતમાં કોઈ પણ જીવ બીજાને સુખ દુઃખ આપવાને શક્તિમાન્ નથી. સર્વ જીવો પોત પોતાના કર્મ સૂત્રથીજ બંધાયેલા છે. પોતાના પવિત્ર ધર્મથી ભ્રષ્ટ થવા કરતાં મરણ પામવામાંજ પરમ શ્રેય છે. માટે કાંઈ પણ ન બોલતાં પ્રભુરટન, આત્મચિંતન અને સદ્‌ભાવનામાંજ લીન થવું એજ મારૂં કર્ત્તવ્ય છે; કારણકે અંતે ' **सत्यमेवजयति** ' સત્યજ સદા જય પામે છે. ' એ પ્રમાણે વિચારી પવિત્ર મૂર્તિ શેઠ મૌનજ ધરી રહ્યા. શેઠ કાંઇ પણ બોલ્યા નહિ, તેથી રાજાને વ્હેમ પડ્યો કે—' રાણીની વાત વખતસર સાચી હશે. જો શેઠ નિર્દોષ હોય તો શા માટે નિર્ભયતાથી પોતાનો બચાવ ન કરે ? તેથી શેઠ પાપી હોય તેમ સાબીત થાય છે. ' રાણીની વાત ઉપરથી, દાસ દાસીઓના પુરાવાથી અને શેઠના ન બોલવાથી ' શેઠ દોષિત છે ' એમ જાણી શેઠ પ્રત્યે અત્યંત ધિક્કાર દર્શાવતાં ક્રોધના આવેશમાં રાજાએ ચંડાળોને હુકમ કર્યો કે—' શેઠને શૂળીએ ચડાવો. ' એ રીતે શેઠને મારી નાખવાનો હુકમ આપી રાજા રાજભુવનમાં રાણીને આશ્વાસન આપવા આવ્યો. શેઠને શૂળીની સજા થવાના ખબર નગરમાં ફેલાતાં ચારે તરફ હાહાકાર થઇ રહ્યો; કારણકે બધા નગરજનોને શેઠના સચ્ચારિત્રની ખાત્રી હતી. શેઠ તેવું કૃત્ય કરે નહિ—એવો પાકો વિશ્વાસ હતો, તથાપિ **मुंडे मुंडे मतिर्भिना** એ કહેવત પ્રમાણે કોઇ રાણીનો દોષ કહાડી તેને ધિક્કારતા અને કોઇ ' કંચન કામિનીના મોહમાં મોટા મોટા મુનિઓ પણ લપટાઇ ગયા, તો આ બિચારો શેઠ કયા હિસાબમાં ? રૂપવતી રાણીને જોઇ શેઠનું મન બગડયું હોય તો કોણ જાણે ? ' એમ રાણી, રાજા અને શેઠને માટે અનેક પ્રકારની વાતો થવા લાગી. એવામાં સુદર્શન શેઠની સતી સાધ્વી ધર્મપત્નીને આ વાતની ખબર પડતાં જાણે વજ્રાઘાત થયો હોય તેમ હૃદયને આઘાત લાગતાં તે ધરણી ઉપર ઢળી પડી, એટલે સખીઓએ તરત જળ સિંચન તથા પવનથી તેને સાવધાન અને શાંત કરી. પોતાના પતિ ઉપર ભયંકર આપત્તિ તથા અધમ અપવાદ આવ્યો જાણી તે સતીને અત્યંત દુઃખ થવા લાગ્યું. જીંદગી ભરના પતિદેવના સહવાસથી તેને નિઃશંક ખાત્રી હતી કે—' મારો ઇષ્ટ પતિ અસત્પ્રવૃતિ કદાપિ કરેજ નહિ, આ બધો દુષ્ટ રાણીનોજ પ્રપંચ છે, પણ અત્યારે મારૂં શું જોર ચાલે ?' પોતાના પતિ પર આવેલ આપત્તિ તથા અપવાદને દૂર કરવા માટે તે પરમકૃપાળુ મહાવીરના મંદિરમાં ગઇ, ત્યાં પ્રભુની પુનિત મૂર્ત્તિ સન્મુખ એકાગ્રતાથી યોગ સ્થિર કરી ધ્યાનસ્થ રહી પ્રભુ પ્રાર્થનામાં લીન બની ગઇ

કે— ' હે ભગવન્ ! મારો પતિ સર્વથા નિર્દોષ છે, એમ મને પૂર્ણ પ્રતીતિ છે, ચંદ્ર સૂર્યનો નાશ થાય, બ્રહ્માંડનો લય થાય, સૂર્ય પશ્ચિમમાં ઉગે, કમળ કદાપિ પત્થર ઉપર ઉગે, તથાપિ પવિત્ર મૂર્ત્તિ મારો પતિ સ્વપ્નાંતરે પણ અસત્પ્રવૃત્તિ તથા અસત્કલ્પના કરે તેમ છેજ નહિ–એમ મને પૂર્ણ ખાત્રી છે. હે દયાસિંધુ ! જન્મથી આજ પર્યંત મારા મન વચન અને કાયાના ત્રણે યોગની સંપૂર્ણ શુદ્ધિથી મેં શીયળ સાચવ્યું હોય અને ધર્મધુરંધર મારો પ્રાણ વલ્લભ પતિ સર્વથા નિર્દોષ હોય, તો મારા શીયલના તથા મારા પતિના શીયલ અને નિર્દોષ જીવનના પ્રભાવથી આજ ક્ષણે મારા શિરછત્ર સ્વામીપર આવેલ આપત્તિ તથા અપવાદનો લય થાઓ.'

એ પ્રમાણે સતીની ઉગ્ર ભાવનાથી યાતો સુદર્શન મહાત્માના નિર્મળ ચારિત્રના પ્રભાવથી તત્ક્ષણે તેમજ બન્યું. અર્થાત્ રાજસુભટો જે વખતે શેઠને બાંધીને નગરમાં ફેરવતાં લઇ જતા હતા, તે વખતે સુદર્શનની નિર્દોષતા માટે નગરજનોને સંપૂર્ણ ખાત્રી હતી, તેથી હજારો લોકો બંધન યુક્ત સુદર્શનને જોઇ છાતીફાટ રૂદન કરતા હતા. સુદર્શન નિર્ભયપણે જરા પણ સંકોચ વિના નગરના સ્નેહી જનોને સદ્બોધથી સાંત્વન આપતા હતા. રાજસેવકો તેને નગર બહાર શૂળીના સ્થાને લઇ ગયા. તે વખતે પોતાનો અંતિમ સમય આવ્યો જાણી કૃપાળુ પરમાત્માનું શુદ્ધ મનથી ઉત્કૃષ્ટ ભાવે ધ્યાન ધરી, સર્વ નગરજનોની સાથે ક્ષમાપના કરી, પોતાને મરણ પથારીપર લાવનાર પાપી રાણી તથા રાજા પ્રત્યે પણ હિત ભાવના લાવી ઇષ્ટદેવ સૂચક નમસ્કાર મંત્રનું ધ્યાન કરતો હેલ ઉપર ચડે, તેમ શેઠ હસતો અને આનંદ પામતો શૂળી ઉપર ચડી ગયો. પેલા ચંડાળો તેને શૂળી ઉપર ચડાવી જંપ્યા નીચે ઉતર્યા કે તેજ ક્ષણે સુદર્શનની પવિત્ર સતી સ્ત્રીના ધ્યાનના પ્રભાવથી વા સુદર્શનના વિશુદ્ધ ચારિત્રના પ્રભાવથી શૂળી મટીને હીરામાણેક જડિત સિંહાસન થઇ ગયું. અસંખ્ય દેવતાઓ શેઠ ઉપર વિવિધ પુષ્પોની વૃષ્ટિ કરવા લાગ્યા, વાજીંત્રના દીવ્ય નાદથી આકાશને ધ્વનિમય કરતા, છત્ર તથા ચામર ધારણ કરી જય જયારવ બોલતા દેવતાઓ તેની સેવા તથા નાટક કરવા લાગ્યા. આ અદ્ભૂત દેખાવ જોઇ પાસેના લોકો તો ચકિત થઇ ગયા. એ દીવ્ય દેખાવની નગરમાં ખબર પડતાં હજારો માણસો ત્યાં આવ્યા અને ધર્મમૂર્ત્તિ શેઠને નમન કરતા ઉભા રહ્યા. શેઠની સ્ત્રીને આ ખબર મળતાં તે તરતજ ધ્યાનમુક્ત થઇ ભગવંતને પરમ ભક્તિથી પુનઃ પુનઃ નમસ્કાર કરી ઉલ્લાસ પામતી પતિદેવના દર્શન કરવા સિંહાસન પાસે આવી, પતિના ચરણમાં શિર

નમાવી, બે હાથ જોડી હર્ષથી રોમાંચિત થતી પતિને વારંવાર નમસ્કાર કરતી તે પતિના પ્રેમાગ્રહથી સમીપમાં બેઠી. અહા ! આ સમયે તે પવિત્ર દંપતીને જોનાર લોકોના અંતરમાં રામ સીતાજીનોજ ચિતાર આદર્શિત થતો હતો. એવામાં રાજાને પણ આ વાતની ખબર પડતાં પોતાની ભૂલને માટે પશ્ચાત્તાપ કરતો, રાણીના દુષ્કૃત્યને જાણી તે દુષ્ટાને ધિક્કારતો, અમલદાર વર્ગની સાથે ત્વરાથી તે નગર બહાર આવ્યો અને સિંહાસન ઉપર જ્યાં નિર્દોષ દંપતી વિરાજિત હતા ત્યાં આવી દંપતીના ચરણમાં શિર નમાવી પોતાની ભૂલને માટે વારંવાર તે ક્ષમા યાચવા લાગ્યો. ત્યાં રાજાને આવેલ જાણી ઉભા થઇ શેઠે પણ રાજાને બહુમાન આપી ગઇ વાતને ભૂલી જવા સૂચના કરી. શેઠની નિર્દોષતા જોઇ અને રાણીની નીચતા જાણી રાણીને હસ્તીના પગ તળે કચરાવી મારી નાખવાની રાજાની ઇચ્છા હતી અને તેવો હુકમ આપવાની પણ તે તૈયારીમાં હતો, ત્યાં સુદર્શને રાજાને સમજાવી રાણીના ઉપરનો ભયંકર હુકમ પાછો ખેંચાવી લીધો. રાણીની ભૂલ પણ માફ કરી. ફરીથી પાપવિચાર ન કરતાં પોતાના પતિદેવ રાજાની શુદ્ધ મનથી સેવા કરવા તેણે રાણીને ભલામણ કરી. આ દંપતીના શુદ્ધ ચારિત્રથી અત્યંત પ્રસન્ન થઇ રાજા તેમને ધન્યવાદ આપતો હાથીના હોદ્દા ઉપર બેસાડી હાથી, ઘોડા, રથ અને પાયદલ—એમ ચતુરંગી સેના સહિત મોટા આડંબર પૂર્વક તેણે નગરમાં પ્રવેશ કરાવ્યો. તે વખતે દેવતાઓ દંપતીની પ્રશંસા કરતા સ્વર્ગસ્થાનમાં અંતર્ધાન થયા અને નગરજનો પવિત્ર દંપતીની સ્તુતિ કરતા પોતપોતાના સ્થાને ગયા.

સુદર્શન શેઠે પોતાનું શીયળ દૃઢ તથા શુદ્ધ મનથી પાળી ભયંકર આપત્તિને પણ શીયળના પ્રભાવથી દૂર કરી, વિશુદ્ધ ચારિત્રના પ્રભાવથી શૂળીને પણ સિંહાસન બનાવી, દેવ મનુષ્યોની પ્રશંસા મેળવી અંતે પતિપત્ની બંને દંપતી પોતાનું શુદ્ધ ચારિત્ર પાળી, ઉત્કૃષ્ટ આત્મબળને મેળવી, અનંત સંસારના આવરણોનો નાશ કરી, પરમ શાંતિમય અવ્યાબાધ પરમપદને પામ્યા. આનું નામ તે શીયળ, ચારિત્ર વા વ્રત ! વૃત્તિઓને રમાડવાની પ્રવૃત્તિનું નામ શીયળ કે વ્રત નથી, પણ વૃત્તિઓનો જય કરી, મન વચન કાયાના યોગને સ્થિરતાપૂર્વક શુદ્ધ બનાવી ઉત્કૃષ્ટ આત્મસ્થિરતા પૂર્વક નિષ્કામપણે જે સત્પ્રવૃત્તિ થાય તેનેજ જ્ઞાનીઓ વ્રત, શીયળ વા ચારિત્ર કહે છે.

ઓં શાંતિઃ શાંતિઃ શાંતિઃ ! ! !

અહિંસા પરમોધર્મઃ

अहिंसा परमोधर्मः अहिंसा परमं पदं ।
अहिंसा परमं ज्ञानं अहिंसा परमं तपः ॥ १ ॥

હિંસ્યતે ઇતિ હિંસા, ન હિંસા અહિંસા—હિંસ્યતે એટલે કોઇપણ જીવાત્માના મન વચન કાયાના ત્રણ યોગમાંથી કોઇપણ યોગને અણુમાત્ર પણ દુભાવવું અર્થાત્ દુઃખ આપવું તેનું નામ હિંસા અને તેવા દુઃખ આપવાના કૃત્યથી મુક્ત થવું તેનું નામ અહિંસા. અહિંસા એજ ઉત્કૃષ્ટ ધર્મ છે, પરમપદ છે, પરમજ્ઞાન છે અને અહિંસા એજ પરમ તપ છે.

અહિંસા એ વાક્યના સંબંધમાં અનેક વિદ્વાનોના વિવિધ વિચારો જગતમાં ફેલાયા છે. જૈનધર્મનું તે મુખ્ય સૂત્ર છે, જેમાં અતિગૂઢ રહસ્ય સમાયેલું છે. તેવા સૂત્રનો સામાન્ય રીતે અર્થ કરવાથી તથા સંપ્રદાય ભાવે તે સૂત્રનો પ્રચાર થવાથી સમાજની કેટલી અધોગતિ થાય છે. તે આધુનિક વર્તતી અને કહેવાતી જૈનસમાજની સ્થિતિ જોવાથી સુગમતાથી સમજાય તેમ છે. મહાન સમર્થ દેશભક્ત **લાલાલજપતરાયે** એક વખતે 'અહિંસા પરમો ધર્મઃ' એ સૂત્ર ઉપર લેખમાં જણાવ્યું હતું કે —'જૈન ધર્મના આ સૂત્રથી ભારત દેશમાં ક્ષાત્રતેજનો ઘણે ભાગે લય થઇ નિર્બલતા આવી ગઇ છે.' જૈન શાસ્ત્રોનું સુક્ષ્મતાથી નિરીક્ષણ કરી જૈનધર્મના ' અહિંસા પરમો ધર્મઃ '— એ સુત્રના રહસ્યને દીર્ઘ વિચાર પૂર્વક વિચારવામાં થોડાક સમયનો અવકાશ નરરત્ન લાલા લજપતરાએ લીધો હોત તો પવિત્ર જૈનધર્મના જૈન શાસ્ત્ર ઉપર ઉપરોક્ત વચનથી અન્યાય આપ્યો છે, તે પવિત્ર ધર્મપ્રત્યે અન્યાય આપવાની મહાન ભૂલથી મુક્ત થાત. અને જૈનધર્મ માટે જે વિચારો દર્શાવ્યા છે, તે અસત્ય છે, એમ માનવાનો વખત આવત. અલબત, લાલા લજપતરાયે લેખમાં જે વચનો લખ્યાં છે, તેજ પ્રમાણે બન્યું છે અને હજી પણ બનતું જાય છે, એ પ્રત્યક્ષ દેખાય છે; પણ ભારતમાં ક્ષાત્રતેજની ક્ષીણુતા અને નિર્બળતાની વૃદ્ધિ થવાનું કારણ જૈન ધર્મ વા જૈન સૂત્રો નથી, પણ જૈનધર્મના અદ્‌ભૂત રહસ્યને નહિ જાણનાર હાલની જૈન નામથી ઓળખાતી જૈન કોમ છે, એમ તો હું પણ અનેક કારણોને લઇ નિડરતાથી જણાવું છું. આ ઉપરથી એમ સમજવાનું નથી કે બીજા સમાજોથી ક્ષાત્રતેજની વૃદ્ધિ થાય છે અને માત્ર જૈન સમાજથી ક્ષાત્રતેજનો નાશ થયો છે. જ્યાં દર્શન એટલે આત્મસ્વભાવની દશા વિના સંપ્રદાયભાવે દર્શનની માન્યતા છે, ત્યાં

બૌદ્ધ, સાંખ્ય, વેદાંત વિગેરે જે જે દર્શન વાળા આત્મભાવને છોડી દઇ માત્ર સંપ્રદાયિક પ્રવૃત્તિમાંજ ધર્મની મહત્તા માની પોત પોતાના સંપ્રદાયને પોષવા એક બીજામાં ખંડન મંડન વિગેરે વિક્ષેપની પ્રવૃતિઓ ચલાવે છે, તે દરેક મત વાલાએ સત્ય તત્ત્વના પ્રકાશથી દેશની ઉન્નતિ ન કરતાં માયા, મમતા તથા મતાગ્રહના બંધનોથી બંધાયેલા દરેક સંપ્રદાયોના ધર્મગુરૂઓથી સમાજ તથા દેશની અધોગતિ થઇ છે; કારણકે આત્મભાવ ત્યાંજ ધર્મ અને ત્યાંજ ઉન્નતિ છે, પણ જ્યાં જ્યાં વાડા વધારવા માટે પોતાના સંપ્રદાયની વૃદ્ધિ કરવા મતાગ્રહભાવ વા સંપ્રદાયભાવ છે, ત્યાં તો અધર્મ અને અવનતિ થાય છે, એ પ્રત્યક્ષ દેખાય છે. જૈન ધર્મશાસ્ત્રના **'अहिंसा परमोधर्मः'** એ સૂત્ર જેવા પરમાર્થ ધર્મનો પ્રકાશ બીજા ધર્મશાસ્ત્રોમાં સંપૂર્ણતાએ નથી, એ તો નિઃસંદેહ છે, પણ તેની સાથે હાલની જૈન પ્રજામાં ક્વચિત્ક વિરલ પવિત્રાત્માઓના અપવાદ સિવાય ઘણે અંશે તો હાલની કહેવાતી જૈન પ્રજામાં તે સૂત્ર પ્રાયઃ લુપ્તતાને પામ્યું હોય, એમ જણાય છે. જેથી જે ધર્મશાસ્ત્રમાં **अहिंसा परमोधर्मः'** એવા પવિત્ર સૂત્રનું ગુંથન છે, તે ધર્મશાસ્ત્રને માનનારી પ્રજામાં આર્થિક, શારીરિક, માનસિક તથા પારમાર્થિક ઉન્નતિ, વિદ્યા જ્ઞાનની વૃદ્ધિ, ઉત્સાહ તથા આત્મબળની ઉત્કૃષ્ટતા, પ્રેમ, સરલતા તથા ઐક્યતાની વિશેષતા દરેક સમાજ કરતાં અસંખ્ય દરજ્જે સર્વોત્કૃષ્ટ હોવી જોઇએ, છતાં અફસોસ ! લખતાં ખેદ અને દિલગીરી ઉપજે છે કે તેવા ગુણો જૈન સમાજમાં તો ભાગ્યેજ હશે, પણ જૈન સમાજના કહેવાતા ધર્મગુરૂઓમાં પણ ભાગ્યેજ હશે, એમ નિર્ભયપણે પ્રતિપાદન કરૂં છું.

જૈન કોમ કરતાં પારસી કોમ ઘણીજ નાની છે; છતાં તેના જેટલી પણ જૈન કોમમાં વિદ્યા કેળવણીની વૃદ્ધિ નથી. ઘોબી તથા હજામ જેવી હલકી જાતના જેટલી પણ જૈન સમાજના વા તેના ધર્મગુરૂઓમાં પ્રીતિ તથા ઐક્યતા નથી. હું ભૂલતો ન હોઉં તો પાંચ સાત વર્ષ પહેલાં એકજ ગુરૂના બે શિષ્યો કે જે બંને આચાર્યના ઈલ્કાબથી અલંકૃત (લજ્જાવનારા) થયેલા છે, તેમણે એક બીજામાં કાંઇક કારણોને લઇ ખટપટ જાગવાથી છાપાઓમાં જાહેર ટીકા કરતાં એક આચાર્યે પોતાનાજ ગુરૂભાઇ બીજા આચાર્યને એક શ્રાવકની ખુશામત કરનાર તથા માલ મલીદા ખાનાર પાડો બનાવ્યો હતો, ત્યારે બીજાએ કાશીનો ગધેડો બનાવ્યો હતો. કહો, આવા અધમ જીવન ગાળનાર આચાર્યો જે સમાજમાં નેતા તરીકે, મહાત્મા તરીકે પૂજાતા હોય, તે સમાજની સર્વ પ્રકારે અધોગતિ થાય તેમાં આશ્ચર્ય શું છે ? વિક્ષેપ, કષાય, મિથ્યાત્વ,

અજ્ઞાન, રાગ, દ્વેષ વિગેરે કર્મ શત્રુઓનો નાશ કરનારને વીતરાગ કહે છે. અહા ! આવા અપૂર્વ ગુણપૂરિત, અપૂર્વ આલ્હાદદાયક નામને ધારણ કરનાર શ્રી વીતરાગ દેવને માનનારા, તેના ધર્માનુયાયીપણાનો દાવો કરનારા શ્વેતાંબરો તથા દિગંબરો તે વીતરાગના નામ તથા વીતરાગનીજ મૂર્ત્તિ (દેવ) ને માટે કલેશ, કુસંપ, દ્વેષ, ઇર્ષ્યાદિ દોષો વધારી, સમાજને અધમ રસ્તે ઉશ્કેરી કોર્ટોમાં કેસો લડી, દારૂ માંસના ભક્ષક વકીલો, બેરીસ્ટરો તથા અમલદારોમાં લાખો રૂા. નું પાણી કરનારા ' અમે જૈનધર્મી છીએ ' એવું બોલતાં શરમાતા નહિ હોય ? તમે જૈન ધર્મી ? અરે ! તમારાથી લાખો અલ્કે કરોડો ગાઉ જૈન ધર્મ દૂર છે. કલેશ કુસંપ, છળ પ્રપંચ, અસત્ય તથા અનીતિમાં જીવન ગાળનારા, સમાજમાં કલેશ કુસંપ વધારી સમાજને છિન્ન ભિન્ન કરનારા, જે વીતરાગની મૂર્ત્તિ પરમ શાંતિ તથા પરમ કલ્યાણને માટે ઉત્તમ સાધન છે, તેજ મૂર્ત્તિ માટે કલેશ કરી લાખો કરોડો રૂા. નું દુર્માર્ગે પાણી કરનારા, ઓ નામધારી જૈન ધર્મીઓ ! તમારાથીજ કોમ, સમાજ અને દેશની અધોગતિ થઇ છે, તમારા નિમિત્તે જ જૈન ધર્મશાસ્ત્ર ક્ષાત્ર તેજને નિર્મળ કરનાર છે. અને અસત્ય આરોપ જૈન ધર્મશાસ્ત્રને ખમવા પડે છે. પ્રભુની મૂર્ત્તિ ધ્યાન અને પૂજન માટે હતી, તે કષાય અને કલેશ વૃદ્ધિને માટે થઇ પડી છે. **તીર્થ** શબ્દની વ્યુત્પત્તિજ કેટલી નિર્મળ અર્થસૂચક છે ? ' **तीर्यते इति तीर्थः** ' જે નિમિત્ત તરવાનું સાધન થાય તેને તીર્થ કહે છે, જે તીર્થ તરવાના કારણભૂત હતું, તે તીર્થના નિમિત્તેજ અનેક ઝગડાઓ વધારી તીર્થંકરના અનુયાયીપણાનો દાવો કરનાર એજ તીર્થ તથા તીર્થંકરના માટે લડી આશાતના કરવામાંજ કુલું જીવન વ્યતીત કરે છે, તે સંપ્રદાયિક આવરણોથી અંધ બનેલાઓને ક્યાંથી ખબર પડે ?

સવાર તથા સાંજની સંધ્યા વખતે હમેશાં બબ્બે વખત અરિહંત ગુરૂ અને આત્માની સાખે પ્રતિક્રમણ કરતી વખતે ' **मित्ति मे सव्व भूएसु वेरं मज्झं न केणइ** ' આ વિશ્વના અનંત જીવાત્માઓ સાથે વૈર વિરોધનો ત્યાગ કરી મૈત્રી ભાવનાની પ્રતિજ્ઞા લેનારાઓજ જ્યારે અન્યોન્ય તીર્થ, ગુરૂ તથા ધર્મના નિમિત્તે કલેશ કંકાસને વધારી વૈર વિરોધ કરનારા ' અમે જૈન છીએ ' એવું શું વિચારી કહેતા હશે ? તમો જૈન ? વાહ ! આવી અધમ પ્રવૃત્તિએ ચાલનારા, છોકરાઓના ચાળાની માફક માત્ર શુષ્ક ક્રિયાઓ કરનારા, પ્રભુ સાખે મૈત્રીભાવનાની પ્રતિજ્ઞા લઇ કલેશ વધારનારાઓને જૈન કહેવા કરતાં જન (રાક્ષસ) કહેવા એજ વધારે ઉચિત ગણાશે. ચાર ગતિ

ચૌદ રાજલોકના ત્રસ તથા સ્થાવર જીવોની સાથે મન, વચન અને કાયાના ત્રિધાયોગથી ક્ષમા યાચી મૈત્રીભાવની પ્રતિજ્ઞા લેનાર જ્યારે એકજ પિતા (વીતરાગ) ના પુત્રો પોતાના પિતા (વીતરાગ) ને માટે જ અંતરિક્ષજી, મક્ષીજી અને સમેતશિખરાદિ તીર્થોને માટે વેર–ઝેર વધારી કલેશ કરે, આર્ટના રસ્તે લાખો રૂા. નો દુર્વ્યય કરે, તેઓને એ પવિત્ર સૂત્રનું અપૂર્વ રહસ્ય સમજાયું છે? અર્થાત્ નથીજ સમજાયું. આવાં કૃત્ય કરનાર 'અહિંસા પરમો ધર્મ:' એ સૂત્રના અનુયાયી હોઇ શકેજ નહિ. હજારો મનુષ્યોના લોહીથી કમાણી કરનારા અર્થાત્ હજારો મનુષ્યોને મીલ વિગેરે યાંત્રિક કામોમાં તથા અનેક પ્રકારની નોકરીઓમાં પગારદાર નોકરો રાખી મનુષ્યની દયાની લાગણીનો જરા પણ વિચાર ન કરતાં માત્ર પોતાના સ્વાર્થની ખાતર છ કલાકના નોકર પાસે આઠથી દશ કલાકનું કામ લેનાર હજારો નોકરોના લોહીનું પાણી કરી પોતાનોજ સ્વાર્થ સાધનારા, મહારંભ અને મહાપરિગ્રહાદિકનો વેપાર કરનારા, ક્ષણિક ધનના લોભમાં મોહાંધ બની વેપારમાં પોતાનો સ્વાર્થ સાધવા માટે અનીતિ, અસત્ય, છળ–પ્રપંચની માયિક જાળોથી બિચારા બુદ્ધિહીન વ્યવહાર–અકુશળ એવા ખેડુત વિગેરે ભોળા લોકોને છેતરી મનુષ્યોની સાથેજ કપટ તથા પ્રપંચ બાજીના દાવ રમનારાઓને 'અહિંસા પરમો ધર્મ:' એ સૂત્રને માનનાર કહી શકાય? કદાપિ નહિ.

"ઓરણની ચોરી કરે, સોઈનું કરે દાન;
ઉંચે ચઢી નિરખતાં, ક્યારે આવે વિમાન"

એ કહેવત પ્રમાણે અનીતિ તથા અસત્યના માર્ગે ચાલી કુડ, કપટ અને પ્રપંચોની બાજી ખેલી લાખો રૂા. કમાવનારા પાંચ પચીશ હજારનું દેરાસર ચણાવે, બે ચાર હજાર રૂા.નો વ્યય કરી શત્રુંજય, ગિરનાર વિગેરે તીર્થનો સંઘ કહાડે વા બે ચાર નોકારસી કે સ્વામિવાત્સલ્યના જમણવારો કરે, બેચાર ધર્મશાળા ચણાવે, બે ચાર હજાર રૂા. હાઇસ્કુલ કે હોસ્પીટલ જેવા સામાજિક કાર્યોમાં ખરચ કરે, ઉપધાન, ઉજમણાં તથા મહોત્સવોમાં બે ચાર હજાર રૂા. ખરચી નાખે અથવા બે ચાર પૂજાઓ ભણાવે તેને જૈનધર્મી વા 'અહિંસા પરમો ધર્મ:' એ સૂત્રના અનુયાયી કહી શકાય? ત્રિકાલે નહિજ. જૈનશાસ્ત્રના આધારે તપ, જપ, દાન, પૂજા વિગેરે એતો ઉપરની ભૂમિકાઓ કહી છે, પણ તત્ત્વજ્ઞાન વા પરમાર્થમાર્ગ પામવાની તીવ્ર ઇચ્છા કરનારને જિજ્ઞાસુ વા મુમુક્ષુ કહે છે અને જે જિજ્ઞાસુજીવ માર્ગની સન્મુખ થાય ત્યારે તેનામાં ૩૫ ગુણો હોવાજ જોઇ-

એ. જૈનધર્મના સિદ્ધાંત મુજબ ચૌદ ગુણસ્થાનક કહ્યાં છે. ચૌદમે ગુણસ્થાનકે સર્વ કર્મરહિત અશરીરિભાવ-મોક્ષસ્વરૂપ કહ્યું છે, તેરમે ગુણસ્થાનકે સર્વ ઘાતિકર્મરહિત શરીરભાવ છતાં અશરીરિભાવ જેવીજ સર્વજ્ઞપણાની સંપૂર્ણ શક્તિધારક કેવલી કહ્યા છે. છટ્ઠે ગુણસ્થાનકે ધન ધાન્ય કુટંબ પરિવાર વિગેરે બાહ્ય ઉપાધિજન્ય સાધનોથી મુક્ત થઇ, બાહ્ય ત્યાગી અને વિષય કષાયાદિ દોષોથી મુક્ત થઈ અભ્યંતરત્યાગી એવી સાધુ (પરમહંસ સંન્યાસી) ની દશા કહી છે. પાંચમે ગુણસ્થાનકે છઠ્ઠા ગુણસ્થાનક જેટલી બાહ્યાંતર બંને પ્રકારથી સંપૂર્ણ ત્યાગવૃત્તિ નથી, તથાપિ તે સંપૂર્ણ ત્યાગ વૃત્તિનું કારણ હોવાથી થોડે થોડે બાહ્યાંતર ત્યાગમાં વૃદ્ધિંગત દશાની સ્થિતિ કહી છે, આ ગુણસ્થાનકની દશાએ વર્ત્તતા જીવાત્માને **શ્રાવક** કહેલ છે. સમ્યક્ શ્રદ્ધા અને સદ્જ્ઞાન પૂર્વક જે સત્ક્રિયા કરે તેને શ્રાવક કહે છે. જેનામાં બાર વ્રતમાં પ્રથમ પ્રાણાતિપાત એટલે વિનાપરાધે ઇચ્છાથી વા કષાયથી જાણી જોઇને જગતમાંના કોઇપણ જીવાત્માને યત્કિંચિત્ પણ દુઃખ આપે નહિ, મારે નહિ.

(૨)**જીં** મૃષાવાદ-એટલે જેમાં પાંચ મોટાં જુઠ કહ્યાં છે. **કન્નાલીએ**-કોઇના સગપણ વિવાહ સંબંધે જુઠું બોલે નહિ, **ગોવાલીએ**—ઢોર વેચવાના સંબંધમાં જુઠું બોલે નહિ, **ભૂમાલીએ**— જમીન (ઘર ખેતર પાધર વિગેરે સ્થાવર મિલકત) વેચવા સંબંધમાં જુઠું બોલે નહિ, **કુડ સક્ખીજ્જે**—કોઇપણ સાક્ષી આપવામાં જુઠું બોલે નહિ, **નાસાવહારે**— પારકી થાપણ ઓલવવામાં જુઠું બોલે નહિ. તેમજ પોતાના સ્વાર્થને માટે તથા સગાં સંબંધીના સ્વાર્થને માટે પણ જુઠું બોલે નહિ.

(૩)**જું** અદત્તાદાન વિરમણવ્રત-એટલે રાજ ચોરી કરે નહિ તથા રાજા દંડ કરે તેવી કોઇપણ ચોરી કરે નહિ, માત-પિતાદિક કુટંબીને અરૂચિ થાય તેવી ચોરી કરે નહિ, ખોટાં તોલ કે માપ રાખે નહિ, રાજાની આજ્ઞા વિરૂદ્ધ વર્તે નહિ, સામાને ઓછું આપે નહિ, સામાપાસેથી અધિક લે નહિ, ચોરની ચોરી લાવેલ વસ્તુ વેચાતી વા મુફત લે નહિ, ચોરને સહાય આપે નહિ, ચોરને ધીરે નહિ.

(૪) **થું** મૈથુન વિરમણવ્રત (શીયળવ્રત) એટલે પોતાની પરિણીત સ્ત્રી શિવાય વિધવા, વેશ્યા, સધવા, તથા કુમારિકા વિગેરે કોઇપણ સ્ત્રી સાથે મન, વચન અને કાયાના ત્રણે યોગથી વિકારભાવે વર્તે નહિ.

(૫) **મું** પરિગ્રહ પરિમાણ વ્રત-એટલે ધન, ધાન્ય, હીરા, માણેક, મોતી, જમીન, જનવર વિગેરે પૌદ્ગલિક પદાર્થોમાં સંતોષ રાખે અર્થાત્ મમતા તૃષ્ણાથી આસક્ત થાય નહિ, મોહ મૂર્ચ્છા રાખે નહિ.

એ વિગેરે બાર વ્રત, દયાસંપન્ન, ક્ષમા સંપન્ન, ધીર, વીર, સૌમ્ય દૃષ્ટિવાન્, સત્કર્મી, સદાચારણી, ગુણાનુરાગી, દોષિતની પણ કરૂણા કરનાર, મન વચન કાયાના ત્રણે યોગની શુદ્ધિ તથા સ્થિરતાથી નિષ્કામપણે ધર્મક્રિયા કરનાર, દીર્ઘદર્શી, નીતિસંપન્ન, સત્યસંપન્ન, વિનય વિગેરે એકવીશ મહાન્ ઉત્તમ ગુણો હોય તે શ્રાવક કહેવાય છે.

ચોથું ગુણ સ્થાનક–જેને સમ્યગ્દૃષ્ટિ અવિરતિ ગુણ સ્થાનક કહે છે. જેમાં પાંચમા તથા છઠ્ઠામાં જણાવ્યા પ્રમાણે બાહ્યાંતરથી ત્યાગીદશા તથા વ્રતદશા હોતી નથી, પણ આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, અર્થાત્ દેહાધ્યાસ બુદ્ધિ ટળી, સંસારની વાસનાઓની મંદતા થઈ પોતાના આત્મસ્વરૂપને ઓળખે છે. જે સમકિતના (૧) **શમ** એટલે અપરાધીના પ્રત્યે પણ અશુભ ન ચિંતવવું, દયા લાવવી, ક્રોધાદિક કષાયોનું શમાઇ જવું અર્થાત્ કષાય વિષયાદિ દોષોની મંદતા થવી.

(૨) **સંવેગ** એટલે મોક્ષ શિવાય બીજા સમગ્ર પદાર્થોની ઇચ્છા ગૌણ થઇ જવી.

(૩) **નિર્વેદ** એટલે સંસારથી ઉદાસીન થઇ પરમાર્થ માર્ગ પ્રત્યેની જ ગવેષણા કરવી.

(૪) **અનુકંપા** એટલે જગતના સર્વ જીવો પ્રત્યે મિત્રભાવ, અવૈરબુદ્ધિ વા આત્મદૃષ્ટિએ જોવું.

(૫) **શ્રદ્ધા** એટલે તન, ધન, સ્ત્રી, કુટુંબ વિગેરે માયિક પદાર્થો કરતાં પરમજ્ઞાની મહાત્મા ઉપર તથા સન્માર્ગ ઉપર પ્રીતિ અને જ્ઞાનીની આજ્ઞા પ્રમાણે જ આચરણ–આ પાંચ ભૂષણ કહ્યાં છે. દેહાધ્યાસ બુદ્ધિ અને દેહાદિની મૂર્ચ્છાનો ત્યાગ કરી આત્માનો સાક્ષાત્ અનુભવ થાય તથા સર્વ આત્માઓ પ્રત્યે આત્મભાવના જાગે તેને સમકિત કહે છે, જ્યારે અપરાધ કરનાર ઉપર પણ દ્વેષ લાવવો નહિ, પરંતુ દયા ચિંતવવી–તે સમકિતની દશા કહી, ત્યારે નિરપરાધી એવા પણ અનેક જીવોનો ઘાત કરનાર આત્મા 'અહિંસા પરમોધર્મ:' એ સૂત્રને માનનાર કહી શકાય જ કેમ ?

પ્રશ્ન—મહાન્ દેશભક્ત લાલા લજપતરાયના લેખ પ્રમાણે તો આ સૂત્રોથી દેશમાં ક્ષાત્રતેજનો નાશ થાય–એ વાત સિદ્ધ ઠરે છે, કારણકે અપરાધીના પ્રત્યે પણ અશુભ ચિંતવવું નહિ, ત્યારે આપણી બ્હેન દીકરી ઉપર કોઇ અત્યાચાર કરવા આવે ત્યારે શું કરવું ? શું તેની દયા લાવીને તે અત્યાચાર

કરે તે જોયા કરવું ? તેવા દુરાત્માને શિક્ષા આપી આપણી બ્હેન દીકરીના પવિત્ર ધર્મનો બચાવ ન કરવો ? વળી અપરાધીની ઉપર ખેદ ન કરવો તેને સમકિતી કહી શકાય–એમ જો હોય તો જૈન શાસ્ત્રમાં અનેક સમકિત દૃષ્ટિ તથા તેના કરતાં પણ ઉંચી દશાવાળા હજારો શ્રાવકો તથા રાજાઓના દાખલા છે કે જેમણે પોતાના રાજ્યનો વા પ્રજાનો અપરાધ કરનારા અનેક અપરાધી રાજાઓ સાથે યુદ્ધ કરી લાખો મનુષ્યાત્માઓની કતલો કરી છે, તેમને આત્મજ્ઞાની કેમ કહ્યા છે ?

ઉત્તર—અપરાધી પ્રત્યે પણ પ્રતિકૂળતા ન ચિંતવવી એ મહાન્ સૂત્રનો મંદ બુદ્ધિથી માત્ર શબ્દાર્થ જેટલો જ અર્થ થાય છે, જેથી તેના ખરા રહસ્યને ન સમજવાથી તમને આશ્ચર્ય વા આકુળતા થાય છે. પણ સૂક્ષ્મ વિચારથી નિરીક્ષણ કરતાં સમજાશે કે–તે સૂત્રમાં કાંઇક અપૂર્વ રહસ્ય વા દીવ્ય ચમત્કૃતિ રહી છે. 'અપરાધીની પણ દયા ચિંતવવી' એવા જૈનના સૂત્ર પ્રત્યે મહાન્ નરરત્ન લાલા લજપતરાય ઉપહાસ્યપૂર્વક ટીકા કરે છે, ત્યારે તેમણે તત્ત્વજ્ઞાન પૂરિત શાસ્ત્ર ગીતાજીનો અભ્યાસ નહિ કર્યો હોય. ગીતાજીમાં સ્પષ્ટ લખ્યું છે કે—

" आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति. "

આ વિશ્વના સમસ્ત પ્રાણીઓ પ્રત્યે આત્મદૃષ્ટિએ જોનાર વા આત્મદૃષ્ટિ રાખનાર–તેજ જ્ઞાની હોય છે. આ ઉંચ છે, આ નીચ છે. આ મારો છે અને આ તારો છે–એવી કલ્પના દેહાધ્યાસ બુદ્ધિ હોય ત્યાં સુધીજ રહે છે અને તેથી કષાય કલેશ અરૂચિ વા રૂચિ ઉત્પન્ન થવાનું કારણ રહે છે, પણ જેને ઉંચ કે નીચ તથા મારા તારાપણાની દેહાધ્યાસ બુદ્ધિનો લય થઇ આત્માકાર વૃત્તિથી સમસ્ત જીવાત્માઓ પ્રત્યે આત્મભાવના થઇ છે, તેના હૃદયમાં ધિક્કાર કે કષાય ઉત્પન્ન થાય જ નહિ. આત્મદૃષ્ટિએ જોનારને આ મારી બ્હેન–દીકરી છે અને આ પાપી જે કૃત્ય કરે છે તે અકૃત્ય થાય છે, એવી ભાવનાજ હોતી નથી. કૃત્ય અકૃત્ય કરનારમાં પણ તે માત્ર ચૈતન્યભાવ આત્મદૃષ્ટિએ જ જુએ છે, જેથી રૂચિ–અરૂચિ થવારૂપ દ્વંદ્વભાવનો નાશ જ થાય છે. ત્યારે શું આત્મદૃષ્ટિ સંપન્ન આત્મજ્ઞાની પુરૂષ પોતાની બ્હેન–દીકરીના આત્યાચારને જોયા જ કરે ? ના, તે અત્યાચારને જુએ જ નહિ, તેમજ અત્યાચાર થાય જ નહિ. અર્થાત્ ઉપર દર્શાવ્યા પ્રમાણે જેનામાં સંપૂર્ણપણે દેહાધ્યાસ બુદ્ધિ તથા જગદાકાર વૃત્તિનો નાશ થયો છે, સમસ્ત જીવાત્માઓ પ્રત્યે સંપૂર્ણ ચૈતન્યભાવ અનુભવાયો છે

એવા આત્મદૃષ્ટિ ધારક જ્ઞાની પુરૂષના આત્મબળના અતિશય યોગથી તે પાપાત્મા તેવું કૃત્ય કરવાને શક્તિમાન્ થઇ શકે જ નહિ, ભગવાન્ પતંજલિ કહે છે કે—

" अहिंसायां प्रतिष्ठायां तत्संनिधौ वैरत्यागः "

જેના હૃદયમાં અહિંસાગુણ આત્મદૃષ્ટિએ સંપૂર્ણપણે (બોલવારૂપ કે કુલાચારરૂપ નહિ) પ્રકાશી રહ્યો છે, તેના સમીપમાં વૈર–વિરોધનો ત્યાગ થાય છે. જો આ વાત દેશભક્ત લાલા લજપતરાય સત્ય માનતા હોય, તો ઉપલી વાત પણ સત્ય માનવીજ પડશે કે જેના હૃદયમાં વિશુદ્ધ બ્રહ્મચર્ય ગુણ ત્રિધા યોગની સ્થિરતાએ પ્રગટ થયો હોય, જેનો આત્મા સમસ્ત જીવાત્માઓ પ્રત્યે આત્મદૃષ્ટિથી જોનાર થયો હોય, જેના આત્મામાંથી સંપૂર્ણપણે દેહાધ્યાસ તથા જગદ્‌ભાવના લય પામી હોય તેવા મહાન્ યોગી મહાત્માઓની સમીપે કોઇ પણ વિષયાંધ માણસ કોઇની ઉપર અત્યાચાર કરી શકે નહિ. જૈનશાસ્ત્રમાં એક સ્થળે જણાવ્યું છે કે—' પરમહંસની પરાકાષ્ઠાએ પહોંચેલ (અપ્રમત્ત ધારી ઉત્કૃષ્ટ સાધુ) મહાત્મા એક રાત્રિ જે મકાનમાં રહી જાય અને તેના ગયા પછી તે મકાનમાં કોઇ કામી સ્ત્રી–પુરૂષ સંકેત કરી અનાચાર કરવા આવે, તો છ મહિના સુધી ત્યાં આવતાંજ તેમની વિકારવૃત્તિ મંદ પડી જાય–ઉપશમી જાય અને તે મકાનમાં તે કૃત્ય કરતાં પાછો હઠી જાય. કહો, એક રાત્રીના પરોક્ષ સંગથી પણ વિકારીના વિકાર શાંત થવાનું છ માસ પર્યંત બને છે, ત્યારે તેજ મહાત્માની પ્રત્યક્ષ હાજરીમાં અત્યાચાર કરવાનું બને જ કેમ ? માટે મહાત્મા ગાંધીજીના સૂત્રને તથા તેમના આચરણને જૈન શાસ્ત્રકાર સંપૂર્ણ સંમતિ આપે છે કે ' અત્યાચારને ધિક્કારવા કરતાં તેને આત્મદૃષ્ટિથી જોઈ તેના તરફ દયા કરવાથી તે અત્યાચાર કરતાં અટકી જશે. સાથે એટલું પણ જણાવું છું કે—આવા સત્યાગ્રહ જીવનના ધારક મહાત્મા ગાંધી પોતે પણ જણાવે છે કે—' દરેક મનુષ્યાત્મા વા જીવાત્મા આ સૂત્રને આધીન રહે તેવી દશા પામી શકે તો તો આ સૃષ્ટિનો આજ ક્ષણે મોક્ષ છે. ' પણ દરેક જીવાત્મા તેવી દશા મેળવી શકે તેમ બનવું અશક્ય છે. જ્યારે દરેક જીવાત્મા પોતાના અપરાધી પ્રત્યે પણ કરૂણા કરવી એવી દશાને આધીન ન હોય તેણે તો અસ્ત્ર શસ્ત્રના બળથી દુરાત્માઓને હઠાવી દુઃખ કે દીનતાનો બચાવ કરવાની જરૂર છે અને તેજ કરૂણાથી જે આત્મજ્ઞાની રાજાઓમાં સંપૂર્ણ આત્મદૃષ્ટિનો વિકાસ થયો ન હતો તેમણે અસ્ત્ર શસ્ત્રના યુદ્ધથી પાપીનો પરાસ્કાર અને ધર્મી વા દીન દુઃખીનો બચાવ કર્યો છે. આ ઉપરથી વાચકવર્ગને સુગમતાથી સમજાય તેમ છે કે—' અહિંસા પરમોધર્મઃ ' એ સૂત્રને બોલવાથી

અહિંસાધર્મી કહેવાતા નથી, પણ તેવી સર્વ જીવાત્માઓ પ્રત્યે આત્મદૃષ્ટિ રાખવાની દશાને પ્રાપ્ત કરવાથી જ અહિંસાધર્મી કહેવાય છે અને તેવા અહિંસાધર્મથી દેશમાંના ક્ષાત્ર તેજની ક્ષીણુતા વા નિર્બળતાની વૃદ્ધિ થાય–એમ જે કહેવું, તે તો ' સત્યથી અસત્ય ઉત્પન્ન થાય ' એમ કહેવા બરોબર છે.

ઉપરોક્ત અહિંસાધર્મના તત્ત્વને સમજ્યા વિના, તેની દશાને પામ્યાવિના માત્ર શબ્દાર્થથી વા કુલાચારથી તે સૂત્રનો બોધ આપનારાઓ ખરા તત્વને ન સમજતાં કલ્પના દૃષ્ટિએ બાહ્યાર્થ પણે તે સૂત્રના શ્રવણ બોધથી ક્ષાત્રતેજની ક્ષીણુતા થાય તો તે બનવા જોગ છે, પણ તેથી અહિંસાધર્મ પોતે તેવા કલંક કે અપવાદને પામી શકતો નથી.

દરેક સંપ્રદાય ભાવથી સમાજની ખરાબી થાય છે. માત્ર એક જૈનના સંપ્રદાયથી સમાજની ખરાબી થાય છે એમ નથી. ' **अहं ममेतिबंधः** ' હું અને મારૂં એજ જીવને બંધન કર્ત્તા છે, તે બંધનમાંથી મુક્ત કરવા અને નિષ્કામ કર્મથીજ આત્માની સિદ્ધિ થાય છે એમ બતાવવા તન મન ધન વિગેરે સર્વસ્વ ગુરૂને અર્પણ કરવાં એવા ગીતાજીના પવિત્ર બોધને માત્ર શબ્દાર્થ પણે ઉકેલવાથી વૈષ્ણવ કોમ કેટલી અધોગતિને પામી છે, તે કરસદાસ મુલજી સંબંધી બહાર પડેલ " **મહારાજ લાયબલ કેસ** " એ પુસ્તક વાંચવાથી સમજાશે. ગુરૂને સર્વસ્વ અર્પણ કર્યા વિના શિષ્યનું કલ્યાણ થતું નથી. ત્રિધાયોગે ગુરૂની સેવા કર્યા વિના કલ્યાણ નથી એ વાત સત્ય છે, પણ આ મારો શિષ્ય છે તથા આ મને બધું આપી દે, એવી ભાવના જે કરે તેનામાં ગુરૂપણું પણ નથી. શિષ્ય જાણે કે ' આ મારા ગુરૂ છે ' પણ ગુરૂને ' આ મારો શિષ્ય છે ' એવી ભાવના હોયજ નહિ. એ તો શિષ્યને પણ અભેદપણે આત્મભાવે જુએ છે. ગુરૂથી જ્ઞાન પામી તેમના પરમ ઉપકારને વશ થઇ શ્રી રામચંદ્રજીએ વસિષ્ઠ મહાત્માને રાજ્ય ઋદ્ધિ વિગેરે સર્વસ્વ અર્પણ કર્યું, પણ મહાન યોગી વસિષ્ઠજીએ તેમાં અણુમાત્રની પણ ઇચ્છા કે સ્પૃહા કરી નહિ. અહા ! શિષ્યની કેવી અપૂર્વ ભક્તિ ? અને ગુરૂની કેવી અપુર્વ નિઃસ્પૃહી દશા ? પરંતુ તે દશાને પામ્યા વિના અર્પણ કરવાના સૂત્રના બાના નીચે ગુસાંઇજીઓના અધમ દુરાચારો કેટલી હદ ઓળંગી ગયા છે તેનું દિગદર્શન કરતાં હૃદય કંપી ઉઠે છે. તેવા અધમ ગુરૂઓથી સમાજની કેટલી અધોગતિ થાય છે એ નિષ્પક્ષપાત પૂર્વક વિચારતાં સુગમતાથી સમજાય તેમ છે

પ્રથમ ગુણસ્થાનક–પરમાર્થ માર્ગ પામવાને સન્મુખ થયેલ, આત્મજ્ઞાન પામવાને પાત્ર થયેલ, તત્વજ્ઞાન પામવાની ભૂમિકામાં રહેલ, પરમાર્થના ઉભેદ-

પણાની દશામાં આ ગુણસ્થાનક હોય છે, જેમાં પાંત્રીશ (૩૫) ગુણ પ્રગટ થાય છે, તેમાં પ્રથમ ગુણ **' ન્યાયસંપન્ન વિભવ '** ન્યાયથી જ પૈસો મેળવવો. ૨ જો ગુણ શિષ્ટાચાર પ્રશંસા એટલે સદ્‌ગુણો તથા સદાચરણ પ્રત્યે જ પ્રીતિ રાખવી. આ પાંત્રીશ ગુણોમાં ગૃહ વ્યવહાર, કુટુંબ વ્યવહાર, આહાર વ્યવહાર, દંપતી વ્યવહાર, લગ્ન તથા વિવાહ વ્યવહાર અને ધર્મ વ્યવહાર વિગેરે આખા ગૃહસ્થાશ્રમના જીવનની રૂપરેખાનો ચિતાર આવી જાય છે. હવે મૂળ દશાનો વિચાર કરીએ કે–**' ન્યાયસંપન્ન વિભવ '** એ તો એકડો એકની માફક પ્રથમ જ ગુણ છે. પાયા વિના જેમ મહેલ નિરર્થક છે, તેમ સત્ય અને ન્યાય વિના દાન પૂન્ય પૂજાદિ સર્વ નિરર્થક છે અર્થાત્ મોક્ષ માર્ગ આપનાર નથી, પણ સંસાર ફળ આપનાર છે. બીજ, ભૂમિ તથા વર્ષાદ એ ત્રણે પ્રકારની સંપૂર્ણતા હોય તોજ ફળની પણ વિશેષ વૃદ્ધિ થાય છે અને એ ત્રણમાં બીજ બળેલ હોય, વરસાદ ન હોય વા ભૂમિ ક્ષારયુક્ત હોય–ત્રણમાંથી એકની પણ ખામી હોય તો ફળનો અભાવ થાય છે અને ત્રણમાં જેટલી મંદતા હોય તેટલી ફળ ન્યુનતા હોય છે, તેજ દૃષ્ટાંતે દાન, પુન્ય, પૂજા વિગેરે ધર્મક્રિયાઓ કરતાં છતાં આત્મોન્નતિ થતી જણાતી નથી—કર્માવરણોની ક્ષીણતા થતી જણાતી નથી, કષાય વિષયાદિ દોષો, આશા, તૃષ્ણા તથા માયાની મંદતા થતી નથી, તેનું કારણ ? અનીતિ અને અસત્ય દોષથી સત્‌ફળનો નાશ થતો જણાય છે. મણ દૂધપાકમાં જેમ અલ્પ ઝેર પડવાથી બધો દૂધપાક કડવો થાય છે, તેમ સત્‌ક્રિયામાં અનીતિ તથા અસત્યરૂપ ઝેર પડવાથી ક્રિયા નિષ્ફળ થાય છે.

શાલિભદ્રનો પૂર્વભવનો જીવ પોતે રબારી કુળમાં ગરીબ સ્થિતિમાં હતો. પર્વના દિવસે પાડોસીના ઘરે મિષ્ટાન્ન જોઇ તે ઘેર માતા પાસે તેવા સ્વાદિષ્ટ ખોરાકને માટે રોવા લાગ્યો. ગરીબ માતા પાસે પૈસાનું સાધન ન હોવાથી છોકરાને તેવી હઠ ન કરવા સમજાવ્યો, પણ અજ્ઞ બાળક સમજ્યો નહિ અને વધારે રોવા તથા તોફાન કરવા લાગ્યો. એટલે પાડોસીને દયા આવતાં કોઇએ દૂધ, કોઇએ સાકર અને કોઇએ ચોખા આપવાથી તેની માતાએ ખીર બનાવી. મહા મુશીબત અને રૂદનથી ખેદ કરી ખીર મેળવનાર બાળકને ખીર ઉપર તીવ્ર પ્રીતિ છતાં સંસ્કારબળને લઇ તેના અંતરમાં સ્વાભાવિક ગુરૂભક્તિની સ્ફુરણા થઇ કે–' જો કોઇ તપસ્વી સાધુ મહાત્મા આવે, તો તેની ભક્તિ કરી–તેને ભિક્ષા આપી ભોજન કરૂં.' " ભાવના સદશી સિદ્ધિ: " તે બાળકની નિર્મળ ભાવનાથી તરત માસોપવાસી સાધુ પારણાર્થે તે ગરીબને ઘેર

ભિક્ષા લેવા આવ્યા. દીવ્ય મૂર્તિ સાધુને દેખતાં જ તેના રોમેરોમમાં આનંદ વ્યાપી રહ્યો. તરતજ હર્ષથી ઉભા થઇ પ્રસન્ન ચિત્તથી મુનિના પવિત્ર ચરણમાં શિર નમાવી બે હાથ જોડી સપ્રેમ વંદન કરી ક્ષીરની ભિક્ષા આપવા તૈયાર થયો. ધર્મશાસ્ત્રોમાં જણાવ્યું છે કે–'પૌદ્ગલિક પદાર્થો કરતાં પારમાર્થિક સન્નિમિત્તો ઉપર જેને ઉત્કૃષ્ટ પ્રેમ હોય તે પરમાર્થ નિમિત્તોને જોઇ પ્રસન્ન ચિત્તવાળો હોય છે, તેવા પરમાર્થ–નિમિત્ત પ્રત્યે પ્રેમ કરનાર પુણ્યાનુબંધી પુણ્ય બાંધે છે અને તે અલ્પભવી જ હોય છે.' આ ફરમાન મુજબ તે ગોપબાળકની પણ તેવીજ પ્રીતિ હતી અર્થાત્ ખેદ રૂદનથી કષ્ટે મેળવેલ ખીરમાં પોતાની તીવ્ર લાલસા છતાં સૌમ્યમૂર્ત્તિ સાધુને નિરખતાંજ ક્ષીર પ્રત્યેની ઉત્કૃષ્ટ લાલસા મંદતાને પામી અને મહાત્મા પ્રત્યે પ્રીતિની ઉત્કૃષ્ટતા થઇ. એટલે તરત ક્ષીરના વાસણને ઉપાડી મુનિને આપવા પહેલાં ક્ષીર પ્રત્યેની પ્રીતિ જો કે મંદ થઇ છે, તથાપિ સર્વથા તે ક્ષીર પ્રત્યેનો મોહ ક્ષીણ થયો નથી, તેથી અર્ધી ક્ષીર મુનિને આપવાનો મનમાં સંકલ્પ થયો. એટલે ક્ષીરના અર્ધ ભાગની ખબર પડે માટે ક્ષીરની વચમાં લીટો તાણ્યો, પરંતુ પરમાર્થ માર્ગના દાતા એવા સત્પુરૂષ પ્રત્યેની પ્રીતિમાં દેહાધ્યાસ બુદ્ધિ અને જગદાકાર વૃત્તિનો લય થઇ ગયેલ હતો, સંતમય વૃત્તિની એકાગ્રતા ન થાય તો પરાભક્તિ જ નથી અને તેવી સાચી ઉત્કૃષ્ટ ભક્તિ વિના મોક્ષ પણ નથી. 'અહા ! મારે ગરીબને ઘેર જંગમ કલ્પવૃક્ષ ! અહા ! મારે ત્યાં સંત ભગવાનનાં પગલાં ! આજે મારો દિવસ અને જન્મ સફળ થયો.' એવી ગુરૂભક્તિની ઉત્કૃષ્ટ ધારામાં અંતઃકરણ ઉલ્લસિત થતાં પ્રેમભક્તિના પ્રબળ વેગમાં પોતે ગુરૂમાં એકમય થઇ જવાથી 'આ મારી ક્ષીર છે અને હું એને આપું છું તથા આ મારા ગુરૂ છે અને ક્ષીર લે છે, આ સંત મહાત્માને આટલી ક્ષીર આપીશ અને આટલી મારા માટે રાખીશ, એવી દેહાધ્યાસ અને જગદાકારવૃત્તિ રૂપ દ્વંદ્વભાવનો ધ્વંસ થવાથી ગુરૂના પાત્રમાં બધી ક્ષીર પડી ગઈ, ત્યાં સુધી પણ ક્ષીર કે દેહ પ્રત્યે લક્ષ્યજ ન રહ્યું, તેમજ ગુરૂ પણ સમયજ્ઞ મહાત્મા હતા. આ ગરીબના ઘરની બધી ક્ષીર લઇ પોતાના ઉદરનું પોષણ કરવા તેમને એક રોમમાં અણુમાત્ર પણ ભાવના ન હતી, પરંતુ ક્ષીરના દાનથી મહાત્માની ઉત્કૃષ્ટ સેવા ભક્તિએ ચડેલ અંતઃકરણને ક્ષીર થોડી નાખવા વા 'હવે નાખીશ નહિ' એવા શબ્દોથી સ્ખલના થતાં આત્મસિદ્ધિ થવામાં મારા શબ્દો તેના ઉત્કૃષ્ટ ભાવને સ્ખલિત કરી અંતરાયરૂપ થશે' એમ જાણી નિરૂપાયે તે મહાત્માને મૌન ધારણ કરવાની આવશ્યકતા જણાઇ હતી. આ ક્ષીરના અલ્પ દાનથી પણ તે આત્મા

શાલિભદ્રનો જન્મ પામી ઋદ્ધિસંપન્ન થયા અને સર્વાર્થસિદ્ધ વિમાનમાં સુખ ભોગવી એક ભવમાં મોક્ષે જશે.

અરિમર્દન નામના રાજાએ એક સાધુ મહારાજને એકજ વસ્ત્ર વહોરાવવાથી તેજ ભવે અનંત કર્માવરણોનો લય કરી આવ્યાબાધ એવા પરમપદને પામ્યા. શાસ્ત્રમાં પણ ચિત્ત (નિર્મળ ભાવ) વિત્ત (ન્યાય સંપન્ન) પાત્ર (સદ્‌ગુરૂ) એ ત્રણેના સમન્વય યોગથીજ સિદ્ધિ થવાનું જણાવ્યું છે.

શંખરાજા અને તેની રાણી મુનિને માત્ર દ્રાક્ષજળના દાનથી નવમે ભવે **નેમનાથ** તીર્થંકર અને રાજેમતીનો જન્મ પામી મોક્ષે ગયા.

બલભદ્ર મુનિને લુખ્ખો આહાર આપનાર સુતાર એકાવતારી થઇ મોક્ષે જશે.

આ ઉપરથી આપણને વિચારવાનું છે કે એકજ મહાત્માને માત્ર એકજ વખત આહાર, પાણી, વસ્ત્રાદિ સામાન્ય વસ્તુના દાનથી એક બે વા ત્રણ કે તેજ ભવે મોક્ષપદને પામ્યા તથા પામવાના હજારો દૃષ્ટાંતો શાસ્ત્રમાં મોજુદ છે. જ્યારે અત્યારે આપણે સેંકડો મુનિઓને હજારો વખત ઉંચા ઉંચા સ્વાદિષ્ટ ખોરાકો, વસ્તી, પાત્ર, વસ્ત્ર વિગેરે હજારોના કીંમતી દાન આપ્યા છે અને આપીએ છીએ; છતાં માગ્યા ઘરની ક્ષીર આપનાર વા શેર પાણી આપનાર જેટલી અંતર નિર્મળતા વા આત્મસિદ્ધિ થઇ વા થતી જણાય છે કે નહિ ? અરે ! તેના જેટલી નિર્મળતા કે શ્રેયતા થવી તો દુર રહી; પરંતુ તેનાથી અલ્પાંશે પણ નિર્મળતા જણાય છે કે નહિ ? જો તેમ ન જણાતું હોય તો શું સમજવું ? તો ધીરા ભક્તની કહેવત પ્રમાણે—

" કાંતો ગુરૂ બાવળીઓ મળીયો, કાંતો જીવ તું પાપી;
ધર્મ પ્રયાસ અનંતા કરતાં, કર્મજાળ નવી કાપીરે. "

આ પ્રમાણે કાંતો ગોપાળકની ક્ષીર લેનાર નિષ્કામી પરોપકારી સંત નહિ વા કાંતો ગોપાલક જેટલી ચિત્તની પ્રસન્નતા ઉત્કર્ષતા નિર્મળતા નથી, નહિ તો સેંકડો સાધુઓને હજારોનું દાન કરનાર, હજારો કે લાખો રૂ. દેવને તથા દેરાસરોને માટે ખરચનાર તથા હજારો રૂ. ધર્મ માર્ગે ખરચનારના આત્માની ઉત્કૃષ્ટતા, નિર્મળતા થયા વિના રહેજ કેમ ? અહીં કદાચ કોઇ બચાવ કરશે કે—' અમે આપેલ દાનની હમણા શું ખબર પડે ? એ તો આવતા વા પછીના કોઇ ભવમાં તેનું ફળ જણાશે. ' તો ઉત્તરમાં જણાવીશ કે—' ફળની ઇચ્છા કરનારને દાનથી પરમાર્થ માર્ગ મળતો નથી, પણ સંસા-

રનીજ વૃદ્ધિ થાય છે. નિષ્કામ કર્મ એજ મોક્ષનું પરમ સાધન છે. જેથી તમે આપેલ દાનનું ફળ ભવિષ્યમાં બે ચાર કે પચીશ ભવે તમને ભલે મળે, તમારા આપેલ દાનથી ભવિષ્યમાં તમને ધનાઢયપણું કે રાજપણું મળે તેની સાથે અમારે સંબંધ નથી, વા તે ફળમાં અમે ભાગ લેવા ઇચ્છતાજ નથી. તમને ભવિષ્યમાં ફળ મળે કે ન મળે અથવા તરત મળે કે હજાર ભવ પછી મળે, તેનો અહીં સંબંધ નથી. અહીં તો એટલુંજ જણાવવાનું છે કે—તમે સાધુ મહાત્માઓની ભક્તિ કરી દાન પુન્યમાં હજારો વાપર્યા પહેલાં તમારા હૃદયમાં જે આશા તૃષ્ણા માયાદિ દોષો હતા, કષાય વિષયાદિનું જે બળ હતું, સ્ત્રી ધન કુટંબ તથા દેહ પ્રત્યેનો જે મોહ હતો, તે હજારોનું દાન કરતા તમારા હૃદયમાંથી ક્ષીણ કેટલા થયા ? મોહ મૂર્ચ્છા કેટલી ઓછી થઇ ? છળ પ્રપંચમાંથી કેટલા મુકત થયા ? અનીતિ અસત્યથી કેટલા છુટયા ? દયા, શાંતિ, પરોપકાર ઐક્યતા, નીતિ, સત્ય, ક્ષમા વિગેરે સદ્‌ગુણોની કેટલી વૃદ્ધિ થઇ ? જો દોષ પ્રવૃત્તિનો નાશ અને સદ્‌ગુણોની વૃદ્ધિ દાન આપ્યા પહેલાંના કરતાં દાન આપ્યા પછી ન થઇ હોય તો તમે કરેલ પ્રવૃત્તિ તે વાસ્તવિક સાચી નથી, પણ તેમાં કાંઇક ઝેર પડી ગયું છે. જૈન શાસ્ત્રમાંથી કોઇ પણ વિદ્વાન સાધુ કે શ્રાવક એવું સિદ્ધ કરી આપશે કે—કુડ કપટ, છળ પ્રપંચ, અનીતિ કે અસત્યના મહાપાપથી લાખો રૂા. કમાઇ હજારોનું દાન કરી, દેરાસરો ચણાવી, ધર્મશાળા કે પાઠશાળા બંધાવી, ઉજમણા કે મહોત્સવ કરી, દેવ ગુરૂ ધર્મના નિમિતે કલેશ કુસંપ વધારી, વૈર વિરોધ બાંધી, કોર્ટે હજારો રૂા. ખરચી, હજારોનું દાન કરી, અનીતિ વા અસત્યના પૈસાની કમાણીનું દાન કરી વા દેરાં બડકી કોઇ પણ મોક્ષે ગયો હોય, તેવો એક પણ દાખલો જૈન શાસ્ત્રોમાં છેજ નહિ. માટે અત્યારે લાખો રૂા. નું દાન સમાજમાં જે વર્ષો વર્ષ થાય છે, છતાં સમાજની હરેક પ્રકારે પડતી થવાનું કારણ એજ છે કે—અનીતિ તથા અસત્યના લાખો રૂા. મેળવી હજારોનું દાન કરી ધર્મની ભ્રષ્ટતા થઈ ગઇ છે. સત્ય નીતિથી કમાયેલ પૈસાનું સત્પાત્રમાં નિષ્કામપણે અલ્પ પણ દાન કરવાથીજ આત્માની સિદ્ધિ છે, પણ અનીતિ અસત્ય અને સકામ ભાવનાએ લાખો રૂા. દાન કરનારને પરમાર્થ માર્ગનો એક અંશ પણ મળી શકે તેમ નથી, એ વાત નિર્વિવાદ સત્ય છે. શાસ્ત્રમાં અનીતિ અસત્ય તથા સકામપણાથી થતી ધર્મ કરણીને આત્મઘાતી ક્રિયા કહી છે. આ લોક પરલોકની વાંછનાએ, ધન ધાન્ય સ્ત્રી કુટુંબ કે રાજ્યની ઇચ્છાએ, પૌદ્‌ગલિક સુખની ઇચ્છાએ, માન પૂજા મેળવવાની લાલસાએ ગરલ ક્રિયા તથા વિષ ક્રિયા (ગરલ વા ઝેરની માફક આત્માનો ઘાત કરનારી) કહી છે, જેથી પરમાર્થ માર્ગનો ઘાત થાય છે અને સંસારની વૃદ્ધિ થાયછે.

જૈન દેવની મૂર્તિમાં ચમત્કાર કે અચમત્કાર હોય જ નહિ. મોક્ષ માર્ગના સાધનભૂત જૈનદેવથી સાંસારિક દૈહિક સુખ મળે જ નહિ, પણ સાંસારિક સુખ તથા દુઃખનો નાશ થઇ પરમાર્થ માર્ગની જ પ્રાપ્તિ થાય છે; છતાં કેટલાક સંપ્રદાય મોહથી અંધ થયેલ બુદ્ધિહીન ધર્માંધ ભક્તો **મલ્લીનાથ કેશરીયાજી** વિગેરેની યાત્રાની બાધા રાખે છે. અર્થાત્ છોકરો આવે વા સારો થાય અથવા વેપારમાં હજાર રૂા. ની કમાણી થાય તો પાંચ પચીશ કે ત્રીશ રૂા. ની પૂજા વા કેસર ચડાવે, એટલે મલ્લિનાથ વા કેસરીયાજી ભગવાન્ તો આ ધર્માંધ ભક્તો કરતાં પણ કમ અક્કલવાળા હશે કે પાંચ પચીશ રૂા. ની પૂજા કે કેસરની ખાતર આવા મોહાંધ ભક્તોને હજાર રૂા. કમાવી આપી પોતે નવસો પંચોતેર રૂા. ની ખોટ ખાય. જૈન શાસ્ત્રકાર તો સ્પષ્ટ કહેછે કે–દેવ, ગુરૂ તથા ધર્મની પાસે એક પરમાણુથી માંડી ચૌદ રાજલોકમાંના યત્કિંચિત્ પણ પૌદ્ગલિક સુખની ઇચ્છા કરવી તે લોકોત્તર મિથ્યાત્વ છે અને લૌકિક મિથ્યાત્વ કરતાં લોકોત્તર મિથ્યાત્વથી આત્માની વિશેષ અધોગતિ થાય છે. માટે જ સત્ય અને નીતિથી ચાલનાર, નિષ્કામપણે દાન પૂજા વિગેરે ધર્મ ક્રિયા કરનાર મોક્ષ માર્ગનો અધિકારી બને છે. પણ લોકોને દેખાડવા વા પોતાની મહત્તા બતાવવા ધર્મ કરનાર સન્માર્ગનો અધિકારી બની શકતો નથી. છળ પ્રપંચ અનીતિ અસત્ય વિગેરેના પાપથી લાખો રૂા. કમાવી હજારોનું દાન કરવું વા હજારો રૂા. ધર્મના નામે ખરચવા તેને જૈનશાસ્ત્રો પુન્ય વા ધર્મ કહેતા જ નથી. જાણી જોઇને વિષ્ટામાં પગ બોળતો જાય અને પાણીથી ધોઇ પાછો સાફ કરતો જાય તેને કોઇ ડાહ્યો કહેશે? નહિજ. તેજ રીતે પાપ કરી ધર્મ કરવો તેનું નામ ધર્મ નથી, પણ અસત્ય અનીતિથી મુક્ત થવું તેનું નામ ધર્મ છે. અર્થાત્ પાપ કરી પુન્ય કરવું તેનું નામ ધર્મ નથી, પણ પાપ નજ કરવું વા દિવસે દિવસે કે ક્ષણે ક્ષણે પાપ ઓછું કરી નાખવું તેનું નામ ધર્મ છે અને તેવો ધર્મ સત્ય તથા નીતિના માર્ગે નિષ્કામપણે ચાલવાથી મળે છે. આ કારણથી સત્ય નીતિ દયા પરોપકાર તથા નિષ્કામતા વિગેરે જેનામાં ગુણો હોય તેજ ' અહિંસા પરમો ધર્મ: ' એ સિદ્ધાંતના અનુયાયી કહી શકાય.

જે ધર્મશાસ્ત્રો સર્વ જીવો પ્રત્યે મૈત્રી ભાવના કરવાનો સદ્બોધ આપે છે, ત્રસ તથા સ્થાવર જીવોને ન દુભાવવાનો સદ્બોધ આપે છે, તે ધર્મશાસ્ત્રને માનનારા ગચ્છ મતની બાહ્ય પ્રવૃત્તિની ભિન્નતાથી ધર્મની ભિન્નતા માની, તપ ગચ્છ, ખરતર ગચ્છ, અચળ ગચ્છ, પાયચંદ્ર ગચ્છ વિગેરે ગચ્છ મતના ઉપાસકો સામાન્ય ભિન્નતાથીજ પોતે આજ્ઞાસંપન્ન છે અને બીજા આજ્ઞા વિરૂદ્ધ વર્તે છે.

પોતે માનેલું તે સાચું છે, અને બીજા ખોટું કરે છે, એમ મમત્વ ભાવનાએ ચડી એક બીજા સાથે કલેશ કંકાસ કરનાર, વીતરાગ દેવની મૂર્ત્તિના નિમિત્તે સ્થાનકવાસી તથા દેરાવાસી લડી એક બીજાનું માથું ફોડી નાખે, લોહીલુહાણ કરે, ધર્મના નિમિત્તે ઝગડા કરી કષાય વધારી હજારો લાખો રૂા. નો કોર્ટમાર્ગે દુર્વ્યય કરે તેથી ' અહિંસા પરમો ધર્મ: ' એ સૂત્રનું તત્ત્વ બોલનારના હૃદયમાં પરિણમ્યું જ નથી. ઉત્પન્ન થયેલ કષાયો ઉપશમી જાય તેનેજ જ્ઞાનીઓ ધર્મ કહે છે, પણ જે ધર્મના નિમિત્તે અંતરે ઉપશમેલા કષાયો ઉદયમાં આવે તો તેનું નામ ધર્મ નહિ પણ અધર્મજ કહેવાય. ધર્મની મહત્તા કષાયની જાગ્રતીમાં નથી, પણ કષાયની ક્ષીણતામાંજ છે, આઠમના દિવસે લીલોતરીનું શાક જૈનોમાં ઘણાખરા ખાતા નથી. લીલોતરી ન ખાવાના મુખ્ય બે કારણ છે. હિંસાના ત્યાગ અર્થે તથા વૃત્તિના જય અર્થે. હંમેશા વીશ પચીશ વસ્તુઓ ખાવામાં આવતી હોય, તેમણે મહિનામાં પાંચ દશ તિથિએ એકેક વસ્તુને ઘટાડી ત્યાગનો અભ્યાસ પાડવો જોઇએ કે જેથી વનસ્પતિમાં વિશેષ આરંભ સમારંભાદિ પ્રવૃત્તિથી હિંસા થતી જાણી તે વસ્તુનો મહિનામાં પાંચ દશ દિવસ ત્યાગ કરવાનો વિચાર કરવો, પણ વસ્તુત્વે ત્યાગનું સ્વરૂપ સમજ્યા વિના ત્યાગ કરવાથી એક વસ્તુનો ત્યાગ કરતાં પાંચ સાત વસ્તુઓની ઉપાધિ સેવે છે, તે મંદબુદ્ધિ જીવને ખબર નથી કે જે દિવસે લીલોતરીના શાકનો ત્યાગ કરવો હોય તે દિવસે બે ચાર જાતનાં અથાણાં દુધ દહીં મુરબ્બો વિગેરે પાંચ સાત વસ્તુઓ વધારે ખાવામાં લે તો ખરો ત્યાગ થયો કહેવાય નહિ. વૃત્તિના સ્વરૂપને સમજ્યા વિના તથા વૃત્તિનો ત્યાગ કર્યા વિના માત્ર એકલી વસ્તુનો ત્યાગ કરવાથી કલ્યાણ નથી, પણ વસ્તુના ત્યાગની સાથે વૃત્તિનો ત્યાગ થાય તોજ કલ્યાણ છે. મહાન્ તત્ત્વજ્ઞાની શ્રીમદ્ રાજચંદ્રજી લખે છે કે—

" લહ્યું સ્વરૂપ ન વૃત્તિનું, ગ્રહ્યું વ્રત અભિમાન;
લહે નહિ પરમાર્થને, લેવા લૌકિક માન. "

વૃત્તિ શું વસ્તુ છે ? તે ક્યાંથી ઉત્પન્ન થાય છે ? તેનો ક્ષય, ક્ષયોપશમ તથા ઉપશમ કેમ થાય ? તેનું યથાર્થ સ્વરૂપ પરમ જ્ઞાનીના સમાગમે જાણ્યા વિના વ્રત કરવાથી પરમાર્થમાર્ગની પ્રાપ્તિ થતી નથી, પણ લૌકિક માન તથા પૌદ્ગલિક સુખથી સંસારની વૃદ્ધિ થાય છે. જેથી લીલોતરીનો ત્યાગ વૃત્તિના ત્યાગ અર્થે કરતો નથી, તેમજ હિંસાનો ત્યાગ પણ નથી; કારણ કે આઠમના દિવસે શેર લીલોતરીનો ત્યાગ કરી પાંચમના દિવસે પાંચ દશ શેર લીલોતરી લાવી તેને સુકવી આઠમના દિવસે તેનું શાક થાય. અમુક તિથિએ લીલોતરી ન ખવાય

એવી ભાવનાએ આગળથી સુકોતરીનાં માટલાં ભરી રાખે, જેમાં અસંખ્ય બે ઇંદ્રિય કુંથુઆ થાય આ કારણથી હિંસાનો ત્યાગ કરવા જતાં હિંસાની વૃદ્ધિ થાય છે. આ ઉપરથી લીલોતરી ખાવી એમ કહેવાનો ઉદ્દેશ નથી, પણ લીલોતરી સાથે સુકોતરીનો પણ ત્યાગ થવોજ જોઇએ. આતો એક સામાન્ય વાત છે, પણ આ વાતના દૃષ્ટાંતથી વૃત્તિને સમજ્યા વિનાની તથા વૃત્તિનો ક્ષય કેમ થાય તે જાણ્યા વિનાની પ્રવૃત્તિથી ગુણ લેવા જતાં દોષની વૃદ્ધિ થાય છે. જ્ઞાની અજ્ઞાનીના બોધમાં આ પ્રકારેજ ભિન્નતા રહી છે. અર્થાત્ અજ્ઞાની ગુરૂઓ વસ્તુના ત્યાગમાંજ ધર્મ માને છે, જ્યારે જ્ઞાની મહાત્માઓ વૃત્તિના ત્યાગમાં ધર્મ માને છે. આઠમ પાખી વિગેરે મહિનાની પાંચ દશ તિથિએ લીલોતરી કે જે એકેંદ્રિય જીવો ગણાય છે તેનો ત્યાગ કરવામાં જે ધર્મની માન્યતા તથા મહત્તા જણાય છે, તે તિથિએ લીલોતરી ખાતાં જેટલી કંપારી તથા અરેરાટ આવે છે, તેટલી કંપારી પાખીના દિવસે અસત્ય બોલતાં, ખોટું ખત લખતાં, ક્રોધની થાપણ ઓલવતાં, પંચેંદ્રિય મનુષ્યને છેતરી તેની સાથે કુડ કપટ રમી પૈસાના સ્વાર્થ માટે પ્રપંચ કરી તેને ત્રાસ આપતાં તથા મનુષ્યાત્માઓ સાથે કલેશ વિક્ષેપ ઉત્પન્ન કરી કષાય વૈર વધારતાં અરેરાટ ન આવે વા તેવા દોષો દૂર કરવામાં ધર્મની મહત્તા ન મનાય તો તે માણસ ' અહિંસા પરમો ધર્મઃ ' એ સૂત્રને સમજ્યોજ નથી. એકેંદ્રિયની દયા કરનાર જૈનથી પંચેન્દ્રિય જીવ (મનુષ્યાદિ) પ્રત્યે તો અરૂચિભાવ થાયજ નહિ. પંચેંદ્રિય જીવને દુઃખ કે કિલામણા (પીડા) આપવાનું બનેજ નહિ. જેમ સોયની ચોરી કરવાની પ્રતિજ્ઞા લેનારથી એરણની ચોરી થાયજ નહિ, તેમ નાના સુક્ષ્મ જીવોનો હિંસા કરવાની પ્રતિજ્ઞા લેનારથી મોટા જીવોની હિંસા કરવાનું બનેજ નહિ, છતાં આજે આપણી વિચિત્ર સ્થિતિ થઇ ગઇ છે. લીલોતરી, કીડી, મંકોડા તથા પશુને બચાવવા માટે દયાની લાગણી ધરાવવાનો દાવો કરનાર જૈન વા અન્ય ગમે તે દર્શનનો હોય પણ તેનાથી કન્યાવિક્રય, વૃદ્ધવિવાહ કે બાળલગ્નાદિ અધમ વ્યવહારો થઇ શકેજ નહિ. યજ્ઞમાં પશુ વા ઘી વિગેરેનો હોમ કરનાર પ્રત્યે ' આ ખોટું છે, અકૃત્ય કરે છે ' એમ માનનારા જૈનો, ક્વેદેવલાંઓના નામે બકરાં તથા પાડાઓની કતલ કરનારાઓ પ્રત્યે ધિક્કાર બતાવનારા જૈનો, ગાય ભેંસ તથા બકરાં વિગેરેને તીક્ષ્ણ શસ્ત્રથી કાપનારા તથા જાળમાં માછલાંને ફસાવી મારનાર ચંડાળ કે મચ્છીમાર પ્રત્યે તિરસ્કાર બતાવનારા જૈનો જ્યારે પૈસાના સ્વાર્થને માટે પાળી પોષીને ઉછેરી મોટી કરેલ પોતાની કન્યાને પૈસાના મોહમાં મોહાંધ બની આંધળા, લુલા, મૂર્ખ, નપુંસક, બાળક વા વૃદ્ધ વિગેરેને

આપી કન્યાની કતલ કરનારા એવા જૈનો ચંડાલ અને મચ્છીમાર કરતાં પણ અધમ છે. કારણ કે ચંડાલ તો પશુના માંસને વેચી પોતાનું ગુજરાન ચલાવે છે, ત્યારે પોતાની કન્યાને વેચી ગુજરાન ચલાવનાર તેથી પણ અધમ કર્મચંડાલ જ છે. આવાં કૃત્ય કરનારા 'અહિંસા પરમો ધર્મ:' એ સૂત્રને સમજ્યા જ નથી. મનુષ્યને બચાવવાની જૈન કે અન્યની પ્રથમ ફરજ છે. હિંદના કરોડો ગમે મનુષ્યાત્માઓ અન્ન વસ્ત્ર વિના પીડાય છે, છતાં અનીતિ, અસત્ય માર્ગે લાખો રૂા. કમાવી હજારો રૂા. ના ખોટા ખરચો કરવાથી જ સમાજની ખરાબી થાય છે. હજારો અને લાખો રૂા. અનીતિના માર્ગે એકઠા કરી સેંકડોનું દાન આપનારને વિમાનની આશા રહે એતો અગ્નિમાં સુઇને શાંતિ લેવા જેવું થાય છે, સમાજ તથા દેશની જેમાં ઉન્નતિ સમાયેલી છે તેવાં સામાજિક ખાતાંઓ જેવાં કે-કેળવણી, દેશસેવા, સ્વદેશી કાપડ હુન્નર, નિરાંશ્રિત ફંડો, સ્કૂલો, કોલેજો, બોર્ડીંગો, બાળાશ્રમો વિગેરે ખાતાઓમાં કોઈ વિરલાજ પૈસા આપે છે, ઘણાખરા તો તેવા કાર્યોમાં હજારો રૂા. નો ખરચ કરતાં અચકાય છે, જ્યારે જમણવારો, મહોત્સવો, વરઘોડા, આરતી, સ્વપ્નાંના ચડાવાઓમાં તથા વૈષ્ણવો કંચન કામિનીના મોહમાં આસક્ત રહેલા એવા ગુંસાઇઓને ઠાકોરજીના બાના નીચે ભોગ ધરાવવામાં લાખો રૂા. નો દુર્વ્યય થાય છે. પૂજા, વરઘોડા અને સ્વપ્ના પ્રસંગે જે ચડાવા કરી ઘી બોલાવવાનો રિવાજ છે તે લીલામી ધંધાના જેવું જ ફારસ છે. જૈન સૂત્રોમાં તથા પ્રાચીન ગ્રંથોમાં તેવી પ્રવૃત્તિઓ છેજ નહિ. પાંચ કે સાતસો વર્ષમાં શિથિલાચારી પોપગુરૂ (ગોરજી) ઓના સમયની જ આ પ્રવૃત્તિ ચાલી રહી છે. માન મમતા વધારનાર શાસ્ત્રથી વિરૂદ્ધ એવી પ્રવૃત્તિ ચલાવવામાં જૈન સાધુઓ જ ધર્મ મનાવી અસત્પ્રવૃત્તિઓ વધારે છે, ત્યાં સમાજની અધોગતિ થાય તેમાં નવાઇ નથી. હાલ પર્યુષણ પર્વમાં કલ્પસૂત્ર વંચાય છે, તે સૂત્રમાંજ તેનો વરઘોડો ચડાવવો, સ્વપ્ના ઉતારવા, નાળીયેર ઉપર મહાવીરની સ્થાપના કરી પારણામાં હુલરાવવાનું કનૈયાનું ફારસ બતાવવાનું, ઘીના ચડાવા કરવા, નાળીયેર ફોડવાં, એવું ક્યાં પણ છે નહિ; છતાં મિથ્યા પ્રવૃત્તિઓમાં તથા લોકોત્તર મિથ્યાત્વમાં ધર્મ મનાય એ કેટલું આશ્ચર્ય ? તેવી પ્રવૃત્તિઓથી ધર્મની વૃદ્ધિ થતી નથી, પણ અધર્મનીજ વૃદ્ધિ થાય છે. કારણકે પર્યુષણના વખતે હજારો માણસોની મેહનીમાં પોતાની ઉદારતા બતાવવા ચડસાચડસીમાં માન મહત્તા મેળવવા સેંકડો રૂા. ના ઘી બોલાય છે, પણ પછી તેના પૈસા મહાજનના ચોપડે રહી જાય છે, એવા હજારો દાખલા મળી આવશે. આવી પ્ર-

વૃત્તિઓથી સમાજની ઉન્નતિ થવાને બદલે અવનતિ થાય છે. આ લેખમાં જે કારણો બધાં બતાવ્યા છે, તે **'अहिंसा परमोधर्मः'** એ સિદ્ધાંતને પ્રતિપાદન કરનારા નથી, પણ તે સિદ્ધાંતથી વિરૂદ્ધ છે. તે વિરૂદ્ધતા કયા કયા કારણોથી થાય છે તે વાચક વર્ગને સુગમતાથી સમજાય, જેથી આ લેખને વિસ્તારથી લખવાની આવશ્યકતા જણાઈ છે.

ઓં શાંતિઃ ! શાંતિઃ ! ! શાંતિઃ ! ! !



સત્ય તત્ત્વનું માહાત્મ્ય.

સત્ય એ મનુષ્યનું પરમ જીવન છે. મહાલયનું ટકાણ અને મજબુતાઇ પાયાના આધારે રહેલી છે, તેમ આત્મજીવનની સિદ્ધિની સફળતા સત્યના આધારે રહેલી છે. માટે આત્માર્થી જીવાત્માએ સત્યનું સતતપણે અવલંબન કરવું જોઇએ. કસોટીએ ચડેલું સુવર્ણ કીંમતમાં આવી શકે છે અને અગ્નિમાં તપ્ત થઇ હથોડાના પ્રહારને આધિન થયેલ સુવર્ણ મનુષ્યના મસ્તકારૂઢ થાય છે, તેજ પ્રમાણે સત્ય તત્ત્વનું અવલંબન કરતાં મરણાંત કષ્ટની ઉપાધી આવી પડતાં પણ નિડરપણે નિષ્કામભાવે તથા સ્થિર પરિણામે સત્યને અવલંબી રહેતાં છેવટે અનેક કષ્ટજન્ય ઉપાધિઓ નષ્ટતાને પામી મનુષ્યાત્મા પરમ સિદ્ધિ અને પરમ કલ્યાણને મેળવી શકે છે. મહર્ષિ વિશ્વામિત્રની ક્રોધ જ્વાલારૂપ કસોટીએ ચડેલ સત્યોપાસક હરિશ્ચંદ્ર રાજા અનેક દુઃખરૂપ વાદળથી આવરણિત થયા છતાં આત્મ બળની દૃઢતારૂપ પ્રબળ વાયુથી કષ્ટાવરણોને નષ્ટ કરી સત્ય સૂર્યના સંપૂર્ણ પ્રકાશને પૃથ્વીતટપર પ્રસરાવી સત્યનું માહાત્મ્ય બતાવી આપ્યું છે. મહાત્મા હરિશ્ચંદ્ર રાજાએ સત્ય વ્રતને પ્રાણાંત આપત્તિના સમયે પણ ચલિત થવા દીધું નથી. પ્રારબ્ધ પ્રકૃતિના દોષથી જ્યારે તે ચંડાળને ઘરે નોકરી રહ્યા, ત્યારે તેમને સમશાન ભૂમિમાં ચંડાલની નોકરી બજાવવી પડતી હતી. ત્યાં જે કોઇ મુડદું બાળવા આવે તેની પાસેથી શબદાહનો કર લેતા હતા.

એક પ્રસંગે દૈવિક કોપથી મહાત્મા હરિશ્ચંદ્ર રાજાની ધર્મપત્ની મહાસતી **તારામતી** કે જે નીચ મનુષ્યને ઘેર પાણી ભરવા રહી હતી. તે પવિત્ર સતીના એકના એક પુત્રને સર્પે ડંખ માર્યો. તેના ઝેરથી તે મૂર્ચ્છિત થઇ ગયો. પોતાના જીવંત પુત્રને મૃત સમજીને તેને અગ્નિદાહ આપવા સમશાન ભૂમિમાં આવી.

ત્યાં કાષ્ટની ચિતા ઉપર પુત્રના શબને મૂકી અગ્નિદાહ આપવાની તૈયારીમાં હતી, એવામાં પોતાના રિવાજ મુજબ ચંડાલ સેવક હરિશ્ચંદ્ર ત્યાં આવ્યો. ઘણા વર્ષનો પતિ પત્નીનો વિયોગ હોવાથી તથા અનેક ત્રાસદાયક દુઃખોથી શરીર ક્ષીણ અને નિસ્તેજ થઇ ગયું હતું. શરીરાકારના પરિવર્ત્તનથી પતિ પત્ની એક બીજાને ઓળખી શકયા નહિ. રાજાએ શમશાન ભૂમિનો કર આપવા કહ્યું, એટલે મહા-સતીએ જણાવ્યું કે — ' મહાનુભાવ ! હું તદ્દન નિરાશ્રિત, નિર્ધન, પતિવિયોગિની અબળા છું. ઉદર પોષણનું સાધન પણ મને મહાકષ્ટે મળે છે. અરે ! આ એકના એક દીવ્ય પુત્રને અગ્નિદાહ માટે જોઇતાં કાષ્ઠ તથા શબ ઉપર ઓઢાડવાને વસ્ત્રનું સાધન પણ મારી પાસે ન હતું, તે પણ કોઇ ઉદાર ગૃહસ્થની દયા લાગણીથી મળ્યું છે, તો શમશાન માટે કરના પૈસા આપવાની મારી શક્તિ ક્યાંથી ? માટે મારા જેવી ગરીબ અબળા ઉપર દયા લાવી કરના પૈસાનો કદાગ્રહ છોડી ક્ષમા કર. એ પ્રમાણે તે પવિત્ર સતી અબળાનાં વચનો સાંભળી હરિશ્ચંદ્રનું મન દ્રવિત થયું, પરંતુ શું કરે ? પોતે નોકરીના બંધનથી બંધાએલ હતો, તેથી માલીકની રજા વિના તે કર માફ કરી શકે તેમ ન હતું, તેથી પોતે દ્રવિત મને બોલ્યો કે — ' દુઃખી અબળા ! તારી વાત સાંભળતાં મારૂં હૃદય વજ્ર પ્રહારવત્ ચીરાઈ જાય છે, પણ હું મારા માલીકની નોકરીના કર્તવ્યથી બંધાએલ છું, તેથી તેની રજા વિના તારો કર માફ કરવાને હું શકિતમાન નથી. નિરૂપાયતાથી લાચાર છું. દુખીની દયા કરવી એ ઉતમ મનુષ્યનું કર્તવ્ય છે, પણ એક કર્ત્તવ્ય (ધર્મ) નું પાલન કરવા જતાં અન્ય કર્ત્તવ્યનો વિઘાત કરવો એ પણ ઉત્તમ મનુષ્યને અનુચિત્ત છે. તારી દયાની ખાતર મારા માલીકની નોકરીને ખામી પહોંચાડી તેનો વિશ્વાસ ઘાત કરવો એ પણ મહાન્ દોષ છે. માટે ગમે તે રીતે કરના પઇસા તો તારે આપવાજ પડશે. ' આ સાંભળતાં દુઃખિત થયેલ સતીએ કહ્યું કે—' ઓ માનવ ! દયા કર, દયા કર. મારી પાસે એક ફુટી બદામ પણ નથી, તો તેટલા પઇસા ક્યાંથી મળે ? તેમજ તેટલા પઇસા મળી શકે તેવું મારી પાસે કોઈ વસ્ત્ર કે આભૂષણ પણ નથી, જેથી મને ક્ષમા કર. દયા લાવી આ આપત્તિથી મારો બચાવ કર. અરેરે ! એક તો કુદરતના કોપથી હું દુઃખી છું. એકના એક પુત્રના મરણથી આપત્તિમાં આવી પડી છું, ત્યાં મહાનુભાવ ! તું વળી આ પઇસાની પીડા ઉભી કરી ઘાઉપર ડામ આપે છે. પડતાને પાટુ અને ક્ષતપર ક્ષાર ક્ષેપવાની માફક તું ત્રાસ આપવા કાં તૈયાર થયો છે ? ગરીબ નિરાધાર અબળાપર દયા લાવી માફ કર. ' આ દયાર્દ્ર વચનો સાંભળતાં હરિશ્ચંદ્રે દ્રાવિત હૃદયે કહ્યું કે—' કુલીન કાંતા ! તારી આકૃતિ અને વચનો ઉપરથી તું કોઇ

કુલીન કુટંબની લાગે છે, છતાં અસત્ય કેમ બોલે છે ? તું કહે છે કે—'મારી પાસે પૈસા કે પૈસા મેળવવાનું સાધન નથી તેમ કોઇ વસ્ત્રાભૂષણ પણ નથી આ તારો વાત પ્રત્યક્ષ અસત્ય ઠરે છે. કારણ કે તારા ગળામાં મંગળસૂત્ર કીંમતી છે, તેને વેચવાથી મારા પાંચસો વસુલ થઇ જશે. ' આ પ્રમાણે સાંભળતાં સતી વિચાર ગ્રસ્ત અને આશ્ચર્ય ચકિત થઇ ગઇ. અહા ! આ શું ગજબ ? મારા પ્રાણનાથ હરિશ્ચંદ્રરાજા શિવાય એ કલ્યાણ વર્ધક મંગળ સૂત્ર ઉપર આ વિશ્વમાં અન્ય કોઇ મનુષ્યાત્માની દૃષ્ટિ પડેજ નહિ—એમ મારા શીયલ વિભૂષિત હૃદયને પૂર્ણ પ્રતીતિ છે, તથાપિ અહીં આ ચંડાળ સેવકની મારા પવિત્ર મંગળસૂત્ર પર દૃષ્ટિ પડી તેનું શું કારણ ? હજારો દાસ દાસીઓથી સેવાતો અને રાજ્યછત્રની છાયાતળે સ્વર્ગીય સુખ ભોગવતી એક વખતની તારામતી રાણી આજે કુદરતના કોપથી એક નીચ મનુષ્યને ત્યાં પાણી ભરવાના અધમ કૃત્યમાં જોડાયેલી છે, તેમ મારા પ્રાણનાથની પણ અધમ દૈવે આવી અધમ દશા તો નહિ કરી હોય ? લાખો મનુષ્યોપર રાજ્ય સત્તા ચલાવનાર, હજારો મનુષ્યોનું પાલન કરનાર મહારાજા હરિશ્ચંદ્રની શું આ દશા ? ઓ વિચિત્ર દૈવ ! તને ધિક્કાર હો, ધિક્કાર હો, તારી વિચિત્ર કળાથીજ મહાન્ ચક્રવર્તી રાજા રંકદશાને અને રખડતો રંક પામર તે રાજ્યદશાને પ્રાપ્ત થાય છે. એમ વિચારીને તારામતીએ ચંડાળ સેવકને પૂછ્યું કે—આર્યપુત્ર ! આપ કોણ છો. તે કૃપા કરી જણાવશો ? તેના આ દુઃખગર્ભિત પ્રશ્નથી ચકિત થયેલ રાજાએ કહ્યું કે—'પવિત્ર અબળા ? ભૂત કાળમાં સમૃદ્ધિસંપન્ન, રાજ્યાવસ્થામાં સ્વર્ગીય આનંદ ભોગવનાર અને વર્ત્તમાને પ્રારબ્ધની વિચિત્રતાથી પરાધીન જીવન ગાળનાર તારી સમક્ષ જે ચંડાળ સેવક ઉભો છે તે ગત સમયનો **હરીશ્ચંદ્ર** રાજા છે.' આ અસહ્ય વચન સાંભળતાંજ વજ્રાઘાતની જેમ સતીના પ્રેમમય કોમળ હૃદયને ધક્કો લાગવાથી તે ધરણીપર ઢળી પડી. અહા ! હજારો દાસ દાસીઓથી સેવાતી સતી અત્યારે પૃથ્વીપર મૂર્ચ્છિત થઇ પડી છે. તેના શરીરને કોઇ જાગ્રત કરી શકે એવો કોઇ નથી, નતો ત્યાં દાસ કે નતો દાસી. કર્મની કેવી વિચિત્રતા ? નિરાધાર સ્થિતિમાં મૂર્ચ્છિત થઇ પડેલ તે સતી પર જાણે કુદરતે કંઇ કરૂણા કરી હોય તેમ તે વખતે શીતલ પવનનો સંચાર થવાથી તે અબળા જાગ્રત (સાવધાન) થઇ. એક તરફ એકના એક કુળભૂષણ પુત્રનું અકાળ મરણ, બીજી તરફ તેના મૃતદેહને બાળવા માટે કાષ્ઠાદિ સાધનનો અભાવ અને આ તરફ લાખોના રક્ષણ કરનારની આવી ભયંકર સ્થિતિ. આ ત્રણ દુઃખથી તે એક પગલું પણ આગળ ચાલવાને અશક્ત થઇ પડી; છતાં ' આ મારા આધાર પ્રાણપતિ છે ' એમ

જાણી સતી પતીસમાગમના ભારે–ઉલ્લાસથી એકદમ ઉભી થઇને રાજા તરફ દોડી જતાં તેના ચરણમાં નમસ્કાર કરીને બોલી કે—' નાથ ! આપ મારા શિરછત્ર અને મુગટમણી છો, અત્યાર સુધી અજ્ઞાતપણે વ ત કરતાં નાથ ! આપના પ્રત્યે અવિનય કે અવગણના થઈ હોય તે ક્ષમા કરશો, હૃદયદેવ ! આપે મને ઓળખી ? હું આપની ચરણરજ સમાન દાસી તારામતી છું' અહા ! આ હૃદયભેદક શબ્દો સાંભળતાં હરિશ્ચંદ્ર પણ તરત મૂર્ચ્છિત થઇ ધરણીપર ઢળી પડયો, રાજાને મુર્ચ્છા પામેલ જોઇ સતીને બહુ દુઃખ થયું. તરત તે પાસે આવી અને આસ્તેથી રાજાના શીરને પોતાના ખોળામાં લઇ વસ્ત્રવતી પવન નાખવા લાગી. પવિત્ર સતીની નિર્મળ ભક્તિના પ્રભાવથી કુદરત પોતે જાણે પ્રસન્ન થઈ હોય તેમ ક્ષણવારમાં શીતલ પવનથી રાજા સાવધાન થયો અને સતીને પોતાના હૃદય સાથે ચાંપી પવિત્ર સતીના નિર્મળ કપોલ ઉપર પ્રેમદાન આપી દુઃખના ભારથી દબાયેલ તે સતીને આશ્વાસન આપતાં બોલ્યો કે—' દેવી ! પુન્ય મૂર્ત્તિ !

" सुखस्य दुःखस्य न कोपि दाता परोददातीति कुबुद्धिरेषा !
अहं करोमीति वृथाभिमानः स्वकर्मसूत्रे ग्रथितो हि लोकः ॥"

આ વિશ્વરચનામાં રમણ કરતાં અનંત જીવોમાંના કોઈ પણ દેહાત્માને આપણે સુખ કે દુઃખ આપવાને શક્તિમાન નથી; તેમજ તેઓમાંનો કોઇ પણ જીવાત્મા આપણને સુખ દુઃખ આપવાને સમર્થ નથી. ' અન્ય જીવોને આપણે સુખ દુઃખ આપી શકીએ '–એ ભાવનાને વૃથાભિમાન કહેલ છે, તેમજ અન્ય જીવાત્માઓ આપણને સુખ દુઃખ આપશે'–એવી ભાવનાને કુબુદ્ધિ કહી છે. દરેક જીવાત્મા પોતાના પૂર્વ પ્રારબ્ધ કર્મની સત્તાથીજ સુખ દુઃખને પામી રહ્યા છે. માટે આપણી આવી આપત્તિ જોઇ અણુમાત્ર પણ ખેદ કરવાની જરૂર નથી. પરમાત્માના દીવ્ય તત્ત્વથી જેનું હૃદય રંગીત થયેલ છે, તે ભક્તાત્મા તો ગમે તેવી આપત્તિમાં પણ પોતાના આત્માને શાંત્વન આપતાં તે એવો બોધ આપે છે કે—

" જીવ તું શીદ શોચના ધરે, પ્રભુને કરવું હોય તે કરે. "

આપણા સુખ દુઃખની કલ્પના કરી માનસિક જીવનને ચિંતા તથા ખેદના ભાવથી મલીન કરવા કરતાં તે ચિંતાનો ભાર પ્રારબ્ધ ઉપર મૂકતાં જે જે થાય તેને પ્રારબ્ધ વિપાક જાણી, સમપરિણામે ભોગવી, તે કર્મસત્તાથી મુક્ત થવામાંજ આપણી મહત્તા છે. દેવી ! એકના એક કુળદીપક પુત્રના અકાળ મરણથી અને આપણી આ ભયાનક આપત્તિથી

તને આઘાત થાય એ બનવા જોગ છે; તથાપિ વિચાર અને જ્ઞાનપૂર્વક તેને દૂર હઠાવી પરમાત્મ તત્ત્વમાં લીન થવાથીજ આપણી ઉન્નતિ છે. 'આ મારો પુત્ર છે અને હું તેની માતા છું' એવા મોહજન્ય ભાવથીજ પુત્રના સંયોગે હર્ષ અને વિયોગે ખેદ થવાનો પ્રસંગ આવે છે. પણ 'આ પુત્ર અને હું માતા' એવી દેહજન્ય ભાવના કલ્પિત છે, એમ જાણી જેને હું પુત્ર માનું તેમાં પણ સચ્ચિદાનંદ (સમ્યક્‌જ્ઞાન દર્શન ચારિત્ર) મય આત્મા છે, તેમ હું જે માતા છું તેમાં પણ તેવોજ સ્વરૂપમય આત્મા છે. એ ભાવ દૃઢપણે યથાર્થ જાગ્રત થવાથી પુત્ર માતા તરીકેના દેહજન્ય ક્ષણિક સંબંધને વિસ્મૃત કરી સચ્ચિદાનંદ આત્માને અવિનાશી જાણવાથી સંયોગ વિયોગમાં હર્ષ શોકનો નાશ થઇ, અનુકુળ પ્રતિકૂળ પદાર્થોમાં, સંયોગ વિયોગમાં વા સુખ દુઃખમાં પણ પરમાત્મ સ્વરૂપમય લક્ષ્ય હોવાથી પરમાનંદની રમણતામાં તે પરમ શાંતિને વેદે છે. દેવી! આ દુઃખના ભારથી દુબી જતાં તમારૂં તેજસ્વી શરીર કષ્ટથી નિસ્તેજ થઇ ગયું છે તે જોઇ મારૂંહૃદય દુભાય છે. માટે શાંત થાઓ, પરમાત્મ પ્રેમમાંજ મગ્ન રહો અને પ્રારબ્ધ કર્મથી નાશીપાસ થઇ ખેદ ન કરતાં જે થાય તે જોયા કરો.

આ પ્રમાણે પતિદેવના તત્ત્વપૂર્ણ બોધામૃતથી પ્રસન્ન થયેલ તારામતી પોતાના મૃત પુત્રને ચિતાપર મૂકી અગ્નિદાહની તૈયારી કરે છે, એવામાં રાજાએ હસીને કહ્યું કે—' દેવી તમે વિદુષી થઇ પતિને શું ધર્મભ્રષ્ટ કરવા ઇચ્છો છો ? મારા માલીકનું ફરમાન છે કે–'શમશાન ભૂમિનો કર લઇ શબને અગ્નિદાહ માટે રજા આપવી ' તું જે મડદાને બાળવા આવી છે, તેના પ્રત્યે પુત્ર તરીકેનો મારો તારા જેટલોજ હક્ક છે, પરંતુ અત્યારે હું સેવક ધર્મથી બંધાયેલ હોવાથી હું મારા સેવક ધર્મને કલંકિત કરી શકું તેમ નથી; આ સાંભળતાં આશ્ચર્ય મુગ્ધ સતીએ જણાવ્યું કે—' નાથ ! કર કોનો અને કોની પાસેથી લેવો ? હું અને આ પુત્ર આપનાજ છીએ તો ઘરના માણસનો કર કેમ લેવાય ? એટલે નીતિમાન રાજાએ કહ્યું કે—'દેવી ! નોકરી રહેતાં મારા માલીકે ઘરના માણસને માટે કર ન લેવાની છુટ આપી નથી તેથી લાચાર છું. મારા ઘરનો કાયદો નથી પણ માલીકનો કાયદો છે, એ કાયદાનો ભંગ કરવા જતાં સ્વાર્થ અન્યાય અને વિશ્વાસઘાતનું મહાપાપ ઉભું થાય છે. માટે કાયદાને આધિન રાખવા કરતાં તેને આધીન મારે રહેવું, એમ નીતિ શાસ્ત્રકાર ફરજ પાડે છે. ' આથી તારામતી બોલી કે—' પ્રભુ! મારી પાસે પૈસાનું સાધન નથી તો હું કર કેવી રીતે આપી શકું ? માટે ક્ષમા કરી આ વિપત્તિના વાદળમાંથી મને મુક્ત કરો. નહિ તો જેમ આ મારો પુત્ર છે તેમ તમારો પણ પુત્ર છે તેથી તે આપને સુપ્રત

કરી હું તો ચાલી જઇશ. પુત્રના શબ્દને પાળવાની તમારી પણ ફરજ છે.' રાજાએ કહ્યું કે—' દેવી ! તમારી પાસે તો મંગળસૂત્રનું પણ સાધન છે કે જેને વેચીને તમે પૈસા મેળવી શકશો, પણ મારી પાસે તો એક ફુટી બદામ જેટલું પણ સાધન નથી, જેથી એ શબ્દને પાળવાની ક્રિયા શી રીતે કરી શકીશ ? મારી પાસે કાંઇ પણ સાધન નથી. હું જે ચંડાળને ત્યાં નોકર છું ત્યાં મને ઉદર પોષણ જેટલું પણ મહા મુશીબતે મળે છે, તો એ બોજો મારા પર નાખવા કરતાં તમારા મંગળસૂત્રને વેચી કર ભરી આપશો તો વધારે ઉચિત ગણાશે.' આ સાંભળતાં દુઃખ પામતી તારામતી બોલી કે ' દેવ ! જે મંગલસૂત્ર ઉપર તારામતીના શિરછત્ર હરિશ્ચંદ્ર સિવાય કોઇ પણ પુરૂષની દૃષ્ટિ નજ પડે, તે મંગળસૂત્રને વેચવા જતાં તેના પર અન્યની દૃષ્ટિ પડશે અને બીજાનો સ્પર્શ થશે એમ જાણી મારૂ હૃદય કંપી ઉઠે છે-ચીરાયછે અને શુન્ય થઇ જાય છે. નાથ ! હૃદયની મુંજવણથી શું કરવું તે સુજતું નથી, તેથી અત્યારે નદી વ્યાઘ્રના ન્યાય જેવું બન્યું છે. નદી ઉતરનાર આદમીને નદીમાં પ્રવેશ કરતાં જણાયું કે—નદીમાં પ્રબળ વેગ અને પાણી બહુ ઉંડું લાગે છે. તો વેગનું જોર નરમ પડયા પછી ઉતરવું સલામતી ભરેલું છે એમ ધારી તે નદી તટપર જાય છે તેવામાં ત્યાં એક ક્ષુધાતુર વિકરાળ વાઘ પોતાની તરફ ધસી આવતો તેના જોવામાં આવ્યો એટલે પછી તે કયાં જઇ શકે ? જ્યાં જાય ત્યાં મરણનોજ ભય છે. પ્રાણનાથ ! મારી પણ તેવી દશા થઇ છે. જો મંગળસૂત્ર વેચવાની ના કહું છું તો પતિની અવગણના થાય છે અને તે વેચવા જતાં તેનો ત્યાગ સહન નહિ થાય એ વિચારથી હૃદય રડી પડે છે. કૃપાસિંધુ ! આપ મારા શિરછત્ર છો. રક્ષણ કર્ત્તા અને આપજ મારૂં સર્વસ્વ જીવન છો. આમાં મારે શું કરવું તેની મને કાંઇ સૂઝ પડતી નથી. દુઃખના આઘાતથી શૂન્ય બનેલ હૃદયની કાંઇ અવગણના થતી હોય તો ક્ષમા કરશો, પણ મને કોઇ રસ્તો તો સુજતોજ નથી. નાથ ! ત્યાં હું શું કરૂં ? આપ દયા લાવીને મને કોઇ રસ્તો બતાવો. સતીના હૃદય ભેદક વચનથી દ્રવિત થઇ રાજાએ કહ્યું કે—' દેવી ! તમારા મંગલસૂત્રમાંજ મારૂં મંગળ રહેલું છે. તેને વેચવાનું કહેતાં મારૂં હૃદય પણ રડે છે અને ધ્રૂજે છે; પણ શું કરૂં ? અન્ય ઉપાય વિના લાચાર છું. દેવી ! તમે એ મંગળસૂત્રને વેચવા ખુશી નથી, ત્યારે શું તારામતિનો પતિ હરિશ્ચંદ્ર પોતાના સેવક ધર્મને ભૂલી જઇ માલીકની આજ્ઞાનો ભંગ કરી વિશ્વાસઘાત તથા અન્યાય કરે, તેમાં તમે ખુશી છો ? જો તેમ કરવા ચાહતા ન હો તો પતિને અધર્મથી બચાવવા મંગળ સૂત્રના મોહને મંદ કરવાની જરૂર છે. જે મંગળ સૂત્ર રાખવાથી પતિની આજ્ઞાનો ભંગ થતો


હોય તથા પોતાનો પતિ ધર્મભ્રષ્ટ થતો હોય તેના કરતાં પતિની આજ્ઞા એજ વાસ્તવિક રીતે સતી સ્ત્રીઓનું સાચું ભૂષણ યાને મંગળસૂત્ર છે. એમ જાણવું તેજ સર્વોત્તમ છે.'

એ રીતે પતિ દેવના સત્યમય વચનો સાંભળતાંની સાથેજ પોતાના મંગળ સૂચક મંગળસૂત્રને ગળામાંથી ઉતારી જોડી પતિના ચરણમાં ધરવા જાય છે, તેજ ક્ષણે આ દંપતીના ઉત્તમ ચારિત્ર,પવિત્ર જીવન અને સત્યના પ્રબળ પ્રભાવથી પ્રસન્ન થયેલ અસંખ્ય દેવોએ આકાશમાંથી સુગંધી દીવ્ય પુષ્પોની વૃષ્ટિ કરી. દીવ્ય વાજંત્રોના મનોહર ધ્વનિથી હર્ષ પામતા દેવો જય જયારવ સાથે નૃત્ય અને સ્તુતિ કરવા લાગ્યા. રાજા હરિશ્ચંદ્ર તથા તારામતી ભયંકર આપત્તિમાં આવી પડ્યા છતાં પોતાના સત્યવ્રતને તથા ન્યાયી જીવનને અણુમાત્ર પણ ચલિત થવા ન દેતાં કસોટીમાંથી પરિપૂર્ણ રીતે પસાર થવાથી રાજા-રાણીને સજીવન પુત્રની સાથે દેવો તથા મહર્ષિઓએ તેમની મૂળ સ્થિતિ (રાજ્યાવસ્થા)માં મૂકી દીધાં.

પછી ઘણા કાળ સુધી ન્યાયથી રાજ્ય પાળી, સત્ય ધર્મનું રક્ષણ કરી, તે બંન્ને દંપતિ પરમાત્મ ધ્યાનમાં લીન થઇ, અનંત કર્માવરણોને અલગ કરી, પરમાત્મજ્ઞાન સ્વરૂપની પરાકાષ્ઠાએ પહોંચી જન્મ જરા મરણના દુઃખથી રહિત થઇ અનંત આનંદ, શાંતિમય અવ્યાબાધ સ્વરૂપને પામ્યા.

આ ઉપરથી વાચક વર્ગને સમજાશે કે—સત્ય એજ મનુષ્યનું સાચું જીવન છે, સત્ય એજ કર્ત્તવ્ય છે, સત્ય એજ સ્વરૂપ છે, સત્ય એજ ધર્મ છે અને સત્ય એજ આત્મોન્નતિનું પરમ સાધન છે, ઓં શાંતિઃ શાંતિઃ શાંતિઃ !!!

इति द्वितीय भाग समाप्त.



ॐ श्री सद्गुरु संत स्वरूपाय नमः

અધ્યાત્મિક પ્રકરણ ભાગ ૩.

પરમ કૃપાળુ શુભમુનિજીના તાત્ત્વિક વિચારો.

જૈન શૈલીની સામાન્ય સમજ.

બોધ થવાનો અનુક્રમ.

પરમ પુરૂષ પ્રભુ સદ્‌ગુરુ, પરમજ્ઞાન સુખ ધામ;
જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ.

૧—જૈન સિદ્ધાંતનો આધાર એક 'ચેતન' અને બીજી જડ (પુદ્‌ગલ) રાશિ—એ બે રાશિ ઉપર છે.

૨—તે બે રાશિ ઓળખવાને શ્રીમાન્ મહાવીરે નીચે પ્રમાણે દ્રવ્યનું સ્વરૂપ જણાવ્યું છે.

૩—દ્રવ્ય એટલે જેમાં સત્તા હોય તે દ્રવ્ય અથવા એક સમયે ઉત્પાદ, વ્યય અને ધ્રુવપણું જેનામાં હોય અર્થાત્ ઉત્પન્ન થાય, નાશ થાય, છતાં કાયમ રહે એવો ગુણ જેનામાં હોય તે દ્રવ્ય અથવા ગુણ પર્યાયવંત જે હોય તે દ્રવ્ય. દ્રવ્યનુ બીજું નામ વસ્તુ. (દ્રવ્ય એટલે વસ્તુ, ચીજ)

૪—દ્રવ્યમાં સત્તા બે પ્રકારની છે. એક અવાંતર સત્તા અને બીજી મહાસત્તા.

૫—અવાંતર સત્તા ત્રણ પ્રકારની છે. તેમાંની એક સત્તા એવી છે કે દરેક વસ્તુને નવા નવા આકારમાં ફેરવે છે અર્થાત્ રૂપાંતર કરે છે. જેમકે રૂનું સુતર કરે છે, પછી સુતરના લુગડાં કરે છે, પછી લુગડાંનો ડગલો કરે છે, પછી તેનાં ચીથરાં વિગેરે થાય છે, તે સત્તાનું નામ ઉત્પાદ સત્તા. બીજી સત્તા એવી છે કે ઉત્પાદ સત્તા જે નવા નવા આકાર ઉત્પન્ન કરે છે, તે તે આકારનો આ સત્તા નાશ કરે છે, જેમકે પહેલાં રૂનો નાશ કર્યો, પછી સુતરનો નાશ કર્યો, પછી લુગડાનો નાશ કર્યો, પછી ડગલાનો નાશ કર્યો અને પછી ચીથરાનો નાશ કર્યો. આ

સત્તાનું નામ વ્યય સત્તા, ત્રીજી સત્તા એવી છે કે–ઉત્પાદ સત્તા નવા નવા આકારને ફેરવે છે અને વ્યય સત્તા વસ્તુના આકારનો નાશ કરે છે; છતાં પણ આત્રીજી સત્તા વસ્તુને ટકાવી રાખે છે અર્થાત્ વસ્તુનો સદંતર નાશ થવા દેતી નથી આકારો નવા જુના થયા કરે છે; છતાં મુળ વસ્તુને કાયમ રાખે છે. જેમકે સોનાની લગડીનો નાશ થઇ કડું થયું, કડાનો નાશ થઇ સાંકળી થઇ, સાંકળીનો નાશ થઇ ગંઠો થયો, છતાં સોનુ તો કાયમ રહ્યું, માત્ર તેના આકારો નવા જુના થયા, તેમજ આ સત્તા વસ્તુના આકારો નવા જુના થાય છે, છતાં મૂળ વસ્તુને કાયમ રાખે છે, તે સત્તાનું નામ ધ્રુવસત્તા. આ ત્રણે સત્તાને અવાંતર સત્તા કહે છે.

૬—**અવાંતર સત્તાની વિશેષ સમજ.** ઉત્પાદસત્તા કોઇ કાલે પણ વસ્તુનો વ્યય કરે નહિ અર્થાત્ વસ્તુના આકારોનો નાશ કરે નહિ તથા વસ્તુને કાયમપણે રાખે નહિ. વ્યયસત્તા–વસ્તુને કોઇ પણ કાલે ઉત્પન્ન કરે નહિ તેમજ ધ્રુવપણે રાખે નહિ. ધ્રુવસત્તા કોઇપણ કાલે વસ્તુને ઉત્પન્ન કરે નહિ તેમજ નાશ પણ કરે નહિ. એકજ વસ્તુમાં આ ત્રણે સત્તા સમયે સમયે પોતાનું કાર્ય કર્યા કરે છે. વસ્તુ તેજ દ્રવ્ય અથવા વસ્તુનું બીજું નામ દ્રવ્ય. ધ્રુવસત્તાનું બીજું નામ ગુણ અને ઉત્પાદ, વ્યય સત્તાનું બીજું નામ પર્યાય; અર્થાત્ પર્યાયમાં ઉત્પાદ અને વ્યય એ બે સત્તા સમાય છે.

૭—મહાસત્તા એટલે ઉપર બતાવેલી ત્રણે અવાંતર સત્તા જેના આધારે રહેલી છે તેનું નામ **મહાસત્તા** અથવા ત્રણે અવાંતર સત્તાને ધારણ કરી રાખનાર જે સત્તા, તે મહાસત્તા. એવી અલૌકિક સત્તા (ગુણ) જે વસ્તુમાં હોય તે વસ્તુનું નામ દ્રવ્ય. ' સત્તા એટલે શક્તિ ગુણ. '

૮—એક સમયે એક દ્રવ્યના (વસ્તુના) બે ઉત્પાદ સાથે ન થાય અને જો બે ઉત્પાદ સાથે દેખાતા હોય તો દ્રવ્ય પણ બે હોવાં જોઇએ. એજ પ્રમાણે એક દ્રવ્યના બે વ્યય પણ સાથે ન થાય. ઉત્પાદનું બીજું નામ ક્રિયા, પર્યાય અથવા વસ્તુનું રૂપાંતર થવું તે.

૯—ક્રિયા એક દેખાતી હોય અને દ્રવ્ય (વસ્તુ) બે હોય એમ પણ ન બને, અર્થાત્ બે દ્રવ્ય મળીને એક ક્રિયા ન કરે.

૧૦—પર્યાયના બે ભેદ છે. એક ગુણ પર્યાય અને બીજો દ્રવ્ય પર્યાય. એક વસ્તુનું સમયે સમયે નવું જુનું થવું તે ગુણ પર્યાય, જેમકે રંગ, ગંધ વિગેરેનું સમયે સમયે ફેરફાર થવું તથા વસ્તુ (દ્રવ્ય)નો અમુક કાલ સુધી એવોજ આકાર ટકી રહે તે દ્રવ્ય પર્યાય, જેમકે શરીર પેટી વિગેરે.

૧૧—જે ક્રિયા તથા ગુણ (સત્તા)ને લીધે વસ્તુનું હોવા પણું છે, તેમજ જો ક્રિયા તથા ગુણનો સદંતર નાશ થાય તો દ્રવ્યનો પણ નાશ થઈ જાય છે ને એમ કોઈ કાલે પણ બનતું નથી, અર્થાત્ અસત્ વસ્તુનું ઉત્પન્ન થવું અને સત્ય વસ્તુનો નાશ થવો સંભવતો નથી. આ પ્રમાણે દ્રવ્યની વ્યાખ્યા કહી છે. હવે

ધ્યાનમાં રાખવા યોગ્ય.

૧—કોઇ પણ પ્રકારના ગુણ વડે વસ્તુ ઓળખાય છે. તે વસ્તુ ઓળખવાનો જે ગુણ તે ગુણમાં (૧) અવ્યાપ્તિ, (૨) અતિવ્યાપ્તિ અને (૩) અસંભવિત—એ નામના ત્રણ દોષ ન હોવા જોઇએ.

૨—અવ્યાપ્તિદોષ એટલે વસ્તુ ઓળખવા માટે જે ગુણ કહ્યો હોય તે ગુણ તેની જાતની અથવા તેના જેવી દરેક વસ્તુમાં હોવો જોઇએ અને એ પ્રમાણે ન હોય તો અવ્યાપ્તિ દોષ લાગે. જેમકે મરચાંનો ગુણ લીલા રંગનો કહીએ, તો દરેક મરચું લીલા રંગનું જ હોવું જોઇએ અને બનતું નથી; કારણકે કેટલાંક મરચાં લાલ રંગના પણ હોય છે માટે એ ગુણમાં અવ્યાપ્તિદોષ લાગે, પણ મરચાંનો ગુણ તીખાશ કહીએ, તો ગમે તેવાં મરચાં હશે, તોપણ તે તીખાંજ હશે.

૩—અતિવ્યાપ્તિ દોષ એટલે વસ્તુને ઓળખવા માટે જે ગુણ કહ્યો હોય તે ગુણ તેનાથી જુદી જાતની વસ્તુમાં પણ હોય તો તે ગુણ અતિવ્યાપ્તિ દોષવાળો કહેવાય. જેમકે હાથીને ચાર પગવાળો કહીએ, તો ચાર પગવાળા તો ઘોડા ગાય વિગેરે કે જે હાથીથી જુદી જાતના જનવર છે, તે પણ ચાર પગવાળા છે. માટે અતિવ્યાપ્તિ દોષ લાગે; પણ જો હાથીને સુંઢવાળો કહીએ તો હાથીની જાત સિવાય બીજા ચોપગા જનવર સુંઢવાળા ન હોવાથી એ ગુણ (વિશેષણ) અતિવ્યાપ્તિ દોષ રહિત છે. અર્થાત્ નિર્દોષ છે.

૪—અસંભવિત દોષ એટલે કોઇપણ પ્રમાણથી વસ્તુ સિદ્ધ ન થાય. જેમકે વંધ્યાપુત્ર, આકાશપુષ્પ વિગેરે (ન હોય તે કહેવું) એ દોષ પણ ન હોવો જોઇએ.

શ્રુતજ્ઞાનનું સંક્ષેપ સ્વરૂપ.

૧—શ્રુતજ્ઞાનના મુખ્ય બે ભેદ છે. (૧) અક્ષર શ્રુત અને (૨) અનક્ષરશ્રુત.

૨—અનક્ષરશ્રુત એટલે બોલ્યા વિના જે કંઇ હાથ પગ વિગેરેની ઇસારતથી કહેવું અથવા સમજવું તે અર્થાત્ જેમાં અક્ષર ન હોય તે.

૩—અક્ષરશ્રુતના ત્રણ ભેદ છે. (૧) સંજ્ઞાઅક્ષર એટલે અક્ષર પ્રકારની લિપિ જેમકે A અને ए અથવા સુરત, सुरत Surat વિગેરે વ્યંજનાક્ષર એટલે જે કાંઇ મુખેથી બોલાય તે. (૩) લબ્ધિઅક્ષર એટલે જે વસ્તુને માટે સંજ્ઞા અથવા વ્યંજન અક્ષર હોય તેથી તે વસ્તુનું જ્ઞાન અથવા તે વસ્તુ ઓળખાય તે.

મતિજ્ઞાનનું સંક્ષેપ સ્વરૂપ.

૧—દરેક ઇંદ્રિયો પોત પોતાના વિષયની ગ્રાહક એટલે ગ્રહણ કરનારી છે અને વર્ણ ગંધાદિક તેની ગ્રાહ્ય એટલે ગ્રહણ થનારી છે.

૨—ગ્રાહક એટલે ગ્રહણ કરનાર. ગ્રાહ્ય એટલે ગ્રહણ થનાર.

પાંચ ઇંદ્રિયોના સ્વભાવ.

સ્પર્શેંદ્રિય—શરીરનો સ્વભાવ સ્પર્શ એટલે ટાઢું ઉનું, હલકું, ભારે વિગેરે ગ્રહણ કરવાનો છે.

રસનેંદ્રિય—જીભનો સ્વભાવ રસ એટલે ખારૂં, ખાટું વિગેરેને ગ્રહણ કરવાનો છે.

ઘ્રાણેંદ્રિય—નાકનો સ્વભાવ ગંધ એટલે સુગંધ દુર્ગંધને ગ્રહણ કરવાનો છે.

ચક્ષુર્ઇંદ્રિય—આંખનો સ્વભાવ વર્ણ એટલે લાલ, લીલો વિગેરે રંગ તથા આકારને ગ્રહણ કરવાનો છે.

શ્રોત્રેંદ્રિય—કાનનો સ્વભાવ શબ્દ એટલે અવાજને ગ્રહણ કરવાનો છે.

મતિ જ્ઞાનના ૨૮ ભેદ.

વ્યંજનાવગ્રહ એટલે ઇંદ્રિયોને પોતાના વિષયનો મેલાપ થાય તેને વ્યંજનાવગ્રહ કહે છે.

અર્થાવગ્રહ એટલે વ્યંજનાવગ્રહ થયા પછી કંઇક સંભળાય છે, કંઇક ગંધાય છે વિગેરે જે ક્રિયા થાય તેને અર્થાવગ્રહ કહે છે.

ઈહા એટલે અર્થાવગ્રહ થયા પછી શું સંભળાય છે, શું ગંધાય છે ? વિગેરે જે વિકલ્પ તેને ઇહા કહે છે.

અપાય એટલે ઇહા પછી અમુક સંભળાય છે, અમુક ગંધાય છે વિગેરે જે સંકલ્પ (નિર્ણય) તેને અપાય કહે છે.

ધારણા એટલે અપાય થયા પછી તે અપાય (સંકલ્પ–નિર્ણય) નું જ્યાં સુધી ટકી રહેવું યા યાદ રહેવું તેને ધારણા કહે છે.

મતિ જ્ઞાનના ૨૮ ભેદનું કોષ્ટક.


દરેક ઇંદ્રિયનો.	૧લો	૨ જો	૩ જી	૪ થો	૫ મો	કુલ
૧ શરીરનો	વ્યંજના વગ્રહ.	અર્થાવ ગ્રહ.	ઇહા	અપાય	ધારણા	૫
૨ જીભનો	,,	,,	,,	,,	,,	૫
૩ નાકનો	,,	,,	,,	,,	,,	૫
૪ કાનનો	,,	,,	,,	,,	,,	૫
૫ આંખનો		,,	,,	,,	,,	૪
૬ મનનો		,,	,,	,,	,,	૪
કુલ	૪	૬	૬	૬	૬	૨૮

વિશેષ સમજ.

દરેક ઇંદ્રિયને પહેલો વ્યંજનાવગ્રહ, પછી અર્થાવગ્રહ, પછી ઇહા, પછી અપાય, પછી ધારણા. એમ અનુક્રમે થાય છે, તેમાં ચક્ષુ તથા મનને વ્યંજનાવગ્રહ થતો નથી.

૧– કોઇ પણ જીવના સુખનો નાશ કરવો તે હિંસા. જ્યાં જેટલી હિંસા ત્યાં તેટલું પાપ બંધાય.

૨–કોઇપણ જીવના દુઃખનો નાશ કરવો તે દયા, જ્યાં જેટલી દયા ત્યાં તેટલું પુન્ય બંધાય.



"મનને મિત્ર કરો"

(૧) ચેતન એટલે આત્મા તથા (૨) જડ–એ બંને દ્રવ્ય (વસ્તુ)ની સામાન્ય વ્યાખ્યા.

૧—જેનામાં મુખ્ય જાણવાનો ગુણ છે તે ચેતન. અથવા જે જાણે છે તે ચેતન. ચેતનનું બીજું નામ આત્મા અને જે કંઇ જાણવામાં આવે છે તે જડ અથવા જે કંઇ જણાય છે તે બધું જડ, અથવા વર્ણ, ગંધ, રસ, સ્પર્શ તથા શબ્દ વિગેરે જે ગુણો છે તે જડ. બીજુ નામ પુદ્ગલ. પુદ્ગલ એટલે ગળી જવું તથા પુરાવું.

૨—ચેતનને વિશેષ સમજવા માટે નીચેના છ પદ વિચારવાની જરૂર છે.

(૧) **આત્મા છે,** (૨) **નિત્ય છે,** (૩) **કર્ત્તા છે,** (૪) **ભોકતા છે,** (૫) **મોક્ષ છે,** (૬) **મોક્ષનો ઉપાય છે.**

૩—આ છ પદને અનુક્રમે જાણવા. તે જણાતી વખતે પહેલા પદની સિદ્ધિ કર્યા પછી બીજાની સિદ્ધિ કરતી વખતે પહેલું પદ ઉડી ન જાય તેની બરાબર સાવચેતી રાખવાની જરૂર છે. આગળનાં પદ સમજતાં વાર લાગે તેની હરકત નહિ, પણ સમજેલું ભુલાઇ ન જવું જોઇએ. હવે પહેલું પદ વિચારીએ.

૪— (૧) **આત્મા છે**—અમુક જાતનો ગુણ હોવાને લીધે વસ્તુનું હોવાપણું છે. જેમકે પગને રક્ષા કરવાનો ગુણ હોવાથી પગરખાં (જોડા)નું હોવાપણું છે, તથા મિઠાશનો ગુણ હોવાથી સાકરનું હોવાપણું છે; તેમજ જાણવાનો ગુણ હોવાથી ચેતન (આત્મા)નું હોવાપણું છે, અર્થાત્

આત્મા જાણવાના ગુણવાળો છે. એટલે જે જાણે છે તેજ આત્મા છે. આત્મા સ્વ-પર પ્રકાશક છે.

(૨) **આત્મા નિત્ય છે**–ઘટ, પટ (વસ્ત્ર) આદિ પદાર્થો અમુક કાલવર્ત્તી છે એટલે આદિ અને અંતવાળા છે, જેની આદિ છે તે પદાર્થો અમુક વસ્તુમાંથી થયેલા જણાય છે, એટલે અમુક ઉપાદાન કારણમાંથી થયેલા જણાય છે અને તેનો નાશ થયા પછી પણ અમુક વસ્તુ થાય છે, જેમકે ઘટ માટીમાંથી થયો છે અને તેનો નાશ થઇ ઠીકરા થાય છે. પટ (વસ્ત્ર) રૂમાંથી થયું છે અને તેનો નાશ થઇ ચીંથરા થાય છે; તેમ આત્મા કોઇપણ વસ્તુમાંથી ઉત્પન્ન થયો છે એમ જણાતું નથી તથા તેનો નાશ થઇ કંઇ પણ થાય એમ પણ બનવાનું નથી. તેથી આત્મા ત્રિકાલવર્ત્તી છે એટલે નિત્ય છે, શાશ્વત છે. (અપૂર્ણ)


પરમ કૃપાળુ પૂજ્યશ્રી શુભ મુનિ કૃત

ભ્રાંતિ વિચાર.

આપણે આ બધું જે જે જોઇએ છીએ તે બધું જડછે; પરંતુ તે વસ્તુતાએ કંઇ નથી. કારણ કે સ્વપ્નામાં બાઇએ છીએ, રમીએ છીએ વિગેરે આપણે જે કંઇ કરીએ છીએ, તે જ્યારે જાગ્રત થઇએ છીએ, ત્યારે એ બધું ખોટું હતું એમ લાગે છે; તેવીજ રીતે હાલ આપણે સ્વપ્ન દશામાં છીએ તેથી આ બધું જણાય છે, દેખાય છે, પણ જ્યારે જાગ્રત થઇશું ત્યારે આ બધું ખોટું હતું એમ લાગશે.

સવાલ—તમે ઉપર પ્રમાણે કહો છો તે તમે પોતે સ્વપ્ન દશામાં રહીને કહો છો કે જાગ્રત દશામાં ? જો તમે સ્વપ્ન દશામાં કહેતા હો, તો જ્યારે આપણે જાગ્રત થશું ત્યારે આ તમારૂં કહેલું ખોટું હતું એમ લાગશે, અને જડ સત્ય છે એમ લાગશે–નક્કી થશે; પરંતુ જો તમે જાગ્રત દશામાં રહીને કહેતા હો, તો તમે મને જોઇ શકો છો કે નહિ ? જો જોઇ શકતા હો તો હું જે તમને દેખાઉં છું, તે જાગ્રત દશા છતાં ખોટું છે, એમ શા આધારે કહેવાય? કદાચ તમે એમ કહો કે હું થોડો જાગ્રત છું, તો તમે મને પણ થોડો જાગ્રત કરશો કે નહિ ? અને જો કરી શકતા હો, તો એક જીણામાં જીણો રાઇનો દાણો જેને હું જોઉં છું તે ન દેખાય, એટલું કરીઆપશો તો તમારૂં કહેલું સર્વ સત્ય છે, એમ હું માનીશ અને આગળ જતાં વધારે જાગ્રત થવાની મને આશા રહેશે. (અર્થાત્ આગળ વધારે જાગ્રત કરશો.) કદાચ હાલ તમે મને જરાપણ જાગ્રત કરવા સમર્થ નથી, તો પછી તમારા કહેવા પ્રમાણે હું સ્વપ્ન દશામાં

છું એમ માની લઉં તેના કરતાં હું મને જાગ્રત દશામાં છું એમજ માનું એ વધારે શ્રેષ્ઠ છે અને જ્યારે તમે મને જાગ્રત કરવા સમર્થ થશો, ત્યારેજ તમારૂં કહેવું સત્ય માનવું, એ વધારે શ્રેષ્ઠ છે, કેમકે તમે પોતે જે બોલો છો, તેજ કાં એ ભાન દશામાં કહેતાં સ્વપ્નદશામાં હો એવું ન લાગે ? જો જાગ્રત દશામાં હો તો જાગ્રત કરી આપો, નહિ તો અમે માનશું કે તમે સ્વપ્ન દશામાં છો,



ગાયનનો આધ્યાત્મિક ઉપનય-કથા.

" પાણી ભરવા હું ગઇતીરે. સાહેલીની સંગે,
આડા આવીને ઉભારે, કુંવરજી નવરંગે.

સાખી—જળ ભરવા સર્વે ગયા, તે વાડી મોઝાર;
આડા આવી ઉભા રહ્યા, બન્ને રાજકુમાર.
રોકીરાખી સાસુજીરે, અમે સહુ પનીઆરી,
નામ પૂછીને મારૂંરે, કીધી કઠ્ઠા ભારી.

સાખી—શરમાઇ ઉભાં રહ્યાં, શું અમ અબળા જોર;
વિનવણી કંઇ સુણી નહિ, દેખાડી નિજ તોર.
હઠથી અમે હાર્યારે, આખર એક સાહેલી,
નામ લીધું અમારૂં રે, ત્યારે દીધા મેલી. "

અર્થ—કાયારૂપ નગરમાં મોહરૂપ રાજા, તેને બે પુત્રો હતા, તેમાં એક જે રાગ-તેનું નામ **માનસિંહ** અને બીજો દ્વેષ-તેનું નામ **અભયસિંહ** હતું. તે નગરનો જે નગરશેઠ તેનું નામ આત્મા, તેને ચેતના નામે સ્ત્રી, ઉપયોગ નામે પુત્ર, તેની **શ્રદ્ધા** નામે સ્ત્રી ને **સુમતિ** નામે સખી હતી અને સદ્‌વૃત્તિરૂપ સાહેલીઓ હતી. તેની સાથે જ્ઞાનરૂપ સરોવરે પાણી ભરવા જતાં મોહ રાજાના બે પુત્રો તેને અટકાવી તેનું નામ પુછવા લાગ્યા. ત્યારે તેણે હઠ કરી થોડીવાર નામ ન લીધું, છેવટે સુમતિરૂપ સખીએ તેનું નામ દીધું ત્યારે તે નામ સાંભળી જતા રહ્યા, કેમકે જ્ઞાનીનો માર્ગ સહજ છે, પણ હઠથી નથી, તેથી શ્રદ્ધાએ જ્યારે પોતાનો હઠ સુમતિરૂપ સખીના કહેવાથી છોડયો કે તરતજ મોહ-રાજાના પુત્ર જે રાગ-દ્વેષ હતા, તે જતા રહ્યા અને જ્ઞાનરૂપ પાણી ભર્યું એટલે કેવળજ્ઞાન થયું.

પૂજ્યશ્રી શુભમુનિ કૃત

નવતત્ત્વ કથાનો ઉપનય.

૧—**જીવતત્ત્વ વિષે** શબ્દાર્થ:—મધુપુરમાં વરૂણ શેઠે એક હાથનું દેરૂં ચણાવ્યું, તેમાં ચાર હાથના દેવ સ્થાપન કરાવ્યા, તે દેવ હમેશાં તે શેઠને ઇચ્છિત આપતો હતો.

શંકા—એક હાથના દેરામાં ચાર હાથના દેવ કેમ રહે ?

ભાવાર્થ—તે દેવ ચાર હાથનો લાંબો પહોળો નહિ, પણ તે ચાર હાથવાળો હતો.

પરમાર્થ—મધુપુર એટલે મધુબિંદુ સમાન સુખ છે જેમાં એવા સંસારરૂપ નગરમાં, તે સંસારરૂપ નગરનો ક્ષેત્રપાલ અથવા તે નગરની શેઠાઇ ભોગવનાર એવા વરૂણશેઠરૂપ સંસારી જીવ, કાયારૂપ નાનું દેરૂં બનાવી તેમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંતવીર્યરૂપ ચાર હાથવાળો આત્મારૂપ દેવ બેસાર્યો, તે આત્મારૂપ દેવ ચિંતામણિ રત્નની જેમ પોતાની સેવા કરનારને વાંછિત સુખ આપે છે, અરે ! તે આત્મરૂપ દેવ હાથી જેવા મોટા શરીરમાં તથા કીડી જેવા નાના શરીરમાં પણ રહી શકે તેવો છે. અર્થાત્ આત્મા સંકોચ-વિસ્તારવાળો છે.

૨—**અજીવતત્ત્વ વિષે** શબ્દાર્થ:—વિંધ્યાચલ પર્વત ઉપર એક રાતું અને ઘણા વિસ્તારવાળું, પત્ર શાખાથી ભરપૂર એવું અશોકવૃક્ષ છે, તે વૃક્ષની છાયા સૂર્યના તડકા ઉપર પડતી નથી.

શંકા—પત્ર શાખાવાળું ઝાડ છતાં તેની છાયા સૂર્યના તડકા ઉપર કેમ પડતી નથી ?

ભાવાર્થ—ઝાડની છાયા તો હમેશાં જમીન ઉપર પડે છે, તડકા ઉપર પડતી નથી, કારણકે સૂર્યનો તડકો ઝાડની ઉપર રહે છે. જો સૂર્યનો તડકો છાયા ઉપર પડતો હોય તો તડકો છાયાની નીચે રહેવો જોઇએ અને તેમ તો બનતું નથી, ઉલટો સૂર્યનો તડકો પોતેજ ઝાડ ઉપર પડે છે. માટે છાયા જમીન ઉપર રહે છે—પડે છે, પરંતુ સૂર્યના તડકા ઉપર પડતી નથી.

પરમાર્થ—અજીવતત્ત્વ એવા અનંત આકાશરૂપ વિંધ્યાચલ પર્વત ઉપર ગુણરૂપ શાખાઓ અને પર્યાયરૂપ પત્રોથી ભરપૂર પુદ્ગલરૂપ વૃક્ષ છે, તે વૃક્ષની છાયા, જીવતત્ત્વરૂપ સૂર્યના ઉપયોગરૂપ તડકા ઉપર પડતી નથી, પણ ગુણ પર્યાયવંત પુદ્ગલ વૃક્ષ ઉપર જીવ તત્ત્વરૂપ સૂર્યનો ઉપયોગરૂપ તડકો રહે છે. કેમકે જ્ઞેય આકારે જ્ઞાન પરિણમે છે, પણ જ્ઞાન આકારે જ્ઞેય પરિણમતુ નથી.

ધોરાજીના રહેવાસી શા છગનલાલ નાગજી ચીનાઇના વિચારો.

સંવત ૧૯૬૭ માગશર વદ ૯ રવિવાર.

આત્મા તથા જડની સાબીતિ.

જડ-ચેતન-અસ્તિત્વની સાબીતિ.

પ્રશ્ન—જડ અથવા પુદ્ગલ એવું કંઇ છે અને છે તો તેની શી ખાત્રી?

જવાબ—હા, જડ છે. આપણે આ બધું જે જે જોઇએ છીએ અને જાણીએ છીએ, તે બધું જડ છે. અને જો જડ ન હોય તો કંઇ દેખાત કે જણાત નહિ.

પ્રશ્ન—આપણે સ્વપ્નમાં ઘણું ઘણું જોઈએ છીએ, ખાઇએ છીએ, વિગેરે પણ પાછા જ્યારે ઉંઘમાંથી ઉઠીએ છીએ, ત્યારે આપણને ખાત્રી થાય છે કે– જે જે આપણે ખાધું, પીધું અને જોયું એ બધું ભ્રાંતિમાં હતું; પણ ખરી રીતે આપણે કાંઇ કર્યું જ નથી. માત્ર ઉંઘમાં હતા, બધી ભ્રાંતિજ હતી. તેવીજ રીતે આપણે જગતમાં જે જે જોઇએ છીએ અને જાણીએ છીએ–તે બધી સ્વપ્નવત્ ભ્રાંતિજ કાં ન હોય? અને એને ભ્રાંતિ કહીએ તો કાંઇ વાંધો છે?

જવાબ—જડની ભ્રાંતિ નથી અને હોવી સંભવિત પણ નથી; કારણ કે એ ભ્રાંતિ હોય તો તેનું કરાવનાર કંઇ પણ હોવું જોઇએ. જો એમ કહીએ કે જડને લઇને ભ્રાંતિ થાય છે, તો પછી જડનું અસ્તિત્વ સાબીત થાય છે અને ભ્રાંતિ ઉડી જાય છે. તો પછી જો ભ્રાંતિ જડને લઇને ન હોય તો શું આત્માને આધારે છે? આત્મા ભ્રાંતિ કોને કરાવે? પોતે પોતાને કરાવે એ કેમ બને? પોતાનો એક ભાગ, પોતાના બીજા ભાગને ભ્રાંતિ કરાવે કે પોતે આખો આખાને ભ્રાંતિ કરાવે, પોતે પોતાને ભ્રાંતિ કરાવે એ સંભવિત નથી અને એમ બનવું અશક્ય છે. કદાચ આપણે એમ માનીએ કે—આત્મા પોતે પોતાને ભ્રાંતિ કરાવે છે, તો પછી એનામાં ભ્રાંતિ કરાવવાની શક્તિ હોય, તો ભ્રાંતિ ઉડાડવાની પણ શક્તિ હોવીજ જોઇએ અને એ વાત કબૂલ થાય, તો પછી કોઇ પોતે જાણી જોઇને મૂર્ખ બને એ સંભવે છે? માટે ભ્રાંતિનું કરાવનાર તો કોઇ નથી. કરાવનાર કોઇ ન હોય તો કારણ વિના કાર્ય કેમ બને? માટે ભ્રાંતિ નથી–એમ સાબીત થાય છે. અને ભ્રાંતિ નથી, તો જડ ખરેખર છે, એ પણ તેમાંથી નીકળે છે હવે જડ છે, એમ સાબીત થયું અને જાણ્યું. પણ જડ છે–એ કોણે જાણ્યું? (આત્માની સાબીતી).

શું જડે જડને જાણ્યું ? અને જો જાણ્યું તો કેવી રીતે ? એક ભાગે બીજા ભાગને જાણ્યો ? જો એક ભાગ બીજા ભાગને જાણી શકે તો આખા ભાગને શું કરવા ન જાણી શકે ? અને એ રીતે આપણે આખા જગતને એકી સાથે શામાટે જાણી નથી લેતાં ? શું આખું આખાનેજ જાણે ? તો પછી એક ભાગ બીજા ભાગને શું કરવા ન જાણે ? જો કોઇ એમ કહે કે સરખો સરખાને જાણે, એટલે એમ કે બધું જડ બધાને જાણે. નાનો ભાગ પોતાના જેવડા નાના ભાગનેજ જાણે. તો એ પણ ખોટું છે, કેમકે આપણું શરીર તો બહુ નાનું છે, છતાં આપણે દુનીયાના ઘણા મોટા ભાગને જોઇ –જાણી શકીએ છીએ. માટે જડ જડને જાણે એ અસંભવિત છે. જો જડ જડને ન જાણે તો પછી જડ જણાય છે એ વાત ચોક્કસ છે યા સત્ય છે, માટે તેનો કોઇ જાણનાર (વસ્તુ) હોવો જોઇએ અને એ જાણનાર છે તે ગમે તે હોય, પણ તેનું નામજ આત્મા (આત્મા જ્ઞાતાજ હોવો જોઇએ) આત્મા જ્ઞાતાજ હોઇ શકે તે સંકલ્પ વિકલ્પથી જાણવું તેનું નામ અનુમાન; પણ એ જ્ઞાન ન કહેવાય. જેનામાં જાણવાની શક્તિ હોય એ વિચાર ન કરે. આપણા હાથમાં અમુક ચીજ છે એ આપણે જાણતા હોઇએ તો તે શું છે ! એ આપણને વિચારજ ન આવે. જેને શંકા એજ વિચાર કરે, શંકા વિનાનો વિચાર ન કરે અને શંકા અજ્ઞાનપણું બતાવે યા સૂચવે છે. માટે જે પરને જાણે એનું નામજ આત્મા, અને જે આત્મા જાણે છે, તે તેનાથી જુદોજ હોઇ શકે, કારણકે જાણનાર તેજ આત્મા અને જણાય નહિ એ આત્મા નહિ. એ આપણે ઉપર સિદ્ધ કર્યું છે. હવે આ બધું જણાય તે તો જડ, પણ સંકલ્પ વિકલ્પને જડ કેમ કહી શકાય ? આત્મા કેવળજ્ઞાન થયા પહેલાં સંકલ્પ વિકલ્પ કરીને જાણે છે અને કેવળજ્ઞાન થયા પછી પ્રત્યક્ષ જાણે છે. એમ કહીએ તો શું દોષ છે ? સંકલ્પ વિકલ્પ એ જડના ગુણ છે, એમ બે રીતે સિદ્ધ થાય છે, એક તો એ કે જે સંકલ્પ વિકલ્પ થાય છે, તે બધા આપણે જાણી શકીએ છીએ અને જે આપણે જાણીએ તે બધું જડ એ સિદ્ધ થયું છે. અને બીજું એ કે સંકલ્પ વિકલ્પથી કંઇ જાણી શકાતું નથી, તેમનાથી તો માત્ર અનુમાન કરી શકાય છે અને અનુમાન કરવું એ જાણવાથી તદ્દન જુદું છે. જડ છે. આત્મા છે અને આત્મા જ્ઞાતાજ હોઇ શકે એની સાબીતી આગળ આવી ગઇ છે. જડની અંદર ઔદારિક શરીર, કાર્મણ શરીર, મન, વાણી વિગેરે દરેક જ્ઞેય વસ્તુનો સમાવેશ થાય છે અને તે દરેક નામ જુદાં જુદાં રાખવાને બદલે એ દરેકને જડના નામે ઓળખાવવાં એ ઉચિત છે. કારણ કે તેથી કરીને આત્માની અને

તેની ક્રિયાનો ભૂલાવો થતાં અટકશે. આત્મા એટલે માત્ર જ્ઞાન ગુણ. જેનો ગુણ માત્ર જાણવાનો છે. તે આત્મા અને જડ એ બેનું અસ્તિત્વ (હોવાપણું) યા હયાતી ઉપર સિદ્ધ થયું છે. દરેક પ્રાણી અથવા નાનામાં નાના જંતુ પણ આત્મા અને જડ સાથે રહે છે–એ વાત સાબીત કરવાની જરૂર જણાતી નથી.

પ્રશ્ન—હવે જ્યારે આત્મા જડ સાથે રહે છે, તો તેનો બંનેનો સંબંધ કેવી રીતનો છે ?

જવાબ—જડ નિમિત્તના આધારે પોતે પોતાનીજ ક્રિયા કર્યે જાય છે. તેનામાં કાંઇ જ્ઞાન નથી, એટલે જડની ક્રિયા તેના પોતાના હાથમાં પણ નથી. આત્મામાં માત્ર જાણવાનોજ ગુણ છે, તેથી તે જડની સાથે રહીને માત્ર મનના સંકલ્પ વિકલ્પનેજ જાણ્યા કરે છે, બીજું કંઇ કરતો નથી. આત્મા જડની ક્રિયાનો પ્રેરક છેજ નહિ. તેમ તે ઇચ્છતો પણ નથી કે જડ આમ કે આમ ક્રિયા કરે. તે માત્ર જાણેજ છે અને તેના જાણવાથી જડની ક્રિયા પર કોઇ પણ જાતની અસર થતીજ નથી.

પ્રશ્ન—આત્મા ન હોય તો જડ પોતે પોતાની ક્રિયા કરે કે નહિ ?

જવાબ—હા, કરે, જડને પોતાની ક્રિયા કરવામાં આત્માની જરૂરજ નથી.

પ્રશ્ન—ત્યારે આત્માને મન, શરીર વિગેરેની ક્રિયાનો નિમિત્ત શામાટે કહીએ છીએ ?

જવાબ—તે આ પ્રમાણે–કેટલાંક પક્ષીઓ એવા હોય છે કે તેઓ આખી રાત સુઇ રહે છે. કંઇ બોલતાં કે ગાતાં નથી. સવારના જ્યારે સૂર્ય પ્રકાશ થાય છે, ત્યારે ગાવા માંડે છે. આખો દિવસ સૂર્યના પ્રકાશમાં ગાયા કરે છે તથા રાત્રે પાછા શાંત થઇ સુઇ રહે છે. અહીં સૂર્યનો પ્રકાશ કાંઈ પક્ષીઓને ગાવાનું કહેતો નથી, તેમ તે ઇચ્છતો પણ નથી કે પક્ષીઓ ગાય; તોપણ પક્ષીઓ સૂર્યનો પ્રકાશ હોય ત્યારે ગાવાની ક્રિયા કરે છે. સૂર્યનો પ્રકાશ પક્ષીઓની ગાવાની ક્રિયાનો નિમિત્ત થયો. તે ન હોત તો પક્ષીઓ સુવા વિગેરેની બીજી ક્રિયાઓ કરત, પણ ગાવાની ક્રિયા કરત નહિ. આવીજ રીતે આત્મા જડની ક્રિયાનો નિમિત્ત કહેવાય છે. આત્માની હાજરી ન હોય તો જડ પોતાની અમુક જાતની ક્રિયા–સંકલ્પ વિગેરે ન કરે એ સંભવ છે, પણ પોતાની સદંતર ક્રિયા બંધ કરે એમ કહી શકે નહિ.

પ્રશ્ન—જ્યાંસુધી આત્મા જડની સાથે સંબંધમાં રહેલો છે, ત્યાંસુધી કેવું અને કેટલું જ્ઞાન મેળવી શકે ?

જવાબ—કેવળી સિવાયના સાધારણ મનુષ્યોમાં તો જેટલું જ્ઞાન મન અનુમાનથી જાણે, તેટલુંજ જ્ઞાન મન પાસેથી આત્મા પ્રત્યક્ષ જાણે એમ સંભવે છે.

પ્રશ્ન—જો આત્માનો સ્વભાવ બધી જ્ઞેય વસ્તુ પ્રત્યક્ષ જાણવાનો છે, તો શામાટે માત્ર મનનીજ ક્રિયાને જાણે છે ? અને શામાટે તે જડની સાથે ભમ્યા કરે છે ?

જવાબ—આત્માનો સ્વભાવ બધું પ્રત્યક્ષ જાણવાનો છે, પણ તેની તેને ખબર નથી, જેમ એક માણસ અંધારીયા ઘરની અંદર ઝીણી તડમાંથી આ જગતના જુદા જુદા પદાર્થોને જુએ છે, તો તેને ઘણું ઓછું અને ઝાંખું દેખાશે, પરંતુ ઘરની બહાર જઇને જુએ તો તેને એકદમ બધું બરાબર દેખાશે; પરંતુ ઘરની બહાર કેમ જવું તેની તેને ખબર નથી. તેમ બહારથી બહુ વધારે દેખાશે તેનું તેને જ્ઞાન નથી; તેવામાં એવું બને કે એકાએક વારની બીજી તરફની ભીંત પડી જાય, તો તરતજ ચેલો માણસ ઘણું અજવાળું જોઇ, પોતે જે તડમાંથી જુએ છે તેને પડતી મુકીને આ નવું અજવાળું જોવાને તે એકદમ મંડી જશે અને જ્યારે પોતે ભીંત પડી જવાથી ઘણું સ્પષ્ટ અંજવાળું જોશે, ત્યારે તે પોતાની તડને તો તદ્દન પડતી મુકી દેશે. આવીજ રીતે આત્મા મનની મારફત જાણ્યા કરે છે. આથી વધારે બીજું પ્રત્યક્ષ જ્ઞાન છે, તેની આ વખતે તેને કાંઇ ખબરજ નથી; એટલે તે આ મનરૂપ તડમાંથી જોવાનું કાયમ રાખે છે. જો વખતે એમ બને કે મનોવર્ગણા કર્મ અર્થાત્ મન તેની આડેથી ખસી જાય અને પોતાને પ્રત્યક્ષ જ્ઞાનનો અનુભવ થઇ જાય; તો પછી કોઇ દિવસ એ મનની મારફત પોતાનું જ્ઞાન મેળવશેજ નહિ. વાંધો એટલોજ છે કે આ શિવાય બીજી રીતે જોવાય છે તેની તેને ખબર નથી, માટેજ એ મનની મારફત જાણ્યા કરે છે અને તેની સાથે જાય છે.

પ્રશ્ન—જડ આત્માને ભમાવે છે કે આત્મા જડને ભમાવે છે ?

જવાબ—કોઇ કોઇને ભમાવતું નથી. સૌ પોતપોતાના સ્વભાવ પ્રમાણે વર્ત્યા કરે છે.

પ્રશ્ન—આત્મા જડની સાથે રખડે છે, તે શું તેનામાં કોઇ ભ્રાંતિ છે કે જડ કરે છે એજ હું કરું છું, એવું કોઈ હું પણું તેનામાં ઘુસી ગયું છે ? એવું શું છે કે જેથી કરીને આત્મા જડની પછવાડે ભમે છે ?

જવાબ—આત્માને કોઇ જાતની ભ્રાંતિ નથી. તે જડ કરે છે, તે હુંજ કરું છું– એવું હું પણું પણ તેનામાં નથી, એ બધી ક્રિયા જડ કરે છે કે હું કરું છું. તેનો વિચાર પણ તેને કદી આવતો નથી, તેતો જડની ક્રિયા જેવી છે, તેવી જાણ્યા કરે છે. જો તેને ભૂલ અથવા ભ્રાંતિ કહીએ તો તે એટલીજ કે પોતાની શક્તિ અધું જ્ઞાન પ્રત્યક્ષ જાણવાની છે, તેની તેને ખબર નથી. તે જડની પછવાડે ભમતો નથી, પણ બ ને સાથેજ ભમે છે પોતે આત્મા છે અને જડથી જુદો છે, તેની તેને ખબર નથી.

પ્રશ્ન—પાપ પુન્ય કોને લાગે છે, આત્માને કે જડને ? જો જડને લાગે તો આત્મા ભેગો શા માટે ભોગવે અને જો આત્માને લાગે તો જડ શા માટે ભોગવે !

જવાબ—પુન્ય પાપ કોઇને લાગતાં નથી, એતો ખોટી માન્યતા છે. જડને પાપ પુન્ય લાગે નહિ, પોતાની ક્રિયાની એને કાંઇ ખબર નથી, એને કંઇ જ્ઞાન નથી, તેમ આત્માને પણ લાગે નહિ, કારણકે આત્મા કાંઈ કરતો નથી, તે તો માત્ર જડની સારી અથવા માઠી ક્રિયાઓને જાણે છે. કોઇની ક્રિયા જાણવામાં એણે શો ગુન્હો કર્યો કે એને પાપ પુન્ય લાગે ! જો એમ બને તો સિદ્ધના જીવો બધા નરકે જાય.

પ્રશ્ન—ત્યારે શું કેવળીની વાત ખોટી કે ' જેવું કરશો તેવું પામશો, ' સારાં માઠાં કૃત્યોના ફળ મળેજ, વિગેરે.

જવાબ—તે વાત સત્ય છે, પણ સારાં માઠાં કરવાં કે કરાવવાં કોઇના હાથમાં નથી. નિમિત્તના આધારે જે કાળે જે બનવાનું હશે, તે બનશેજ. જડ કરે છે તે સમજ્યા વિના કરે છે અને આત્મા જાણ્યા શિવાય કાંઇ કરતો નથી.

પ્રશ્ન—ત્યારે જો પાપ પુન્યની ખોટી માન્યતા છે અને કોઇથી કાંઇ કર્યું કરાવાતું નથી, તો પછી અમારે શા માટે આટલી બધી મહેનત કરવી ? શા માટે સામાયક, પડિકમણાં કરવાં ? ચોરી, જુગાર વગેરે શું કરવા ન કરીએ?

જવાબ—તમારા કર્મના જોગ જો એવા હશે તો તમને એવુંજ સુજશે અને જો જોગ સારા હશે, તો તમને ઇચ્છા નહિ હોય છતાં સારૂંજ થશે.

પ્રશ્ન—ભલે એમ તો એમ પણ તમે આનું કેમ કરશો ? જગતમાં આપણે જોઇએ છીએ કે જે સુકૃત્ય કરે છે અને પુન્ય બાંધે છે તે લોકો, જે દુષ્કૃત્ય કરે છે અને પાપ બાંધે છે તેના કરતાં વહેલા મોક્ષે જાય છે અને જે એક માણસ પાપ બાંધ્યાજ કરે, તો તે મોક્ષે ન જાય તેનું શું કારણ ?

જવાબ—આનો જવાબ એ રીતે આપી શકાય છે, કે એક તો જ્યારે માણસને મુક્ત થવાનું નજદીક આવતું જાય છે, ત્યારે તેને ઘણે ભાગે સુકૃત્યજ સુઝે અને એ સુકૃત્ય કરીને મોક્ષે ગયો, એતો આપણને ઉપરથી લાગે છે, એમ નહિ કે એ સુકૃત્ય કરીને મોક્ષે ગયો, પણ સુકૃત્ય કરીને મોક્ષે જવું એ તેને માટે તે વખતે નિર્માણ થયેલું હતું. 'બીજી રીતે જવાબ' આત્માના મોક્ષનો આધાર હંમેશાં મનની પ્રતીતિ ઉપર છે, તે એમ કે જ્યારે મનને આત્માનો અને જડનો યથાર્થ ભેદ અનુમાનથી સમજાય અને તેમાં પૂર્ણ પ્રતીતિ થાય, ત્યારેજ આત્માને પોતાનું મુલ સ્વરૂપ યાદ આવે. હવે મન જ્યારે પોતાના અમુક ગુણ કે જે આત્માના જેવા છે તેમાં જો રમ્યા કરે તો આત્માના ગુણનું અનુમાન તે સહેલાઈથી કરી શકે અને પોતાના બીજા ગુણ કે જે આત્માથી વિરૂદ્ધ છે તેમાં રમે તો આત્માના ગુણનું ભાન કરવું વધારેને વધારે અશકય બને. મન આત્મા જેવા પોતાના ગુણમાં રમે તો પુન્ય કહેવાય અને તેથી વિરૂદ્ધ ગુણમાં રમે તો પાપ કહેવાય, હવે જે કોઇ પાપ કરે તો તે જે આત્માના ગુણનું ભાન થવાનું છે તેનાથી છેટો ખસતો જાય છે. બહુ મોટું પાપ કરે એટલે જે કે આત્માથી વિરૂદ્ધ ગુણમાં બહુ લીન થઈ જાય તો તે આત્માના ગુણના ભાનથી દૂર ખસી જાય અને પાછું પાસે આવતાં બહુ વાર લાગે, માટે આપણે કહીએ છીએ કે પાપનો બંધ બહુ મોટો પડી ગયો અને ભોગવ્યા વિના છુટકો નથી. અર્થાત્ 'તે પાપ નિકાચિત કહેવાય.'

પ્રશ્ન—ભેદ જ્ઞાનીનાં લક્ષણ શું ? અને અમુક માણસને ક્ષાયક સમકિત થયું છે, એ કેમ જણાય ? 'સદ્‌ગુરૂ કેમ ઓળખાય વા કેમ જણાય ?'

જવાબ—ભેદજ્ઞાનીને ભૂત ભવિષ્યની ચિંતા ન હોય, કારણકે જે થવાનું હોય તેજ થાય છે તેમ તેઓને પૂર્ણ શ્રદ્ધા હોય છે. આગ્રહ તો કોઇ જાતનો હોયજ નહિ. વિવાદમાં સત્ય વાતને એકદમ ગ્રહણ કરે, મારાપણું તેનામાં ઓછું જોવામાં આવે, સોના અને ધુળમાં માત્ર નામ શિવાય તે કંઇ ભેદ ન સમજે, કોઇપણ જાતનો ભય તેઓને હોયજ નહિ, તેઓના વચન સત્ય લાગે અને અનુભવમાં વિરૂદ્ધતા ન બતાવે, ખરો ક્રોધ કવચિતજ કરે, હંમેશાં શાંતિમાંજ રહે. જગતના રંગ ઘી વિનાની રોટલીના જેવા તેમને લુખા લુખા લાગે, ખાલી ડોળ બીલકુલ ન કરે, પોતાની કીર્તિ ફેલાવવાનો પ્રયાસ મુદ્દલ ન કરે એટલે એ માનના ભુખ્યા ન હોય, પોતાને ભેદજ્ઞાન થયાનો તેમને ગર્વ ન હોય, બીજાને સમજાવવાને હંમેશાં તત્પર રહે, આત્મા અને જડના ધર્મ ગમે તેમ ફેરવીને પુછીએ, તોપણ ખરા જવાબ આપે.

પ્રશ્ન—એવાં કયાં લક્ષણ છે કે જેથી કરીને થોડા પરિચયથી આપણને ખાત્રી થાય કે અમુક માણસ ભેદ જ્ઞાનનો ખાલી ડોળ કરે છે. ' કુગુરૂ કેમ ઓળખાય ? '

જવાબ—ખાલી લુગડાંના ભભકામાં બહુ મન ઘાલે, અંતરની ચોખ્ખાઈ કરતાં ઓઘા મુહપત્તીની સફાઇ તરફ વધારે લક્ષ્ય આપે, અંદરના રહસ્ય કરતાં પુસ્તકોનાં પુંઠા પાનાં ઉપર ઝટ મોહાઇ જાય, ઝાઝાં પુસ્તકો વાંચવા કરતાં ભેગાં કરવાની ઇચ્છા જેમની વધારે પ્રબળ હોય, જાણે કેમ સાથે ન લઇ જવી હોય તેમ નકામી ચીજોનો પણ સંગ્રહ કરે, સામો માણસ કેટલું સમજ્યો છે, તેની પરિક્ષા કરવા કરતાં તેને ખોટો પાડવાને વધારે પ્રયાસ કરે, બહુ બોલો હોય, સમજ્યા વિના પોતે બહુ સમજે છે એમ વચમા ગળ ગળ કર્યા કરે, મુંગા રહેવું તો જેને મોત જેવું લાગે, પોતાના જ્ઞાનના જ્યાં ત્યાં બણગાં ફુંકે અને ફુંકાવે, જ્ઞાનની ઇર્ષ્યા કરે, કોઇનું સારૂ બોલાતું હોય તો સહન ન કરી શકે, બીજાના પાછળથી દોષ કહાડે, પોતે થોડું પામે (જાણે) અને ઓઘ બહુ કરે, પરાણે પરાણે અગડો (બાધાઓ) આપે.

શ્રીયુત છગનલાલ ભાઇના
ઉદય પુરૂષાર્થ વિષે બીજા વિચારો.

પ્રશ્ન—પુરૂષાર્થ અથવા વ્યવહાર ઉદય, વા નિશ્ચય એ શું છે ?

જવાબ—કોઈ પણ કાર્ય થતી વખતે કંઇ ક્રિયા થાય તેનું નામ પુરૂષાર્થ અથવા વ્યવહાર અને જે કાર્યની સિદ્ધિ થાય એટલે કાર્ય પોતેજ તેનું નામ ઉદય અથવા નિશ્ચય. ક્રિયા એ વ્યવહાર અને કાર્ય એ નિશ્ચય. જેમકે કોઇ એક લાકડીના બે કટકા કર્યા, તેમાં લાકડીના કટકા થાય ત્યાં સુધી જે ક્રિયા થાય તેનું નામ પુરૂષાર્થ અને કટકા થાય એ ક્રિયા જે પૂરી થઈ તેનું નામ ઉદય.

પ્રશ્ન—ત્યારે શું પુરૂષાર્થ થયા વિના કંઇ ક્રિયા થાયજ નહિ ? પોતાની મેળે કંઇ ન થાય ?

જવાબ—જો ક્રિયા વિના કાર્ય થાય તો પુરૂષાર્થ વિના ઉદય થાય. કારણકે ક્રિયા એજ પુરૂષાર્થ અને કાર્ય એજ ઉદય. માટે પુરૂષાર્થ વિના ઉદય કોઈ કાળે થાયજ નહિ.

પ્રશ્ન—ઉદયનો આધાર કોની ઉપર છે ?

જવાબ—ઉદયનો આધાર પુરૂષાર્થ ઉપર છે. જો પુરૂષાર્થ ફરી જાય તો ઉદય પણ ફરી જાય, પુરૂષાર્થ બંધ થાય તો ઉદય પણ બંધ થાય. ક્રિયા વિના કાર્ય બની શકે એમ જે કોઇ કહેતો હોય, તો તે કાંઇ સમજતો નથી એમ કહેવાય. એટલે તેમાં અને મૂર્ખમાં કાંઇ ફેર રહેતોજ નથી.

પ્રશ્ન—જો આત્મા છે, તો પુરૂષાર્થ માનનારાઓ અને ઉદય માનનારાઓનો મતભેદ શા માટે થાય છે ? કઇ કલ્પનામાં તેઓ જુદા પડે છે ?

જવાબ—પુરૂષાર્થ અને ઉદયનો સંબંધ તથા તેની વ્યાખ્યા ઉપર જે આપેલી છે તેમાં તો બને એક મત છે. મતભેદ માત્ર પુરૂષાર્થ વિષે થાય છે. ઉદયમત વાળાનું કહેવું એવું છે કે પુરૂષાર્થ એની મેળે થાય છે અને પુરૂષાર્થ વાળા એમ કહે છે કે પુરૂષાર્થ કર્યે કરાય છે, એટલે કે કઇ જાતનો અને કેવો પુરૂષાર્થ કરવો આપણા હાથમાં છે.

પ્રશ્ન—તેમાં ખરો મત કોનો છે ? પુરૂષાર્થ કરવો ન કરવો આપણા હાથમાં છે કે નહિ ? આનો જવાબ જૈન સિદ્ધાંતના આધારે આપો.

જવાબ—પુરૂષાર્થ-ક્રિયા અને ઉદય-કાર્ય જૈનમત પ્રમાણે મુખ્ય બે દ્રવ્ય છે. આત્મા અને જડ—આત્મા માત્ર જાણવાનીજ ક્રિયા કરે છે, એટલે માત્ર જાણવાનોજ પુરૂષાર્થ કરે છે અને તે સિવાય જે કંઇ ક્રિયા અથવા પુરૂષાર્થ થાય છે, તે બધું જડનું છે. હવે આપણો સવાલ એ છે કે પુરૂષાર્થ કરવો અથવા ન કરવો એ આપણા હાથમાં છે કે કેમ ? પહેલાં આપણે આત્માને લઇએ. આત્માનો પુરૂષાર્થ જાણવાની ક્રિયા કરવાનો છે. એ જાણવાની ક્રિયા ન કરવાની એનામાં શક્તિ નથી; કારણ કે જે સમયે તે પોતાનો જાણવાનો પુરૂષાર્થ બંધ કરશે, તેજ સમયે તેનું આત્માપણું ઉડી જશે. કારણ કે જાણવાની ક્રિયા નિરંતર કર્યા કરે તેજ આત્મા. જો કંઇ પણ ક્રિયા કરતાં અટકવાની તેનામાં શક્તિ નથી; તો પછી જે ક્રિયા તે કરે છે, તે તેને નિરૂપાયે કરી પડે છે એ સિદ્ધ થાય છે અને જે ક્રિયા પરાણેજ કરવી પડે છે, તે ક્રિયા કરવી ન કરવી એ આપણા હાથમાં નથી, એ એની મેળે સિદ્ધ થાય છે. હવે આટલું તો સાબીત થયું કે આત્માનો પુરૂષાર્થ તો એની મેળે થાય છે.

હવે જડને લઇએ તો જે જે ક્રિયા થતી જણાય છે, તે બધી જડનીજ છે એમ આગળ સાબીત થયું છે. જડ પોતાની ક્રિયા પોતે જાણ્યા વિના કરે છે. નિમિત્ત ફરી જાય તો તેની ક્રિયા પણ ફરે; જેમકે આપણે એક પ્યાલામાં પાણી

ભરીને તડકે મૂકીએ તો ગરમીનું તેને નિમિત્ત મળવાથી તે પાણી વરાળ થઇને ઉડી જવાનો પુરૂષાર્થ કર્યો તે કંઇ તેણે સમજીને કર્યો નથી, એ ક્રિયા તો એની મેળે થઇ એમ પ્રત્યક્ષ સમજાય છે.

પ્રશ્ન—પાણી અને ગરમી તો બન્ને જડછે અને તેઓ પોત પોતાની ક્રિયા એની મેળે કરે એતો સંભવે છે. કારણ કે તેઓ કંઇ સંકલ્પ વિકલ્પ કરતા નથી, પણ આપણા શરીર અને મનને તો આત્માનું નિમિત્ત છે. તેઓની શક્તિ તો જુદા પ્રકારની દેખાય છે અને તેઓ સમજ્યા વિના પોતાની ક્રિયા કરે, એ ક્રમ બને ? વળી આપણે જે પુરૂષાર્થ કરીએ છીએ તે તો સમજીને-વિચાર કરીનેજ કરીએ છીએ તો તે પુરૂષાર્થ એની મેળે થયો ક્રમ કહેવાય ?

જવાબ—આ સમજવાને વાસ્તે આપણે અમુક ક્રિયા અને કાર્યને લઇએ. જેમકે એક માણસે ઘડાને ભાંગ્યો, ભાંગવાનો પુરૂષાર્થ તો શરીરેજ કર્યો કહેવાય, ક્રમકે મનની અંદર પોતાની ઇચ્છા શરીરને જણાવવાની કાંઇ શક્તિ નથી, આત્માએ તો માત્ર જાણવાનોજ પુરૂષાર્થ કર્યો છે, તેમાં બીજું કંઇ કરવા કરાવવાની શક્તિ નથી, તેમ તેનામાં કંઇ પ્રેરણા કરવાની શક્તિ નથી. એ બધો આત્મા અને જડનો સંબંધ બતાવ્યો ત્યાં સાબીત થયું છે. જો આત્મા અને શરીર પોતાની ક્રિયા સહેજે કરે, તો મન પણ સંકલ્પ વિકલ્પ કરવાની ક્રિયા સહેજે શામાટે ન કરે ? શરીર પાસે કંઇ પણ કાર્ય કરવાની શક્તિ મનમાં છેજ નહિ, મન તો માત્ર નિમિત્ત આપે અને શરીર તેની ક્રિયા સહેજે કરે. જો શરીર પોતાની બધી ક્રિયા મનના હુકમથીજ કરતું હોય, તો મનની કોઇ દિવસ એવી ઇચ્છા નથી થતી કે શરીર ઘરડું થાય છતાં પણ શરીર તો પોતાની જીર્ણ થવાની જે ક્રિયા છે તે તો મનની ઇચ્છા વિરૂદ્ધ કર્યાજ કરે છે. મનને તાબે શરીર હોય તો આમ ક્રમ બને ? હવે બાકી મન રહ્યું. મન તો જડ છે અને જડ તો કાંઇ જાણતું નથી, જો જાણતું નથી તો પછી જાણ્યા વિના પોતાના પુરૂષાર્થને એ ક્રમ અટકાવે ? અને જો જાણ્યા વિના નિરૂપાયે પુરૂષાર્થ એટલે જે પુરૂષાર્થ કરવો ન કરવો એના હાથમાં નથી, એમજ હોય તો એ પુરૂષાર્થ સહેજે થાય છે, એમ કહેવામાં શું વાંધો છે ? વળી જે કાળે જે થવાનું છે તે થશેજ અને કાર્ય (ઉદય) થવાનું છે તેને અટકાવવાની કોઇમાં શક્તિ નથી; તો જે ક્રિયા (પુરૂષાર્થ) થી એ કાર્ય થવાનું છે, તે પણ કોઇ નહિ અટકાવી શકે, માટે પુરૂષાર્થ સહેજે થયો કહેવાય. માટે શરીરને સંકલ્પ વિકલ્પને અમલમાં મૂકવા વિગેરેનો પુરૂષાર્થ, મનનો સંકલ્પ વિકલ્પ કરવાનો અને આત્માને જાણવાનો પુરૂષાર્થ—એ બધું સહેજે થાય છે,

કર્મના ઉદય પ્રમાણે થાય છે, આજ મત જૈનનો છે. આથી વિરૂદ્ધ કોઈ કહેતો હોય, તો તે જૈન સિદ્ધાંતના આધારે નહિ, પણ કોઇ બીજા મતને અનુસરીને કહે છે અને જો કોઇ એમજ કહે કે ઉપર જે કહેલું તે જૈન મતથી વિરૂદ્ધ છે, તો તે માણસ જૈન મતને ખરી રીતે ઉકેલી (સમજી) નથી શકયો, એમ ખાત્રીથી કહી શકાય.

પ્રશ્ન—આ તો અધું ઉધું વાળી નાખવા જેવી વાત થાય છે, કાંઇ કરવા પણું રહેતું નથી, જે થાય છે તેમ થવા દો. મન ગમે તેવા અધર્મ કરવા તત્પર થાય, તોપણ રોકવાને પ્રયત્ન કરવાની જરૂર નથી; કારણકે તે રોકયું રોકાશે નહિ. આવો બોધ કરવો ઠીક કહેવાય ? આથી કાંઇ અનર્થ થવાનો ભય તમને કેમ નથી થતો ?

જવાબ—ઉંધું વળે છે કે સીધું થાય છે તેનો વિચાર અત્યારે કરવાનો નથી. સત્ય શું છે ? તેનો વિચાર થાય તોજ લાભ થાય. ' દવા ન પીવી, કારણકે તે કડવી છે ' અને ' ઝેર પીવું, કારણકે તે સ્વાદિષ્ટ અને મીઠું છે, ' આ કેવી વાત કહેવાય ? આવો બોધ કોઇ કરતું નથી. પણ નિમિત્ત મળે ત્યારે સહેજે બોધ થશે, સહેજે ગ્રહણ થશે તથા લાભ ગેરલાભ ઉદયના આધારે થશે, તેમાં બોધ કરનારને ભય થાયજ નહિ અને થાય તો બોધ કરનારને પોતાના બોલવાનું ભાન નથી એમ કહેવાય.

પ્રશ્ન—આમ છે તો જ્ઞાની અને અજ્ઞાનીમાં ફેર શું ? અજ્ઞાની એમ કહે છે કે—આ તો પાંચ મહાભૂતનું પૂતળું છે, પાપ પુન્ય તો માત્ર નામનાજ છે, જેમ થાય તેમ થવા દો, મનને કાબુમાં રાખવાનો પ્રયત્ન કરવો જરૂરનો નથી; કારણકે તેથી કાંઇ લાભ નથી, વિગેરે જ્ઞાનીનું કહેવું પણ ઉપરથી તો તેવુંજ લાગે છે, તે પણ એમ કહે છે કે જે થવાનું છે તે થાય છે, ઉદયમાં થશે, તો તેથી વિરૂદ્ધ જે કંઇ પ્રયત્ન થાય છે. તે અજ્ઞાનને લઇને સહેજે થાય છે, પણ નિરર્થક છે વિગેરે. આ બંનેનો વિચાર લગભગ એક સરખો લાગે છે, આમ છતાં જ્ઞાની આ સંસારથી સહેજે વિરકત થતા જાય છે, તેનું કારણ શું ? જ્ઞાની મોક્ષના માર્ગે ચાલવા માંડયા છે અને અજ્ઞાની એથી ઉંધે જાય છે, એમ કહેવાય છે તેનું કારણ શું ?

જવાબ—જ્ઞાની અને અજ્ઞાનીમાં ફેર એટલોજ છે કે જ્ઞાનીને નિરૂપાયતા સહેજે જણાઇ ગઇ છે. મોક્ષનો માર્ગ આ અને ઉંધો માર્ગ આ—એ પોતે બરાબર સમજ્યા છે અને તેથી મોક્ષથી ઉંધે માર્ગે જતો હશે, ત્યારે પણ તેનું લક્ષ્ય તો માર્ગના માર્ગ તરફજ હશે અને કર્મને નિરૂપાય છે એમ સમજે છે,

માટે સમભાવે વેદશે. સંસારના કાર્યો છે તે થવાનાં-થયાં કરે છે, એમ તેને પૂર્ણ ખાત્રી હોવાથી તે તેમાં સહેજે તલ્લીન નહિ થાય. જેવી રીતે મા પોતાની દીકરીને વારતે ઢીંગલી સીવે છે, તે વખતે તે તો એક કારસ છે, એમ પોતે બરાબર સમજતી હોવાથી દીકરીના જેવી તેને મજાહ નહિ આવે. અજ્ઞાનીની ક્રિયા જ્ઞાનીથી તદ્દન ઉલટી થતી જાય છે. આ જગતમાં જે કંઇ થાય છે તે શિવાય બીજું કંઇ નથી, એમ તે માનતો હોવાથી જગતના કાર્યોમાં તે સહેજે તલ્લીન થઇ જાય છે અને ક્રોધ માન, રાગ, દ્વેષ વિગેરે પ્રકૃતિઓમાં તે એકમેક થઇ જાય છે, તેથી એમ અનુમાન કરી શકાય છે કે તેની ગાડી ઉંધે રસ્તે દોડી જાય છે. કોઇ તેને એમ કરતો અટકાવી શકશે નહિ; પણ નિમિત્ત મળશે ત્યારેજ તે સીધે માર્ગે જશે. સીધે માર્ગે કેમ જવું અને ઉંધે માર્ગે કેમ જવું અથવા જ્ઞાની કેમ થવું અને અજ્ઞાની કેમ થવાય, તેનો વિચાર આપણે કરતાં નથી; કારણ કે તે તો તેની મેળે થશે, પણ અત્યારે જે વિચાર થાય છે, તે એજ છે કે-મોક્ષનો ખરો રસ્તો કયો અને ખોટો રસ્તો કયો ? અથવા તો કેવા માણસ જ્ઞાની વા અજ્ઞાની કહી શકાય ?

પ્રશ્ન—આ તો બધાંના લક્ષણ કહેવાયાં. પણ મારે કરવું શું ? મોક્ષ થવાને વારતે કેવી ક્રિયા કરવી જોઇએ, એ તો તમે કાંઇ કહેતાં નથી. ઉલટું એમ કહો છો કે કરવું ન કરવું એ આપણા હાથમાં નથી, તો બધું વાંચવાની જરૂર નથી, કાંઇ કરવાની પણ જરૂર નથી; કારણ કે જે વખતે મોક્ષ થવાનો છે તેજ વખતે થશે, તેમાં કાંઇ ફેરફાર નહિ થાય, તો પછી મારે કાંઇ પણ પ્રયત્ન કરવાનીજ જરૂર રહેતી નથી.

જવાબ—ઉપર કહેલાં લક્ષણ ઉપરથી 'મારે શું કરવું' એ જેને ઉદ્ય હશે તો સહેજે સમજશે. હું તમારી પાસે એક ઝેરનો પ્યાલો અને બીજો અમૃતનો પ્યાલો મુકું અને બન્ને પ્યાલાના ગુણનું વર્ણન કરૂં. આમ કર્યા પછી જો તમે પુછો કે-'મારે આમાંથી કયો પ્યાલો પીવો ?' એ કેવું કહેવાય ? હું ત્યાં એટલુંજ કહીશ કે તમારા ઉદ્યમાં હોય તેવો તમે પુરૂષાર્થ કરીને ઝેરનો અથવા અમૃતનો પ્યાલો પીશો. ઝેરના અને અમૃતના ગુણ જણાવ્યું છું; છતાં તમારૂં મન ઝેરના પ્યાલા તરફ દોડે તો મારે શું સમજવું ? ઉદ્યમાં નથી એટલુંજ, તમે ઝેર પીને એમ કહેશો કે-'મેં ઝેર આપ્યું એટલે તમે પીધું, મેં તમને તેની સાથેજ અમૃતનો પ્યાલો નથી આપ્યો ? અર્થાત્ આપ્યો છે. બંનેના ગુણ નથી જણાવ્યા ? અર્થાત્ જણાવ્યા છે, આમ છતાં કોઇ ઝેર પીએ તો દોષ કોનો ? દેનારનો કે પીનારનો ? હું તો આટલુંજ કહીશ કે કોઇનો નહિ, જેવું ઉદ્યમાં હતું તેવું થયું.

રા. રા. વકીલ મોહનલાલભાઇના વિચારો.

તાત્ત્વિક વિચારોનું ગુંથન.

પુદ્‌ગલનું પરિબળ કેટલું છે, તેમાં કેવા ચમત્કારિક અને અગાધ ગુણો રહેલા છે, તે વિચારવાથી પુદ્‌ગલના ચમત્કારને આત્માનો ગુણ માની લેવામાં થતી ભૂલ દૂર કરવાનો સંભવ રહે છે. પુદ્‌ગલના અકેક પર્યાયની શક્તિનો વિચાર કરવા માંડીએ તો આખી જીંદગીમાં ભાગ્યેજ એકથી વધારે પર્યાયનું ચિંતન થઇ શકે. જ્યારે અમુક ગામથી બીજે ગામ તાર મુકવાનો હોય છે, ત્યારે તાર ઓફીસમાં તાર મૂકવાના યંત્ર ઉપર એક વખત કટકટ કરવાથી તરતજ બીજે ગામ ૧૦૦ કોસ છેટે કટકટ થાય છે. આંખ મીંચીને ઉઘાડીએ તે કરતાં પણ ઓછા વખતમાં વિજળીના પરમાણુઓ ૧૦૦ કોસ દૂર ગયા. તે કેવી રીતે ગયા તેનો મનમાં વિચાર પણ થઇ શકે તેમ નથી. પુદ્‌ગલની કેટલીક શક્તિ જ્યારે વીજળી જેવી વસ્તુ ઉપર પ્રમાણે ક્રિયા કરે છે, એમ આપણને પ્રત્યક્ષ દેખાય છે, ત્યારે મનના પરમાણુઓ જે વીજળી કરતાં પણ ઘણા શક્તિમાન છે, તેની શક્તિ અગાધ હોય તેમાં નવાઇ નથી. વિચાર કરતાં એમ નક્કી થાય છે કે–મનઃપર્યવ જ્ઞાન પણ મનનો ગુણ છે અને કેવળજ્ઞાન થયા પછી ભૂત ભવિષ્યને કહેનારૂં પણ મન છે. આત્મા તેમ કરી શકતો નથી. માટે આત્મા કરતાં પણ આ બાબતમાં તે વધારે શક્તિવાળું કહી શકાય. આત્માનો ગુણ જાણવાનો છે. આપણને પ્રત્યક્ષ અનુભવ થાય છે કે, મનના દરેક સંકલ્પ વિકલ્પ જાણવામાં આવે છે. માટે જે જાણે છે તે આત્મા અને જણાય છે તે તમામ મનના સંકલ્પ વિકલ્પો છે. જે માણસ સિંહ જેવા વિકરાળ પ્રાણીને પણ કબજે કરી શકે છે. જેમ કરોળીઓ લાળના તાંતણાઓથી બળવાન માખીને બાંધી રાખે છે, તેમ મન આત્માને કેદમાં રાખે છે, તેમજ છોડે છે. શાસ્ત્રમાં ચારે ધ્યાન મનનાં કહેલાં છે. મનની કેટલીક ક્રિયાઓને આત્માની માની લેવામાં આવે છે.

(૧) સિદ્ધ ભગવાનને ત્રણે કાળના દ્રવ્યના પર્યાયોનું જ્ઞાન છે. (૨) કેવળી ભગવાનને તેવું જ્ઞાન હતું, તેથી ભૂત, ભવિષ્ય અને વર્ત્તમાન કાળની વાત કરતા હતા. (૩) આત્માની પ્રેરણાથી પુદ્‌ગલ ક્રિયાઓ કરે છે. (૪) પુરૂષાર્થ (ક્રિયા) સહેજે થતો નથી, પરંતુ કરવાથી થાય છે. (૫) આત્મામાં અજ્ઞાન છે તેથી કર્મ બંધન થાય છે. આ ઉપરની બાબતોનો વિચાર કરવો ઘટે છે. બધાં દ્રવ્યની ક્રિયા સ્વાભાવિક અને નિયમિત છે. (૧)

સૂર્ય ચંદ્રની ગતિ નિયમિત છે. (૨) બીજા ફરતા તારાની ગતિ પણ નિયમિત છે. (૩) જ્યોતિષ વિદ્યા એ પુદ્ગળની ક્રિયાનું એક ગણિત છે. શ્રીપાળ રાજાના રાસમાં અમુક રાજાને એક નિમિત્તીયાએ કહ્યું હતું કે—' અમુક દિવસે અમુક વખતે શ્રીપાળ રાજા ચંપાના બાગની નીચે આવશે અને તેની સાથે તારી કન્યાનું પાણિગ્રહણ થશે. ' નિમિત્તીયાએ કેવી રીતે કહ્યું ? જ્યોતિષવિદ્યા (પુદ્ગલનું ગણિત) તે જાણતો હતો. માટે તેજ પ્રમાણે વિચાર કરશું તો જન્મોતરી જન્માક્ષર વિગેરે મુકરર થઇ ગયેલ પુદ્ગલના ગણિતના દાખલા શિવાય બીજું કાંઇ નથી. જેને દાખલા બરાબર આવડતા હોય, તેને તે પ્રકારનો દાખલો ખરો પડે. કેટલાક માણસો વિદ્યાને જ્ઞાન સાથે ભેળવી નાખે છે. બી. એ.–એમ. એ.–એલ. એલ. બી. નો અભ્યાસ વિદ્યા છે, વ્યવહારમાં પણ વિદ્યાને જ્ઞાન સમજવામાં આવે છે, પણ તેમ જણાતું નથી. જે ફોનોગ્રાફમાં રકાબી ઉપર કરેલ પ્રયોગ જો ઘસાઇ જાય તો ગાયન પણ સંભળાતું નથી, તેમ વિદ્યા એ મનના પરમાણુઓ ઉપર થયેલ ક્રિયા છે જ્યાં સુધી મનમાંથી સદ્દહુ ક્રિયા ભુંસાઇ ગયેલ નથી હોતી, ત્યાં સુધી તે વાત યાદ આવે છે અને તે બધી વિદ્યા છે, પણ જ્ઞાન નથી. જ્ઞાન તો બધી મનની ક્રિયા જેને જણાય છે, તે છે. ભવિષ્ય વા ભૂત કહેવું, તેમાં ઉપયોગ જોઇએ, ઉપયોગ મનનો છે. સિદ્ધ ભગવાનને મન હોઇ ભૂત અને ભવિષ્ય કાળનું વર્ત્તમાન કાળ જાણે એ બની શકે તેવું નથી. વર્ત્તમાન કાળમાં ભવિષ્ય કાળની વાત મન હોય તો તે જણાય; કેમકે મનનો તે પ્રકારે ઉપયોગ થાય અને તે ઉપયોગ આત્માના જાણવામાં આવે; પરંતુ સિદ્ધ ભગવાનને મન ન હોઇ ભૂત તથા ભવિષ્ય કાળની વાત તેઓના જાણવામાં આવવી જોઇએ નહિ. ત્યારે સદ્દહુ વાતનું અસ્તિત્વ કેમ થયું ? કેવળી ભગવાનને એમ કહ્યું હોય કે, સિદ્ધ ભગવાન્ ત્રિકાળ જ્ઞાની છે અને તેનો અર્થ કરનારે એવો અર્થ કર્યો કે' ત્રણે કાળનું જ્ઞાન છે જેને ' પરંતુ તેનો અર્થ એવો થવો જોઇએ કે, 'ત્રણે કાળે જ્ઞાન વર્તે છે જેને' વળી કેવળી કરતાં સિદ્ધનો પર્યાય ઉત્તમ છે અને કેવળી ત્રણે કાળની વાત કરે છે, માટે સિદ્ધ પણ ત્રણે કાળની વાત જાણતા હોવા જોઇએ, એમ પણ માન્યતા થઇ હોય. ત્રિકાલ જ્ઞાનીનો અર્થ બીજી રીતે કરતાં જીવ દ્રવ્યનું સ્વરૂપ તુટી જાય છે અને ઘણા વિરોધો આવે છે. માટે આપ પણ વિચાર કરશો અને મત દર્શાવવા મહેરબાની કરશો.

પ્રશ્ન બીજો–

બીજી બાબતની લોક માન્યતા પણ ખોટી છે–એમ સ્વતઃ સિદ્ધ છે. તે

એવી રીતે કે મન, વચન અને કાયા જડ છે, તેનામાં જ્ઞાન નથી, આત્મા જ્ઞાની છે. કેવલી ભગવાનના આત્માએ એક ભવિષ્યનો પર્યાય જાણ્યો એમ માની લઇએ. જો કે તે પ્રમાણે મન દ્વારાએજ બની શકે, એમ હું ઉપર કહી ગયો, તેને મન વચન અને કાયાને કેવી રીતે કહી બતાવ્યો ? તેઓને તો જ્ઞાન નથી, તેથી જાણી શકે નહિ. આત્મામાં કહેવાની કે જાણવાની શક્તિ નથી, ત્યારે કેવળી ભગવાન ભવિષ્યની જે વાત કરે છે તે આત્મા જાણે છે અને મનને કહે છે એમ નહિ, પરંતુ તેમના મનમાં પરમાણુઓ તદ્દન શુદ્ધ હોય છે. પુદ્ગલની વિદ્યા તેઓને બરાબર આવડે છે; છતાં પણ તેમને ભાષાના પુદ્ગલ જે કંઇ બાકી હોય તેટલાજ નીકળે માટે લોક માન્યતા ખોટી છે.

પ્રશ્ન ત્રીજો–

આત્માની પ્રેરણાથી પુદ્ગલ ક્રિયા કરે છે, એવી લોક માન્યતા પણ ખોટી છે. કેમકે જે દ્રવ્યમાં જે ગુણ છે, તેનો પણ કદી નાશ થતો નથી અને નવો ગુણ આવે નહિ; ત્યારે જો પ્રેરણા કરવાનો ગુણ હોય, તો સિદ્ધ ભગવાનમાં પણ હોવો જોઇએ, પરંતુ તેમ નથી. વળી પુદ્ગલને જ્ઞાન નથી, તો આત્મા કદાચ પ્રેરણા કરે છે, એમ માની લઇએ; તો પણ પુદ્ગલ તે પ્રેરણા સમજે કેવી રીતે ? માટે આત્માની પ્રેરણાથી પુદ્ગલની ક્રિયા થતીજ નથી. દરેક દ્રવ્ય પોત પોતાના સ્વભાવ પ્રમાણે ક્રિયા કર્યા કરે છે. તેમાં બીજાં દ્રવ્યો કદાચ નિમિત્ત કારણ હોય, તેથી દ્રવ્ય પ્રેરક બની જાય નહિ. ટ્રેનમાં પાટા નિમિત્ત છે, પણ પ્રેરક નથી, તેવીજ રીતે આત્મા પ્રેરક હોઇ શકેજ નહિ તેમ છે પણ નહિ.

પ્રશ્ન ચોથો–

પુરૂષાર્થ કર્યો થાય છે, એવી લોકમાન્યતા પણ ખોટી છે. પુરૂષાર્થ એટલે ક્રિયા. જૈન સિદ્ધાંત પ્રમાણે પુરૂષાર્થ ક્યારે પણ કર્યો થઇ શકશેજ નહિ ' પણ સહેજ થાય છે. એક માણસ હમેશાં એવી ઇચ્છા કરે કે–' મારા દાંત પડે નહિ, મારા વાળ ધોળા થાય નહિ, હું ઘરડો થાઉં નહિ, હું મરૂં નહિ' પરંતુ એવી ઇચ્છા કાંઇ કામ આવતી નથી. ઉપર કહ્યા પ્રમાણે આત્મા પ્રેરક નથી. મન, વચન, કાયાને જ્ઞાન નથી, ત્યારે જ્ઞાન વિના પુરૂષાર્થ કેવી રીતે કર્યો થાય ? જડની ક્રિયા સ્વસ્વભાવ અનુસાર સહેજે થયા કરે છે. તેટલા માટે સમયસારમાં બનારસીદાસે કહ્યું છે કે—

" એક પરિણામકે ન કરતા દરવ દોય,
દોય પરિણામ એક દરવ ન ધરતુ હૈ;

એક કરત તીકિ દરબ કબહો ન કરે,
કોઇ કરત એક દરબ ન કરતુ હૈ;
જીવ પુદ્ગલ એક ખેત અવગણ દોઇ
અપને અપને રૂપ કોઉ ન ટરતુ હૈ

માટે પુરૂષાર્થ કર્યો થતોજ નથી પણ સહેજે થાય છે, કાળ લબ્ધિ પામ્યા શિવાય મોક્ષે જઇ શકાશે નહિ, એવાં વાકયો ઉપલો સિદ્ધાંત સિદ્ધ કરી આપે છે. ઘણા મુનિ મહારાજાઓને પૂછગાછ કરી તો પણ એવો દાખલો કોઇ બતાવી શકતું નથી કે કેવલી ભગવાને-કોઇ કે જે તે ભવમાં મોક્ષે જવાનો ન હોય તો તેનો-મોક્ષ કર્યો હોય અથવા તો એક ગુણ સ્થાનકમાંથી બીજા ગુણ સ્થાનકમાં તેનો તેવો ઉદય ન હોય છતાં લઇ ગયા હોય. શા માટે ગોશાળાનો મોક્ષ કરી શક્યા નહિ ? આ ઉપરથી કેટલાએક એવો સવાલ કરે છે કે, જ્યારે અમારો મોક્ષ થવાનો હશે ત્યારે થશે, તો શા માટે અમારે સામાયક, જપ તપાદિ કરવાં ? તેનો ખુલાસો નીચે પ્રમાણે છે-શાસ્ત્રમાં સ્પષ્ટ રીતે બતાવવામાં આવ્યું છે કે-ચારિત્રો એટલી વાર લીધાં કે મેરૂ પર્વત જેવડા ઢગલા કર્યા છતાં કેમ મોક્ષ થયો નહિ ? ઋષભદેવ ભગવાને મહાવીર સ્વામી ચોવીશમો તીર્થંકર થશે, એમ કહ્યું; પણ શામાટે તેમને તેજ ભવમાં મોક્ષે લઇ ન ગયા ? કેવલી ભગવાને દ્રવ્યનું યથાર્થ સ્વરૂપ બતાવ્યું છે અને ચૌદ ગુણ સ્થાનક બતાવ્યા છે, તેમાં કયા કયા ગુણ સ્થાનકે કેટલી પ્રકૃતિઓનો ક્ષય થાય તે બતાવ્યું છે. દરેક મનુષ્યને મન છે અને હમેશાં સામાયક પ્રતિક્રમણ કરવા વાળો વિચાર કરે કે-પોતે કયા ગુણ સ્થાનકે છે ? પોતાની કેટલી કર્મ પ્રકૃતિઓનો ક્ષય થયો છે ? હમેશાં સામાયક પ્રતિક્રમણ કર્યા છતાં તેમ ચારિત્ર લીધા છતાં જો ક્રમે ક્રમે કર્મ પ્રકૃતિઓનો ક્ષય થતો નથી, તેજ પુરૂષાર્થ સહેજે થાય છે, એમ સિદ્ધ કરે છે. કેવલી ભગવાન અમુક જીવ અમુક ભવે મોક્ષે જશે, એમ તે જીવના કાર્મણ શરીરની રચના ઉપરથી કહી શકે. કેમકે અમુક કર્મ પ્રકૃતિને ખપી જતાં કેટલો કાળ લાગશે તે તેના ધ્યાનમાં આવી જાય અને અમુક જીવને અભવી કહેવાનો હેતુ પણ એજ છે. જેમ બહેરો માણસ સાંભળી શકે નહિ, આંધળો માણસ જોઇ શકે નહિ; તેમજ જ્ઞાન જેમાં નથી એવું મન કંઇપણ પુરૂષાર્થ કરાવી શકે નહિ, પણ સહેજે પુરૂષાર્થ (ક્રિયા) થવાનો હોય તે થાય. સામાયક તથા પ્રતિક્રમણ કરનારાઓને તે છોડી દેવાનું કોઇ સાધુ કહેતો નથી. છતાં કરનારા કરશેજ અને ન કરનારા નહિજ કરે, એ એમ બતાવી આપે

છે કે, પુરૂષાર્થ સહેજે થાય છે. સામાયિક પ્રતિક્રમણ આદિ લક્ષ્ય સહિત થવાં જોઇએ. ત્યારે મનમાં ઉપર પ્રમાણે સંકલ્પ થશે, ત્યારે નવાં કર્મ બંધાશે નહિ અને બાકી રહેલા કર્મ ખપાવી જીવ સિદ્ધ થશે. ત્યારે નિર્ભયતા આવશે, ત્યારેજ વીતરાગ ભાવ આવશે. નહિ તો શુભ કર્મ બંધાય, જેનું પરિણામ ભવ ભ્રમણરૂપ થાય. નિર્ભયતા આવવાનું કારણ કે કોણ કોનાથી ડરે. મારી પાસે એક સિંહ આવ્યો એમ ધારી હું સિંહથી ડરું તો મને છ દ્રવ્યનું યથાર્થ સ્વરૂપ હજુ સમજાયું નથી, એમ ગણાય. જે માણસ ઝેરના ગુણ જાણે તો તે કદિ ઝેર ખાય નહિ. કેમકે ઝેરથી પ્રાણ જાય, એવો તેનો સંકલ્પ થયો છે. જ્યાંસુધી નિર્ભયતા નથી, ત્યાંસુધી તેટલે દરજ્જે શંકા છે. સર્પના રાફડા તથા સિંહની ગુફા ઉપર ધ્યાન ધરવાનો હેતુ સહજ સંકલ્પ દૃઢ કરવાનો છે. અનાદિ કાળની ખોટી માન્યતા એકદમ દૂર કોઇનેજ થાય. આપ વિચાર કરશો તો ખાત્રી થશે કે સિંહથી જરાપણ ડરવા જેવું નથી, કેમકે બીજનો આત્મા સરખોજ છે. આત્મામાં મારવાનો ગુણ નથી અને શરીર જડ (પુદ્ગલ) છે. તેને જ્ઞાન નથી, ત્યારે સિંહનો દેહ આપણા દેહને કયારે હણે ? જો આપણા દેહનાં પુદ્ગલનું સિંહના દેહના પુદ્ગલ સાથે મળી જવાનું હોય અથવા આપણા દેહનું પુદ્ગલ સિંહના દેહના પુદ્ગલથી વિખરાવાનું હોય તો નહિ તો નહિં અને જે તેજ પ્રમાણે થવાનું હશે, તોજ થશે. માટે જેમ જેમ દ્રવ્યના સ્વરૂપ સંબંધમાં શંકાઓ ઓછી થશે અને સંકલ્પ દૃઢ થતા જશે, તેમ તેમ નિર્ભયતા પ્રાપ્ત થશે.

પ્રશ્ન પાંચમો.

આત્મામાં અજ્ઞાન છે માટે કર્મ બંધન કરે છે, આવી લોક માન્યતા પણ ખોટી છે. જે ગુણ જે દ્રવ્યમાં નથી, તે કોઇ કાળે પણ આવે નહિ અને હોય તે જાય નહિ. ત્યારે અજ્ઞાન ગુણ આત્મામાં હોય તો તેમાં અજ્ઞાન હોય અને જે ગુણ હોય તો જાય નહિ, છતાં કેવળી અને સિદ્ધમાં નથી, તો પછી અજ્ઞાન આત્મામાં નથી, પણ વ્યવહાર અર્થે તેનો ઉપદેશ દેવાણો છે. હાલ પણ આપણા આત્મામાં અજ્ઞાનથી આઠ જાતનાં કર્મોએ આત્માના ગુણોમાં કંઇ પણ ફેરફાર કર્યો નથી અને કરવાને શક્તિમાન્ પણ નથી. પરંતુ આઠ પ્રકારના કર્મોના પરમાણુઓ આત્માને જે જ્ઞેય વિગેરે છે, તેની આડું આવરણ કરી રહ્યા છે. દાખલા તરીકે અત્યારે જે દીવાના અંજવાળે લખું છું, તે દીવા ઉપર એક આરપાર ન દેખાય તેવી હવા જવાનાં કાણાંવાળી કોડી ઢાંકી દેવામાં આવે, તેથી દીવાને શું ? દીવો તો જેમ છે તેમ રહેશે, પરંતુ જે પ્રકાશ બહાર

આવતો હતો તે નહિ આવે. જે આંખેથી જ્યાં આપ બેઠા હો, ત્યાં વસ્તુઓ દેખાતી હશે, હવે આપની આંખથી દૂર આપના હાથની હથેળી આડી ધરો તો ફકત હથેળી દેખાશે, બાકીની કોઇ ચીજ નહિ દેખાય, કારણ કે આંખ તો જેમની તેમ છે, પણ જે ચીજ દેખાતી હતી, તેની આડું આવરણ આવી ગયું. માટે આત્માને અજ્ઞાન કોઇ કાળેજ નથી. સિદ્ધના અને આપણા આત્મામાં ફકત કર્મની અપેક્ષાએ તફાવત છે. રાગ-દ્વેષ મનના સંકલ્પ વિકલ્પ છે, આત્મામાં તેવું કાંઇ પણ નથી.

પ્રશ્ન છઠ્ઠો.

હવે ત્યારે કર્મબંધન કેવી રીતે થાય છે, તે વિચારવા જેવું છે. કાર્મણ શરીર જુદી જુદી જાતના અસંખ્યાત પરમાણુઓનું બનેલું છે. પરમાણુઓમાં એક એવો ખાસ ગુણ છે કે સ્વજાતીય પરમાણુઓ એક બીજાને ખેંચે. દાખલા તરીકે ખેતરમાં બાજરીનો દાણો વાવવામાં આવે, તો બાજરાને બદલે ઘઉં કદી પણ થશે નહિ, એટલે ખેતરમાં વાવેલ બાજરાનો દાણો સજાતીય પરમાણુઓને ખેંચવા માંડશે અને તેમાંથી બાજરાનું ડુંડું થઇ દાણા ઘણા આવશે, તેવીજ રીતે જમીનમાં જે જે વાવે, તે તે થાય. સર્પને જોઇ પ્રાયે ઘણા માણસોને ક્રોધ આવે છે અને કેવળી ભગવાન વિચારતા હોય ત્યાં શાંતિનો અનુભવ થશે; તેનું શું કારણ ? સર્પને જોઇને આપણા શરીરમાં જે ક્રોધના પરમાણુઓ છે તે ખેંચાય અને ક્રિયા કરે એટલે ક્રોધની વૃત્તિ થાય તથા ક્રોધના પરમાણુના પ્રમાણુમાં ક્રોધ થાય; તેવીજ રીતે કેવળી ભગવાનને જોઇ શાંતિ થાય. અમુક અમુક ગુણ સ્થાનકે અમુક અમુક કર્મ પ્રકૃતિઓનો ક્ષય થશે, તેનો અર્થ એટલોજ કે-જે પરમાણુઓની જે જે કર્મ પ્રકૃતિ બનેલી હોય તે પરમાણુઓ વિખરાઈ જાય તેમ તેમ શુભ પરમાણુઓ કાર્મણ શરીરના થશે. આ સિદ્ધાંતની સાથે કર્મગ્રંથનો અભ્યાસ થાય તો પોતાની વૃત્તિઓ ઉપરથી પોતે આવતા ભવમાં શું થશે અને ગયા ભવમાં શું હતો ? તેનું અનુમાન કરી શકાય. ' ભાવના સદૃશી સિદ્ધિઃ ' આ વાકયનો અર્થ ઉપલા સિદ્ધાંતને અનુસરતો છે. જેવી મનમાં જે પ્રકારની ઇચ્છા થાય, તે ઇચ્છા પ્રમાણે તેવાજ પરમાણુઓનો સંગ્રહ થવા માંડે અને તે પ્રમાણમાં કાર્ય સિદ્ધ થાય. જ્યાં ઇચ્છા ઘણીજ બળવાન હોય છે ત્યાં કાર્ય તુરત થાય છે. આ ભવમાં જે ઇંદ્રિયનું સુખ ભોગવવાની બહુ ઇચ્છા હોય, તેવા પરમાણુઓ એકઠા થાય અને યોગ વખતે કાર્ય કરે. તમામ કર્મ પ્રકૃતિઓનો બારીકાઇથી વિચાર કરીએ તો એ સિદ્ધ થાય છે અને તેટલા માટેજ સદ્‌ગુરૂની દશા નીચે પ્રમાણે બતાવી છે—

" સ્વરૂપ સ્થિત ઇચ્છા રહિત, વિચરે ઉદય પ્રયોગ:
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્‌ગુરૂ લક્ષણ યોગ. "

એક પછી એક વિચાર કરતાં વિશેષ કોઇ જગ્યાએ જ્ઞાન જણાશે નહિ અને આગ્રહ વિનાના મનને કોઇપણ જગ્યા જ્ઞાન વિનાની દેખાશે નહિ. પરમ કૃપાળુ **શુભમુનિજી**નો અમારા પર અપાર ઉપકાર થયો છે, જો તેમનું વિશેષ આયુષ્ય હોત તો ઘણા મનુષ્યોના તે ઉપકારી થાત, એ નિઃસંદેહ છે, પરંતુ કર્મની વિચિત્રતા છે. તેઓશ્રીએ કાંઇ લખાણ કરેલ નથી. શ્રીમાન્ **રાજચંદ્ર**ના પુસ્તકમાંથી કેટલીક નોટ ઉતારી છે, જો આપને જોવાની ઇચ્છા હશે, તો મોકલવાની તજવીજ કરીશ. **સમ્યગ્‌જ્ઞાન દીપિકા** તથા **સ્વાનુભવ મનન** એ બંને પુસ્તકો વાંચવા શુભમુનિજીએ ભલામણ કરેલ, જે ઉપરથી સદ્‌હું પુસ્તકો થોડાં થોડાં જોયાં છે. આગ્રહ વિનાના મનુષ્યને તે વાંચવાથી શુભના નિમિત્ત થાય છે ખરા. આપે આગળ છ દ્રવ્યના દ્રવ્ય, ગુણ અને પર્યાય સંબંધી ખુલાસો મગાવ્યો હતો, પણ અવકાશ ન હોવાથી મોકલેલ નથી. ટુંકામાં હું નીચે પ્રમાણે સમજ્યો છું–દ્રવ્ય, ગુણ, પર્યાય એક બીજાથી અભિન્ન છે. જ્યાં દ્રવ્ય છે ત્યાં ગુણ અને પર્યાય છે, અને જ્યાં ગુણ છે, ત્યાં દ્રવ્ય અને પર્યાય છે તથા જ્યાં પર્યાય છે ત્યાં દ્રવ્ય અને ગુણ છે. દાખલા તરીકે સોનું દ્રવ્ય માનીએ, દાગીનો પર્યાય અને પીળાશ તે ગુણ. આ એક દેશી દૃષ્ટાંત છે. દ્રવ્ય ગુણ અને પર્યાય જીવને જાણવાનો છે. ચાર ગતિમાં જે જીવો છે તે જીવ દ્રવ્યના પર્યાય છે. પુદ્‌ગલ મિલન વિખરણ વિગેરે જે કાંઇ પાંચ ઇંદ્રિયો વડે જણાય છે તે પુદ્‌ગલના પર્યાય છે. મન પણ પુદ્‌ગલનો પર્યાય છે. ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, જુગુપ્સા, કર્મ-પુદ્‌ગલના પર્યાય છે. આકાશ અવકાશ આપવાનો. જ્યાં જ્યાં પુદ્‌ગલ વિગેરેનો અવકાશ અપાયો છે, ત્યાં ત્યાં પર્યાય છે. ધર્માસ્તિકાય હાલવામાં સહાયતા આપવાનો થાય છે, ત્યાં ત્યાં દ્રવ્યનો પર્યાય છે, અધર્માસ્તિકાય સ્થિર રહેવામાં, જ્યાં જ્યાં સ્થિરતા છે સહાયતા આપવાનો ત્યાં તે દ્રવ્યનો પર્યાય છે. દ્રવ્ય જીવ ગુણ જાણવાનો પર્યાય, વર્ત્તમાન કાળની યથાર્થ સ્થિતિ જાણે છે અને જેમ જેમ કાળ થતો જાય, તેમ તેમ પલટતો જાય. પુનર્જન્મના પુરાવા બાબત જણાવવાનું કે– (૧) પુદ્‌ગલ દ્રવ્યનો કયારે પણ નાશ થતો નથી, એમ વિજ્ઞાન શાસ્ત્રીઓથી સિદ્ધ થયેલું છે. દાખલા તરીકે એક મીણબત્તી અને લાકડું બાળવામાં આવે અને બળી જાય ત્યારે એમ જણાય છે કે મીણબત્તી અથવા લાકડામાં જે દ્રવ્ય હતાં તેનો નાશ થઇ ગયો, પણ તેમ થતું નથી.

મીણબત્તી અથવા લાકડું બળીને જુદી જુદી જાતના ગ્યાસ વિગેરે થઇ જાય છે અને તેને ભેગા કરીને જોખે છે તો મીણબત્તી તેટલાજ વજનમાંથી ઓછી થતી નથી અને મીણબત્તી બનાવવી હોય તો પાછી બની શકે. પાણીને ઉકાળીએ તો વરાળ થઇને ઉડી જાય, પણ જો વરાળ ભેગી કરીએ તો એનું પાછું પાણી કરતાં તે મૂળ પાણી જેટલું થાય છે. ઉપરના પ્રયોગો મારી નજરે બનાવેલા તથા મેં કરેલા છે. આ પ્રમાણે પુદ્‌ગલ દ્રવ્યનો નાશ કયારે પણ થતો નથી એમ જ્યારે પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ થયું છે, ત્યારે બીજા દ્રવ્યનો નાશ પણ ન થાય તે માની લેવા જેવું છે. આપણે જોઇએ છીએ કે આકાશનો નાશ કયારે પણ થતો નથી, આત્માનો પણ તેવીજ રીતે કયારે પણ નાશ સંભવતો નથી. માટે તે નિત્ય છે, એમ સિદ્ધ થાય છે. (૨) ભૂત પ્રેતાદિ તથા દેવતાનું અસ્તિત્વ ખરૂં માનીએ અને ગુજરી ગયેલ ભૂત પ્રેત થઇ પરચા બતાવે છે, એમ માનીએ તો પણ સાબીતી છે. પશુ કે મનુષ્યનાં બચ્ચાં જન્મ્યા પછી તરત માતાને ધાવવા માંડે છે તે પણ પૂર્વ ભવ હોવાનું અનુમાન કરાવે છે. ઓં શાંતિઃ શાંતિઃ શાંતિઃ!!

પ્રશ્ન ૭.

સ્વરૂપ સ્થિત ઇચ્છા રહિત, વિચરે ઉદય પ્રયોગ;
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્‌ગુરૂ, લક્ષણ યોગ.”

સિદ્ધ ભગવાન ત્રણે કાળે જાણે છે તેનો અર્થ વર્ત્તમાન પર્યાય જાણે છે, એવો થવો જોઇએ. પરંતુ ભૂત તેમજ વર્ત્તમાન જાણે છે એમ નહિ. એતો શંકા વગરની વાત છે કે પુદ્‌ગલના પર્યાયો દરેક સમયે ફર્યાજ કરે છે. એક જગ્યાએ આપણે આરીસો મૂકીએ અને પછી તેની સામું વર્ત્તમાન કાળે જોયું હશે તેનું પ્રતિબિંબ પડશે; પરંતુ જે વસ્તુનું પ્રતિબિંબ પડતું હોય તો તે ખસે કે તરત પ્રતિબિંબ પણ બંધ થાય છે અને જે વસ્તુ સામે હોય તે વસ્તુનું પ્રતિબિંબ પડે છે. પ્રતિબિંબિત વસ્તુના પર્યાય જેમ જેમ ફરે. એટલે કે વસ્તુ આઘી પાછી થાય અથવા વસ્તુના રૂપ કે આકારમાં ફેર થાય અગર તે દૂર થઇ જાય તેવા પર્યાયોના આરીસામાં પ્રતિબિંબ પડે છે. ચૌદ રાજલોકમાં રહેલા પુદ્‌ગલ પર્યાયો પણ દરેક સમયે પલટતા હોવાથી જ્ઞાનરૂપ આરીસામાં પણ તેવાજ પર્યાયો જણાય છે, પરંતુ જે પર્યાય ભૂતકાળમાં થયા અથવા ભવિષ્ય કાળમાં થશે તે કેવી રીતે જાણે? તીર્થંકર ભગવાને ૬ દ્રવ્ય અનાદિ કહ્યાં તે મનથી કે આત્મા થકી? આગલા કાગળમાં હું લખી ગયો તે પ્રમાણે

આત્મા જાણે તે મનને કહી શકે નહિ. મન જડ છે તે જાણી શકે નહિ. વિદ્યા અને જ્ઞાનમાં શો ફેર છે ? અમુક વિષયનો અભ્યાસ કરે તે વિદ્યા અને પાંચ ઇંદ્રિયો તથા મનની ક્રિયાઓ જાણવી તે જ્ઞાન. જ્યોતિષજ્ઞાન પુદ્ગલદ્રવ્યની વિદ્યા (ગણિત)નો ભાગ છે. વિશેષ અભ્યાસ કરનારને એક પરમાણુ સુધીની પણ ગણતરી કરતાં આવડે. કોઇ માણસને આપણે પૂછીએ કે–તારા કુટુંબનો મૂળ પુરૂષ કોણ ? અનંત કાળ ચાલ્યો જાય તોપણ તે માણસ મૂળ પુરૂષને બતાવી શકતો નથી, ત્યારે અનંતા જીવોના મૂળ પુરૂષો ક્યાંથી મળી શકશે ? વિગેરે અનુમાનોથી અજ્ઞાત કહેવાય, તે પ્રમાણે તીર્થંકર ભગવાન કહે જે કેવળજ્ઞાનીનો આત્મા ત્રણે કાળે જાણ્યાજ કરે છે, એ યથાર્થ લાગે છે. માટે આ બાબતમાં ફરી ફરી વિચાર કરશો એટલે શંકા રહેશે નહિ. મહાવીરના વચનમાં કોઇપણ જગ્યાએ વિરોધ હોય નહિ અને વિરોધવાળાં વચનો દેખાય તે મહાવીરનાં નથી, પણ તે પછી થયેલા સાધુઓના છે. (૨) આપના કાગળમાં એકાંત સેવવા બાબતમાં વિચાર દર્શાવ્યા તે પ્રશંસનીય છે. ધર્મ કાર્યમાં એકાંતવાસ ઉત્તમ નિમિત્ત છે અને જેને ઉદય આવે (ભેદજ્ઞાન સાથે) તે ભાગ્યશાળી ગણાય. મહાવીર સ્વામી જેવાને પણ સાડાબાર વર્ષ એકાંતવાસ અને મૌનવૃત્તિ ઉદય આવેલ છે. ગૃહસ્થાવાસમાં તેમજ અશુભ નિમિત્તો છતાં કેવળજ્ઞાન તો કોઇનેજ થયું છે, જ્યારે દરેક મહાત્માને ઘણું કરીને મોક્ષમાર્ગ સાધવાને એકાંત ઉદય આવેલ છે, જેથી એકાંત સેવવાની ઇચ્છા થઇ અને ઇચ્છા બળવાન થઇ કાર્ય થાય તે સારાં કર્મની નિશાની છે. (૩) જીવ દ્રવ્યનું અને પુદ્ગલ દ્રવ્યનું પૃથક્ પૃથક્ બારીકાઇથી વિચારવા જેવું છે. જેવી રીતે રેલ્વેટ્રેનના પાટા ચલાવવાના કાર્યના કર્ત્તા છે, દીવો કાગળ લખવાના કાર્યનો કર્ત્તા છે, તે અપેક્ષાએ કહીએ તો પુદ્ગલપર્યાયનો કર્ત્તા આત્મા (જ્ઞાન) અને જ્ઞાનનો કર્ત્તા પુદ્ગલપર્યાય કહી શકાય. જ્ઞેય ન હોય તો જ્ઞાનનું શું ? માટે તે અપેક્ષાએ જ્ઞેય જ્ઞાનનો કર્તા છે; પરંતુ તેમાં વિચારવા જેવું એ છે કે–જે કારણના સંબંધમાં વિચાર કરીએ છીએ, તે ઉપાદાન કારણ છે કે નિમિત્ત કારણ છે ? બધાં દ્રવ્યો એક બીજાના પર્યાયોમાં નિમિત્ત કારણ છે, પરંતુ એક દ્રવ્યનું બીજું દ્રવ્ય ઉપાદાન કારણ નથી અને હોઇ શકેજ નહિ.

" કોઇ કોઈ પલટે નહિ, છોડી આપ સ્વભાવ. "

સોનાના દાગીનાનું ઉપાદાન સોનું, ઘડાનું ઉપાદાન માટી છે, કુંભાર ચાકડો વિગેરે નિમિત્ત કારણ છે. જ્યારે કારણ પોતેજ કાર્યમાં બદલાઇ જાય તે ઉપાદાન કહેવાય માટે કર્મનું ઉપાદાન કારણ આત્મા નથી, મન છે.

સર્વાર્થસિદ્ધિ વિમાનના દેવતા કેવળી ભગવાનને પ્રશ્ન કરી શકે કે કેમ ? અને કરી શકે તો કેવી રીતે ? સમ્યકત્વ પ્રાપ્ત કરવામાં મારી માન્યતા પ્રમાણે જે કાંઇ વિચાર કરવાની–સમજવાની જરૂર છે, તે ફક્ત એટલુંજ છે કે (૧) મનનું શું સ્વરૂપ છે ? (૨) મનનું બળ કેટલું ? (૩) વચન અને કાયા કેવીરીતે કેટલે દરજ્જે મનના કબજામાં છે અને કેવીરીતે મનના કબજામાં નથી ? (૪) વચન અને કાયા સિવાય પુદ્ગલના પર્યાયો અને પરમાણુઓ સાથે મનનો કેવો સંબંધ છે ? મન કેવી જાતની ક્રિયા કરે વા કરી શકે છે ? (૫) કર્મ કોણ બાંધે છે ? (૬) કર્મ કેવી રીતે બંધાય, ભોગવાય અને કેવી રીતે બંધાતાં અટકે ? (૭) આઠ જાતના કર્મોનું શું સ્વરૂપ છે અને આત્મા સાથે કેવી જાતનો સંબંધ છે ? (૮) મનનો વેગ કેટલો છે ? મારૂં મન જ્યારે અહીંથી મુંબઇ જાય, ત્યારે મુંબઇ સુધી મારા મનની શ્રેણી બંધાતી હશે કે મનમાં મુંબઇનું ચિંતન થાય ? (૯) દેવ દેવીની ઉપાસના કરવાથી તેમને કેવી રીતે ખબર પડે અને સહાય થાય ? (૧૦) મનઃપર્યવ જ્ઞાન એટલે શું ? આ ઉપલી બાબતોનું તેમજ મનના સ્વરૂપ વિષે વિશેષે ચિંતન કરવાથીજ લાભ થશે. કેમકે મનના પર્યાયો બરાબર ઓળખાશે તો વ્યતિરેકથી આત્માના પર્યાયોનો અનુભવ થશે. વીજળી કેવું અગાધ કાર્ય કરે છે. વીજળીના મુકાબલે મનના પરમાણુઓ ઘણા ઉતમ અને બળવાન છે. સર્વાર્થસિદ્ધના દેવતાઓ મનના પરમાણુઓની શ્રેણી તીર્થંકરના મન સુધી લંબાવે, તે નિમિત્તથી તીર્થંકરના મનમાં જવાબનો સંકલ્પ થાય અને સર્વાર્થસિદ્ધ દેવતા જાણે. મનનું સ્વરૂપ બરાબર વિચારવાથી આવી શંકા રહેશે નહિ. મનનું તેટલું બળ ન હોય એમ માની લઇને તેવું બળ આત્માનું ગણવામાં અગર માની લેવામાં આવે છે, ત્યાંજ ભૂલ થાય છે. જો મનનું બળ અગાધ અને સહાયરૂપ ગુણવાળું ન હોય તો પછી ભૂલાવો અને રખડપટી રહેત જ નહિ. જે કંઈ મુશ્કેલી નડે છે, તે આત્માના પર્યાયથી મનના પર્યાયને જુદા પાડવામાં નડે છે અને જે સમયે જુદા જુદા ઓળખાણા, તેજ સમયે ભેદજ્ઞાન (સમ્યકત્વ) અને તે સંકલ્પ જો અખંડ રહે તો ક્ષાયક સમ્યકત્વ. મેં શાસ્ત્રો વાંચ્યા નથી જેથી શાસ્ત્રાધાર લખવાને અશક્ત છું. મારા ખુલાસાથી જો શાસ્ત્રાધાર વિરૂદ્ધ જણાય તો લખી જણાવશો. આનંદઘનજી મહારાજે શ્રી કુંથુનાથ ભગવાનના સ્તવનમાં મન વિષે લખ્યું છે તે બરાબર છે. મનના પરમાણુઓ જેટલી જાતની વૃત્તિઓ, તેટલી જાતનાજ છે. જે વખતે આનંદઘનજી મહારાજે કુંથુનાથનું સ્તવન બનાવ્યું, તે વખતે તેમના મને તે સ્તવન બનાવ્યું કે

આત્માએ ? જો મને બતાવ્યું તો મનવા કેવા પ્રકારના પરમાણુઓના સ્કંધે તેની વૃત્તિ કરી ? તેનો વિચાર કરશો. સામાયક, પ્રતિક્રમણ આદિ છએ ક્રિયા મન કરે છે કે આત્મા ? તેજસ શરીર, કાર્મણ શરીર સાથે અનંતી પ્રવાહ રૂપે નથી. ચૌદ રાજલોકમાં તેજસ શરીરના તથા કાર્મણ શરીરના પરમાણુઓ અનાદિ છે; પરંતુ તેજ કાર્મણ શરીર અથવા તેજ તેજસ શરીર દરેક ભવ માંહેલું નથી. કાર્મણ શરીરનો પર્યાય દરેક ભવાશ્રીથી જુદો કહી શકાય. દેહમાંથી જેવો જીવ નીકળે છે, તે સમયે તેજસના પરમાણુઓ એકત્ર થવા માંડે છે; એટલે કે કાર્મણની સાથે તેજસ ઔદારિક શરીરના પરમાણુઓ એકત્ર થવા માંડે તે કે પહેલાં હોય છે ? તે વિચારશો. ઓં શાંતિઃ શાંતિઃ શાંતિઃ ! ! !

ગોંડલ નિવાસી રા. રા. માજીસ્ટ્રેટ સાહેબ
શ્રીયુત મૂળજીભાઇ ગોકળના વિચારો.
આત્માના કર્ત્તા અકર્ત્તાની અપૂર્વ વ્યાખ્યા.

મહાત્માશ્રી રાજચંદ્રજીએ જૈન સિદ્ધાંતને અનુસરી જૈન દર્શન માટે ૭ પદ નિરૂપણ કર્યાં છે. તેનું યથાર્થ જાણપણું થવાથી સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત થાય એમ કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી. તે પદ નીચે મુજબ છેઃ— (૧) આત્મા છે. (૨) નિત્ય છે. (૩) કર્ત્તા છે. (૪) ભોકતા છે. (૫) મોક્ષ છે. (૬) મોક્ષનો ઉપાય છે. તે પૈકી પહેલાં પદ એવા છે કે—જેમાં શંકાનું કારણ ઉત્પન્ન થવા ઓછો સંભવ છે. તે બાદ મનન કરવાની તથા બની શકે તો નિર્ણય કરવાની ઇચ્છા થતાં આ લેખ લખવા પ્રયાસ કરું છું. કર્તાપદનો નિર્ણય કર્યા પહેલાં આત્મા તથા જેમાં તે બંધાવાનું માનવામાં આવે છે, તે જડ કર્મ પુદ્ગલની એક વ્યાખ્યા બાંધવાની જરૂર થાય છે. તે એવી બાંધવી જોઇએ કે તેમાં આગળ પાછળ કોઇપણ પ્રકારનો વિરોધ આવે નહિ. આત્માનું સ્વરૂપ કેટલાક તરફથી ' અનંત જ્ઞાન દર્શનાત્મક ' એમ બાંધવામાં આવે છે હવે તેનું સ્વરૂપ બાંધવાથી પ્રશ્ન એ ઉત્પન્ન થાય છે કે જો તેવું સ્વરૂપ હોય તો તેને કાર્મણ પુદ્ગલ વળગવાનું કેમ બની શકે ? એટલે મને તે સ્વરૂપ બાંધવાનું ઠીક જણાતું નથી. જ્યારે આ પ્રશ્ન ઉઠાવવામાં આવે છે, ત્યારે એવો જવાબ આપવામાં આવે છે કે અનાદિ કાળથી જેમ હીરાનો તથા ધુળનો સંબંધ છે તેમ આ સંબંધ થઇ ગયો છે, પણ તે દૃષ્ટાંત બરાબર ઘટી શકે

નહિ. કારણ કે હીરો તથા ધુળ બંને જડ છે, જ્ઞાન વગરની વસ્તુ છે અને અહીં તો અનંતજ્ઞાન દર્શનવાળી વસ્તુનો સંબંધ જડ અજ્ઞાનાત્મક વસ્તુ સાથે થયો છે, એમ મનાયું છે. આ જમાનો એવો નથી કે માણસો શાસ્ત્રમાં કહ્યું હોય અગર ગણાતા મહાત્મા પુરૂષ કહે એટલે માની લે. જો કારણ બતાવી સાબીત કરવામાં આવે તોજ માને તેમ છે. એટલે **અનંત જ્ઞાન દર્શનાત્મક** એવું આત્માનું સ્વરૂપ બાંધવા કરતાં ફક્ત જ્ઞાન દર્શનવાળો એટલે કે જાણવા દેખવાની શક્તિવાળો—એવું સ્વરૂપ બાંધવાનું યોગ્ય જણાય છે. કેટલાક તરફથી એમ કહેવામાં આવે છે કે જાણવા દેખવા સિવાય રાગ દ્વેષ સંકલ્પ વિકલ્પ વિગેરે પણ આત્મા કરે છે. જો એમ માનવામાં આવે, તો પછી સિદ્ધના જીવો પણ રાગ દ્વેષ કરતાં હોવાં જોઇએ; પરંતુ તે રાગાદિ કાંઇ કરતાં નથી, એમ સિદ્ધને માનનારાઓ કબુલ કરે છે. એટલે રાગ દ્વેષ વિગેરે આત્માના નથી, પણ જડ કાર્મણ પુદ્ગલના છે, એમ નિર્વિવાદ સાબીત થાય છે. જેથી આત્માનું ઉપર બાંધેલ સ્વરૂપ વાસ્તવિક ઠરે છે અને રાગ દ્વેષ વિગેરે પણ કાર્મણ પુદ્ગલ કરે છે, એમ સિદ્ધ થાય છે. હવે જડ કાર્મણ પુદ્ગલ જે જાણવામાં આવે છે, તે જડ હોવાથી તેનો સ્વભાવ આત્માના સ્વભાવથી વિપરીત એટલે સડણ, પડણ, પૂરાવું, ગળાવું, રાગ, દ્વેષ, સંકલ્પ, વિકલ્પ વિગેરે એવો છે. જડ પુદ્ગલ તથા કાર્મણ પુદ્ગલમાં તફાવત એ છે કે જે પુદ્ગલ જ્ઞાનવરણાદિ આઠ પ્રકારના કર્મરૂપે રહ્યા છે તે કાર્મણ પુદ્ગલ નીચે પ્રમાણે છે.

નામ.	અર્થ.
(૧) જ્ઞાના વરણીય	જ્ઞાનને આવરણ કરવા યોગ્ય
(૨) દર્શના વરણીય	દર્શનને આવરણ કરવા યોગ્ય.
(૩) વેદનીય.	વેદ ' જાણવું ' વેદવા યોગ્ય,
(૪) મોહનીય.	મોહ કરવા યોગ્ય ' મુંઝાવું. '
(૫) નામ.	કલ્પના, અમુક નામ આપવું.
(૬) ગોત્ર.	ઉંચ નીચ પણું.
(૭) આયુષ્ય.	અમુક કાળસુધી કર્મનું રહેવું. ભોગવવું,
(૮) અંતરાય.	પોતાના સ્વભાવને જાણવામાં જેટલો વખત બાકી હોય તે-

ઉપર પ્રમાણે આઠ કર્મ પુદ્ગલ સાથે રહ્યાં હોય છે, તે કાર્મણ પુદ્ગલ કહેવાય અને જે તેની સ્થિતિમાં નથી તે સામાન્ય પુદ્ગલ કહેવાય. હવે આપણે જે સવાલ નિર્ણય કરવાનો છે, તે એ છે કે આત્મા કર્ત્તા છે તે કેવી ; અપેક્ષાએ

તથા કેવા હેતુ વડે છે? દ્રવ્ય કેનું નામ કહેવાય? કે જે પોતાના ગુણ પર્યાય અગર બીજા શબ્દોમાં કહીએ તો ઉત્પાદ, વ્યય, ધ્રુવ–સમય સમય કરવા સમર્થ છે તે, અને આપણે આત્મા તથા જડ (કાર્મણ પુદ્ગલ) એ બે દ્રવ્ય ઉપર બતાવ્યાં છે, પણ તે બંને દરેક પોત પોતેજ ઉત્પાદ વ્યય તથા ધ્રુવ કરી શકવા સમર્થ હોવા જોઈએ. તેઓ પૈકી એક દ્રવ્ય, બીજા દ્રવ્યનો કર્ત્તા હોઈ શકે નહિ, તેમ બે દ્રવ્યની ક્રિયાનું પરિણામ પણ એક હોઇ શકે નહિ; તેમ એક દ્રવ્યના બે પરિણામ હોઇ શકે નહિ, કારણકે તે દરેક દ્રવ્ય પોતપોતાની ક્રિયા કરે છે, તેની સાથે એમ પણ નથી માનવાનું કે–બીજા દ્રવ્યના નિમિત્ત વગર એક દ્રવ્ય પોતાની ક્રિયા કરી શકે. જો કે તે નિમિત્ત સહેજે મળે છે. દરેક દ્રવ્ય બીજા દ્રવ્યના નિમિત્તે પોતાની ક્રિયા કરે છે, તેના વ્યવહારિક દાખલા નીચે મુજબઃ– (૧) કાતરને લુગડાનું નિમિત્ત મળવાથી કાપવાનું કામ કરે છે. (૨) આગગાડી (રેલ્વે) પાટાના નિમિત્તથી ચાલે છે. (૩) પાણી સૂર્યના નિમિત્તથી વરાળ થઈ ઉડી જાય છે (ઉંચે જેંચાય છે.) (૪) મીલના સંચા સૌ પોતપોતાની ક્રિયા એક બીજા સંચાના તથા અનાજ અગર કપાસના નિમિત્તથી કરે છે. પરમાર્થિક દૃષ્ટાંત— (૧) પુદ્ગલ અસ્તિકાય, પરમાણુ તથા સ્કંધ આકાશ તથા ધર્માસ્તિકાયનું નિમિત્ત મળવાથી ઉંચા નીચા તીર્ચ્છા ગમન કરે છે અને કાળના નિમિત્તથી વર્ણ ગંધ આદિનું પલટાવાપણું પામે છે, તેમ આકાશ તથા ધર્માસ્તિકાય પુદ્ગલ પરમાણુ નિમિત્તથી અવગાહન આપવાનું તથા ગતિ આપવાની ક્રિયાનું કામ કરે છે. તે પ્રમાણે અધર્માસ્તિકાય કાલ પણ બીજા દ્રવ્યનું નિમિત્ત પામી પોતાની ક્રિયા સહેજે કરે છે અને તે સહેજે દરેક પોતપોતાની ક્રિયા કરે છે એમ આપણને અનુભવમાં આવે છે. (૧) ધર્માસ્તિકાય એવી વસ્તુ છે કે જેથી બીજી વસ્તુને ગમનાગમન કરવામાં સહાયતા મળે છે તે. (૨) અધર્માસ્તિકાયથી બીજી વસ્તુને ગમનાગમન કરતાં સ્થિર રહેવાની સહાયતા મળે છે તે. (૩) આકાશાસ્તિકાય બીજી વસ્તુને ગમનાગમન કરવામાં અવગાહનો માર્ગ આપે છે તે. (૪) કાળ નવા જુનું બતાવવાને સહાયતા આપે છે તે. (૫) પરમાણુ, પુદ્ગલ તથા તેના સ્કંધને ઉપર બતાવેલા ચારનું નિમિત્ત મળેછે અને કાર્મણ પુદ્ગલના સ્કંધને ઉપર બતાવેલા ચારઉપરાંત આત્માનું નિમિત્ત મળે છે. ઉપરનાં વ્યાવહારિક તથા પારમાર્થિક દૃષ્ટાંતો ઉપરાંત આત્મા નિમિત્તરૂપ કર્ત્તાછે એમ વધારે પ્રત્યક્ષ થવા માટે આ મનુષ્ય દેહનું દૃષ્ટાંત લઇએ અને પાંચે ઇંદ્રિયો (સ્પર્શ, રસના, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર) તથા મનનો વિ-

ચાર કરીએ. શ્રોત્રેંદ્રિયનું કામ સાંભળવાનું છે. એટલે શબ્દ સંભળાય છે, તેનું ઉપાદાન શ્રોત્રેંદ્રિય છે. જો મન લઈએ તો શ્રોત્રેંદ્રિય વગરના અગર તો ખામી-વાળા પ્રાણીઓ પણ સાંભળતા હોવા જોઇએ અને તેમ તો બનતું નથી એમ આપણને પ્રત્યક્ષ જણાય છે. આત્મા તો એક સરખો શ્રોત્રેંદ્રિયવાળા તથા તે વગરના કે ખામીવાળા પ્રાણીઓમાં પણ છે, એમ કોઇનાથી ના પાડી શકાશે નહિ, તેથી શબ્દ સાંભળવાનું ઉપાદાન શ્રોત્રેંદ્રિય ઠરે છે. ઉપર પ્રમાણે કહેતાં એમ કોઇ તર્ક કરશે કે—આત્મા વગરના દેહને શ્રોત્રેંદ્રિય છે, તો પછી તે કેમ સાંભળતો નથી ? તેનો ખુલાસો એમ થાય છે કે જે આત્માનું નિમિત્ત સહેજે મળતું હતું તે બંધ થયું છે. નિમિત્ત બંધ થાય તેથી ઉપાદાન પોતાની ક્રિયા કરવાને અશક્ત થાય છે. દાખલા તરીકે રે-લ્વે ગાડી પાટાના નિમિત્ત વગર ચાલી શકતી નથી, તેટલા ઉપરથી પાટા વગર એક જગ્યાએ પડી રહે છે. તેથી તેમાં ચાલવાની શક્તિ નથી, એમ કહી શકાય નહિ. ચાલવાની શક્તિ તો છે, પણ સહાય આપનાર નિમિત્તની ખામીછે, તે આ-પણને લક્ષ્ય પૂર્વક વિચાર કરતાં જણાશે. તે પ્રમાણે બધી ઇંદ્રિયો તથા મનને માટે પણ છે. જેમ એક સંચાનાં જુદાં જુદાં યંત્રો સૌ સૌનું કામ સ્વતંત્ર રીતે એક બીજાના નિમિત્તથી કરે છે, તેમ મનુષ્ય દેહરૂપ સંચાની બધી ઇંદ્રિયો સૌ સૌનું કામ સ્વતંત્ર રીતે કરેછે. તે પૂરતું લક્ષ આપતાં વિચારવાથી જણાશે. જો આત્મા ઇંદ્રિયો તથા મનનું કામ કરે છે, અગર કોઇપણ એક ઇંદ્રિય બીજી ઇંદ્રિયનું કામ કરેછે, એમ માનીએ તો બધી ઇંદ્રિયો તથા મનની જરૂરીઆત રહેતી નથી અને એક ઇંદ્રિયવાળા પ્રાણી પંચેંદ્રિયની માફક કામ કરી શકે—એમ થવું જોઇએ, પણ તે અસંભવિત છે. વળી જો આ-ત્મા ઇંદ્રિયો તથા મનનું કામ કરે છે, એમ જો માનીએ, તો આત્મા—જેનું કામ જાણવાનું છે અને તે બીજા બધા કરતાં જુદી તરેહનું છે તે કરવા તેને અવકાશ રહેતો નથી. એટલે એમ માન્યા વગર છુટકો નથી કે જ્યારે દરેક ઇંદ્રિય તથા મન પોત પોતાનું કામ સ્વતંત્ર રીતે કરે છે, ત્યારે આત્મા જાણ-વાનું કામ કરે છે. ઉપર બતાવેલ શિવાય કેટલાંક દૃષ્ટાંતો આપી શકાય તેમ છે, પણ લેખનું લંબાણ થવાના કારણથી આપવાની જરૂરીઆત ધારતો નથી; તેની સાથે કુદરતી જે દેખાવો થાય છે તે તરફ લક્ષ્ય આપવા ભલામણ કરું છું અને તેથી ઉપલા સિદ્ધાંતોને પૂરેપૂરી પુષ્ટિ મળે છે. હવે આત્માને કર્તા કહે છે તે ઉપરની અપેક્ષાએ કે બીજી કોઇ અપેક્ષાએ કહ્યો છે. તેનો વિચાર કરતાં ઉપર કહી તે સિવાય બીજી કોઇ અપેક્ષાએ કહ્યાનું માની શકાય તેમ નથી; એમ જણાય છે. કારણકે બીજી રીતે માનીએ તો આત્મા તથા કાર્મણ પુદ્ગલ

એ દ્રવ્ય છે તે સ્વતંત્ર રીતે પોતપોતાની ક્રિયા કરવામાં અસમર્થ છે એમ ઠરે છે અને તેમ ઠરે તો તેમનામાંથી દ્રવ્યપણું ઉડી જાય છે, એટલે એમ માન્યા વગર છુટકો નથી કે–આત્મા સમય સમય જાણવાની ક્રિયા કરે છે, ત્યારે કાર્મણ પુદ્ગલ જેમાં પાંચ ઇંદ્રિયો, ભાષાવર્ગણા વિગેરે દ્રવ્યના પુદ્ગલ છે તે પોતપોતાનું કામ કરે છે; આત્મા નથી કરતો તેનું કામ, કે તે નથી કરતો આત્માનું કામ. જેમ કાતર, લુગડાનું નિમિત્ત મળવાથી કાતરવાનું કામ કરે છે અને લુગડાને કાતરનું નિમિત્ત મળવાથી કતરાવાનું કામ કરે છે. તેમ આત્મા કાર્મણ પુદ્ગલ આત્માના નિમિત્તથી પોતાની ક્રિયા કરે છે, એટલે (૨) **ઋષભદેવ** ભગવાનને એક વર્ષ સુધી આહાર ન મળ્યો, જેનું કારણ બળદને શીંકલી બાંધવાનું પૂર્વ કર્મ હતું. (૩) **મલ્લીનાથ** ભગવાનને તીર્થંકરના ભવમાં સ્ત્રી નામ કર્મ ઉદય આવ્યું તેનું કારણ પૂર્વ ભવમાં માયાથી તપ કર્યું હતું. (૪) **મહાવીર** સ્વામીને તીર્થંકરના ભવમાં નિચ ગોત્ર ઉદય આવ્યું તેનું કારણ મરીચિના ભવમાં કુળમદ કર્યો હતો. વળી દરેક તીર્થંકરને માટે શાસ્ત્રોના એવા પાઠો છે કે–જે વખતે દિક્ષાનો અવસર આવે, ત્યારે લોકાંતિક દેવતા આવીને કહે કે ' ભગવન્ ! દીક્ષા ગ્રહણ કરવાનો અવસર આવી પહોંચ્યો છે, તે આ વાતજ પુષ્ટિ આપે છે.

ત્રીજા પદનો એ નિર્ણય થાય છે કે આત્મા ખરેખર રીતે પોતાના સ્વભાવનો (જ્ઞાન દર્શન એટલે જાણવાની ક્રિયાનો) ત્રણે કાળે કર્ત્તા છે, પણ કાર્મણ પુદ્ગલની જે ક્રિયા થાય છે તેનો કર્ત્તા નથી, પરંતુ નિમિત્ત રૂપે સહાય આપે છે, તેથી તેને નિમિત્ત કારણ ઉપર કર્તાનો ઉપચાર કરીને કાર્મણ પુદ્ગલનો અથવા તેની ક્રિયાનો કર્ત્તા કહીએ તો કહી શકાય.


હવે ભોક્તું પદ ભોક્તાનું છે તે પણ જે અપેક્ષાએ જે હેતુએ આત્માને કર્ત્તા કહ્યો છે, તે અપેક્ષાએ તથા તે હેતુએજ ભોક્તા કહેલ છે–એમ માનવામાં આવે તોજ બંધ બેસતું થાય. કારણ કે એક બીજા પદ ઉકેલવામાં વિપરીત અપેક્ષા કે હેતુ ઘટી શકે નહિ.

હવે મોક્ષ છે તથા મોક્ષનો ઉપાય છે–એ બે પદ ઉકેલવા રહે છે. તે ઉકેલવામાં આત્માને ઉપરની અપેક્ષાએ કર્ત્તા માનવામાં કંઇ વિરોધ આવે કે કેમ તે જોવાનું રહે છે. ઉપરની અપેક્ષાએ વિરોધ આવતો હોય એમ મને જણાતું નથી, તેનાં કારણો મોક્ષ છે તે પદ ઉકેલતાં પહેલાં આપણે બંધનો વિચાર કરવો પડશે. કારણકે બંધ કેવી રીતે છે તે જણાય તો પછી મોક્ષ કેવી રીતે થશે તે જાણી શકાય. બંધ પદનો વિચાર કરતાં મારી નજરમાં એમ

આવે છે કે–જેમ એક માણસ ઉભો હોય અથવા બેઠો હોય કે જતો હોય અને ગમે તો ધરતીકંપના કે બીજા કોઇ કારણથી એક મકાન પડી જાય અને તેની પોલમાં તે માણસ આજુ બાજુ તથા ઉપરથી બંધ થવાની સ્થિતિમાં આવી જાય અને તેમાં કોઇ તડ વા ભાગ ખુલ્લો રહી જાય કે જે મારફત તે જોઇ વા અનુભવી શકે અને જ્યારે બાજુ તથા ઉપરનો બંધ નીકળી જાય ત્યારે તે બધું જોઇ તથા અનુભવી શકે; તેમ આત્મા ગમે તે રીતે કાર્મણ પુદ્ગલરૂપ બંધમાં આવી ગયો છે, તેને ચક્ષુઇંદ્રિય તથા મન રૂપ તડ અગર કાણાં રહી ગયાં છે. કે જેના આધારે તે અમુક બાબતોને જુએ છે તથા અનુભવી શકે છે, અને જ્યારે કાર્મણ પુદ્ગલ ખસી જાય ત્યારે બધું જોઇ તથા અનુભવી શકે છે. મોક્ષ એટલે કાર્મણ પુદ્ગલના બંધનું ખસી જવું તે. મોક્ષનો ઉપાય એટલે કાર્મણ પુદ્ગલનો બંધ ખસી જવાના જે કંઇ નિમિત્ત આવે તે. હવે સવાલ એ ઉઠે છે કે–કામર્ણ પુદ્ગલરૂપ થયેલ બંધ જે ખસી જશે તે શું પોતાની મેળે ખસી જશે ? તેને ખસેડવામાં આત્મા કાંઈ પણ પ્રયત્ન કે ઇચ્છા કરશે કે કેમ ? મને લાગે છે કે આત્મા કાંઇ પ્રયત્ન કે ઇચ્છા કરશે નહિ, પરંતુ થયેલ બંધ, કાલ પરિપકવ થયે સહેજે તેવાં નિમિત્તો પામી પોતાની મેળે ખસી જશે. તે બાબતનાં કારણો એટલે કાલ પરિપકવ થયે ખસી જશે, તેમ બતાવવાનાં કારણો જણાવે છે. આત્માનો મુખ્ય સ્વભાવ જ્ઞાન સિવાય બીજો કોઇ હોઇ શકે નહિ, તેમ માની કે કલ્પી પણ શકાય નહિ; કારણકે જે સ્વભાવ હોય તે કાયમ રહે, તેનો કોઇ કાળે નાશ થાય નહિ, કે ન હોય તેની ઉત્પત્તિ થાય નહિ અને સિદ્ધ ભગવાનનું સ્વરૂપ ધ્યાનમાં લેતાં જેનામાં જ્ઞાન સિવાય જે કોઈ બાબતોનો સ્વભાવ કહેવો તે રાસભને શૃંગ તથા આકાશનું પુષ્પ કહેવા જેવું છે; એટલે આત્મા ઇચ્છા કે પ્રયત્ન કરે તે અસંભવિત છે, તેમ એવી કોઇ બીજી વસ્તુ નથી કે કાર્મણ પુદ્ગલને ખસેડી શકે; જેથી એમ માન્યા વગર છુટકો નથી કે કાર્મણ પુદ્ગલ તેવી સ્થિતિ પાકે તેવાં નિમિત્તો પામી સહેજે પોતાથી ખસી જશે. મારા આ શબ્દો ઉપરથી કોઈ એમ કહેશે કે–ત્યારે તપ જપ ધ્યાન વિગેરે કાંઇ કરવાની જરૂર નથી ? તો તેને એ જવાબ મળે છે કે–હું જ આ શબ્દો કહું છું તેમ નથી, પણ અરિહંત ભગવાન્ તેમજ તેમના નિર્વાણ પછી જે જે મહાત્માઓ થયા, તેમણે બધાએ કહ્યું છે કે–કાળ લબ્ધિ પામ્યા વગર સમકિત પામશે નહિ, જેનું પરિણામ એમ આવે છે કે–મોક્ષે પણ જવાશે નહિ. અને તેજ બાબત બીજા શબ્દોમાં કહેતાં એક આત્મા સાથે થયેલ કાર્મણ પુદ્ગલનો બંધકાળ પરિપકવ થયા વિના

ખસી જશે નહિ, છતાં તેના શિષ્યો તથા શ્રાવકો તપ જપ વિગેરે ક્રિયા કરે છે, તે મારા શબ્દો ઉપરથી મૂકી દેશે,એમ હું માનતો નથી. તેમ મૂકી દેવા તેઓ સમર્થ પણ નથી. કારણકે તેમનો પૂર્વનો પુન્યાનુબંધી પુન્યનો ઉદય તેમ કરવા પ્રેર્યા વગર રહેશે નહિ. દરેક પ્રાણી પૂર્વ કર્મના આધારે શુભ વા અશુભ ક્રિયામાં જોડાય છે. તેના દૃષ્ટાંતો શાસ્ત્રાનુસાર આપવાથી ઉપરનો સિદ્ધાંત બરોબર દૃઢ થશે, એમ ધારીને બતાવનાર દૃષ્ટાંતો નીચે મુજબ આપું છું– પ્રથમ પરમ પૂજ્ય તીર્થંકર ભગવાનોનાં દૃષ્ટાંતો મોજુદ છે. **ઋષભદેવ** ભગવાનને ભરત મહારાજના પૂછવાથી **મહાવીર** સ્વામીને માટે કહેલું છે કે—'તારો પુત્ર **મરીચિ** છેલ્લો તીર્થંકર થશે, વચ્ચે એક કોડાકોડી સાગરોપમમાં બેંતાલીશ હજાર વર્ષ ઓછું અંતર હતું. તે પ્રમાણે જો પૂર્વકર્માનુસાર વર્ત્તન ચતું હોત તો ઋષભદેવ ભગવાન કહેત નહિ કે તેમ પરિણામ આવત નહિ, વળી તેમાં ફેરફાર કરી શકાય તેમ હોત તો ઋષભદેવ પ્રભુ ઉપાય બતાવત, પણ તેમ બન્યું નથી. આના પછી આગળ જે મહાવીર સ્વામીનો પોતાનો દાખલો છે, ત્યાંથી આ નીચે સંધારણ કરવું. વીર ભગવાનના નિર્વાણ વખતે ભસ્મગ્રહનું આવવું અને આયુષ્ય વધારવાને તથા ભસ્મગ્રહ ઉતારવાની તેમણે બતાવેલ અશક્તિ થવાનાં તીર્થંકરોનાં દૃષ્ટાંતો, શ્રેણિક મહારાજ તથા કૃષ્ણ મહારાજ ક્ષાયક સમકિતી જીવો ત્રીજા ભવમાં તીર્થંકર થઇ મોક્ષે જવાના છે, તેમને માટે તે વખતના તીર્થંકરો પણ તેઓ ઉપર પરીણામ વાળી શકવા અસમર્થ હતા, એમ બતાવેલું છે. વળી શ્રેણિક મહારાજને માટે તો એટલે સુધી પૂર્વકર્મ દૃઢ કરનાર હકીકત છે કે તેણે નરકે ન જવું હોય તો એક પ્રત્યાખ્યાન કરવું. કાલસૂરીઆ કસાઇને જીવહિંસા કરતો અટકાવવો અગર કપિલા દાસી પાસે દાન દેવરાવવું અને પુણીયા **શ્રાવક**ના એક સામાયકના ફળનું પામવું-એમ ચાર રસ્તા કહાડવામાં આવ્યા હતા, પણ તેમાંથી એકે બની શકયો નહિ. પોતે પ્રત્યાખ્યાન ન કરવા અશક્તિ બતાવી. કાલીકાસૂરીને બાંધીને કુવામાં લટકાવ્યો, છતાં પાણીમાં પાડાનો આકાર કરી મારવા માંડયો. કપિલા દાસીના હાથે દાન અપાવવા માટે ચાટવો બંધાવ્યો; છતાં ' આ દાન હું આપતી નથી, પણ શ્રેણિક રાજાનો ચાટવો આપે છે' એમ કહેવા લાગી. કૃષ્ણ મહારાજને નરકે જવું હતું, તેથી મરણ વખતે શરૂઆતમાં અધ્યવસાય સારા હતા, પરંતુ તે બદલીને નિષ્ઠંસ થયા અને તેથી તે નરકે ગયા. **સામાન્ય પુરૂષોનાં દૃષ્ટાંતો**–કપિલ કેવલી તે બ્રાહ્મણનો છોકરો હતો. કોઇ પંડિત પાસે ભણતાં એક બાઇ સાથે બરાબર ચાલ ચાલવાથી તેને ગર્ભ રહ્યો,

તેનું પોષણ કરવા માટે પ્રભાતે વહેલો ઉઠી રાજા પાસે દાન લેવા જતાં તેને રાજાના સિપાઇઓએ પકડી રાજા પાસે ઉભો રાખ્યો. રાજાના પૂછવાથી તેણે ખરી હકીકત જણાવી, તેથી રાજા તેની ઉપર પ્રસન્ન થઇ તેને ઇચ્છા પ્રમાણે માગવા જણાવ્યું એટલે તેણે થોડો વખત વિચારવાનું કહી રાજા પાસેથી રજા માગી. વાડીમાં જઇ વિચારતાં અનિત્ય ભાવનાએ આરૂઢ થઇ ચારિત્ર ધારણ કર્યું. આમાં પૂર્વના નિમિત્ત સિવાય બીજું કાંઇ કહી શકાય નહિ. **નમિરાજર્ષિ**ને જ્વર આવ્યો હતો, તેને શાંત કરવા તેની સ્ત્રીઓ ચંદન ઘસવા લાગી, ત્યાં કંકણનો અવાજ સહન ન થવાથી તે ઉપરથી એકત્વ ભાવના ભાવી તેણે સંયમ લીધો. ભાઇ! આમાં શું પુરૂષાર્થ કર્યો? અર્થાત્ કાંઇ નહિ. પૂર્વના પુન્યાનુબંધી પુન્યોદયના આધારે પ્રાપ્ત થયેલ નિમિત્ત. **સંયતિ** રાજા શિકારે નીકળ્યા. હરણને ગોળી વાગવાથી તે મહાત્માના ચરણમાં જઇને પડયું. હરણને મહાત્માનું જાણી તેને ભય લાગ્યો, મહાત્માએ તેને બોધ આપ્યો, તેથી તેણે તેજ વખતે દીક્ષા લીધી. કહો, ભાઇ! આ કેવું આશ્ચર્ય? જે વખતે શિકારે નીકળ્યા તે વખતે તેને આ બાબતનું સ્વપ્નું પણ હતું? અર્થાત્ ન હતું. **શ્રેણિક** મહારાજા શિકારે નીકળ્યા અને ત્યાંથી મુનિ પાસે જઇ ચડયા. તેમને દેખતાં તેને શુભ ભાવના આવી અને બોધ થતાં સમકિત પામ્યા, એ પણ પૂર્વના સંસ્કાર સિવાય બીજું કાંઇ બતાવતું નથી. આવા અનેક દૃષ્ટાંતો શાસ્ત્રમાં જ્યાં ને ત્યાં નજરે પડે છે, પણ તે બધા અહીં લખવાથી વાંચનારને કંટાળો આવે, તેથી આટલા દૃષ્ટાંતો આપી વિરામ પામું છું. અને મારા અનુભવ પ્રમાણે પૂર્વના સંસ્કાર સિવાય અમુક માણસે આ પ્રમાણે નવું કર્યું, એવું શાસ્ત્રમાં નીકળવાનો સંભવ મને જણાતો નથી. લક્ષ્યપૂર્વક વિચાર કરતાં દરેકને માટે છેવટે પૂર્વના સંસ્કારનું કામ નીકળી આવવાનું જ મને લાગે છે. પુરૂષાર્થનો અર્થ સમજવામાં ભૂલ પડવાથી 'મેં પુરૂષાર્થ કરી આમ કર્યું' એમ માને છે, તેથી પુરૂષાર્થનું જે ખરેખરૂં સ્વરૂપ છે તે સમજાતું હોય તેમ જણાતું નથી, જેથી પુરૂષાર્થનું ખરૂં સ્વરૂપ છે તે બતાવવા પ્રયાસ કરૂં છું. કોઇપણ શુભાશુભ કર્મ ઉદય આવવાનું હોય તે પહેલાં તે ઉદય થવા માટે લોહચુંબક તથા લોઢાના દૃષ્ટાંતે 'પરનું ખેંચાણ થાય તેનું નામ ખરીરીતે પુરૂષાર્થ છે.' જેને બીજા શબ્દોમાં કહીએ તો **ઉદીરણા** વ્યવહાર અથવા કારણ કહી શકાય. તે વધારે સ્પષ્ટ થવા આ જગ્યાએ કર્મનો બંધ, સત્તા, ઉદીરણા તથા ઉદયનો આકાર આપું છું—



ઉપરના ચક્ર ઉપરથી જણાશે કે કોઈ પણ કાર્મણ પુદ્ગલ શુભ અથવા અશુભ પ્રકૃતિનો બંધ પડવો હોય, તેનો ઉદીરણા થવાનો પહેલો સમય આવે ત્યાંસુધી તે પ્રકૃતિ સત્તામાં કહેવાય અને સત્તાનો વખત પુરો થયા પછી બીજે સમયે લોહચુંબક તથા લોઢાના દૃષ્ટાંતે પ્રકૃતિનું ખેંચાણ થશે અને તે ખેંચાણ પૂરૂં થવાના છેલ્લા સમયે ઉદય શરૂ થશે, તે ઉદય જો સમભાવે નહિ વેદાય તો પાછો બંધ થઇ ફેરો શરૂ થશે અને તેથી કેવલી ભગવાનને માટે એમ કહેવાય છે કે-પહેલે સમયે બંધ, બીજે સમયે ઉદીરણા થઇ ઉદય અને ત્રીજે સમયે પૂર્વની પ્રકૃતિની નિર્જરા થાય છે.

શ્રીવીતરાગ ભગવાને કહ્યું છે કે-જે ગતિમાં જવું હોય તે ગતિની લેસ્યા ચાલતા આયુષ્યના છેલ્લા સમયે ઉદય આવે છે. તે વિષે કૃષ્ણમહારાજનો દાખલો અપાયો છે. જેમ ગતિને માટે ખેંચાણ થાય છે, તેમ બીજાં કર્મોને માટે પણ કર્મ ઉદય આવવાના સમય પહેલાં ખેંચાણ થાય છે કે જેને પુરૂષાર્થ અગર ઉદીરણા કહેવાય છે. આપણે છદ્મસ્થ છીએ, એટલે કર્મનો વિપાકરૂપે ઉદય આવે છે, ત્યારે આપણને ખબર પડે છે કે આ પ્રકારના પુરૂષાર્થ અથવા ઉદીરણાથી આવો ઉદય આવ્યો. વિપાક સિવાયને માટે આપણને બરાબર ઉપયોગ રહેતો નથી. એકેંદ્રિયથી પંચેંદ્રિય સુધી દરેક પ્રાણી સમયે સમયે સાત કર્મ બાંધે છે અને આઠ કર્મની નિર્જરા કરે છે-એમ શાસ્ત્રોના વચનો છે, તેનું

યથાર્થ સ્વરૂપ વિચારતાં ખાત્રી થાય છે કે–દરેક કર્મ નિમિત્ત પામી પોતાની મેળે ઉદય આવે છે અને પોતાની મેળે ભોગવાઇ જાય છે. આ ઉપરથી એમ ખાત્રી થશે કે–પુરૂષાર્થ તેનું નામ છે કે કાર્મણ પુદ્ગલની શુભ અથવા અશુભ પ્રકૃતિનો ઉદય આપવામાં પૂર્વ કર્મના આધારે સહેજે કારણ ભૂત થાય છે, તેને સાધારણ દૃષ્ટિથી જોનારને પુરૂષાર્થ ભાસે છે, પણ ખરેખર તેમ નથી. ઉપર કહી તે સિવાય બીજી અપેક્ષાએ પુરૂષાર્થ ગણવાથી કારણ વગર કાર્યની ઉત્પત્તિ થતી નથી–એવો જે જૈન સિદ્ધાંત છે અને લોકમાન્ય છે તે ઉડી જશે. કારણ વગર કાર્યની ઉત્પત્તિ થાય–એમ માનતાં અસત્ય વસ્તુનો ઉત્પાદ થઇ જાય છે. અસત્ય વસ્તુનો ઉત્પાદ થતાં સત્ય વસ્તુનો નાશ થઇ જાય છે અને સત્ય વસ્તુનો નાશ માનવાથી વેદાંત જેને માનનાર જડને ભ્રાંતિ રૂપે માને છે તે સિદ્ધ થઇ જાય છે; જેના પરિણામે સિદ્ધ ભગવાનને પણ ફરીથી અવતાર લેવાનું કારણ કે જે ત્રણે કાળે બનતું નથી, એમ જૈન સિદ્ધાંત કહે છે. જેથી પુરૂષાર્થની બીજી કાંઇ અપેક્ષા ઘટી શકતી નથી. દરેક તીર્થંકર તથા મહાત્માઓના ચરિત્ર તરફ લક્ષ્ય આપવા જતાં દરેકનો સંસાર વૈભવ, દીક્ષા અને કેવળજ્ઞાન પામવા માટે કર્મ ખપાવવાના જુદા જુદા નિમિત્ત પ્રાપ્ત થવાનું જણાય છે. કોઇને દીક્ષા દીધા પછી તરત કાંઇ તપ વિગેરે કર્યા વિના કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે, તો કોઇને દીક્ષા લીધા પછી ઘણી તપસ્યા તથા પરીસહ આવ્યા પછી કેવળજ્ઞાન થયું છે, કોઇને દીક્ષા લીધા વગર દેખીતાં અશુભ કારણ શુભ પલટી શુદ્ધ નિમિત્ત બની કેવળજ્ઞાન પ્રાપ્ત થવાના હેતુ થયા છે. કોઇ ચક્રવર્ત્તી કોઇ સાધારણ રાજા, કોઇ ગૃહસ્થ, કોઇ ભિક્ષુક અગર કોઇ અનાર્ય જેવા મનાતા કુળમાં ઉત્પન્ન થયાછે. કોઇ ચોસઠ હજાર સ્ત્રીઓના ભોક્તા થયાછે, કોઇ એકજ સ્ત્રી પરણ્યાછે, કોઇ કુંવારા રહ્યાછે, કોઇ વેશ્યાને ત્યાં રહ્યાછે. અને કોઇએ જંગલ સેવ્યાંછે, કોઇ દેખીતા મહાપાપના કરવાવાળા દેખાયાછે, પણ છેવટે મોક્ષ મેળવી ગયાછે. ટુંકામાં દરેક પ્રાણી પૂર્વ કર્માનુસાર પુરૂષાર્થ (ઉદીરણા, વ્યવહાર, ઉપાય) એટલે કે કેવાં નિમિત્ત મળશે તે બનાવનાર કારણે જેમ એક માણસ ઝેરનો પ્યાલો પીએ, તેનેં ઝેરની અસર ચડે અને એક માણસ અમૃતનો પ્યાલો પીએ તેને અમૃતની અસર થાય અને તેથી બીજાના જાણવામાં આવે, તેમ આત્માનો મોક્ષ નજીક છે એટલે કાર્મણ પુદ્ગલનો બંધ તુટી જવાનો સમય નજીક છે. એક માણસના કર્ત્તવ્ય ઉપરથી કેટલાક અપવાદ કર્ત્તા જણાઇ આવે છે. મોક્ષ પ્રાપ્ત થતાં પહેલાં પ્રથમનો મુમુક્ષુદશા એટલે સંસાર ઉપરથી તીવ્ર વૈરાગ્ય દશા પ્રાપ્ત થઇ અનુભવ સિદ્ધ આત્મા તથા જડનો યથાર્થ નિર્ણય થશે. જ્યાં

સુધી તેમ ન થાય, ત્યાંસુધી ગમે તેવી કરણી એક માણસ કરતો હોય, કરણી શુભ યા અશુભ, બીજા શબ્દમાં પુન્ય અથવા પાપ, શાતા અગર અશાતા, શુભ આશ્રય અથવા અશુભ આશ્રયને પ્રાપ્ત કરાવશે, પણ સંવર કે નિર્જરા કરાવશે નહિ. જ્યારે આત્મા તથા જડનો યથાર્થ અનુભવ સિદ્ધ થશે, ત્યારે પોતે કર્ત્તા થતો આળસી જશે અને જે થાય છે, તે પૂર્વના સંસ્કાર આધારે થાય છે. તેમાં હું કાંઇ ફેરફાર કરી શકવા સમર્થ નથી કે મારૂં કાંઇ કર્ત્તવ્ય પણ નથી. એટલે જે નિરૂપાયતા છે એમ માનશે. જેના પરિણામે કર્મબંધનું કારણ હું તથા મારાપણું આળસી જશે અને કાર્મણ પુદ્ગલનો બંધ ન વધતાં ક્રમે ક્રમે તુટી જશે, જેના પરિણામે મોક્ષ પ્રાપ્ત થયો કહેવાશે. ઉપરનું લખાણ કોઇ પણ માણસને પુરૂષાર્થ હીન કરવા કે કોઇ માણસ પુરૂષાર્થ હીન થાય તેવા હેતુથી લખ્યું નથી કે લખવા કારણ નથી; તેમ આ લખાણથી કોઇ પણ શખ્સના પૂર્વ સંસ્કાર ફરી જશે એમ હું માનતો નથી. મેં લખ્યું છે તે સારા હેતુથી લખ્યું છે અને મને જે ખરેખરૂં લાગ્યું તે મારી માન્યતા પ્રમાણે જૈન સિદ્ધાંતને અનુસરીને લખવા પ્રયાસ કર્યો છે. મનુષ્ય જાતિને એક એવી સાધારણ ટેવ છે અને જે સંસારમાં રઝળવાનું નિમિત્ત બને છે, તે એ છે કે–અશુભ કર્મ ઉદય આવે છે, ત્યારે ઇશ્વરવાદી બનતાં સુધી ઇશ્વર ઉપર અને કર્મવાદી બનતાં સુધી કર્મ ઉપર ગુસ્સે થઇ સંકિલષ્ટ પરિણામ પામી પડ્યા તડ્યા બોલી અગર મનમાં વિચારી નવાં કર્મ બાંધે છે, અને ક્વચિત પૂર્વ કર્મને અગર ઇશ્વરને સોંપે છે, પણ જ્યારે શુભ કર્મનો ઉદય આવે છે, ત્યારે તો ચુસ્ત રીતે તેનો ધણી થઇ જાય છે અને ' હું આ પ્રમાણે ભણ્યો, આ પ્રમાણે નોકરી મેળવી, આ પ્રમાણે વેપાર શીખ્યો, આ પ્રમાણે ચતુરાઇ વાપરીને પૈસા પેદા કરૂં છું, મેં આવી રીતે છોકરાને ભણાવ્યો છે, આવી સ્ત્રી સાથે લગ્ન કરી આપ્યાં છે, બંદે કેવી યુક્તિ લગાડી ? જો હું ન હોત તો ખપર પડત અને ફલાણું કામ કરી આવત તો હું જોત ' વિગેરે અભિમાનના શબ્દો વાપરી ધણી થઇ પડે છે. વળી વખતે પુન્યાનુબંધી પુન્યના ઉદયથી ધર્મમાં જોડાય છે, તો–' હું આટલી વાર ભગવાનના દર્શન કરવા જાઉં છું, પૂજા કર્યા વિના ખાતો નથી, સામાયક વધારે થાય તો ભલે નહિ તો એક તો કરૂંજ, પ્રતિક્રમણ હંમેશાં સવાર સાંજે બે વખત કરૂં છું, આઠમ પાખી વિગેરે તિથિઓ પૌષધ કર્યા વિના ખાલી જવા દેતો નથી, આટલી લીલોતરી તો ખપેજ નહિ ' વિગેરે કેમ જાણે પોતાના હાથમાંજ કરવાનું હોય, એવા અભિમાનના શબ્દો બોલે છે, કોઇ બોલે નહિ તો મનમાં મલકાતો હોય અને ' લોકોમાં મારા વખાણ

કેમ થાય ' તેવી તક ગોત્યા કરે છે. ભાઇએ જે માઠાં કામ કર્યાં હોય તે તો રખેને પોતાને વળગી જશે–એમ માની છુપાવતો ફરે છે અને ઘણી થઇ દેવ-લોક અગર મનુષ્ય ગતિ બાંધી રઝળ્યા કરે છે, લખનારે પોતે પણ અનંતો કાળ ગુમાવ્યો છે, તેનો ખ્યાલ આવતાં ઘણીપણું કેમ મૂકી દેવાય અને મોક્ષ સન્મુખ કેમ થવાય, તેવી ઇચ્છાના પરિણામે આ લેખ લખાયો છે, તે જેના જેમ સંસ્કાર હશે, તેમ પરિણામ પામશે. મારે તેની સાથે કાંઇ લેવા દેવા નથી. નથી જોતો લાભ કે નથી જોતો ગેર લાભ. હવે છેવટના ભાગમાં તીર્થંકર ભગ-વાન ત્યારપછી મહાત્માઓ કે જેમણે મોક્ષ માર્ગ બતાવ્યો છે, તેમનો ઉપકાર માનતાં વિશેષમાં જેમના પ્રતાપે મને મોક્ષ માર્ગનું સ્વરૂપ યત્કિંચિત્ જાણવામાં આવ્યું છે, તે પરમ કૃપાળુ મહાત્માશ્રી શુભ મુનિજીનો પરમ ઉપકાર માની જે કાંઇ વીતરાગના માર્ગથી વિપરીત લખાઇ ગયું હોય, તેને માટે વીતરાગ પ્રભુની સાખે મન વચન કાયાથી માફી માગી આ લેખ પૂર્ણ કરું છું. ઓં શાંતિઃ શાંતિઃ શાંતિઃ ! ! !

શ્રી મહાવીર પુત્ર શાસનકુમાર અને શાસનદેવીનો સંવાદ.

લેખક રા. રા. મનસુખલાલ કીરતચંદ મહેતા–મોરબી.

હું આજે સવારે વિચારભુવનમાં બેઠો હતો, ત્યાં નેપથ્યમાં મેં **શાસન-કુમાર** અને **શાસનદેવીની** વચ્ચે એક ઉંચ કરૂણાત્મક સંવાદ સાંભળ્યો.

શાસનકુમાર—મહાદેવી ! સાંનિધ્ય કરો.

શાસનદેવી—કેમ વત્સ ! સાંનિધ્યનું શું પ્રયોજન છે.

શાસનકુમાર—દેવી ! આ આવાસ (શાસન) હવે તદ્દન જીર્ણ થઇ ગયો છે. એ પડ્યો કે પડશે એમ થઇ રહ્યું છે. સમારકામથી એ નભે એમ લાગતું નથી. દેવી ! એ ઉપર તો ઘણા સમારકામ થઇ ચૂકયાં છે. થાગડ થીગડથી તો હવે એ આવાસ ભરાઇ ગયો છે, એ થાગડ થીગડ હવે જોયાં જતાં નથી. એકાદ પવનનો ઝપાટો લાગશે તો એને જમીન દોસ્ત થતાં વાર નહિ લાગે. ભીતો લૂણો ખાય ખરી પડવા લાગી છે. ચોમેર ઉપરથી ધુળ, કચરો, પાણી વરસે છે. ઉપર નીચે ચારેબાજુ ધુળ, કચરો, કાદવ–કીચડ, પાણી થઇ રહ્યું છે, તેથી હવે મારે રહેવા યોગ્ય એ આવાસ રહ્યો નથી. અધિષ્ઠાયિકા ! હવે તો નવી ઇમારતની જરૂર છે. મારી રક્ષિકા દેવી ! હવે તો નવું મહાલય કરી કે કરાવી આપો. હવે મારાથી આ ઘરમાં રહી શકાય તેમ નથી, માટે દયા કરો;

નહિ તો આવી બન્યું છે. મહાદેવી ! મારા માતા, પિતા, ભ્રાતા, ભગિનીઓ તો અપુનરાવર્ત્ત ગતિ પામ્યા છે. મને નિરાધાર મૂકી ચાલ્યા ગયા છે. હે મહાદેવી ! મારૂં રક્ષણ કરો, નહિ તો હવે આવી બન્યું છે. પછી અન્ય માતાના ઉદરે જન્મ પામું ત્યારે ખરો. વળી પવિત્ર દેવી ! મારૂં અંગરખું (અંગરક્ષક વસ્ત્ર) કેવળ જીર્ણ થઇ ગયું છે, જુદા જુદા દરજીઓએ દયા લાવી વારંવાર થાગડ થીગડ કરી નભાવ્યું છે. હવે તો એ સાવ જળી જવા માંડયું છે, થાગડ થીગડથી કામ ચાલે તેમ નથી. દેવી ! હવે તો નવું બંધ બેસતું લુગડું સીવી કે સીવરાવી આપો. પૂર્વે કહ્યું તેમ મારા માત પિતા તો મને અત્રે અકાલે તજીને સ્વધામ પધારી ગયા છે. તેમના વિરહના શોકે આ દેહ કૃશ થઇ કેવળ હાડપિંજર (હાડકાંનો માળો) થઈ ગયો છે. લોહી માંસ તદ્દન સોસાઇ ગયા છે. એક તો અંગવસ્ત્ર જીર્ણ થઈ ગયું છે અને આ દેહ કેવળ હાડપિંજર છે, એટલે હવે મારાથી ટાઢ કે તાપ સહન થઇ શકે તેમ નથી. માટે શાસનદેવી ! નવા વસ્ત્રથી મારી સંભાળ લ્યો, નહિ તો હવે પ્રાણ નહિ ટકે. વળી નવી માતાના ઉદરે તો જન્મ પામું ત્યારે ખરો. વળી હે મહાદેવી ! કહો, હવે કયે રસ્તે જવું ? દેવી ! પ્રથમનો કેડો કયાં ગયો ? અહો ! આ રસ્તે તો બધે બાવળ, બોરડી અને કાંટાળાં ઝાડો ઉગી નીકળ્યાં છે. દેવી ! આ આ ગળનો રસ્તો ન હોય અથવા એજ રસ્તો હોય તો આ કાંટાવાળાં ઝાડ કયાંથી? હું પૂર્વે મારા માત-પિતા તથા ભાઇ-ભાંડુઓની આંગળીએ કલ્લોલ કરતો જે રસ્તે જતો હતો, તે કેડો કયાં ગયો ? દેવી ! તે મને બતાવો. હું હવે બહુ મુંઝાઉં છું. આગળ પગ મુકું કે સૂળો ભચ દઇને પગમાં ભોંકાઇ જાય છે. આખો માર્ગ તો સૂળોથી ભરાઇ ગયો છે. દેવી ! કાંતો આગલો માર્ગ બતાવો નહિ તો નવો માર્ગ કરી આપો, ગમે તેમ કરી મને સામે પૂર પહોંચાડો, નહિ તો હું અહીં મુંઝાઈ મરીશ. વળી નવી માતાના ઉદરે તો જન્મ પામું ત્યારે ખરો. હે મહાદેવી ! મારી સંભાળલ્યો, મને રસ્તો બતાવો, હવે મારૂં હૃદય ચીરાઇ જાય છે.

શાસનદેવી—વત્સ ! તારી સ્થિતિનો શોચ કરતી હું બેઠી છું બાપુ ! શાંત થા, શાંત થા. તારો આ દયામણો પોકાર સાંભળી મને વિશેષ શોચ થાય છે. વત્સ ! બધાના માત-પિતા તથા ભાઇ-ભાંડુઓ અમર રહેજો. પોતાના બાળપુત્રને કે બાળભાંડુને નિરાધાર મૂકીને કોઇ સ્વધામ સીધાવશો મા. વત્સ ! તારૂં ઘર પડી જવાની અણી ઉપર છે, તારો ડગલો સાવ જળી ગયો છે, સામે પાર જવાનો કેડો સૂળો અને કાંટાવાળાં ઝાડોના રસ્તા સાથે મળીને એકમેક થઇ

ગયો છે. વત્સ ! એ મને ક્યારનું સૂજ્યું હતું, તેથી બનતાં સમારકામ અને થાગડ થીગડ તથા રક્ષકો દ્વારા એ બધાને યથાશક્તિ સંભાળી રાખ્યાં હતાં; પણ જ્યાં કાળનેજ પહોંચાતું નથી ત્યાં શો ઉપાય ? માટે તું શાંત રહીને જે થાય તે જોયા કર અને જે ઉદય આવે તે સમતાએ ભોગવ. વત્સ ! તારે નવી માતાના ઉદરે જન્મવું પડશે, એ તારા સ્વધામ ગયેલા માત–પિતા અગાઉથી કહી ગયેલા છે. તારી વર્ત્તમાન સ્થિતિ જોઇ તનેએ ભય લાગ્યો, પણ બાપુ ! તારૂં આયુષ્ય હજી બહુ બાકી છે. તારા પવિત્ર જનકને સ્વધામ ગયાને માત્ર હજી અઢી હજાર વર્ષ થયાં છે. તારે હજી સાડા અઢાર વર્ષ બાકી રહ્યાં છે. તું ગભરાય છે કેમ? વત્સ! શાંત રહે, શાંત રહે. અદેખા કાળથી તારો વૈભવ, તારી જાહોજલાલી દેખી કે ખમી શકાતી નથી. એટલે એ તને સુખે રહેવા નહિ દે, પણ તું શાંત રહે, શાંત રહે, તારી વાટ વસમી થઇ પડી છે, એ ખરૂંછે. વસમી કેમ નં થાય ? કાંટા શૂળોથી તે કેમ ન છવાઈ જાય ? તારા પિતાની હયાતીમાં તે વાત વહેતી હતી, ત્યાર પછી કેટલાક વરસ સુધી તારા ભાઇ ભાંડુઓ એ વાટે હારદોર દોડ્યા જતા હતા, તું પણ તેઓની આંગળીએ વળગી કલ્લોલ કરતો જતો હતો, આ બધું મને નજરે તરી આવે છે. વત્સ ! એ દીવસો નજરે આવતાં મારૂં હૃદય ભરાઇ આવે છે. તે પછી તારા ભાઇ ભાંડુઓ છુટા છવાયા આવવા લાગ્યા. પ્રથમ તો થોડા વખતને આંતરે પણ કોઇ કોઇનો સંચાર એ રસ્તે થતો, પણ પછી એ પગ સંચારનો આંતરો ક્રમે કરી બહુ વધતો ગયો. વત્સ ! એ આંતરામાંએ કાંટા ઉગી નીકળ્યા છે. વાટ દેખાતી બંધ થઇ ગઇ છે. માર્ગ રોકાઇ ગયો છે. વાટ વસમી થઇ પડી છે. વત્સ ! મારો શ્વાસ રૂંધાય છે. મારાથી વધારે બોલી શકાતું નથી. મારૂં હૃદય દ્રવે છે. મને આંખમાં અશ્રુ આવે છે. 'શું પ્રાયશ્ચિત પૂર્વક સંભારૂં નયણે અશ્રુ આવે નીર.' વાટ વસમી પડ્યા પછી તારો કોઇ કોઇ ભાઇ આ દેશમાં ધસડાઇ આવ્યો, તે પણ તારી જેમ તારા પિતાને સંભારી સંભારીને રોતો હતો. બધાના કરૂણાભર્યાં વચનો સાંભળી મારૂં હૃદય ચીરાઇ જતું હતું, તેઓ કેવા પોકાર કરતા હતા, તે સાંભળ—

કોઇ—પંથીડો નીહાલું... ...
કોઈ—મારગ સાચા કોઉ ન બતાવે... ...
કોઇ—દરશન તરસીએ... ...
કોઇ—ધાતી ડુંગર અતિ ઘણા... ...
કોઇ—રસ્તામાં સગું ન કોઇ સાથ... ...
કોઇ—પ્રિયા પ્રિયા પ્રિયતમ પ્રીતમ... ...

કોઇ—અન્ય દેશે વિહાર કરતા પોતાના પિતા, સહોદરને ઉંચે સાદે પોકારી પોકારીને બોલાવતા હતા. કોઈ તો ' સુણો ચંદાજી ' કહીને ચંદ્ર મારફતે સંદેશો મોકલતા હતા. આમ બધા માર્ગ માટે ઘેલા અને વિહ્વલ થઇને ફરતા હતા, જાણે રણરોઝની પેઠે વિચરતા હતા. કોઇ તો આ ક્ષેત્રની વાતો પરક્ષેત્રના પિતાને " સીમંધર સાહેબ સુણજો ભરત ક્ષેત્રની વાતો " એમ કહી સંભળાવતા હતા. કોઇ કોઇ તો—" સાંભળજો અરદાસરે ચંદ્રાનન જિન" એમ પોકારી પોકારીને બોલતા હતા. આમ બધા છુટા છવાયા થઇ તારી જેમ કરૂણાર્દ્ર પોકાર કરતા હતા. તેઓના આવા પોકાર સાંભળી મને કરૂણા છુટતી હતી. મારા ધર્મ પ્રમાણે હું એમના હૃદયમાં વાસ કરીને તેમને સ્થિર કરતી હતી. શાંતિ અને ધીરજ આપતી હતી. તેઓ બધા હવે તારી પેઠે નવી માતાના ઉદરે જન્મ લઈ તેઓ સંગાથે જન્મ કેતાં સ્વધામ પહોંચીશું, એજ આશાએ આનંદ અને પુરૂષાર્થ જાગ્રતી સાથે જીવન ગાળતા હતા. "કાળ લબ્ધિ લઇ પંથ નીહાળશું રે, એ આશા અવલંબ; જે જન જીવેરે જિનજી જાણજો, આનંદ ઘન મતિ અંબ." આમ બધા તારા ભાઇઓ નિરાશ ન થતાં માતાના ઉદરે જન્મ લઇ સ્વધામ પહોંચવાની આશાએ સ્થિરતા, શાંતિ, ધીરજ, પ્રેમ અને પુરૂષાર્થ પુર્વક જાગ્રત થઈ બેઠા હતા. હે વત્સ ! તું પણ ધીરજ રાખ. તારે તો હજી લાંબો વખત જીવવાનું છે. પછી તારે પણ નવો જન્મ લેવોજ પડશે. હમણાજ તારો એક ભ્રાતા થઇ ગયો છે, તે વધારે જીવવા પામ્યો હોત, તો બહુજ મોટી શાંતિ અને વિશ્વાસનું તને સ્થાન મળત, પણ નિર્દય અદેખો કાળ તારૂં સુખ કયાં દેખી શકે છે ? તેણે તારા એ ભ્રાતાને ઉગતોજ ઝડપી લીધો. કોણ જાણે કેવા સંયોગોએ આ અદેખા કાળમાં આ વસમી વાટે તારો ભ્રાત પુરૂષ આ ક્ષેત્રે આવી ચડશે, એપણ તારા બીજા ભાઇઓની જેમ પોકારી પોકારીને રોતો હતો. વત્સ ! સાંભળ તો ખરો. તે પ્રથમ તારા પવિત્ર પિતા જ્ઞાતપુત્ર શ્રીમહાવીરને અને પછી મને ઉદ્દેશીને આમ પોકારી ગયો છે. વત્સ ! એ આર્દ્ર પોકારે મારૂં તો હૃદય ભેદી નાખ્યું. તેના પોકાર તો તું સાંભળ—" હે જ્ઞાતપુત્ર ભગવાન્ ! કાળની બલિહારી છે. આ ભરતના હીનપુન્ય મનુષ્યોને તારૂં સત્ય, અખંડ અને પૂર્વાપર અવિરોધ શાસન કયાંથી પ્રાપ્ત થાય ? તે થવામાં આવા વિઘ્ન ઉત્પન્ન થયાં, તારાં બોધેલાં શાસ્ત્રો કલ્પિત અર્થથી વિરાધ્યાં, કેટલાંક સમૂળગાં ખંડાયાં, ધ્યાનનું કાર્ય અને સ્વરૂપનું કારણ એવી જે તારી પ્રતિમા, તે તરફ કટાક્ષ દૃષ્ટિએ લાખો ગમે લોકો વળ્યા. તારા પછી પરંપરાએ જે આચાર્ય પુરૂષો થયા, તેમના અને તારા વચનમાં પણ શંકા નાખી દીધી. એકાંત દઇ કુદી તારૂં શાસન નિંદાવ્યું. હે શાસનદેવી ! એવી સહાય

તો આપ, કે જેથી હું કલ્યાણનો માર્ગ બીજાને બોધી શકું, દર્શાવી શકું, ખરા પુરૂષો પ્રગટાવી શકું. સર્વોત્તમ નિર્ગ્રંથ પ્રવચનના બોધ ભણી વાળી આ આત્મ-વિરાધક પંથોથી પાછા ખેંચવા સહાયતા આપ.તારો ધર્મ છે કે–સમાધિ અને બોધિમાં સહાયતા આપવી. આ વચનો સાંભળી હું એના ચિત્તમાં વસી અને એને શાંતિ ધૈર્ય આપવા લાગી. એ આત્મા ખરેખર ! કોઇ તારા અન્ય સહોદર જેવો હતો. તે તારે યોગ્ય નવું ઘર અને નવું અંગવસ્ત્ર તથા વાટ ભૂલી ગયો છે. વત્સ ! તું હવે ધીરજથી તે આવાસ, અંગવસ્ત્ર અને વાટનો આશ્રય લે. તારે યોગ્ય તન મહાલય–તને બંધ બેસતું, ટાઢ તડકાથી રક્ષણ-કરે એવું તારૂં અંગવસ્ત્ર છે અને સામે પુર જવાનો કાંટા વિનાનો સાફ અને સહેલો એ ટુંકો રસ્તો છે. વત્સ તું હવે નિરાશ થઇશ નહિ. એ અદેખો કાળ જખ મારે છે. હવે તું આનંદ પામી તારા બાકીના વરસો એવા એવા મહાલયના અનન્ય આશ્રયમાં આનંદ પુર્વક તું નિર્ગમન કર. વત્સ ! એ મહાલયાદિ તારા સહોદરની **આત્મસિદ્ધિ** છે, તે આત્મસિદ્ધિ આત્મસિદ્ધનું જ કારણ છે. વત્સ ! તને અને તારા ભાવિ બંધુઓને માટે તે વિશ્રામ અને અપ્રતિમ સ્થાન છે. માર્ગદર્શક અમોઘ સાધન છે. વત્સ ! હવે હું અંતર્ધ્યાન થઇશ. હવે તું મુંઝાઇશ નહિ. હું સદા જાગતી બેઠી છું. તારા ભાઇઓને ધીરજ અને શાંતિ આપું છું. વત્સ ! સુખી રહે.

આ સંવાદ સાંભળી હું મારા વિચાર ભુવનમાંથી ઉડયો, તે મેં જેમ સાંભળ્યો, તેમ અત્રે મૂકયો છે. એમાં ગુપ્ત પરમાર્થ રહેલો છે. એમાં વર્તમાન કાળની સ્થિતિનું દર્શન થઇ જાય છે, માર્ગની ઝાંખી થાય છે, માર્ગનું ચિત્ર આલેખાઇ જાય છે, એ ચિત્ર ધારી ધારીને જોવા વિચારવા યોગ્ય છે. એવું વિશેષ વિવેચન આ ધવલપત્ર ઉપર યથા અવકાશ મૂકવા યોગ્ય છે. ઓં શાંતિ: શાંતિ: શાંતિ: !!!

તત્વજ્ઞાનના દોહરા.

જ્ઞાનિ કહે સૌ જીવને, કરો કાંઇ પુરૂષાર્થ;
સમજ્યા વિરલા કોઇ જન, તેનો પરમ રહસ્યાર્થ. ૧
વાણી અવિરોધિ જ્ઞાની તણી, હોય નિત્ય અભેદ;
કોઇ પામ્યા કોઇ રહી ગયા, કેમ પડયો ત્યાં ભેદ. ૨
કાર્ય થવામાં જીવને, કારણ જ્ઞાનિ વચન;
સત્પુરૂષે સમજાવીઆ, એ વ્યવહાર કથન. ૩
સહજ કાર્ય ઉદય થયે, સહજ કારણ મીલ જાય;
સહજ ધર્મ વીતરાગનો, સ્યાદ્વાદ સમુદાય. ૪

કાલ સ્થિતિ જ્યાં દૂર છે, ત્યાં અવળું સમજાય;
ત્યાં નિમિત્ત તેવા મળે, કારણે કારજ થાય. ૫
સમજે સદ્‌ગુરૂ યોગથી, જે જે મોક્ષ અભિલાષ;
કોઇની શક્તિ મંદને, કોઇની શક્તિ વિલાસ. ૬
કાર્મણ પુદ્‌ગલ યોગથી, શક્તિ તીવ્ર ને મંદ;
આત્મા સ્વ સ્વભાવમાં, અન્ય પુદ્‌ગલીક સ્કંધ. ૭
કહો કર્મ તે કોણ છે? શું કર્મ છે ચીજ?
કર્મ થાથી નીપજે? શું છે તેનું ચીજ? ૮
સહજ ઉદય કારણ થકી, જેવા મન પરિણામ;
તેવાં બંધન કર્મના, સાક્ષી આતમ રામ. ૯
એવા મન પરિણામનો, કહો કેમ થાય નાશ?
સ્વાનુભવ કેમ નીપજે? એ અંતર અભિલાષ. ૧૦
મુલ વસ્તુ સ્વભાવનો, નાશ કદી નવ થાય;
મન પર્યાય બદલ્યા થકી, વસ્તુ સ્વરૂપ બદલાય. ૧૧
મુજમાં સુઝ પડી હવે, મેં મુજ પરખ્યો આપ;
તે મુજમાં ગુંજ છે ઘણી, તુજથી મુજ અમાપ. ૧૨
જ્યાં જ્યાં મુજ પ્રમાણીઉ, તે મુજ દ્રશ્ય સ્વરૂપ
બીન અનુભવ અનુભવ રહે, એ મુજ રૂપ અનૂપ. ૧૩

આત્મજ્ઞાનની ચોપાઇ.

સાકર મીઠાશ સ્વદ્રવ્ય સમાય, ભિન્ન પડે નહિ કોટી ઉપાય;
જલથી જલ રસ ભિન્ન છે કયાંહિ, વસ્તુ સ્વભાવ મીટે કદી નાંહી. ૧
ઉષ્ણતા રવી તેજકે માંહિ, શીતલતા રહે ચંદ્ર સમાઇ;
અન્યો અન્યમે કયું મીલ જાઈ, વસ્તુ સ્વભાવ મીટે કદી નાંહિ. ૨
મેં આતમ મન આપકું માનત, આતમ તો ઉનકું બી જાનત;
સો અનુભવમે પ્રગટ લીખાઇ, વસ્તુ સ્વભાવ મીટે કદી નાંહિ. ૩
અનુભવમેં નહિ મનમેં મેં નહિ, મેં કહતાહૂં ત્યાં બી મેં નહિ;
સો માન્યતા મનમેં આઇ; વસ્તુ સ્વભાવ મીટે કદી નાંહિ. ૪
જડ સ્વભાવ તે જડમેં જાવે, આતમ દ્રવ્ય કયું કરી પાવે;
જીસકું સબ અનુભવમેં આઇ, વસ્તુ સ્વભાવ મીટે કદી નાંહિ. ૫

ક્રિયા કરે મન નિમિત્ત સહાઇ, શ્રીર આપ દ્રષ્ટા હો જાઇ;
ગુરૂ બીન યું કૌન બતાઇ, વસ્તુ સ્વભાવ મીટે કદી નાંહિ. ૬

પલમેં ઉદ્વાસી પલમેં હુલાસી, પલમેં આત્મ સ્વરૂપકા પ્યાસી;
કારણ બીન કૌન કાર્ય બનાઇ, વસ્તુ સ્વભાવ મીટે કદી નાંહિ. ૭

ઇતિ તૃતીય ભાગ સમાપ્ત ઓં શાંતિઃ શાંતિઃ શાંતિઃ

ઠક્કર ગોવિંદજીભાઇ ભાવજીના અધ્યક્ષપણા નીચે શ્રીમાન રાજચંદ્ર જયંતિ પ્રસંગે આપેલું ભાષણ.

भव बीजाङ्कुर जनना, रागाद्या क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा हरोजिनोवा नमस्तस्मै ॥

પૂજ્ય મુનિવર્ય મહાશય, પ્રમુખ અને ભારત ભૂમિના આર્ય સંતાનો !

આજે પુનમની પવિત્ર તિથિએ આપણે એક મહાન્ તત્વજ્ઞાનિ શ્રીમાન્ રાજચંદ્રજી મહાત્માની જયંતિ ઉજવવા એકઠા થયા છીએ. જયંતિ શબ્દ મૂળ જી ધાતુ ઉપરથી થયો છે. જી ધાતુ સાથે કૃદંતનો ઇક્ પ્રત્યય લાગવાથી જયંતિ થાય છે. એટલે ભૂતકાળના કોઇ મહાત્માની જયંતિ ઉજવતાં તે મહાત્માની હયાતી નથી; તથાપિ તેમણે કરેલ પોતાના આત્માનો વિકાશ અને વિશ્વ પ્રત્યે ઉપકાર તેનો પવિત્ર પ્રકાશ વિશ્વમાં વિસ્તૃત હોવાથી તેમના યશો જીવનની નિષ્કામ ભક્તિએ સ્તવના કરવી એજ જયંતિનો ઉદ્દેશ અને સ્તવનાથી આપણા આત્માનો વિકાશ કરવો એ જયંતિની સફળતા છે.

રોગી મનુષ્ય વૈદકના હજારો પાનાં વાંચી જવાથી રોગ મુકત થતો નથી પણ તે શાસ્ત્ર મુજબ ઉપચારો કરવાથી રોગ મુકત થાય છે, તેમ મહાત્માઓનું જીવન વાંચી જવાથી મહાત્મા થવાતું નથી, પણ તેના જીવનથી આત્મવિકાશ થવાથી આત્માનો ઉદ્ધાર થાય છે. મુખ ઉપર કયાં અને કેવા ડાઘા છે તે જોકે દર્પણથી જણાય છે, પણ દર્પણ ધરી રાખવાથી વા તેમાં મુખ જોવાથી મુખ ઉપરના ડાઘાઓ દૂર થતાં નથી; પરંતુ પાણિ વસ્ત્રાદિકની સાધનાથીજ દૂર થાય છે. તેમ મહાત્માનું જીવન એ આદર્શ છે અર્થાત્ અંતઃકરણનો આરિસો છે, પણ મહાત્માના જીવનને વાંચન વા શ્રવણ કરી જવાથી અંતઃકરણ ઉપર પડેલા વિષય કષાય રાગ દ્વેષાદિ ડાઘાઓ નાશ પામતા નથી; પરંતુ સદ્‌ભાવના રૂપી જલ અને સદાચાર રૂપી વસ્ત્રાદિ સાધનોથીજ અંતઃકરણની મલિનતા દૂર થાય છે. માટે મહાત્માનું જીવન

શ્રવણ કરી પોતાના આત્મજીવનને નિર્મલ તથા ઉન્નત બનાવવાથીજ જયંતિની ખરી સાર્થકતા ઉજવાશે.

જે તત્ત્વરૂપ પુરૂષની–મહાત્માની જયંતિ ઉજવવા આપણે ભેગા મળ્યા છીએ, તેજ મહાત્માએ કહ્યું છે કે હું કોઇ વાડાનો નથી, પણ આત્મામાંજ છું (કહ્યું છે તેજ પ્રમાણે તેઓ વર્ત્યા છે) તે ઉપરથી તેમની જયંતિ કોઇ સંપ્રદાયિક પક્ષ ભાવે વા પોતાપણાના મમત્વ ભાવથી જયંતિ ઉજવવા યત્કિંચિત્ પણ ઉદ્દેશ નથી; પરંતુ મહાત્માની જયંતિ તેમના સત્ય અને પવિત્ર ગુણોનું સ્તવન વર્ણન કરવાથી આપણા આત્માની શિથીલ ભાવનાઓ જાગ્રત તથા નિર્મલ થાય છે. એ હેતુથી તથા આવા વિદ્યા–કેળવણી હીન શુષ્ક પ્રદેશમાં આવા પ્રસંગો ઉત્પન્ન કરવાથી જન સમાજમાં ઉત્સાહ, જાગ્રતિ અને ઉન્નતિ થાય છે એજ હેતુથી આપણે જયંતિ ઉજવવા ઉચીત કર્તવ્ય આદર્યું છે.

શ્રીમાન્ પૂર્વના સંસ્કારી હતા, એ તેમના જીવનથી સ્પષ્ટ થાય છે. સેંકડો વર્ષો ભણવાથી અને હજારો પુસ્તકો વાંચી જવાથી જે હૃદય વિકાશ તથા જ્ઞાન પ્રાપ્તિ થતી નથી, એ પૂર્વ જન્મના સુકૃત જન્ય સંસ્કારોથી થાય છે. શ્રીમાન્ ઘણીજ નાની વયમાં પૂર્વ જન્મના જ્ઞાનને જાણી શકયા હતા. એક વખતે તેમના પાડોસમાં કોઇનું મરણ થતાં સ્મશાનમાં તેને અગ્નિદાહ કરવા લઇ જતાં શ્રીમાન્ પોતે પણ સાથે ગયા હતા. શબને અગ્નિદાહ થયેલો જોઇ તે મરી કયાં ગયા હશે. તેના વિચારમાં અનેક વિકલ્પની શ્રેણીએ ચડતાં બાલ બુદ્ધિની મંદતાને લઇ વિચારનો વિશેષ વિકાશ નહિ થવાથી હૃદય મુઝવણમાં એક વખતે નાસ્તિકતાના વિચારવશ થયા. "આ ભવ પણ ભવ છે નહિ. પુન્ય, પાપ તથા આ ભવ પર ભવ જેવું કાંઇ છેજ નહિ" એવા વિચારના વમળમાં તણાવા લાગ્યા, પણ નાસ્તિકતા બે પ્રકારની છે. એક નિધ્વંસ પરિણામ જન્ય અને બીજી સત્ય શોધક જન્ય. શ્રીમાન્ પૂર્વના પ્રબળ સંસ્કારી હતા, જેથી નિધ્વંસ પરિણામ જન્ય નાસ્તિકતા તેના બુદ્ધિ જીવનમાં પ્રદેશ કરી શકે તેમ ન હતું, પણ સત્ય શોધક નાસ્તિકતા હોવાથી પૂન્ય–પાપ વા આ ભવ–પર ભવ જેવું કંઇ છેજ નહિ એટલી માન્યતાથી સંતોષ માની બેસે તેમ ન હતું; પણ નથી તેનું કારણ શું ? આ ભવ કે પર ભવ જેવું નથી તો આ જન્મમાં પણ અશિક્ષિત તથા અપચરિત ભાવનાઓ કેમ થાય છે ? શા કારણથી થાય છે ? જન્મ પહેલાંની તથા મરણ પછીની સ્થિતિ શું હોય છે ? એવા અનેક બુદ્ધિ ગર્ભિત વિચારોની શ્રેણીએ ચઢતાં વૃત્તિની એકાગ્રતા તથા યોગની સ્થિરતા થવાથી અને આવરણ કર્મની ક્ષિણતા થવાથી પૂર્વ જન્મનો બુદ્ધિ સાક્ષાત્કાર થયો, જેથી

નાસ્તિકતાનો તર્ક આસ્તિકતા રૂપે પરિણમ્યો. તેથી બતાવે છે કે=આ ભવ પણ ભવ છે નહિં એજ તર્ક અનુકુલ (કારણ ?) વિચારતાં પામી ગયા આત્મા ધર્મનું મૂળ. પૂર્વ જન્મની પ્રત્યક્ષ સિદ્ધતા થવાથી આત્માના અવિનાશીપણા રૂપ આત્મા ધર્મનું મૂળ પામી શકયા. પૂર્વ જન્મનાં સ્મરણ, જ્ઞાન તથા આરાધકપણાથી શ્રીમાન્‌ની બુદ્ધિ એટલી નિર્મળ અને તીક્ષ્ણ થઇ હતી કે તેઓ ગમે તેવો અઘરો વિષય એક વખત વાંચી જવાથી અવિસ્મૃતિપણે સ્મૃતિ પટમાં ધારણ કરી શકતા. શ્રીમાન્ ગુજરાતી શિક્ષક પાસેથી મને જાણવામાં આવ્યું હતું કે જ્યારે સ્કુલમાં પ્રથમ ભણવા આવ્યા ત્યારે અમો એકથી સો સુધીનાં આંક અને પહેલી ચોપડીના પંદર વીશ પાઠ સુધી અમો બોલતા ત્યારે બોલી જતા અને લખી જણાવતા ત્યારે લખી આપતા હતા. અર્થાત્ છ સાત વર્ષની નાની વયમાંજ તેને એકાક્ષરી (એક વખત વાંચી જવાથી સ્મૃતિગત થાય) લબ્ધિ થઈ હતી. તેમની કૃતિ (શ્રીમાન્ રાજચંદ્ર) ના સાઠમા પત્રમાંજ તેઓશ્રીનાં જીવનની ટુંક રેખા તેમના અદ્‌ભુત સ્મરણ બલની સિદ્ધિ બતાવે છે. સાથે અગીઆર વર્ષ સુધીનો કાળ કેળવણી લેવામાં હતો " આજે મારી સ્મૃતિ જેટલી ખ્યાતિ ભોગવે છે તેટલી ભોગવવાથી કંઈ ઉપાધી ઉદયને લઇ અપરાધિ થઇ છે, પણ તે સમયે નિરૂપરાધિ જન્ય નિરપરાધિ સ્મૃતિ હોવાથી એકજ વાર પાઠનું અવલોકન કરવું પડતું હતું; છતાં ખ્યાતિનો હેતુ ન હતો. સ્મૃતિ એવી બલવત્તર હતી કે જેવી સ્મૃતિ બહુ થોડાજ મનુષ્યોમાં આ ક્ષેત્રે–આ કાળે હશે. અભ્યાસમાં પ્રમાદિ બહુજ હતો. વાતે ડાહ્યો, રમતીઆળ અને આનંદી હતો. પાઠ માત્ર શિક્ષક વંચાવે ત્યારેજ તેનો ભાવાર્થ કહી જતો એટલે એ ભણીને નિશ્ચિંતતા હતી. નાની વયમાં પણ પ્રીતિ વત્સલતા મારામાં બહુજ હતી. સર્વથી એકત્વ ઇચ્છતો અને વર્તતો. સર્વમાં ભ્રાતૃભાવ હોય તોજ સુખ એ મને સ્વભાવિક આવડતું હતું. આઠ વર્ષમાં મેં કવિતા કરી હતી, તે પાછળથી તપાસતાં સમાપ્ત (સાચી) હતી. અભ્યાસ એટલી ત્વરાથી કરી શકયો હતો કે જે માણસે પ્રથમ મને પુસ્તકોનો બોધ દેવો શરૂ કર્યો હતો, તેનેજ ગુજરાતી કેળવણી પામીને તેજ ચોપડીનો પાછો મેં બોધ કર્યો હતો. ત્યારે કેટલાક કાવ્ય ગ્રંથો મેં વાંચ્યાં હતા; તેમજ અનેક પ્રકારના બોધ ગ્રંથો મેં જોયા હતા, જે હજી સ્મૃતિમાં રહ્યા છે. " સમર્થ તત્ત્વજ્ઞાનિઓએ અને સમર્થ નાસ્તિકોએ જે જે વિચારો કર્યા છે તે જાતિના અનેક વિચારો તે અલ્પવયે મેં કરેલા છે." (શ્રીમાન્ રાજચંદ્ર) આજે વિદ્યાર્થીને એક કાવ્ય વા એક કડી પણ પાંચ પચીસ વખત વાંચતાં મહા મુસીબતે કંઠાગ્ર થાય છે વા જુવાન વયમાં શરીરની પ્રબળ શક્તિ છતાં એક વખતનાં વાંચનથી સ્મૃતિ રહેવી મુસ્કેલછે; તેમજ

વિદ્યાર્થીને ગદ્ય પાઠ વાંચતાં સમજુતિ વિના અર્થ સમજવો કઠણ પડે છે. ત્યારે શ્રીમાનને સાત વર્ષની નાની વયમાં પણ અભ્યાસ પુસ્તકો તેમજ ધર્મ પુસ્તકો માત્ર એક વખત વાંચી જવાથી તેની સ્મૃતિ થઇ જતી હતી અને નાની વયમાં પણ કાવ્ય ગ્રંથો તથા બોધ ગ્રંથો સમજણ પૂર્વક વાંચી જવાની શક્તિ હતી. એટલુંજ નહિ પણ નાની વયમાં વાંચેલા ગ્રથોનું યૌવન વયમાં અનેક વ્યવહારિક સંસારિક અને વ્યાપારિક વિગેરે પ્રવૃતિઓમાં પડયાં છતાં તેની સ્મૃતિ આબાદ રહી હતી એજ તેમના પૂર્વ જન્મ સંસ્કારની તથા નિર્મળ જ્ઞાનની મહત્તા વા અપૂર્વતા છે. આઠ દસ વર્ષની બાલ વયમાં તેમણે ઘટીકા યંત્ર પર અંતર બોધકારક ત્રણસે કાવ્યો રચ્યાં હતાં. એ ઉપરથી જન્મ સિદ્ધ કવી અને સાત વર્ષમાં જાતિ સ્મરણ (પૂર્વ જન્મ સ્મૃતિ) જ્ઞાન તથા દશ વર્ષેજ આત્મ જ્ઞાનની વૃદ્ધિ થવાથી તેઓ પૂર્વ જન્મનાજ જ્ઞાની હતા એમ સિદ્ધ થાય છે. તેમનું અલ્પ વયમાં કેટલું આત્મ બળ હતું એ તેમના ૧૯ વર્ષના અનુભવ ચિતાર રૂપ સાક્ષાત સરસ્વતિ નામક પુસ્તકથી સમજાશે. અદ્‌ભૂત આશ્ચર્ય તો એ છે કે પચીશ પચાસ વર્ષના ત્યાગી મુનિઓમાંથી પણ કોઇ ભાગ્યેજ મુનિને સંપૂર્ણ જૈન સુત્રનું જ્ઞાન હશે. જ્યારે શ્રીમાન્ ૧૫–૧૬ વર્ષની બાલ્ય વયમાંજ ૪૫ આગમો (સૂત્રો) જેવાં વિશાલ અને ગહન ધર્મ શાસ્ત્રોનું જ્ઞાન સવા વર્ષમાંજ મેળવી શકયા હતા, એ તો નિર્વિવાદ સિદ્ધ છે. અપૂર્વ જ્ઞાન તથા આત્મિક વિકાશ અભ્યાસ પરિશ્રમથી મળતો નથી, પણ પૂર્વ સંસ્કાર જ્ઞાનથીજ પ્રાપ્તિ થાય છે.

આજે સામાન્ય શક્તિ ધારક પણ પોતાની શક્તી પ્રત્યે જન સમાજની આકર્ષણતા જોઈ અહંકાર વશ બની જાય છે, જ્યારે શ્રીમાન્ ૧૮ વર્ષની લઘુ વયમાં શતાવધાનીપણાની અદ્વિતીય શક્તિનો પ્રકાશ અખીલહિંદ અને યૂરોપાદિ દેશોમાં મહત્ ચમત્કાર ઉપજાવે તેવો ફેલાવી શકયા હતા; છતાં તેમનામાં અભિમાનનું અણુ પણ ન હતું, એજ તેમના ઉત્કૃષ્ટ આત્મજ્ઞાનની મહત્તા છે.

૧૯ વર્ષની લઘુ વયમાંજ મુંબઇમાં ફરામજી કાવસજી ઇન્સીટયુશનમાં શ્રીમાને શતાવધાન કરી આત્માની અનંત શક્તિ છે એમ સિદ્ધ કરી આપ્યું હતું. પુસ્તક વાંચવાની સામાન્ય ક્રિયા કરનારને વાંચનની ક્રિયામાં જોડાતી વખતે અન્ય શ્રવણ વા અદૃશ્યાદિની ક્રિયાનો સંયોગ થતાં પૂર્વ ક્રિયા સ્ખલીત થાય છે અર્થાત્ એક ક્રિયા કરતાં બીજું નિમિત્ત મળવાથી ક્રિયા વ્યાઘાત થાય છે, જ્યારે શ્રીમાને એકી સાથે ટંકાર ગણવાની, વાંસાપર પડતી ચણોઠીઓ ગણ-

વાની, માળાના મણકા ગણવાની, આંકડા ગણવાની, આડા અવળા અક્ષરો વા શબ્દો ગોઠવ્યા હોય તેનાં મૂળ વાકયો સ્મૃતિમાં રાખવાની, અપરિચિત ભાષાના વાકયો તથા શ્લોકોને લોમ વિલોમપણે ગોઠવ્યા હોય છતાં મૂળ રૂપે સ્મૃતિમાં રાખવાની, નવીન વિષયો પર કાવ્યો જોડવાની તથા પાદ પૂર્તિ રમવાની, તેમજ સાથે સાથે શેતરંજી, ચોપાટ અને ગંજીપા જેવી રમતો, બાદબાકી અને ગુણાકાર ભાગાકાર જેવા ગણીતના ગહન વિષયો, વિગેરે સો બાબતોને એકી વખતે ધ્યાનમાં રાખી તેમને અસ્ખલિતપણે જણાવી દેવી એ આત્મબળ વિના થઇ શકતું નથી. આવા મહાન્ અવતારી પુરૂષના વિચારોનો જન સમાજમાં પરિચય કરાવવો અને ફેલાવો કરવો એ એક જાતની સેવા–ફરજ છે. એમ જાણીનેજ આ જયંતીનો ઉદ્દેશ ઉદ્ભવ્યો છે.

મનુષ્ય પ્રાણીને પૂર્વ કર્માવરણથી તથા વ્યવસાયિક પ્રવૃત્તિને લઇ બુદ્ધિની મંદતા હોવાથી શ્રવણ થએલી વાત વધારે વખત સ્મૃતિમાં રહેવી કઠણ છે. જ્યારે શ્રીમાને ૧૯ વર્ષની ઉમરે મુંબઇમાં મોટા મોટા યુરોપીઅન પારસી હિંદુ મુસમાન વિગેરે કેળવાયેલોની સભામાં એકી વખતે સો ક્રિયા (સો જણાએ કરેલ તથા કહેલ જુદી જુદી પ્રવૃત્તિઓ)ની સ્મૃતિ રાખી અદ્‌ભૂત માનસિક શકતી છતાં પોતાની શક્તિનો ઉપયોગ જન સમાજને માન પામવાના હેતુથી જણાતો હોય તેમ જાણવાથી અવધાન કરવાની પ્રતિજ્ઞા કરી હતી.

અપરિચયથી મનુષ્યને પોતાનામાં આવી શકતી છે તે બતાવવું એ એક જાતની ઉદીરણા–ઇચ્છા જન્ય માન છે અને તેવા શ્લાઘારૂપ માનથી નિરપૃહી સહજ સ્વભાવ અને નિર્વિકલ્પ ભાવજન્ય અધ્યાત્મિક જ્ઞાનનો શિથિલતા વા આવરણ થાય છે, એમ જાણી શ્રીમાને જન સમાજને રંજન કરવા અર્થે વા અવ્યકત શ્લાઘા ભાવ જણાવવા અર્થે થતી અવધાન પ્રવૃત્તિનો ત્યાગ કરી દીધો.

" વંદે ચક્રી તથાપિ ન મળે માનને " એ વીતરાગ દશા સુચક વાકયને તેમણે સાર્થકજ કર્યું છે.

શ્રીમાન્ જન્મ જ્ઞાનીજ હતા, એમ તેમના ઉપદેશબલ, જ્ઞાનબલ, આત્મબલ અને ચારિત્રબલથી સિદ્ધ થાય છે. ગમે તેવો વિક્ષેપિ વા દ્વેષિ માણસ પણ તેમના સમાગમથી કલીષ્ટ વૃત્તિઓથી મુક્ત થઇ અંતર શાંતિ પામ્યાના અનેક દાખલાઓ બન્યા છે.

પ્રત્યક્ષપણે તેમના સંસર્ગમાં આવનારાઓથી અને પરોક્ષપણે તેમના વચનામૃતથી તથા તેમના પોતાનાજ વિચારોથી મહાન્ સમર્થ યોગી આત્મ જ્ઞાની હતા, તેઓ પણ પોતાના એક પરમ ભક્તિરાગી મુમુક્ષુ ને પત્રમાં લખે છે કે:—

"અમારા વિષે માર્ગાનુસારીપણું (સાધક દશા) તો કહેવું ઘટતું નથી. અજ્ઞાન યોગીપણું તો આ દેહ ધર્યો ત્યારથી જ નથી, સમ્યક્‌દ્રષ્ટિપણું તો જરૂર સંભવે છે."

આ વાકયો જગતમાં જ્ઞાનિપણું મનાવવા વા જન રંજનાર્થે લખ્યાં નથી, પણ તેમનાં તત્વજ્ઞાનની પ્રબલ ભાવનાના ઉલ્લાસથીજ લખાયાં છે. ગમે તેવા તુચ્છ વિષયમાં પણ તેઓની કાવ્ય રચના વા પદ રચના, વૈરાગ્ય, ભક્તિ અને ઉદાસીનતામય હોવાથી તેમનું અંતર જ્ઞાન વિશુદ્ધ હતું એમ નિર્વિવાદ સિદ્ધ થાય છે.

કેટલાક સંપ્રદાય મુગ્ધ મતાગ્રહી ધર્મગુરૂઓ પોતાના અંધરાગી ભકતોના સમુદાયમાં શ્રીમાન્ માટે અનેક પ્રકારે અસદ્ કલ્પનાઓ ફેલાવે છે. શ્રીમાન્ નાસ્તિક હતા, તેઓ તીર્થંકર રૂપે મનાવવા કોશીષ કરતા હતા, એ વીગેરે અનેક મનોકલ્પિત કલ્પનાઓથી તેમના પ્રત્યે અસત્યવાદ ફેલાવામાં બાકી રાખી નથી, પણ ભારતનાં ભાગ્યોદયે આધુનિક સમયમાં બુદ્ધિવાદનું વાતાવરણ દિન પ્રતિદીન વૃદ્ધિને પામતું હોવાથી, દેશ વિદેશના ગમનથી, વિદ્યા કેળવણીની વૃદ્ધિ તથા છાપખાનાં વિગેરેનાં સાધનોથી, એક બીજાના વિચારોને જાણવાની સુગમતાથી તથા ઇતિહાસ અને ધર્મ શાસ્ત્રોના બહોળા ફેલાવાથી સત્યાસત્યનો વિચાર સમજવાની જન સમાજમાં વિચાર શકિત વિશાળ થવાથી મનો કલ્પિત કલ્પનાઓ તથા વિક્ષેપોથી આપણો દેશ બચવા પામ્યો છે. જેથી હવે મતાગ્રહી ગુરૂઓની હાએ હામાં ભળી જાય તેવો જન સમાજ નથી, એટલે ઉંધે માર્ગે દોરવાઈ જાય તેમ નથી.

કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રાચાર્યજી અને મહાન યોગી મહાત્મા શ્રીમાન રાજચંદ્રજીની સરખામણી પ્રાચીન સમયના ૧૨ માં સૈકામાં જેમ કેટલાક મતાગ્રહી જૈનેતર ધર્મગુરૂઓના વખતમાં શ્રીમાન્ હેમચંદ્રાચાર્યજીથી જૈન સમાજનો ઉદ્ધાર, સત્યનો પ્રકાશ અને જૈન શાસનનો પુનરૂદ્ધાર થયો હતો, તે સમયમાં હેમચંદ્રાચાર્યજી મહાત્મા અદ્વિતીય હતા, તેમ આધુનીક સમયમાં જૈન દર્શનનો શ્રીમાને કેટલેક અંશે પુનરોદ્ધાર કર્યો છે, એમ કહેવામાં યત્કિંચિત્ પણ અતિશયોકિત નથી. પચાસ વરસ પહેલાં ધર્મ ગુરૂઓનાજ

પોષણથી સ્થાનકવાસી તથા દેરાવાસીનાં ધર્મ સંબંધી કલેશો–વૈર વિરોધ વધી જવાથી પોતપોતાના ગચ્છ મતના પોષણમાંજ ધર્મતા માની બેસવાથી અને એક બીજાના સામાન્ય સંપ્રદાયિક શુષ્ક ભેદોની ભિન્નતાથી ધર્મ ગુરૂઓ તથા સમાજોમાં વૈર, ઝેર, કલેશ, કુસંપ વધી પડવાથી અને વિધિ, શ્રદ્ધા, વિચાર, વિવેક તથા વિજ્ઞાનાદિ શૂન્ય શુષ્ક ક્રિયાઓમાંજ ધર્મનું મહત્વ માની બેસવાથી આત્મ વિકાસ જન્ય અધ્યાત્મક માર્ગની પ્રાપ્તિ તો શું પણ સ્વપ્નું એ કોઇ વિરલાત્માના હૃદયમાંજ ઉદ્ભવતું હશે. તેવા અધ્યાત્મિક ભાવ શિથિલ સમયમાં

यदा यदा ही धर्मस्य, ग्लानिर्भवति भारत ?
अभ्युत्थानमधर्मस्य, तदात्मानं सृजाम्यहं ॥

એ ગીતાજીના પુનિત વચનામૃત મુજબ શ્રીમાનનો જન્મ ધર્મનો પુનરોદ્ધાર માટેજ થયો છે. ૩૩ વર્ષની અલ્પ વય, પિતા માતા સ્ત્રી કુટુંબાદિની પ્રવૃત્તિ, વ્યાપારિક ઉપાધિ વિગેરેની પ્રતિકુલ પ્રવૃત્તિઓમાં રહીને પણ પચાસ સાઠ વરસનો ગૃહ ત્યાગી સંસાર વિરકત સાધુ પણ જે વૈરાગ્ય, ભક્તિ, અંતરત્યાગ, તત્વજ્ઞાન, સચ્ચારિત્ર અને આત્મબળ ન મેળવી શકે તેવું આત્મબળ શ્રીમાન મેળવી શકયા છે, એજ તેમના ઉત્કૃષ્ટ જ્ઞાનની અપૂર્વતા વા અવતારી પણાની મહત્તા સિદ્ધ થાય છે. શ્રીમાનનું ગૃહસ્થાશ્રમ પણ સંપૂર્ણ સત્ય અને નીતિ પૂર્વક હતું અને તેથીજ તેમનો આત્મા સંસારિક પ્રવૃત્તિમાં નિર્લેપ પણે આત્મબળ મેળવી શકયો છે. અમો ત્યાગીને પણ વિકટ જંગલમાં ભયંકર સ્થળોમાં જતાં વૃત્તિ ક્ષોભ થાય છે, જ્યારે શ્રીમાન્ સમૃદ્ધિ સંપન્ન તથા ગૃહસુખી છતાં બાર મહિનામાં બે ત્રણ માસ સંસાર પ્રવૃત્તિ તથા કૌટુંબિક મોહ બંધનથી મુકત થઇ ગુજરાતના ચડોતરના જંગલોમાં અને ઇડરના પહાડના વિકટ પ્રદેશમાં એકાકી પણે વિકરાળ પ્રાણીઓના વાસમાં પણ નિર્ભય પણે પરમ શાંતિ અને પરમાનંદમાં વિચરતા હતા. તેથીજ તેમના હૃદયમાં નિર્મલ ભાવનાઓનો પ્રકાશ પ્રસરી રહેલો હતો.

એકાકી વિચરતો વલી સ્મસાનમાં
વલી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જે
અડોળ આસનને મનમાં નહિ ક્ષોભતા
જાણે પામ્યા પરમ મિત્રનો યોગ જે
અપૂર્વ અવસર એવો કયારે આવશે (શ્રીમાન રાજચંદ્ર)

આવા મહાત્મા અત્યે માત્ર પોતાના ક્ષુદ્ર માનના પોષણની ખાતર તથા

શુષ્ક પ્રવૃત્તિઓ અને મતાંધ પ્રવૃત્તિઓ સાચવવાની ખાતર તેમના પ્રત્યે અસદ્ કલ્પનાઓ કરવી, એ તો સત્ત્વની ઉપર દ્વેષ કરી સમાજની અધોગતિ કરવા જેવું થાય છે; પણ આગળ જણાવ્યા પ્રમાણે વિચાર બળની જાગ્રતિના જમાનામાં હવે કલ્પિતસૃષ્ટિનો વધારે વખત ટકાવ થાય તેમ નથી. જેથી વિશેષ બોલવાની આવશ્યકતા નથી.

અંધશ્રદ્ધાથી મલિન પ્રવૃત્તિઓ અને રૂઢીગત પ્રક્રિઆઓને સેવન કરનારને ધર્મરાગી કહેવો (પછી ભલે તે કલેશ કુસંપથી વર્તતો હોય, આશા-તૃષ્ણા તથા કષાય-વિષયની મલિન ભાવનાઓમાં જીવન વ્યતિત કરતો હોય, શિષ્ય શિષ્યા તથા પુસ્તકોના મોહમાં મૂર્ચ્છિત હોય) એ હવેના જમાનામાં ગાડું ચાલી શકે તેમ નથી. આવા અંધ પ્રવાહમાંથી જૈન સમાજને જાગ્રત કરવા તથા ધર્મગુરૂઓની પોપ સત્તામાંથી મુક્ત કરવા શ્રીમાને કમર કસી સત્ય દર્શાવવા પ્રયાસ કર્યો છે, તેથી આ અધ્યાત્મિક માર્ગ ફેલાતાં જન સમાજમાં સત્યની જાગ્રતિ થતાં-અમારાં માન પૂજા પ્રભાવના મહોત્સવો વિગેરેની ધમાલો, ખોટા આડંબરો તથા અમારી સત્તા તૂટી જશે એ ભયથીજ ભોળા લોકોને ભમાવવા સંપ્રદાય મોહિત ગુરૂઓએ માત્ર પ્રપંચ રચ્યો છે, પણ બુદ્ધિબળનું વાતાવરણ વધવાથી શ્રીમાન્ રાજચંદ્ર, સ્વામીરામતીર્થ, વિવેકાનંદ તથા દેશભક્ત મહાત્મા ગાંધી, તીલક, ટાગોર અને ગોખલે જેવા સમર્થ જ્ઞાનિઓ તથા આત્મ ભોગીઓ થવાથી તે પ્રપંચ પડદાઓ તૂટતા જાય છે અને હવે બાકી રહ્યા હશે તો થોડા વખતમાં તૂટી જશે. પોતાની હા એ હામાં નવતે એટલે નાસ્તિક હતા. ગાડરીઆ પ્રવાહની શુષ્ક પ્રવૃત્તિઓ નહિ કરતાં સત્ય માર્ગે ચાલતાં પોતાની કલ્પના કરતાં જુદા પડ્યા માટે નવો પંથ કાઢયો હતો. સત્ય તત્ત્વના ઉપાસકો અપૂર્વ પ્રાપ્તિના પરમ લાભથી ઉત્કૃષ્ટ ભક્તિભાવ રાખનાર સંતોપાસકની સેવા જોઇ તેઓ તીર્થંકર હતા વા મનાવતાહતા એ કહેવું અને તત્ત્વજ્ઞાનના અપૂર્વ સન્માર્ગને સમજનાર સત્પુરૂષના ઉપાસકો શુષ્ક પ્રવૃત્તિ તથા સંપ્રદાય બંધનમાં ન રહે માટે તેઓ શ્રદ્ધાભ્રષ્ટ થાય છે, એમ કહેવું એ તો પોતાની કીમત કરવા જેવું થાય છે. મને સ્મૃતિમાં છે કે સ૦ ૧૯૬૫ ની સાલના સનાતન જૈન માસિકના એક અંકમાં શ્રીમાન્ અનુજ બંધુ શ્રીયુત્ મનસુખલાલભાઇ રવજીએ એક લેખ આપ્યો છે, જેમાં જણાવ્યું છે કે આત્મજ્ઞ નિષ્પક્ષપાત જનસમાજમાન્ય ધર્મશાસ્ત્રવેત્તા એવા પાંચ સાત જૈન તથા જૈનેતર સમક્ષ કોઇપણ જૈન સાધુ વા શ્રાવક શ્રીમાન્ રાજચંદ્ર કૃત શ્રીમાન્ રાજચંદ્ર નામક પુસ્તકમાંથી તેમના વિચારો શાસ્ત્ર વિરૂદ્ધ છે તથા શ્રી-

માનમાં ક્ષાયક સમકિત નહતું, એમ જો કોઇ વિક્ષેપ, વિવાદ કે ઇર્ષા રહિત સિદ્ધ કરી આપે તો હું શ્રીમાનના પુસ્તકને બંધ કરવા તૈયાર છું. આ લેખને દશ અગીઆર વર્ષ થયાં છતાં હજી જાહેરાતમાં કોઇ પણ બહાર પડ્યો નથી; માત્ર બે માણસની લડાઇમાં નિર્બળ લડતાં થાકે ત્યારે બેચાર ગાળો આપી પોતાનું બળ દર્શાવે, તેમ ન્યાયપુરઃ સર નહિ જણાવતાં યદ્વા તદ્વા વચનો બોલી જ્યાંથી સત્ય સમજવું ત્યાંથી સમજાવું મુશ્કેલ છે; પરંતુ સૃષ્ટિ રચનામાં તેવી કલ્પનાઓ ચાલી આવે છે. મહાવીર પ્રભુ જેવા સર્વજ્ઞ પરમાત્મા પ્રત્યે પણ અનેક અસંભાવ તથા વિક્ષેપની કલ્પનાઓ કરે છે. મહાત્મા હયાત હોય ત્યારે તેની અપૂર્વ મહત્તા જનસમાજને સમજાતી નથી, પણ તેમના દેહ વિલય પછી સો બસો વર્ષે તેમના નામના પત્થર પણ પૂજાય છે. જેથી શ્રીમાનને માટે પણ તેમ બને તો તેમાં આશ્ચર્ય નથી. શ્રીમાનની હયાતી કરતાં અત્યારે તેમના વિચારોનો વિસ્તાર વધતો જાય છે. જનસમાજની અનુકુળતા વા પ્રતિકુળતા જોવામાં મહાત્માઓ પોતાનું જીવન વ્યર્થ ગુમાવતા નથી, પણ સત્યને શોધી-પ્રાપ્ત કરી સ્વપરનું શ્રેય કરવામાં જ પોતાના જીવનનું સાર્થકપણું કરી ચાલ્યા જાય છે. કેટલાક સંપ્રદાયીક ગુરૂઓ કલેશને લઇ શ્રીમાનને માટે અનુચિત કલ્પનાઓ કરતા હશે, પણ જેને દેશ પરમ હિતૈષી અને સાચો સાધુ તરીકે માને છે, સમસ્ત હિંદ (હિંદુ મુસલમાન) જેને દેવ તરીકે પૂજે છે, તે મહાત્મા ગાંધીજીની શ્રીમાન પ્રત્યે કેવી ભક્તિ, માન્યતા તથા મહત્તા છે તે તેમના શબ્દોથી સમજવામાં સુગમતા થશે, એમ જાણી તેમના પોતાના જ શબ્દો ટાંકું છું. શ્રીમાન્ રાજચંદ્ર માટે મહાત્મા ગાંધીજી શું કહે છે "શ્રીમાન રાજચંદ્રજીનો પ્રભાવ મારા જીવન ઉપર એવો સજ્જડ પડ્યો છે કે તેનું હું વર્ણન કરી શકતો નથી. તેમના માટે મારા ઉંડા વિચારો છે. હું કેટલાક વર્ષોથી હિંદમાં ધાર્મિક પુરૂષોને શોધું છું, પણ રાજચંદ્ર ભાઇની હરીફાઇ કરી શકે તેવો ધાર્મિક પુરૂષ હજુસુધી હિંદમાં જોયો નથી. તેમનામાં જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ હતાં. ઢોંગ, પક્ષપાત કે રાગ દ્વેષ ન હતાં. તેમના લખાણો અંગ્રેજી તત્ત્વજ્ઞાનીઓ કરતાં ઘણાંયે વિચક્ષણ અને આત્મદર્શિ છે. આધુનિક તત્ત્વ જ્ઞાનિઓમાં ટોલસ્ટોય અને રસકીન મહાન તત્ત્વજ્ઞાની માનું છું. તેમના કરતાં પણ શ્રીમાન્ ઉંચ્ચ તત્ત્વજ્ઞાની હતા. જો ઇચ્છા હત તો બળવાન, બેરીસ્ટર, નામાંકિત જજ વા વાયસરોય થઈ શકે તેટલી તેમની શકિત હતી. આ અતિશયોક્તિ નથી પણ મારા મનપર પડેલી છાપ છે."

જેના સત્યવાદી પણા માટે યુરોપ આફ્રિકા અને હિંદ વિગેરે મોટા દેશોમાં સંપૂર્ણ પ્રતિતી છે, તેવા મહાત્મા ગાંધીજી કહે છે તે મધ્યસ્થ વર્ગને અતિ વિચા-

રણીય છે. તે પણ શ્રવણોપશ્રવણ કહેતા નથી; પરંતુ શ્રીમાન્ સાથે મહાત્મા ગાંધીજીનો પ્રત્યક્ષ પરિચય દ્વારા શ્રીમાનનું પવિત્ર જ્ઞાન,જીવનનું અવલોકન, આત્મ જ્ઞાનના પવિત્ર લાભનો ઉપકાર એ આદિ અનેક કારણોથી ગાંધીજીએ શ્રીમાનના માટે પૂજ્યદશા દર્શાવી છે. તેજ શ્રીમાનના આત્મજ્ઞાનની ઉત્કૃષ્ટતા સિદ્ધ કરી આપે છે. સંવત ૧૯૭૩ની સાલમાં વઢવાણ કેમ્પની જયંતી વખતે ગુજરાત નરરત્ન હૃદયજ્ઞાની શ્રીયુત્ આણંદશંકર બાપુલાલ ધ્રુવ પણ જણાવે છે કે શ્રીમાન્ ગૃહસ્થાશ્રમી છતાં પરમ તત્ત્વજ્ઞાની વા આત્મસંયમી કે આત્મયોગી હતા. પ્રાચીન સમયમાં પરમયોગી મહાત્મા જનકરાજા રાજ્યોપાધીમાં રહ્યા છતાં ઉત્કૃષ્ટ આત્મવિકાશ કરી શક્યા હતા. સંસાર પ્રવૃત્તિ છતાં નિર્લેપ નિર્મોહીપણે વિવેકીપણાને પામ્યા હતા. તેમ શ્રીમાન્ પણ પૂર્ણ વિદેહી હતા, એ નિર્વિવાદ સિદ્ધ છે. જળ ઉપર જેમ પુષ્પ નિરલેપ રહે છે, તેમ તેઓ સંસારીક પ્રવૃત્તિમાં નિરલેપ રહેતા એમ તેઓના પરિચયમાં આવનાર તથા તેમના અક્ષર દેહનો પરિચય કરનારને સુગમતાથી જણાય તેમ છે. આત્મ વિકાશની ઉત્કૃષ્ટ ભાવનાઓમાં રમણ કરતા તેઓ એક સ્થાને જણાવે છે કે આત્માજ્ઞાન પામ્યો એતો નિશંસયો ભેદ થયો (મિથ્યાત્ત્વ આવરણ નાશ પામ્યું) એ ત્રણે કાળમાં સત્ય વાત છે. સર્વ જ્ઞાનીઓએ પણ એ વાત સ્વીકારી છે. છેવટની સંપૂર્ણ: નિર્વિકલ્પ સમાધી (કેવળ જ્ઞાન વા જીવન મુક્ત દશા) પામવી છે જે સુલભ્ય છે. ઉત્કૃષ્ટ આત્મજ્ઞાન છે. નિર્વિકલ્પ સમાધી છે સાનુકુળ સંસાર સુખ છે તથાપિ એ ઉપાધીમય જગતનો ત્યાગ કરી પૂર્ણ અસંગસ્થાનમાં રહી અખંડ આત્મ સ્થિરતા (યથાખ્યાત ચારિત્ર) ની સંપૂર્ણ પ્રાપ્તિ વિના અમને આનંદ મળવાનો નથી. માટે ઉત્કૃષ્ટ આત્મવીર્યથી પૂર્વ પ્રારબ્ધ કર્મને નિરલેપ પણે આત્મોપયોગ પૂર્વક અબંધ ભાવે સમપરિણામે ભોગવી સર્વ કર્મથી મુક્ત થવું એજ અમારી ભાવના, વર્તના, ને ચિંતના છે. ત્યાં ચક્રવર્ત્તિ અને ઇંદ્રની સમૃદ્ધિ પણ અમને ઉપાધી કરતા વા દુઃખ કરતા થાય તેમાં નવાઇ નથી. અખંડ નિર્વિકલ્પ આત્મ સમાધિ વિના અમારે તો સમસ્ત વિશ્વ સાવ સોનાનું થાય તો પણ તેનો ખપ વા ઇચ્છા નથી તે નથીજ. આહાહા ! વિશ્વની શું વિચિત્રતા છે. જે મહાત્માના એકેક વચનમાં અદ્ભૂત જ્ઞાન સમાઇ રહ્યું છે, જેના અક્ષરે અક્ષરમાં ઉત્કૃષ્ટ જ્ઞાન, ભક્તિ, ત્યાગ, વૈરાગ તથા વીતરાગાદિ ભાવનાઓનો પ્રભાવ પ્રસરી રહ્યો છે, તેવા મહાત્મા પ્રત્યે પણ વિક્ષેપ તથા અરૂચીભાવ કરનારની શું અધોગતી થશે, તે વિચારતાં અમારાં હૃદય રડી પડે છે અને અનંત દયાળુ પરમાત્મા તેમને સન્મતિ અને સદ્ગતિ આપો.

વિશ્વની રચનાજ એવી છે કે મહાવીર. બુદ્ધ, કૃષ્ણ, સોક્રેટીસ, ક્રાઇસ્ટ, મહમદ, યોગેન્દ્ર, મુનિ, ટોડરમલજી, આનંદઘનજી જેવા પરમ જ્ઞાનીઓ અને સમર્થ મહાત્માઓને પણ તેમની હયાતીમાં તેમના પ્રત્યે વિક્ષેપનું વાતાવરણ વધારવામાં જગતના લોકો પાછા હઠયા નથી. તેમને કાનમાં ખીલા ઠોકવા, પગે ક્ષીર રાંધવી, શરીરને ખીલાથી વીંધી દેવું, ઝેર આપવું, ફાંસીએ ચડાવી દેવા, હાથીના પગ તળે ચગદાવવા તથા પથરા મારવામાં પણ બાકી રાખી નથી અને પાછળથી આવા અસહ્ય પ્રાણઘાતક કષ્ટો આપનાર તેજ દોરંગી દુનિઆએ તે મહાત્માઓનાં પાષાણનાં પુતળાં કરી પૂજવામાં પણ પાછા હઠયા નથી એજ વિશ્વની વિચિત્રતા ! આમ છે તો પછી શ્રીમાન્ માટે પણ ક્ષુદ્ર વિકલ્પનું વાતાવરણ રચાય તેમાં આશ્ચર્ય નથી. મહાત્મા પ્રત્યે જગત શું કહે છે ? વા શું માને છે ? એવી નિર્માલ્ય કલ્પનાઓથી મુક્ત થઇ, મહાન જ્ઞાનીના પવિત્ર હૃદયને ઓળખી તેમના પ્રત્યે નિષ્કામ વૃત્તિથી ત્રિધાયોગે સેવા ભક્તિ કરી, તેમના પવિત્ર જ્ઞાન તથા સદ્બોધના પ્રભાવથી વિષય વિકાર કષાયાદિની વૃત્તિઓ ક્ષય કરી, જ્ઞાન ધ્યાનની નિર્મળ ભાવનાઓમાં રહી દયા, શાંતિ, પરોપકાર, ત્યાગ, ભક્તિ, વૈરાગ્ય તથા આત્મજ્ઞાનાદિ સદ્ગુણો મેળવી, વાસનાઓનો ક્ષય કરી, સચ્ચિદાનંદ આત્મસ્વરૂપની પ્રાપ્તિ અને શ્રવણ તથા રમણુતા થાય એજ આપણું કર્ત્તવ્ય છે. એજ મહાત્મા પ્રત્યેની સાચી ભક્તિ છે અને એજ જયંતી ઉજવવાની સફળતા છે. શ્રીમાને આત્મજ્ઞાનનું ઉંચુ ફીલોસોફી સાહિત્ય રચી જગત ઉપર પરમ ઉપકાર કર્યો છે. જગતના આત્મા વિલાસીને સત્ય માર્ગની પ્રાપ્તિ કેમ થાય ? તેનો જે અપૂર્વ સત્ય માર્ગ પ્રકાશ્યો છે તથા જગત પ્રત્યે આત્મ શ્રેયના જે સંદેશા મોકલ્યા છે, તે સમય ઘણો જવાથી હાલમાં દર્શાવી શકયો નથી; પણ જીજ્ઞાસુને–તેમણે રચીત શ્રીમાન્ રાજચંદ્ર નામે ગ્રંથ પ્રસિદ્ધ છે તેમાંથી જોઈ લેવાની–સુચના કરું છું. કેટલીક વખતે ધર્મોપદેશકો ઉદ્દીરણા કરી કરી જન સમાજને સમજાવવા પ્રયત્ન કરે છે; છતાં સમાજના લોકો ઉપાધીવશ હોવાથી શ્રવણ લાભ જેટલો પણ સમય મેળવી શકતા નથી, જ્યારે શ્રીમાન્ ચડોતરનાં જંગલો અને ઇડરના પ્રવાહી પ્રદેશમાં જતા ત્યારે તેમના ઉપાસકો પોતાની ગમે તેવી વ્યવહારિક પ્રવૃત્તિને પણ છોડી તેમની પાછળ પાછળ જંગલે જંગલ ભટકતા, શોધતા અને મેળવી તેમની પાસેથી સદ્બોધ શ્રવણ કરી તેમની સેવા ભક્તિ તથા કૃપાથી આત્મિક ભાવનાઓ જાગ્રત કરી આત્મોદ્ધાર કરતા. એજ તેમની નિષ્કામ સાચી સેવાની મહત્તા વા અપૂર્વતા છે.

શ્રીમાન્ સંસાર વિરકત થઇ ત્યાગની ઉત્કૃષ્ટ ભાવનાએ હતા, ત્યારે તેમની સાથે પાંચ પચીશ મુમુક્ષો પણ ત્યાગ લેવા ઉત્સુક હતા; પણ વૃત્તિ શું વસ્તુ છે ? ક્યાંથી ઉત્પન્ન થાય છે ? અને તેનો ક્ષય કેમ થાય છે ? તેનું સંપૂર્ણ વાસ્તવિક સ્વરૂપ સમજ્યા વિના વ્રતાદિ લેવાથી ઉલટું વધારે રાગબંધન જન સમાજનો સંગ અને ઉપાધી એવડી વધી જાય છે. અર્થાત્ લોકરંજન અને માનમાં માનવ જન્મ હારી બેસે છે. માટે પ્રારબ્ધ કર્મ ક્ષીણ થયાથી અને વાસના તથા વૃત્તિઓનો પૂર્ણ જય કર્યાથીજ ત્યાગી જીવન સ્વપરનું શ્રેય કર્તા થાય છે. એમ જણાયાથી વ્રત પ્રાપ્તિનો સમય આવ્યા પહેલાં અલ્પ જીવનની ટુંકી મુસાફરી કરી ચાલ્યા ગયા; તથાપિ તેઓ આત્મવીર્ય સંપન્ન પુરૂષ હતા, જેથી ત્યાગી વા સાચા સાધુજ હતા. આત્મ સાધે તેજ સાધુ કહેવાય માટે તે સાચા સાધુ જ હતા, એમ તેઓના અંતિમ સમય સુધી પણ જણાશે. તેઓએ અંતીમ વચનોનો દિવ્ય પ્રકાશ પ્રસરાવી જીવનને પૂર્ણ કર્યું છે. જેથી અંતીમ સમયના તેમના ઉદ્‌ગારો જણાવી મારો વિષય સમાપ્ત કરીશ.

અંતિમ વચનો.

ઘણી ત્વરાથી પ્રયાસ પુરો કરવાનો હતો, ત્યાં વચ્ચે સહરીનું રણ સંપ્રાપ્ત થયું. માથે ઘણો બોજો રહ્યો હતો તે આત્મવિર્યે કરી જેમ અલ્પકાળે વેદી લેવાય તેમ પ્રગટ ના કરતાં પગે નિકાચિત ઉદયમાન થાક સહણ કરવો. જે સ્વરૂપ છે તે અન્ય થાતું નથી એજ અદ્‌ભૂત આશ્ચર્ય છે અવ્યાબાધ સ્થિરતા છે. પ્રકૃતિ ઉદયાનુસાર કંઇક અશાતા મુખ્યત્વે વેદી શાતા પ્રત્યે=શ્રીમાન્ રાજચંદ્ર.

ઉપસંહાર.

વહાલા બન્ધુઓ ! જયંતીનો ઉદ્દેશ અને કર્તવ્યતા જણાવી મારા વિષયને સમાપ્ત કરવા પહેલાં મધુર જલનું પાન કરવાથી તૃષા દૂર થાય છે તેમ પરમજ્ઞાની મહાત્માના શબ્દોને શ્રવણ–મનન કરી તે પ્રમાણે વર્ત્તન કરવાથી આત્મ વિકાસની પ્રાપ્તિ થાય છે. તોજ આધિ વ્યાધિ અને ઉપાધી એ ત્રિવિધ તાપની ઉપશાંતિ થશે. માટે શબ્દ માત્રથી રંજન નહિ થતાં મહાત્માનાં જીવનથી આત્મિક ભાવનાઓ જાગ્રત થાય અને અંતરની વિશુદ્ધિ થાય તોજ જયંતિની સફળતા છે. પરમ કૃપાળુ પરમાત્મા તેવી દશા પ્રાપ્ત કરવાનું આપણામાં આત્મબળ રેડો ! !

કચ્છ ભૂમિના સંતાનોને એક આનંદદાયક અને જાગ્રતિકારક સમાચાર નિવેદન કરવા ઇચ્છું છું:—અત્રેના રહીશ શા રતનસીભાઇ મુળજી અને શા

મુળજીભાઈ હીરજી તરફથી કચ્છી જનસમાજના લાભને માટે રૂા. ૪૦) હજારની ગંજાવર રકમ જાહેર હોસ્પીટલ માટે અર્પણ કરવામાં આવે છે. શેઠ રતનસીભાઇ તથા મુળજીભાઇ જે ડુમરાની અંદર સારા ઉદાર ગ્રહસ્થો છે. સમાજસેવાનાં કાર્યોમાં પોતાના ધનનો સદ્વ્યય કરે છે જેથી આપણે આનંદ પામવા જેવું છે. ગત્ વર્ષમાં પણ તેજ ઉદાર ગૃહસ્થોના સદ્પ્રયાસથી જ અને ધનની ઉદારતાથી શ્રી કચ્છી ઓસવાળ કોમ માટે બોર્ડીંગ ખોલવામાં આવી છે તેમાં પણ શેઠ રતનસીભાઇએ રૂા. ૮૦૦૦) આઠ હજાર અને શેઠ મુળજીભાઇએ રૂા. ૧૦૦૦૦) દશ હજાર તેમજ તેમના મર્હુમ શેઠ ખીમજીભાઇ રતનસીએ રૂા. ૧૦૦૦૦) દશ હજાર આપી કચ્છ ભૂમિ જેવી કેળવણીહીણ પ્રજામાં કલ્પવૃક્ષ સમાન બોર્ડીંગની સંસ્થા બોલી કચ્છી સમાજને ઉપકારી બનાવી છે. આ વર્ષે પણ એક બીજી જાહેર સંસ્થા બોલવાનો તે દાનશીલ ગૃહસ્થનો વાણો વખત થયાં વિચાર ચાલતો હતો તેને અમલમાં મૂકવા આજે શ્રીમાન્ રાજચંદ્ર જેવા સમર્થ તત્ત્વજ્ઞાની મહાત્માની જયંતી પ્રસંગે આવી ઉદાર સખાવત કરી જયંતિની સફળતા કરી છે. શેઠ રતનસીભાઇ તરફથી રૂા. ૨૬૦૦૦) અને શેઠ મુળજીભાઇ તરફથી રૂા. ૧૪૦૦૦) એમ બન્ને ગૃહસ્થો તરફથી રૂા. ૪૦૦૦૦) ની ગંજાવર સખાવત થવાથી કચ્છી પ્રજા તેમની આભારી બની છે. સમાજના શ્રેયને માટે પોતાના ધનનો સદ્વ્યય કરનાર તન, મન, ધનનો, ભોગ આપી સમાજને જાગ્રતિ કરનાર, સમાજના ઉન્નતી કાર્યોમાં ભાગ લેનાર તે દાનવીર રતનસીભાઇ મુળજી તથા મુળજીભાઇ હીરજીને કચ્છી જનસમાજ તરફથી સહર્ષ ધન્યવાદ આપવામાં આવે છે. તેમજ ડુમરાગામમાં બોર્ડીંગ તથા હોસ્પીટલ જેવી બબ્બે જાહેર સંસ્થાઓ અને સ્ત્રી કેળવણી માટે બાળ બ્રહ્મચારીણી બેન કુંવરબાઇ (કચ્છીબાઇ) તરફથી જ્ઞાનશાળાની ત્રીજી સંસ્થા છતાં કન્યાશાળા ન હોય એ તો ડુમરાની જૈન સમાજને શરમાવા જેવું જ થાય છે, એમ જાણી કાર્તિક સુદ ૧૦ ના હાલાપુરમાં ચાતુર્માસ સ્થિત શાંત મૂર્તિ મહાત્મા શ્રી પદ્મવિજયજી મહારાજના દર્શનાર્થે જતાં શેઠ જેઠાભાઇ રતનસી તથા મુળજીભાઇ હીરજી તરફથી ૫૦૦) માણસોનો સંઘ લઇ દર્શનાર્થે જતાં મહાત્મા શ્રી પદ્મવિજયજી મહારાજના સદ્બોધથી અને બાળ બ્રહ્મચારિણી યોગિની તથા શેઠ જેઠાભાઇ નરસિંહના શુભ પ્રયાસથી ડુમરામાં કન્યાશાળા બોલવાનો નિર્ણય થવાથી મર્હુમ શેઠ ખીમજીભાઇ રતનસીના નામથી " ખીમજી રતનસી જૈન કન્યાશાળા " બોલવાનો નિર્ણય થયો છે જેમાં નીચે પ્રમાણે સદ્ગૃહસ્થો તરફથી સહાય મળી છે.

૩૦૦૦) શેઠ ખીમજીભાઇ રતસીનાં બ્રહ્મચારિણી બેન કમુબાઇ.

૧૦૦૦) શેઠ જેઠાભાઇ નરસી.

૧૦૦૦) શેઠ મુળજીભાઇ હીરજી.

૧૦૦૦) શેઠ મુળજીભાઇ હીરજીની કુંપની તરફથી.

૧૦૦૦) શેઠ રતનશીભાઇ મુળજી તરફથી

એમ રૂા. ૭૦૦૦) નું ફંડ કન્યાશાળા માટે તેમજ શેઠ જેઠાભાઇ નરસી તરફથી રૂા. ૧૦૦૦ અને શેઠ મુળજીભાઇ હીરજી તરફથી રૂા. ૧૦૦૦) એમ રૂા. ૨૦૦૦) ચણુતરા માટે થઇ કુમરામાં જૈનો તરફથી આજે રૂા. ૫૦૦૦૦) ની ગંજાવર સખાવત થવાથી સમાજમાં જાગ્રતિ અને આનંદની અપૂર્વ વૃદ્ધિ થવાથી જયંતિને સફળ કરનાર ઉદાર ગૃહસ્થોને પુનઃ કચ્છી સમાજ તરફથી સપ્રેમ ધન્યવાદ આપવામાં આવે છે.

પરમ કૃપાલુ પરમાત્મા આપણા આત્માનો, સમાજ, દેશ તથા અખીલ વિશ્વનો ઉદ્ધારકરો એમ પ્રાર્થના કરી ભાષાદોષ તથા આશયદોષ થયા હોય તેને માટે સભાસ્થિત જનમંડળની ક્ષમા યાચી વિષય સમાપ્ત કરૂ છું. ૐ શાંતિ ! શાંતિ ! શાંતિ !



ઉપસંહાર.

સદ્બોધ સંગ્રહ ભા. ૧–૨–૩ ની સમાપ્તિ કરતી વખતે ઉપસંહાર તરીકે અંતિમ વિચારો વાચકવર્ગ પાસે પ્રદર્શિત કરી આ લેખપ્રવૃત્તિથી નિવૃત્ત થઇશ.

આ ગ્રંથના ત્રણ ભાગ કરવામાં આવ્યા છે, જેમાંના પ્રથમ ભાગમાં આ લેખકના લેખો છે, બીજા ભાગમાં જેના સ્મરણાર્થે બહાર પાડવામાં આવેલ પુસ્તક તે કાનજીભાઇના મૂળ લેખો ઉપર આ લેખકે વિવેચન કર્યું છે અને ત્રીજા ભાગમાં આ લેખકના પરમ ઉપકારી પરમ કૃપાળુ મહાત્મા **શુભમુનિજી** મહારાજ તથા અધ્યાત્મતત્ત્વોપાસક અન્ય પવિત્રાત્માઓના લેખો છે. એ પ્રમાણે જુદા જુદા વિષયો ઉપર જુદા જુદા લેખકોના આત્મોન્નતિકારક લેખોનો સંગ્રહ હોવાથી **સદ્બોધ સંગ્રહ** એ નામ અન્વર્થ (યથાર્થ) પણાને પામ્યું છે.

આ ગ્રંથમાં નાના મોટા બધા મળી ૩૧ લેખો છે, જેમાં પ્રથમ લેખમાં દાન, શીલ, તપ અને ભાવ એ ધર્મનાં મુખ્ય તત્ત્વો છે, તે ચાર ગુણાત્મક ભાવનાઓથી સદ્વિચાર, સત્પ્રવૃત્તિ અને સદ્જ્ઞાનની પ્રાપ્તિ થતાં હૃદયશુદ્ધિ અને આત્માની અભિવૃદ્ધિ થાય છે. આત્મોન્નતિ થવામાં સદ્ભાવના, સદ્ગુરૂ, સત્સંગ વિગેરે જેમ સર્વોત્કૃષ્ટ સાધનો છે, તેમ મનુષ્યદેહ એ પણ ઉત્તમોત્તમ સાધન છે. પાત્રના આધારે જેમ પદાર્થોનું રહેવું થાય છે, તેમ દયા શાંતિ ભક્તિ ક્ષમા વૈરાગ્ય ત્યાગ વિગેરે આત્મિક ગુણો ઉત્પન્ન થવાને માનવદેહ એ સર્વોત્કૃષ્ટ સાધન છે. ચક્રવર્ત્તીની સર્વ સંપત્તિ કરતાં પણ જે મનુષ્ય દેહનો એક સમય પણ વિશેષ મૂલ્યવાન્ છે. એવો આ માનવ દેહ અને પરમાર્થ માર્ગની પ્રાપ્તિ કરાવે એવા સદ્ગુરૂ સત્સંગ તથા સત્શાસ્ત્રાદિ સત્સાધનોનો સંયોગ સંપ્રાપ્ત થતાં જો જન્મ મરણથી રહિત એવા પરમજ્ઞાનમય પરમ પદનું ધ્યાન ન રહે, તો આ મનુષ્યત્વમાં સ્થિત એવા માયાવરણિત જીવાત્માને અનંતવાર ધિક્કાર હો, ધિક્કાર હો. જેણે વિષય કષાય રાગ દ્વેષ તથા પ્રમાદાદિ દોષોનો નાશ કર્યો છે. તેજ જીવાત્માનો માનવ જન્મ કૃતકૃત્ય સફળ છે અને તેજ પરમપદને પામી શકે છે.

જે જીવાત્મા પૌદ્ગલિક માયિક રચનાઓની આસક્તિના પાશમાંથી મુક્ત થઇ અહર્નિશ પરમાર્થ ભાવમાંજ લીન હોય છે, તેજ જીવાત્માનો માનવદેહ સફળ છે. મનુષ્ય જન્મની સાર્થકતા થવા માટે યાને આત્મજાગ્રતી અને પરમાત્મજ્ઞાનની પ્રાપ્તિ કરવા માટે જીવાત્માને સત્સમાગમ તથા સત્શાસ્ત્રના સેવનની સતત્પણે આવશ્યકતા છે. પરમતત્ત્વજ્ઞાની મહાત્મા શ્રીમાન્ રાજચંદ્રજી લખે છે કે—" આત્મજ્ઞાનની નિર્મળતા થવા માટે મુમુક્ષુ જીવે બે સાધન અવશ્ય સેવવા યોગ્ય છે. સત્સમાગમ અને સત્શ્રુત (જે શ્રવણ બોધથી આત્મજ્ઞાન થાય તેને સત્શ્રુત કહે છે.) પ્રત્યક્ષ સત્પુરૂષનો યોગ જીવાત્માને કવચિત્ પ્રાપ્ત થાય છે, સજીવન મૂર્ત્તિનો સમાગમ થયે જીવને વિશેષ પ્રયત્ન કર્ત્તવ્ય છે, તેના યોગના અભાવે સત્સમાગમ તથા સત્શાસ્ત્રનું વાંચન, શ્રવણ તથા મનન અવશ્ય કરવા યોગ્ય છે. જેના સંગથી અવિનાશી સત્ એવા આત્મતત્ત્વની જાગ્રતી, વિશુદ્ધિ તથા નિરાવરણતા થાય તેને સત્સમાગમ કહે છે અને આત્મચિંતન તથા સદ્ભાવના જાગ્રત થાય તેવા શાંત રસનું જેમાં વર્ણન કર્યું હોય તેને સત્શાસ્ત્ર કહે છે." જીવાત્માને આત્મોન્નતિ થવા માટે પૂર્વસંસ્કાર સદ્ગુરૂની અંતર દ્રષ્ટિએ ઓળખાણ તથા નિષ્કામપણે ત્રિધાયોગથી અખંડ ભક્તિ અને આત્મિક જાગૃતી—એ ત્રણેનો સમન્વય-

પણે સંયોગ થાય ત્યારે સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તે ત્રણેનું સમન્વયપણું થવામાં સત્સમાગમ તથા સત્શાસ્ત્રનું સેવન—એ સર્વોત્કૃષ્ટ નિમિત્ત છે. અપ્રમત્તપણે નિમિત્તનો યોગ સેવવાથીજ આત્મા આવરણમુક્ત થઇ પરમપદને પામી શકે છે.

આ લેખ સંગ્રહમાં પ્રથમ લેખ ધર્મભાવના એ વિષય ઉપર છે. જેમાં દાન શીલ તપ તથા ભાવનાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. શામાટે ખાવું જોઇએ અને શું ખાવાથી શરીરની તંદુરસ્તી સચવાય, તે સમજ્યા વિના જે તે ખાવાથી ક્ષુધા શાંત થતી નથી વા સુખને બદલે દુઃખ થઇ પડે છે. તેમ સદાચાર શું છે? કયા જીવે કઇ દશામાં કેવા વિચાર, વિવેક તથા વિધિ પૂર્વક કયા સદાચારને સેવવો જોઇએ—તે સમજ્યા વિના સંપ્રદાય દ્રષ્ટિથી, કુલાચાર રૂઢિથી, સ્વમતિ કલ્પનાથી વા સ્વરૂપ જ્ઞાનહીન એવા મતપોષક ધર્મગુરૂઓના શુષ્ક વા શબ્દબોધથી સેવાતા સદાચારો યા સત્ક્રિયાઓથી સમાજની કેવી અધોગતિ થાય છે, તેનો અદ્ભૂત ચિતાર આ લેખમાં કરવામાં આવ્યો છે. સાથે કઇ દશામાં કેવી સત્ક્રિયા કરવાથી પોતાના અંતર જીવનની તથા સમાજની ઉન્નતિ થાય, તેનો પણ સરસ ચિતાર આપવામાં આવ્યો છે. સંપ્રદાય મોહથી મોહાંધ થયેલ કહેવાતા ધર્મગુરૂઓ દાન શીલ તપ તથા ભાવના વિગેરે ધર્મક્રિયાઓ (સદાચાર) ના નામે ભોળા લોકોને ભમાવીને કેવી રીતે ઉન્માર્ગે ચડાવી દીધા છે. જ્ઞાન ભક્તિના બાના નિચે પોતપોતાના પુસ્તકોનાં ભંડારો વધારવા માટે લોકો પાસેથી પૈસા કઢાવી પૈસાના પૂજારીઓએ કેવા પ્રપંચો ઉભા કર્યા છે. નિષ્કામ એવી ધર્મ ક્રિયાઓમાં પણ પૈસાથી ધર્મ થાય એવી માન્યતા ઠરાવી દેશમાં જનસમાજ દુષ્કાળ, મોંઘવારી, રોગ વગેરેના ભયંકર દુઃખોથી પીડાતો હોય, આર્થિક સ્થિતિ માટે દુઃખી થતો હોય, લાખો હિંદ પુત્રોને એક ટંક પણ પુરૂં ખાવાનું ન મળતું હોય, છતાં મહોત્સવ, પંન્યાસ આચાર્યાદિ પદવીદાન, ઉજમણાં, જમણવારો, પુજા, પ્રભાવના તથા વરઘોડા વિગેરેમાં દરવર્ષે લાખો રૂ. નું પાણી કરાવી દેશની ભુખે મરતી પ્રજાની ભુખમાં ભાગ ન લેતાં ઉલટો વધારો કરનારા પોપ ગુરૂઓથી સમાજ તથા દેશની કેવી અધોગતિ થઇ છે અને થતી જાય છે તેનું ઘણુંજ સરસ બ્યાન આપ્યું છે. 'ધર્મભાવના' એ લેખમાં દાન, શીલ, તપ તથા ભાવના—એ ચાર પ્રકરણો ઉપસ્થિત કર્યાં છે. દાન પ્રકરણમાં કીર્ત્તિદાન ઉચિતદાન અનુકંપાદાન અભયદાન તથા સુપાત્રદાન, શીલ પ્રકરણમાં સામાયક પ્રતિક્રમણ પૌષધ પૂજા બ્રહ્મચર્ય તથા સંધ્યાપૂજન તપ પ્રકરણમાં સમ્યગ્જ્ઞાનાદિની બ્યાખ્યા તથા ઇચ્છા

(વૃત્તિ) જ્ય અને ભાવ પ્રકરણમાં ઈલાચીપુત્ર તથા ચિલાતીપુત્રના દૃષ્ટાંતો આપી સદ્‌ભાવના આત્મચિંતન ઉપશમ વિગેરે વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

બીજો લેખ **દ્રવ્યાનુયોગ વિચાર** એ નામનો છે, જેમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, જીવાસ્તિકાય તથા કાલ એ ૬ દ્રવ્યોની વ્યાખ્યા કરી છે. જીવ તથા પુદ્‌ગલનું શું સ્વરૂપ છે ? જીવાત્માની સાથે અવરણિત રહેલાં કર્મનો બંધ શાથી થાય છે, તેની નિવૃત્તિ કેમ થાય, આઠ કર્મ તથા તેની ૧૫૮ પ્રકૃતિનો બંધ શાથી પડે છે, તેનો ક્ષય, ક્ષયોપશમ વા ઉપશમ કેમ થાય ? સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ શાથી થાય, મિથ્યાત્વ મોહ અજ્ઞાન રાગ દ્વેષ વિગેરે આત્મઘાતી શત્રુઓનો વિનાશ કેમ થાય, અભિગ્રહ મિથ્યાત્વ વિગેરે પાંચ મિથ્યાત્વ સહિત મિથ્યાત્વ મોહનીય, મિશ્રમોહનીય તથા સમકિત મોહનીય એ ત્રણ મોહનીય તથા અનંતાનુબંધી ક્રોધ માન માયા અને લોભ એ ચાર કષાયનો નાશ થઈ આત્મજાગ્રતી કેમ થાય, સાધનભક્તિ તથા સ્વરૂપભક્તિ, ત્યાગ વૈરાગ્ય શ્રદ્ધા વિગેરે આત્મિક ગુણો કેમ થાય ? સદ્‌ગુરૂનું સ્વરૂપ શું, અંતરદ્રષ્ટિથી તેની ઓળખાણ કેમ થાય ? ઉપાદાન કારણ, નિમિત્ત કારણ સમવાય સંયોગ સંબંધી સંયોગ, સાત નયનું સ્વરૂપ, ચૌદ ગુણસ્થાનનું કાલમાન તેની વ્યાખ્યા તથા ચૌદ ગુણસ્થાનક ઉપર ઉતારેલ સાત નયનું સ્વરૂપ એ વિગેરે અત્યંત વિચારવા યોગ્ય આત્મજાગ્રતીકારક હૃદય વિશુદ્ધ કરનાર અપૂર્વ વિષયોની સંકલના કરવામાં આવી છે.

ત્રીજા લેખમાં **ગણધરવાદનો** વિષય છે. અનંતજ્ઞાની પરમકૃપાળુ મહાવીરદેવના સંગમાં વિદ્યાપારંગામી ઇંદ્રભૂતિ વિગેરે ૧૧ બ્રાહ્મણ વિદ્વાનોનું શિષ્ય સમુદાય સાથે મળવું અને પરમજ્ઞાનિના સદ્‌બોધથી આત્મજ્ઞાનની ઉત્કૃષ્ટ જાગ્રતી થતાં શિષ્યરૂપે મહાવીર પાસે દીક્ષા લેવી તથા ગણધરપદની સ્થાપના થવી, પ્રભુના સમાગમ સમયે ગૌતમ વિગેરેની આત્મસત્તા સંબંધી ૭ પદની શંકાઓ (આત્મા નથી, આત્મા નિત્ય નથી, આત્મા નિજ કર્મનો કર્ત્તા નથી, આત્મા ભોક્તા નથી, મોક્ષ નથી અને મોક્ષનો ઉપાય નથી.) અને સર્વજ્ઞ મહાવીરે કરેલ તે ૭ પદનું સમાધાન (આત્મા છે, નિત્ય છે, નિજકર્મનો કર્ત્તા છે, ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષનો ઉપાય છે,) એ પ્રકારે ૭ પદની અદ્‌ભૂત વ્યાખ્યાનો ચિતાર આપવામાં આવ્યો છે.

ચોથા લેખમાં **મનુષ્ય કર્તવ્ય** વા માનવધર્મનું વર્ણન છે. જેમાં મનુષ્યદેહની તથા મનુષ્યત્વપણાની વ્યાખ્યા કરેલ છે, મનુષ્યદેહની મહત્તા શું ?

પાશવજન્મ કરતાં માનવજન્મની વિશિષ્ટતા શું છે, મનુષ્યદેહ અને મનુષ્યપણામાં ફેર શું ? એ પ્રશ્ન ઉઠાવી ' **धर्मो हि तेषामधिको विशेषः** ' ધર્મત્વની મહત્તાને લઇ મનુષ્યજન્મની ઉત્તમતા છે. આ વિશ્વમાં અનંત કોટિ જીવાત્માઓમાં જે જીવો ખનિજ રૂપે, વનસ્પતિ રૂપે, પાશવ રૂપે, માનવરૂપે તથા દેવરૂપે રહ્યા છે, તેમાં શું ફેર છે તેનું વર્ણન જણાવ્યું છે. જે ધર્મભાવનાથી પશુ કરતાં માનવ સર્વોત્કૃષ્ટ છે તથા દેવતાઓને પણ પૂજનીય છે, તે ધર્મ શું ? તેનું યથાર્થ સ્વરૂપ શું ? એ પ્રશ્ન ઉત્પન્ન કરી વ્યવહાર ધર્મ તથા પરમાર્થ ધર્મ એમ ધર્મના બે ભેદ કરવામાં આવ્યા છે. વ્યવહાર ધર્મમાં સત્સંસ્કાર, વિદ્યાભ્યાસ, નૈતિકજીવન, ભ્રાતૃભાવ અને પરોપકાર. તથા પરમાર્થ ધર્મમાં મુમુક્ષુતા, વૈરાગ્ય, શ્રદ્ધા, ભક્તિ તથા તત્ત્વરમણુતા વિગેરે આત્મોન્નતિકારક અપૂર્વ વિષયોનું વર્ણન કરવામાં આવ્યું છે.

પાંચમા લેખમાં પ્રસ્તાવિક પ્રકરણ નામ આપી સદ્‌ગુરૂસ્તવનાના દોહા, ચાર પ્રકારના પ્રતિબંધનું સ્વરૂપ, સન્મિત્રને લખેલ સદ્‌બોધસૂચક પત્રો તથા અંતરભાવનાના અદ્‌ભૂત ચિત્રો (જેવાં કે આઠ કર્મનું ચિત્ર, ચાર ધ્યાનનું ચાર ભાવનાનું, મોક્ષ તથા સંસારનું, છપદ તથા નવ તત્ત્વ વિગેરેનાં) વિગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે. ઉપર જણાવ્યા પ્રમાણે પ્રથમ ભાગમાં પાંચ લેખો અને આઠ પ્રકરણોમાં જુદા જુદા વિષયો પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

ભાગ બીજાનું બીજું નામ ' એક નવ યુવકના વિચારો.' એ રાખવામાં આવ્યું છે. આ ભાગમાં પવિત્રાત્મા કાનજીભાઇના લેખોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ લેખકના તથા અન્ય વિદ્વાન્ મહાત્માઓના સત્સંગમાં આવી જેજે સદ્‌બોધ શ્રવણ કર્યો, તે બોધને બુદ્ધિગમ્ય કરી, સ્મૃતિપટમાં રાખી ધવલપત્ર ઉપર તેમણે જેજે ભાવનાઓ તથા વિચારો લખ્યા છે, તેની ઉપર આ લેખકે વિવેચન કરી લેખોનો સંગ્રહ બહાર પાડયો છે. જેમાં બે પ્રકરણો તથા દશ લેખોનો સંગ્રહ છે. પ્રથમ પ્રકરણનું નામ **સામાજીક પ્રકરણ** રાખવામાં આવ્યું છે—જેમાં જૈનો હવે તો ચેતો અને પ્રમાદ નિદ્રામાંથી જાગૃત થાઓ, વિશુદ્ધવ્રત યાને સત્યનો જય, સમયજ્ઞની મહત્તા, સતીજીવન વા સદાચારની મહત્તા, ભાવના સદશી સિદ્ધિઃ યાને સંકલ્પ બળનો જય, એક વિચિત્ર સમજનો ખુલાસો તથા સતીનું જીવન—એ સાત લેખોનો સમાવેશ કર્યો છે. બીજા ધાર્મિક પ્રકરણમાં સુદર્શનનું અંતરજીવન, અહિંસાપરમોધર્મઃ તથા સત્યનું માહાત્મ્ય—એ ત્રણ લેખો આપ્યા છે. સુદર્શનનું અંતરજીવન—એ લેખમાં પવિત્ર

શીયલગુણસંપન્ન સુદર્શન શેઠના સૌંદર્યને જોઇ મોહમુગ્ધ થયેલ રાજપત્ની **અભયા**, સુદર્શન તથા રાણીનો એકાંત સંયોગ થતાં રાજપત્ની વિષયપોષણને માટે અધમ યાચના કરે છે. એકાંત સંયોગ, નવયૌવન વય, શારીરિક શક્તિ–સૌંદર્ય, રાજ્ની લાવણ્યવંતી રાણી શેઠ પાસે વિષયની યાચના કરે છે, છતાં મેરૂ સમાન ધીર અચલ મહાત્મા સુદર્શન અણુમાત્ર પણ ચલિત ન થતાં અનીતિ અને અધર્મજન્ય દુષ્કૃત્યથી નિવૃત્ત થવા વૈરાગ્ય તથા જ્ઞાનમય સદ્બોધ આપી તેના આત્માની શુદ્ધિ થવા અર્થે પ્રયાસ કર્યો, પણ જેમ અગ્નિથી તપ્ત થયેલ લોહ-ગોલક ઉપર પાંચ દસ જળ બિંદુઓ નિષ્ફળતાને પામે છે, તેમ તીવ્ર કામની જવાળાથી જ્વલિત હૃદયા રાણીને પવિત્ર જ્ઞાની શેઠનો બોધ ન લાગ્યો. કારણકે—

> " उपदेशो हि मूर्खाणां प्रकोपाय न शांतये;
> पयःपानं भुजंगानां केवलं विष वर्धनम् " ॥ १ ॥

સર્પને મધુર દુધનું પાન કરાવતાં જેમ વિષવૃદ્ધિ થાય છે, તેમ અજ્ઞાનીથી પાપાત્માઓને સદ્બોધથી શાંતિ ન થતાં કલેશ વા વિક્ષેપનું કારણ થાય છે. આ દુરાત્મા રાણીના હૃદયમાં પણ ધર્મનિષ્ઠ શેઠનો બોધ સદ્ભાવરૂપે ન પરિણમતાં કષાય વા વિક્ષેપભાવે પરિણમવાથી એક તરફ તીવ્ર કામવેદનાની વ્યાકુળતા અને બીજી તરફ શેઠની સમક્ષ પોતાની અધમતા જણાતાં લજ્જિત થયેલ રાણી ક્રોપાયમાન થઇ. શેઠની ઉપર બલાત્કાર કરવાનો અસત્ આરોપ મૂકી, રાજા પાસે શેઠને માટે અનુચિતભાવ ભરાવી દેતાં ક્રોધિત થયેલ રાજાએ શેઠને શૂળીની સજા આપી, તે વખતે શેઠના પવિત્ર ધર્મપત્નીને પોતાના પતિના કષ્ટની ખબર પડતાં પોતાનો પતિ નિર્દોષ છે એમ નિઃશંક ખાત્રી હોવાથી આવી પડેલ આપત્તિ રૂપ વાદળનો વિલય થવા માટે તે ધ્યાનસ્થ રહી જિનભક્તિમાં એકતાન બની ગઇ. ધર્મપત્નીની પવિત્ર ભક્તિ તથા પરમજ્ઞાની સુદર્શનના અંતરજીવનની શુદ્ધિ, આત્મિક બળ તથા નિર્દોષ ચારિત્રના પુનિત પ્રભાવથી દેવતાઓએ શૂળીના સ્થાને સુવર્ણમય સિંહાસન બનાવી તેનાપર યોગમૂર્ત્તિ સુદર્શનને સ્થાપી, પંચવર્ણી પુષ્પવૃષ્ટિ તથા દીવ્યધ્વનિના મનહર નાદથી તેની પવિત્રતાનો પ્રકાશ તેઓ કેવી રીતે પ્રસારે છે, તેનું અદ્ભૂત ધ્યાન આપવામાં આવ્યું છે. બીજો લેખ અહિંસા પરમો ધર્મ:—' જૈનના અહિંસાવાદથી દેશમાં ક્ષાત્રબળની ક્ષતિ થાય છે ' એવો જે આક્ષેપ દેશભક્ત લાલા લજપતરાયજીએ કર્યો છે, તેનો પ્રત્યુત્તર મહાત્મા ગાંધીજીના શુદ્ધિ પૂર્વકના વિચારોથી તથા પ્રાચીન ધર્મશાસ્ત્ર અને ઇતિહાસ શાસ્ત્રોના પુરાવાથી સમાધાન કર્યું છે.

ત્રીજો લેખ સત્યનું માહાત્મ્ય—સત્ય શું અને સત્ય તત્ત્વના ઉપાસક આત્મબલિષ્ઠ મહાત્મા હરિશ્ચંદ્રજી તથા તેની રાણી તારામતી ભયંકર આપત્તિમાં આવી પડતાં પણ તેમણે સત્યવ્રતને કેવી દ્રઢતાથી ટકાવી રાખ્યું છે તેનો અદ્‌ભુત ચિતાર ચિતરવામાં આવ્યો છે.

ત્રીજા ભાગમાં જુદા જુદા મહાત્માઓના આધ્યાત્મિક લેખો છે. શરૂઆતમાં આ લેખકના પરમોપકારી કૃપાળુ મહાત્મા શ્રીશુભમુનિજીનો દ્રવ્ય ગુણ પર્યાય સંબંધીનો અપૂર્વ લેખ છે. ટુંકમાં દ્રવ્ય ગુણ તથા પર્યાયની વ્યાખ્યા જણાવી છે. સાથે ભ્રાંતિ વિચાર, ગાયન ઉપનયન તથા નવ તત્વમાંના જીવ અને અજીવ એ બે તત્ત્વોની કથાના ઉપનયનના નાના લેખો આપ્યા છે, બીજો અને ત્રીજો લેખ ધોરાજી નિવાસી એક પવિત્રાત્મા વકીલના છે. જેમાં આત્મા તથા જડની સાબીતી, આત્મા સાથે આવરણનું કેમ બંધાવું અને આવરણિત કર્મનો નાશ કેમ થાય ? ત્રીજા લેખમાં ઉદય તથા પુરૂષાર્થ શું છે ? દરેક કાર્યની પ્રગતિ ઉદયથી કે પુરૂષાર્થથી થાય છે ? પ્રથમ ઉદય કે પુરૂષાર્થ ? એ વિગેરેનો અપૂર્વ બોધદાયક ભાવ બતાવવામાં આવ્યો છે.

ચોથો લેખ તાત્વિક વિચારોનું ગુંથન—એ નામનો છે. જે ધોરાજી નિવાસી એક પવિત્રાત્મા વકીલજીનો છે. જેમાં આ લેખકના પરમોપકારી પરમસ્નેહી મુનિરાજશ્રી ભ્રાતૃચંદ્રજી સ્વામી છકોટી લીંબડીસંપ્રદાયના છે, તેમના પર આત્મ જાગ્રતી તથા આત્મિક વિકાસ કરવા માટે આત્મસત્તાની મહત્તા, માનસિક યોગ, મન તથા આત્માનો સંબંધ, પરમાણુઓની ગહનતા વિગેરે જુદા જુદા વિષયો ઉપર બોધદાયક પત્રો લખ્યા છે. તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પાંચમા લેખમાં ધોરાજી નિવાસી એક મેજરટ્રેટ સાહેબનો લેખ કે જેમાં આત્માના કર્ત્તાપણાનો અપૂર્વ ચિતાર આપવામાં આવેલ છે. આત્માની સાથે કર્મનો સંબંધ કેવો છે, તેની નિવૃત્તિ કેમ થાય, આત્મા કર્મનો કર્ત્તા કેવી રીતે છે અને અકર્ત્તા કેવી રીતે છે. એ વગેરે ભાવોનો ચિતાર પ્રદર્શિત કર્યો છે.

છઠ્ઠો લેખ શાસનકુમાર તથા શાસનદેવીનો સંવાદ એ નામનો છે, જે લેખ મોરબી નિવાસી આધ્યાત્મિક લેખક પવિત્રાત્મા રા. રા. **મનસુખલાલ** ભાઇ કીરતચંદનો છે, જેમાં આધુનિક જૈનશાસનની નિર્બળતાની ઝાંખી જણાવી છે. લેખકર્ત્તાએ શાસનદેવી તથા શાસનકુમાર—એ બે પાત્રોદ્વારાએ હાલની જૈનપ્રજાની કેવી અવ્યવસ્થા થતી જાય છે, તેનો અપૂર્વ ચિતાર આપ્યો છે.


છેવટમાં આ લેખકના પરમ સ્નેહી સન્મિત્ર ધોરાજી નિવાસી એક નવ યુવાનના આત્મા તથા મનની ભિન્નતા જણાવી આત્માના મૂળ સ્વભાવનું ભાન થાય, તેવા તત્ત્વજ્ઞાન ગર્ભિત દુહા તથા ચોપાઇમાં આત્મભાવનાનો ચિતાર આપી આ સદ્બોધ સંગ્રહ નામના પુસ્તકના ત્રીજા ભાગની સમાપ્તિ કરી છે.

આ પુસ્તકમાં આ લેખકના જુદા જુદા લેખો તથા અન્ય મહાશયોના લેખોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. વિવિધ વિષયો ઉપર અનેક લેખોનું ગુંચન થયેલું છે, જેથી કોઇપણ સ્થળે શબ્દદોષ, શાસ્ત્રદોષ, શોધનદોષ કે આશયદોષ રહી ગયો હોય, તો તેની વાચક વર્ગની પાસે ક્ષમા યાચી અને વાચક વર્ગ આ લેખકને અવશ્ય ક્ષમા આપશેજ એમ સમજીને સમાપ્ત કરું છું. ઓં શાંતિઃ

" शिवमस्तु सर्वजगतः परहित निरता भवंतु भूतगणाः
दोषाः प्रयांतु नाशं सर्वत्र सुखी भवंतु लोकाः " ॥१॥

" દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત;
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણીત. " ૧

ઓં શાંતિઃ ! શાંતિઃ ! ! શાંતિ ! ! !



ॐ तत् सत्

શ્રી કચ્છ સેવા સમાજ.

जननी जन्म भूमिश्च स्वर्गादपि गरीयसी

वसुधैव कुटुंबकम्.

ઇન માતૃ ભૂમિ કે નમન, મુંજી માતૃ ભૂમિ કે નમન
કચ્છી અસાંજાકોડ મીંજા કુરબાન કરી તનમન
મુંજી માતૃ ભૂમિ કે નમન, અયવલ્લો અસાંજા વતન.

નિરંજન

ઉર્ફે—શ્રીયુત મુરારજી લાલજી વ્યાસ.

સ્વદેશ સેવા એ પવિત્ર ધર્મ છે.

અમારા વ્હાલા કચ્છી બંધુઓને વિજ્ઞપ્તિ.

જન્મ ભૂમિની સેવા બજાવવા સોનેરી સમયની પ્રાપ્તિ.

કચ્છ માંડવીમાં પ્રગટ થયેલ શ્રી કચ્છ સેવા સમાજ આપણી વ્હેવારીક સામાજીક તથા ધાર્મિક સ્થિતિને વિકાશ કરવાને તથા આચરણ સુકેળવણીનો ફેલાવ કરવાના ઉચ્ચ અને ઉમદા આશયથી સ્થપાઇ છે, ધાર્મિક કે જાતિય ભેદ ગણ્યા વિના ઉપર ટાંકેલ "વસુધૈવ કુટુંબકમ્" એ સુત્રને અનુસરી કચ્છી દરેક પ્રજામાં સેવા રૂપી અત્યુત્તમ ધર્મ બજાવવાને યોજાએલું છે, માટે તન, મન, ધન, જીવન, સમય તથા શક્તિનો ભોગ આપી તમારા પૂનિત માનવ જીવનને સફળ કરશો. એજ વિનંતિ.

ॐ शांति शांति शांति

શ્રી કચ્છ સેવા સમાજ.
કચ્છ માંડવી.

Printed at the Anand Printing Press—BHAVNAGAR.

શુદ્ધિ પત્રક.

પત્રાંક.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૧	૧૪	જેણે ભાખ્યું	જેણે આપ્યું
૩	૫	કીર્ત્તિદાન	કીર્ત્તિદાન
૪	૩	પ્રતિદાન	પ્રતિપાદન
૫	૫	એક દેવતા	એક દેવતાએ
૧૧	૧૮	પહેરવવાના	પહેરાવવાના
૧૧	૩૧	જ્ઞાન ખાતે રા.	જ્ઞાન ખાતે
,,	,,	ગોસાઈજી	ગોસાંઈજી
૧૫	૨૦	સાંત્વન	શાંત્વન
૧૬	૨૨	यो दध्यात्	यो दद्यात्
૧૬	૨૩	द ध्यात्	दद्यात्
૨૦	૪	चिरम्	चिरम्
૨૧	૧૫	સમાહ	સમાહ (શ્રીમદ્ ભાગવત)
૨૪	૧૩	र्विना	विना
૨૪	૨૦	છતાંકૃત	છતાં તે વિદ્વાન કૃત
૨૫	૧૦	જૈન સમાજ	જન સમાજ
૨૫	૨૦	પડી રહે	પડયું રહે
૨૭	૭	ગાળો નિજ	ગાળો ને નિજ
૩૦	૨૦	બાયડી	બાપડી
૩૩	૭	અપૂર્વ ભાવ	આવિર્ભાવ
,,	૧૧	અમ રો	અમારા
,,	,,	સ્નેહમાં	સ્નેહથી
૩૪	૨૨	સુંદર સ્વરૂપ,	સુંદર સ્વરૂપવતી
૩૭	૧૨	પ્રણિપતિ	પ્રણિપત્તિ
૪૦	૯	ખવાની	ખાવાની
,,	૨૯	વેશ્યાને દેખવું	લાડવાને દેખવું
૪૨	૫	સરખા મળ્યા —	સરખાં મળ્યાં
૪૩	૭	નાશ થય	નાશ થાય

,,	૨૧	સાધ્ય હોયજ	સાધ્ય હોયજ
૪૪	૬	તોજ તે	તોજ તે વ્યવહાર
૪૬	૬	કે ઇ	કોઇ
૪૭	૧૫	સામયિક	સામાયિક
૪૮	૧૯	અશુભ ધ્યાન	અશુભ ધ્યાનમાં
૪૮	**૨૮**	**સાવજ્જજોગં**	**સાવજ્જં જોગં**
૪૯	૨	પરમાત્મ સમક્ષ	પરમાત્મા સમક્ષ
૫૨	૨૩	થઇ	કરી
૫૩	૧૨	સિદ્ધિખિયં	સિદ્ધસખિયં
૫૪	૧૦	વ્યતિત થયા	વ્યતિત થયાં
૫૪	૨૯	ક્ષમા આશો	ક્ષમા આપશો
૫૬	૨૦	અમે કરીએ છીએ	અમે ધર્મ કરીએ છીએ
૬૧	૨૯	દ્વે ષોને	દ્વેષોને
૬૩	૧૧	નાના છોકરાં	નાનાં છોકરાં
૬૫	૧	ભાવનમાં	ભાવનામાં
૬૬	૧૪	તેને	તેનો
૬૭	૩૧	તથા ગારને	તથા શૃંગારને
૭૬	૧૧	એક નોકર પણ	માત્ર એક નોકર
૭૬	૧૧	માટે ન રહે	માટે રહે
૭૬	૨૧	જોઈ માયા	જો છે માયા
૭૯	૧૧	મારગડા જુઆ	મારગડા જુદા
૮૨	૬	આશકા	આશંકા
૮૨	૧૦	કર્યા	કર્યો
૮૨	૧૩	જીવ તત્ત્વો	જડતત્ત્વો
૮૨	૧૭	સ્થર	સ્થિર
૮૩	૨૫	કાસી જોડા	કાંસી જોડા
૮૪	૨૧	સુદરતા	સુંદરતા
૮૪	૨૯	ધનઢય	ધનાઢય
૮૭	૧૭	હુય ને	હૃદયને
૯૨	૭	હાયને	હાથીને
૯૨	૨૫	કોઇ દ્રવ્ય પણ	કોઇપણ દ્રવ્ય

૯૪	૧૮	કહું	કહું
૯૭	૨૩	જેની	જેવી
૧૦૦	૪	ચોદ	ચૌદ
૧૦૦	૨૦	તેને વમી પાછો	તેને વળી પાછો
૧૦૧	૧૪	અનુપૂર્વી	આનુપૂર્વી
૧૦૧	૨૯	ગુણસ્થ નકે	ગુણસ્થાનકે
૧૦૨	૨૬	યોગ ૧૩ માસ	યોગ ૧૩ મા
૧૧૦	૯	કરી હોત	કરી હોય
૧૧૦	૧૬	અથાત્	અર્થાત્
૧૧૦	૨૩	વિવાદ કહેતાં	વિવાદ કરતાં
૧૧૨	૮	ત્રથા	તથા
૧૧૬	૭	પામી જાય છે	મોહ પામી જાય છે
૧૧૭	૧૨	હોય હોય	હોય
૧૨૪	૨૮	આશ્રી	આશ્રયી
૧૨૬	૩૧	પ્રથથ	પ્રથમ
૧૨૭	૨	શબ્દનમ ૫	શબ્દનય. ૫
૧૩૫	૧	શાસ્ત્રો શાસ્ત્ર રૂપે	શાસ્ત્રો શસ્ત્રરૂપે
૧૩૬	૧૮	વાસના શક્તિ	વાસનાશક્ત
૧૩૮	૧૧	**विज्ञानघनेत्या—**	**विज्ञानघनेत्या**
૧૩૯	૫	એક કહેવત	એ કહેવત
૧૪૭	૯	**एवदं सर्व**	**एवेदं मिं सर्व**
૧૪૭	૧૬	અકાશ	આકાશે
૧૪૯	૨૦	એકસમ	એક સમય
૧૫૩	૨૬	**योयादशः**	**यो यादृशः**
,,	,,	**स तादशः**	**सः तादृशः**
૧૫૯	૧૦	અને અને	અને અનેક
૧૬૨	૩	ઇત્પન્ન	ઉત્પન્ન
૧૬૬	૨૩	હૃદથી	હૃદયી
૧૬૮	૨	હના	હતા
૧૭૨	૨૯	જામે છે	જાગે છે

૧૭૫	૨૫	વિસ્મૃતયઃ	વિમૂતયઃ
૧૭૫	૨૬	પરમાત્માઓના	પરાત્માઓના
૧૭૮	૧૯	ત્યાગ ધારણા	ત્યાગ ધારણ
૧૭૯	૧૯	તેથી બંધાય છે	તેથી કર્મ બંધાય છે
૧૮૧	૧૮	ભવ ખેદ	ભવે ખેદ
૧૮૨	૨	મથા	તથા
૧૮૨	૩૦	સ્ત્રી	સ્ત્રીને
૧૮૪	૨૦	પછીનું	પછીનો
૧૮૫	૧૯	શ્રધા	શ્રદ્ધા
૧૮૭	૫	બતાવતો	બતાવતાં
૧૮૮	૩૦	સત્ય પુરૂષ	સત્પુરૂષ
૧૯૦	૨૬	નડી	નાડી
૧૯૧	૧૮	સ્ત્રીનું	સ્ત્રીનું
૧૯૪	૧	કોઇ	કોઇએ
૧૯૬	૧૦	વસ્ત્ર	વસ્ત્ર
૧૯૮	૨૭	નિર્ગંથ	નિર્ગ્રંથ
૨૦૦	૧૬	સત્સશાસ્ત્રનું	સત્શાસ્ત્રનું
૨૦૧	૨	વિસમ	વિષમ
૨૦૫	૧૪	તિર્યં	તિર્યંચ
૨૦૬	૧૧	આધાતિ	અધાતિ
૨૦૬	૧૮	ચૈતન્યતતા	ચૈતન્યતા
૨૦૯	૨૭	પરિણુન	પરિણુમન
૨૧૩	૨૮	પવિત્ર	પવિત્ર
૨૧૪	૩૦	લેખાઓનીજ	લેખોનીજ
૨૧૭	૨૦	બરમકો	બરમેકો
૨૧૭	૨૦	મુર્ખ	મૂર્ખ
૨૧૭	૨૧	એકઅદ્ર	એકઅંદ્ર
૨૨૪	૧	ઉ`શીને	ઉદ્દેશીને
૨૨૪	૬	ઉ`શભાવ	ઉદ્દેશભાવ
૨૨૬	૨૯	શકામા	શકયા

૨૩૦	૨	શ્રી	શ્રી
૨૪૦	૩	સમજતા	સમજતાં
૨૪૭	૨૫	પરમાંનંદ	પરમાનંદ
૨૫૦	૧૧	આ ઉપર	આ ઉપરથી
૨૬૧	૧૮	અંતર્ધાન	અંતર્ધ્યાન
૨૬૪	૨૫	મક્ષ્મં	મક્ષ્મં
૨૬૭	૨૮	ક્ષાત્રતે જનો	ક્ષાત્ર તેજનો
૨૭૧	૨૨	તે ઘેર માતા પાસે	તે ઘેર આવી માત
૨૭૧	૩૧	પારણાથે	પારણાર્થે
૨૭૪	૨૧	જેન	જૈન
૨૭૮	૧૨	નિરાંશ્રિત	નિરાશ્રિત
૨૮૦	૩૧	દ્રાવિત	દ્રવિત
૨૮૧	૭	દ્રષ્ટિ	દૃષ્ટિ
૨૮૧	૧૬	સ્વગીય	સ્વર્ગીય
૨૮૧	૨૬	કઈ	કંઇ
૨૮૨	૧૬	ભાવનને	ભાવનાને
૨૮૩	૧૮	મલીકનું	માલીકનું
૨૮૬	૧૧	જીડ	જડ
૨૯૫	૬	સ્તમ	સ્વમ
૩૦૨	૨૪	કવી	કરવી
૩૦૪	૩૧	માર્ગના	મોક્ષ માર્ગના
૩૦૬	૨	કોઈ કરત	દોઉ કરત
૩૦૬	૬	ગુણ સ્થાનકમાં ી	ગુણસ્થાનકમાંથી
૩૧૧	૬	વિચારતા	વિચરતા
૩૧૬	૨	તેની	તેવી
૩૧૭	૧૭	જ્ઞાન વરણાદિ	જ્ઞાનાવરણાદિ
૩૨૩	૧૭	પૂર્વના મંસ્કાર	પૂર્વના સંસ્કાર
૩૨૬	૧૩	તે વાત	તે વાટ
૩૩૧	૬	અંવસ્ત્ર	અંગવસ્ત્ર
૩૩૩	૧૪	જયંતિ	જયંતિ
,,	૧૬	,,	,,

,,	૨૦	,,	,,
૩૩૬	૧૪	પચામ	પચાસ
૩૩૬	૨૯	અદ્રસ્યા	દસ્યા
૩૩૬	૩૧	ટકોર	ટકોરા
૩૩૭	૧૪	મુસમાન	મુસલમાન
૩૩૯	૬	અધ્યિાત્મક	અધ્યાત્મિક
૩૪૦	૨	સતવની	સત્યની
૩૪૧	૪	જ્યાંથી	જ્વાથી
૩૪૧	૫	ત્યાંથી	તથા
૩૪૧	૫	સમજાવું	સમજાવવું
૩૪૧	૨૭	ઉંચ્ચ	ઉચ્ચ
૩૪૪	૧૫	સહરી	સહરા
૩૪૪	૧૭	પ્રગટના	પ્રધટના
,,	,,	કરવા	કર્યો
૩૪૪	૧૮	અન્ય થાતું	અન્યથા થતું
૩૪૯	૭	અવરણિત	આવરણિત

